*Shree Kundkund-Kahan Parmarthik Trust*
**:** 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Kartikeyaanupreksha Pravachan Part-1"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@Vitragvani.com

**By "Shree Kundkund-Kahan Parmarthik Trust"**
**(Shri Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન

(ભાગ-૧)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપરના પ્રવચનો

(ગાથા ૧ થી ૨૮૩)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

V પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :

V વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫

V શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર
૩૨, કહાનનગર સોસાયટી
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮

V શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
'વિમલાંચલ' હરિનગર,
અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

V ગુરુ ગૌરવ
શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.

V શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧

V શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭

V અમી અગ્રવાલ (અહમદાબાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩

V પ્રથમાવૃત્તિ : પ્રત : ૧,૦૦૦, ૨૯-૦૯-૨૦૦૪

V દ્વિતીયાવૃત્તિ : પ્રત : ૫૦૦, ૦૧-૪-૨૦૦૦૮, પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૮ + ૪૬૪ = ૪૭૨

લાગત મૂલ્ય : ૧૨૦/-

મૂલ્ય : ૩૦/-

લેસર ટાઈપ સેટિંગ :

**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી,
૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ
કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રસ્તાવના

## (પ્રથમ આવૃત્તિ)

'કાર્ત્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન'નો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરસ્વામીની પરંપરામાં અનેક આચાર્યો, જ્ઞાનીપુરુષો થતા આવ્યા છે જેમણે જિનશાસનને જીવંત રાખીને વર્તમાન જીવોનું આત્મહિત થવામાં મહા ઉપકાર કર્યો છે. સંસારતાપથી પીડિત સંસારીજીવ ત્રિવિધ તાપથી મુક્ત થઈને કેવી રીતે શાશ્વત સુખ-શાંતિને પામે તેનો સમ્યક્ પ્રકારે બોધ આપીને જિનશાસનને જીવંત રાખ્યું છે. એ જ જિનશાસનમાં વર્તમાનમાં આધ્યાત્મિક ક્રાંતિ લઈ આવનાર, જિનશાસનનો મર્મ પ્રકાશનાર, આચાર્ય ભગવંતોનું હૃદય ખોલનાર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'એ ફરી એકવાર સમ્યક્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગનો ઉદ્યોત કરી જિનશાસનની ગરિમા વૃદ્ધિગત કરી છે. તેઓશ્રીની દિવ્યદેશનાના નિમિત્તે પંચમકાળના છેડા સુધી જ્ઞાનીધર્માત્માઓ થતા રહેશે અને જિનશાસન જયવંતપણે વર્ત્યા કરશે.

પરંપરામાં થતા આવેલાં અનેક આચાર્યોએ નિષ્કારણ કરુણા કરીને જંગલમાં નગ્નદશામાં રહીને, પ્રચુર સ્વસંવેદનમાં ઝુલતાં ઝુલતાં અંતર સુખ-શાંતિને પ્રગટ કરવાના રહસ્યોને ગ્રંથારૂઢ કર્યાં. એ જ પરંપરામાં થઈ ગયેલાં 'સ્વામી કાર્તિકેય'નો વિશેષ ઇતિહાસ મળતો નથી. જો કે દંતકથા ઉપરથી આ વાત પ્રસિદ્ધ છે કે, વિક્રમ સંવત પૂર્વે બસો-ત્રણસો વર્ષ પહેલાં 'સ્વામી કાર્ત્તિકેય' આ ભારતવર્ષમાં વિચરતા હતા.

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રકાશક ટ્રસ્ટ, તરફથી પ્રકાશિત ગ્રંથમાં આગળના ભાગમાં પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના 'કાર્તિકેયાનુપ્રક્ષા' ગ્રંથ સંબંધી ઉદ્‌ગારો એ પ્રકારે છે કે, 'વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ છે. દ્રવ્યનું સ્વરૂપ બતાવનારા ચાર શ્લોક અદ્‌ભૂત છે. એ ચાર શ્લોકો માટે આ ગ્રંથની રાહ જોતા હતા. ગઈ સાલ જેઠ માસમાં અમે મદ્રાસ ગયા હતા. 'કાર્ત્તિકેયસ્વામી એ ભૂમિમાં બહુ વિચર્યા છે. એ તરફના નગ્ન ઊંચા અડોલવૃત્તિથી ઉભેલ પહાડ નીરખી 'સ્વામી કાર્ત્તિકેય'ની અડોલ વૈરાગ્યમય દિગંબરવૃત્તિ યાદ આવતી હતી. તે 'સ્વામીકાર્ત્તિકેય' આદિને નમસ્કાર.'

એવા આ 'કાર્ત્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથની મૂળ ગાથાઓ ૪૮૯ છે. આ ગ્રંથમાં મુખ્યપણે

સંસારના દુઃખો દર્શાવી મુમુક્ષુને સંસારથી વિરક્ત થવાનો ઉપદેશ છે. જે મિથ્યાત્વ મોહનીથી સંસારના અનેક પ્રકારના દુઃખો જીવ સહન કરતો આવ્યો છે, જેનું વર્ણન કરોડો જીભે, કરોડો વર્ષે પણ પૂરું ન થાય, એવા દુઃખોથી છુટવાનો એક માત્ર ઉપાય સમ્યક્ રત્નત્રય પ્રગટ કરવાં તે છે અને તેનું પણ મૂળ કારણ સંસારથી વૈરાગ્ય આવવો તે છે. એવી વૈરાગ્યની જનની બાર ભાવનાઓનું આ ગ્રંથમાં વિસ્તૃત વર્ણન છે. પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'એ આ ગ્રંથ ઉપર પ્રવચનો કરીને તેનું હાર્દ ખોલીને મહાન ઉપકાર કર્યો છે.

આ પ્રવચનો 'સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ'માં પ્રકાશિત થઈ ચૂક્યા છે. વીર નિર્વાણ સંવત–૨૪૭૮, સન ૧૯૫૧-૫૨માં થયેલાં આ પ્રવચનોની કોઈ પણ ઑડિયો કેસેટ નથી. માટે આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત થાય તો મુમુક્ષુ સમાજને વિશેષ હિતનું કારણ થાય એવો સૂઝાવ શ્રી 'હેમંતભાઈ ગાંધી', 'સોનગઢ' તથા શ્રી 'જયસુખભાઈ ખાટડીયા' 'મુંબઈ', તરફથી મળતાં આ પ્રવચનોને બે ભાગમાં પ્રકાશિત કરવાનો નિર્ણય 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટે' લીધો. પ્રથમ ભાગમાં ગાથા ૧ થી ૨૮૩નો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે દ્વિતીય ભાગમાં ગાથા ૨૮૪ થી ૪૮૯નો સમાવેશ કરવામાં આવ્યો છે. 'સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ'માં જે જે પ્રવચનોમાં ચિત્રો આપવામાં આવ્યા છે તેમને પણ ચિત્રિત કરાવી તે તે સ્થાને મૂકવામાં આવ્યા છે. આ પ્રવચનોની ફાઈલો 'જામનગર' નિવાસી શ્રી 'સુનીલભાઈ પુનાતર' પાસેથી પ્રાપ્ત થતાં આ પ્રકાશનકાર્ય શક્ય બન્યું છે. તે માટે અત્ર તેમનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથ 'કાર્ત્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન'ના પ્રથમ ભાગના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા જેમની કૃપાથી તથા પ્રેરણાથી 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'માં વીતરાગ સત્ સાહિત્યનું પ્રકાશન ચાલી રહ્યું છે એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઉપકારને હૃદયપટમાં અંકિત કરી વંદન કરીએ છીએ.

ગ્રંથના પ્રકાશકાર્ય માટે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. ગ્રંથના ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે તથા અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા

પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોના સ્વાધ્યાયથી સમસ્ત જીવોમાં વૈરાગ્યની વૃદ્ધિ થઈ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ,<br>
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ<br>
ભાવનગર

પ્રસ્તુત ગ્રંથ વાંચકોને પ્રિય થતાં તેની વધુ માગ આવતા તેની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરતા હર્ષ અનુભવીયે છીએ.

ફાગણ વદ ૧૦, ૦૧-૪-૦૮<br>
પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

ટ્રસ્ટીગણ,<br>
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ<br>
ભાવનગર

**'કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન ભાગ-૧'ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાન રાશિ**<br>
શ્રીમતી ચંદ્રદિકાબેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર ૫,૦૦૦/-

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો મુમુક્ષુસમાજ અધિક લાભ લે તે હેતુથી એક મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થવાથી આ પુસ્તકની કીંમત ઓછી રાખવામાં આવેલ છે.

'તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ–ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપુર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.'

***–બહેનશ્રી ચંપાબેન***

***('બહેનશ્રીનાં વચનામૃત'માંથી સાભાર)***

હે પરમ કૃપાળુ ગુરુદેવ ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરૂં ? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરૂં ? આ આત્માની દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલી શુદ્ધ પર્યાયોની–જ્ઞાન–વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકરસ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગતા જ્ઞાન-દીવડા પ્રકાશી રહ્યા હતા. આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

હે ગુરુદેવ ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે, શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડા સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યહાર, દ્રવ્યદષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિની નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યની અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતની મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ ! આપના ઉપકારોનું શું વર્ણન થાય ! તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણકમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

***–પૂજ્ય બહેનશ્રી ચંપાબેન***
***('પરમાગમસાર'માંથી સાભાર)***

श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।।१।।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।२।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।।३।।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।१।।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।।२।।

z z z

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન

(ભાગ-૧)

## પ્રસાદ નં. – ૧૮૯-અ

વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ સુદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક સાતમું,
સોનગઢ, તા. ૬-૫-૫૨, મંગળવાર.

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

(વૈશાખ સુદ ૫, મંગળવાર, ૨૯-૪-૫૨ સવારે)

હવે આ સ્વામી કાર્તિકેય મુનિરાજે રચેલ દ્વાદશાનુપ્રેક્ષાનું વાંચન પ્રારંભ થાય છે. શ્રી કાર્તિકેયસ્વામી જંગલમાં વિચરતા મહાન દિગંબર સંત હતા, તેમણે આમાં વૈરાગ્યની બાર ભાવનાનું અલૌકિક વર્ણન કર્યું છે. આ ગ્રંથ બે હજાર વર્ષ કરતાં પણ જૂનો છે. જેટલા તીર્થંકર ભગવંતો થાય તે બધાય તીર્થંકર ભગવંતો વૈરાગ્ય થતાં દીક્ષા વખતે આ બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન કરે છે – એવો નિયમ છે. જેટલા તીર્થંકરો પૂર્વે થયા તેઓએ આવી ભાવનાઓ ભાવી હતી. વર્તમાનમાં સીમંધર પરમાત્મા વગેરે તીર્થંકરો બિરાજે છે તેઓએ પણ દીક્ષા પ્રસંગ પહેલાં આ વૈરાગ્ય ભાવનાઓ ભાવી હતી ને ભવિષ્યમાં શ્રેણિકરાજા વગેરે તીર્થંકરો થશે તેઓ પણ આવી ભાવનાઓ ભાવીને દીક્ષા લેશે. આ બાર ભાવનાઓ ખરેખર સમ્યગ્દૃષ્ટિ જીવની છે. સમ્યગ્દર્શનપૂર્વકની બાર ભાવનાઓનું આમાં અદ્‌ભૂત વર્ણન છે. વૈરાગ્યનો અલૌકિક ગ્રંથ છે. અહો ! અમે તો કાયમી ચિદ્‌ઘન છીએ, બહારનું શરીર અમારું નથી, – આમ ચિદાનંદ સ્વભાવના ભાનપૂર્વક અનિત્ય વગેરે બાર ભાવનાઓ હોય છે. શ્રીમદ્

રાજચંદ્રજીને આ શાસ્ત્ર ઘણું પ્રિય હતું. આ ગ્રંથ સંબંધમાં તેમના ઉદ્‌ગારો મનસુખલાલભાઈ આ પ્રમાણે લખે છે :-

(શ્રીમદ્) બહાર રસ્તા ઉપર ડેલી પાસે ઉભા હતા. તમે પોષ્ટ ઓફીસેથી પુસ્તક લઈને આપવા આવો છો એ રાહ જોઈને ઊભા છીએ. (હું અચાનક મારા પોતાના કામ પ્રસંગે ઘેરથી પોષ્ટ ઓફીસે ગયેલ. ત્યાંથી મારા પિતાશ્રીએ (પોષ્ટ માસ્તરે) શ્રીમદ્‌ના નામનું આ રજસ્ટર્ડ બુકપોષ્ટ મને આપ્યું). 'સાહેબ ! રજીસ્ટરની પહોંચમાં સહી કરવાની છે.' 'પેન્સિલ છે ?' પેન્સિલથી કરી આપું છું. 'સાહેબ ! પેન્સિલથી નહિ ચાલે.' 'ચાલશે.' 'ચાલ્યું સાહેબ ! આ પુસ્તક શેનું છે ?' 'એ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા છે. વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ છે. દ્રવ્યનું સ્વરૂપ બતાવનારા ચાર શ્લોકો અદ્‌ભૂત છે. એ ચાર શ્લોક માટે આ ગ્રંથની રાહ જોતા હતા. ગઈ સાલ જેઠ માસમાં અમે મદ્રાસ ગયા હતા. કાર્તિકેયસ્વામી એ ભૂમિમાં બહુ વિચર્યા છે. એ તરફના નગ્ન ઊંચા અડોલવૃત્તિથી ઊભેલ પહાડ નીરખી સ્વામીકાર્તિકેયાદિની અડોલ વૈરાગ્યમય દિગંબરવૃત્તિ યાદ આવતી હતી. તે સ્વામીકાર્તિકેયાદિને નમસ્કાર.'

'સાહેબ ! આવા ગ્રંથ ભાષાંતર પામી પ્રચાર પામે તો સારું.' 'તેમ થશે. ઉતાવળ કરવા યોગ્ય નથી. મનસુખને (પોતાના ભાઈને) એવી બહુ ઇચ્છા છે, પણ ઉતાવળ સારી નહિ.'

જુઓ ! બધાય તીર્થંકર ભગવંતો આ બાર ભાવનાઓ ભાવે છે, તેથી મંગળિકમાં આ ઉપોદ્‌ઘાત થાય છે.

બાર અનુપ્રેક્ષા એટલે બાર વૈરાગ્યભાવનાનું ચિંતવન, તેનું એમાં વર્ણન છે. તેથી તેનું નામ 'દ્વાદશ અનુપ્રેક્ષા' છે.

## મંગલાચરણ

**પ્રથમ ઋષભ જિન ધર્મકર સન્મતિ ચરમજિનેશ**
**વિઘનહરણ મંગલ કરણ ભવતમ દુરિત દિનેશ**
**વાણી જિનમુખથી ખરી પડી ગણધરાધિપ કાન**
**અક્ષર પદમય વિસ્તરી કરહિ સકલ કલ્યાણ**
**ગુરુ ગણધર ગુણધર સકલ પ્રચુર પરંપર ઔર**
**વ્રતતપધર તન નગનધર વંદો વૃષ શિરમોર**

**સ્વામી કાર્તિકેય મુનિ બારહ ભાવના ભાય**
**કર્યોં કથન વિસ્તારથી પ્રાકૃત છંદ બનાય**
**સંસ્કૃત ટીકા તેહની કરી સુધર શુભચંદ્ર**
**સુગમ દેશભાષામયી કરું નામ જયચંદ્ર**
**ભણો ભણાવો ભવ્યજન યથાજ્ઞાન મનધાર**
**કરો નિર્જરા કર્મની વાર વાર સુવિચાર**

**એ પ્રમાણે દેવશાસ્ત્રગુરુને નમસ્કારરૂપ મંગલાચરણપૂર્વક પ્રતિજ્ઞા કરી સ્વામી કાર્ત્તિકેયાનુપ્રેક્ષા નામના ગ્રંથની દેશભાષામય વચનિકા કરીએ છીએ, ત્યાં સંસ્કૃતટીકા અનુસાર મારી બુદ્ધિ પ્રમાણે ગાથાનો સંક્ષેપમાં અર્થ લખીશ તેમાં કોઈ ઠેકાણે ભૂલ હોય તો વિશેષ બુદ્ધિમાન સુધારી લેશો.**

**શ્રીમાન્ સ્વામી કાર્ત્તિકેયાચાર્ય, પોતાના જ્ઞાન–વૈરાગ્યની વૃદ્ધિ થવી, નવીન શ્રોતાજનોને જ્ઞાન વૈરાગ્ય ઉપજવો તથા વિશુદ્ધતા થવાથી પાપકર્મની નિર્જરા, પુણ્ય ઉપાર્જન, શિષ્ટાચારનું પાલન અને નિર્વિઘ્નપણે ગ્રંથની સમાપ્તિ ઇત્યાદિ અનેક ભલા ફળની ઇચ્છાપૂર્વક પોતાના ઇષ્ટદેવને નમસ્કારરૂપ મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરી પ્રથમ ગાથાસૂત્ર કહે છે :–**

પ્રથમ હિંદી અર્થકાર મંગલાચરણ કરે છે :–

**'પ્રથમ ઋષભ જિન ધર્મકર સંમતિ ચરમજિનેશ;**
**વિઘનહરણ મંગલ કરણ ભવતમ દુરિત દિનેશ.'**

જૈનધર્મ તો અનાદિનો છે. તીર્થંકરો અનાદિથી થતા આવે છે, અનાદિથી સુખના અર્થી આત્માઓ હતા, તેનો માર્ગ કહેનારા તીર્થંકરો અનાદિથી થતા આવે છે. જગતમાં મોક્ષમાર્ગ અને મોક્ષ અનાદિના છે. પણ આ વર્તમાન ચોવીસીમાં શ્રી ઋષભદેવ ભગવાન પહેલા તીર્થંકર થયા અને છેલ્લા શ્રી સન્મતિનાથ એટલે કે મહાવીર પરમાત્મા થયા; જગતમાં પંચપરમેષ્ઠી અને જૈનધર્મ અનાદિથી છે પણ જે જીવ સમજે તેને પોતાના આત્મામાં ધર્મની નવી શરૂઆત થાય છે.

તીર્થંકર ભગવંતોએ કહેલા ભાવને જે પોતાના આત્મામાં યાદ કરે છે. તેને વિઘ્ન થતું નથી તેથી ભગવાન 'વિઘ્ન હરનારા' છે અને મંગળ કરનારા છે. મંગળ એટલે પવિત્રતાને પમાડે અને મમકારને ગાળી નાખે એવો આત્માનો પવિત્ર ભાવ તે મંગળ છે. ને તેમાં નિમિત્ત તરીકે તીર્થંકર ભગવંતો પણ મંગળ છે. વળી ભવરૂપી જે અંધકાર તેનો નાશ કરવામાં તે સૂર્યસમાન છે. પણ કોને માટે ? કે જે પોતામાં સમજીને અજ્ઞાન ટાળે તેને માટે ભગવાન સૂર્યસમાન છે. આ રીતે પહેલાં મંગળિક તરીકે તીર્થંકરદેવની સ્તુતિ કરી.

હવે જિનવાણીની સ્તુતિ કરે છે :–

**'વાણી જિનમુખથી ખરી પડી ગણધરાધિપ કાન,**
**અક્ષર પદમય વિસ્તરી કરહિ સકલ કલ્યાણ.'**

શ્રી જિનમુખથી જે વાણી છૂટી તે ગણધરદેવે ઝીલી અને શાસ્ત્રમાં રચના કરી, તે વાણીનો ભાવ સમજે તો સકલ કલ્યાણનું કારણ છે તેથી વાણીને કલ્યાણ કરનારી કહી છે.

હવે શ્રી ગુરુને વંદન કરે છે :–

**'ગુરુ ગણધર ગુણધર સકલ પ્રચુર પરંપર ઔર;**
**વ્રત તપધર તન નગનધર વંદો વૃષ શિરમોર.'**

શ્રી ગણધરદેવથી માંડીને ધોખ પરંપરામાં જે વીતરાગી સંતો થયા તે બધા દિગંબર શરીરવાળા હતા. ને વ્રત-તપને ધારણ કરનારા હતા. એવાં સંતો ધર્મના મુગટમણિ છે. તેવા શ્રી ગુરુઓને હું વંદન કરું છું.

**'સ્વામી કાર્તિકેય મુનિ બારહ ભાવના ભાય,**
**કર્યો કથન વિસ્તારથી પ્રાકૃત છંદ બનાય,**
**સંસ્કૃત ટીકા તેહની કરી સુધર શુભચંદ્ર,**
**સુગમ દેશભાષામયી કરું નામ જયચંદ્ર,**
**ભણો ભણાવો ભવ્યજન યથાજ્ઞાન મનધાર,**
**કરો નિર્જરા કર્મની વાર વાર સુવિચાર.'**

આ શાસ્ત્ર સ્વામી કાર્તિકેયમુનિએ બનાવ્યું છે. ૪૮૭મી ગાથામાં પોતે કહેશે કે :

**जिणवयणभावणट्ठं सामिकुमारेण परमसद्धाए।**
**रइया अणुपेक्खाओ चंचलमणरुंभणट्ठं च।।४८७।।**

પોતાને ચિત્તની સ્થિરતા માટે આ વીતરાગી ભાવના પોતે ભાવી છે. પોતે કુમાર બ્રહ્મચારી છે તેથી ૪૮૯મી ગાથામાં પંચ બાલબ્રહ્મચારી તીર્થંકરોને વંદન કરશે.

મૂળ રચના કાર્તિકેય મુનિએ કરી છે, તેની એક સંસ્કૃત ટીકા શુભચંદ્રાચાર્યે કરી છે, ને હિંદી ભાષાંતર જયચંદ્રજી પંડિતે કર્યું છે. યથાર્થ ભાન પૂર્વક તેમાં કહેલી બાર ભાવનાનો વારંવાર વિચાર કરવો તે નિર્જરાનું કારણ છે.

એ પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુને નમસ્કારરૂપ મંગલાચરણપૂર્વક પ્રતિજ્ઞા કરી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા નામના ગ્રંથની દેશભાષામય વચનિકા કરીએ છીએ, ત્યાં સંસ્કૃત ટીકા અનુસાર મારી બુદ્ધિ પ્રમાણે ગાથાનો સંક્ષેપમાં અર્થ લખીશ તેમાં કોઈ ઠેકાણે ભૂલ હોય તો વિશેષ બુદ્ધિમાન સુધારી લેશો.

શ્રીમાન સ્વામી કાર્તિકેયાચાર્ય પોતાના જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ થવી. નવીન શ્રોતાજનોને જ્ઞાન વૈરાગ્ય ઉપજવો તથા વિશુદ્ધતા થવાથી પાપકર્મની નિર્જરા, પુણ્ય ઉપાર્જન, શિષ્ટાચારનું પાલન અને નિર્વિઘ્નપણે ગ્રંથની સમાપ્તિ ઇત્યાદિ અનેક ભલા ફળની ઇચ્છાપૂર્વક પોતાના ઇષ્ટદેવને નમસ્કારરૂપ મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરી પ્રથમ ગાથાસૂત્ર કહે છે.

પોતાને જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ થાય. યથાર્થ જ્ઞાન હોય ત્યાં વૈરાગ્ય હોય જ; પોતાના જ્ઞાનવૈરાગ્યની વૃદ્ધિ અર્થે તેમ જ નવીન જનોને વૈરાગ્ય જ ઊપજાવવા અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. વળી આ શાસ્ત્રમાં કહેલી ભાવના વડે વિશુદ્ધતા થાય તે નિર્જરાનું કારણ છે, ને વચ્ચે શુભરાગ રહી જાય તે પુણ્યનું કારણ છે; વળી શાસ્ત્રમાં મંગળાચરણ કરવાનો શિષ્ટાચાર છે તેથી અહીં મંગળાચરણ કરે છે.

૧૪૦૦૦ મુનિઓના મુગટ એવા શ્રી ગૌતમગણધરદેવ પણ મંગળિક તરીકે નમસ્કાર મંત્ર બોલે ત્યારે પંચમપરમેષ્ઠીને નમસ્કાર કરે છે કે :–

णमो अरिहंताणं णमो सिद्धाणं णमो आयरियाणं

णमो उवज्झायणं णमो लोएसव्वसाहू

આવો શિષ્ટાચાર છે; તે શિષ્ટાચારના પાલન અર્થે આ શાસ્ત્રમાં મંગળ કરે છે. તેમ જ નિર્વિઘ્નપણે શાસ્ત્રની સમાપ્તિ થાય તે અર્થે મંગળ કર્યું છે.

સૂત્ર–૧

त्रिभुवनतिलकं देवं वंदित्वा त्रिभुवनेन्द्रंपरिपूज्यं।
वक्ष्ये अनुप्रेक्षाः भविकजनानंदजननी।।१।।

અર્થ :– ત્રણ ભૂવનના તિલક અને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય એવા દેવને હું નમસ્કાર કરી ભવ્યજીવોને આનંદ ઊપજાવવાવાળી અનુપ્રેક્ષા કહીશ.

ભાવાર્થ :– અહીં 'દેવ' એવી સામાન્ય સંજ્ઞા છે ત્યાં ક્રિડા, વિજિગીષા, દ્યુતિ, સ્તુતિ, મોદ, ગતિ, કાંતિ આદિ ક્રિયા કરે તેને દેવ કહેવામાં આવે છે, ત્યાં સામાન્યપણે તો ચાર પ્રકારના દેવ વા કલ્પિત દેવોને પણ (દેવ) ગણવામાં આવે છે તેમનાથી (જિનદેવને) ભિન્ન દર્શાવવા માટે અહીં 'त्रिभुवन तिलकं' એવું વિશેષણ આપ્યું છે તેનાથી અન્ય દેવનો વ્યવચ્છેદ (નિરાકરણ–ખંડન) થયો.

વળી ત્રણભુવનના તિલક તો ઇન્દ્ર પણ છે, એટલે તેનાથી આ (જિનદેવને) ભિન્ન દર્શાવવા માટે 'त्रिभुवनेन्द्रं परिपूज्यं' એવું વિશેષણ અહીં આપ્યું તેનાથી ત્રણભુવનના ઇન્દ્રોવડે પણ પૂજનિક એવા દેવ છે તેને અહીં નમસ્કાર કર્યાં છે.

અહીં આ પ્રમાણે સમજવું કે – એવું દેવપણું તો શ્રીઅરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠિમાં જ સંભવે છે, કારણ કે – પરમ સ્વાત્મજનિત આનંદસહિત ક્રિડા, કર્મને જીતવારૂપ વિજિગીષા, સ્વાત્મજનિત પ્રકાશરૂપ દ્યુતિ, સ્વસ્વરૂપની સ્તુતિ, સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ, લોકાલોકવ્યાપ્તરૂપ ગતિ અને શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ ઇત્યાદિ દેવપણાની ઉત્કૃષ્ટ ક્રિયા એક દેશ વા સર્વદેશરૂપ સમસ્ત એમાં જ હોય છે તેથી સર્વોત્કૃષ્ટ દેવપણું એમાં જ આવ્યું, એટલે એમને જ મંગલરૂપ નમસ્કાર કરવા યોગ્ય છે.

'मं' એટલે પાપ, તેને 'गल' એટલે ગાળે, તથા 'मंग' એટલે સુખ તેને 'ल' એટલે લાતિ–દદાતિ અર્થાત્ આપે તેને 'મંગલ' કહીએ છીએ, એવા દેવને નમસ્કાર કરવાથી શુભ પરિણામ થાય છે અને તેનાથી પાપનો નાશ થાય છે – શાંતભાવરૂપ સુખ પ્રાપ્ત થાય છે.

વળી અનુપ્રેક્ષાનો સામાન્ય અર્થ તો વારંવાર ચિંત્વન કરવું એ છે, પણ ચિંત્વન તો અનેક પ્રકારનાં છે અને તેને કરવાવાળા પણ અનેક છે તેથી એ સર્વને ભિન્ન દર્શાવવા

**માટે અહીં 'ભવ્યજનાનંદજનનિ' એવું વિશેષણ આપ્યું છે, તેનાથી જે ભવ્યજીવોને મોક્ષપ્રાપ્તિ નિકટ આવી હોય તેમને આનંદ ઉપજાવવાવાળી એવી અનુપ્રેક્ષા કહીશ.**

અર્થ :– ત્રણ ભૂવનના તિલક અને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય એવા દેવને હું નમસ્કાર કરી ભવ્યજીવોને આનંદ ઊપજાવવાવાળી અનુપ્રેક્ષા કહીશ.

શ્રી સર્વજ્ઞપરમાત્મા ત્રણ ભુવનના તિલક છે, ને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય છે. આવા સર્વજ્ઞદેવને નમસ્કાર કરીને હું બાર વૈરાગ્યભાવનાઓનું વર્ણન કરું છું. કેવી છે આ ભાવનાઓ ? ભવ્ય જીવોને આનંદની ઉપજાવનારી છે. અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક ચિદાનંદ સ્વભાવના અવલંબને આવી બાર ભાવનાઓ ભાવવી તે વીતરાગી આનંદની ઉપજાવનારી છે. વચ્ચે શુભરાગથી પુણ્ય બંધાય તેની મુખ્યતા નથી. બાર ભાવનાઓને આનંદની ઉપજાવનારી કહીને માંગળિક કર્યું છે.

# 'કાર્તિકેયાનુપ્રેક્ષાની મંગલકારી શરૂઆતનો જય હો !'

**વૈશાખ સુદ – ૬ , બુધવાર ૩૦-૪-૫૨**

આ પહેલી ગાથામાં મંગળ તરીકે શ્રી જિનેન્દ્રદેવને ઓળખીને તેમને વંદન કર્યું છે. કેવા દેવને નમસ્કાર કર્યો છે ? કે જેઓ ત્રણ ભુવનના તિલક છે અને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય છે. આવા સર્વજ્ઞને નમસ્કાર કર્યાં છે અને પ્રતિજ્ઞા કરી છે કે હું ભવ્યજીવોને આનંદની ઉપજાવનારી બાર ભાવનાઓ કહીશ. ખરેખર સમ્યગ્દર્શન પછી જ બાર ભાવનાઓ યથાર્થ હોય છે. આવી બાર ભાવના તે સંવરનું કારણ છે.

દેવ એવી સામાન્ય સંજ્ઞા છે ત્યાં ક્રીડા, વિજિગીષા, દ્યુતિ, સ્તુતિ, મોદ, ગતિ, કાંતિ

આદિ ક્રિયા કરે તેને દેવ કહેવામાં આવે છે. જેની પર્યાયમાં આવી ક્રીડા વગેરે પ્રકારની ક્રિયા હોય તેને દેવ કહેવાય છે. અહીં અલૌકિક દેવની એટલે કે સર્વજ્ઞદેવની વાત છે. સામાન્યપણે વૈમાનિક–જ્યોતિષી–વ્યંતર ને ભવનપતિ એવા ચાર પ્રકારના દેવો તેમ જ બીજા કલ્પિત દેવો છે તેને અહીં વાત નથી. મણિભદ્ર–પૂર્ણભદ્ર વગેરે દેવો, કે નાટકના દેવો કે શીતળા - શીકોતેર વગેરે કલ્પિત દેવો – તે કોઈ વંદનીક – પૂજનિક નથી. પણ ત્રણ લોકના નાથ એવા સર્વજ્ઞદેવ જ પૂજ્ય છે. જગતના કર્તા માનીને ઇશ્વરને પૂજે તો તે કલ્પિત દેવ છે, તે વાસ્તવિક નથી.

જુઓ ! આ મંગળિકમાં એ વાત આવી ગઈ કે પહેલાં જ સર્વજ્ઞદેવને ઓળખવા જોઈએ અને કુદેવાદિનું વંદન-પૂજન છોડવું જોઈએ. કુદેવ વગેરેની માન્યતા કરવી તે મિથ્યાત્વ છે. ચાર પ્રકારના દેવો અને બીજા કલ્પિત દેવોથી અહીં જિનદેવને ભિન્ન બતાવવા માટે તેમને ‘त्रिभुवन तिलकं’ કહ્યાં છે. જિનદેવ તરીકે અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય ને સાધુ એ બધાને લેશે. પાંચે પરમેષ્ઠી ભગવંતો દેવ છે. તેમના સિવાય કુદેવાદિ કોઈ પૂજ્ય નથી.

પ્રશ્ન :– પણ તે કુદેવાદિનો અનાદર શા માટે કરવો જોઈએ ?

ઉત્તર :– જેમ હોય તેમ જાણવું તો જોઈએને ? વિષ્ટાને વિષ્ટા જાણીને છોડી દે છે પણ ખાતો નથી, તો તેથી શું તેનો અનાદર થઈ ગયો ? તેમ કુદેવને કુદેવ તરીકે જાણીને તેનો આદર છોડી દીધો તેથી કાંઈ તેમાં અનાદર નથી પણ વિવેક છે. પોતાના જ્ઞાનમાં યથાર્થ વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ.

ત્રણ ભુવનના તિલક તો ઇન્દ્રને પણ કહેવાય છે, તેનાથી સર્વજ્ઞને જુદા બતાવવા તેમને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય કહ્યાં છે. આવા સર્વજ્ઞદેવને અહીં નમસ્કાર કર્યાં છે.

અહીં એમ જાણવું કે – એવું દેવપણું તો શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીમાં જ સંભવે છે. કેવા છે તે પંચપરમેષ્ઠી દેવો ? તેની ક્રિયાઓનું વર્ણન કરે છે.

## (૧) પરમ સ્વાત્મજનિત આનંદ સહિત ક્રીડા

પરમ સ્વાત્મજનિત આનંદ સહિત ક્રિડા તેમને વર્તે છે. જડની ક્રિયાને તો તે પોતાની

માનતા નથી. વિકારની ક્રિયામાં આનંદ માનતા નથી, પણ આત્માના સ્વાભાવિક આનંદની ક્રીડા કરે છે. જુઓ ! અરિહંત અને સિદ્ધ તો દેવ છે, પણ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તે પણ દેવ છે. કેવા સાધુ ? કે જેમને આત્માના સ્વભાવજનિત આનંદ સહિત ક્રિયા વર્તે છે. વ્યવહારથી લાભ માનતા નથી. દેહની ક્રિયાથી લાભ માને કે વ્યવહારના આશ્રયથી લાભ માને તો તેને સ્વાત્મજનિત આનંદની ક્રીડાનું ભાન નથી, ને તે દેવ નથી.

## (૨) કર્મને જીતવારૂપ વિજિગીષા

કર્મને જીતવારૂપ વિજિગીષા સહિત છે, તેથી પંચપરમેષ્ઠી ભગવંતો દેવ છે. સિદ્ધભગવાને આઠ કર્મોને જીત્યા છે તેથી તેમને વિજિગીષા ક્રિયા છે અને તે દેવ છે. અરિહંતોએ ચાર કર્મોને જીત્યા છે તેથી તે પણ દેવ છે અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુએ પણ આત્માના આનંદ સ્વભાવના અવલંબને દર્શનમોહને તેમ જ ત્રણ કષાયોને જીતી લીધા છે. તેથી તેઓ પણ દેવ છે. આવી વિજિગીષા નામની ક્રિયા તેમને છે.

જુઓ ! આ પંચપરમેષ્ઠી ભગવંતોની ક્રિયાનું વર્ણન છે. ચિદાનંદ સ્વભાવની લીનતામાં રહીને આનંદના અનુભવરૂપ ક્રીડા કરે છે ને કર્મને જીતવારૂપ વિજિગીષા છે. આવી ક્રિયા તેમને વર્તે છે. તેથી તેઓ દેવ છે. આવા દેવ વંદનીય છે. આ સિવાય બીજા કુદેવને વંદન કરવા જેવું નથી. પાંચે પરમેષ્ઠીને અહીં દેવ કહ્યાં છે. આત્માના અનુભવનો આનંદ તેમને પ્રગટ્યો છે, ને વિકારને જીતીને કર્મનો નાશ કર્યો છે.

## (૩) સ્વાત્મજનિત જ્ઞાનપ્રકાશરૂપ દ્યુતિ

વળી તેમને સ્વાત્મજનિત પ્રકાશરૂપ દ્યુતિ છે. અરિહંત અને સિદ્ધ ભગવંતોને તો કેવળજ્ઞાન પ્રકાશ અસંખ્ય પ્રદેશે પ્રગટ્યો છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુને પણ આત્માનાં ચિદાનંદ સ્વભાવના અંતર અવલંબને જ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો છે. શાસ્ત્રના ભણતરની વાત

નથી પણ આત્માના અવલંબને પ્રગટેલા સ્વાત્મજનિત પ્રકાશની જ વાત લીધી છે.

## (૪) સ્વસ્વરૂપની સ્તુતિ

પંચપરમેષ્ઠી ભગવંતો સ્વસ્વરૂપની સ્તુતિની ક્રિયા કરે છે. પરની સ્તુતિનો ભાવ તો રાગ છે – પુણ્ય છે. પંચપરમેષ્ઠી ભગવંતો નિજસ્વરૂપમાં એકાગ્ર થઈને તેની જ સ્તુતિ કરે છે – સ્વસ્વરૂપનું જ અનુમોદન કરે છે, વચ્ચે રાગ–વ્યવહાર આવે તેનું અનુમોદન કરતા નથી. જે જીવ રાગની કે પરની સ્તુતિથી ધર્મ માને છે તે તો મૂઢ છે. અખંડ ચિદાનંદ સ્વરૂપની સ્તુતિ–બહુમાન ચૂકીને એકલી પરની સ્તુતિમાં રોકાય તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તેવાને અહીં પરમેષ્ઠીમાં ગણ્યા નથી. અરિહંતોને અને સિદ્ધોને તો સ્વસ્વરૂપની પૂર્ણ સ્તુતિ થઈ ગઈ છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ પણ વીતરાગભાવે સ્વસ્વરૂપની સ્તુતિ કરે છે. સમ્યગ્દર્શન વગર સ્વસ્વરૂપની સ્તુતિ હોય નહિ.

## (૫) સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ

પંચપરમેષ્ઠીને સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ વર્તે છે; ધર્મીને પોતના શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપમાં જ પરમ પ્રમોદ અને ઉત્સાહ છે. બહારમાં માનઆબરૂનો પ્રમોદ નથી. ઘણા પર જીવો સમજી જાય તેનો પ્રમોદ નથી, પણ જ્ઞાનાનંદ વીતરાગી સ્વરૂપમાં જ તેમને પરમ ઉત્સાહભાવ વર્તે છે, તેથી સ્વસ્વરૂપમાં જ પરમ પ્રમોદ છે. રાગમાં – નિમિત્તમાં કે વ્યવહારમાં તેમને પ્રમોદ કે ઉત્સાહ વર્તતો નથી. આવા પંચપરમેષ્ઠી છે.

## (૬) લોકાલોકને જાણવારૂપ જ્ઞાનની ગતિ

લોકાલોકમાં વ્યાપ્તિરૂપ ગતિ છે એટલે તેમનું જ્ઞાન લોકાલોકને જાણી લ્યે છે. અરિહંત

અને સિદ્ધ તો લોકાલોકને સાક્ષાત્ જાણે છે, ને ભાવશ્રુતજ્ઞાનના બળે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ પણ લોકાલોકને જાણે છે. લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયનો પત્તો જેમના જ્ઞાનમાં આવી ગયો છે. એવી તેમના જ્ઞાનની ગતિ છે. એટલે કે પરિણમન છે. અંદરમાં તેમને સમ્યગ્જ્ઞાનનો દીવડો ખીલી ગયો છે. ને લોકાલોકના બધા ભાવોનો નિર્ણય કરવામાં જેમના જ્ઞાનની ગતિ પહોંચી વળે છે – એવા સાધુ હોય – ને એવા સાધુ પરમેષ્ઠી તે વંદ્ય છે. આવા સાધુને ઓળખીને તેમને વંદન કરે તે ખરો સેવક છે.

## (૭) શુદ્ધસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ

શુદ્ધસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ છે. આવી પંચપરમેષ્ઠીની ક્રિયા છે. બહારની શરીરાદિની કાંતિ તો જડ છે. પણ ચૈતન્ય પ્રકાશથી ઓપિત એવા શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિ છે તે જ પંચપરમેષ્ઠીની કાંતિ છે.

આવા પંચપરમેષ્ઠી જીવોની યથાર્થ ઓળખાણ પણ જીવોએ પૂર્વે કદી કરી નથી.

અહીં સાત પ્રકારથી વર્ણન કર્યું.

(૧) પરમ સ્વાત્મજનિત આનંદ સહિત ક્રીડા.
(૨) કર્મને જીતવારૂપ વિજિગીષા,
(૩) સ્વાત્મજનિત જ્ઞાનપ્રકાશરૂપ દ્યુતિ,
(૪) સ્વસ્વરૂપની સ્તુતિ,
(૫) સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ,
(૬) લોકાલોકને જાણવારૂપ જ્ઞાનની ગતિ,
(૭) શુદ્ધસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ.

આમ સાત પ્રકાર કહ્યાં. તે દેવપણાની ઉત્કૃષ્ટ ક્રિયા છે. જેનામાં આવી ક્રિયા ન હોય તેને વીતરાગશાસન 'દેવ' તરીકે સ્વીકારતું નથી. આત્માની ઉત્કૃષ્ટ પવિત્ર ક્રિયા અરિહંત અને સિદ્ધને પૂર્ણ છે, ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓને પણ તે અંશે હોય છે. તેથી આવા પંચપરમેષ્ઠી ભગવંતો જ સર્વોત્કૃષ્ટ દેવ છે. તેઓ જ મંગલરૂપ છે ને તેઓ જ નમસ્કાર કરવા યોગ્ય છે. આ સિવાય બીજા કોઈ ખરેખર દેવ નથી. ને તે વંદ્ય નથી. પંચપરમેષ્ઠીને

યથાર્થપણે ઓળખનારો સમ્યગ્દષ્ટિ જ હોય ને તેવા સમ્યગ્દષ્ટિને જ યથાર્થ બાર વૈરાગ્યભાવનાઓ હોય છે. કુદેવાદિને માને તેને યથાર્થ વૈરાગ્યભાવનાઓ હોતી નથી.

હવે 'મંગલ'નો અર્થ કહે છે.

'मं' એટલે પાપ, તેને 'गल' એટલે ગાળે, તથા 'मंग' એટલે સુખ તેને 'ल' એટલે લાતિ–દદાતિ અર્થાત્ આપે તેને 'મંગલ' કહીએ છીએ, એવા દેવને નમસ્કાર કરવાથી શુભ પરિણામ થાય છે અને તેનાથી પાપનો નાશ થાય છે – શાંતભાવરૂપ સુખ પ્રાપ્ત થાય છે.

આત્માનું ભાન કરીને તેનો આશ્રય કરતાં પાપનો નાશ થઈ જાય છે. ખરેખર તો આત્માના જે ભાવથી પવિત્રતા પ્રગટે ને પાપ ટળે એવો વીતરાગભાવ તે જ માંગળિક છે. ને નિમિત્ત તરીકે આત્માની પવિત્રતા પામેલા પંચપરમેષ્ઠી ભગવંતો માંગળિક છે. પંચપરમેષ્ઠીને ઓળખીને તેમને નમસ્કાર કરતાં શુભપરિણામ થાય છે ને પાપ ટળીને, શાંતભાવરૂપ પરિણામ થાય છે તેથી તે મંગળ છે.

આ સિવાય કુદેવાદિને વંદન કરવામાં કાંઈક મંદ કષાય હોય તેને અહીં શુભમાં ગણ્યો નથી કેમકે તેમાં તો મિથ્યાત્વની પુષ્ટિનો તીવ્ર અશુભભાવ પડ્યો છે. વીતરાગ પંચપરમેષ્ઠીને ઓળખીને તેમનું બહુમાન કરતાં પોતાને રાગ ટળીને શાંતપરિણામ થાય છે તેટલું સુખ પ્રાપ્ત થાય છે, ને અશુભ ટળે છે.

હવે અનુપ્રેક્ષાનો અર્થ કહે છે. આ શાસ્ત્રમાં બાર ભાવનાનું વર્ણન છે. આ અનિત્ય વગેરે બાર ભાવનાઓ તીર્થંકર ભગવંતો ભાવે છે. ગૃહસ્થાશ્રમમાં નિત્યાનંદી આત્માના ભાનપૂર્વક શરીરાદિની અનિત્યતાની ભાવના ભાવે છે. ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની ભાવનાઓનું જ આ વર્ણન છે. નિત્ય ધ્રુવ ચિદાનંદની દૃષ્ટિ વગરની અનિત્યભાવના યથાર્થ હોતી નથી. 'બધું ક્ષણિક છે' એવી એકલી અનિત્ય ભાવના બુદ્ધ વગેરેએ ભાવી છે, તે તો અનિત્ય જાગરિકા છે, દેહાદિ અનિત્ય છે, ને આત્મા ધ્રુવ નિત્ય છે એમ જાણીને નિત્ય સ્વભાવના આશ્રયપૂર્વકની ભાવનાનું આ વર્ણન છે.

અનુપ્રેક્ષાનો સામાન્ય અર્થ તો વારંવાર ચિંતવન કરવું એ છે, પણ ચિંતવન તો અનેક પ્રકારનાં છે અને તેને કરવાવાળા પણ અનેક છે તેથી એ સર્વને ભિન્ન દર્શાવવા માટે અહીં 'भव्यजनानंदजननि' એવું વિશેષણ આપ્યું છે, તેનાથી જે ભવ્યજીવોને મોક્ષપ્રાપ્તિ નિકટ આવી હોય તેમને આનંદ ઉપજાવવાવાળી એવી અનુપ્રેક્ષા કહીશ.

ઘણા જીવો સંસારના વેપાર-ધંધા વગેરેનું વારંવાર ચિંતવન કરે છે તેવી અનુપ્રેક્ષાની આ વાત નથી. તેમ જ બુદ્ધ વગેરેએ એકલી અનિત્યતાની જે ભાવના કરી છે તેવી પણ આ વાત નથી, પણ આ તો ધ્રુવ ચિદાનંદ સ્વભાવના આશ્રયે ભવ્યજીવોને આત્માનો આનંદ દેનારી અનુપ્રેક્ષાઓનું વર્ણન છે. અભવ્યજીવને તો આવી ભાવના હોતી નથી. અભવ્ય જીવો તેમ જ અનંત સંસારી ભવ્ય જીવો શાસ્ત્ર વાંચીને વિચાર કરે તેમાં શુભભાવ છે. પણ ચિદાનંદ આત્માના ભાન વગર બાર ભાવના હોતી નથી. માટે કહ્યું કે આ નિકટ ભવ્ય જીવોને આનંદ ઉપજાવનારી ભાવનાઓ હું કહીશ. જેમના સંસારનો અંત નજીક આવી ગયો છે, જેને વિકારની રુચિ છૂટી ગઈ છે ને ચિદાનંદ સ્વભાવની રુચિ થઈ છે એવા ભવ્ય જીવોને આ બાર વૈરાગ્ય ભાવનાઓ આનંદની ઉપજાવનારી છે. આનંદ તો આત્માના સ્વભાવના આશ્રયે છે. તે સ્વભાવના ભાનસહિત આ ભાવનાઓનું ચિંતવન ભવ્ય જીવને આનંદજનક છે. આ યથાર્થ ભાવના કરનારો અનંત સંસારી ન હોય, જેને સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શનપૂર્વક આવી ભાવનાઓ પ્રગટી છે ને અલ્પકાળે પૂર્ણતા કરવાનો છે – તેવા જીવોની જ અહીં વાત લીધી છે. સમ્યગ્દર્શન પામીને પાછા પડી જાય ને અનંત સંસારમાં રખડે એવા જીવોની વાત અહીં લીધી નથી. માટે કહ્યું કે જેને મોક્ષ પ્રાપ્તિ થવાનું ટાણું નજીક આવી ગયું છે એવા ભવ્ય જીવોને આનંદદાયક બાર ભાવનાઓ કહીશ.

બીજું અહીં 'अनुप्रेक्षाः' એવું બહુવચનરૂપ પદ છે. ત્યાં અનુપ્રેક્ષા સામાન્યચિંતવન એક પ્રકારરૂપ છે તોપણ (વિશેષપણે તેના) અનેક પ્રકાર છે.

આ ભાવના સાંભળતાં જ ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઉપજે છે.

જુઓ ! મોક્ષમાર્ગનો જ ઉત્સાહ ઉપજાવવાની વાત કરી. પુણ્યમાં કે રાગમાં જેને ઉત્સાહ આવે તે જીવે ખરેખર આ ભાવનાઓ સાંભળી નથી.

ભાવનાઓ બાર પ્રકારની છે. તેમનાં નામ કહે છે તથા તે ભાવનાઓ ભાવવાની પ્રેરણા કરે છે :–

### સૂત્ર–૨-૩

**બીજું અહીં 'अनुप्रेक्षाः' એવું બહુવચનરૂપ પદ છે, ત્યાં અનુપ્રેક્ષા – સામાન્યચિંત્વન એક પ્રકારરૂપ છે તોપણ (વિશેષપણે તેના) અનેક પ્રકાર છે, ભવ્યજીવોને જે સાંભળતાં જ મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઉપજે એવા ચિંત્વનના સંક્ષેપતાથી બાર પ્રકાર છે તેના નામ તથા**

**ભાવનાની પ્રેરણા બે ગાથાસૂત્રોમાં કહે છે :–**

अध्रुवं अशरणं भणिताः संसारः एकं अन्यत् अशुचित्वम्।
आस्त्रवः संवरनामा निर्जरा लोकानुप्रेक्षा।।
इति ज्ञात्वा भावयत् दुर्लभधर्मानुप्रेक्षा नित्यं।
मनोवचनकायशुद्ध्या एताः उद्देशतः भणितः।।

**અર્થ :– હે ભવ્યાત્મન્ ! આટલાં જ અનુપ્રેક્ષાનાં નામ જિનદેવ કહે છે તેને (સમ્યક્પ્રકારથી) જાણીને મન–વચન–કાય શુદ્ધ કરી આગળ કહીશું તે પ્રમાણે તમે નિરંતર ભાવો (ચિંતવો). તે (નામ) ક્યાં છે ? અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ એ બાર છે.**

**ભાવાર્થ :– એ બાર ભાવનાનાં નામ કહ્યાં, તેનું વિશેષ અર્થરૂપ કથન તો આગળ યથાસ્થાને થશે જ, વળી એ નામ સાર્થક છે, તેનો અર્થ શો ? અધ્રુવ તો અનિત્યને કહીએ છીએ, જેમાં શરણપણું નથી એ અશરણ છે, પરિભ્રમણને સંસાર કહીએ છીએ, જ્યાં બીજું કોઈ નથી તે એકત્વ છે, જ્યાં સર્વથી જુદાપણું છે તે અન્યત્વ છે, મલીનતાને અશુચિત્વ કહીએ છીએ, કર્મનું આવવું તે આસ્રવ છે, કર્માસ્રવ રોકવો તે સંવર છે, કર્મનું ખરવું તે નિર્જરા છે, જેમાં છ દ્રવ્યોનો સમુદાય છે તે લોક છે, અતિ કઠણતાથી પ્રાપ્ત કરીએ તે દુર્લભ (બોધિદુર્લભ) છે અને સંસારથી જીવનો ઉદ્ધાર કરે તે વસ્તુસ્વરૂપાદિક ધર્મ છે, એ પ્રમાણે તેનો અર્થ છે.**

અર્થ :– હે ભવ્યાત્મન્ ! આટલાં જ અનુપ્રેક્ષાનાં નામ જિનદેવ કહે છે તેને (સમ્યક્પ્રકારથી) જાણીને મન–વચન–કાય શુદ્ધ કરી આગળ કહીશું તે પ્રમાણે તમે નિરંતર ભાવો (ચિંતવો). તે (નામ) ક્યાં છે ? અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ એ બાર છે.

જુઓ ! સદાય આ ભાવનાઓ જ ભાવવા જેવી છે. દુકાન-મકાન વગેરે બહારના પદાર્થોના કાર્યો તેના કાળે સ્વયં થાય છે. જીવ રાગ કરે પણ પરનાં કાર્યો તેને લીધે થતાં નથી.

તે પોતામાંથી રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરે તો તેથી કાંઈ જગતનાં કાર્ય અટકી જતાં નથી, તે તો તેનું જેમ થવાનું હોય તેમ થયા જ કરે છે. બીજો જીવ તેનું અભિમાન તથા રાગ કરે, પણ પરમાં કાંઈ ન કરે, અને તે અભિમાન તથા રાગ છોડતાં તેનું પોતાનું કાર્ય સુધરી જાય, પણ તેથી કાંઈ જગતનાં કાર્ય અટકી જતાં નથી. આમ જે ઓળખે તેને જ આ બાર ભાવનાઓ હોય છે. બાર ભાવનાઓ ભાવવી તેમાં મારું કાર્ય છે. બહારનાં કાર્યોમાં મારું કાર્ય નથી. આમ સમજીને પોતે પોતાના ચૈતન્ય સ્વરૂપમાં ઉત્સાહ પ્રગટ કરીને આ બાર ભાવનાઓ વારંવાર ભાવવા જેવી છે.

# પ્રસાદ નં. – ૧૯૧

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ સુદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક સાતમું,**
**સોનગઢ, તા. ૮-૫-૫૨, ગુરુવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ સુદ ૭, ગુરુવાર, ૧-૫-૫૨ સવારે)**

જેને આત્માનું જ્ઞાનાનંદ નિત્યસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે તે જ જીવ ખરેખર આ અનિત્ય વગેરે બાર ભાવનાઓ ભાવી શકે છે. આત્માનું સ્વરૂપ સ્વ-પરપ્રકાશક ચૈતન્યમય છે, તેના ભાનપૂર્વકની આ ભાવનાઓ ધર્મીને હોય છે. ને અજ્ઞાની જીવ સ્થિર ચિદાનંદને ભૂલીને શરીરાદિ પરસંયોગને સ્થિર રાખવા માગે છે પણ સંયોગો તો અસ્થિર છે – અધ્રુવ છે. અરે ! પુણ્યની વૃત્તિ ઉઠે તે પણ અસ્થિર છે. જ્ઞાયકમૂર્તિ આત્મા સ્થિર રહેનારો છે તેની ભાવના છોડીને જે જીવ વિકારની ભાવના કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અહીં આત્માના ભાનપૂર્વકની વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન છે. તે બાર ભાવના ટુંકમાં કહે છે :–

**(૧) અધ્રુવ ભાવના એટલે કે અનિત્ય ભાવના :–** ચિદાનંદ આત્મા નિત્ય છે ને તે સિવાય બધા સંયોગો ને પુણ્ય-પાપ અનિત્ય છે એવી ભાવના તે અનિત્ય ભાવના છે.

**(૨) અશરણ ભાવના :–** ચિદાનંદ પરમ સ્વભાવ એ જ મારું શરણ છે એ સિવાય પરમાં ક્યાંય મારું શરણ નથી. આત્માનું શરણ જાણ્યું છે તે જ પરને અશરણપણે જાણીને અશરણભાવના ભાવે છે. અરિહંત ભગવાન વગેરેને શરણ કહેવા તે તો ઉપચારથી છે પણ અરિહંત ભગવાને કહ્યો તેવો પોતાનો સ્વભાવ તે જ પોતાને શરણ છે. એ સિવાય ક્ષણિકભાવો કે પરવસ્તુ કોઈ જીવને શરણ નથી. ચૈતન્યના શરણપૂર્વક યથાર્થ અશરણભાવના છે. હું

કોઈ પરવસ્તુને ગ્રહતો કે છોડતો નથી આવા ભાનપૂર્વક ધ્રુવ શરણનું અવલંબન કરવું તેમાં જ ખરી અનિત્ય ભાવના અને અશરણભાવના છે.

જ્ઞાન સામર્થ્યમાં એકાગ્ર થવું તે જ ખરી ભાવના છે. આત્મા એક અને ભાવના બાર ! એ ભાવના તે તો ભેદથી કથન છે. ત્યાં બાર ભાવનાના વિકલ્પની મુખ્યતા ન ગણતાં અંતરસ્વભાવમાં એકાગ્રતા થવી તે જ ખરી ભાવના છે. નિત્ય શરણરૂપ એવા ચૈતન્યના ભાન વિના 'બધું અનિત્ય છે' એમ કહે તેને ખરેખર અનિત્ય ભાવના ન કહેવાય. ચૈતન્ય ભગવાન જ શરણભૂત છે તેની ભાવનાથી સંવર થાય છે, એ સિવાય બીજું બધું અશરણ છે.

**(૩) પરિભ્રમણ તે સંસાર છે :–** જીવે અજ્ઞાનભાવથી પૂર્વે અનંત ભવોમાં ભ્રમણ કર્યું છે. પૂર્વ ભવની માતા હોય તે જ બીજા ભવમાં સ્ત્રી થાય. ઇત્યાદિ પ્રકારે અનંત ભવમાં ભ્રમણ કર્યું છે. ચૈતન્ય સ્વભાવનું ભાન કરીને તેનું અવલંબન કરે તો ભવભ્રમણ ટળે.

**(૪) જ્યાં બીજું નથી તે એકત્વ છે :–** મારો શુદ્ધ આત્મા એકલો છે મારા શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઈ મારામાં નથી. દેહ, પુત્ર વગેરે કાંઈ મારામાં નથી, પુણ્ય-પાપની વૃત્તિઓ પણ મારા સ્વરૂપમાં નથી. હું એકરૂપ ચૈતન્યમૂર્તિ છું. આવી ભાવના તે એકત્વ ભાવના છે. આવા ભાન વગર એમ બોલે કે 'જીવ એકલો આવ્યો છે ને એકલો જશે' એ તો શુભરાગ છે. તે ખરી ભાવના નથી. શુભરાગ તો અભવ્યને પણ હોય છે પણ આ યથાર્થ ભાવના તો સંવર ધર્મ છે તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. અહો ! મારું ચિદ્‌ઘન સ્વરૂપ સિદ્ધ સદૃશ છે, તેમાં વિકારનો કે પરનો પ્રવેશ નથી આવી ભાવના કરવી તે એકત્વ ભાવના છે.

**(૫) સર્વથી જુદાપણું તે અન્યત્વ છે :–** મારા ચિદાનંદ સ્વરૂપ સિવાય બીજા બધાયથી મારે અન્યત્વ છે. શરીર-મન-વાણી-લક્ષ્મી-પુત્ર એ બધાયથી મારે અન્યત્વ છે. વિકારથી પણ ખરેખર અન્યત્વ છે. જ્ઞાનસ્વભાવથી જુદાપણું નથી. હું તો જ્ઞાનમય નિરુપાધિ તત્ત્વ છું આવી ભાવના કરવી તે અન્યત્વ ભાવના છે.

**(૬) મલિનતા તે અશુચિ છે :–** શરીર અશુચિ છે એમ કહ્યું ત્યાં ખરેખર તો ધર્મીને શરીર જ્ઞેય છે પણ ચિદાનંદ પવિત્ર સ્વભાવની ભાવના કરવા અને દેહાદિનો રાગ છોડવા માટે કહે છે કે 'શરીર અશુચિરૂપ છે.' ત્યાં કાંઈ શરીરને દેખીને ધર્મીને રાગ-દ્વેષ થતા નથી પરને દેખવાના કારણે રાગ કે દ્વેષ થવાનું માને તે તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. ધર્મી પરના

કારણે તો રાગ-દ્વેષ માનતા જ નથી પણ પોતાની અસ્થિરતાથી રાગ-દ્વેષ થાય છે. શરીર અશુચિ છે એમ કહ્યું તે શરીર ઉપર દ્વેષ કરવા માટે નથી કહ્યું પણ શરીરથી ભિન્ન પવિત્ર જ્ઞાનસ્વભાવની ભાવના કરવા માટે કહ્યું છે.

શરીરના બધા અંગોમાંથી અશુચિ ઝરે છે ને મારા આત્મ સ્વભાવમાંથી પવિત્ર જ્ઞાનાનંદ ઝરે છે. આમ સમજીને ધર્મી પોતાના અંતર સ્વભાવમાં જેટલો એકાગ્ર થાય તેટલી ભાવના છે, વચ્ચે શુભ વિકલ્પ હોય તેની મુખ્યતા નથી.

**(૭) કર્મનું આવવું તે આસ્રવ છે :–** સમ્યગ્દષ્ટિ વિચારે છે કે અહો ! મારા ચિદાનંદ સ્વભાવમાં કર્મની ઉપાધિ નથી. જે વ્રતાદિની શુભ વૃત્તિ ઉઠે તે પણ કર્મના આસ્રવનું કારણ છે. તે મારું સ્વરૂપ નથી. મારા જ્ઞાનાનંદ સ્વરૂપની ભાવનામાં કર્મનો આસ્રવ થતો નથી.

**(૮) કર્મના આસ્રવને રોકવો તે સંવર છે :–** ખરેખર કર્મને રોકવા તે ઉપચારનું કથન છે. પણ ચિદાનંદ સ્વરૂપમાં એકાગ્ર રહેતાં કર્મ આવતા જ નથી; તે આવવા યોગ્ય હતાં ને અટકાવ્યાં એમ નથી પણ તે આવવા યોગ્ય જ નહતાં. ચિદાનંદ સ્વરૂપની ભાવનામાં એકાગ્ર રહેતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી, તેનું નામ સંવર છે.

**(૯) કર્મનું અટકવું તે નિર્જરા છે :–** શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના આશ્રયે એકાગ્ર થતાં શુદ્ધતા વધવી ને અશુદ્ધતા ટળવી તથા કર્મ ખરી જવાં તેનું નામ નિર્જરા છે. એકાકાર, અભેદ દ્રવ્યની દૃષ્ટિ રાખીને આ બધી ભાવનાનું વર્ણન છે. જુઓ ! આ બારભાવનામાં પણ અલૌકિક વીતરાગતા છે.

મહા અલૌકિક અધ્યાત્મ શાસ્ત્રો સમયસાર–પ્રવચનસાર–નિયમસાર ને પંચાસ્તિકાયના વાંચન પછી આ બાર ભાવનાનું શાસ્ત્ર વંચાય છે તેમાં સંધિ છે. જેને બાર ભાવના રુચતી નથી તેને ખરેખર અધ્યાત્મનું ભાન નથી. તીર્થંકરો પણ આ બાર ભાવના ભાવે છે. જ્યાં અંતરના અખંડ સ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં આવી વૈરાગ્ય ભાવનાઓ હોય છે. તેમ જ ભૂમિકાનુસાર પૂજા-ભક્તિ-સ્વાધ્યાય વગેરેનો શુભભાવ પણ હોય છે. તે શુભરાગને ધર્મ નથી માનતા પણ ભક્તિ વગેરેનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. જે ભૂમિકાએ જે દશા હોય તેનો વિવેક હોવો જોઈએ.

નિત્ય ચૈતન્ય સ્વભાવની ભાવના પૂર્વક શુદ્ધિની વૃદ્ધિ થાય અને કર્મ ખરે તેને નિર્જરા કહે છે. સામાન્યપણે કર્મના પરમાણુઓ તો બધાય જીવોને સમયે સમયે ખરે છે, તે વિપાક નિર્જરા છે, તેમાં કાંઈ ધર્મ નથી દ્રવ્યલિંગી સાધુ પુણ્યમાં ધર્મ માનતો હોય તેને પણ પૂર્વના

કર્મો ખરે છે, પણ સાથે મિથ્યાત્વના અનંત કર્મો નવા બંધાય છે તેને ખરેખર નિર્જરા ન કહેવાય.

**(૧૦) છ દ્રવ્યનો સમુદાય તે લોક છે :–** હું છ એ દ્રવ્યોનો જ્ઞાતા છું એમ જ્ઞાનની ભાવના પૂર્વક છ દ્રવ્યને જાણવા તે લોકભાવના છે.

**(૧૧) અતિ દુર્લભતાથી જેની પ્રાપ્તિ થાય તે બોધિદુર્લભ છે :–** આ જગતમાં જીવને બોધિ જ મહાદુર્લભ છે. બોધિ એટલે સાચી સમજણ. તે જીવને અનંતકાળમાં મહાદુર્લભ છે. જુઓ ! સમ્યગ્દષ્ટિ આવી સમ્યગ્દર્શનાદિની દુર્લભતાની ભાવના કરે છે.

સ્વર્ગાદિનો ભવ પામવો તે કાંઈ ખરેખર દુર્લભ નથી. તે તો અનંતવાર મળી ગયા પણ ચૈતન્ય સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે જ જીવને ખરેખર દુર્લભ છે.

**(૧૨) સંસારથી જીવનો ઉદ્ધાર કરે તેનું નામ ધર્મ છે :–** વસ્તુ સ્વરૂપ તે ધર્મ છે. ચૈતન્ય સ્વરૂપનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં જીવને જન્મ-મરણનો અભાવ થઈને મુક્ત દશા થઈ જાય છે. આવી ધર્મભાવના છે.

આ પ્રમાણે બાર ભાવના ટૂંકામાં વર્ણવી. હવે એકેક ભાવના વિસ્તારથી વર્ણવે છે.

**હવે પ્રથમ અધ્રુવાનુપ્રેક્ષા કહે છે :–**

## ૧. અધ્રુવાનુપ્રેક્ષા ગાથા : ૪

**यत्किमपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन।**
**परिणामस्वरूपेण अपि न च किं अपि शाश्वतं अस्ति।।४।।**

**અર્થ :– જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈપણ (વસ્તુ) શાશ્વત નથી.**

**ભાવાર્થ :– સર્વ વસ્તુ સામાન્ય–વિશેષ સ્વરૂપ છે, ત્યાં સામાન્ય તો દ્રવ્યને કહેવામાં આવે છે તથા વિશેષ, ગુણ-પર્યાયને કહેવામાં આવે છે, હવે દ્રવ્યથી તો વસ્તુ નિત્ય જ છે, ગુણ પણ નિત્ય જ છે અને પર્યાય છે તે અનિત્ય છે, તેને પરિણામ પણ કહેવામાં આવે છે. આ જીવ પર્યાયબુદ્ધિવાળો હોવાથી પર્યાયને ઉપજતી-વિણસતી દેખીને હર્ષ-શોક કરે છે તથા તેને નિત્ય રાખવા ઇચ્છે છે, અને એ અજ્ઞાન વડે તે વ્યાકુલ થાય છે. તેથી**

**તેણે આ ભાવના (અનુપ્રેક્ષા) ચિંતવવી યોગ્ય છે :–**

**હું દ્રવ્યથી તો શાશ્વત આત્મદ્રવ્ય છું, આ ઉપજે છે – વિણસે છે તે પર્યાયનો સ્વભાવ છે તેમાં હર્ષ-વિવાદ શો ? શરીર છે તે જીવ અને પુદ્‌ગલના સંયોગજનિત પર્યાય છે અને ધન ધાન્યાદિક છે તે પુદ્‌ગલના પરમાણુઓનો સ્કંધપર્યાય છે, એટલે તેનું મળવું – વિખરાવું નિયમથી અવશ્ય છે છતાં તેમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે એ જ મોહજનિત ભાવ છે, માટે વસ્તુસ્વરૂપ જાણી તેમાં હર્ષ–વિષાદાદિરૂપ ન થવું.**

અર્થ :– જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈપણ (વસ્તુ) શાશ્વત નથી.

જુઓ ! આ વૈરાગ્યની ભાવના છે. 'સમયસાર'માં પણ વૈરાગ્ય ભેગો જ છે. ત્યાં કહ્યું છે કે સમ્યગ્જ્ઞાન સાથે વૈરાગ્ય પણ ભેગો જ છે. જેટલો સ્વરૂપમાં ઠર્યો તેટલો પરદ્રવ્યથી વિરક્ત થયો. તેનું નામ વૈરાગ્ય છે. આ વૈરાગ્ય ભાવનાઓ ચૈતન્યને આનંદની જનેતા છે. અનાકૂળ શાંતિ આનંદનો કંદ આત્મા છે તેની ભાવનામાં વીતરાગી આનંદની શાંતિ ઉત્પન્ન થાય છે. એકલો શુભરાગ થાય તે કાંઈ આનંદદાયક નથી. આ ભાવનાઓ ભવ્ય જીવોને આનંદની જનની છે. એ વાત દરેક ભાવનામાં લાગુ પાડવી. દ્રવ્યને લક્ષમાં રાખીને આવી ભાવના ભાવે તેને આનંદ અને શાંતિ પ્રગટે છે. એકલો પર્યાયની ભાવનામાં આનંદ નથી. મારો આત્મા જ પરમાનંદ સ્વભાવથી નિત્ય છે એ સિવાય બીજા કોઈ સંયોગો નિત્ય રહેનારા નથી. જુઓ ભાઈ ! આવા સ્વભાવની વૈરાગ્ય ભાવના પણ અનંતકાળમાં દુર્લભ છે. આવી ભાવના ભાવવા જેવી છે. અજ્ઞાનીઓ સંસારની અને વિકારની ભાવના ભાવે છે, તેમાં કાંઈ શાંતિ નથી.

ભગવાનશ્રી તીર્થંકર દેવ માતાના પેટમાં આવે ત્યારે પણ સમ્યગ્દર્શન સહિત હોય છે ને નિત્યાનંદ સ્વભાવની ભાવના છે તેટલી સમાધિ તે વખતે પણ વર્તે છે. સમાધિ મરણ થાય તેમાં વિશેષ શાંતિ હોય છે. ઉત્તમાર્થ પ્રતિક્રમણ વગેરે સહિત આનંદકંદ આત્મામાં ઝૂલતાં ઝૂલતાં સમાધિમરણ થાય તેમાં ઘણી શાંતિ હોય છે પણ તેવો 'સમાધિ જન્મ' ન થાય. જન્મ વખતે સમ્યગ્દર્શન પૂરતી સમાધિ હોય પણ ચારિત્ર દશાની સમાધિ ન હોય. અંદરમાં ચિદાનંદ સ્વભાવની ભાવના ભાવતાં સમાધિ મરણે દેહ છૂટે છે.

જુઓ ! અહીં અનિત્ય ભાવનામાં વસ્તુસ્વરૂપ વર્ણવે છે. દરેક વસ્તુ સામાન્ય વિશેષસ્વરૂપ છે. પરિણામ સ્વરૂપે કાંઈ ધ્રુવ નથી. વસ્તુના પરિણામ ક્ષણે ક્ષણે પલટી જાય છે. વસ્તુ સામાન્યપણે ધ્રુવ ટકે છે પણ તેના પરિણામ અધ્રુવ છે. શરીર આદિનો સંયોગ તો અધ્રુવ છે ને કેવળજ્ઞાન પણ અધ્રુવ છે. આમ જાણીને તે અધ્રુવની ભાવના છોડીને ધ્રુવ એવા ચિદાનંદ સ્વભાવની ભાવના કરવી તે ખરી અધ્રુવભાવના છે.

જે પરમાણુ દૂધ અને ભાતપણે હતા તે જ પલટીને આ શરીરરૂપે થયા છે ત્યાં તેની પર્યાય પલટી ગઈ પણ તે પરમાણુઓ તો કાયમ રહ્યાં છે. હાર પલટીને કુંડળ થયાં ત્યાં સોનાની અવસ્થા પલટી પણ સોનું તો કાયમ છે. પાણી કાયમ રહીને તેમાં તરંગ ઉઠે છે; તેમ આત્મા સામાન્ય સ્વભાવે કાયમ રહે છે ને તેના વિચારો ક્ષણે ક્ષણે પલટે છે તે અધ્રુવતા છે.

દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ છે. તેમાં એકરૂપ રહેનારું દ્રવ્ય તે સામાન્ય છે ને ગુણપર્યાયો તે વિશેષ છે. દ્રવ્ય અને ગુણ નિત્ય ધ્રુવ છે ને તેની પર્યાય પલટતી અધ્રુવ છે. પદાર્થોની પર્યાય ક્ષણે ક્ષણે પલટી જાય છે તો હું કોના ઉપર મોહ કરું ? આમ જાણીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના કરે છે. પર જીવની અવસ્થાને હું ટકાવી રાખું એમ તો નથી પણ તેના પોતાથી પણ તેની અવસ્થા કાયમ ટકતી નથી. પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તે ક્ષણે ક્ષણે પલટી જાય છે. ત્યાં પર્યાયબુદ્ધિવાળો અજ્ઞાની જીવ ક્ષણિક પર્યાયને ઊપજતી-વિનશતી દેખીને હર્ષ - શોક કરે છે, ને તે પર્યાયને નિત્ય રાખવા માગે છે. જગતમાં પદાર્થોની પર્યાયનું રૂપાંતર તો થયા જ કરે છે ત્યાં જો ત્રિકાળ રહેનારી નિત્ય વસ્તુને જાણે તો પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ ન થાય. પુત્રનો જન્મ થતાં હર્ષ અને મૃત્યુ થતાં શોક, વસ્ત્ર નવા આવે ત્યારે હર્ષ ને વસ્ત્ર બળી જાય ત્યાં શોક. એમ અજ્ઞાની પર્યાયને દેખીને હર્ષ શોક કરે છે. પણ નિત્ય ધ્રુવ રહેનારી વસ્તુને દેખતો નથી. જો નિત્ય ધ્રુવ વસ્તુને દેખે તો પર્યાયને ઊપજતી વિણસતી દેખીને પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ થાય નહિ.

પહેલાં શરીરમાં ફાટફાટ જુવાની હોય ને વૃદ્ધાવસ્થા થતાં કેડ વળી જાય. એમ ક્ષણમાં પર્યાય પલટી જાય છે. એકવાર કેડથી વળી ગયેલી એક ડોશી ચાલી જતી હતી ત્યાં એક જુવાને તેને મશ્કરીમાં પૂછ્યું : ડોશીમા શું ગોતો છો ?

ડોશીમા કહે, બેટા ! જુવાની ક્યાં ગઈ તે ગોતું છું, એટલે કે તારી આ જુવાની કાયમ નહિ રહે, ક્ષણમાં પલટી જશે માટે એનું અભિમાન છોડ. નિત્ય એકરૂપ રહેનારો તો જ્ઞાનાનંદ

આત્મા છે તે જ ધ્રુવરૂપ છે આવા ભાનપૂર્વક પર્યાયને અધ્રુવપણે ભાવે – તે અધ્રુવ ભાવના છે. અજ્ઞાની જીવ પર્યાયને નિત્ય રાખવા માગે છે, તેથી પર્યાય પલટતાં તે અજ્ઞાનથી આકુળ વ્યાકુળ થાય છે. જો શાશ્વત દ્રવ્યના ભાનપૂર્વક અધ્રુવ ભાવના ભાવે તો પર્યાય પલટતાં આકુળતા થાય નહિ માટે કહે છે કે આ અધ્રુવભાવના ભાવવા જેવી છે. કઈ રીતે અધ્રુવભાવના ભાવવી તે હવે કહેશે.

**વૈશાખ સુદ ૮ શુક્રવાર, ૨-૫-૫૨**

આજે સવારે શ્રી નિયમસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

# પ્રસાદ નં. – ૧૯૩

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૧, વર્ષ ૨જું. પુસ્તક સાતમું,**
**સોનગઢ, તા. ૧૦-૫-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ સુદ ૯, શનિવાર, ૩-૫-૫૨ સવારે)**

ગાથા-૪

**यत्किपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन।**
**परिणामस्वरूपेण अपि न च किं अपि शाश्वतं अस्ति।।४।।**

અર્થ :– આ બાર ભાવનાઓનું વર્ણન ચાલે છે. કેવી છે આ બાર ભાવનાઓ ? ભવ્ય જીવોને આનંદની જનની છે અને તે સાંભળતાં જ ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઉપજે છે.

ધર્મી જીવ બાર ભાવના ભાવે છે. તેનું આ વર્ણન છે. હું આત્મા જ્ઞાનાનંદ નિત્ય દ્રવ્ય છું. એવા ભાનપૂર્વક ક્ષણેક્ષણે શુદ્ધતાની વૃદ્ધિ થાય છે તે માટે આ બાર વૈરાગ્ય ભાવનાઓ છે. તીર્થંકરો પણ આવી ભાવનાઓ ભાવે છે. ચિદાનંદ સ્વભાવ ત્રિકાળ કોણ છે ? તેના ભાન વિના 'બધું અનિત્ય છે' એમ માનીને જે વૈરાગ્ય કરે તે તો મિથ્યાગર્ભિત વૈરાગ્ય છે. નિત્યસ્વભાવની ભાવનાપૂર્વક ક્ષણિક પર્યાયને દેખીને તેમાં હર્ષ-શોક ઉત્પન્ન ન થાય તેનું નામ ખરી અનિત્યભાવના છે.

અજ્ઞાની જીવને પરવસ્તુની પર્યાય દેખીને તેમાં ઇષ્ટ-અનિષ્ટની માન્યતાથી રાગ-દ્વેષ થાય છે. કેવળજ્ઞાનીની પર્યાયને દેખીને રાગ થાય, ત્યાં પરને લઈને તે પ્રમોદ માને છે. તે મિથ્યાદૃષ્ટિ

છે. ધર્મી જાણે છે કે ખરેખર પરને કારણે મને રાગ નથી. વળી જે જીવ દુશ્મનને કારણે દ્વેષ માને છે, તે પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી તો જાણે છે કે જગતમાં બધા પદાર્થો પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. એટલે પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ તો તેને થતા જ નથી.

અજ્ઞાની જીવને અનાદિથી દ્રવ્યસ્વભાવનું ભાન નથી ને ક્ષણિક પર્યાયને દેખીને તેને જ સ્થિર રાખવા માગે છે. દેહાદિના સંયોગને કે શુભરાગને કાયમ ટકાવવાની જેની ભાવના છે તે જીવ પર્યાયમૂઢ છે. હું તો શુદ્ધ, જ્ઞાયક નિત્ય ટકનાર છું – એમ દ્રવ્યના ભાનપૂર્વક ધર્મીને અસ્થિરતાથી રાગ-દ્વેષ થાય તે ઘણાં અલ્પ હોય છે. જેને નિત્ય સ્વભાવનું ભાન નથી તે સંયોગને અને પર્યાયને કાયમ ટકાવવાની ભાવના ભાવે છે, તેવા જીવને ખરી અનિત્ય ભાવના હોતી નથી.

હે ભગવાન ! ભવોભવ આપનું શરણ હજો, આપના ચરણ સમીપે સદાય રહું ! એમ ભક્તિથી બોલાય છે. ત્યાં અંતરમાં ધર્મીને ખરેખર સંયોગની ભાવના નથી; ધર્મી તો જાણે છે કે મને પર તો શરણભૂત નથી પણ મારી અનિત્ય પર્યાય પણ મને આશ્રયભૂત નથી. નિત્ય જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ જ મને શરણ છે. તે સ્વભાવની સમીપે હું રહ્યાં કરું એવી ધર્મીની ભાવના છે. ત્રણ લોકના નાથ તીર્થંકરનો વિરહ પડે અને આંખમાં આંસુ આવે ત્યાં ધર્મીને તીર્થંકરના વિરહને કારણે તે ખેદ થયો નથી, પણ અસ્થિરતાના કારણે રાગ થઈ ગયો છે. પણ પર્યાયબુદ્ધિ નથી. અજ્ઞાની જીવને તો પર્યાયબુદ્ધિ હોવાથી તે અજ્ઞાનથી આકુળવ્યાકુળ થાય છે. તેને સંયોગની ભાવના છે પણ નિત્ય ટકતા સ્વભાવની ભાવના તેને નથી. ધર્મી તો નિત્ય સ્વભાવના ભાનપૂર્વક અનિત્યભાવના વગેરે ભાવનાઓ ભાવે છે. જુઓ ! આ ભાવનાઓ ભવ્યજીવને આનંદની જનની છે. આ વાત જેને લૂખી લાગે તેને વસ્તુ સ્વરૂપનું ભાન નથી. ધર્મીને, આ ભાવનાઓથી પર્યાયમાં ક્ષણે ક્ષણે રાગ તૂટતો જાય છે ને આનંદ વધતો જાય છે.

અનિત્ય ભાવના કેવી રીતે ચિંતવવી તે કહે છે. અનિત્ય ભાવના ભાવનારને નિત્ય વસ્તુની દૃષ્ટિ હોવી જોઈએ. તેથી કહે છે કે 'હું તો દ્રવ્યથી તો શાશ્વત આત્મદ્રવ્ય છું, આ ઉપજે છે – વિણસે છે તે પર્યાયનો સ્વભાવ છે. તેમાં હર્ષ–વિષાદ શો ?' હું કાયમ રહેનારો આત્મા છું, આવા આત્મસ્વભાવના ભાનપૂર્વક તેના અવલંબને જે નિર્દોષ પર્યાય પ્રગટે છે તેનું નામ ધર્મ છે. એ સિવાય બહારની ભક્તિ વગેરેની ક્રિયા કે શુભભાવ તે ધર્મ નથી. અહો ! મારે મારો ચિદાનંદ આત્મા જ ધ્રુવ છે, સંયોગો તો અધ્રુવ છે, ને શુભ-

અશુભ લાગણી થાય તે પણ ક્ષણિક અધ્રુવ છે – આમ ધર્મીને વસ્તુદૃષ્ટિનું ભાન છે, તેથી પર્યાયબુદ્ધિથી તેને હર્ષ-શોક થતા નથી. અલ્પ હર્ષ-શોક થાય તે વખતે પણ ધ્રુવ સ્વભાવની ભાવનાની મુખ્યતા ખસતી નથી.

'શરીર છે તે જીવ અને પુદ્ગલના સંયોગજનિત પર્યાય છે અને ધન ધાન્યાદિક છે તે પુદ્ગલના પરમાણુઓનો સ્કંધપર્યાય છે, એટલે તેને મળવું–વિખરાવું નિયમથી અવશ્ય છે છતાં તેમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે એ જ મોહજનિત ભાવ છે, માટે વસ્તુસ્વરૂપ જાણી તેમાં હર્ષ-વિષાદાદિરૂપ ન થવું.'

નિત્ય ટકતી જ્ઞાયક વસ્તુને જાણ્યા વિના ખરેખર હર્ષ-શોક ટળે નહિ. 'હું શુદ્ધ છું., રાગ પણ મારું સ્વરૂપ નથી.' – એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને આ વૈરાગ્ય ભાવનાઓના શ્રવણ ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતર સ્વભાવ તરફના જ્ઞાન સાથે આવી વૈરાગ્ય ભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધ સ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં આવી વૈરાગ્ય ભાવનાઓ આવે છે.

પર્યાયનો સ્વભાવ અનિત્ય છે. પર્યાયનું પલટવું તે તો વસ્તુનો ધર્મ છે. પર્યાયનું પલટવું તે કાંઈ વિકારનું કારણ નથી. પણ પર્યાયને સ્થિર રાખવાની બુદ્ધિ તે વિકારનું કારણ. જો પર્યાયનું પલટવું તે વિકારનું કારણ હોય તો વિકાર કદી ટળી શકે જ નહિ, કેમકે પર્યાય તો સદાય સિદ્ધને પણ પલટયા જ કરે છે. પર્યાય પલટવા છતાં વસ્તુપણે હું ધ્રુવ છું – એમ ધ્રુવ સ્વભાવનું જેને ભાન નથી તે પર્યાય પલટતાં – 'જાણે હું આખોય પલટી ગયો' એમ માનીને પર્યાયબુદ્ધિથી હર્ષ-શોક કરે છે. માટે પર્યાયબુદ્ધિ તે જ સંસારનું કારણ છે.

સર્વજ્ઞદેવે વસ્તુનો સ્વભાવ નિત્ય–અનિત્યરૂપ કહ્યો છે, તેમાં અનિત્યતા તે કાંઈ વિકારનું કારણ નથી. જો અનિત્યતા તે વિકારનું કારણ હોય તો મિથ્યાત્વ ટળીને શુદ્ધતા કદી થાય નહિ. જુઓ ! આ ભાવના ! ધર્મીને આ ભાવનામાં વીતરાગતા છે, આનંદ છે. આ શાસ્ત્ર બહુ જૂનું છે. અહો ! અડોલ દિગંબર વૃત્તિના ધારણ કરનારા અને ચિદાનંદ આત્મામાં ડોલતા મુનિવરો ! જેઓ છઠ્ઠે સાતમે ગુણસ્થાને આત્માના અમૃતકુંડમાં ઝૂલે છે – તેમનો અવતાર સફળ છે, તેવા સંતો પણ આ વીતરાગી બાર ભાવનાઓ ભાવે છે. છેલ્લે ૪૮૭મી ગાથામાં કહે છે કે :–

જિનવચનની ભાવના અર્થે સ્વામી કુમાર અર્થાત્ સ્વામી કાર્ત્તિકેય નામના મુનિએ આ અનુપ્રેક્ષા રચી છે. મુનિવરો પણ આવી વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે. વસ્તુ સ્વરૂપને લક્ષમાં

રાખીને આ બધી ભાવનાઓ છે. વસ્તુ સ્વરૂપ સમજીને આ ભાવનાઓ વારંવાર ચિંતવવા જેવી છે. પર્યાયો ક્ષણે ક્ષણે પલટી જાય છે, ને દ્રવ્ય સ્વભાવ કાયમ ટકનારો છે – આમ જાણે તો, પર્યાયો પલટતી હોવા છતાં સ્વભાવ સન્મુખ એકાગ્રતા રહ્યાં કરે. પર્યાયમાં ક્ષણિક વિકાર થાય છે તે બીજી ક્ષણે ટળી જાય. માટે તે મારો કાયમી સ્વભાવ નથી. – આમ જાણે તો અલ્પકાળમાં રાગ-દ્વેષ ટળી ગયા વગર રહે નહિ. પર્યાયને ખરેખર અનિત્ય ક્યારે જાણી કહેવાય ? કે પર્યાયનું અવલંબન છોડીને ધ્રુવ એવી વસ્તુનું અવલંબન કરે તો ખરેખર પર્યાયની અનિત્યતાની ભાવના ભાવી કહેવાય. પર્યાયનો સ્વભાવ જ ક્ષણે ક્ષણે પલટવાનો છે – એમ જેણે પર્યાયની અનિત્યતાને જાણી તેને પર્યાય પલટતાં હર્ષ-શોક થતો નથી. પર્યાય પલટતાં જેને પર્યાયબુદ્ધિથી હર્ષ-શોક થાય છે તેને અનંતાનુબંધી રાગ-દ્વેષ છે. શરીરની નીરોગ દશાને કારણે હર્ષ માને ને શરીરમાં રોગ થતાં તેમાં પર્યાયબુદ્ધિથી શોક કરે – તે મિથ્યાદષ્ટિના હર્ષ-શોક અનંત સંસારનું કારણ છે.

આ શરીર તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ પર્યાય છે, તે સંયોગ અનિત્ય છે, ક્ષણમાં પલટી જશે. સંયોગ વખતે જ તેને ક્ષણિક જાણે, તેમાં એકત્વબુદ્ધિ રહે નહિ અને વિયોગમાં પણ એકત્વબુદ્ધિથી શોક ન થાય. વળી ધન, ધાન્ય વગેરે પદાર્થો દેખાય છે તે પણ પુદ્‌ગલની સ્કંધ પર્યાય છે, તેથી તે ક્ષણમાં પલટી જાય છે. મારો આત્મા દ્રવ્યથી નિત્ય છે. તેનો કદી નાશ થતો નથી, તેમ જ મૂળ પુદ્‌ગલ દ્રવ્યનો પણ નાશ થતો નથી. વસ્તુ કાયમ ટકીને પર્યાય પલટે છે. પર્યાય પલટતાં કાંઈ ધ્રુવ વસ્તુનો નાશ થઈ જતો નથી. માટે જેને ધ્રુવ વસ્તુનું ભાન છે તેને પર્યાય પલટતાં પર્યાયબુદ્ધિથી રાગ-દ્વેષ થતા નથી, પણ ધ્રુવ વસ્તુની ભાવનામાં ક્ષણે ક્ષણે વીતરાગતા જ વધતી જાય છે. ખરી અનિત્ય ભાવના સમકિતીને જ હોય છે. સર્વજ્ઞને તો રાગ-દ્વેષ થતા જ નથી. ધર્મી–સાધકને રાગ-દ્વેષ થાય છે, પણ પર્યાયને દેખીને તે રાગ-દ્વેષ થતા નથી – દૃષ્ટિમાં દોષ નથી, પણ અસ્થિરતાથી રાગ-દ્વેષ થાય, તે ઘણા અલ્પ છે. તે અજ્ઞાની તો પર્યાયની ભાવનાથી રાગ-દ્વેષ કરે છે. એટલે તેના રાગ-દ્વેષ અનંત સંસારનું કારણ છે.

જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં મોટો – ઉગમણો – આથમણો આંતરો છે, તે અજ્ઞાનીને સમજવો કઠણ પડે છે. લડાઈ વખતે ધર્મીને દુશ્મનના કારણે દ્વેષ થતો નથી. તેને ભાન છે કે મને આ પરને કારણે દ્વેષ થતો નથી, મારી નબળાઈને કારણે દ્વેષ આવી જાય છે, એટલે દ્વેષને ટાળવાનું પણ પોતાના હાથમાં રહ્યું. અને અજ્ઞાનીને તો એવી માન્યતા છે કે

દુશ્મનને દેખીને મને દ્વેષ થયો એટલે તેણે પરની પર્યાયના કારણે દ્વેષ માન્યો, તે મિથ્યાત્વ સહિતનો અનંતો દ્વેષ છે.

ધર્મીના દ્વેષમાં અને અજ્ઞાનીના દ્વેષમાં અનંતગણો ફેર છે. ધર્મી અને અધર્મી બંને એક સાથે બેસીને દૂધપાક ખાતા હોય – ત્યાં અજ્ઞાનીને તે દૂધપાકની પર્યાયને કારણે રાગ થાય છે – ને ધર્મીને રાગ થાય ત્યાં તે પોતાની અસ્થિરતાથી થાય છે એમ તે જાણે છે. અજ્ઞાની જીવ ખાતાં ખાતાં કદાચ વૈરાગ્યને ચિંતવતો હોય કે 'અહો ! આ દેહ તો અનિત્ય છે' – પણ અંદરમાં નિત્ય ચિદાનંદ વસ્તુના ભાન વગર તેની અનિત્ય ભાવના યથાર્થ હોતી નથી. ધર્મીને નિત્ય વસ્તુના ભાનપૂર્વક ખરી અનિત્ય ભાવના હોય છે.

બે રેલગાડી નજીક નજીક ઉભી હોય. એકનું મોંઢુ ઉત્તર તરફ હોય, ને બીજીનું દક્ષિણ તરફ હોય – તો તેમની ગતિમાં કેટલો આંતરો છે ? તેમ ધર્મી અને અધર્મી બંનેને રાગ થતો દેખાય – પણ અંતરમાં ધર્મીની દૃષ્ટિ નિત્ય સ્વભાવ ઉપર પડી છે, ને અજ્ઞાનીની દૃષ્ટિ એકલી પર્યાય ઉપર જ પડી છે – તેથી બંનેની ગતિમાં એટલે કે અંદરના પરિણમનમાં અનંતો ફેર છે. આ વાત સમજવા જેવી છે.

જો પર્યાયના કારણે રાગ-દ્વેષ થવાનું માને તો તો પર્યાય ત્રણે કાળ થયા કરશે તેથી તેના અભિપ્રાયમાં પણ અનંત રાગ-દ્વેષ કરવાનું આવ્યું. તેથી પર્યાયબુદ્ધિવાળાને રાગ-દ્વેષ કદી મટશે નહિ. ને ધર્મી તો જાણે છે કે મારા અંતર સ્વભાવમાં રાગ-દ્વેષ નથી, ને પદાર્થોની પર્યાયનો અનિત્ય સ્વભાવ છે તેને કારણે પણ મને રાગ-દ્વેષ થતાં નથી. સ્વભાવમાં એકાગ્રતા રહેતી નથી, તેથી રાગ-દ્વેષ થાય છે, તે મારા સ્વભાવમાં એકાગ્રતા કરતાં ટળી જશે. આમ ધર્મીને ધ્રુવ સ્વભાવની ભાવનાપૂર્વક અનિત્ય ભાવના હોય છે.

હું કાયમ રહેનાર નિત્ય ચૈતન્ય છું – એમ પોતાના સ્વભાવની ભાવના ન કરતાં, અજ્ઞાની જીવ પર્યાયને સ્થિર રાખવાની ભાવના કરે છે. પર્યાય એક સમય રહેનાર અનિત્ય છે, તેને ટકાવી રાખવાની ભાવના તે મિથ્યાત્વ છે. રુચિ ક્યાં પડી છે ? – નિત્ય વસ્તુના આશ્રયમાં રુચિ પડી છે કે ક્ષણિક પર્યાય ઉપર રુચિ પડી છે ? – તેના ઉપર આધાર છે. પર્યાયો તો નિયમથી પલટયા જ કરશે – તો તારે શું કરવું છે ? જ્ઞાતાપણે જાણવું છે ? કે ફેરફાર કરવાનું માનવું છે ? જો પર્યાયને સ્થિર ટકાવી રાખવાની ભાવના કરીશ તો પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ થશે. તું તારા નિત્ય સ્વભાવના આશ્રયે પલટતી પર્યાયનો જાણનાર રહે, તો હર્ષ-શોક ન થાય. વસ્તુસ્વરૂપ જેવું છે તેવું યથાર્થ જાણ્યા વિના અંદરમાં શાંતિ

થાય નહિ જ. માટે 'હું જ્ઞાતા છું, વસ્તુપણે ધ્રુવ છું, ને પર્યાયપણે બધા પદાર્થો ક્ષણિક છે' – એમ વસ્તુસ્વરૂપ જાણીને પર્યાય ઉપજતાં – વિણસતાં હર્ષ–વિષાદ ન કરવો. ક્ષણ–ક્ષણમાં પર્યાય પલટતાં અજ્ઞાનીને એકત્વબુદ્ધિથી હર્ષ–શોક થાય છે, તે પરમાં જ એકાકાર થઈ ગયો છે. ધર્મી તો અંતરમાં ધ્રુવ સ્વભાવના આશ્રયે જાણે છે કે અહો ! પદાર્થોની પર્યાયનો સ્વભાવ જ ક્ષણે–ક્ષણે પલટવાનો છે, ને મારો સ્વભાવ જાણવાનો છે. આવા ભાનપૂર્વકની અનિત્ય ભાવના તેને હોય છે, તેમાં તેને વીતરાગતા વધતી જાય છે.

## વૈશાખ સુદ – ૧૦ , રવિવાર

અધ્રુવ ભાવનાનું વર્ણન ચાલે છે. તેમાં શરીરાદિનું અનિત્યપણું બતાવે છે :–

**આગળ તેને જ વિશેષતાથી કહે છે :–**

जन्म मरणेन समं सम्पद्यते यौवनं जरासहितम्।
लक्ष्मीः विनाशसहिता इति सर्वं भंगुरं जानीत ।।५।।

**અર્થ :– હે ભવ્ય ! આ જન્મ છે તે તો મરણસહિત છે, યૌવન છે તે વૃદ્ધાવસ્થાસહિત ઉપજે છે અને લક્ષ્મી છે તે વિનાશસહિત ઉપજે છે, એ પ્રમાણે સર્વ વસ્તુને ક્ષણભંગુરજ જાણ !**

**ભાવાર્થ :– જેટલી અવસ્થાઓ જગતમાં છે તેટલી બધીય પ્રતિપક્ષભાવ સહિત છે છતાં આ જીવ, જન્મ થાય ત્યારે તેને સ્થિર જાણી હર્ષ કરે છે અને મરણ થાય ત્યારે તેને ગયો માની શોક કરે છે. એ પ્રમાણે ઇષ્ટની પ્રાપ્તિમાં હર્ષ, અપ્રાપ્તિમાં વિષાદ તથા અનિષ્ટની**

**પ્રાપ્તિમાં વિષાદ અને અપ્રાપ્તિમાં હર્ષ કરે છે, એ સર્વ મોહનું માહાત્મ્ય છે પણ જ્ઞાનીએ તો સમભાવરૂપ રહેવું.**

અર્થ :– હે ભવ્ય ! ભાવના તો જ્ઞાનાનંદ નિત્ય સ્વભાવની કરવાની છે; અનિત્ય ભાવનાનો અર્થ એમ નથી કે પોતાને અનિત્યપણે ભાવવો. 'હું તો નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવ છું' એવી ભાવના પૂર્વક પર પ્રત્યે વૈરાગ્ય હોય છે એટલે આ શરીરાદિ અનિત્ય છે – એમ અનિત્ય ભાવના ભાવે છે. તેથી ધર્મીને પર પ્રત્યે એકત્વબુદ્ધિથી હર્ષ-શોક થતા નથી.

જેટલી અવસ્થાઓ જગતમાં ઉપજે છે તે બધી પ્રતિપક્ષ સહિત છે. એટલે જેનો જન્મ થયો તેનો નાશ થાય જ છે. જેનો સંયોગ થયો તેનો વિયોગ થઈ જાય છે. આમ જાણે તો સંયોગ-વિયોગને કારણે હર્ષ-શોક થાય નહિ. બાળકનો જન્મ થયો ત્યારથી જ મરણને ભેગું લાવ્યો છે.

સ્વર્ગનો જન્મ થતાં હું ઉપજ્યો એમ માનીને પર્યાયબુદ્ધિથી હર્ષ કરે તે મિથ્યાદૃષ્ટિનો હર્ષ છે. દેહનો વિયોગ થાય ત્યાં પણ જ્ઞાનીને નિત્ય સ્વભાવની જ ભાવના હોવાથી પર્યાયબુદ્ધિનો શોક તેને થતો નથી.

સમ્યગ્દૃષ્ટિને તો અખંડ દ્રવ્યની જ રુચિ અને ભાવના છે. નિત્ય સ્વરૂપના આશ્રયપૂર્વક તે એવી અનિત્ય ભાવના ભાવે છે કે આ જન્મ તો ક્ષણિક છે. જન્મ થયો તે મરણ સહિત છે અને પર્યાયમાં ક્ષણિક રાગ-દ્વેષ થાય છે તે મારું નિત્ય સ્વરૂપ નથી પણ ક્ષણિક છે, તે રાગ-દ્વેષ પરને કારણે પણ થયા નથી ને મારા સ્વભાવથી પણ થયા નથી. તે ક્ષણિક પર્યાય છે. આમ જાણતો ધર્મી તે વિકારની ભાવના કરતો નથી.

જન્મ થાય ત્યાં તેને જ સ્થિર જાણીને અજ્ઞાની હર્ષ કરે છે. સ્થિર તો પોતાનું આત્મદ્રવ્ય છે – તેનું જેને ભાન નથી એવો અજ્ઞાની જીવ પર્યાયમાં જ સ્થિરતાની બુદ્ધિ કરીને રાગ કરે છે. પુત્રનો જન્મ થાય ત્યાં જ્ઞાની તે પુત્રના જન્મના કારણે રાગ માનતા નથી. રાગ થવો તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. ધર્મી તેનો જાણનાર રહે છે. રાગ વખતે રાગના અભાવરૂપ જ્ઞાનનું પરિણમન છે, એટલે કે રાગ સાથે એકત્વબુદ્ધિથી ધર્મીને રાગ થતો નથી. 'અહો ! આ દેહનો સંયોગ અનિત્ય છે !' – એમ ધર્મી ચિંતવે છે, તેમાં વિકલ્પની મુખ્યતા નથી, કેમ કે પર્યાયબુદ્ધિથી રાગ થતો નથી. જેને પર્યાયબુદ્ધિ છે તે પર્યાયને નિત્ય રાખવા

માગે છે – તે મિથ્યાબુદ્ધિ છે. ધર્મી જીવ તો નિત્ય સ્વભાવની દૃષ્ટિ સાથે રાખીને પર્યાયોને અનિત્યપણે ભાવે છે, એટલે નિત્ય સ્વભાવની ભાવનાથી ક્ષણે–ક્ષણે વીતરાગતા વધતી જાય છે – આનું નામ ખરી ભાવના છે. ધર્મીને જ્ઞાન સ્વભાવને જાણ્યે છે – તેની જ મુખ્ય ભાવના છે.

જુઓ ભાઈ ! ધર્મીને પર સંયોગની તો ભાવના નથી અને ખરેખર જ્ઞાની પરને દેખતો નથી, પણ જ્ઞાનના સ્વપરપ્રકાશક પરિણમનમાં પરજ્ઞેયોનું જ્ઞાન થઈ જાય છે. પણ ધર્મીની દૃષ્ટિમાં તો અખંડ જ્ઞાન સ્વભાવની જ મુખ્યતા છે. પહેલાની પર્યાયને પણ તે મુખ્યપણે જોતો નથી.

આત્માને કેવળજ્ઞાન થતાં તેમાં લોકાલોક એક સાથે જણાય છે, ને સદાય તે જ્ઞાનમાં લોકાલોક જણાયા જ કરે છે. એટલે ત્યાં જ્ઞેયજ્ઞાયકનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહ્યાં કરે છે. અહીં કેવળજ્ઞાનની એકરૂપ ધારા છે, એને જ્ઞેયપણે લોકાલોક સદાય રહ્યા કરે છે. પણ છદ્મસ્થને જ્ઞાનપર્યાય જ્ઞેય ક્ષણે–ક્ષણે બીજા–બીજા જ્ઞેયને જાણવારૂપે પલટી જાય છે. નવી નવી પર્યાય પલટે છે. તે પર્યાય તે તે કાળના જ્ઞાનને અને તે તે કાળના જ્ઞેયને જાણે છે. એટલે તે જ્ઞાન અને જ્ઞેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહેતો નથી. સ્વભાવના આશ્રયે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે તે સદા એવું ને એવું ટકી રહે છે. નીચલી દશામાં જ્ઞાન પર્યાય પ્રગટી તે પણ પોતાથી જ છે. તે જ્ઞાન જ્ઞેયને લીધે નથી, ને રાગને લીધે પણ નથી. મારું જ્ઞાન મારે લઈને અને પરની પર્યાય પરને લઈને – એવું ભાન હોવાથી ધર્મીને પર્યાયના ફેરફારે હર્ષ-શોક થતાં નથી. પણ સ્વભાવની ભાવના કરતાં એકાગ્રતા અને સંવર વધતા જાય છે. અજ્ઞાનીને પર સંયોગને લીધે હર્ષ-શોકની માન્યતાને લીધે આસ્રવ વધતો જાય છે.

જન્મ થતાં તેને સ્થિર માનીને અજ્ઞાની હર્ષ કરે છે, પણ અનિત્યતાને તે જાણતો નથી અને મરણ થતાં તેનો સર્વથા નાશ માનીને અજ્ઞાની શોક કરે છે. પણ ભાઈ ! પર્યાય પલટવાનો તો જગતનો સ્વભાવ છે. કાંઈ જગતમાંથી જીવ કે અજીવ વસ્તુનો નાશ થઈ જતો નથી. વસ્તુ કાંઈ ઉપજતી કે નાશ પામતી નથી. પણ તેની પર્યાય ઉપજે છે ને પર્યાય નાશ પામે છે. તે પર્યાયની ઉત્પત્તિ અને વિનાશ દેખીને અજ્ઞાની વસ્તુની જ ઉત્પત્તિ કે વિનાશ માનીને હર્ષ-શોક કરે છે પણ પર્યાયના અનિત્ય સ્વભાવને જાણતો નથી. તેથી તેને મિથ્યાત્વ સહિતનો હર્ષ-શોક છે.

ઇષ્ટ પદાર્થનો સંયોગ થવો કે વિયોગ થવો, તથા અનિષ્ટ પદાર્થનો સંયોગ થવો કે વિયોગ થવો – તે તો પર પદાર્થની પર્યાયનો ધર્મ છે. આ જીવને કારણે તેનો સંયોગ-વિયોગ થતો નથી. ધર્મી તો જાણે છે કે પર ચીજનો સંયોગ કે વિયોગ તે મારે આધીન નથી. ને તે પર ચીજના સંયોગ-વિયોગને કારણે મને હર્ષ-શોક થતો નથી. સંયોગ કે વિયોગ તે બંને ક્ષણિક પર્યાયનો ધર્મ છે. હું તો અસંયોગી ચૈતન્ય તત્ત્વ છું – એમ નિત્ય સ્વભાવની ભાવનાપૂર્વક ધર્મી જીવ સંયોગોની અનિત્યતાની ભાવના ભાવે છે.

અજ્ઞાનીને ધ્રુવ જ્ઞાન સ્વભાવની ભાવના નથી એટલે ક્ષણિક સંયોગ-વિયોગમાં જ તે હર્ષ-શોક કરે છે. જગતના પદાર્થો તો તેના પર્યાયધર્મ પ્રમાણે બદલાયા જ કરે છે. ત્યાં 'આ સંયોગ મને ઇષ્ટ અને આ સંયોગ મને અનિષ્ટ' એમ માનીને તેની પર્યાયમાં અજ્ઞાની હર્ષ-શોક કરે છે.

બંદૂકની ગોળી આવે ત્યાં 'હાય ! હાય !' કરીને અજ્ઞાનીને શોક થાય છે, ને ગોળીમાંથી બચી જાય ત્યાં હાશ કરીને હર્ષ કરે છે; સંયોગ-વિયોગમાં જ તેણે સર્વસ્વ માની લીધું છે. પણ મારા ધ્રુવ ચૈતન્ય સ્વભાવમાં પરનો સંયોગ-વિયોગ છે જ નહિ. એવું તેને ભાન નથી એટલે તેને સંયોગમાં એકત્વબુદ્ધિથી રાગ-દ્વેષ થાય છે, માટે નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવને જાણીને, સંયોગ-વિયોગ તે અનિત્ય છે. એમ ભાવના ભાવીને સમતારૂપ રહેવું.

ગાથ-૬

હવે દાખલો આપીને અનિત્યતા સમજાવે છે :–

**अस्थिरं परिजनस्वजनः पुत्रः कलत्रं सुमित्रं लावण्यम्।**
**गृहगोधनादि सर्वं नवधनवृन्देन सदृशं।।६।।**

**અર્થ :– જેમ નવીન મેઘનાં વાદળ તત્કાલ ઉદય પામીને વિલય પામી જાય છે તેવી જ રીતે આ સંસારમાં પરિવાર, બંધુવર્ગ, પુત્ર, સ્ત્રી, ભલા મિત્રો, શરીરની સુંદરતા, ઘર અને ગોધન આદિ સમસ્ત વસ્તુઓ અસ્થિર છે.**

**ભાવાર્થ :– એ સર્વ વસ્તુને અસ્થિર જાણી તેમાં હર્ષ-વિષાદ ન કરવો.**

અર્થ :– વાદળાં આવે તે વિખરાઈ જાય તેમ જગતમાં સ્ત્રી-પુત્ર વગેરેનો સંયોગ આવે તે ક્ષણમાં ચાલ્યો જાય છે. ખરેખર તો એક એક સમયમાં સામા સ્ત્રી-પુત્રાદિની પર્યાયો પલટી જાય છે. જ્ઞાની તો તેમની પર્યાયને એકેક સમયમાં પલટતી જાણે છે – તેથી તેને તેમાં સુખબુદ્ધિ થતી નથી. જે કાંઈ સ્ત્રી-પુત્રાદિનો પરિવાર છે તે એકેક સમયમાં પલટી રહ્યો છે. પુત્રનો જન્મ તે જ સમયથી દરેક સમયે તે મરણની સન્મુખ થતો જાય છે. માતા કહે 'દીકરો મોટો થાય છે' તો જ્ઞાની કહે છે કે સમયે સમયે તેનું આયુષ્ય ઓછું થતું જાય છે. એટલે કે તે મરણની સન્મુખ થતો જાય છે. '૫૦ વર્ષનું આયુષ્ય' એમ કહેવાય તે તો સ્થૂળ ઋજુસૂત્રનયનું કથન છે. પણ તે સ્થૂળ ઋજુસૂત્રનય ક્યારે કહેવાય ? કે તે જ વખતે સૂક્ષ્મ ઋજુસૂત્રનું પણ ભાન હોય કે સમયે સમયે તેની પર્યાયનો વિનાશ થઈ રહ્યો છે.

અજ્ઞાનીને યથાર્થ અનિત્ય ભાવના હોતી નથી. તે તો પર્યાયને ટકાવી રાખવા માગે છે. ખરેખર પદાર્થના પર્યાય ધર્મને જુએ તો તેનો આશ્રય છોડીને ધ્રુવ સ્વદ્રવ્ય તરફ વળ્યા વિના રહે નહિ. અનુકૂળ પુત્ર-મિત્ર વગેરે પરિવારને દેખતાં તે ક્ષણિક પર્યાયને જ સ્થિર માને છે. તે જીવે પર્યાયને જ સર્વસ્વ માનીને અખંડ દ્રવ્યને ઉડાડી દીધું ! અત્યારે સુંદર દેહ હોય ને ભવિષ્યમાં ગંધાતું કૂતરા થવાનું હોય. ત્યાં અજ્ઞાની તો વર્તમાન સુંદર દેહને દેખીને તેને જ કાયમી માનીને રાગ કરે છે. પણ અહીં તો કહે છે કે પર્યાયને અનિત્ય જાણીને તું તારા ધ્રુવ જ્ઞાનાનંદ સ્વભાવની ભાવના કર. ધ્રુવ સ્વભાવની દૃષ્ટિપૂર્વક આવી અનિત્ય વગેરે ભાવના ભાવતાં ધર્મીની પર્યાયમાં ક્ષણે–ક્ષણે આનંદ વધતો જાય છે. માટે આ ભાવનાઓને 'ભવ્યજન આનંદ જનની' કહી છે.

પદાર્થ આવે તે તેના પર્યાય ધર્મથી આવે છે, ત્યાં મારા કારણે તે પદાર્થ આવ્યો, એમ માનીને મૂઢ જીવ રાગ કરે છે. પણ પદાર્થો તો તેના પર્યાયધર્મથી આવે છે. તેના પર્યાય ધર્મને ફેરવવાનું માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુમાં 'દ્રવ્યધર્મ' ને 'પર્યાય ધર્મ' એમ બંને પ્રકારના ધર્મ છે. પર્યાય ધર્મથી સમયે સમયે પલટે છે, ને દ્રવ્યધર્મથી વસ્તુ ત્રિકાળ શાશ્વત્ છે. પદાર્થોનો પર્યાય સ્વભાવ જ ક્ષણે–ક્ષણે પલટવાનો છે. હું તેને મેળવું કે દૂર કરું – એમ માને તો તેણે પર્યાયને અનિત્ય જાણી નથી. એટલે કે વસ્તુના પર્યાયધર્મને જાણ્યો નથી. અહો ! પદાર્થની પર્યાય ક્ષણે-ક્ષણે પલટયા કરે – એવો તેનો સ્વભાવ જ છે. તેમાં હર્ષ-શોક શો ? દ્રવ્યપણે વસ્તુ ધ્રુવ છે. આમ જાણીને નિત્ય વસ્તુની ભાવના કરીને

પર્યાય ધર્મને જેમ થાય તેમ જાણવો – એમાં એકલી વીતરાગતા જ થાય છે. આ તો જેને વીતરાગતા જોઈતી હોય તેને માટેની વાત છે, પદાર્થોને પર્યાયથી અનિત્ય જાણ્યા ત્યાં પર્યાયના કારણે હર્ષ-શોક માનીને જે હર્ષ-શોક થતાં તે હર્ષ-શોક છૂટી ગયા, ને સ્વભાવ તરફ વળ્યો, સ્વભાવના કારણે હર્ષ-શોક થતા નથી, એટલે એકલું જ્ઞાતાપણું ને વીતરાગ ભાવ જ થાય છે. પુત્ર, ઘર, લક્ષ્મી વગેરે પર્યાયોને દેખતાં અજ્ઞાની એમ માને છે કે 'મને આ મળ્યું' – એમ તેને સ્થિર કલ્પીને તેમાં મોહથી રાગ કરે છે. પણ એ તો બધું અસ્થિર છે, ને નિત્ય તો ધ્રુવ દ્રવ્ય છે. ધ્રુવ દ્રવ્ય ને અધ્રુવ પર્યાય – એ બંનેના મેળ વિના પરવસ્તુની પર્યાયમાંથી હર્ષ-શોકની બુદ્ધિ ટળે નહિ. જગતના બધા પદાર્થોની પર્યાય તેના સ્વભાવથી જ અસ્થિર છે. દ્રવ્ય કદી પોતાની પર્યાય વગરનું હોય નહિ ને પર્યાય કદી સ્થિર રહે નહિ. આવું જેને ભાન છે એવા ધર્મીને જ યથાર્થ અનિત્યભાવના હોય છે.

# પ્રસાદ નં. – ૧૯૫

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૩, વર્ષ ૨જું. પુસ્તક સાતમું,**
**સોનગઢ, તા. ૧૨-૫-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ સુદ ૧૧, સોમવાર, ૫-૫-૫૨ સવારે)**

બાર ભાવનામાં આ પહેલી અનિત્ય ભાવનાનું વર્ણન છે. આ અનિત્ય ભાવના કોને હોય ? જેને નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ અને દૃષ્ટિ થઈ હોય તેવા જીવને જ આ અનિત્ય ભાવના યથાર્થ હોય છે. આવો સિદ્ધાંત છે. તેને આ ભાવનાથી શુદ્ધતાની વૃદ્ધિ થાય છે.

આ ભાવના તો શુદ્ધતાની વૃદ્ધિ અર્થે છે. તેથી આ ભાવનાને આનંદ જનની કહી છે. તીર્થંકર ભગવંતો પુરુષાર્થ પૂર્વક આ વૈરાગ્ય ભાવના ભાવે છે.

સ્ત્રી-પુત્રાદિ સર્વે પદાર્થોનો સંયોગ ક્ષણિક છે. એટલે કે મારો અસંયોગી સ્વભાવ ધ્રુવ છે – એમ સ્વભાવના ભાનપૂર્વક, ક્ષણિક સંયોગ-વિયોગને અસ્થિર જાણીને તેમાં હર્ષ-શોક ન કરવો. ધ્રુવ આત્માનો આશ્રય કરતાં અસ્થિર સંયોગોમાં હર્ષ-શોકનો અભાવ થઈ જાય છે. ક્રમબદ્ધ પર્યાયની પ્રતીત થતાં વસ્તુ સ્વભાવની રુચિ થઈને, રાગ મંદ પડતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. એટલે ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતમાં પણ આવી ભાવનાઓ આવી જ જાય છે.

ગાથા–૭

**હવે ઇન્દ્રિય વિષયોની ક્ષણિકતા બતાવે છે :–**

**सुरधनुस्तडिद्वच्चपला इन्द्रियविषयाः सुभृत्यवर्गाः च।**
**दृष्टप्रणष्टाः सर्वे तुरंगगजरथवरादयः ।।७।।**

**અર્થ :– આ જગતમાં ઇન્દ્રિયોના વિષયો છે તે ઇંદ્રધનુષ અને વીજળીના ચમકાર જેવા ચંચલ છે, પ્રથમ દેખાય પછી તુરત જ વિલય પામી જાય છે, વળી તેવી જ રીતે ભલાચાકરોનો સમુહ અને સારા ઘોડા-હાથી-રથ છે તે સર્વ વસ્તુ પણ એ જ પ્રમાણે છે.**

**ભાવાર્થ :– આ જીવ, સારા સારા ઇન્દ્રિયવિષયો અને ઉત્તમ નોકર, ઘોડા, હાથી અને રથાદિકની પ્રાપ્તિથી સુખ માને છે પરંતુ એ સર્વ ક્ષણભંગુર છે. માટે અવિનાશી સુખનો ઉપાય કરવો જ યોગ્ય છે.**

અર્થ :– અતીન્દ્રિય ચિદાનંદ સ્વભાવ છે, તેનાથી ભિન્ન બાહ્યમાં જે ઇન્દ્રિય વિષયો દેખાય છે તે તો ઇન્દ્રધનુષ જેવા ક્ષણિક છે. જેમ ઇન્દ્રધનુષ (કાચબી) ક્ષણમાં દેખાયને વિલય પામી જાય છે, તેમ ઇન્દ્રિયના વિષયો પણ ક્ષણભંગુર છે. આમ જાણીને ધર્મી જીવને તે વિષયોમાં રુચિથી રાગ-દ્વેષ થતા નથી. પણ ચૈતન્યની ધ્રુવતાના અવલંબને નિર્વિકારતા થતી જાય છે.

ઇન્દ્રિય વિષયોના ગ્રહણ કાળે અજ્ઞાનીને તેની જ મુખ્યતા ભાસે છે, પણ તેની ક્ષણિકતાને તે દેખતો નથી, એટલે તેને તો ત્યાં જ એકાકાર બુદ્ધિથી રાગ-દ્વેષ થાય છે. ધર્મીને બહારમાં ઇન્દ્રિય વિષયોના ગ્રહણના કાળે પણ અંદરમાં ધ્રુવ ચિદાનંદ સ્વભાવની રુચિ પડી છે એટલે તેને સંયોગની બુદ્ધિથી રાગ-દ્વેષ થતા નથી. પણ ધ્રુવ સ્વભાવની ભાવનાથી ક્ષણે–ક્ષણે વીતરાગતા અને શુદ્ધતા વધતી જાય છે – આવું આ ભાવનાનું ફળ છે.

હાથી-ઘોડા-રથ વગેરે બધા પદાર્થો વીજળીના ઝબકારા જેવા ક્ષણભંગુર છે. એકવાર બે ઉંચા ઘોડા દીક્ષાના વરઘોડા માટે આવેલા પણ ક્ષણમાં આગ લાગતાં તે બંને ઘોડા ઊભા ઊભા સળગી ગયા ! જુઓ ! આ ક્ષણભંગુરતા ! ધર્મી જીવ આવી ક્ષણભંગુરતા દેખીને

અનિત્ય સંયોગની ભાવના છોડતો, ને ધ્રુવ ચિદાનંદ સ્વભાવની ભાવના કરતો અનિત્ય ભાવના ભાવે છે.

મોટા બંગલા દેખાતા હોય ને ક્ષણમાં ફૂ થઈ જાય, લીલુંછમ ઝાડ હોય ને ક્ષણમાં ઠુંઠું થઈ જાય, પણ અજ્ઞાનીને સંયોગની ક્ષણિકતા ભાસતી નથી. તેથી તે સંયોગની ભાવના છોડીને સ્વભાવની ભાવના ભાવતો નથી. અહો ! જે ક્ષણે જે સંયોગ કે જે વિયોગ થવાનો તેને કોણ ફેરવે ? આગળ ૩૨૧, ૩૨૨મી ગાથામાં ધર્મી વસ્તુ સ્વભાવની કેવી ભાવના કરે છે તે કહે છે :–

જે જીવને જે દેશમાં જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞ દેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર – તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.

(આ ગાથાના વિસ્તાર વિવેચન માટે જુઓ વસ્તુ-વિજ્ઞાનસાર)

અહો ! દિગંબર સંતોનો કોઈ પણ ગ્રંથ લ્યો બધામાં એકાકાર વાત લીધી છે કે તું તારા ચિદાનંદ જ્ઞાયક તરફનો પુરુષાર્થ કર. પરને ફેરવવાની બુદ્ધિ મિથ્યા છે.

સર્વજ્ઞના જ્ઞાનનો નિર્ણય કરતાં આત્માના જ્ઞાયક સ્વભાવનો નિર્ણય કર. જે જીવ આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે તેથી ૩૨૩મી ગાથામાં કહે છે કે :–

એ પ્રમાણે નિશ્ચયથી સર્વ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ છ દ્રવ્યોને તથા તે દ્રવ્યોની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે – શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થાય છે તથા જે એ પ્રમાણે શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા – સંદેહ કરે છે તે સર્વજ્ઞના – આગમથી પ્રતિકૂળ છે – પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

અનિત્ય ભાવનામાં પણ આ બધી વાત ભેગી રાખીને વાત છે. જુઓને ! ક્ષણમાં જુવાન માણસો ચાલ્યા જાય છે. બોટાદમાં આગ લાગી, તે જોવા જતાં એક માણસ મરી ગયો. આગમાં મોટા સર્પો અને ચકલાં બળી ગયાં. જે ક્ષણે જે થવાનું તેને કોણ ફેરવે ? એનો અર્થ એમ છે કે, હે જીવ ! તું નિર્ણય કર કે હું તો જ્ઞાન છું, જાણનાર છું. જાણનાર

શું કરે ? જેમ હોય તેમ જાણે, પણ કાંઈ ફેરફાર કરે નહિ. આવા જ્ઞાન સ્વભાવમાં શંકા કરે તે મિથ્યાદષ્ટિ છે. પરમાં ફેરફાર કરવાનું માને તે પણ મિથ્યાદષ્ટિ છે. બહારમાં ફેરફાર કરવામાં કાંઈ પુરુષાર્થ કામ આવતો નથી. પોતે જ્ઞાનમાં સમાધાન રાખીને જાણનાર રહે ને રાગ-દ્વેષ ન થાય એ જ પુરુષાર્થ છે. જ્ઞાનમાં નિઃશંક થઈને જ્ઞાનપણે રહ્યો ને વિકારપણે ન થયો તેનું નામ પુરુષાર્થ છે. જ્ઞાન સ્વભાવ નિત્ય છે. તેને ઓળખીને તેની ભાવના કરવી અને ક્ષણિક સંયોગની ભાવના છોડવી – એનું નામ અનિત્યભાવના છે.

આ જીવ, સારા સારા ઇન્દ્રિય વિષયો અને ઉત્તમ નોકર, ઘોડા, હાથી અને રથાદિકની પ્રાપ્તિથી સુખ માને છે પરંતુ એ સર્વ ક્ષણભંગુર છે. માટે અવિનાશી સુખનો ઉપાય કરવો જ યોગ્ય છે.

અંતરંગ ચિદાનંદ તત્ત્વમાં જ મારી શાંતિ છે. એ સિવાય સંકલ્પ-વિકલ્પમાં શાંતિ નથી ને બહારના સંયોગમાં પણ શાંતિ નથી. પોતાના ક્ષણિક શુભાશુભ પરિણામમાં પણ પોતાની શાંતિ નથી. તો તે શુભાશુભ પરિણામના બાહ્ય વિષયમાં તો સુખ કેમ હોય ? બહારના પદાર્થનો વિષય કરનારા તો પોતાના શુભાશુભ પરિણામ છે. તે પરિણામમાં પણ સુખ નથી, ને બહારના વિષયમાં પણ સુખ નથી. સુખ તો અવિનાશી જ્ઞાન સ્વભાવની ભાવનામાં જ છે. માટે ક્ષણભંગુર સંયોગો અને તેના લક્ષે થતા શુભાશુભ પરિણામની ભાવના છોડીને ધ્રુવ ચિદાનંદની જ ભાવના કરવી તે અવિનાશી સુખનો ઉપાય છે.

પોતામાં જે ક્ષણિક સંકલ્પ-વિકલ્પ થાય છે તે પણ વિભાવ છે અને તેના બાહ્ય વિષયરૂપ જે પદાર્થો દેખાય છે તે પણ વિભાવ પર્યાય છે. કેરીનો રસ ખાવાના પરિણામ થાય, ત્યાં તે રસમાં તો સુખ નથી, ને રસ ખાવાના જે અશુભ પરિણામ છે તેમાં પણ સુખ નથી. પર્યાયબુદ્ધિવાળો જીવ સ્વભાવ તરફ વળતો નથી એટલે તેને બાહ્ય વિષયોમાં સુખ ભાસે છે, તેથી તેને સંયોગની ભાવના છે. ધર્મી તો જાણે છે કે મારું સુખ બહારના વિષયોમાં નથી. ને પર્યાયના શુભાશુભ ભાવમાં પણ મારું સુખ નથી. મારું સુખ તો ધ્રુવ આત્મામાં છે. તેથી તે જીવને અવિનાશી – સ્વભાવની ભાવના છૂટતી નથી. દ્રવ્ય તરફ વળવું તે જ મોક્ષમાર્ગ છે. તે જ અવિનાશી સુખનો ઉપાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે સ્વદ્રવ્ય તરફના વલણથી થાય છે ને તે જ અવિનાશી સુખનો માર્ગ છે. માટે ધ્રુવ સ્વભાવને જાણીને તેની ભાવના કરવી, ને સંયોગને અધ્રુવ જાણીને તેની ભાવના છોડવી.

વળી બીજો દાખલો આપીને બંધુજનો વગેરેના સંયોગની અધ્રુવતા બતાવે છે :–

ગાથા-૮

## બંધુજનોના સંયોગની અસ્થિરતા

**હવે આગળ બંધુજનોનો સંયોગ કેવો છે તે દૃષ્ટાંતપૂર્વક કહે છે :–**

**पथि पथिकजनानां यथा संयोगो भवति क्षणमात्रम्।**
**बन्धुजनानां च तथा संयोगः अध्रुवः भवति।।८।।**

**અર્થ :– જેમ પંથમાં પથિકજનોનો સંયોગ ક્ષણમાત્ર છે તેજ પ્રમાણે સંસારમાં બંધુજનોનો સંયોગ પણ અસ્થિર છે.**

**ભાવાર્થ :– આ જીવ, બહોળું કુટુંબ-પરિવાર પામતાં અભિમાનથી તેમાં સુખ માને છે અને એ મદ વડે પોતાના સ્વરૂપને ભૂલે છે, પણ એ બંધુવર્ગાદિનો સંયોગ માર્ગના પંથિજન જેવો જ છે, થોડાજ સમયમાં વિખરાઈ જાય છે માટે એમાં જ સંતુષ્ટ થઈને સ્વરૂપને ન ભૂલવું.**

આત્માને સ્ત્રી-પુત્ર-બંધુજનો વગેરેનો સંયોગ તો આ ભવમાં નવો થયો છે, ને તે સંયોગ અસ્થિર છે. સંયોગનો વિયોગ થઈ જવાનો. સ્ત્રી વગેરે જેનો વિયોગ થયો તેનો સંયોગ તો ફરીથી થાય કે ન થાય – તે કાંઈ નિયમ નથી. પણ જેનો સંયોગ થયો તેનો તો અલ્પકાળમાં – જરૂર વિયોગ થઈ જશે. ચૈતન્ય દ્રવ્ય અસંયોગી છે, તે ત્રિકાળ રહેનાર છે, માટે તેની જ ભાવના કરવા જેવી છે. રસ્તામાં બંધુજનોની સાથે ચાલ્યો જતો હોય ત્યાં કોઈ માંદો પડે તો બીજા માણસો તેને જીવતો છોડીને ચાલ્યા જાય છે. આમ બંધુજનોનો સંયોગ ક્ષણિક છે. જેમ નદીમાં પાણીનું પૂર આવે ત્યાં માણસો કહે છે કે આપણી નદીમાં પાણી આવ્યું છે. પણ પાણી ચાલ્યું જ જાય છે. કાંઈ તેની પાસે ઉભું નથી રહેતું. તેમ જગતના પદાર્થોનું પરિણમન થતાં થતાં સંયોગ થયો ત્યાં અજ્ઞાની કહે છે કે અમને આ પદાર્થો મળ્યા. પણ ભાઈ ! તે પદાર્થો તો તેના પરિણમન પ્રવાહમાં વહ્યા જ જાય છે, કોઈ પદાર્થ તારી પાસે સ્થિર રહેવાનો નથી. માટે તે સંયોગની ભાવના છોડ, ને તારા સ્વભાવની ભાવના કર.

એકવાર એક માણસ એકલો મુંબઈ ગયો. મુંબઈમાં વેપાર કર્યો. પૈસા થયા. સ્ત્રી પરણ્યો અને છોકરા થયા. બાર માણસો થયા ને અમુક વખત થતાં બધા મરી ગયાં, પૈસા ચાલ્યા ગયા ને જેવો એકલો ગયો હતો તેવો એકલો પાછો આવ્યો. જુઓ ! આ સંયોગ ! માટે સંયોગમાં સુખનો વિશ્વાસ છોડીને સ્વભાવની ભાવના કર.

આ જીવ, બહોળું કુટુંબ-પરિવાર પામતાં અભિમાનથી તેમાં સુખ માને છે અને એ મદ વડે પોતાના સ્વરૂપને ભૂલે છે, પણ એ બંધુવર્ગાદિનો સંયોગ માર્ગના પંથિજન જેવો જ છે. થોડા જ સમયમાં વિખરાઈ જાય છે માટે એમાં જ સંતુષ્ટ થઈને સ્વરૂપને ન ભૂલવું.

સંતોષ તો તારા જ્ઞાયક સ્વભાવમાં કર. બહારના સંયોગમાં સંતોષ માનીશ તો તે સંયોગ તો ચાલ્યા જવાના છે. માટે દૃષ્ટિને અંતરમાં ફેરવીને, સ્વભાવની ભાવનામાં પુરુષાર્થ ફેરવ. દેહના સંયોગની અસ્થિરતા બતાવે છે :–

ગાથા–૯

## દેહના સંયોગની અસ્થિરતા

**હવે આગળ દેહના સંયોગની અસ્થિરતા દર્શાવે છે :–**

**अइलालिओ वि देहो ण्हाणसुयंधेहिं विविहभक्खेहिं।**
**खणमित्तेण वि विहडइ जलभरिओ आमघडउव्व।।९।।**

**અર્થ :– જુઓ તો ખરા આ દેહ, સ્નાન અને સુગંધી વસ્તુઓ વડે સુધારતા હોવા છતાં પણ તથા અનેક પ્રકારના ભોજનાદિ ભક્ષ્ય વડે પાલન કરતા હોવા છતાં પણ જલ ભરેલા કાચા ઘડાની માફક ક્ષણમાત્રમાં વિલય પામી જાય છે.**

**ભાવાર્થ :– એવા શરીરમાં સ્થિરબુદ્ધિ કરવી તે મોટી ભૂલ છે.**

દેહનું ગમે તેટલું લાલન–પાલન કરો, પણ તે તો અશુચિનો ઘડો છે, તેમાંથી તો અશુચિ

નીકળશે. સ્નાન કરાવે, ઋતુઋતુના ખોરાક ખવરાવે – એવા ભાવ કરે પણ દેહ તો ક્ષણમાં નાશ થઈ જાય છે. દેહની ક્રિયા તો કાંઈ આત્મા કરી શકતો નથી. પણ દેહને સાચવવાની ઇચ્છા કરે, તેથી કાંઈ દેહ તેનો રાખ્યો રહેવાનો નથી.

એક સમયમાં જીવન ને બીજા સમયે મરણ એમાં વચ્ચે કાંઈ આંતરો નથી. દેહ એક ક્ષણ પણ તારો રાખ્યો રહેવાનો નથી. તારો આત્મા સદાય શાશ્વત છે. તેની જ ભાવના કર. પાણી ભરેલા માટીના કાચા ઘડાની માફક આ દેહ ક્ષણભંગુર છે. આ ક્ષણભંગુરતા બતાવીને તેની ભાવના છોડવાનું કહે છે, ને નિત્ય જ્ઞાનાનંદની ભાવના કરવાનું કહે છે.

'નિયમસાર'માં કહે છે કે ધર્માત્માઓએ નિત્ય સ્વભાવની ભાવના કરવી. ક્ષણિક ભાવોની ભાવના છોડવી. એને અહીં 'અનિત્ય ભાવના' કહે છે. તેમાં પણ ખરેખર અનિત્ય પદાર્થોની ભાવના કરવાનું કહ્યું નથી. પણ નિત્ય એવા સ્વભાવની ભાવના કરવાનું કહે છે. વિકલ્પ ઉઠતાં સંયોગ ઉપર લક્ષ જાય, ત્યાં તેને ક્ષણિક જાણીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના વધારે છે. એનું નામ અનિત્ય ભાવના છે.

અહો ! જાુઓને ક્ષયની ઇસ્પિતાલમાં કેવા કેવા જુવાનજોધ માણસો છે ? જુવાન શરીર હોય અને ક્ષણમાં ક્ષય લાગુ પડી જાય. વીસ-પચીસ વર્ષની ઉંમર હોય, ચડતું લોહી હોય છતાં ક્ષય લાગુ પડી જાય. ત્યાં આત્મા શું કરે ? દેહની સામે જોઈને તેમાં જ શરણ ભાસે છે. પણ ભાઈ ! દેહ તો ક્ષણિક છે, તેનો એક પરમાણુ તારી પાસે નહિ રહે, માટે તે દેહ ઉપરની દૃષ્ટિ છોડ, ને તારા જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના કર.

ધર્માત્મા ચક્રવર્તી હીરા, માણેકની શિલા ઉપર બેસીને સ્નાન કરે, ઉંચી જાતના ખોરાક ખાય, પણ તે વખતે અંદરમાં ભાન છે કે આ દેહ તે અમારો નથી. દેહનો ક્ષણિક સંયોગ અમારો નથી. અમે તો ધ્રુવ જ્ઞાનાનંદ આત્મા છીએ. તે જ અમારું શરણ છે. ચક્રવર્તીનું શરીર પણ ક્ષણમાં વિલય પામી જાય છે. માટે એવા શરીરમાં સ્થિરબુદ્ધિ છોડીને આત્માના નિત્ય સ્વભાવ તરફ વળ. હવે લક્ષ્મીનું અસ્થિરપણું જણાવે છે.

ગાથા–૧૦

**આગળ લક્ષ્મીનું અસ્થિરપણું દર્શાવે છે :–**

**या शाश्वता न लक्ष्मीः चक्रधराणां अपि पुण्यवताम्।**
**सा किं बध्नाति रतिं इतरजनानां अपुण्यानाम्।।१०।।**

**અર્થ :– જે લક્ષ્મી અર્થાત્ સંપદા (ઉત્કૃષ્ટ) પુણ્યકર્મના ઉદયસહિત જે ચક્રવર્તી તેમને પણ શાશ્વતરરૂપ નથી તો અન્ય જે પુણ્યોદય વિનાના વા અલ્પપુણ્યવાળા પુરુષો તેની સાથે કેમ રાગ બાંધે ? ન બાંધે.**

**ભાવાર્થ :– એ સંપદાના અભિમાનથી આ પ્રાણી તેમાં પ્રીતિ કરે છે તે વૃથા છે.**

અર્થ :– જે લક્ષ્મી અર્થાત્ સંપદા (ઉત્કૃષ્ટ) પુણ્યકર્મના ઉદયસહિત જે ચક્રવર્તી તેમને પણ શાશ્વતરરૂપ નથી તો અન્ય જે પુણ્યોદય વિનાના વા અલ્પપુણ્યવાળા પુરુષો તેની સાથે કેમ રાગ બાંધે ? ન બાંધે.

જુઓ ! લક્ષ્મી વગેરેનો સંયોગ પૂર્વના પુણ્યથી મળે છે; તેમાં જીવનું વર્તમાન ડહાપણ નથી. ચક્રવર્તીને એવા પુણ્યનો ઉદય હોય છે, હજારો દેવો સેવા કરતા હોય છે, છ ખંડનું રાજ્ય હોય છે, ૯૬ કરોડ પાયદળ હોય છે, ને નવનિધાન હોય છે. આવી લક્ષ્મી મળી તે ચક્રવર્તી જેવા પુણ્યવંતને પણ શાશ્વત્ રહેનારી નથી, સાધારણ જીવોની તો શી વાત ? જીવો અધ્રુવ લક્ષ્મીના મોહથી ચૈતન્ય ચમત્કારની સંપદાને ભૂલી જાય છે. અહો ! આશ્ચર્ય છે કે ચક્રવર્તી જેવા પુણ્યવંત પુરુષો પાસે પણ લક્ષ્મીનો સંયોગ શાશ્વત રહેતો નથી. તો તે લક્ષ્મી અલ્પ પુણ્યવંત જીવો પ્રત્યે રાગ કેમ બાંધે ? એટલે કે તેમને લક્ષ્મીનો સંયોગ શાશ્વત ક્યાંથી રહે ?

જેની દૃષ્ટિમાં ચૈતન્યની દોલત પડી છે, એવા ધર્માત્માની દૃષ્ટિ જડ લક્ષ્મીને પોતાની દોલત તરીકે સ્વીકારતી નથી. પુણ્યના વિકલ્પો ક્ષણિક છે. જડ કર્મ બંધાયા તે ક્ષણિક છે, ને તેના નિમિત્તે જે સંપદા મળી તે પણ ક્ષણિક છે, માટે તે ક્ષણિકની ભાવના તરફ પર્યાયને ન વાળતાં ધ્રુવ સ્વભાવ તરફ પર્યાયને વાળીને તે ધ્રુવની ભાવના કરવી. એવું આ ભાવનાનું તાત્પર્ય છે.

ચૈતન્યનું સ્વામીપણું ચૂકીને અજ્ઞાની જીવો બહારની સંપદાનું અભિમાન કરે છે. તેને કહે છે કે, અરે ભાઈ ! ચક્રવર્તી જેવાને પણ બહારની સંપદા ક્ષણભંગુર છે, તો તારી પાસે તે સંપદા શાશ્વત્ કેમ રહેશે ? નહિ જ રહે. માટે તેનો અહંકાર છોડીને સ્વભાવની દૃઢતા અને ભાવના કર. ચૈતન્યની ભાવના સિવાય બહારના સંયોગની પ્રીતિ કરવી તે વૃથા છે. માટે તે પ્રીતિ છોડ ને ચૈતન્ય સ્વરૂપની ભાવના કર.

✤✤✤

## વૈશાખ સુદ-૧૨, મંગળવાર, ૬-૫-૫૨ સવારે

આ સ્વામી કાર્ત્તિકેયાનુપ્રેક્ષામાં બાર વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન ચાલે છે. તેમાં લક્ષ્મી વગેરેની અનિત્યતાનું વર્ણન કરે છે. દરેક વસ્તુની અવસ્થા ક્ષણે–ક્ષણે બદલે છે – એવો તેનો સ્વભાવ છે, ને દ્રવ્યપણે વસ્તુ ધ્રુવ રહે છે. ત્યાં અજ્ઞાની જીવને ધ્રુવવસ્તુનું ભાન નથી, એટલે પર્યાયની રુચિ છે. તેથી પર્યાય પલટતી દેખીને તેને રાગ-દ્વેષ થાય છે. જેને ધ્રુવ વસ્તુની રુચિ છે એવા ધર્મી જીવને પર્યાય પલટતી દેખીને પર્યાયની બુદ્ધિથી રાગ-દ્વેષ થતા નથી. પદાર્થની પર્યાય ક્ષણે–ક્ષણે પલટે છે. તે પર્યાય જેટલી જ વસ્તુને માનીને અજ્ઞાનીને હર્ષ-શોક થાય છે, તે મિથ્યાત્વ ભાવ સહિતના હર્ષ-શોક છે. સમ્યગ્દષ્ટિને અલ્પ રાગ-દ્વેષ થાય, પણ તેને પર્યાયબુદ્ધિ નથી એટલે કે એકલી પર્યાયને જ તે નથી દેખતો, ધ્રુવ વસ્તુના ભાનપૂર્વક પર્યાયને ક્ષણિક જાણે છે. અજ્ઞાનીને ધ્રુવ વસ્તુનું ભાન નથી, તે તો ક્ષણિક પર્યાયને જ દેખે છે એટલે તેને પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ થાય છે. અહીં અનિત્ય ભાવનામાં પર્યાયની અધ્રુવતા બતાવીને પર્યાયબુદ્ધિ છોડાવે છે. ધ્રુવ વસ્તુના ભાનપૂર્વકની અનિત્ય ભાવનાનું આ વર્ણન છે.

લક્ષ્મી વગેરે અધ્રુવ છે. જેના ઘરે ૮૪ લાખ હાથી ઝૂલતા હોય એવા ચક્રવર્તીને પણ તે હાથી વગેરેની સંપદા ધ્રુવ નથી રહેતી, સંયોગ તેના કારણે આવ્યો ને તેનો કાળ પૂરો થતાં ચાલ્યો જાય છે. આત્માના પ્રયત્નથી સંયોગો આવતા નથી, પૂર્વના પુણ્યના નિમિત્તે લક્ષ્મી આવે છે, પણ ચૈતન્ય સ્વભાવની સાથે તે લક્ષ્મી ધ્રુવ નથી રહેતી. તો પછી સાધારણ પુણ્યહીન જીવોની પાસે લક્ષ્મી કેમ ધ્રુવ રહેશે ?

'લક્ષ્મી ધ્રુવ નથી' એમ જાણીને તેની પ્રીતિ છોડવી ને ધ્રુવ એવા નિજ દ્રવ્યની પ્રીતિ કરવી – તે અનિત્ય ભાવનાનું પ્રયોજન છે. નદીમાં પાણી આવ્યું એમ અજ્ઞાની દેખે છે, જ્ઞાની કહે છે કે પાણીનો પ્રવાહ ચાલ્યો જાય છે. તેમ સંયોગ મારી પાસે આવ્યા – એમ અજ્ઞાની સંયોગ સાથે એકત્વબુદ્ધિ કરે છે, ને ધર્મી તો જાણે છે કે આ પદાર્થો ક્ષણે–ક્ષણે તેમના પર્યાય ધર્મથી પલટી રહ્યા છે, તે મારે કારણે આવ્યા નથી, ને મારી પાસે રહેવાના નથી. ધર્મી ચક્રવર્તીને નવનિધાન ને છ ખંડના રાજનો સંયોગ હોય પણ અંતરમાં એક

રજકણના સંયોગને પણ પોતાનો નથી માનતા, ધ્રુવ દ્રવ્યની જ રુચિ છે. જેમ દરિયાનું મોજું ઉછળે છે તે પાછું દરિયામાં જ સમાઈ જાય છે, બહાર નથી નીકળતું, તેમ સંયોગો આવ્યા તે પર દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ છે. ને બીજી ક્ષણે તેની પર્યાયનો વ્યય થઈને તેનામાં જ સમાય છે, તે પદાર્થ મારી પાસે આવ્યો નથી – આમ ધર્મી જાણે છે તેથી તેને પદાર્થના સંયોગ વખતે હર્ષ કે વિયોગ વખતે શોક થતો નથી. ધ્રુવ વસ્તુની રુચિની મુખ્યતા છે ત્યાં અલ્પ રાગ-દ્વેષ થાય તેની મુખ્યતા નથી. કેમકે પર્યાયબુદ્ધિ નથી.

લક્ષ્મીનો સંયોગ આવ્યો ને લાખ રૂપિયા દાનમાં ગયા. ત્યાં લાખ રૂપિયા ગયા તે તો તેના પર્યાય ધર્મથી જ ગયા છે, આત્માએ તેને આપ્યા નથી. ત્યાં લક્ષ્મી ખર્ચવાનું અભિમાન કરે – માન કષાય કરે તો તો પાપભાવ છે. તે વખતે શુભભાવ હોય તો પુણ્યભાવ છે. પણ જો એમ માને કે મેં શુભભાવ કર્યો તેને લીધે આ લક્ષ્મી દાનમાં વપરાણી તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અલ્પ શુભ રાગની સાથે મિથ્યાત્વનું મોટું પાપ તેને બંધાય છે. એટલે 'ભીંદડું કાઢતા ઊંટડું પેઠું' એના જેવું થયું. અજ્ઞાની લક્ષ્મી વગેરેનું કર્તાપણું માનીને દાન વગેરેનો કાંઈક શુભરાગ કરે તેમાં તેને પુણ્ય છે, પણ સાથે ઊંધી માન્યતાને સેવે છે. તેથી મિથ્યાત્વનું પાપ ભેગું લાગે છે. દાનનો શુભ રાગ થયો તે કાંઈ પાપ નથી પણ ઉંધી માન્યતા છે તે પાપ છે. માટે પહેલાં યથાર્થ વસ્તુ સ્વરૂપને ઓળખવું જોઈએ. આ બાર ભાવનામાં યથાર્થ વસ્તુ સ્વરૂપનું વર્ણન ભેગું છે.

જેને ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ છે તે જીવ ક્ષણિક સંયોગ-વિયોગ પોતાના કારણે માનતો નથી. એટલે તેને મમતા ઘટ્યા વિના રહેતી નથી. અહો ! મારો ચિદાનંદ સ્વભાવ મમતા રહિત છે. એક રજકણ પણ મારા કારણે આવતો કે જતો નથી – આવું જેને ભાન થાય તેને પરની મમતા કેટલી છૂટી જાય ? માટે જેને ધ્રુવની દૃષ્ટિ છે તેને લક્ષ્મી વગેરેની અનિત્યતાની યથાર્થ ભાવના હોય છે.

વળી લક્ષ્મી વગેરેને સ્થિર રાખવાનું કોઈ અભિમાન કરે તો તે મિથ્યા છે – એમ હવે ૧૧મી ગાથામાં કહે છે.

ગાથા–૧૧

**આગળ એજ અર્થને વિશેષતાથી કહે છે :–**

## कुत्र अपि न रमते लक्ष्मीः कूलीनधीरे अपि पण्डिते शूरे।
## पूज्ये धर्मिष्टे अपि च सुरूपसुजने महासत्वे ।।११।।

**અર્થ :– આ લક્ષ્મી–સંપદા, કુલવાન, ધૈર્યવાન, પંડિત, સુભટ, પૂજ્ય, ધર્માત્મા, રૂપવાન, સુજન અને મહા પરાક્રમી ઇત્યાદિ કોઈ પુરુષોમાં પણ રાચતી નથી.**

**ભાવાર્થ :– કોઈ જાણે કે હું મહાન કુલનો છું – મારે પેઢી દર પેઢીથી આ સંપદા ચાલી આવે છે તો તે ક્યાં જવાની છે ? હું ધીરજવાન છું એટલે કેવી રીતે ગુમાવીશ ? હું પંડિત છું – વિદ્યાવાન છું તો તેને કોણ લઈ શકવાનું છે ? ઉલટા મને તેઓ આપશે જ, હું સુભટ છું તેથી કેવી રીતે કોઈને લેવા દઈશ ? હું પુજનિક છું તેથી મારી કોણ લઈ શકે ? હું ધર્માત્મા છું અને ધર્મથી તો તે આવે છે છતાં જાય કેવી રીતે ? હું મહારૂપવાન છું મારું રૂપ દેખીને જ જગત પ્રસન્ન થાય છે તો આ સંપદા ક્યાં જવાની છે ? હું સજ્જન અને પરોપકારી છું એટલે તે ક્યાં જશે ? તથા હું મહા પરાક્રમી છું – સંપદાને વધારીશ જ એટલે તે ક્યાં જવાની છે ? એ સર્વ વિચારો મિથ્યા છે, કારણ આ સંપદા દેખતાં દેખતાં જ વિલય પામી જાય છે પણ કોઈની રાખી તે રહેતી નથી.**

અર્થ :– આ લક્ષ્મી–સંપદા, કુલવાન, ધૈર્યવાન, પંડિત, સુભટ, પૂજ્ય, ધર્માત્મા, રૂપવાન, સુજન અને મહા પરાક્રમી ઇત્યાદિ કોઈ પુરુષોમાં પણ રાચતી નથી.

(૧). દસ-દસ પેઢીથી લક્ષ્મી ચાલી આવે છે, તો હવે તે મારી પાસેથી ક્યા જવાની છે ? – એમ અજ્ઞાની અભિમાન કરે, પણ તેને ભાન નથી કે લક્ષ્મી આવી તે તેના કારણે ને જાય તોપણ તેના કારણે. ભલે પેઢી દર પેઢીથી લક્ષ્મી ચાલી આવતી હોય, પણ ક્ષણમાં તે બીજે ચાલી જશે. કેમકે તેની પર્યાય અધ્રુવ છે. વળી હું મોટા કુળનો છું. માટે મારી પાસેથી લક્ષ્મી નહિ જાય – એમ માને તો તે પણ મિથ્યા છે. લક્ષ્મીની પર્યાય પલટતાં તે એક ક્ષણ પણ રહેવાની નથી. રહે તો પણ તેના કારણે ને જાય તો પણ તેના કારણે,

બીજાના કારણે તે એક ક્ષણ પણ રહેતી નથી.

(૨) કોઈ એમ માને કે હું તો ધીરજવાન છું માટે મારી લક્ષ્મી હું કેમ ગુમાવીશ ? અરે ભાઈ ! તારી ધીરજ તો તારી પર્યાયમાં રહે છે કે લક્ષ્મીમાં ? લક્ષ્મીની પર્યાય પલટે તેમાં તારી ધીરજ શું કરશે ? તારી ધીરજને કારણે શું લક્ષ્મીની પર્યાય પલટતી અટકી જશે ?

ક્ષણમાં લક્ષ્મીની પર્યાય પલટી જશે. માટે તેનું અભિમાન છોડ. તારી ધીરજ તારી પર્યાયમાં ને લક્ષ્મીનો સંયોગ-વિયોગ લક્ષ્મીની પર્યાયમાં, 'અમે તો વેપાર-ધંધામાં ધીરજથી રૂખ જોઈને કામ લઈએ, ઉતાવળ ન કરીએ, તેથી અમારી લક્ષ્મી ક્યાંય ચાલી નહિ જાય' આમ અભિમાન કરીને લક્ષ્મીને ધ્રુવ માની બેસે છે, તે મૂઢ છે, તેને અધ્રુવતાનું ભાન નથી. અરે ભાઈ ! તું લક્ષ્મી દાટી રાખીશ તોય તેનું પરિણમન ફરીને તે કોલસા થઈ જશે. માટે તેનું અભિમાન છોડ. તેનું પરિણમન તારું રાખ્યું નહિ રહે. બે માણસોએ રૂપિયા દાટ્યા હતા. અમુક વખત પછી જોયું તો ત્યાં રૂપિયાને બદલે ધૂળ ! કોઈએ તે રૂપિયા કાઢી લીધા ન હતા. પણ તે રૂપિયા પલટીને ધૂળ થઈ ગઈ. વસ્તુની પર્યાયનો સ્વભાવ છે કે ક્ષણમાં પલટી જાય.

(૩) વળી કોઈ માને કે હું પંડિત અને ડાહ્યો છું માટે મારી બુદ્ધિથી લક્ષ્મીને ટકાવી રાખીશ. મારી લક્ષ્મીને જવા નહિ દઉં. તો કહે છે કે, અરે ભાઈ ! શું તારી વિદ્યાને કારણે કાંઈ લક્ષ્મી જતી અટકી જશે ? તેની પર્યાયના કાળે તે ચાલી જશે. તેમાં તારી લાખ બુદ્ધિનું ડહાપણ પણ કામ નહિ આવે.

પંડિત છું માટે મારી લક્ષ્મી કોઈ ન લે, મને તો ઉલટા આપે – આવી અજ્ઞાનીની બુદ્ધિ છે. અરે મૂઢ ! પરમાણુની પર્યાય ક્ષણમાં પલટી જશે. તેની પર્યાયમાં તારી બુદ્ધિ નહિ કામ આવે. પુણ્ય ફરતાં ક્ષણમાં લક્ષ્મી ચાલી જશે.

(૪) 'હું બળવાન સુભટ છું, કોની તાકાત છે કે મારી લક્ષ્મી લઈ શકે ?' એમ અભિમાન કરે, પણ ભાઈ ! લક્ષ્મી જવા ટાણે તારાથી નહિ રોકી શકાય !

પરમાણુની પર્યાયમાં તારું બળ કામ નહિ આવે. આ સમજે તો પર દ્રવ્યનું અભિમાન ઉડી જાય, ને અંદરમાં ધ્રુવ, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવના અવલંબને શાંતિ પ્રગટે.

(૫) હું તો પૂજ્ય છું, લોકો મને બહુમાન આપે છે. માટે મારી લક્ષ્મીને કોણ લ્યે ? – એમ માનીને લક્ષ્મીને સ્થિર માની રહ્યા છે, તે અજ્ઞાની છે.

(૬) 'હું ધર્મી છું, વ્રત-તપ કરું છું તો મારી લક્ષ્મી ક્યાં જશે ? ધર્મથી તો મને લક્ષ્મી

મળશે' આમ અજ્ઞાની માને છે. અહીં સમ્યગ્દષ્ટિ ધર્માત્માની વાત નથી. કેમકે સમ્યગ્દષ્ટિને તો ધ્રુવ – ચિદાનંદ સ્વભાવની ભાવના છે, ને લક્ષ્મીને તે અધ્રુવ જાણે છે. અહીં તો મિથ્યાદષ્ટિ જીવ વ્રત-જાત્રા અને મંદ કષાય કરીને પોતાને ધર્માત્મા માનતો હોય તેવા જીવની વાત છે. તે લક્ષ્મી વગેરેનું અભિમાન કરે છે. પણ અરે મૂઢ ! બહારની લક્ષ્મી મળવી તે કાંઈ ધર્મનું ફળ છે ? વળી અમારા ઘરમાં તો ભગવાનને પધરાવ્યા છે, તેથી અમારા ઘરમાંથી લક્ષ્મી કદી જાય નહિ – એમ માને તો તે પણ મૂઢ જીવની માન્યતા છે. તારા શુભ પરિણામ હોય તેથી કાંઈ લક્ષ્મી જતી અટકી નહિ જાય. પૂર્વનાં પુણ્ય ખૂટશે તો ક્ષણમાં લક્ષ્મી ચાલી જશે. **જુઓ ! આ પર્યાય ધર્મને અનિત્ય સમજીને ધ્રુવ દ્રવ્યની ભાવના કરવા માટેની વાત છે. ધ્રુવ દ્રવ્યને સમજ્યા વગર એમને એમ લક્ષ્મી છોડીને ભાગે – તેને કાંઈ અનિત્ય ભાવના કહેવાય નહિ. અનિત્ય ભાવના ભાવનારની દૃષ્ટિમાં ધ્રુવ દ્રવ્યનો આશ્રય પડ્યો છે.**

(૭) કોઈ એમ માને કે હું રૂપવાન છું માટે લક્ષ્મી નહિ જાય. મારા શરીરના અવયવોમાં ખામી નથી તો લક્ષ્મીમાં ખામી કેમ પડશે ? પણ તે વાત મિથ્યા છે.

(૮) એ જ પ્રમાણે સજ્જન અને પરોપકારી હોવા છતાં લક્ષ્મી તો અધ્રુવ છે. તે ક્ષણમાં ચાલી જશે. હું સજ્જન છું માટે તે મારી પાસે ધ્રુવ રહે છે – એવો વિચાર મિથ્યા છે.

(૯) વળી હું મહા પરાક્રમી છું. તેથી લક્ષ્મીને જવા નહિ દઉં – એમ માને તો તે વિચાર પણ મિથ્યા છે. લક્ષ્મી તો જોત જોતામાં વિલય પામી જાય છે. તે કોઈથી રાખી રહેતી નથી. માટે તેને સ્થિર રાખવાનું અભિમાન છોડ. તારી ધ્રુવ – ચૈતન્ય સંપદા સદા સ્થિર છે તેને ઓળખીને તેની ભાવના કર.

હવે પૂછે છે કે અમને લક્ષ્મીનો જે સંયોગ મળ્યો તે અધ્રુવ છે. તો તેનું શું કરવું ? તેનો ઉત્તર કહે છે.

ગાથા–૧૨

**આગળ કહે છે કે – લક્ષ્મી પ્રાપ્ત થઈ તેને શું કરીએ ? તેનો ઉત્તર :–**

**तावत् भुज्यतां लक्ष्मीः दीयतां दानं दयाप्रधानेन।**
**या जलतरङ्गचपला द्वित्रिदिनानि चेष्टते ।।१२।।**

**અર્થ :– આ લક્ષ્મી જલતરંગની માફક ચંચલ છે એટલે જ્યાં સુધી તે બે-ચાર દિવસ સુધી ચેષ્ટા કરે છે – મોજૂદ છે ત્યાં સુધી તેને ભોગવો વા દયાપ્રધાની થઈને દાનમાં આપો.**

**ભાવાર્થ :– કોઈ કૃપણબુદ્ધિ આ લક્ષ્મીને માત્ર સંચય કરી સ્થિર રાખવા ઇચ્છે છે તેને આ ઉપદેશ છે – કે આ લક્ષ્મી ચંચલ છે સ્થિર રહેવાની નથી માટે જ્યાંસુધી થોડા દિવસ એ વિદ્યમાન (મોજૂદ) છે ત્યાં સુધી તેને પ્રભુભક્તિ અર્થે વા પરોપકાર અર્થે દાનાદિમાં ખર્ચો તથા ભોગવો.**

અર્થ :– આ લક્ષ્મી જલતરંગની માફક ચંચલ છે એટલે જ્યાં સુધી તે બે-ચાર દિવસ સુધી ચેષ્ટા કરે છે – મોજૂદ છે ત્યાં સુધી તેને ભોગવો વા દયાપ્રધાની થઈને દાનમાં આપો.

અહીં લક્ષ્મી ભોગવવાનું કહ્યું છે તેમાં એવો આશય છે કે, લક્ષ્મીની તીવ્ર મમતા છોડીને કાંઈક મંદ પરિણામ થાય. તીવ્ર લોભથી લક્ષ્મીને રાખી મૂકવાની ભાવના કર્યા કરે ને ખર્ચવામાં કંજૂસાઈ કરે તો તેને કહે છે કે, અરે ભાઈ ! તારી લક્ષ્મી અધ્રુવ છે. માટે જિનેન્દ્ર ભક્તિ વગેરે કાર્યોમાં લક્ષ્મીનો ઉપયોગ કરો. દાન વગેરેમાં વાપરો તથા તેને ભોગવો.

અહીં પ્રશ્ન થાય છે કે, લક્ષ્મીને ભોગવવામાં તો પાપ થાય છે. તો તેને ભોગવવાનં કેમ કહ્યું ? તેનો ઉત્તર :–

માત્ર સંચય કરી રાખવામાં પ્રથમ તો મમત્વ ઘણું થાય છે તથા કોઈ કારણવશ તે વિનાશ પામી જાય તે વખતે વિષાદ – ખેદ ઘણો થાય છે અને વળી આસક્તપણાથી નિરંતર કષાયમાન તીવ્ર–મલિન રહે છે, પરંતુ તેને ભોગવવામાં પરિણામ ઉદાર રહે છે – મલિન રહેતા નથી.

ઉદાર પરિણામ હોય તો લક્ષ્મી વગેરે જતાં તેને તીવ્ર સંકલેશભાવ ન થાય. તીવ્ર કંજૂસાઈ હોય તેને તો કાંઈક ખોટ જતાં મહા સંકલેશ ભાવ થાય છે, તેને બદલે જો લક્ષ્મીની આસક્તિ ઘટાડીને તેને વાપરતો હોય તો પરિણામમાં કાંઈક ઉદારતા રહે. ભોગવવાનો ભાવ તો પાપ છે. પણ ઉદારવૃત્તિ કરાવવા અર્થે કહે છે કે, તું લક્ષ્મીને ભોગવ. પાંચ કરોડની મૂડી હોય ને પાઈ ખર્ચતાં પરસેવો છૂટતો હોય તેવાને કહે છે કે, અરે ભાઈ ! તારી લક્ષ્મીને ભોગવ તો ખરો ! તીવ્ર સંકલેશ પરિણામ છૂટીને કાંઈક ઉદારતાના પરિણામ થાય – એટલી અપેક્ષાયે આ કથન સમજવું. જો ઉદારતાપૂર્વક વાપરતો હોય તો કોઈ કારણવશ લક્ષ્મીનો વિનાશ

થાય ત્યારે તીવ્ર સંકલેશ ભાવ ન થાય. લાખો-કરોડો રૂપિયા હોય તે દાનમાં પણ વાપરે નહિ ને પોતાના માટે પણ વાપરે નહિ તેને તો તીવ્ર લોભ પરિણામ છે. પહેલાં તો ધર્મ પ્રભાવના વગેરે અર્થે દાનમાં લક્ષ્મી વાપરવાનું કહ્યું છે, ને પછી ભોગવવાની વાત મૂકી છે, તેમાં પોતાને માટે લક્ષ્મી ખર્ચવાની ઉદારતા હશે તો કોઈક વાર તેને દાન વગેરેમાં ખર્ચવાનો પણ અવકાશ રહેશે. એવા આશયથી આ ઉપદેશ સમજવો. પણ જે પોતા માટે પણ એક પાઈ ખર્ચી ન શકતો હોય તે બીજે દાનાદિમાં તો કેમ ખર્ચશે ? માટે કૂણા પરિણામ કરાવવા અર્થે આ ઉપદેશ છે. લક્ષ્મીને ભોગવવામાં 'ગુણ' કહ્યો તે ધર્મની વાત ન સમજવી પણ મંદ પરિણામ અપેક્ષાયે તેને ગુણ કહ્યો છે. ધ્રુવ સ્વભાવનું ભાન કરીને લક્ષ્મી વગેરેનો સર્વથા ત્યાગ કરે તે તો ઉત્તમ છે, તેને માટે કાંઈ લક્ષ્મી ભોગવવાનો ઉપદેશ નથી.

પરની પર્યાય પરના કારણે ન માનતાં પોતાના કારણે માને છે તેને પર્યાય મૂઢતાથી તીવ્ર રાગ-દ્વેષ થાય છે, ને સ્વદ્રવ્ય તરફની ભાવના તેને હોતી નથી.

અહીં અનિત્યભાવનામાં એમ બતાવે છે કે, ભાઈ ! પરદ્રવ્યની પર્યાય તેના સ્વભાવથી ક્ષણે ક્ષણે પલટાય છે. તારા કારણે તેની પર્યાય થતી નથી, ને તારી રાખી તે રહેતી નથી. માટે તેના પરિણમનમાં હર્ષ-શોક છોડીને તારા ધ્રુવ – સ્વભાવની ભાવના કર. ધ્રુવ સ્વભાવની ભાવના કરતાં પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે ને રાગ-દ્વેષ છૂટતા જાય છે. તે જ ખરી ભાવના છે.

# પ્રસાદ નં. – ૧૯૭

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૫, વર્ષ ૨જું. પુસ્તક સાતમું,**
**સોનગઢ, તા. ૧૪-૫-૫૨, બુધવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ સુદ ૧૩, બુધવાર, ૭-૫-૫૨ સવારે)**
(આ પ્રવચનનું રેકોર્ડિંગ લેવાયું છે)

આ અનિત્યભાવનાનું વર્ણન છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદ છે એવું નિજઘર જેણે જોયું છે તે જ જીવ જગતના પદાર્થોની પર્યાયની અનિત્ય ભાવના ભાવે છે. જેને પર્યાય બુદ્ધિ હોય એટલે કે પર્યાયની ક્ષણિકતાને ન જાણતાં તેને સ્થિર રાખવા માગતો હોય તેને ખરી અનિત્ય ભાવના હોતી નથી. એટલે ધ્રુવ ચૈનત્યની દૃષ્ટિ પૂર્વકની આ અનિત્ય ભાવના છે, એમ સમજવું.

અહીં લક્ષ્મીની અનિત્યતા વર્ણવે છે.

ગાથા – ૧૩

**यः पुनः लक्ष्मी संचिनोति न च भुङक्ते नैव ददाति पात्रेषु।**
**सःआत्मानं वंचति मनुजत्वं निष्फलं तस्य।।१३।।**

**અર્થ :– પરંતુ જે પુરુષ લક્ષ્મીને માત્ર સંચય કરે છે, પણ પાત્રોને અર્થે આપતો નથી**

**તથા ભોગવતો પણ નથી તે તો માત્ર પોતાના આત્માને જ ઠગે છે, એવા પુરુષનું મનુષ્યપણું નિષ્ફલ છે – વૃથા છે.**

**ભાવાર્થ :– જે પુરુષે, લક્ષ્મી પામીને તેને માત્ર સંચયજ કરી પણ દાન કે ભોગમાં ન ખર્ચી તો તેણે મનુષ્યપણું પામી શું કર્યું ? માત્ર નિષ્ફલ જ ગુમાવ્યું અને પોતે જ ઠગાયો.**

અર્થ :– જે પુરુષ લક્ષ્મીની મમતા કરીને તેને રાખવા માગે છે, પણ ધર્માત્મા સુપાત્રને ઓળખીને દાનાદિમાં તેને વાપરતો નથી એટલે કે મમતા ઘટાડતો નથી ને ભોગવતો પણ નથી, તે તો મમતા ભાવથી માત્ર પોતાના આત્માને જ ઠગે છે. પૈસા રાખવાની જેને બુદ્ધિ છે ને ચૈતન્યની દૃષ્ટિ-રુચિ કરતો નથી. તેમ જ પાત્ર દાનના શુભભાવ પણ કરતો નથી તે તો મનુષ્યપણું હારી જવાનો છે. અરે ! આવો મનુષ્ય અવતાર મળ્યો ને ભગવાન આત્માની ચૈતન્ય લક્ષ્મીની પ્રીતિ ન કરતાં આ જડ લક્ષ્મીમાં મોહી પડ્યો તે જીવ પોતાના આત્માને છેતરી રહ્યો છે. સ્વરૂપની ચૈતન્ય લક્ષ્મીની પ્રીતિમાં ધર્મીને લક્ષ્મીની રુચિ ઉડી ગઈ છે, લક્ષ્મીનો રાગ હોય તે લક્ષ્મીની શ્રદ્ધાથી થતો નથી, લક્ષ્મીને પર જાણી છે, તે ક્ષણિક છે એમ જાણ્યું છે ને પોતાના ધ્રુવ ચૈતન્યની રુચિ થઈ છે, એવા ધર્મીને લક્ષ્મી ઉપરની રુચિથી રાગ-દ્વેષ થતા નથી. ભગવાનઆત્મા પોતે એક સમયમાં ત્રણકાળ, ત્રણ લોકની લક્ષ્મીને જાણનારો છે. તેની રુચિ ને ઓળખાણની દરકાર ન કરી ને જડ લક્ષ્મીની જ મમતામાં રોકાઈ ગયો તે જીવનું મનુષ્યપણું નિષ્ફળ છે, જેને ચૈતન્યના ધ્રુવ ચિદાનંદ ચમત્કારનો મહિમા ભાસ્યો છે તેને ચૈતન્યની પ્રીતિ કરતાં જગતમાં કોઈ ચીજની વિશેષ પ્રીતિ હોય નહિ, ટાણું આવ્યે દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવના વગેરે પ્રસંગે પણ લક્ષ્મી વગેરેની અર્પણતાનો ભાવ ન આવે તો તે માયાવી છે. તેને ધર્મનો પ્રેમ નથી. અહો ! ચૈતન્યનો મહિમા કરીને રાગનો અભાવ કરવાનાં ટાણાં આવ્યાં, તેવાં પ્રસંગે લક્ષ્મી વગેરેની મમતામાં જ અટક્યો ને ધર્માત્માને દેખીને પાત્ર દાન વગેરેમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ પણ ન આવે તો તેનું મનુષ્યપણું અને લક્ષ્મી બંને નિષ્ફળ છે. તેનો આત્મા ઠગાય છે. અજ્ઞાની માને કે મેં દુનિયાને ઠનવગીને લક્ષ્મી ભેગી કરી, પણ ખરેખર તો તેનો આત્મા જ ઠગાયો છે.

ગાથા–૧૪

**यः संचयीकृत्य लक्ष्मीं घरणीतले संस्थापयति अतिदूरे।**
**सः पुरुषः तां लक्ष्मीं पाषाणसमानां करोति।।१४।।**

**અર્થ :– જે પુરુષ પોતાની લક્ષ્મીને ઘણી ઉંડી પૃથ્વીતલમાં દાટે છે તે પુરુષ એ લક્ષ્મીને પાષાણ સમાન કરે છે.**

**ભાવાર્થ :– જેમ મકાનના પાયામાં પત્થર–ઇંટો નાખીએ છીએ તેમ તેણે લક્ષ્મી પણ દાટી તેથી તે પણ પાષાણ સમાન જ થઈ.**

---

અર્થ :– પહેલાં ના વખતમાં જમીનમાં લક્ષ્મી દાટતા, તેને બદલે અત્યારે તિજોરીમાં સંઘરે છે. શાસ્ત્રમાં અલંકારથી કહે છે કે કૃપણના ઘરે લક્ષ્મી કેમ સ્થિર રહે છે ? તો કહે છે કે, ઉદાર માણસને ત્યાં વારંવાર હેરફેર થતાં લક્ષ્મીને થાક લાગ્યો. તે અહીં કૃપણને ત્યાં નિરાંતે બેઠી છે, એમ કહીને લોભી ઉપર કટાક્ષ કર્યો છે. જેમ જમીનમાં પથ્થર દાટે તેમ ચૈતન્ય લક્ષ્મીના અજાણ અને લક્ષ્મીના લોભી જીવો જમીનમાં લક્ષ્મીને દાટે છે પણ દાનાદિમાં વાપરતા નથી, તેથી તેની લક્ષ્મી પણ પથ્થર સમાન જ છે, જેની પાસે લક્ષ્મી ન હોય ને લક્ષ્મીની મમતા કરી રહ્યા હોય તો તે પણ કૃપણ જ છે. ચિદ્‌ઘન જ્ઞાન લક્ષ્મીમાં આત્માને સ્થિર કરવો જોઈએ કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવી ભાવના હોય તેને લક્ષ્મી વગેરેની મમતા હોય નહિ, લક્ષ્મીને અનિત્ય જાણી પછી તેને સંઘરવાની મમતા કેમ રહે ? અજ્ઞાની માને કે જમીનમાં દાટીને કે તિજોરીમાં ભરીને હું લક્ષ્મીને સાચવું છું, પણ અહીં શાસ્ત્રકાર કહે છે કે તું તારી લક્ષ્મીને પથ્થર સમાન કરે છે.

---

ગાથા–૧૫

**अनवरतं यः संचदि लक्ष्मीं न च ददाति नैव भुङ्क्ते।**
**आत्मीया अपि लक्ष्मीः परलक्ष्मीसमानिका तस्य।।१५।।**

**અર્થ :– જે પુરુષ, લક્ષ્મીને નિરંતર સંચય જ કરે છે પણ નથી દાન કરતો કે નથી ભોગવતો તે પુરુષ પોતાની લક્ષ્મીને પરના જેવી કરે છે.**

**ભાવાર્થ :– લક્ષ્મી પામીને જે દાન કે ભોગ કરતો નથી તેને તે લક્ષ્મી પેલાની (તેના ખરા માલિકની) છે અને પોતે તો માત્ર રખવાળ (ચોકીદાર) છે, એ લક્ષ્મીને તો કોઈ બીજો જ ભોગવશે.**

અર્થ :– જે પુરુષ લક્ષ્મીનો પાત્ર દાન વગેરેમાં ઉપયોગ નથી કરતો કે પુત્ર વગેરે માટે સંઘરી રાખે છે તે તો લક્ષ્મીનો રખોપિયો છે, શરીરના પોષણ માટે ધન ખર્ચે અને ધર્મ પ્રભાવના વગેરેમાં ખર્ચવામાં કંજુસાઈ કરે તો તેને ધર્મનો પ્રેમ નથી.

જુઓ, ભગવાનની ધ્વનિમાં પણ તૃષ્ણા ઘટાડવા માટે આવો ઉપદેશ આવે છે. જે જીવને તે જાતનો ક્ષયોપશમ હોય તેને એવું શ્રવણમાં આવે કે ભગવાને પાત્રદાનનો ઉપદેશ કર્યો, ભગવાને લક્ષ્મીની મમતા ટાળવાનો ઉપદેશ કર્યો.

જુઓ, ધ્યાન રાખજો કે સાધારણ લૌકિક વાત નથી, પણ હું ચિદાનંદ આત્મા ધ્રુવ છું ને લક્ષ્મી વગેરે બધું અધ્રુવ છે. એમ વસ્તુ સ્વરૂપના જ્ઞાનપૂર્વકની અનિત્ય ભાવના ભાવતાં લક્ષ્મી વગેરેની મમતા ઘટી જાય છે, એ રીતે વસ્તુ સ્વરૂપના ભાન સહિતની ભાવનાઓનું આ વર્ણન છે.

ગાથા–૧૬

लक्ष्मीसंसक्तमनाः यः आत्मानं घरति कष्टेन।
स राजदायादीनां कार्यं साधयति मूढात्मा।।१६।।

**અર્થ :– જે પુરુષ, લક્ષ્મીમાં આસક્તચિત્ત થઈને પોતાના આત્માને કષ્ટમાં રાખે છે તે મૂઢાત્મા, માત્ર રાજાઓનું અને કુટુંબીઓનું જ કાર્ય સાધે છે.**

**ભાવાર્થ :– લક્ષ્મીમાં આસક્તચિત્ત થઈને તેને ઉત્પન્ન કરવા અર્થે તથા તેની રક્ષાને અર્થે જે અનેક કષ્ટ સહે છે તે પુરુષને માત્ર ફળમાં કષ્ટ જ થાય છે પણ એ લક્ષ્મીને તો કુટુંબ ભોગવશે કે રાજા લઈ જશે.**

અર્થ :– જે લક્ષ્મીમાં જ આસક્ત થઈ ગયો છે ને કાંઈ દાનાદિના શુભ પરિણામ પણ કરતો નથી તેની લક્ષ્મી તો રાજા કે કુટુંબીજનો લઈ જશે. તે પુરુષ પોતે લક્ષ્મીનો ખરો માલિક નથી. પણ રાજા કે કુટુંબીજનોની વતી તે લક્ષ્મીનું રખોયું કરી રહ્યો છે. પોતાની લક્ષ્મી તો ત્યારે કહેવાય કે જો પોતે શુભભાવ કરીને દાનાદિમાં ખર્ચે તો. જુઓ ! ધર્માત્મા ચક્રવર્તીને ત્યાં પણ લક્ષ્મીના ઢગલાં હોવા છતાં અંદરમાં ધ્રુવ ચૈતન્યની પ્રીતિ છૂટીને લક્ષ્મીની પ્રીતિ થતી નથી, ચૈતન્યની રુચિ છોડીને લક્ષ્મીની જ રુચિમાં જે લીન થયા છે તેવા જીવોને અનંત સંસારના કારણરૂપ મમતા છે.

ગાથા–૧૭-૧૮

यः वृद्धीयति लक्ष्मीं बहुविधिबुद्धिभिः नैव तृप्यति।
सर्वारम्भं कुरुते रात्रिदिनं तंमपि चिन्तयति।।१७।।
न च भुनक्ति वेलायां चिन्तावस्थः न सुप्यति रजन्याम्।
सः दासत्वं करोति विमोहितः लक्ष्मीतरुण्या।।१८।।

**અર્થ :– જે પુરુષ, અનેક પ્રકારની કલા-ચતુરાઈ-બુદ્ધિ વડે લક્ષ્મીને માત્ર વધારે જાય છે પણ તૃપ્ત થતો નથી, એના માટે અસિ-મસિ અને કૃષિ આદિ સર્વ આરંભ કરે છે, રાત્રિદિવસ તેના જ આરંભને ચિંતવન કરે છે, વેળાએ ભોજન પણ કરતો નથી અને ચિંતામગ્ન બની રાત્રીમાં સુતો (ઉંઘતો) પણ નથી તે પુરુષ લક્ષ્મીરૂપ સ્ત્રીમાં મોહિત થયો થકો તેનું કિંકરપણું કરે છે.**

ભાવાર્થ :– **જે સ્ત્રીનો કિંકર થાય તેને લોકમાં 'મોહલ્યા' એવું નિંદ્ય નામ કહે છે, તેથી જે પુરુષ નિરંતર લક્ષ્મીના અર્થે જ પ્રયાસ કરે છે તે પણ લક્ષ્મીરૂપ સ્ત્રીનો મોહલ્યા છે.**

અર્થ :– લક્ષ્મી તો પૂર્વનાં પુણ્યના કારણે આવે છે. મૂઢ જીવ એમ માને કે હું મારી

ચતુરાઈથી લક્ષ્મી મેળવું છું, લક્ષ્મી મેળવવા માટે હિંસા કરે, જૂઠું બોલે, ચોરી કરે, ઇત્યાદિ અનેક ઉપાયો કરીને લક્ષ્મી મેળવવા માગે છે, અને રાત્રિ દિવસ તે લક્ષ્મીમાં જ મોહિત થયો છે, તે જીવ લક્ષ્મીનો કિંકર છે – જડનો દાસ છે. અરે ! અનંતકાળે મોંઘો મનુષ્ય દેહ મળ્યો, સત્સમાગમ મળ્યો, આ ટાણે આત્માનું હિત કરી લેવા જેવું છે. એવો આત્મહિતનો વિચાર પણ કરતા નથી, ને રાત-દિવસ ચોવીસે કલાક પૈસાનો ભિખારી થઈ રહ્યો છે તે જીવ પૈસાનો કિંકર થઈને મનુષ્યપણું ગુમાવી દે છે. મૂઢ જીવ આત્માને ચૂકીને લક્ષ્મીનો ચાકર થાય છે. અરે ભાઈ ! આત્માને ઓળખીને તેનું કિંકરપણું કર, અહો ! હું તો અનંત કેવળજ્ઞાન લક્ષ્મીનો સ્વામી છું – એમ ચૈતન્યનો મહિમા લાવીને તેની રુચિકર, જેને ચૈતન્યનો મહિમા ને રુચિ થાય તેને લક્ષ્મી વગેરેની તીવ્ર મમતા ન રહે.

ગાથા–૧૯

**હવે આગળ જે લક્ષ્મીને ધર્મકાર્યમાં લગાવે છે તેની પ્રશંસા કરે છે :–**

**यः वर्धमानलक्ष्मीं अनवरतं ददाति धर्मकार्येषु।**
**सः पण्डितैः स्तूयते तस्य अपि सफला भवेत् लक्ष्मीः।।१९।।**

**અર્થ :– જે પુરુષ, પુણ્યોદયથી વધતી જતી જે લક્ષ્મી, તેને નિરંતર ધર્મકાર્યોમાં આપે છે તે પુરુષ પંડિતજનો વડે સ્તુતિ કરવા યોગ્ય છે અને તેની જ લક્ષ્મી સફલ છે.**

**ભાવાર્થ :– લક્ષ્મીને પૂજા પ્રતિષ્ટા યાત્રા પાત્રદાન અને પરોપકાર ઇત્યાદિ ધર્મકાર્યોમાં ખર્ચતાં જ તે સફલ છે અને પંડિતજનો તેની પ્રશંસા કરે છે.**

અર્થ :– જે જીવને પૂર્વના પુણ્યના ઉદયથી લક્ષ્મી વધતી જાય છે તે લક્ષ્મીને જે જીવ નિરંતર ધર્મ કાર્યોમાં ખર્ચે છે તે પુરુષ પ્રશંસનીય છે. ધર્માત્માને ત્યાં લક્ષ્મી હોય તો હંમેશ હંમેશ ધર્મનાં નવા નવા મહોત્સવ કાઢ્યા કરે, રોજ રોજ નવા નવા મહોત્સવ નિમિત્તે ધર્મ કાર્યોમાં તે પોતાની લક્ષ્મીને વાપર્યા કરે છે. લક્ષ્મી ખર્ચે ખૂટતી નથી, ધર્મીને શ્રદ્ધા છે કે પુણ્યના ફળમાં લક્ષ્મી મળે છે. તે લક્ષ્મી ખર્ચવાથી ખૂટતી નથી, પુણ્ય ખૂટતાં લક્ષ્મી ખૂટશે,

પૈસા ખર્ચતાં પુણ્ય ખૂટી જવાનાં નથી, ને પુણ્ય ખૂટ્યાં તો પૈસા રહેવાના નથી, માટે ધર્મ કાર્યોમાં તેને લક્ષ્મી ખર્ચવામાં કંજુસાઈ થતી નથી. ઊલટું સત્ કાર્યમાં લક્ષ્મી ખર્ચતાં નવાં પુણ્યની વૃદ્ધિ થશે, અજ્ઞાનીને પૂર્વનાં પુણ્યનો પણ વિશ્વાસ નથી. ને ધ્રુવ ચિદાનંદ આત્માની પણ શ્રદ્ધા નથી. તથા લક્ષ્મી વગેરેને તે ખરેખર અનિત્ય જાણતો નથી. તેથી મમતાથી તેને સ્થિર રાખવા માગે છે, ધર્મીની દૃષ્ટિમાં શુદ્ધ આત્માની ભાવના નિરંતર હોય છે. તેમજ બહારમાં ધર્મ પ્રભાવના વગેરે કાર્યમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ પણ તેને નિરંતર હોય છે, ધર્મીને ચૈતન્યની રુચિપૂર્વક પોતાના પરિણામમાં ધર્મનો પ્રેમ છે તેની આ વાત છે. જગતમાં દેવ-ગુરુ-ધર્મનાં જે કાર્યો છે તે તો થયાં જ કરે છે, પણ જીવને ધર્મની રુચિપૂર્વક પ્રભાવના વગેરેનો ભાવ આવ્યા વિના રહેતો નથી.

જુઓ ! આ શાસ્ત્ર નિર્ગ્રંથ દિગંબર ભાવલિંગી સંતનું રચેલું છે, તેમની પાસે કાંઈ પરિગ્રહ હોતો નથી. વારંવાર આત્માના આનંદમાં લીન થઈ જાય છે, એવા સંતોને કાંઈ તારી લક્ષ્મીની જરૂર નથી, પણ જેને ધર્મની પ્રીતિ હોય તેવા જીવને દાનાદિમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી, ધર્મની પ્રીતિવાળા વિવેકી જીવને પોતાના પરિણામમાંથી રાગાદિ ઘટાડવા માટે ધર્મ કાર્યમાં લક્ષ્મી વગેરે ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી, જુઓ, કેટલાક જીવો ધાર્મિક કાર્યની સામે જોતાં નથી ને બહારમાં લૌકિક કાર્યોમાં ધન વગેરે વાપરે છે, એવા જીવોને ધર્મનો વિવેક નથી. અહીં તો કહ્યું કે ધર્મ કાર્યમાં લક્ષ્મી વાપરવાનો જેને ઉત્સાહ છે તેને પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી તેવા જીવને પંડિત પુરુષો પ્રશંસે છે. મૂઢ જીવોને તો વિવેક નથી, તેથી કોઈ લગ્ન વગેરેમાં વેશ્યા નચાવવામાં હજારો રૂપિયા ખર્ચી નાખે તેવા જીવના પણ વખાણ કરે છે. પણ પંડિત પુરુષો તેવાને વખાણતા નથી. જેને આત્માના સ્વભાવ પ્રત્યે બેહદ બહુમાન પ્રગટ્યું છે, અને બહારમાં નિમિત્ત તરીકે સર્વજ્ઞદેવનું જિનમંદિર, પાત્રદાન વગેરેમાં લક્ષ્મી ખર્ચવાનો ઉત્સાહ આવે છે. તેને સંસારના અનુરાગ કરતાં ધર્મના નિમિત્તો પ્રત્યેનો, સાધર્મી જીવો પ્રત્યેનો અનુરાગ વધી જાય છે, અજ્ઞાની તો કહે કે, અરે ! આરંભ થાય ! એમ માનીને જિનમંદિર વગેરેના કાર્યનો નિષેધ કરે છે. તેને ધર્મનું કે ધર્મના નિમિત્તનું ભાન નથી, ત્રિલોકનાથ તીર્થંકરના વિરહે સમ્યગ્દષ્ટિને ભગવાનની પ્રતિમાની પૂજા ભક્તિનો ભાવ ઉલ્લસ્યા વિના રહેતો નથી, જેમ પરદેશ ગયેલા પતિનો ફોટો જોવાનું મન થાય છે. તેમ ધર્માત્માને સર્વજ્ઞદેવ પ્રત્યેનું બહુમાન છે તેથી તેમના પ્રતિમાજી વગેરેને દેખતાં ભક્તિ આવ્યા વિના રહેતી નથી, તે દેવ-ગુરુની પ્રભાવના વગેરેમાં પોતાનો ભાવ ઊલ્લસ્યા

વિના રહેતો નથી. દસ લાખની મૂડીવાળાનો દીકરો પરણતો હોય તો ત્યાં લક્ષ્મી વાપરવાનો ઉત્સાહ કેમ આવે છે ? તેમ પાત્ર જીવોને જિનમંદિર-પ્રતિષ્ઠા-પૂજા-યાત્રા-પાત્રદાન વગેરે ધર્મ કાર્યમાં લક્ષ્મી વાપરવાનો ભાવ આવે છે, જે લક્ષ્મી જિનેન્દ્રદેવની પૂજા-પ્રતિષ્ઠા વગેરે ધર્મ કાર્યમાં વપરાય છે તે જ સફળ છે.

ગાથા–૨૦

एवं यः ज्ञात्वा विफलितलोकेभ्यः धर्मयुक्तेभ्यः।
निरपेक्षः तां ददाति खलु तस्य भवेत् जीवितं सफलं।।२०।।

**અર્થ :– જે પુરુષ, ઉપર કહ્યા પ્રમાણે જાણીને ધર્માત્મા જે નિર્ધનજન છે તેમને પ્રતિઉપકારની વાંચ્છારહિત થઈને તે લક્ષ્મીને આપે છે તેનું જીવન સફલ છે.**

**ભાવાર્થ :– પોતાનું પ્રયોજન સાધવા અર્થે તો દાન આપવાવાળા જગતમાં ઘણા છે પરંતુ જે પ્રતિઉપકારની વાંચ્છારહિતપણે ધર્માત્મા તથા દુઃખી-દરિદ્ર પુરુષોને ધન આપે છે તેવા વિરલા છે અને તેમનું જ જીવિતવ્ય સફલ છે.**

અર્થ :– જેણે શુદ્ધ ચૈતન્યનો પ્રેમ કર્યો છે ને લક્ષ્મીનો પ્રેમ છોડ્યો છે એવા ધર્મી જીવને અન્ય નિર્ધન સાધર્મી વગેરેને જોતાં તેના ઉપર વાત્સલ્યભાવ આવ્યા વિના રહેતો નથી. કોઈ સાધર્મી નિર્ધન હોય તેને દેખીને તેના પાસેથી બદલાની આશા વગર જે પોતાની લક્ષ્મી વગેરે આપે છે તેનું જીવન સફળ છે, પૈસા આપીને સામાને ઓશિયાળો બનાવી રાખે તેવા જીવો તો જગતમાં ઘણાં છે, પણ સાધર્મી જીવને તેમજ બીજા જીવોને પ્રતિઉપકારની આશા વગર જે ધન વગેરે આપે છે એવા જીવો વિરલા છે. સ્વભાવમાં રાગ ઘટાડવાનો પ્રયત્ન વર્તે છે એવા જીવોને સાધર્મી વગેરે માટે લક્ષ્મી ખર્ચવાનો ભાવ આવે છે, જેને નિરપેક્ષ ચૈતન્યનું ભાન અને ભાવના વર્તે છે તેને જ દાન વગેરેમાં પ્રતિઉપકારની અપેક્ષા છૂટે છે, ને એવા જીવનું જ જીવન સફળ છે, ચૈતન્યની રુચિ વર્તે છે ને રાગ ઘટાડવાનો પ્રયત્ન વર્તે છે તેથી તેનું જીવન સફળ કહ્યું છે.

**પ્રવચન પછી**

અહો ! જુઓ તો ખરા ! છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મુનિઓને પણ આવા ઉપદેશનો વિકલ્પ આવે છે કે, ધર્મી ગૃહસ્થો જિનમંદિર બંધાવે, પૂજા-પ્રતિષ્ઠા કરે, પાત્રદાન કરે, યાત્રા કરે, સાધર્મીઓને મદદ કરે, ગૃહસ્થોની ભૂમિકામાં તેવો ભાવ હોય છે ને મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને તેવા ઉપદેશનો વિકલ્પ આવે છે. તેથી આ ઉપદેશ કર્યો છે. મુનિ પોતે જિનમંદિર – પૂજા વગેરે કાર્યો ન કરે, પણ ગૃહસ્થ ધર્માત્માઓને તેવાં શુભ કાર્યોનો ઉપદેશ આપવાનો વિકલ્પ તો તેમને પણ આવે છે અને ગૃહસ્થ કહે કે, અમને તેવો ભાવ નથી આવતો, અમે તો નિશ્ચયના જ વિચારમાં રહીએ છીએ – તો તે જીવને પોતાની ભૂમિકાનો વિવેક નથી, ભૂમિકાના પ્રમાણમાં ભગવાનની પૂજા-ભક્તિ, બહુમાન, સાધર્મી પ્રત્યે પ્રેમ વગેરે ભાવો આવ્યા વિના રહેતા નથી, એમ સમજવું જોઈએ.

**વૈશાખ સુદ ૧૪, ગુરુવાર, તા. ૮-૫-૫૨**

આ અનિત્ય ભાવનાનું વર્ણન છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદ છે. એવું નિજ ઘર જેણે જોયું છે તે જ જીવ જગતના પદાર્થોની પર્યાયની અનિત્ય ભાવના ભાવે છે – જેને પર્યાયબુદ્ધિ હોય એટલે કે પર્યાયની ક્ષણિકતાને ન જાણતાં તેને સ્થિર રાખવા માગતો હોય તેને ખરી અનિત્ય ભાવના હોતી નથી. એટલે કે ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની આ અનિત્ય ભાવના છે એમ સમજવું. પુણ્ય-પાપ દેહાદિને અનિત્ય માને અને વળી તેનાથી લાભ માને તો તેને અનિત્યભાવના હોતી નથી. જેનાથી લાભ માને તેને તો સ્થિર રાખવા માગે, અજ્ઞાની પોતાના ધ્રુવ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ છોડીને પર સંયોગોથી લાભ માનીને તેને સ્થિર રાખવા માગે છે તે મોહનું માહાત્મ્ય છે એમ હવે કહે છે :–

ગાથા–૨૧

હવે આગળ મોહનું માહાત્મ્ય દર્શાવે છે :–

મોહનું માહાત્મ્ય

जलबुद्‌बुदसद्दशं धनयौवनजीवितं अपि पश्यन्तः।
मन्यन्ते तथापि नित्यं अति बलिष्ठं मोहमाहात्म्यम्।।२१।।

**અર્થ :– આ પ્રાણી, ધન-યૌવન-જીવન જલના બુદ્‌બુદની માફક તુરત વિલય પામી જતાં જોવા છતાં પણ તેને નિત્ય માને છે એજ મોટું આશ્ચર્ય છે – એજ મોહનું મહા બળવાન માહાત્મ્ય છે.**

**ભાવાર્થ :– વસ્તુનું સ્વરૂપ અન્યથા જણાવવામાં મદ્યપાન, જ્વરાદિ રોગ, નેત્રવિકાર અને અંધકાર ઇત્યાદિ અનેક કારણો છે પરંતુ આ મોહ તો એ સર્વથી પણ બલવાન છે કે જે પ્રત્યક્ષ વસ્તુને વિનાશીક દેખે છે છતાં તેને નિત્યરૂપ જ મનાવે છે તથા મિથ્યાત્વ, કામ–ક્રોધ–શોક ઇત્યાદિક બધા મોહના જ ભેદ છે, એ બધાય વસ્તુસ્વરૂપમાં અન્યથા બુદ્ધિ કરાવે છે. હવે આગળ આ કથનને સંકોચે છે :–**

અર્થ :– જગતમાં દેખાય છે કે લક્ષ્મી ક્ષણમાં ચાલી જાય છે. દેહનો ક્ષણમાં વિનાશ થઈ જાય છે, ને યુવાન અવસ્થા પલટીને વૃદ્ધાવસ્થા થઈ જાય છે, અરે ! ૨૦-૨૫ વર્ષના જુવાન જોધ માણસો ક્ષણમાં જીવન પૂરું કરીને ચાલ્યા જાય છે. આવી અનિત્યતા નજરે જોવા છતાં મોહને લીધે જીવ તે શરીર-ધન-જીવન વગેરેને નિત્ય માનીને તેમાં મોહિત થઈ રહ્યો છે, એ મોટું આશ્ચર્ય છે. મૃત્યુ વગેરે દેખીને ક્ષણિક વૈરાગ્ય આવે તેની આ વાત નથી, આ તો ધ્રુવ ચૈતન્યની ભાવના સહિત, અનિત્ય પદાર્થો પ્રત્યેના વૈરાગ્યની વાત છે, પાણીના પરપોટાની માફક આ પદાર્થોનો સંયોગ ક્ષણિક છે, ધન–યૌવન કે જીવન તો પાણીના બુદ્‌બુદ જેવા અસ્થિર છે, એ વાત નજરે દેખાય છે કે તે બધું ક્ષણમાં વિલય પામી જાય છે, છતાં જીવ તેને સ્થિર રાખવાની ભાવના છોડતો નથી. ને ધ્રુવ દ્રવ્યના આશ્રયની ભાવના કરતો નથી, તે મોહનું મહાબળવાન માહાત્મ્ય છે, જુઓ ! કર્મનું જોર નથી પણ અજ્ઞાની

જીવ પોતે મોહભાવ કરે છે તેનું જ બળ છે.

જેમ સ્વપ્ન સ્થિર રહેતું નથી, તેમ શરીર, ધન વગેરે પણ જીવની પાસે સ્થિર રહેતાં નથી, એ તો ક્ષણિક છે, જુવાન શરીર હોય ને પરણવા જાય ત્યાં માંડવામાં જ આયુષ્ય પૂરું થઈ જાય ! આવા પ્રસંગો દેખીને પણ મૂઢ જીવો પોતે અંતરમાં ધ્રુવ દ્રવ્ય સ્વભાવ તરફ વળતા નથી, એ આશ્ચર્ય છે, ધર્માત્માને તો અંદર ધ્રુવ ચૈતન્યના ભાનપૂર્વક સંયોગમાં અનિત્યતાની ભાવના નિત્ય રહે છે. પર્યાયને સ્થિર રાખી શકે એવી કોઈની તાકાત નથી, માટે તે પર્યાયની ભાવના છોડીને, તારી જ્ઞાયક શક્તિ ધ્રુવ પડી છે તેની ભાવના કર, અંદર કેવળજ્ઞાનના ભંડાર ભર્યા છે તેને ખોલ !

જુઓ ! સંતો–મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને એવો પણ શુભ વિકલ્પ આવે છે કે, ગૃહસ્થ શ્રાવકો જિન મંદિર કરાવે, જિનબિંબ પ્રતિષ્ઠા કરાવે, ધર્મના મહોત્સવ કરે, એમાં આશય તો એવો છે કે તે તે ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પ્રભાવના વગેરેનો શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી, તેથી તેનું વર્ણન કર્યું છે.

અરે, જગતના જીવો લક્ષ્મીને નિત્ય માની રહ્યા છે. તેને બદલે તેને અધ્રુવ જાણે તો તેનો રાગ ઘટ્યા વિના રહે નહિ. જેને આત્માની પ્રીતિ થાય તેને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ બહુમાન આવ્યા વિના રહે નહિ અને તેને માટે લક્ષ્મી વગેરે વાપરવાનો ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ. તેથી મુનિવરોએ પણ તેનો ઉપદેશ કર્યો છે. સ્વભાવના ભાન પૂર્વકની ભૂમિકામાં તેમજ ત્યાર પહેલાં પણ આવો ભાવ આવ્યા વિના રહેતો નથી, શરીરાદિની અનિત્યતા જાણે અને તેના ઉપરથી મમતા ન ઘટે એમ બને નહિ. અહીં કહે છે કે, અરે જીવ ! એ નિશ્ચિત છે કે જીવન, ધન અને યૌવન તો ક્ષણમાં વિલય પામી જશે એ કોઈ ધ્રુવ રહેવાનાં નથી, ધ્રુવ તો આત્માનો જ્ઞાનાનંદ સ્વભાવ છે, આવા વસ્તુ સ્વરૂપના ભાન વિના મોહથી જીવો દેહાદિના સંયોગમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે.

ભાવાર્થ :– વસ્તુનું સ્વરૂપ અન્યથા જણાવવામાં મદ્યપાન, જ્વરાદિ રોગ, નેત્રવિકાર અને અંધકાર ઇત્યાદિ અનેક કારણો છે પરંતુ આ મોહ તો એ સર્વથી પણ બલવાન છે કે જે પ્રત્યક્ષ વસ્તુને વિનાશીક દેખે છે છતાં તેને નિત્યરૂપ જ મનાવે છે તથા મિથ્યાત્વ, કામ–ક્રોધ–શોક ઇત્યાદિક બધા મોહના જ ભેદ છે, એ બધાય વસ્તુસ્વરૂપમાં અન્યથા બુદ્ધિ કરાવે છે.

વસ્તુ સ્વરૂપને વિપરીત દેખવામાં નિમિત્ત તરીકે મદ્યપાન, નેત્રવિકાર વગેરે ઘણા છે,

પણ મૂળ કારણ તો જીવનો મોહભાવ જ છે. ઊંધી માન્યતાને લીધે જીવ અનિત્ય પદાર્થોને શરણભૂત માને છે. કુદેવ-કુગુરુને આદરે છે. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ માને છે – આ બધામાં મોહનું માહાત્મ્ય છે, મોહને લીધે જીવ અનિત્ય વસ્તુને પણ નિત્યરૂપ માને છે, જુઓ ! કોઈ બીજો તેને ભૂલ કરાવતો નથી, પણ જીવ પોતે મોહથી – મિથ્યાત્વથી વસ્તુસ્વરૂપને વિપરીત માને છે. તેજ સંસારનું કારણ છે, અજ્ઞાની ચૈતન્યના સુખને ચૂકીને, કામવાસનાને લીધે વિષયોમાં પણ સુખ માને છે, વિષયો દુઃખદાયક હોવા છતાં અજ્ઞાનીને કામવાસનાને લીધે તેમાં સુખ લાગે છે, વળી ક્રોધને લીધે પણ જીવ વસ્તુ સ્વરૂપને ઊંધું દેખે છે, હું ક્રોધ અને કડકાઈ રાખું તો બધાય મારું માને અને વ્યવસ્થા સરખી ચાલે – એમ જે માને છે તે જીવ પણ મોહી છે, ક્રોધ તો પ્રત્યક્ષ દુઃખરૂપ છે. છતાં જીવ તેને હિતરૂપ માને છે, ધર્મીને અલ્પ ક્રોધ થાય ત્યાં તેજ વખતે તેની દૃષ્ટિમાં ક્રોધ રહિત શાંત સ્વરૂપનું ભાન છે અને ક્રોધને તે દુઃખરૂપ જાણે છે.

ખૂબ રોઈ લેવાદ્યો એટલે તેનું હૈયું ખાલી થાય – એમ અજ્ઞાની માને છે. પણ અરે ભાઈ ! રોવાનો ભાવ તે શોક છે, તે તો આર્તધ્યાન છે, પાપ છે. શું તેનાથી શાંતિ થાય ? અરે ! તારા નિત્ય ચિદાનંદ સ્વભાવને યાદ કરીને શોકને છોડ, તો શાંતિ થાય, અનંતા સંતો ચિદાનંદ સ્વરૂપનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પામ્યા છે. માટે તે ચિદાનંદ સ્વરૂપની ભાવના કર. જેને ચિદાનંદ સ્વરૂપની ભાવના નથી અને અનિત્ય સંયોગમાંથી સુખ લેવા માગે છે, તથા ક્રોધ-કામ-શોક વગેરેને સુખરૂપ માને છે તે જીવ મોહથી મૂઢ થયેલા છે.

વાસુદેવ–બળદેવ બન્ને ભાઈઓ મહા જોધ્ધા છે. તેમાં પહેલાં વાસુદેવ મરે એવો અનાદિ નિયમ છે. અને પછી બળદેવ મોહને વશ ભાઈના મૃતક શરીરને છ મહિના સુખી ખંભે ઉપાડીને ફરે છે ! જુઓ મોહ !! તેને તો તે વખતે અંતરમાં આત્માનું ભાન છે. લક્ષ્મણને રામચંદ્રજી ઉપર કેવો પ્રેમ છે તેની પરીક્ષા કરવા દેવોએ લક્ષ્મણને કહ્યું કે, 'રામચંદ્રજી સ્વર્ગવાસ પામ્યા' એ વાત સાંભળતાં જ 'હા ! રા...મ' એમ બોલતાં જ લક્ષ્મણજીનો દેહ છૂટી ગયો. જુઓ ! ક્ષણિકતા, દેહાદિ કાંઈ પણ સ્થિર રહેનાર નથી – એમ જાણીને હે જીવ ! તું તારા નિત્ય ચિદાનંદની ભાવના કર, ને મહામોહને છોડ.

હવે આ અનિત્ય અધિકારની છેલ્લી ગાથા કહે છે :–

ગાથા-૨૨

**હવે આગળ આ કથનને સંકોચે છે :-**

**त्यक्त्वा महामोहं विषयान् श्रुत्वा भंगुरान् सर्वान्।**
**निर्विषयं कुरुष्व मनः येन सुखं उत्तमं लभते।।२२।।**

**અર્થ :- હે ભવ્ય જીવ ! તું સમસ્ત વિષયોને વિનાશીક સાંભળીને મહામોહને છોડી તારા અંતઃકરણને વિષયોથી રહિત કર ! જેથી તું ઉત્તમસુખને પ્રાપ્ત થાય.**

**ભાવાર્થ :- ઉપર કહ્યા પ્રમાણે સંસાર-દેહ-ભોગ-લક્ષ્મી ઇત્યાદિ સર્વ અસ્થિર દર્શાવ્યા, તેને સાંભળી જે પોતાના મનને વિષયોથી છોડાવી આ અસ્થિરભાવના ભાવશે તે ભવ્યજીવ સિદ્ધપદના સુખને પ્રાપ્ત થશે.**

અર્થ :- અરે જીવ ! અમારી પાસેથી તે ચૈતન્ય શક્તિનું શ્રવણ કર્યું અને વિષયોની ક્ષણભંગુરતાને જાણી, તો હવે તો તારા ધ્રુવ સ્વભાવની ભાવના કરીને મહામોહને છોડ, વિષયો વિનાશીક છે. એમ જાણીને પર વિષયોની રુચિ છોડીને, સ્વ વિષયને દૃષ્ટિમાં લે, ચિદાનંદ દ્રવ્યની રુચિ કરીને અને વિષયોની પ્રીતિ છોડીને તારા અંતઃકરણને વિશુદ્ધ કર. તારા અંતરને વિષયોથી ખાલી કર તો તેમાં ચૈતન્યની દૃષ્ટિ સમાશે, વિષયોની અનાદિથી જેવી પ્રીતિ છે તેવી જ પ્રીતિ રહે તો તેને ચૈતન્ય સ્વભાવ દૃષ્ટિમાં નહિ આવે. અહીં તો કહે છે કે, અહો ! જે જીવ આવી અનિત્ય ભાવના સાંભળીને નિત્ય ધ્રુવ એવા સ્વદ્રવ્યની ભાવના કરશે અને ક્ષણિક વિષયોની ભાવના છોડશે તે ભવ્ય જીવ અલ્પકાળમાં સિદ્ધદશાનાં સુખને પામશે.

ભાવાર્થ :- ઉપર કહ્યા પ્રમાણે સંસાર-દેહ-ભોગ-લક્ષ્મી ઇત્યાદિ સર્વ અસ્થિર દર્શાવ્યા, તેને સાંભળી જે પોતાના મનને વિષયોથી છોડાવી આ અસ્થિરભાવના ભાવશે તે ભવ્ય જીવ સિદ્ધ પદના સુખને પ્રાપ્ત થશે.

દોહરા

**द्रव्यदृष्टितैं वस्तु थिर, पर्यय अथिर निहारि।**
**उपजत विनशत देखिकैं हरष विषाद निवारि।।१।।**

અરે જીવ ! અનંતકાળ વિષયોમાં હર્ષ-શોક કર્યાં, પણ તેમાં આત્માનું હિત થયું નથી, માટે વૈરાગ્ય પામીને હર્ષ-શોકને છોડ, દ્રવ્યદષ્ટિથી વસ્તુ સ્થિર છે – એમ જાણીને તેની ભાવના કર ! અને પર્યાયદષ્ટિથી વસ્તુ અસ્થિર છે – એમ જાણીને તેમાં હર્ષ-શોકને છોડ, અરે જીવ ! હવે વૈરાગ્ય પામ... વૈરાગ્ય પામ ! તીર્થંકર ભગવંતો દીક્ષા લેતા પહેલાં ગૃહસ્થાશ્રમમાં આવી ભાવનાઓ ભાવે છે.

જુઓ ! શ્રી ઋષભદેવ ભગવાન રાજસભામાં બિરાજતા હતા, અપસરાઓ ભક્તિથી નૃત્ય કરતી હતી, ત્યાં નૃત્ય કરતાં કરતાં જ નીલાજના નામની દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. ભગવાનના ખ્યાલમાં તે વાત આવી ગઈ, અને તરત જ વૈરાગ્ય પામીને અનિત્ય ભાવના વગેરે બાર ભાવના ચિંતવવા લાગ્યા. અહો ! આખો સંસાર અનિત્ય છે, વીજળીના ઝબકારની માફક ક્ષણમાં વિલય પામી જાય છે. અંદર ધ્રુવ ચૈતન્યનું ભાન હતું અને આવી ભાવના ભાવીને વૈરાગ્ય પામીને દીક્ષિત થયા, એ રીતે આ વૈરાગ્ય ભાવનાઓ જીવે ક્ષણેક્ષણે ભાવવા જેવી છે.

એ પ્રમાણે પહેલા અધ્રુવ ભાવના પૂરી થઈ.

# ૨. અશરણ ભાવના

ગાથા–૨૩

**तत्र भवे किं शरणं यत्र सुरेन्द्राणां दृश्यते विलयः।**
**हरिहरब्रह्मादयः कालेन च कवलिताः यत्र।।२३।।**

**અર્થ :– જે સંસારમાં દેવોના ઇન્દ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે, જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રુદ્ર અને વિધાતા અર્થાત્ બ્રહ્મા તથા આદિ શબ્દથી મોટા મોટા પદવી ધારક સર્વ કાળ વડે કોળીઓ બની ગયા તે સંસારમાં શું શરણરૂપ છે ? કાંઈ જ નથી.**

**ભાવાર્થ :– શરણ તેને કહેવાય કે જ્યાં પોતાની રક્ષા થાય, પણ સંસારમાં તો જેનું શરણ વિચારવામાં આવે તે પોતે જ કાળ પામતાં નાશ પામી જાય છે ત્યાં પછી શાનું શરણ ?**

અર્થ :– અહો ! પોતાનું ચિદાનંદ તત્ત્વ જ જીવને શરણભૂત છે, એ સિવાય ચક્રવર્તીપદ કે બળદેવ–વાસુદેવ પદ વગેરે કાંઈ જીવને શરણ નથી માટે હે જીવ ! તારા સ્વભાવને શરણભૂત જાણીને તેની જ શ્રદ્ધા કર.

સર્વજ્ઞ ભગવાન કહે છે કે, હે જીવ ! તને બહારમાં શરણ નથી, દેહથી નિરાળો આત્મા જ શરણભૂત છે. મોટા મોટા રાજાઓ ને ઇન્દ્રો પણ કાળનો કોળિયો થઈ જાય છે. તો જીવને કોણ શરણભૂત છે ? કોઈ શરણ નથી. શરણ તો તેને કહેવાય કે જે પોતાની રક્ષા કરે, રક્ષા કરનાર તો પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તે જ શરણભૂત છે.

અશરણતાનો દાખલો આપે છે.

ગાથા–૨૪

**આગળ તેનું દૃષ્ટાંત કહે છે :–**

**सिंहस्य क्रमे पतितं सारङ्ग यथा न रक्षते कः अपि।**
**तथा मृत्युना च गृहीतं जीवं अपि न रक्षते कः अपि।।२४।।**

**અર્થ :– જેમ જંગલમાં સિંહના પગ તળે પડેલા હરણને કોઈપણ રક્ષણ કરવાવાળું નથી તેમ આ સંસારમાં કાળવડે ગ્રહાયલા પ્રાણીને કોઈપણ રક્ષણ આપી શકતું નથી.**

**ભાવાર્થ :– જંગલમાં સિંહ કોઈ હરણને (પોતાના) પગતળે પકડે તેને કોણ રક્ષણ કરે ? એજ પ્રમાણે આ કાળનું દૃષ્ટાંત જાણવું. આગળ એજ અર્થ દઢ કરે છે.**

અર્થ :– જ્યાં કાળ પૂરો થયો ત્યાં કોણ શરણ થાય તેમ છે ? એક ક્ષણ પણ કોઈ શરણભૂત નથી. મોટા રાજાઓ જંગલમાં અશરણપણે મરે છે, મરવા ટાણે ચારેકોર સગાંવહાલા ઊભાં હોય – પણ મરનાર જીવને તે કોઈનું શરણ નથી, જીવને શરણ તો શુદ્ધ રત્નત્રય જ છે, મરણનો દાખલો આપ્યો છે. પરંતુ જીવતાં પણ જીવને કોઈ બીજું શરણભૂત નથી, આમ જાણીને – વીજળીના ઝબકારા જેવા આ મનુષ્ય દેહમાં ભેદવિજ્ઞાન કરી લ્યો.

ગાથા–૨૫

**यदि देवः अपि च रक्षति मन्त्रः तन्त्रः च क्षेत्रपालः च।**
**म्रियमाणं अपि मनुष्यं तत् मनुजाः अक्षयाः भवन्ति।।२५।।**

**અર્થ :– મરણને પ્રાપ્ત થતા મનુષ્યને જો કોઈ દેવ મંત્ર તંત્ર ક્ષેત્રપાલ અને ઉપલક્ષણથી લોક જેને રક્ષક માને છે તે બધાય રાખવાવાળા હોય તો મનુષ્ય અક્ષય થઈ જાય અર્થાત્ કોઈપણ મરે જ નહિ.**

**ભાવાર્થ :– લોકો જીવવાને માટે દેવપૂજા મંત્રતંત્ર અને ઔષધી આદિ અનેક ઉપાય**

**કરે છે પરંતુ નિશ્ચયથી વિચારીએ તો કોઈ જીવિત (શાશ્વત) દેખાતું નથી છતાં નિરર્થક જ મોહથી વિકલ્પ ઉપજાવે છે.**

અર્થ :– મરતાં મનુષ્યને જો કોઈ મૃત્યુથી બચાવી શકતું હોય તો તો જગતમાં કોઈ મરે જ નહિ. 'મૃત્યં જય' મંત્ર જપે, પણ તે કોઈ જીવને મૃત્યુથી બચાવનાર નથી, જે દોરા ધાગા કરે છે તે તો તીવ્ર મૂઢતા છે, સર્વજ્ઞનો ભક્ત કુદેવ-દેવલાને માને નહિ, દોરા ધાગા કરે નહિ. અહો ! એક ચૈતન્ય જ શરણ છે. એને સંભાળ, દેહ તો તેના કાળે ચાલ્યો જશે. અહો ! અરિહંતોએ કહેલો મારો આત્મસ્વભાવ જ મને શરણ છે, મોહને વશ થઈને જીવ મંત્ર-તંત્ર-પૂજા વગેરે ઉપાય વડે જીવન રાખવા માગે છે, પણ તે કોઈ શરણ થતું નથી, એકનો એક જુવાન દીકરો મરવાની તૈયારીમાં હોય અને કોઈ કહે કે અમુક માન્યતા કરો – તો દીકરો મરતો બચી જશે તો ભગવાનનો ભક્ત તેને માને નહિ, ધર્મનું ફળ અમર છે, તેથી ધર્મ જ અમર ફળ છે, એ સિવાય બીજું કોઈ 'અમર ફળ' દુનિયામાં નથી.

ગાથા–૨૬

**આગળ એજ અર્થને ફરીથી દઢ કરે છે :–**

**अतिबलिष्टः अपि रौद्रः मरणविहींनः न दृश्यते कः अपि।**
**रक्षमाणः अपि सदा रक्षा प्रकारैः विविधैः।।२६।।**

**અર્થ :– આ સંસારમાં અતિ બળવાન અને અતિ રૌદ્ર–ભયાનક અનેક રક્ષણના પ્રકારોથી નિરંતર રક્ષણ કરવામાં આવતાં છતાં પણ મરણ રહિત કોઈ પણ દેખાતું નથી.**

**ભાવાર્થ :– ગઢ કોટ સુભટ અને શસ્ત્ર આદિ અનેક રક્ષાના પ્રકારોથી ઉપાય ભલે કરો પરંતુ મરણથી કોઈ બચતું નથી અને સર્વ ઉપાયો વિફલ (અફલ) જાય છે.**

અર્થ :– મજબુત કિલ્લામાં રહેને ચારેકોર ચોકી રાખે. છતાં પણ મૃત્યુથી કોઈ બચી

શકતું નથી. પર્યાય તો પલટી જશે જ, માટે તેની સામે ન જો, નિત્ય ચિદાનંદ પ્રભુ એવો તારો આત્મા જ તને શરણભૂત છે, માટે તેની સામે જોઈને તેની ભાવના કર, અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ એમ કહેવાય તે નિમિત્તથી છે. ખરેખર તે કોઈ જીવને શરણ આપવા આવતા નથી, શરણ તો પોતાનો આત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ જીવનું સાચું શરણ છે, ગમે તે ઉપાયથી દેહનું રક્ષણ કરવા માગે તો તે થઈ શકે તેમ નથી, ઉપયોગને અંતરમાં વાળીને જેણે ચૈતન્યમાં સ્થિર કર્યો તેણે પોતાના ઉપયોગનો એવો ગઢ રચ્યો કે દેહમાં લાખો વીંછી કરડે તોય ચૈતન્યનું શરણ છૂટે નહિ. આવા ચૈતન્યને ઓળખીને તેનું શરણ કરવા જેવું છે, આ સિવાય જગતમાં કોઈ શરણ નથી.

# પ્રસાદ નં. – ૧૯૯

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૭, વર્ષ ૨જાું. પુસ્તક સાતમું, સોનગઢ, તા. ૧૬-૫-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ વદ ૧, શનિવાર, ૧૦-૫-૫૨ સવારે)**

સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં બાર વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન છે, તીર્થંકરો પણ આવી વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે; આત્મસ્વભાવની દષ્ટિપૂર્વકની આ બાર ભાવનાઓ છે. ભવ્ય જીવોને આ વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન આનંદ ઊપજાવનારું છે. બાર ભાવનામાં અધ્રુવ ભાવનાનું વર્ણન પૂરું થયું છે. હવે બીજી અશરણ ભાવના ચાલે છે. જીવને પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા સિવાય બીજું કોઈ શરણ જગતમાં નથી, એક ધ્રુવ ચિદાનંદ આત્મા જ શરણ છે. ઉપયોગને અંતરમાં વાળીને જે એકાગ્ર થયો તેણે આત્માની રક્ષાનો ગઢ કર્યો, તેમાં કોઈ રોગ - શસ્ત્ર કે પ્રતિકૂળતા નડે નહિ. ચૈતન્યને ભૂલીને પરનું શરણ જે શોધે છે તે અજ્ઞાની છે.

ગાથા–૨૭

**આગળ પરમાં શરણ કલ્પે તેના અજ્ઞાનને દર્શાવે છે :–**

**एवं पश्यन् अपि खलु ग्रहभूतपिशाचयोगिनीयक्षम्।**
**शरणं मन्यते मूढः सुगाढमिथ्यात्वभावतः।।२७।।**

**અર્થ :– એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી અશરણતા પ્રત્યક્ષ દેખવા છતાં પણ મૂઢમનુષ્ય, તીવ્ર મિથ્યાત્વભાવથી સૂર્યાદિ ગ્રહ, ભૂત, વ્યંતર, પિશાચ, જોગણી, ચંડિકાદિક અને યક્ષ જે મણિભદ્રાદિકનું શરણ માને છે.**

**ભાવાર્થ :– આ પ્રાણી પ્રત્યક્ષ જાણે છે કે મરણથી કોઈપણ રક્ષણ કરવાવાળું નથી છતાં એ ગ્રહાદિકમાં શરણપણું કલ્પે છે, એ બધું તીવ્ર મિથ્યાત્વના ઉદયનું મહાત્મ્ય છે.**

અશરણપણું પ્રત્યક્ષ દેખાય છે કેમકે જગતમાં કોઈ કોઈને મરતું બચાવી શકતું નથી. છતાં મૂઢ જીવો સૂર્ય વગેરે ગ્રહનું કે વ્યંતર, મણિભદ્ર વગેરેનું શરણ માનીને તેની પૂજા કરે છે તે મૂઢતા છે. જાણે કે મને મૃત્યુથી કોઈ બચાવી દેશે – એમ મૂઢ જીવ માને છે. પણ અરે ભાઈ ! દેહ તો સંયોગી અને અનિત્ય છે, તેના વિયોગ થતો કોઈ અટકાવી શકે નહિ માટે ચૈતન્યના શરણને ઓળખ ! કોઈ દેવ-દેવલા મને નડે છે, માટે તેની પૂજા માન્યતા કરીએ તો તે આપણું રક્ષણ કરે એવી જેની માન્યતા છે તે મૂઢ જીવ મિથ્યાત્વના મહાપાપને સેવે છે.

શરીરાદિ સંયોગી વસ્તુઓ છે, તે સંયોગનો તો વિયોગ જ થાય. સંયોગનો વિયોગ થાય પણ સ્વભાવનો કદી વિયોગ થાય નહિ અને પોતાના સ્વભાવ સાથે એકતા થઈ શકે પણ પરસંયોગની સાથે એકતા થઈ શકે નહિ. માટે સંયોગમાં શરણની બુદ્ધિ છોડ, ને અંદરના સ્વભાવને શરણરૂપ જાણીને તેની સાથે એકતા કર. સંસારમાં બાહ્ય સંયોગ પુણ્ય હશે ત્યાં સુધી રહેશે, જે ભૂતડાંને કે ગ્રહ વગેરેને માને છે તેને તો પુણ્યની પણ શ્રદ્ધા નથી. પુત્રની આશાથી પીરને માને, મણિભદ્ર વગેરેને માને તે જીવો તો મહા મૂઢતાને સેવી રહ્યા છે. સર્વજ્ઞદેવનો ભક્ત કોઈને માને નહિ, પુણ્ય ન હોય તો જગતમાં કોઈ આપી દે તેમ નથી,

અને પુણ્ય હશે તો જગતમાં કોઈ વિઘ્ન કરવા સમર્થ નથી. ધર્મી તો કહે છે કે સંયોગનું શરણ મારે નથી, ને પુણ્યનું શરણ પણ નથી. પુણ્ય પણ ક્ષણિક ચીજ છે. મારું શરણ તો મારો ચિદાનંદ આત્મા જ છે. આમ શરણભૂત આત્માના ભાનસહિત ધર્મીને અશરણ ભાવના નિરંતર હોય છે.

ગાથા–૨૮

**આગળ મરણ થાય છે તે આયુના ક્ષયથી જ થાય છે એમ કહે છે :–**

**आयुःक्षयेण मरणं आयुः ददातुं न शक्नोति कः अपि।**
**तस्मात् देवेन्द्रः अपि च मरणात् न रक्षते कः अपि।।२८।।**

**અર્થ :– કારણ કે આયુકર્મના ક્ષયથી મરણ થાય છે વળી એ આયુકર્મ કોઈને કોઈપણ આપવા સમર્થ નથી માટે દેવોનો ઇન્દ્ર પણ મરણથી બચાવી શકતો નથી.**

**ભાવાર્થ :– આયુ પૂર્ણ થવાથી મરણ થાય છે અને એ આયુ કોઈપણ કોઈને આપવા સમર્થ નથી તો પછી રક્ષણ કરવાવાળો કોણ છે ? તે વિચારો.**

જે ક્ષણે જીવનું મરણ થવાનું હોય તે ક્ષણે કોઈ ઇન્દ્ર નરેન્દ્ર પણ તેને બચાવવા સમર્થ નથી; આયુષ્ય પૂરું થતાં મરણ થાય છે, બીજો કોઈ જીવ આયુષ્ય આપી શકતો નથી. દવાથી કે બીજા કોઈ પણ ઉપાયથી કોઈને મરતો બચાવી શકાતો નથી. બીજો જીવ કલ્પના કરે કે, 'હું આને બચાવી દઊં' – તો તે તેની મિથ્યાકલ્પના છે. કોઈ જીવ કોઈને આયુષ્ય આપીને બચાવી શકે નહિ. તેમ જ કોઈ જીવ કોઈને મારી પણ શકે નહિ. જુઓ ! આ અશરણપણું બતાવીને કહે છે કે, તને તારા આત્મા સિવાય બીજું કોઈ શરણભૂત નથી, માટે તું તારા આત્માની શ્રદ્ધા કર.

ગાથા–૨૯

**આગળ એજ અર્થને દૃઢ કરે છે :–**

**आत्मानं अपि च्यवन्तं यदि शक्नोति रक्षितुं सुरेन्द्रः अपि।**
**तत् किं त्यजति स्वर्गं सर्वोत्तमभोगसंयुक्तम्।।२९।।**

**અર્થ :– દેવોનો ઇન્દ્ર પણ પોતાને ચવતો (મરતો) થકો રાખવાને સમર્થ હોત તો સર્વોત્તમ ભોગોસહિત જે સ્વર્ગનો વાસ તેને તે શા માટે છોડત ?**

**ભાવાર્થ :– સર્વ ભોગોનું સ્થળ પોતાના વશ ચાલતું હોય તેને કોણ છોડે ?**

અસંખ્ય દેવોનો સ્વામી ઇન્દ્ર, તેનું આયુષ્ય પણ જ્યાં પૂરું થાય, ત્યાં સ્વર્ગમાંથી ચવતાં તે પોતે પોતાને રાખી શકતો નથી. સ્વર્ગના ઇન્દ્રને પણ આયુષ્ય પૂરું થતાં તેને મરણથી બચાવવા કોઈ શરણ નથી. તો અન્ય જીવોની તો શું વાત ? જેને શરણભૂત ચૈતન્યનું ભાન નથી તે મરતાં અશરણપણે મરે છે. ને ધર્મીને તો સદા શરણભૂત ચૈતન્યનું ભાન છે. એટલે તે તો ચૈતન્યના શરણપૂર્વક દેહ છોડે છે. અહો ! જીવનમાં જેણે ચૈતન્યનું શરણ નથી જાણ્યું, ને દેહ - મકાન વગેરેને શરણભૂત માન્યાં છે એવા જીવો મરતાં અશરણપણે મરે છે.

હવે જીવને સાચું શરણ શું છે ? તે બતાવે છે.

ગાથા–૩૦

**આગળ હવે પરમાર્થ (સાચું) શરણ દર્શાવે છે :–**

**दर्शनज्ञानचारित्रं शरणं सेवस्व परमश्रद्धया।**
**अन्यत् किं अपि न शरणं संसारे संसरताम्।।३०।।**

**અર્થ :– હે ભવ્ય ! તું પરમ શ્રદ્ધાપૂર્વક દર્શનજ્ઞાનચારિત્ર સ્વરૂપ (આત્માના) શરણને**

**સેવન કર, આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને અન્ય કોઈ પણ શરણ નથી.**

**ભાવાર્થ :– સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પોતાનું સ્વરૂપ છે અને એજ પરમાર્થરૂપ (વાસ્તવિક–સાચું) શરણ છે, અન્ય સર્વ અશરણ છે, નિશ્ચય શ્રદ્ધાપૂર્વક એજ શરણને પકડો એમ અહીં ઉપદેશ છે.**

શરીર તો જડ પરમાણુઓનો પિંડ છે, તે પરમાણુઓમાં ચૈતન્યનું શરણ નથી; શરણભૂત પોતાનો ચૈતન્ય સ્વભાવ છે, તે સ્વભાવમાં ભવ નથી; દુઃખ નથી. આમ પોતાના શરણભૂત સ્વભાવને હે ભવ્ય ! તું પરમશ્રદ્ધાપૂર્વક સેવન કર. સ્વસંવેદ્ય જ્ઞાનાનંદ આત્માની નિઃશંકપણે શ્રદ્ધા કર, તેને જ પરમશ્રદ્ધાપૂર્વક જાણ ને તેમાં રમણતા કર. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ એવા તારા આત્માને જ શરણપણે જાણીને તેનું સેવન કર; એના સિવાય બહારમાં બીજું કોઈ શરણ નથી.

દીપડો આવતો દેખીને લોકો ભયથી ભાગે છે – જાણે કે ક્યાંક બહારમાં શરણ હોય ! પણ અરે ભાઈ ! અંદરમાં ચૈતન્યના શરણે જા, તો તને દીપડાનો કે કોઈનો ભય રહે નહિ. દીપડો તો શરીરને ખાય, પણ અંદર શરણભૂત ચિદાનંદ આત્માની પરમશ્રદ્ધા કરીને તેનું શરણ લીધું, ત્યાં જીવને પ્રતિકૂળતાનો ભય રહેતો નથી.

અહો ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ આત્માનું સ્વરૂપ છે, અને તે જ પોતાને શરણભૂત છે. પોતાથી ભિન્ન શરણ ન હોય, મુનિવરોને પણ પંચમહાવ્રત વગેરેની જે વૃત્તિ ઊઠે તે ખરેખર આત્માનું સ્વરૂપ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ આત્માનું નિજસ્વરૂપ છે, એમ જાણીને એ જ શરણને અંગીકાર કરો. આ સિવાય બહારમાં સ્ત્રી, પુત્ર વગેરે કોઈ શરણ નથી. લોકો કહે છે કે 'अपुत्रस्य गतिः नास्ति' તેનો અર્થ એમ સમજવો કે આત્માને સમ્યગ્દર્શનરૂપી પુત્ર વગર મોક્ષગતિ થતી નથી. આત્માની શુદ્ધોપયોગરૂપ પરિણતિ તે જ તેની ખરી રમણી છે. બહારમાં રમણી વગેરે કોઈ જીવને શરણરૂપ નથી. શુદ્ધ રત્નત્રયરૂપે પરિણમેલો પોતાનો આત્મા જ પોતાનું શરણ છે. શરીર તો નાશ થવા યોગ્ય છે. તેને કોઈ રોકી શકે નહિ.

વળી આ વાતને દૃઢ કરે છે.

ગાથા–૩૧

**આગળ એજ વાતને દઢ કરે છે :–**

**आत्मानं अपि च शरणं क्षमादिभावैः परिणतं भवति।**
**तीव्रकषायाविष्टः आत्मानं हिनस्ति आत्मना।।३१।।**

**અર્થ :– જે પોતાને ક્ષમાદિ દશલક્ષણરૂપ પરિણત કરે તેજ શરણ છે, પણ જે તીવ્રકષાયયુક્ત થાય છે તે પોતાવડે પોતાને જ હણે છે.**

**ભાવાર્થ :– પરમાર્થથી વિચારવામાં આવે તો પોતાને પોતે જ રક્ષવાવાળો છે અને પોતે જ ઘાતવાવાળો છે, ક્રોધાદિરૂપ ભાવ કરે છે ત્યારે શુદ્ધચૈતન્યનો ઘાત થાય છે તથા ક્ષમાદિરૂપ ભાવ કરે છે ત્યારે પોતાની રક્ષા થાય છે અને એજ ભાવોથી જન્મમરણ રહિત થઈને અવિનાશી પદ પ્રાપ્ત થાય છે.**

શુભાશુભ ભાવરહિત આત્માના ચૈતન્ય સ્વભાવનું ભાન કરીને, તેમાં એકાગ્રતાથી ઉત્તમક્ષમા વગેરે ધર્મરૂપે પોતાના આત્માને પરિણમાવવો તે જ શરણભૂત છે. અને હિંસાદિ તીવ્ર કષાયભાવોરૂપે જે જીવ પરિણમે છે તે જીવ પોતે જ પોતાના આત્માની હિંસા કરે છે. હું પરને મારું - બચાવું – એવી જેની મિથ્યા માન્યતા છે તે જીવ મિથ્યા માન્યતાથી પોતે જ પોતાને હણે છે અને પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી વીતરાગભાવરૂપે જે પરિણમ્યો તે જીવ પોતે પોતાનું રક્ષણ કરનારો છે.

જીવ પોતે જ પોતાનું રક્ષણ કરનાર છે. ને પોતે જ પોતાનો ઘાત કરનારો છે. જ્યારે શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાથી ઉત્તમ ક્ષમાદિ ધર્મરૂપે પરિણમે ત્યારે તે પોતે પોતાનું રક્ષણ કરે છે ને અવિનાશી પદ પામે છે ને ચૈતન્યને ચૂકીને મિથ્યાત્વ તથા કષાયભાવો કરે ત્યારે તે પોતે પોતાની હિંસા કરીને ચાર ગતિમાં અશરણપણે પરિભ્રમણ કરે છે. માટે ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવાં તે જ એક મારું શરણ છે એમ નિરંતર ભાવના કરવી.

**વસ્તુ સ્વભાવ વિચારથી, શરણ આપકો આપ;**
**વ્યવહારે પંચ પરમગુરુ, અવર સકલ સંતાપ.**

**ઇતિ અશરણાનુપ્રેક્ષા સમાપ્ત.**

વસ્તુસ્વરૂપ વિચારતાં તો ચિદાનંદ ભગવાન પોતે જ પોતાનું શરણ છે, નિત્યાનંદ સ્વરૂપની પ્રતીત કરીને તેમાં અંદર ડૂબકી મારવી તે જ જગતમાં શરણ છે અને વ્યવહારથી પંચ પરમેષ્ઠી ભગવંતો શરણરૂપ છે. પંચપરમેષ્ઠીના લક્ષે અશુભ ટળીને શુભ થાય છે. તે અપેક્ષાએ તે વ્યવહાર શરણ છે. એ સિવાય બહારમાં જે શરણરૂપ માન્યું તે તો બધું મિથ્યા છે. બહારમાં શરણ માન્યું તે બધો સંતાપ છે. આત્માને બહારમાં કોઈ શરણ નથી, પોતાનું સ્વરૂપ જ શરણ છે.

આ રીતે બીજી અશરણ અનુપ્રેક્ષા પૂરી થઈ.

હવે ત્રીજી 'સંસારભાવના' વર્ણવે છે.
પહેલાં સંસારનું સામાન્યસ્વરૂપ કહે છે :–

# ૩. સંસારાનુપ્રેક્ષા

ગાથા–૩૨-૩૩

**અહીં પ્રથમ બે ગાથાઓ વડે સંસારનું સામાન્ય સ્વરૂપ કહે છે :–**

**एकं त्यजति शरीरं अन्यत् गृण्हाति नवं नवं जीव।**
**पुनः पुनः अन्यत् अन्यत् गृण्हाति मुंच्चति बहुवारं।।३२।।**

एवं यत् संसरणं नानादेहेषु भवति जीवस्य।
सः संसारः भण्यते मिथ्या कषायैः युक्तस्य।।३३।।

**અર્થ :– મિથ્યાત્વ અર્થાત્ વસ્તુને સર્વથા એકાંતરૂપ શ્રદ્ધાન કરવી અને કષાય એટલે ક્રોધ-માન-માયા-લોભ એ વડે સહિત આ જીવને અનેક દેહોમાં જે સંસરણ અર્થાત્ ભ્રમણ થાય છે તેને સંસાર કહીએ છીએ. તે કેવી રીતે ? એજ કહીએ છીએ – એક શરીરને છોડી અન્યને ગ્રહણ કરે વળી પાછો નવું શરીર ગ્રહણ કરી પાછો તેને પણ છોડી અન્યને ગ્રહણ કરે, એ પ્રમાણે ઘણો વખત (શરીરને) ગ્રહણ કર્યા જ કરે તેજ સંસાર છે.**

**ભાવાર્થ :– એક શરીરથી અન્ય શરીરની પ્રાપ્તિ થયા કરે તેજ સંસાર છે. આગળ એ પ્રમાણે સંસારમાં સંક્ષેપથી ચારગતિ છે તથા અનેક પ્રકારનાં દુઃખ છે.**

હું પરનું કરું, પર મારું કરે, પુણ્યથી મને ધર્મ થાય. એવી ઊંધી માન્યતા તે મિથ્યાત્વ છે. વસ્તુસ્વરૂપની ઊંધી માન્યતાથી અને ક્રોધ-માન-માયા-લોભ કષાયથી જીવને સંસારમાં પરિભ્રમણ થાય છે. જુઓ ! કર્મ જીવને સંસારમાં નથી રખડાવતું, પણ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવથી જ સંસારમાં રખડે છે. ઊંધી માન્યતા અને રાગ-દ્વેષને લીધે જીવ એક દેહમાંથી બીજા દેહમાં જે ભ્રમણ કરી રહ્યો છે તેનું નામ સંસાર છે. જીવો અજ્ઞાનભાવે મરતાં મરતાં ઝૂરે છે, પણ ભાઈ ! કોણ તને રાખે તેમ છે ? અજ્ઞાનભાવે અનંત અનંત દેહ ધારણ કર્યાં ને છોડ્યા, અંદર દેહરહિત, ચિદાનંદ તત્ત્વ શું છે ? તેનું ભાન કદી કર્યું નથી. અંદર વિકારરહિત ચૈતન્યસ્વરૂપ છે તેનું ભાન કર, ને તેનું શરણ કર, તો સંસાર પરિભ્રમણ ટળે. બહારમાં નવા નવા શરીરનું ગ્રહણ કરીને જીવ પરિભ્રમણ કરે છે. તેનું નામ સંસાર છે, ત્યાં ખરેખર તો જે ભાવથી નવા દેહનું ગ્રહણ થાય તે વિકારી ભાવ જ સંસાર છે. અરે ભાઈ ! ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં માંડ-માંડ મનુષ્યભવ પામ્યો, તેમાં જો આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન ન કર્યું તો ફરી અનંત સંસારનાં દુઃખમાં ક્યાંય આરો આવે તેમ નથી. અજ્ઞાનભાવથી ચારે ગતિમાં જીવ દુઃખ જ ભોગવે છે. ચારેય ગતિમાં દુઃખ જ છે. તેનું હવે વર્ણન કરે છે.

ગાથા–૩૪

**ત્યાં પ્રથમ જ નરકગતિનાં દુઃખોને છ ગાથાઓ દ્વારા કહે છે :–**

**નરકગતિનાં દુઃખો**

**पापोदयेन नरके जायते जीवः सहते बहुदुःखं।**
**पंचप्रकारं विविधं अनौपम्यं अन्यदुःखैः।।३४।।**

**અર્થ :– પાપના ઉદયથી આ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે ત્યાં પાંચ પ્રકારથી નાના પ્રકારનાં ઉપમારહિત એવાં ઘણાં દુઃખ સહન કરે છે.**

**ભાવાર્થ :– જે જીવોની હિંસા કરે છે, જૂઠું બોલે છે, પરધન હરણ કરે છે, પરનારીને વાંચ્છે છે, ઘણા આરંભ કરે છે, પરિગ્રહમાં આસક્ત છે, ઘણો ક્રોધી, તીવ્ર માની, અતિ કપટી, અતિ કઠોરભાષી, પાપી, ચુગલીખોર, (અતિ) કૃપણ, દેવ-શાસ્ત્ર-ગુરુ નિંદક, અધમ, દુર્બુદ્ધિ, કૃતઘ્ની અને ઘણો જ શોક–દુઃખ કરવાની જ જેની પ્રકૃતિ છે એવો જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં અનેક પ્રકારથી દુઃખને સહે છે.**

માંસ ખાય, ઇંડા ખાય, દારૂ પીએ ઇત્યાદિ મહાપાપો કરવાથી જીવ નરકમાં જાય છે. ત્યાં અનેક પ્રકારનાં ભયંકર દુઃખોને ભોગવે છે. જેણે અજ્ઞાન ટાળ્યું નથી. તેને અનંતવાર નરકાદિના ભાવ થયા વિના રહેવાના નથી. અહો ! હું તો ચૈતન્યસ્વભાવ ! મારા સ્વભાવમાં ભવ નથી. આવું જેને ભાન નથી તે જીવો સ્વર્ગમાં પણ દુઃખી છે ને નરકમાં પણ દુઃખી છે. નરકનાં દુઃખો સાંભળીને તેનાથી ભય પામે અને સ્વર્ગના ભવની પ્રીતિ કરે, તો તે જીવે ખરેખર ભવરહિત સ્વભાવ જાણ્યો નથી અને તેણે ચારગતિમાં દુઃખ માન્યું નથી. અહીં તો કહે છે કે જેણે ચારે ગતિ દુઃખરૂપ લાગે તે જીવ અંદર ચિદાનંદસ્વરૂપનું ભાન કરીને તેનું શરણ કરે. ચૈતન્યના ભાન વગર પુણ્ય કરીને સ્વર્ગે જાય કે પાપ કરીને નરકે જાય તે બધા જીવો દુઃખી દુઃખી જ છે.

મિથ્યાત્વ સહિતના જે તીવ્ર ક્રોધાદિ પરિણામો છે તે નરકનું કારણ છે. સર્વજ્ઞના માર્ગની નિંદા કરે, શ્રીદેવ-ગુરુ-શાસ્ત્રની નિંદા કરે, તેમનો વિરોધ કરે, એવા અધમ પરિણામથી જીવ

નરકમાં જાય છે. જેણે આત્માની દરકાર કરી નથી એવા જીવને સંસારમાં રખડતાં આવા પરિણામ પણ આવે છે, ને તે નરકમાં જાય છે માટે તું તારા આત્મસ્વભાવને ઓળખીને આવા પરિણામ છોડ. ચારે ગતિરૂપ ભવ મારા સ્વભાવમાં છે જ નહિ, હું તો જ્ઞાન છું, જ્ઞાનમાં ભવ હોય નહિ – આવું ભાન કર્યાં વિના ચાર ગતિનું ભવભ્રમણ અટકે નહિ.

# પ્રસાદ નં. – ૨૦૧

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક સાતમું, સોનગઢ, તા. ૧૮-૭-૫૨, રવિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ વદ ૨, રવિવાર, ૧૧-૫-૫૨ સવારે)**

બાર અનુપ્રેક્ષામાં સંસાર અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. સંસારભાવના કોણ ભાવી શકે ? કે આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર અને પરિભ્રમણ છે તે સંસાર છે. જ્ઞાનસ્વભાવમાં દુઃખ નથી – એવા જ્ઞાનસ્વભાવના ભાનપૂર્વક સંસારનાં દુઃખનું ચિંતન કરીને ધર્મી જીવ વૈરાગ્ય વધારે છે.

સંસારની ચારે ગતિમાં દુઃખ છે. તીવ્ર પાપ પરિણામવાળો જીવ નરકગતિમાં જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના તીવ્ર વિરોધના પરિણામ આવી જાય તો જીવ સીધો નરકમાં જાય. સર્વજ્ઞને એક સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને એક સાથે હોય છે. તેને બદલે એક સમયે જ્ઞાન ને બીજા સમયે દર્શન – એમ માને તો તે કેવળી ભગવાનનો અવર્ણવાદ કરે છે. સર્વજ્ઞદેવ અરિહંત પરમાત્માને આહારાદિ ન હોય. છતાં મનાવે તો તે દેવની નિંદા કરે છે. અહો ! જગતના જીવોને પરમહિતનો ઉપાય જે ધર્મ એનાથી વિપરીત સ્વરૂપ મનાવીને અહિતના માર્ગની પ્રરૂપણા કરે તે જીવ અનંત સંસારના કારણરૂપ મહાપાપ બાંધે છે. તીવ્ર આશાતના ભાવથી નરકમાં જાય છે. મહા વીતરાગી દિગંબર સંત તે મુનિ છે. તેવા સંતની મહા વિરાધના કરે તો નરકમાં જાય. અનાદિથી સર્વજ્ઞ પરંપરામાં ચાલ્યા આવતા જે દેવ-ગુરુ-શાસ્ત્ર તેનો તીવ્ર વિરોધ કરે એવા મિથ્યાદૃષ્ટિને નરકનું આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શન પછી નરકનું આયુષ્ય બંધાય જ નહિ. નરકમાં ખરેખર સંયોગનું દુઃખ નથી, પણ જીવના

તીવ્ર પાપ પરિણામનું દુઃખ છે. અંદરના તીવ્ર સંક્લેશ પરિણામને લંબાવે છે તેથી જ દુઃખ છે, પણ અહીં નિમિત્તથી – સંયોગથી વર્ણન કર્યું છે.

જે જીવ અધમ હોય – ઘણાં જીવોનું અહિત થાય તેવું ચિંતવતો હોય તે નરકમાં જાય છે. વળી દુર્બુદ્ધિ જીવો નરકમાં જાય છે. ખોટા કુતર્ક અને કુયુક્તિ કરીને અસત્‌ને સ્થાપે ને સત્‌ની નિંદા કરે – તે નરકનું કારણ છે. એ જ પ્રમાણે કૃતઘ્ની એટલે કે ઉપકારનો ઓળવનાર, અને તીવ્ર શોક પરિણામથી તથા તીવ્ર આર્ત-રૌદ્ર ધ્યાન કરનારો જીવ મરીને નરકમાં જાય છે. તે નરકમાં ઘણાં તીવ્ર દુઃખો છે. અહીં તે દુઃખોનું વર્ણન કરે છે.

ગાથા–૩૫

**આગળ ઉપર કહેલાં પાંચ પ્રકારનાં દુઃખ ક્યાં ક્યાં છે તે કહે છે :–**

**असुरोदिरितदुःखं शारीरं मानसं तथा विविधं।**
**क्षेत्रोद्भवं च तीव्र अन्योऽन्यकृतं च पंच विधं।।३५।।**

**અર્થ :–અસુરકુમારદેવોથી ઉપજાવેલાં દુઃખ, (પોતાના) શરીરથી જ ઉત્પન્ન થયેલાં દુઃખ, મનથી અને અનેક પ્રકારના ક્ષેત્રથી ઉત્પન્ન થયેલાં દુઃખ તથા પરસ્પર કરેલાં દુઃખ એ પ્રમાણે પાંચ પ્રકારનાં દુઃખ છે.**

**ભાવાર્થ :– ત્રીજા નરક સુધી તો અસુરકુમારદેવ કુતૂહલપણાથી માત્ર જાય છે અને નારકીઓને જોઈ તેમને પરસ્પર લડાવે છે – અનેક પ્રકારથી દુઃખી કરે છે, વળી એ નારકીઓના શરીર જ પાપના ઉદયથી સ્વમય જ અનેક રોગયુક્ત–બૂરાં–ઘૃણાકારી અને દુઃખમય હોય છે, જેમનાં ચિત્ત જ મહાક્રૂર અને દુઃખરૂપ જ હોય છે, નરકનું ક્ષેત્ર મહાશીત, ઉષ્ણ, દુર્ગંધાદિ અનેક ઉપદ્રવ સહિત છે તથા પરસ્પર વેરના સંસ્કારથી (આપસ આપસમાં) છેદન, ભેદન, મારણ, તાડન અને કુંભિપાક વગેરે કરે છે; ત્યાંના દુઃખ જ ઉપમારહિત છે.**

અર્થ :–અસુરકુમારદેવોથી ઉપજાવેલાં દુઃખ, (પોતાના) શરીરથી જ ઉત્પન્ન થયેલાં દુઃખ, મનથી અને અનેક પ્રકારના ક્ષેત્રથી ઉત્પન્ન થયેલાં દુઃખ તથા પરસ્પર કરેલાં દુઃખ એ પ્રમાણે

પાંચ પ્રકારનાં દુઃખ છે.

જુઓ ! નીચે સાત નરક છે. જગતમાં તીવ્ર પાપ પરિણામ કરનારને તેનું ફળ ભોગવાનું સ્થાન નીચે નરકમાં છે. તે નરકમાં અસુરકુમાર દેવો જઈને નારકીઓને પરસ્પર લડાવે છે. સંયોગ તો પરચીજ છે. કાંઈ સંયોગનું દુઃખ નથી. પણ તે જીવ વીતરાગી ચૈતન્યની ભાવના (જિનભાવના, સમ્યક્ભાવના) ચૂકીને તીવ્ર સંક્લેશ પરિણામમાં પડ્યા છે તેથી દુઃખી છે એમ સમજવું.

તે નારકીઓનાં શરીર સ્વયમેવ જ તીવ્ર પાપકર્મના ઉદયથી રોગી છે. તેમ જ તેઓ મહાક્રૂર પરિણામથી એકબીજાને દુઃખ આપે છે. વળી નરકમાં અતિશય ઠંડી ને અતિશય ગરમી છે. અહો ! મારું ચિદાનંદ સ્વરૂપ સહજ શીતળ આનંદકંદ છે તેની ભાવના વગર મેં અત્યાર સુધી આવાં આવાં નરકનાં દુઃખો અનંતવાર ભોગવ્યાં. હવે મારા ચૈતન્યની ભાવનાથી મારે એ દુઃખ ફરીને ભોગવવાનાં નથી. અહો ! અહીંની ઠંડી ગરમીની તો નરકમાં શી ગણતરી ? ત્યાં તો અનંતી ઠંડી ને અનંતી ગરમી છે. ત્યાંની ગરમીમાં લોઢાના ગોળા ઘીની જેમ ઓગળી જાય છે.

આત્મા અનંત શાંત અનાકુળ સ્વરૂપ છે, તેનો અનાદર કરીને તીવ્ર પાપ પરિણામ કર્યાં તેના ફળમાં બહારમાં આવી અનંત પ્રતિકૂળતાનો સંયોગ મળે છે.

અનંત શાંતિનો પિંડ એવો જે સ્વભાવ, તેનો આદર જેણે ન કર્યો તેણે અનંત વિકારનો આદર કર્યો, અને તેણે સ્વભાવની અનંત શાંતિની પ્રાપ્તિ ન કરી. ત્યાં બહારમાં અનંતી અશાંતિમાં નિમિત્ત થાય એવો સંયોગ પ્રાપ્ત થાય છે. જુઓ ! મિથ્યાદષ્ટિને જ નરકનું આયુષ્ય બંધાય છે. ધર્મીને કદાચ પૂર્વે આયુષ્ય બંધાઈ ગયું હોય અને નરકમાં જાય તોપણ ત્યાં તેને અજ્ઞાની જેવું તીવ્ર વેદન નથી.

જુઓ ! નરક-સ્વર્ગ વગેરે બધું શાશ્વત છે. તેને ન માને તે તો નાસ્તિક છે. સ્વર્ગનું સ્થાન, તેની અનુકૂળ સામગ્રી, તેના કારણરૂપ પુણ્ય-પરિણામ, તેમ જ નરકનું સ્થાન, તેની પ્રતિકૂળ સામગ્રી તથા તેના કારણરૂપ પાપ પરિણામ – એ બધું જગતમાં છે. તેમાં નરકનું આયુષ્ય તો અજ્ઞાની મિથ્યાદષ્ટિને જ બંધાય છે. નરકમાં મહા દુર્ગંધ હોય છે તેમ જ નારકી જીવો પરસ્પર વેરના સંસ્કારથી એકબીજાને છેદન-ભેદન કરે છે, અગ્નિમાં પકાવે છે.

પ્રતિકૂળ સંયોગ મળ્યો તે તીવ્ર અશાતાના ઉદયથી, તે અશાતાકર્મ વિભાવથી બંધાયું, તે વિભાવ સ્વભાવના અનાદરથી થયો. જે સ્વભાવનું ભાન કરીને તેનો આદર કરે તેવા

જીવને આવો તીવ્ર વિભાવ થાય નહિ. આવું અશાતકર્મ બંધાય નહિ અને તેને આવો નરકનો સંયોગ હોય નહિ. નરકમાં ઉપમારહિત દુઃખ છે. જુઓ તો ખરા ! અનુપમ એવા ચૈતન્યનો જેણે અનાદર કર્યો તેનાં દુઃખને પણ અનુપમ કહ્યું. જેણે આત્માની અનંતી અનુપમ શાંતિનો અનાદર કર્યો તે જ જીવ નરકનાં દુઃખને વેદે છે અને કેવળી જ તેને જાણે છે. માટે તેનું દુઃખ પણ અનુપમ છે. સ્વભાવનું ભાન કરે તો સ્વભાવની શાંતિ અનુપમ છે અને ઊંધો પડ્યો તેને નરકનું દુઃખ પણ અનુપમ છે. આમ વિચાર કરીને ધર્મી જીવ પોતાનો સંવેગ – વૈરાગ્ય વધારે છે.

વળી, નરકનાં દુઃખ વિશેષ વર્ણવે છે.

ગાથા–૩૬

**આગળ એજ દુઃખનો વિશેષ (ભેદ) કહે છે :–**

**छिद्यते तिलतिलमात्रं भिद्यते तिलतिलं तरां सकलं।**
**वज्राग्निना कथ्यते निक्षिप्यते पूयकुण्डे।।३६।।**

**અર્થ :– જ્યાં તલતલ જેટલા છેદવામાં આવે છે, સકલ અર્થાત્ ખંડને પણ તલતલ જેટલા ભેદવામાં આવે છે, વજાગ્નિમાં પચાવવામાં આવે છે તથા રૂધિરના કુંડમાં નાખવામાં આવે છે.**

અર્થ :– જ્યાં તલતલ જેટલા છેદવામાં આવે છે, સકલ અર્થાત્ ખંડને પણ તલતલ જેટલા ભેદવામાં આવે છે, વજાગ્નિમાં પચાવવામાં આવે છે તથા રૂધિરના કુંડમાં નાખવામાં આવે છે.

ટોપરાંને ખમણીથી ખમણે, તેમ નરકમાં શરીરના તલતલ જેવડા ટુકડા કરે છે, જેણે ઊંધી શ્રદ્ધાથી અખંડ ચિદાનંદ સ્વભાવને ખંડખંડ કરી નાખ્યો છે તેને બહારમાં દેહના ખંડખંડ થઈ જાય તેવો સંયોગ મળે છે. વળી મહા વજ્ર અગ્નિમાં તેને પકાવી નાખે છે, ને લોહી-પરૂના કુંડમાં તેને નાખે છે. જુઓ ! તીર્થંકરો આવી ભાવના ભાવે છે. વર્તમાનમાં તેમને

આવો સંયોગ હોતો નથી, પણ તેનો વિચાર કરીને પોતે પોતામાં વૈરાગ્યની વૃદ્ધિ કરે છે. નરકનાં દુઃખની આવી વાત સાંભળતાં ધર્મી જીવને એમ ત્રાસ થતો નથી કે અરેરે ! આપણે આવા નરકમાં જવું પડશે !! ધર્મી તો નિઃશંક છે કે હવે અમારે ભવભ્રમણનો અંત આવ્યો, હવે અમે અલ્પકાળે મુક્તિ પામવાના છીએ, આવા દુઃખનો સંયોગ અમને હવે કદી થવાનો નથી. અધૂરાશ રહી જાય તો એકાદ ભવ સ્વર્ગનો થાય, પણ નરકાદિના ભવ હવે થવાના નથી. જે ચૈતન્યની ભાવના ભાવે તેને નરકમાં જવાનું હોય નહિ.

ગાથા–૩૭

**इत्येवमादिदुःखं यत् नरके सहते एकसमये।**
**तत्सकलं वर्णयितुं न शक्नोति सहस्रजिव्हः अपि।।३७।।**

**અર્થ :– એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહ્યાં તેને માંડીને જે દુઃખો તે નરકમાં એક કાળમાં જીવ સહન કરે છે તેનું કથન કરવાને જેને હજાર જીભ હોય તે પણ સમર્થ થતો નથી.**

**ભાવાર્થ :– આ ગાથામાં નરકના દુઃખોનું વચનઅગોચરપણું કહ્યું છે.**

અર્થ :– એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહ્યાં તેને માંડીને જે દુઃખો તે નરકમાં એક કાળમાં જીવ સહન કરે છે તેનું કથન કરવાને જેને હજાર જીભ હોય તે પણ સમર્થ થતો નથી.

અહો ! 'સ્વામીકાર્તિકેય' નિર્ગ્રંથ સંત હતાં. જંગલમાં વિચરતા હતા, તેઓ આ વૈરાગ્ય ભાવનાઓ વર્ણવે છે. નવી નવી વૈરાગ્ય ભાવના ભાવતાં ભવ્ય જીવને આનંદ આવે છે. માટે આ ભાવનાઓને આનંદજનની કહી છે. મિથ્યાત્વ ને અજ્ઞાન વગેરે ભાવોથી જે જીવ મુક્ત છે તે જ ખરેખર મુક્ત છે. જીવને અનાદિથી મિથ્યાત્વની અને રાગ-દ્વેષની વાસના બેસી ગઈ છે, અજ્ઞાનની ને રાગ-દ્વેષની ગંધ બેસી ગઈ છે, તેથી કહે છે કે અરે જીવ ! તે ગંધ છોડીને તારા અંતરંગ ચિદાનંદ સ્વરૂપની ગંધ બેસાડ એટલે કે તેની રુચિ અને વેદન કર, એટલે કે ચૈતન્યની વારંવાર ભાવના કર.

'ભાવપ્રાભૃત'ની ૪૨મી ગાથામાં કહ્યું છે. બહારમાં ઘરબાર છોડી દેવાથી કાંઈ મુક્ત

થઈ જવાતું નથી, પણ અંદર મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવને જે છોડે છે તે જ ખરેખર મુક્ત છે. આમ વિચારીને હે જીવ ! તું મિથ્યાત્વાદિ ભાવોની ગંધને છોડ, એટલે કે ચૈતન્ય સ્વભાવની ભાવના કરીને તે મિથ્યાત્વાદિ ભાવોને છોડ. બહારમાં બાવો થઈ જાય તેથી કાંઈ સંસાર મટતો નથી, પણ અંદર ઊતરીને ચૈતન્ય સ્વભાવનું ભાન કરે ને તેની ભાવના કરે તો સંસાર ટળે.

ગાથા–૩૮

**વળી નરકનું ક્ષેત્ર તથા એ નારકીઓના પરિણામ દુઃખમય જ છે તે કહે છે :–**

**सर्वं अपि भवति नरके क्षेत्रस्वभावेन दुःखदं अशुभं।**
**कुपिताः अपि सर्वकालं अन्योऽन्यं भवन्ति नैरयिकाः।।३८।।**

**અર્થ :– નરકનું ક્ષેત્ર સ્વભાવથી જ સર્વ પ્રકારથી દુઃખદાયક છે, અશુભ છે તથા નારકીજીવ સદાકાળ પરસ્પર ક્રોધરૂપ છે.**

**ભાવાર્થ :– ક્ષેત્ર તો સ્વભાવથી દુઃખરૂપ છે જ, પરંતુ નારકી (જીવો) પરસ્પર ક્રોધી થતા થકા એકબીજાને મારે છે એ પ્રમાણે તેઓ નિરંતર દુઃખી જ રહે છે.**

જુઓ ! અહીં નરકના ક્ષેત્રને દુઃખદાયક કહ્યું, ખરેખર તો તે જ્ઞેયરૂપ છે, પણ નરકનો અજ્ઞાની જીવ તેને જ્ઞેયરૂપ ન બનાવતાં દુઃખનું નિમિત્ત બનાવે છે, પોતે પોતાના પરિણામમાં દુઃખ ભોગવે છે, માટે નિમિત્તથી ક્ષેત્રને પણ દુઃખદાયક કહ્યું છે – આમ ઉપાદાન નિમિત્તથી વાત પણ સાથે ને સાથે સમજવી.

ગાથા–૩૯

**अन्यभवे यः स्वजनः सः अपि च नरके हन्ति अतिकुपितः।**
**एवं तीव्रविपाकं बहुकालं विसहते दुःखं।।३९।।**

**અર્થ :– પૂર્વભવમાં જે સજ્જનકુટુંબનો હતો તે પણ આ નરકમાં ક્રોધી બનીને ઘાત કરે છે, એ પ્રમાણે તીવ્ર છે વિપાક જેનો એવાં દુઃખો ઘણા કાળ સુધી નારકીજીવો સહન કરે છે.**

**ભાવાર્થ :– એવાં દુઃખો સાગરો (કાળ) સુધી સહન કરે છે તોપણ આયુષ્ય પૂર્ણ કર્યાં વિના ત્યાંથી નીકળવું બનતું નથી.**

અર્થ :– પૂર્વભવમાં જે સજ્જનકુટુંબનો હતો તે પણ આ નરકમાં ક્રોધી બનીને ઘાત કરે છે, એ પ્રમાણે તીવ્ર છે વિપાક જેનો એવાં દુઃખો ઘણા કાળ સુધી નારકીજીવો સહન કરે છે.

જુઓ ! બે ભાઈ હતા તેમાં નાનો ભાઈ માંદો પડ્યો. તેના મોટા ભાઈએ દવા તરીકે ઇંડાનો રસ વગેરે ખવડાવ્યું, તે મરીને નરકમાં ગયો અને નાનો ભાઈ મરીને પરમાધામી થયો. તે પરમાધામી નરકમાં જઈને તેના પૂર્વભવના ભાઈને મારતો હતો. તે વખતે તે કહે કે અરે ! મેં તો તારા માટે કર્યું હતું ને તું જ મને મારે છે !! ત્યારે તે નાનો ભાઈ કહે કે – મને એ કાંઈ ખબર નથી. અરે ભાઈ ! તે ક્યાં તેના માટે કર્યું હતું ? તેં તો તારા માટે ઊંધા ભાવ કર્યાં, તેનું ફળ પણ તું ભોગવ. પૂર્વભવમાં સ્ત્રીને ખાતર પાપ કર્યાં હોય, ને નરકમાં જાય, ત્યાં તે સ્ત્રીનો જ આત્મા પરમાધામી થઈને તેને મારે. આવું સંસારમાં અનંતવાર બને છે. સગી માતા હોય ને પરમાધામી થઈને દીકરાને મારે. આવા આવા પ્રસંગો આત્માના ભાન વિના જીવને અનંતવાર આવી ગયા. માટે સાચું જ્ઞાન કરવું તે જ આવા અનંતા અવતારના નાશનું કારણ છે. અહો ! જગતમાં એક સમ્યગ્જ્ઞાન જ જીવને સંસારના દુઃખોથી બચાવનારું છે. સાતમી નરકમાં ૩૩ સાગરોપમ સુધી જીવ દુઃખ ભોગવે છે. એક સાગરોપમમાં તો અસંખ્ય અબજો વર્ષ ચાલ્યા જાય છે. તે આયુષ્ય પૂરું થયા વિના ત્યાંથી

નીકળી શકતા નથી. નરકમાં ઓછામાં ઓછું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું છે.

હવે તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન કરે છે.

ગાથા–૪૦

**હવે આગળ તિર્યંચગતિનાં દુઃખોનો સાડાચાર ગાથાઓ દ્વારા કહે છે :–**

**તિર્યંચગતિના દુઃખો**

ततः निःसृत्य जायते तिर्य्यक्षु बहुविकल्पेषु।
तत्र अपि प्राप्नोति दुःखं गर्भे अपि च छेदनादिक।।४०।।

**અર્થ :– એ નરકમાંથી નીકળીને અનેક પ્રકારથી ભિન્ન જે તિર્યંચગતિ તેમાં (જીવ) ઉત્પન્ન થાય છે, ત્યાં પણ ગર્ભમાં તે દુઃખ પામે છે, 'अपि' શબ્દથી સન્મુર્છન થઈ છેદનાદિક દુઃખ પામે છે.**

ગાથા–૪૧

तिर्यग्भिः खाद्यमानः दुष्टमनुष्यैः हन्यमानः अपि।
सर्वत्र अपि संत्रस्तः भयं दुःखं विसहते भीमं।।४१।।

**અર્થ :– એ તિર્યંચગતિમાં જીવ, સિંહ–વાઘ આદિ વડે ભક્ષણ થતો તથા દુષ્ટ મનુષ્ય–મ્લેચ્છ–વાઘ અને પારઘી આદિ વડે માર્યો જતો થકો સર્વ ઠેકાણે ત્રાસસહિત બની રૌદ્ર–ભયાનક દુઃખોને વિશેષ કરીને સહન કરે છે.**

હરણ થયું હોય ને સિંહ આવીને ઝપટ મારીને ખાય જાય, સિંહ-વાઘ થયો હોય ત્યાં શિકારી ગોળીથી વીંધી નાખે – એ પ્રમાણે તિર્યંચગતિમાં રૌદ્ર ભયંકર દુઃખો જીવ ભોગવે છે. ચૈતન્ય સત્તાના ભાન વિના જીવ આવાં દુઃખો ભોગવે છે. તેને ચૈતન્યની બુદ્ધિ નથી

ને દેહબુદ્ધિ નથી તેવા જીવો આવાં દુઃખ અનંતવાર ભોગવે છે. ધર્મીને તો ચૈતન્યના આનંદનું ભાન છે, તે ચૈતન્યના ભાન સહિત આવી ભાવના ભાવે છે.

ગાથા–૪૨

अन्योऽन्यं खाद्यमानाः तिर्यन्चः प्राप्नुवन्ति दारुणं दुःखं।
माता अपि यत्र भक्ष्यति अन्यः कः तत्र रक्षति।।४२।।

**અર્થ :– એ તિર્યંચગતિમાં જીવ, પરસ્પર ભક્ષણ થતા થકા ઉત્કૃષ્ટ દુઃખ પામે છે, તે આને ખાય અને આ તેને ખાય, જ્યાં જેના ગર્ભમાં ઉત્પન્ન થયો છે એવી માતા પણ પુત્રને ભક્ષણ કરી જાય તો પછી અન્ય કોણ રક્ષણ કરે ?**

મોટાં માછલાં નાનાં માછલાંને ખાઈ જાય, બળવાન પ્રાણી નિર્બળને ખાઈ જાય. અરે ! માતા પોતાના બચ્ચાંને ખાઈ જાય, કૂતરી અને સર્પિણી પોતાનાં બચ્ચાંને ખાઈ જાય છે. આવો આ સંસાર છે. અહો ! જ્યાં માતા જ પુત્રનું ભક્ષણ કરે ત્યાં કોણ રક્ષણ કરનાર છે ? અંદર ચૈતન્યનું ભાન તે જ આવા અવતારથી બચાવનાર છે.

ગાથા–૪૩

तीव्रतृषया तृषितः तीव्रबुभुक्षया भुक्षितः सन्।
तीव्रं प्राप्नोति दुःखं उदरहुताशैः दह्यन्।।४३।।

**અર્થ :– એ તિર્યંચગતિમાં જીવ, તીવ્ર તરસથી તૃષાતુર તથા તીવ્ર ભુખથી ભૂખ્યો થયો થકો ઉદરાગ્નિથી બળતો (ઘણાં) તીવ્ર દુઃખ પામે છે.**

આત્મા અનાદિઅનંત છે, તે પૂર્વે ક્યાં રહ્યો ? મોક્ષ પામ્યો હોય તો અવતાર હોય નહિ. તેથી જીવે આવા અવતારોમાં જ અનાદિ કાળ કાઢ્યો છે. અંદર સ્વતત્ત્વની સંભાળ કરે તો સંસારનો અંત આવ્યા વિના રહે નહિ.

ગાથા–૪૪

**આગળ એ કથનને સંકોચે છે :–**

एवं बहुप्रकारं दुःखं विसहते तिर्यग्योनिषु।
ततः निःसृत्य लब्धि-अपूर्णः नरः भवति।।४४।।

**અર્થ :– એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી તિર્યંચયોનિમાં જીવ, અનેક પ્રકારથી દુઃખ પામે છે અને તેને સહે છે. એ તિર્યંચગતિમાંથી નીકળી (કદાચિત્) મનુષ્ય થાય તો કેવો થાય ? લબ્ધિ અપર્યાપ્ત થાય કે જ્યાં પર્યાપ્તિ પુરી જ ન હોય;**

અર્થ :– એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી તિર્યંચયોનિમાં જીવ, અનેક પ્રકારથી દુઃખ પામે છે અને તેને સહે છે. એ તિર્યંચગતિમાંથી નીકળી (કદાચિત્) મનુષ્ય થાય તો કેવો થાય ? લબ્ધિ અપર્યાપ્ત થાય કે જ્યાં પર્યાપ્તિ પુરી જ ન હોય; હવે મનુષ્યગતિમાં જે દુઃખો છે તેને બાર ગાથાઓ દ્વારા કહે છે, ત્યાં પ્રથમ જ ગર્ભમાં ઊપજે તે અવસ્થા કહે છે.

એકેન્દ્રિય જીવને અંદર અનંતુ દુઃખ છે. પાંદડૂં પાણીમાં પડ્યું હોય ત્યારે પણ તેને અનંતું દુઃખ છે. આવી તિર્યંચગતિમાંથી નીકળીને કોઈ જીવો તો અપર્યાપ્તપણે મનુષ્યગતિમાં ઊપજે છે. ત્યાં ગર્ભમાં ને ગર્ભમાં જ તેનું મૃત્યુ થઈ જાય છે. મનુષ્ય ગતિમાં પણ કેવાં કેવાં દુઃખ છે તે હવે વર્ણવશે.

સંયોગરહિત પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક જ્ઞાની ક્ષણે ક્ષણે આવી ભાવના ભાવીને વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, એટલે તેને શુદ્ધતા વધતાં નિર્જરા થાય છે.

**વૈશાખ વદ ૩, સોમવાર, ૧૨-૫-૫૨**

ગાથા–૪૫

**હવે મનુષ્યગતિમાં જે દુઃખો છે તેને બાર ગાથાઓ દ્વારા કહે છે, ત્યાં પ્રથમ જ ગર્ભમાં ઉપજે તે અવસ્થા કહે છે :–**

**મનુષ્યગતિનાં દુઃખો**

**अथ गर्भे अपि च जायते तत्र अपि निवडीकृतानि अङ्गप्रत्यङ्गनि।**
**विसहते तीव्र दुःखं निर्गममानः अपि योनितः।।४५।।**

**અર્થ :– અથવા ગર્ભમાં ઉપજે તો ત્યાં પણ હસ્ત–પાદાદિ અંગ અને આંગળાં આદિ પ્રત્યંગ એ બધા એકઠા સંકોચિત રહ્યા થકા (જીવ) દુઃખ સહે છે અને ત્યાંથી યોનિદ્વારા નીકળતાં તે તીવ્ર દુઃખને સહન કરે છે.**

આ વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન છે. ભાવના તે ચારિત્રગુણની પર્યાય છે. આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નિર્મળ છે અને પુણ્ય–પાપ તેનું સ્વરૂપ નથી, દેહાદિ સંયોગ-વિયોગ તો પર છે. એવું ભાન કરીને જ્ઞાયકની ભાવના કરે ને વિકારની તથા સંયોગની ભાવના છોડે તે જીવને અંતરમાં એકગ્રતાથી શુદ્ધતા વધતી જાય છે – તેનું આ વર્ણન છે.

આ ભાવના તેને હોય છે કે જેને સમ્યગ્દર્શન હોય છે, અને સમ્યગ્દર્શન તેને હોય છે કે જેને દેહાદિના સંયોગથી રહિત અને પુણ્ય-પાપથી પણ રહિત એવા ચિદાનંદ સ્વરૂપનું ભાન હોય, તેવા ભાન સહિત તેમાં એકાગ્રતાની શ્રેણી ચાલે તેનું નામ ભાવના છે. તેનું આ વર્ણન છે.

ચિદાનંદ સ્વરૂપનું ભાન થઈને તેમાં જ્ઞાનની વારંવાર એકાગ્રતા થાય તેનું નામ ભાવના છે. જેણે વસ્તુને જોઈ નથી તે તેની ભાવના કઈ રીતે ભાવે ? જેમ જુગલિયાંને કલ્પવૃક્ષ

હોય છે, ત્યાં તેઓ કલ્પવૃક્ષનાં ફળ વગેરેને ચિંતવે છે ને તેમને તે મળે છે. પણ ત્યાં તેઓ કાંઈ અહીંના દૂધપાક કે ભજીયાંની ભાવના ન ભાવે. તેમ જેણે ચૈતન્ય ચિંતામણિ આત્માનું ભાન કર્યું હોય તે જ તેની ભાવના કરે પણ જેણે આત્માને જાણ્યો નથી, દેહના સંયોગથી રહિત ચિદાનંદ તત્ત્વને જેણે ભાળ્યું નથી – જોયું નથી તે કોની ભાવના કરે ? તે તો સંયોગની ને વિકારની ભાવના ભાવે, ને સંસારમાં રખડે. માટે આ ઉપોદ્ઘાત થાય છે કે જેણે ચૈતન્ય ચિંતામણિ આત્મદ્રવ્યને ઓળખ્યું હોય તે જ તેની યથાર્થ ભાવના ભાવે. જ્ઞાની પુણ્ય-પાપને બંધન સમજે છે, ને અંતરમાં જે ચિદાનંદ ધ્રુવસ્વભાવને જાણ્યો– અનુભવ્યો છે તેની જ ભાવના કરે છે. તે ધર્મીની ભાવનાઓનું આ વર્ણન છે. આ ભાવનાથી ધર્મીને પર્યાયમાં ક્ષણે ક્ષણે વીતરાગતા અને આનંદ વધતો જાય છે તેથી આ ભાવનાઓ ભવ્ય જીવને આનંદની જનની છે.

અધ્રુવ અને અશરણભાવનાનું વર્ણન કર્યું, હવે આ ત્રીજી સંસાર સંસારભાવનાનું વર્ણન ચાલે છે. અહો ! ચિદાનંદ ધ્રુવતત્ત્વ તો મારો આત્મા છે તે જ મને શરણ છે, એ સિવાય પુણ્ય-પાપ કે દેહાદિનો સંયોગ તે તો બધું અધ્રુવ છે, તે કોઈ મને શરણભૂત નથી, શરણભૂત તો શુદ્ધ રત્નત્રય જ છે, આમ ધર્મી જાણે છે.

મિથ્યાત્વ અને રાગ દ્વેષાદિ ભાવોને વશ થઈને જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે તેનું નામ સંસાર છે. સંસારની ચારે ગતિમાં દુઃખ છે તેનું આ વર્ણન ચાલે છે. તેમાં નરક અને તિર્યંચગતિનાં દુઃખો વર્ણવ્યાં; હવે મનુષ્યગતિનાં દુઃખોનું વર્ણન ચાલે છે.

અહો ! મારો આત્મા અનંત આનંદનો સાગર છે, તે આનંદની સમીપતા છોડીને, પરમાં આનંદ માનીને જીવ અનાદિથી સંસારમાં દુઃખી થઈ રહ્યો છે.

ગાથા–૪૬

**વળી તે કેવો થાય, તે કહે છે :–**

**बालः अपि पितृत्यक्तः परोच्छिष्ठेन वर्द्धते दुःखितः।**
**एवं याचनाशीलः गमयति कालं महादुःखम्।।४६।।**

**અર્થ :– ગર્ભમાંથી નીકળ્યા પછી બાળઅવસ્થામાં જ માતપિતા મરી જાય તો પારકી**

**ઉચ્છિષ્ટવડે જીવનનિર્વાહ કરતો તથા માગવાનો જ છે સ્વભાવ જેનો એવો દુઃખી થતો થકો કાળ નિર્ગમન કરે છે.**

પોતાના સ્વભાવની દૃષ્ટિપૂર્વકની ભૂમિકામાં ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ એમ વિચારે છે કે અહો ! સંસાર પરિભ્રમણમાં જીવ ક્યારેક મનુષ્યપણું પામે તો ગર્ભાવસ્થામાં જ ઘણાં તો મરી જાય છે. ગર્ભમાંથી જન્મે તો કોઈના તો માતા-પિતા બાલ્ય અવસ્થામાં જ મરી જાય છે ને કોઈકનો ઓશિયાળો થઈને એઠું-જૂઠું ખાઈને પેટ ભરે છે. ચિદાનંદ સ્વભાવની ભાવના જે નથી કરતો તેને આવાં દુઃખો સહન કરવાં પડે છે. આ સંયોગનું કથન તો નિમિત્તથી છે. અંદર જીવને તે જાતનો દીનતાનો ભાવ તે દુઃખ છે. આત્મા ચિદાનંદથી ભરેલો છે તેનું ભાન અને મહિમા જાણ્યા વિના જીવ દીનહીન થઈને જીવન પૂરું કરે છે. કોઈને પૈસાના ઢગલા હોય તો તે પણ મમતાભાવથી દુઃખી જ છે. ચૈતન્ય ભગવાન પૂરા સ્વભાવથી ભરેલો છે તેની દૃષ્ટિ ભૂલીને, બહારમાં માગણ થાય છે. ધર્મી કહે છે કે અમે તો અમારા સ્વભાવની દૃષ્ટિથી પૂર્ણતાને સાધશું, અમે હવે આવા અવતાર કરવાના નથી.

ગાથા–૪૭

**વળી કહે છે કે એ બધું પાપનું ફળ છે :–**

**पापेन जनः एषः दुःकर्मवशेन जायते सर्वः।**
**पुनः अपि करोति पापं न च पुण्य कः अपि अर्जयति।।४७।।**

**અર્થ :– આ લોકના મનુષ્યો સંપૂર્ણ પાપના ઉદયથી અશાતાવેદનીય નીચગોત્ર અને અશુભનામ–આયુ આદિ દુષ્કર્મના વશથી એવાં દુઃખો સહન કરે છે તોપણ પાછા પાપ જ કરે છે, પણ પૂજા–દાન–વ્રત–તપ અને ધ્યાનાદિ છે લક્ષણ જેનું એવા પુણ્યને ઉપજાવતા નથી એ મોટું અજ્ઞાન છે.**

અર્થ :– આ લોકના મનુષ્યો સંપૂર્ણ પાપના ઉદયથી અશાતાવેદનીય નીચગોત્ર અને અશુભનામ–આયુ આદિ દુષ્કર્મના વશથી એવાં દુઃખો સહન કરે છે તોપણ પાછા પાપ જ કરે છે, પણ પૂજા–દાન–વ્રત–તપ અને ધ્યાનાદિ છે લક્ષણ જેનું એવા પુણ્યને ઉપજાવતા નથી એ મોટું અજ્ઞાન છે.

જુઓ, ધર્મી જીવ પોતાના વૈરાગ્યની વૃદ્ધિ અર્થે વિચારે છે કે અરેરે ! જગતના ઘણાં જીવો પૂર્વનાં પાપથી વર્તમાનમાં તો દુઃખી થઈ રહ્યાં છે ને ફરી પાછા વર્તમાનમાં પણ નવાં પાપને જ બાંધે છે, પણ જિનેન્દ્રદેવની પૂજા વગેરેના શુભભાવ કરતા નથી. જુઓ, ધર્મી એમ વિચારે છે કે અરે ! પુણ્ય-પાપ રહિત ચૈતન્યનું ભાન તો જગતના જીવોને અત્યંત દુર્લભ છે, પણ ભક્તિ-પૂજા-વ્રતાદિ પુણ્યભાવ પણ તેઓ કરતા નથી ને એકલા પાપમાં જ પડ્યાં છે, તે મોટું અજ્ઞાન છે.

ધર્મી જીવ હોય તેના ઘરે પુત્ર જન્મે માટે તેનું આયુષ્ય લાંબું જ હોય, એમ કાંઈ નથી. ધર્મીને ત્યાં પણ કોઈ જીવ ટૂંકું આયુષ્ય લઈને આવે, ને નાની ઉંમરમાં મરી જાય. કોઈનો દીકરો પરદેશમાં મરી ગયો, તે સાંભળીને તે કહે કે, 'મારો દીકરો મરે નહિ, કેમકે હું ધર્મી છું' – ત્યાં કોઈ તો કહે કે જુઓ ! તેને કેવી ધર્મની દૃઢતા !! પણ જ્ઞાની તો કહે છે કે તે મૂઢ છે. ધર્મીના ધર્મની સાથે કાંઈ છોકરાના આયુષ્યનો સંબંધ નથી. મોટો અધર્મી હોય છતાં તેને ત્યાં દીકરા લાંબા આયુષ્યવાળા હોય, ને ધર્માત્માને ત્યાં નાની ઉંમરમાં દીકરા મરી પણ જાય. અરે ! ધર્મીને પોતાને ઓછું આયુષ્ય હોય, તો નાની ઉંમરમાં દેહ છોડીને એકાવતારી થઈને ચાલ્યા જાય. માટે બહારના સંયોગની સાથે ધર્મનો સંબંધ નથી. પુણ્ય હોય તો બહારનો સંયોગ રહે ને પુણ્ય ન હોય તો બહારનો સંયોગ ચાલ્યો જાય.

આયુષ્યની સાથે ધર્મને શું સંબંધ છે ? ધર્મી તો કહે છે કે આયુષ્ય મારે છે જ નહિ. હું તો અનાદિઅનંત આત્મા છું, આવા ભાન સહિત ધર્મી જીવ વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે. અજ્ઞાની જીવો મનુષ્યભવ પામીને પુણ્ય નથી કરતા, તો તેને ધર્મ તો ક્યાંથી હોય ? સર્વજ્ઞ પરમાત્માની ભક્તિ-પૂજા વગેરેનો પુણ્યભાવ પણ જગતના જીવોને દુર્લભ છે. જગતના જીવો પાપ છોડીને પુણ્ય પણ નથી કરતાં તો તેને ચૈતન્યનું ભાન કરીને તેનો ધર્મ તો ક્યાંથી હોય ?

જુઓ , અહીં પૂજા-દાન-વ્રત વગેરેની વાત કરી, પણ તે કાંઈ ધર્મ નથી, તે તો શુભભાવ

છે. અહીં તો એમ બતાવવું છે કે જે જીવો એકલા વિષયકષાયના પાપભાવમાં જ મશગુલ થઈને પડ્યો છે ને મંદકષાયનું પણ જેને ઠેકાણું નથી તેવા જીવો ચૈતન્યની ભાવના તો ક્યાંથી કરે ?

પૂજા-દાન-વ્રત અને તપ – એ બધાયને અહીં પુણ્યનું લક્ષણ કહ્યું છે, એટલે કે તે પૂજા વગેરેમાં શુભભાવથી પુણ્ય બંધાય છે. આવા પુણ્ય ભાવવાળા જીવો પણ જગતમાં થોડાં છે. અહીં પૂજા વગેરેની વાત કરી તે શુભભાવ છે.

ચૈતન્યની પ્રતીત કરીને ઉપયોગને અંતરમાં વાળીને તેનાથી આત્માનું પૂજન કરવું તે પૂજાથી ધર્મ છે, દાન એટલે ચૈતન્યનું ભાન કરીને તેને વીતરાગી પર્યાયનું દાન કરવું તેનું નામ દાન, પોતે પોતાને દાન દીધું.

વ્રત એટલે પુણ્ય-પાપની લાગણી છેદીને ચૈતન્યના સ્વરૂપમાં વીંટાઈ જવું – એકાગ્ર થવું તેનું નામ વ્રત છે.

તપ એટલે જેમાં ચૈતન્યજ્યોતિ ઝળહળે, એવી ચૈતન્યની એકાગ્રતાનું નામ તપ છે, અને નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન એકાગ્રતાની ધૂનથી ચૈતન્યમાં ઉપયોગ જામી જાય તેનું નામ ધ્યાન છે. આવાં પૂજા-વ્રત-તપ-દાન અને ધ્યાન તે ધર્મ છે, તે તો અજ્ઞાનીને નથી. પણ શુભભાવરૂપ પૂજા વગેરે પણ જગતના જીવોને દુર્લભ છે.

૪૭મી ગાથામાં તો સાધારણ પુણ્યની વાત કરી. હવે ૪૮મી ગાથામાં ધર્મીના પુણ્યની વાત કરે છે.

ગાથા–૪૮

**विरलः अर्जयति पुण्यं सम्यग्दृष्टिव्रतैः संयुक्तः।**
**उपशमभावेन सहितः निन्दनगर्हाभ्यां संयुक्तः।।४८।।**

અર્થ :–સમ્યગ્દષ્ટિ અર્થાત્ યથાર્થશ્રદ્ધાવાન, મુનિ–શ્રાવકનાં વ્રતોસહિત, ઉપશમભાવ અર્થાત્ મંદકષાય પરિણામી, નિંદન અર્થાત્ પોતાના દોષોને પોતે યાદ કરી પ્રશ્ચાતાપ કરનાર, અને ગર્હણ અર્થાત્ પોતાના દોષને ગુરુજન પાસે વિનયથી કહેનાર એ પ્રમાણે નિંદા–ગર્હાસંયુક્ત

જીવ પુણ્યપ્રકૃતિઓને ઉપજાવે છે, પણ એવા વિરલા જ હોય છે,

જેને આત્માનું ભાન થયું છે, પુણ્ય-પાપ રહિત ચૈતન્યની વીતરાગી દૃષ્ટિ પ્રગટી છે, તે જીવને અહિંસા વગેરેના શુભભાવથી પુણ્ય ઊપજે છે ને અંદર જે યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન છે તે ધર્મ છે. અહીં તો એમ કહેવું છે કે સંસારમાં રખડતા જગતના જીવોને મનુષ્યપણું દુર્લભ છે ને તેમાં પણ ઘણાં અજ્ઞાની જીવો તો પાપમાં જ ડૂબેલા છે. ચૈતન્યનાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાનવાળા જીવો તો બહુ જ વિરલા હોય છે. જેને ચૈતન્યનાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન હોય, તે મુનિ કે શ્રાવકનાં વ્રતો હોય, મંદ કષાયરૂપ ઉપશમભાવ હોય – એવા જીવો બહુ વિરલા હોય છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને યથાર્થ નિંદા ગર્હણા હોય છે. કોઈ વાર અશુભ પરિણામ આવી જાય તો ધર્મી જીવ પોતાના આત્માને એમ નિંદે છે કે અરે આત્મા !! આવાં ટાણાં મળ્યાં અને તને આવા પરિણામ ! અંદર નિર્દોષ પરમાત્મસ્વભાવનું ભાન તો ભેગું પડ્યું છે, તે ભાન સહિત એમ વિચારે છે કે અરે ! મનુષ્યપણાનો અલ્પકાળ ! તેમાં આવા પરિણામ આવી જાય છે !! એમ વિચાર કરે છે તેમાં શુભ પરિણામ છે, તે શુભ પરિણામ તો પુણ્ય બંધનું કારણ છે, ને તે વખતે સ્વભાવના આશ્રયે જેટલો રાગ ટળ્યો છે તેટલો તો ધર્મ છે. ધર્મીને ભાન હોવા છતાં હજી વિશેષ વીતરાગભાવની શક્તિ પ્રગટી નથી. ધર્મી પોતાની શક્તિ જોઈને વ્રતતપ કરે છે, હઠથી કે કોઈની દેખાદેખીથી કરતા નથી. એકવાર તો વર્ષીતપ કરે, ને બીજા વર્ષે આખા વર્ષમાં એક દિવસ પણ ઉપવાસાદિને યાદ ન કરે. તે તો હઠ છે. ધર્મી તો અંદર પોતાના પરિણામની શક્તિ જોઈને શક્તિ અનુસાર તપ-ત્યાગ કરે છે. ધર્મીને પોતાના પરિણામમાં અશુભભાવ થઈ આવે તો તે વૈરાગ્યથી વિચારે છે કે અરે આત્મા ! અરે વીર ! આવાં ટાણાં મળ્યાં, અને આવા પરિણામ આવી જાય છે તે ખેદ છે. આવો જે આત્મનિંદાનો ભાવ તે પુણ્ય છે અને ગુરુની સાક્ષીપૂર્વક તે દોષને છોડે, ગુરુ પાસે જઈને પોતાના દોષોને વિનયપૂર્વક કહે અને તે દોષ છોડે, એવો જે શુભભાવ તે પણ પુણ્ય છે. તે વખતે અંદર દૃષ્ટિપૂર્વક જેટલી શુદ્ધતા વધે છે તે નિર્જરા અને ધર્મ છે. અહીં સંસાર ભાવના ભાવતાં ધર્મી વિચારે છે કે જગતના જીવોને અંતરના ભાનપૂર્વક આવા પરિણામ દુર્લભ છે. આવા જીવો વિરલા જ છે.

ચૈતન્યના ભાન વગર પુણ્ય કરનારા જીવો તો જગતમાં ઘણાં છે પણ ચૈતન્યના સ્વભાવના

ભાન પૂર્વક આવા વૈરાગ્ય પરિણામ હોય તેવા જીવો તો જગતમાં વિરલા જ છે. સમ્યગ્દષ્ટિને આત્માનું ભાન થયું છે, પણ હજી પરમાત્મદશા પ્રગટી નથી, ત્યાં પોતાની ભૂમિકાનો વિવેક કરે છે, ને આવી ભાવના કરીને તે પોતાના પુરુષાર્થને વધારે છે.

સંસારમાં પુણ્યવંત પુરુષોને પણ ઇષ્ટ વિયોગ તથા અનિષ્ય સંયોગ થાય છે એમ હવે કહે છે.

ગાથા–૪૯

**આગળ કહે છે કે પુણ્યસહિતને પણ ઇષ્ટ-વિયોગાદિ જોવામાં આવે છે :–**

**पुण्ययुतस्य अपि दृश्यते इष्ठवियोगः अनिष्यसंयोगः।**
**भरतः अपि साभिमानः पराजितः लघुकभ्रात्रा।।४९।।**

**અર્થ :– પુણ્યોદયસહિત પુરુષને પણ ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ થતો જોવામાં આવે છે, જુઓ અભિમાનસહિત ભરતચક્રવર્તિ પણ પોતાના નાના ભાઈ બાહુબલીથી હાર પામ્યા.**

**ભાવાર્થ :– કોઈ જાણે કે 'જેને મહાન પુણ્યનો ઉદય છે તેને તો સુખ છે' પણ સંસારમાં તો સુખ કોઈને પણ હોતું નથી, ભરતચક્રવર્તિ જેવા પણ અપમાનાદિકથી દુઃખી થયા તો બીજાઓની વાત જ શું કહેવી !**

અર્થ :– પુણ્યોદયસહિત પુરુષને પણ ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ થતો જોવામાં આવે છે, જુઓ અભિમાનસહિત ભરતચક્રવર્તિ પણ પોતાના નાના ભાઈ બાહુબલીથી હાર પામ્યા.

જુઓ, ભરત ચક્રવર્તી છ ખંડના ધણી હતા, તેમને ૬૪૦૦૦ રત્નની પૂતળી જેવા દીકરા હતાં. એક જયકુમારની દીક્ષાના સાંભળતાં વૈરાગ્ય પામીને ૧૦૦ પુત્રો ભગવાનના સમવસરણમાં દીક્ષા લેવા ગયા છે, ત્યાં તેમનું રૂપ દેખીને ઇન્દ્રને પણ આશ્ચર્ય થાય છે કે અરે ! આ કોણ છે ? શું આતે મનુષ્ય છે કે દેવ ? – આવું તો અદ્‌ભુત રૂપ ભરત

ચક્રવર્તીના પુત્રોનું હતું. આવા પુણ્યવંત ભરતચક્રવર્તી પણ પોતાના નાના ભાઈ બાહુબલિથી હાર પામીને અપમાનિત થયા. જુઓ, ભરત અને બાહુબલ બન્ને ચરમશરીરી છે. તેમાં ભરત ચક્રવર્તી જેવા પુણ્યવંત ઇન્દ્રો પણ જેનાં મિત્રો, ગંગા-સિંધુ દેવીઓ જેની બહેન થવા આવે, આવા પુણ્યવંત ભરતચક્રવર્તી પણ બાહુબલિથી હાર પામ્યા, એટલે કે સંસારમાં મોટા મોટા માંધાતાઓને પણ અપમાન વગેરેનો પ્રસંગ આવે છે. માટે સંસારમાં પુણ્ય પણ જીવને શરણરૂપ નથી. માટે એ પુણ્ય અને પુણ્યના ફળની ભાવના છોડ, ને ધ્રુવ ચૈતન્યની ભાવના કર – એ માટે આ ઉપદેશ છે. જરાક પ્રતિકૂળતા આવે ત્યાં અપમાન માનીને મૂઢ જીવો મૂંઝાઈ જાય છે, ધર્મી તો કહે છે કે સંસારમાં મોટા પુણ્યવંતોને પણ અપમાન વગેરેનો પ્રસંગ આવે છે. એમ જાણીને ધર્મી તો ચૈતન્ય સ્વભાવની ભાવના કરીને વીતરાગતાને વધારે છે આનું નામ ધર્મ છે.

# પ્રસાદ નં. – ૨૦૩

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક સાતમું,**
**સોનગઢ, તા. ૨૦-૫-૫૨, મંગળવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ વદ ૪, મંગળવાર, ૧૩-૫-૫૨ સવારે)**

સંસારભાવનાનું વર્ણન ચાલે છે. આત્માને અસલી સ્વભાવ જ્ઞાન આનંદની મૂર્તિ છે. તે સ્વભાવમાં સંસાર નથી. આવા સ્વભાવનું ભાન કર્યે ધર્મ થાય છે. ધર્મી જીવ સ્વભાવના ભાનપૂર્વક સંસારનું સ્વરૂપ એમ વિચારે છે કે અહો ! ચૈતન્ય સ્વરૂપ શાંત-સુખરૂપ છે. તે સિવાય સંસારમાં કોઈ સુખરૂપ નથી, સંસાર તો વિકાર છે, તે દુઃખરૂપ છે. આત્માના સ્વભાવમાં પૂર્ણતા છે. પણ પુણ્યના સંયોગમાં પૂર્ણતા હોતી નથી. સંયોગમાં પૂર્ણતા ન હોય, પુણ્ય પોતે ખંડખંડરૂપ વિકારભાવથી ઉત્પન્ન થયેલું છે. તેથી તેના ફળમાં પૂર્ણતા ન હોય. તીર્થંકરપદમાં પૂર્ણ પુણ્યનો ઉદય હોય છે, પણ ત્યાં તો કેવળજ્ઞાન થઈ ગયું છે. એટલે સંયોગ ઉપર લક્ષ જ નથી. અધૂરી દશાવાળા સંસારી જીવને પુણ્યના સંયોગમાં પૂર્ણતા હોય નહિ. ધર્મીને દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ છે, ને તેમાં સ્થિરતા થતાં જ્ઞાનાદિની પૂર્ણતા પ્રગટે છે. પણ સંયોગમાં ઇચ્છાનુસાર પૂર્ણતા કોઈને થતી નથી. સ્વભાવ પરિપૂર્ણ છે, તેમાં સંસાર નથી. સંસારમાં ક્યાંય સંયોગની પૂર્ણતા હોતી નથી. માટે ધર્મી જીવ પૂર્ણ સ્વભાવી આત્માને દૃષ્ટિમાં લઈને તેની જ ભાવના કરે છે.

પુણ્યનાં ફળ મળે પણ તેમાં પરિપૂર્ણતા હોતી નથી. છદ્મસ્થદશામાં તીર્થંકરપ્રકૃતિ ફળે નહિ. કેવળજ્ઞાન થયા પછી જ તીર્થંકરપ્રકૃતિનું ફળ આવે છે, પણ ત્યાં તો કાંઈ બહારમાં સંયોગ ભોગવવા ઉપર લક્ષ હોતું નથી. ત્યાં તો પોતાના આનંદથી પૂર્ણતાનો જ ભોગવટો

છે. નીચલી દશામાં સંયોગના ભોગવટા ઉપર જેનું લક્ષ છે તેને પુણ્યનો સંયોગ પૂરો હોતો નથી, એટલે સંસારમાં કોઈ પ્રાણી સુખી નથી.

કોઈ જાણે કે 'જેને મહાન પુણ્યનો ઉદય છે તેને તો સુખ છે' પણ સંસારમાં તો સુખ કોઈને પણ હોતું નથી, ભરતચક્રવર્તી જેવા પણ અપમાનાદિકથી દુઃખી થયા તો બીજાઓની વાત જ શું કહેવી ? સંયોગમાં સુખ તો નથી, પણ સંયોગમાં પૂર્ણતા હોતી નથી. ધર્મી જીવ સંયોગમાં સુખ માનતા નથી. તેથી તેને સંયોગની ભાવના હોતી નથી, ધર્મી તો અખંડ સ્વભાવની જ ભાવના ભાવે છે. ધર્મી તો સંસારમાં સુખ માનતા નથી. ચિદાનંદ આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ છે. વીતરાગતાનો પિંડ છે, તે અખંડ સ્વભાવમાં ભેદ પડીને વિકલ્પ ઊઠ્યો ત્યારે પુણ્યનો ભાવ થયો, તે પુણ્ય પોતે ખંડ ખંડરૂપ છે, અને તેના ફળમાં સંસારીને જે સંયોગ મળ્યો, તે સંયોગમાં પણ પૂર્ણતા હોતી નથી. અરે ભાઈ ! જો તું સંસારમાં સુખ માનતો હો તો અહીં મુનિરાજ કહે છે કે ધીરો થા ! ધીરો થા ! આ સંસારમાં ચક્રવર્તી જેવાને પણ સંયોગમાં પૂર્ણતા નથી, તો બીજાની શું વાત ? જુઓ, સ્વભાવનું સુખ પૂર્ણ હોય, પણ સામગ્રીનું સુખ પૂરું ન હોય. સામગ્રીમાં સુખ તો છે જ નહિ. પણ જે સામગ્રીમાં સુખની કલ્પના કરે છે તે સામગ્રી પણ પૂરી કોઈને હોતી નથી. ભરતચક્રવર્તી તો ધર્માત્મા હતા, તેને ભાન હતું કે મારું સુખ તો મારા સ્વભાવમાં જ છે. સંયોગમાં મારું સુખ નથી.

તે ભરત ચક્રવર્તી છ ખંડ જીતીને જ્યારે પાછા ફરે છે ત્યારે તેના નાના ભાઈ બાહુબલી તેને નમતા નથી, એટલે તેમને યુદ્ધ થાય છે. જુઓ, બન્ને ભાઈઓ સમ્યગ્જ્ઞાની છે, તે જ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પામવાના છે પણ જરાક અભિમાનને લીધે બન્ને પરસ્પર યુદ્ધ કરે છે. તેમાં ભરત ચક્રવર્તી હારી જાય છે, ને તેમનું અપમાન થાય છે. જુઓ ! ચક્રવર્તી જેવા પુણ્યવંતનું પણ અપમાન થયું ! તો બીજા સાધારણ જીવોની તો શું વાત કરવી ? માટે આ સંસારમાં પુણ્યના ઉદયવાળા જીવો પણ સુખી નથી. ભરત જેવા પુણ્યવંતને પણ પુણ્યમાં એટલી ઓછાશ હતી તેથી હારી ગયા. પુણ્ય તે કાંઈ સ્વભાવ નથી, તેથી તેમાં પૂર્ણતા હોય નહિ. માટે તું પુણ્યની ને સંયોગની ભાવના છોડ ને અંદરનો ચિદાનંદ સ્વભાવ પરિપૂર્ણ છે તેની ભાવના કર. આત્મા જ્ઞાન-આનંદ વગેરે સ્વભાવથી ભરપૂર - પરિપૂર્ણ છે, તેની પ્રતીતિ કરીને તેમાં લીન થાય તો પર્યાયમાં જ્ઞાન આનંદની પૂર્ણતા પ્રગટે છે. પણ કોઈ જીવ સંયોગમાં પૂર્ણતા કરવા માગે તો તેમાં કદી પૂર્ણતા થાય તેમ નથી. જુઓ, આનું નામ સંસાર ભાવના ! સંસારમાં – પુણ્યના ફળમાં જેને સુખ લાગતું હોય તે જીવને ખરી

સંસાર ભાવના હોય નહિ. એક તરફ સ્વભાવ ને બીજી તરફ સંયોગ ! જેણે સ્વભાવની પૂર્ણતાની ભાવના ન કરી તે જીવ અજ્ઞાનથી સંયોગમાં પૂર્ણતાની ભાવના કરે છે. ધર્મી જીવ તો પોતાના પૂર્ણ સ્વભાવથી રુચિ અને ભાવના કરીને, સંયોગની ભાવના છોડે છે.

જુઓ, ભરત ચક્રવર્તી જ્યારે હારી ગયા ત્યારે અપમાનથી દુઃખ લાગ્યું ને ક્રોધથી બાહુબલી ઉપર ચક્ર છોડ્યું, પણ ચક્ર કદી ચરમશરીરીનો કે ગોત્રના માણસોનો ઘાત કરે નહિ તેથી બાહુબલી ઉપર ચક્ર ચાલ્યું નહિ અને બાહુબલી વૈરાગ્ય પામ્યા કે, અરે ! ધિક્કાર આ સંસારને ! એક પૃથ્વીના ટુકડા માટે ભરત ચક્રવર્તી જેવા પણ સગા ભાઈનો ઘાત કરવા તૈયાર થયા !! આમ સંસારથી વિરક્ત થઈને બાહુબલીજી દીક્ષા માટે તૈયાર થયા. ભાઈને દીક્ષા લેવા માટે તૈયાર થયેલા દેખીને ભરતને પણ દુઃખ લાગ્યું. જુઓ ! અહીં એમ કહેવું છે કે સંસારમાં પુણ્યનાં ફળની પૂર્ણતા હોતી નથી. પૂર્ણતા તો ચિદાનંદ સ્વભાવમાં છે. સિદ્ધ ભગવંતોને આત્મામાં બધી રીતે પૂર્ણતા છે. અહો ! પૂર્ણતા તો સિદ્ધદશામાં છે, દરેક આત્મા સિદ્ધ જેવો પરિપૂર્ણ છે. એવા આત્મ સ્વભાવની ભાવના કરવા જેવી છે. બહારમાં સંસારને સુધારવા માગે તો તે સુધરી શકે તેમ નથી. પણ સંસારની ભાવના છોડીને સ્વભાવની ભાવના કરે તો પર્યાયમાં પૂર્ણ જ્ઞાન આનંદ પ્રગટી જાય. સંસારનું આવું સ્વરૂપ વિચારીને ધર્મી જીવ સ્વભાવની ભાવના વધારે છે, ને તેને ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી જાય છે. પુણ્ય ને પુણ્યનું ફળ તે આત્માની ચીજ નથી. પુણ્ય તો અનંતવાર કરી ચૂક્યો પણ જે ભાવથી આત્માના જન્મ-મરણનો અંત આવે તેવો ભાવ પૂર્વે કદી પ્રગટ કર્યો નથી. અહો ! સ્વભાવનું ભાન કરીને તેની ભાવનાથી જન્મ-મરણનો અંત આવે – તે જ કરવા જેવું છે.

ગાથા–૫૦

**આગળ એજ અર્થને દઢ કરે છે :–**

**सकलार्थविषययोगः बहुपुण्यस्य अपि न सर्वत्र भवति।**
**तत् पुण्यं अपि न कस्य अपि सर्वं येन निश्चितं लभते।।५०।।**

**અર્થ :– આ સંસારમાં સમસ્ત પદાર્થો વિષય અર્થાત્ ભોગ્ય વસ્તુ છે તે સર્વનો યોગ મોટા પુણ્યવાનને પણ સર્વાંગપણે મળતો નથી અર્થાત્ એવું કોઈ પુણ્ય જ નથી કે જે વડે**

**બધાય મનોવાંચ્છિક (પદાર્થો) મળે.**

**ભાવાર્થ :– મોટા પુણ્યવાનને પણ વાંચ્છિત વસ્તુમાં કાંઈ ને કાંઈ ઓછાશ રહે છે, સર્વ મનોરથ તો કોઈના પણ પૂર્ણ થતાં નથી તો પછી (કોઈ જીવ) સર્વાંગ સુખી કેવી રીતે થાય ?**

અર્થ :– આ સંસારમાં સમસ્ત પદાર્થો વિષય અર્થાત્ ભોગ્ય વસ્તુ છે તે સર્વનો યોગ મોટા પુણ્યવાનને પણ સર્વાંગપણે મળતો નથી અર્થાત્ એવું કોઈ પુણ્ય જ નથી કે જે વડે બધાય મનોવાંચ્છિક (પદાર્થો) મળે.

ચિદાનંદ આત્મા સ્વભાવથી પરિપૂર્ણ છે. તેની દૃષ્ટિ અને ભાવના કરે તો અપૂર્ણતા રહે નહિ. આત્માથી ભિન્ન એવા સંયોગોનો ભોગવટો કદી પૂર્ણ થતો નથી. બહારના સંયોગમાં પૂર્ણતા કરવા માગે તો તે કદી થતી નથી. જુઓ, અહીં ચૈતન્ય સ્વભાવની પાસે આખા સંસારને તુચ્છ બતાવે છે. અરે ! ચિદાનંદ સ્વભાવની પૂર્ણતા છે ને સંસારમાં સંયોગનો ભોગવટો તો કદી કોઈને પૂરો મળતો નથી. સંસાર તો સ્વપ્ન જેવો છે. પુણ્યનાં ફળ આવે ને પાંચ-પચીસ વર્ષ રહીને ક્ષણમાં ફૂ થઈને ઊડી જાય ! સ્વભાવની પૂર્ણતા પ્રગટી તેનો કદી વિરહ થાય નહિ ને સંસારમાં પુણ્યનો સંયોગ કોઈને કાયમ રહે નહિ. અહો ! સંસારમાં પ્રથમ તો પુણ્યનો પૂરો યોગ કોઈને મળતો નથી અને પુણ્યનો સંયોગ મળ્યો તેમાં પણ સુખ નથી. પુણ્યનાં ફળને ભોગવવાની તૃષ્ણા તે દુઃખ છે. સંયોગમાંથી સુખ ભોગવવાનું જ્ઞાની માનતા નથી. અજ્ઞાની સ્વભાવની ભાવના ચૂકીને સંયોગમાં સુખ માને છે. પહેલાં એ વાત લક્ષમાં લેવી જોઈએ કે અરે ! સંસારમાં મારું સુખ ક્યાંય બહારમાં નથી, મારું સુખ તો મારા આત્મામાં જ છે. આમ ઓળખે તો તેની ભાવના ફરી જાય, સંસારની ને સંયોગની ભાવના છૂટી જાય, એટલે સંસારની તીવ્ર લોલુપતાનો ભાવ છૂટી જાય. અજ્ઞાની તો જાણે કે સંયોગમાંથી સુખ લઈ લઉં એમ માને છે એટલે તે સંયોગનું અભિમાન કરે છે. અરે ભાઈ ! તારા સુખનું ધામ તો આત્મામાં છે, માટે તેને ઓળખીને તેની ભાવના કર. સુખની ખાણ તો તારામાં ભરી છે. સંયોગમાં તારું સુખ ભર્યું નથી. પુણ્યનો વૈભવ હોય ભલે પણ તું તારા ચૈતન્યવૈભવનો આદર છોડીને તેની ભાવના કરીશ નહિ. ભરતને છ ખંડનો રાજવૈભવ હતો પણ તે અંતરમાં એવી ભાવના કરતા હતા કે અરે ચિદાનંદ હંસલા ! આ સંયોગ

તે તારી ચીજ નથી. તારું પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તેમાં જ તારી શાંતિ છે. આમ તે પોતાના સ્વભાવની જ ભાવના ભાવે છે.

'સમંતભદ્રસ્વામી' તીર્થંકરોની સ્તુતિ કરતાં કહે છે કે, હે નાથ ! સમ્યગ્દૃષ્ટિ જ આપને ઓળખીને પૂજ્ય માને છે. જેને પુણ્યની રુચિ છે એવા અભવ્ય કે મિથ્યાદૃષ્ટિ જીવો આપને ખરેખર નહિ પૂજે. કેમકે આપનો આત્મા પુણ્ય-પાપ રહિત ચિદાનંદસ્વરૂપ છે, તેથી આપને જે પૂજ્ય માને તેને પુણ્યની રુચિ હોય નહિ. એટલે ખરેખર સમ્યગ્દૃષ્ટિ જીવ જ ભગવાનને પૂજે–વંદે છે. 'દ્રવ્યસંગ્રહ'ના મંગલાચરણમાં ભગવાનને 'સો ઇન્દ્રોથી વંદ્ય' કહ્યાં છે, તેથી તે બધાં ઇન્દ્રો પણ સમ્યગ્દૃષ્ટિ હોવા જોઈએ. જેને પોતાના પુણ્ય-પાપરહિત નિર્મળ સ્વભાવનો આદર થયો તે જ જીવ ખરેખર ભગવાનને વંદન કરનાર છે. હે ભગવાન ! આપ સમ્યગ્દૃષ્ટિથી જ પૂજ્ય છો. અજ્ઞાની જીવ સામાન્યપણે વંદન કરે તેમાં તો શુભભાવ છે, તે કાંઈ ધર્મ નથી. જેણે પરમાર્થે પોતાના સ્વભાવને પૂજ્ય જાણ્યો છે એવા ધર્મી જીવથી જ ભગવાન ખરેખર વંદ્ય-પૂજ્ય છે.

પૂર્ણ સ્વભાવની ભાવના કરવા જેવી છે, બહારમાં સંયોગની ભાવના કરવા જેવી નથી. જેને સંયોગની ભાવના છે તે ખરેખર ભગવાનનો ભક્ત નથી.

ગાથા–૫૧

**कस्य अपि नास्ति कलत्रं अथवा कलत्रं न पुत्रसम्प्राप्तिः।**
**अथ तेषां सम्प्राप्तिः तथापि सरोगः भवेत् देहः।।५१।।**

**અર્થ :– કોઈ મનુષ્યને તો સ્ત્રી નથી, કોઈને જો સ્ત્રી હોય તો પુત્રની પ્રાપ્તિ નથી તથા કોઈને પુત્રની પ્રાપ્તિ છે તો શરીર રોગસહિત છે.**

અરે જીવ ! બહારના સંયોગમાં બધો મેળ નહિ ખાય; સંયોગની ભાવના કરીને તું મફતનો તારા સ્વભાવ સાથેનો મેળ તોડી નાખે છે !! કોઈ જીવને એકનો એક પુત્ર હોય

ને પરણવા વખતે માંડવામાં જ મરી જાય !! કોઈને સ્ત્રી હોય તો પુત્ર ન હોય ! કોઈને પુત્ર હોય તો પૈસા ન હોય, કોઈને પુત્ર વગેરે હોય પણ શરીર રોગી હોય ઇત્યાદિ પ્રકારે સંસારમાં 'ત્રણ સંધાય ત્યાં તેર તૂટે છે' માટે ધર્મી જીવોએ સંસારનો એક પણ ભવ આદરવા જેવો નથી, અંદર ચિદાનંદ સ્વભાવના વૈભવનું ભાન કરીને તેનો જ આદર અને ભાવના કરવા જેવી છે.

## વૈશાખ વદ ૫, બુધવાર, ૧૪-૫-૫૨

આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે તેણે સુખી થવા માટે શું કરવું ? તેની આ વાત છે. આત્મા અનાદિ અનંત ચીજ છે, તે કદી નવો થયેલો નથી, અનાદિથી પોતે પોતાના સ્વભાવને ભૂલીને આ સંસારમાં પરિભ્રમણ કરે છે. પોતે ચૈતન્ય સ્વભાવમય વસ્તુ છે; જો પોતને પોતાના સ્વભાવની કિંમત થાય તો સંયોગી ચીજમાં પોતાનું સુખ ન માને. હું આત્મા છું ને મારી શાંતિ મારામાં છે સંયોગી ચીજો તો મારે માટે નિરર્થક છે, તે બહારની ચીજમાંથી તો પોતામાં કાંઈ આવતું નથી. પણ પોતાના સ્વભાવને અનાદિકાળથી એક સેકંડ પણ જાણ્યો નથી તેથી શરીરમાં-સ્ત્રીમાં-લક્ષ્મીમાં વગેરેમાં સુખની કલ્પના કરી છે. પણ પોતાનું સુખ બહારમાં કદી હોય નહિ. તેનું અજ્ઞાનીને ભાન નથી. ચૈતન્યને ચૂકીને અજ્ઞાની જીવ પરમાં સુખ દુ:ખની કલ્પના કરે છે. તે કલ્પના આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી, તે કલ્પના કાઢી નાખો તો આત્માનો સહજ જ્ઞાનસ્વભાવ એકલો રહી જાય છે. તે સ્વભાવમાં સુખ છે. સ્વભાવને ભૂલીને જીવ અનાદિકાળથી મિથ્યાત્વને લીધે ચાર ગતિમાં જે ભ્રમણ કરી રહ્યો છે તેનું નામ સંસાર છે. ધર્મી જીવ જાણે છે કે મારા જ્ઞાન-આનંદ સ્વભાવમાં જ મારું સુખ છે, આત્મા કાયમ રહેનારો છે, ને શરીરના સંયોગ તો નવા નવા બદલાયા કરે છે, તે શરીરમાં મારું સુખ નથી – આવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારભાવના ભાવે છે. તેનું આ વર્ણન છે.

જગતના બધા જીવો સુખને ઇચ્છે છે. પણ સુખનો ઉપાય ઇચ્છતા નથી અને દુ:ખને

ઇચ્છતા નથી પરંતુ દુઃખના ઉપાયમાં – મિથ્યાત્વાદિમાં નિરંતર લાગ્યા રહે છે. સુખનો ઉપાય તો આત્માની સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે જ છે, તેને બદલે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થ મેળવીને તેનાથી સુખી થવા માગે છે પણ બહારના પદાર્થની ઇચ્છા તે જ દુઃખ છે. જે સુખી હોય તે પરને મેળવવા કેમ ઇચ્છે ? માટે જેને ચૈતન્યનું ભાન નથી, ને સંયોગમાં સુખ માની રહ્યાં છે તેવા જીવોને સંસારમાં ક્યાંય સુખ નથી. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય પરમાં ક્યાંય પણ સુખ છે એવો અભિપ્રાય ધર્મીને હોતો નથી.

સંસારમાં અજ્ઞાની જીવોએ સંયોગમાં સુખ કલ્પ્યું છે, પણ તેને સંયોગ પણ ઇચ્છા પ્રમાણે પૂરા મળતા નથી, તે વાત ચાલે છે.

ગાથા–૫૨

**अथ नीरोगः देहः तत् धनधान्यानां नैव सम्प्राप्तिः।**
**अथ धनधान्यं भवति खलु तत् मरणं झगिति ढौकते।।५२।।**

**અર્થ :– જો કોઈને નિરોગ દેહ હોય તો ધન–ધાન્યની પ્રાપ્તિ હોતી નથી અને જો ધન–ધાન્યની પ્રાપ્તિ થઈ જાય છે તો (કદાચિત) તુરત મરણ પણ થઈ જાય છે.**

ચૈતન્યમાં સુખ છે તેને જે પ્રાણી માનતો નથી તે પ્રાણી દુઃખી થઈને ચાર ગતિમાં રખડ્યા કરે છે. સ્વભાવમાં સુખ ભર્યું છે તેને ન સ્વીકારે ને સંયોગમાં સુખ લેવા માગે છે તેને પરમાંથી સુખ કદી પણ આવવાનું નથી. પરમાં આત્માનું સુખ છે જ નહિ.

કોઈને લાખોની લક્ષ્મી પ્રાપ્ત થાય તે તરત આયુષ્ય પૂરું થઈ જાય. શાંતિ તો ચૈતન્યમાં છે, તે ચૈતન્યનો કદી વિરહ પડતો નથી. લક્ષ્મી મળે ને જીવતો રહે તો પણ તેને ભોગવવાની આકુળતા તે દુઃખ જ છે. આશાવંત પ્રાણી દુઃખી છે. જેણે ચૈતન્ય સ્વભાવની પૂર્ણતાની ભાવના ભાવી છે ને પરની આશાને દૂર કરી છે તેને સાચી શાંતિ અને સુખ છે.

ગાથા-૫૩

**कस्य अपि दुष्टकलत्रं कस्य अपि दुर्व्यसनव्यसनिकः पुत्रः।**
**कस्य अपि अरिसमबन्धुः कस्य अपि दुहिता अपि दुश्चरित्रा।।५३।।**

**અર્થ :– આ મનુષ્યભવમાં કોઈને સ્ત્રી દુરાચરણી છે, કોઈને પુત્ર જુગારઆદિ દુર્વ્યસનોમાં લવલીન છે, કોઈને શત્રુ સમાન કલહકારી ભાઈ છે તો કોઈને પુત્રી દુરાચરણી છે.**

અર્થ :– આ મનુષ્યભવમાં કોઈને સ્ત્રી દુરાચરણી છે, કોઈને પુત્ર જુગારઆદિ દુર્વ્યસનોમાં લવલીન છે, કોઈને શત્રુ સમાન કલહકારી ભાઈ છે તો કોઈને પુત્રી દુરાચરણી છે.

મનુષ્યભવ પામીને જેઓ તીવ્ર દુરાચરણ કરે છે તેવા જીવો મરીને નરકમાં જાય છે. જે તીવ્ર માયાકપટ કરે તેવા જીવો તિર્યંચ થાય છે. અજ્ઞાની જીવ ચિદાનંદ આત્માને ચૂકીને બહારના સંયોગમાં એકત્વબુદ્ધિ કરે છે તે જ દુઃખનું મૂળ કારણ છે. જેણે સત્-સમાગમે શ્રવણ-મનન કરીને અંદરમાં ચૈતન્યનું ભાન અને એકાગ્રતા કરી છે તેને દુઃખ હોતું નથી. અહો ! સુખ તો મારા અંતર્મુખ સ્વરૂપમાં છે, બહારમાં મારું સુખ નથી ને બહિર્મુખ લાગણીઓ ઊઠે તેમાં પણ મારું સુખ નથી – આવો યથાર્થ નિર્ણય પણ જીવે કદી કર્યો નથી. જો યથાર્થ નિર્ણય કરે તો અંદર સ્વરૂપમાં એકાગ્રતા થઈને સંસારથી મુક્તિ થયા વિના રહે નહિ.

મોટો રાજા હોય ને અંદર ઘરની રાણી જ મહાદુરાચરણી થાય ને એવી ધમકી આપે કે જો અમને કાંઈ કહેશો તો ઝેર આપીને મારી નાખીશ ! સંસારમાં રખડતા જીવને આવા પ્રસંગો અનંતવાર આવી ગયા છે. સંસારના સંયોગોમાં ક્યાંય શાંતિ નથી. અનુકૂળ સંયોગો હોય તો તેમાં પણ સુખ નથી. સગો ભાઈ સગા ભાઈનું માથું કાપી નાખે એવું પણ સંસારમાં બને છે. આ જાણીને અંદર ચૈતન્યની ભાવના ભાવવા માટેનું આ વર્ણન છે. સંયોગનો વિશ્વાસ કરે છે પણ ચિદાનંદ આત્માના સુખનો વિશ્વાસ કરતો નથી.

હું ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ આત્મા છું, મારા સ્વભાવમાં દુઃખ નથી – એવી જેને અંતરમાં નિઃશંક શ્રદ્ધા થઈ છે તે જીવ આખા સંસારને દુઃખરૂપે વિચારે છે. નરક કે સ્વર્ગ, પ્રતિકૂળતા

કે અનુકૂળતા – તેમાં ક્યાંય મારું સુખ નથી, મારું સુખ મારા ચૈતન્ય સ્વભાવની ભાવના કરીને તેમાં એકાગ્રતા કરું – તો પ્રગટે છે. શરીરમાં રોગ થાય છે, જ્યાં શરીરમાં પણ પોતાનું ધાર્યું થતું નથી, તો પર સંયોગને હું ફેરવું – એ તો તદ્દન મિથ્યાબુદ્ધિ છે. પર જીવને હું બચાવી દઉં એમ અજ્ઞાની માને છે તેને પરનો અહંકાર ટળતો નથી ને સ્વભાવની દઢતા થતી નથી. ધર્મી તો જાણે છે કે ક્યાંય પણ સંયોગમાં ફેરફાર કરવાની મારી તાકાત નથી. હું તો જ્ઞાન અને દર્શનસ્વરૂપ છું, જગતની બધી ચીજો મારું દશ્ય છે, ને હું તો દષ્ટા છું; પણ ક્યાંય ફેરફાર કરી દઉં એવું મારું સ્વરૂપ નથી, ને સંયોગોના ફેરફારથી મને સુખ કે દુઃખ નથી, પરથી ભિન્ન ને પુણ્ય-પાપથી છૂટો એવો મારો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેમાં જ મારું સુખ છે. આવી પ્રતીત કરીને ચૈતન્યની ભાવના કરવી તે જ સુખનો ઉપાય છે.

મારું સુખ મારા આત્મામાં જ છે, એ સિવાય પુણ્ય-પાપમાં કે જગતના કોઈ સંયોગોમાં મારું સુખ નથી. આમ જ્યાં સુખી આત્માના સુખનો વિશ્વાસ ન આવે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી, ને ભવભ્રમણ ટળતું નથી.

ગાથા–૫૪

**कस्य अपि म्रियते सुपुत्रः कस्य अपि वनिता विनश्यते इष्टा।**
**कस्य अपि अग्निप्रलिप्तं गृहं कुटुंबं च दह्यति।।५४।।**

**અર્થ :– કોઈને તો સારો પુત્ર હોય તે મરી જાય છે, કોઈને ઇષ્ટ સ્ત્રી હોય તે મરી જાય છે તો કોઈને ઘર–કુટુંબ સઘળું અગ્નિ વડે બળી જાય છે.**

અર્થ :– કોઈને તો સારો પુત્ર હોય તે મરી જાય છે, કોઈને ઇષ્ટ સ્ત્રી હોય તે મરી જાય છે તો કોઈને ઘર–કુટુંબ સઘળું અગ્નિ વડે બળી જાય છે.

પ્રતિકૂળ સંયોગ બતાવીને અહીં સંસારના દુઃખનું વર્ણન કર્યું છે. ત્યાં ખરેખર કાંઈ સંયોગનું દુઃખ નથી, પણ ચૈતન્ય સુખનો વિશ્વાસ ચૂકીને સંયોગની ભાવના કરે છે તેથી

તે જીવ પોતાની આકુળતાથી જ દુઃખી થાય છે. ચૈતન્યનો બેહદ સ્વભાવ છે તેને ચૂક્યો એટલે સંયોગમાં સુખ માનીને અનંતાનુબંધી કષાય થયો, તેના ફળમાં સંસારમાં આવા આવા પ્રસંગો થાય છે. ધર્મી જીવ પોતાના ચૈતન્યને પરથી પૃથક્ જાણીને સ્વભાવની ભાવના ભાવે છે. સ્વભાવની દૃષ્ટિપૂર્વક તે સંસારનું સ્વરૂપ કેવું દુઃખમય છે તે વિચારીને પોતાના વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, તેથી આ ભાવના ભવ્ય જીવોને આનંદની જનની છે.

આત્મા અને પર ચીજ ભિન્ન ભિન્ન પૃથક્ છે, તો એક બીજાનું શું કરે ? જુઓ, બે આંગળી છે તેનું કાર્ય એક છે કે જુદું ? જો બન્નેનું કાર્ય જુદું ન હોય તો તે આંગળી 'બે' ન રહે, પણ એક થઈ જાય ! પણ બન્ને આંગળી ભિન્ન છે, ને બન્નેનું કાર્ય પણ ભિન્ન છે. જો એમ ન માનો તો બે આંગળીનું અસ્તિત્વ જ સિદ્ધ ન થાય. તેમ જીવ અને દેહ બન્ને પૃથક્ વસ્તુઓ છે, જગતની અનંત વસ્તુઓ છે તે બધી પૃથક્ પૃથક્ છે, ને તે દરેકનું પોતપોતાનું કાર્ય પણ ભિન્ન ભિન્ન છે, આમ ભિન્નપણું નક્કી કરે તો સંયોગથી મને સુખ-દુઃખ છે એવી મિથ્યાબુદ્ધિ ઊડી જાય, ને ચૈતન્યના સ્વભાવસુખની દઢતા થાય.

જુઓને, કોઈને જુવાન દીકરો મરી જાય, કોઈને સ્ત્રી મરી જાય, કોઈને ઘરબાર બધું ક્ષણમાં ભસ્મ થઈ જાય એમાં જીવનું કાંઈ ધાર્યું થાય નહિ. ઊંદર ખાઈ જાય, ચોર આવીને ચોરી જાય, અગ્નિમાં બળી જાય – એ બધુંય જીવો સહન કરે છે. પણ પોતે રાગ ઘટાડીને ધર્મના કામમાં લક્ષ્મી વાપરવી હોય તો ત્યાં ઉલ્લાસ આવતો નથી !! અનેક પ્રકારે લક્ષ્મી ચાલી જાય છે, લક્ષ્મી વગેરેનો સંયોગ કાંઈ કાયમ રહેતો નથી, ચિદાનંદ સ્વભાવ શાશ્વત છે તે જ મારા સુખનું કારણ છે એમ સમજીને ધર્મપ્રભાવના વગેરે નિમિત્તે ધર્મી જીવ લક્ષ્મી વગેરેનો રાગ ઘટાડે છે.

## ગાથા–૫૫

**एवं मनुजगत्यां नानादुःखानि विसहमानः अपि।**
**न अपि धर्मे करोति मतिं आरम्भं नैव परित्यजति।।५५।।**

**અર્થ :– ઉપર પ્રમાણે મનુષ્યગતિમાં નાના પ્રકારનાં દુઃખોને સહવા છતાં પણ આ જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી અને પાપારંભને છોડતો નથી.**

અર્થ :– ઉપર પ્રમાણે મનુષ્યગતિમાં નાના પ્રકારનાં દુઃખોને સહવા છતાં પણ આ જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી અને પાપારંભને છોડતો નથી.

બહારના સંયોગ-વિયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર મળે છે, છતાં અજ્ઞાની જીવ ત્યાં પોતાનો પુરુષાર્થ માને છે અને ધર્મ કરવામાં પોતાનો વર્તમાન પુરુષાર્થ છે તેમાં પુરુષાર્થ કરતો નથી. અરે ભાઈ ! સંયોગ-વિયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર થાય છે, અને ધર્મ તો તારા વર્તમાન પુરુષાર્થથી થાય છે માટે ધર્મમાં તારી બુદ્ધિને જોડ ! મનુષ્યપણામાં અનેક પ્રકારના દુઃખો સહન કરવા છતાં મૂઢ જીવો ત્યાંથી વૈરાગ્ય પામીને સદ્ધર્મમાં બુદ્ધિ જોડતા નથી. જુઓ, અહીં 'સદ્ધર્મમાં બુદ્ધિ જોડવાનું કહ્યું' – તો તેમાં પોતાનો પુરુષાર્થ છે ને ?

પ્રશ્ન :– પણ ધર્મમાં સૂઝ પડતી નથી.

ઉત્તર :– શું નથી સૂઝતું ? 'નથી સૂઝતું' એમ કોણે નક્કી કર્યું ? 'સ્વભાવ છે પણ તે સૂઝતો નથી.' એમ કહ્યું તો તેમાં સ્વભાવનો ખ્યાલ તો આવે છે પણ પોતે અંતર્દષ્ટિ કરીને તેનો વિશ્વાસ કરતો નથી. ચૈતન્યમાં ક્ષણિક સંકલ્પ-વિકલ્પ અજ્ઞાનીને ભાસે છે, પણ તે સંકલ્પ-વિકલ્પ વખતે ધ્રુવ સ્વભાવ પડ્યો છે તે સ્વભાવનો વિશ્વાસ પોતે કરતો નથી માટે સૂઝ પડતી નથી.

જેમ ધૂમાડાના ગોટા આડે આખું વાસણ ન દેખાય. તેમ અજ્ઞાનીને એકલા સંયોગ અને વિકાર આડે ચિદાનંદ ભગવાન ભાસતો નથી. ક્ષણિક પુણ્ય-પાપને તથા સંયોગને જ દેખે છે. પણ અંતર્મુખદષ્ટિ કરીને આત્માના સ્વભાવને દેખતો નથી. માટે કહ્યું કે આવો મનુષ્યભવ પામીને પણ મૂઢ જીવો સદ્ધર્મમાં બુદ્ધિને જોડતા નથી, ને પાપારંભમાં જ લાગ્યા રહે છે. સત્‌સમાગમ પામીને અંદરમાં વિચાર કરે તો બધું સમજાય તેવી આ વાત છે. જીવોમાં સમજવાની તાકાત છે તેથી જ સંતો તેને સમજવાનો ઉપદેશ કરે છે. ધર્મી જીવો વિચાર કરે છે કે સુખ મારા સ્વભાવમાં છે, સંયોગમાં ક્યાંય મારું સુખ નથી. આખા સંસાર તરફના વલણવાળો ભાવ તે દુઃખ છે, ને સ્વભાવ તરફ વલણ કરીને તેમાં એકાગ્ર થવું તે જ સુખ છે. આમ સંસારભાવના ભાવીને ધર્મી જીવ પોતાની શુદ્ધતાની વૃદ્ધિ કરે છે.

# પ્રસાદ નં. – ૨૦૫

**વી. નિ સં. ૨૪૭૮, વૈશાખ વદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક સાતમું, સોનગઢ, તા. ૨૨-૫-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા
## શ્રી સમવસરણ – પ્રતિષ્ઠા વાર્ષિક મહોત્સવ મંગલદિન

**(વૈશાખ વદ ૬, ગુરુવાર, સવારે)**

આજે સમવસરણનો દિવસ છે. અહીં સમવસરણની પ્રતિષ્ઠા થઈ તેને આજે દસ વર્ષ પૂરાં થઈને અગિયારમું વર્ષ બેસે છે. જુઓ, સમવસરણ શું ચીજ છે અને તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ ? કે જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે. અનાદિથી આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલીને ચાર ગતિમાં રખડતો હતો, પછી આત્માનું યથાર્થ ભાન કર્યું ને પૂર્ણ વીતરાગતા ન થઈ ત્યાં રાગ રહ્યો તે રાગમાં કોઈ જીવને એવો શુભરાગ હોય કે તીર્થંકરનામકર્મ બંધાય એવા પરિણામ અમુક ખાસ જીવને જ આવે છે, ને તેને જ તીર્થંકરનામકર્મ બંધાય છે. કોઈ જીવ એમ માગે કે, 'મારે તીર્થંકર થવું છે માટે હું શુભરાગ કરીને કે સોળકારણભાવના ભાવીને તીર્થંકરનામકર્મ બાંધું' – તો એમ તીર્થંકર થવાતું નથી. તીર્થંકરનામકર્મ જેનાથી બંધાય એવો રાગ સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં જ આવે છે, પણ ધર્મી જીવને તે રાગની કે તીર્થંકરનામકર્મની ભાવના હોતી નથી, અને સમકિતી જીવોમાં પણ બધાય ને તીર્થંકરનામકર્મ નથી બંધાતું. બધા સમકિતી જીવોને રાગ એક સરખો નથી હોતો. રાગ તે આત્માના ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં પણ વીતરાગતા ન થાય ત્યાંસુધી રાગ હોય છે, પણ તેમાં જેના નિમિત્તે તીર્થંકરનામકર્મ બંધાય

એવા પ્રકારનો રાગ તો અમુક જીવને જ હોય છે ને ત્યાર પછી તે રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરી સર્વજ્ઞ થાય ત્યારે જ તે તીર્થંકરનામકર્મનો ઉદય આવે છે, અને ઇન્દ્ર વગેરે આવીને તે તીર્થંકરના દૈવી સમવસરણની રચના કરે છે. આવું સમવસરણ અત્યારે આ ભરતક્ષેત્રમાં નથી, પણ જ્યારે અહીં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણ હતું, ને દેવો આવીને ભગવાનની સેવા કરતા હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે, તેમને આવું સમવસરણ છે, અહીં તો તેનો નમુનો છે.

જુઓ, સમવસરણને સ્વીકારતાં કેટલું સ્વીકારવાનું આવ્યું ?

આત્મા છે, તે એક જ નથી પણ ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે.

તેની અવસ્થામાં વિકાર છે.

તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે, એટલે કે જગતમાં અજીવ તત્ત્વો પણ છે.

તીર્થંકરનામકર્મ અમુક જીવને જ બંધાય છે. બધાને બંધાતું નથી, એટલે જીવોના પરિણામની વિચિત્રતા છે.

રાગ ટળીને સર્વજ્ઞદશા પ્રગટે છે, ને એવી સર્વજ્ઞદશામાં તીર્થંકરને સમવસરણ હોય છે.

આ ક્ષેત્ર સિવાય મહાવિદેહ ક્ષેત્ર વગેરે ક્ષેત્રો પણ છે જ.

આ બધી કબૂલાત આવે ત્યારે સમવસરણને માની શકે.

જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે, દરેક આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ છે તે ત્રિકાળ છે. અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા પલટે છે. તે અવસ્થામાં શ્રદ્ધા-જ્ઞાન સાચાં થવા છતાં ચારિત્રગુણની અવસ્થામાં અંશે વિપરીતતા પણ રહે છે. ચારિત્રની વિપરીતતાથી રાગ થાય છે, તે રાગ દરેક જીવને એક સરખો નથી હોતો, પણ તેમાં દરેક આત્માને તારતમ્યતા હોય છે, કોઈને અમુક પ્રકારનો રાગ આવે ને કોઈને બીજા પ્રકારનો રાગ આવે. કોઈ જીવ એમ માને કે 'મારે અમુક જ પ્રકારનો રાગ કરવો છે.' તો તે જીવ રાગનો કર્તા થાય છે. તે મિથ્યાદૃષ્ટિ છે. હું જ્ઞાનમૂર્તિ છું, રાગનો એક અંશ પણ મારું સ્વરૂપ નથી – એમ જેને આત્માનું ભાન થયું હોય, પણ હજી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય તેવા જીવોમાં જે જીવ તીર્થંકર થવાને લાયક હોય તેને જ તીર્થંકરનામકર્મ બંધાય એવી જાતના પરિણામ આવે છે, ને તેને જ તીર્થંકરનામકર્મ બંધાય છે. જુઓ, અંદરમાં રાગરહિત સ્વભાવનું ભાન. છતાં પર્યાયમાં ચારિત્રની નબળાઈનો રાગ અને તેમાં પણ જેના નિમિત્તે

તીર્થંકરનામકર્મ બંધાય એવી જાતનો રાગ, તે રાગના નિમિત્તે સામે તીર્થંકરપ્રકૃતિરૂપે પરિણમવાની લાયકાતવાળા પરમાણુઓ તથા તેના ફળમાં સમવસરણની રચના, આત્માની પૂર્ણ વીતરાગ દશામાં પણ સમવસરણની વિભૂતિનો સંયોગ – આ બધુંય માને તો જ સમવસરણને યથાર્થપણે સ્વીકારી શકે.

તીર્થંકરપ્રકૃતિ કોને બંધાય ? કે જેને રાગનો આદર ન હોય તેને; અને તે પ્રકૃતિનું ફળ ક્યારે આવે ? કે જ્યારે તે રાગ ટળીને વીતરાગદશા પ્રગટે ત્યારે. તીર્થંકરપ્રકૃતિનું બંધન તો નીચલી દશામાં ધર્મીને થાય છે, પણ તેને ઉદય તેરમા ગુણસ્થાને જ આવે છે. જે રાગથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે રાગ ટળી ગયા પછી જ તેનો ઉદય આવે છે. – આ વાત સમજવા જેવી છે. જેને પુણ્ય સામગ્રીના ભોગવટાની ઇચ્છા છે તેને પુણ્ય સામગ્રીની પૂર્ણતા હોતી નથી. તીર્થંકરનાં પુણ્ય સર્વોત્કૃષ્ટ હોય છે, પણ તેનું ફળ સાધકદશામાં આવતું નથી, રાગ ટાળીને કેવળજ્ઞાન થયા પછી જ તે તીર્થંકરપ્રકૃતિનું ફળ આવે છે; પણ તે વખતે તે જીવને સામગ્રીના ભોગવટાનો રાગભાવ હોતો નથી. પહેલાં નીચલી દશામાં રાગરહિત પૂર્ણસ્વભાવની દૃષ્ટિ પ્રગટી, તે ભૂમિકામાં તીર્થંકરપ્રકૃતિ બંધાણી; અને પછી અંતરમાં પૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાન થયું ત્યાં બહારમાં તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યો ને સમવસરણની રચના થઈ, પણ તે કેવળી ભગવાનને સંયોગના ભોગવટા તરફનું વલણ રહ્યું નથી. અહો ! સો ઇન્દ્રો આવીને તીર્થંકરનાં ચરણકમળને ભક્તિથી પૂજે છે, ને દૈવી સમવસરણ રચે છે, છતાં ભગવાનને રાગ નથી, ભગવાન તો પોતાના સ્વરૂપના પૂર્ણાનંદના ભોગવટામાં લીન છે. જુઓ, સમવસરણ માનનારે આત્માની આવી દશાની ઓળખાણ કરવી જોઈએ. આવી પૂર્ણાનંદી વીતરાગ દશામાં જ સમવસરણનો યોગ હોય છે, રાગી જીવને સમવસરણ હોય ન શકે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે; તેમાં ચારિત્રગુણની વિપરીતદશામાં રાગ થાય છે, તે રાગના નિમિત્તે કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે, ને તેના ફળમાં સમવસરણ રચાય છે. – આ બધું સ્વીકારે તો જ સમવસરણને માન્યું કહેવાય. આત્માના ત્રિકાળી સ્વભાવને, રાગને અને સંયોગને – એ બધાયને જે સ્વીકારે તેને રાગની કે સંયોગની ભાવના હોતી નથી. પણ પોતાના સ્વભાવની જ ભાવના હોય છે. આ બધી કબૂલાત આવ્યા વગર તીર્થંકરને કે તીર્થંકરના સમવસરણને યથાર્થપણે માની શકે નહિ.

સ્વભાવ, રાગ અને સંયોગ – એ ત્રણે એક સાથે વિદ્યમાન છે, તેમાં ધર્મીની રુચિ સ્વભાવ ઉપર પડી છે, તેને સંયોગની કે રાગની રુચિ હોતી નથી. સમવસરણનો સંયોગ આત્માનો લાવ્યો લવાતો નથી, તે તો જગતના પરમાણુઓનું પરિણમન છે. જગતમાં જીવ અને જડ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે પરિણમી રહી છે. તેમાં અનાદિથી તે પ્રકારની ખાસ લાયકાતવાળા જીવને જ તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારના શુભ પરિણામ આવે છે, ને તેના ઉદય વખતે બહારમાં સમવસરણની રચના થાય એવું પરમાણુઓનું પરિણમન હોય છે. સમકિતી જીવને તો સમવસરણના સંયોગની કે જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે શુભભાવની ભાવના હોતી નથી, તેને તો પોતાના અસંયોગી ચૈતન્યતત્ત્વની જ ભાવના છે; મિથ્યાદૃષ્ટિ જીવને સંયોગની ને રાગની ભાવના છે, તેને કદી તીર્થંકરનામકર્મ બંધાતું નથી.

જુઓ તો ખરા, જગતમાં જીવોના પરિણામોની વિચિત્રતા ! એક જીવને સમવસરણ રચાય ને બીજાને ન રચાય; – તેનું કારણ શું ? અનેક સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તેમાં પણ કોઈકને જ તીર્થંકરનામકર્મ બંધાય તેવા પ્રકારના શુભપરિણામ આવે ને બીજા જીવોને તેવા પરિણામ કદી આવે જ નહિ; એ જ પ્રમાણે કોઈ જીવને આહારક શરીર બંધાય તેવા પ્રકારનો શુભરાગ આવે ને બીજા જીવોને મોક્ષ પામતાં સુધીના કાળમાં કદી પણ તેવા પ્રકારના પરિણામ ન આવે; કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવી જાતના પરિણામ થાય ને કોઈ સમ્યગ્દૃષ્ટિને પહેલા સ્વર્ગનું ઇન્દ્રપદ મળે તેવા પરિણામ થાય, કોઈ જીવ ચક્રવર્તી થઈ ને પછી મુનિ થઈને મોક્ષ પામે અને કોઈ જીવ સાધારણ મનુષ્ય થઈને પછી મુનિ થઈને મોક્ષ પામે. – સંસારમાં જીવોના પરિણામની આવી વિવિધતા છે, ને નિમિત્તરૂપે પુદ્ગલના પરિણમનમાં પણ તેવી વિચિત્રતા છે. બધાય જીવો અનાદિથી ચાલ્યા આવે છે, દ્રવ્યે અને ગુણે બધા જીવો સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું ? – તેનું કારણ કોઈ નથી, સંસારમાં પરિણામોની એવી જ વિચિત્રતા છે. ધર્મી જીવ પોતાના ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાનો વિચાર કરે છે.

અનાદિ અનંત કાળમાં કદી તીર્થંકરપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે, કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો શુભરાગ કદી ન આવે, અને કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ આવે, મોક્ષ તો બન્ને જીવો પામે, પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે. એનું કારણ શું ? એનું કારણ

તે તે પર્યાયની તેવી જ યોગ્યતા ! આ એક 'યોગ્યતાવાદ' એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધા પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં 'આમ કેમ' એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા ! કોણ આ વિચાર કરે છે ? 'હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી' એવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસાર રહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થિસિદ્ધિનો ભવ મળે, જેનાથી આહારકશરીર મળે, તથા જેનાથી ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદ મળે – એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી, તેમ જ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ નથી આવતા; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે. કોઈક સમ્યગ્દૃષ્ટિને પણ અનાદિ સાંત સંસારમાં તેવી જાતના પરિણામ કદી આવતા નથી. અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ પામી જાય – એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા ! કોઈ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂક્યા, ને કોઈ જીવને અનાદિ સાંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા પરિણામ જ ન આવ્યા. એક જીવ તો તીર્થંકર થઈને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ થતો નથી, સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો, પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિને મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધાં પડખાંઓનું ભાન હોય છે, ને તેને જ 'સંસારભાવના' હોય છે. એકલી પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવને 'સંસારભાવના' હોતી નથી, સ્વભાવ શું અને સંસાર શું એનું જ તેને ભાન નથી. અજ્ઞાની તો પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે, ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

અજ્ઞાનીને તો બાર ભાવના યથાર્થ હોતી નથી. વિચિત્રતાના પરિણામ ઉપર જ જેની રુચિ છે, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી, તેને વિચિત્રતામાં રાગ-દ્વેષ થયા વિના રહેતા નથી. સંસારભાવનાવાળાને પર્યાયબુદ્ધિ હોતી નથી, પણ ચિદાનંદ સ્વભાવ ઉપરની દૃષ્ટિપૂર્વક આ

પ્રકારના વિચારની શ્રેણી ચાલે છે. ધર્મીને પર્યાયની વિચિત્રતાનું વિસ્મય નથી.

સંસારમાં અનાદિ કાળથી કોઈ જીવ તો તિર્યંચ પંચેન્દ્રિયપણું પામ્યો જ ન હોય, તેવા ભાવ જ તેને ન આવ્યા હોય, ને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ પામી જાય. તથા કોઈ જીવને બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અનંત ભવો થઈ ગયા હોય, નવમી ગ્રૈવેયકના તથા સાતમી નરકના અનંત ભવ થઈ ગયા હોય એવા પરિણામ આવે.

જુઓ ! આ સંસારની વિચિત્રતા ! ધર્મી જીવને સ્વ-પરની પર્યાયની અનેક પ્રકારની વિચિત્રતા ખ્યાલમાં આવતાં તેમાં વિસ્મયતા લાગતી નથી. – 'આમ કેમ' એવો પ્રશ્ન તેને રહેતો નથી. સંસારમાં એવી જ વિવિધતા હોય. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી, 'જે પર્યાય થવાની હોય તે ફેરવી શકાતી નથી.' – એમ જે જાણે તેને દ્રવ્યબુદ્ધિ થયા વિના રહે નહિ. પર્યાય સ્વતંત્ર છે – એમ માને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તેને પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે.

જગતમાં અનંત જીવો છે. તેમનાં દ્રવ્ય ગુણ સરખાં હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે, ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે, 'આ કાળે આવી જ પર્યાય કરું' એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીતિ નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીતિ નથી.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે.

એક પણ વાત યથાર્થ કબૂલે તો અંદરમાં જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીતિ થયા વિના રહે નહિ, પુણ્ય, સમવસરણ, તીર્થંકર, એક પણ વાતને યથાર્થ કબૂલતાં જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થયા વિના રહે નહિ. વિચિત્રતાના કાળે વિચિત્રતા છે, દ્રવ્ય-ગુણ સરખાં હોવા છતાં પર્યાયના પ્રકારમાં ફેર કેમ – એવો સંદેહ કે વિસ્મયતા જ્ઞાનીને નથી. પોતાના એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી તે વિચિત્રતાને જાણે છે.

જુઓ, જગતમાં સમવસરણ અનાદિથી છે. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે અહીં બિરાજતા હતા ત્યારે અહીં પણ સમવસરણ હતું, અને સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં સમવસરણ છે, સંત મુનિઓનાં ટોળાં છે. ત્યાં ભગવાનની વાણીમાં એક સાથે બાર અંગનો ધોધ આવે છે, એક સમયમાં પૂર્ણતા આવે છે, ને સમજનારા પોતાની યોગ્યતા પ્રમાણે સમજે છે. અત્યારે પણ કહેનારના અભિપ્રાયની જેટલી ગંભીરતા હોય, તે પ્રમાણે કાંઈ બધા સમજતા નથી, પણ સૌ પોતપોતાના ક્ષયોપશમની યોગ્યતા પ્રમાણે સમજે છે.

જગતમાં જીવો છે. તેના દ્રવ્ય-ગુણ એકરૂપ છે, પર્યાયમાં વિકાર છે, તેમાં કોઈ જીવને તીર્થંકર નામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે; – આમ બધાંની અસ્તિ કબૂલે તો સમવસરણને માની શકે.

જુઓ, કોઈ જીવ આત્માનું ભાન કરીને યથાર્થ ચારિત્રદશા પ્રગટ કરીને મુનિ થાય, હજારો વર્ષ આત્માના જ્ઞાન ધ્યાનમાં રહે છતાં તેને તીર્થંકરનામકર્મ ન બંધાય, ને ચોથા ગુણસ્થાને કોઈ સમ્યગ્દષ્ટિ જીવને પણ તીર્થંકરનામકર્મ બંધાઈ જાય. ત્યાં મુનિને એમ શંકા નથી પડતી કે, 'અરે ! આ અવિરતિ સમ્યગ્દષ્ટિને તીર્થંકરનામકર્મ બંધાયું ને મને ચારિત્રદશા હોવા છતાં મારે તીર્થંકરનામકર્મ કેમ ન બંધાયું ? તો શું મારા ચારિત્રમાં કાંઈ ખામી હશે ?' મુનિને તો ભાન છે કે મારા ચારિત્રનું ફળ બહારમાં ન આવે. ચારિત્રના ફળમાં તો કેવળજ્ઞાન થઈને મોક્ષદશા પ્રગટે. તીર્થંકરનામકર્મ તો રાગનું ફળ છે. આત્માના ચારિત્રના ફળમાં તો અંદરમાં શાંતિ આવે, શું ચારિત્રથી કાંઈ કર્મ બંધાય ? ચારિત્ર તો ધર્મ છે. તેનાથી બંધન થાય નહિ અને જે ભાવથી બંધન થાય તેને ધર્મ કહેવાય નહિ. સમ્યગ્દષ્ટિને રાગથી તીર્થંકરનામકર્મ બંધાય છે, ત્યાં તેને તેની ભાવના નથી, ને તે રાગને ધર્મ માનતા નથી. જુઓ, આ સંસારભાવના !

યથાર્થ તત્ત્વના ભાન વિના બાર ભાવના યથાર્થ હોય નહિ. જગતમાં અનેક જીવો છે, તે દ્રવ્ય-ગુણે સરખા હોવા છતાં કોઈ તીર્થંકરનામકર્મ બાંધે, કોઈ ન બાંધે, ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છતાં કોઈને તીર્થંકરનામકર્મ ન બંધાય, ને ક્ષયોપશમવાળાને બંધાય, તેનું કારણ ? તે તે પર્યાય સત્ છે, તેમાં 'આમ કેમ ?' એવો પ્રશ્ન નથી. વસ્તુનું સત્ સ્વરૂપ છે. દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય પણ સત્ – એમ સત્‌ની પ્રતીતિ કર તો 'આમ કેમ' એવો પ્રશ્ન નહિ રહે. પણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થઈને વીતરાગતા પ્રગટશે.

જુઓ, સમવસરણનો દિવસ છે ને સંસારભાવનાનું વર્ણન છે. જગતમાં વિચિત્રતા છે, જીવ દીઠ પરિણામો ભિન્ન ભિન્ન છે, ને તેના નિમિત્તે કર્મ બંધાય તે પણ ભિન્ન ભિન્ન છે, તેના ફળમાં કોઈને સમવસરણ હોય છે. આવી સંસારની વિચિત્રતા જેને બેસે તેને પર્યાયની વિચિત્રતા દેખીને સંદેહ થતો નથી.

અહીં 'સ્વામીકાત્તિકેયાનુપ્રેક્ષા'ની ૫૫મી ગાથા ચાલે છે. તેમાં કહે છે કે, જગતમાં અનેક પ્રકારનાં વિચિત્ર દુ:ખો સહન કરવા છતાં જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી. ધર્મીને તો સદ્ધર્મની બુદ્ધિ છે. તેને સંયોગ-વિયોગ દેખીને તેમાં પર્યાયબુદ્ધિ થતી નથી. આમ કેમ ? એવો પ્રશ્ન

થતો નથી, કેમકે પદાર્થ સત્ છે એટલે તેની પર્યાયની યોગ્યતા પ્રમાણે જ સંયોગ-વિયોગ હોય. સ્વભાવની દૃષ્ટિ પૂર્વક આવી ભાવના ભાવવાથી ધર્મીને એકાગ્રતા વધતી જાય છે ને સહજ આનંદ વધતો જાય છે. તેથી આ ભાવના ભવ્યજીવોને આનંદની જનની છે. જિનવચનની ભાવના માટે આ ભાવનાઓની રચના કરી છે. – એટલે આ ભાવના ભાવીને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે જેમ છે તેમ સમજીને તેની પ્રતીત કરે છે. તેમાં તેને વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી આનંદનો અંશ પ્રગટે છે. બાર ભાવના ભાવનારની લાયકાત કેટલી હોય ? કે વસ્તુસ્વરૂપનું યથાર્થ ભાન હોય સમ્યગ્દર્શન વગર બાર ભાવના યથાર્થ હોતી નથી. જિનવચનની વિરુદ્ધ કહેનારા કોઈ પણ દેવ-ગુરુ-શાસ્ત્રને જે માને તેને બાર ભાવના હોય નહિ.

અહો ! સંસારમાં વિચિત્ર સંયોગો, વિચિત્ર પરિણામો, તેનું કારણ શું ? કે પર્યાયનો વિચિત્ર સ્વભાવ છે. હું દ્રવ્યે ગુણે ત્રિકાળ એકરૂપ છું – એવી અંતર્દૃષ્ટિ પૂર્વક ધર્મી જીવ પર્યાયની વિચિત્રતાને જાણે છે. ક્ષણ ક્ષણનો રાગ અને સંયોગ સ્વતંત્ર છે, ને તે ક્ષણે ધ્રુવ સ્વભાવ પણ સ્વતંત્ર છે, એમ બધાને જાણીને ધર્મી જીવ ધ્રુવસ્વભાવ તરફ વળે છે.

અહો ! જગતમાં જીવો આ મનુષ્યભવ પામીને ક્ષણિક રાગ અને સંયોગને જ દેખે છે, પણ તેના ચારિત્રગુણની ઊલટી દશા થઈને રાગ થયો છે, તેવા ધ્રુવ ચિદાનંદ સ્વભાવને સ્વીકારતા નથી, તેથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યાં છે. – આમ સંસારભાવના ધર્મી જીવ ભાવે છે. આ ભાવના ભાવનારને પોતાને તો સ્વભાવનું ભાન છે, તેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે.

ગાથા–૫૬

सधनः अपि भवति निधनः धनहीनः तथा च ईश्वरः भवति।
राजा अपि भवति भृत्यः भृत्यः अपि च भवति नरनाथः।।५६।।

**અર્થ :– ધનવાન હોય તે નિર્ધન થઈ જાય છે એજ પ્રમાણે નિર્ધન હોય તે ઇશ્વર થઈ જાય છે, વળી રાજા હોય તે કિંકર થઈ જાય છે અને કિંકર હોય તે રાજા થઈ જાય છે.**

રાગ જુદાં જુદાં પ્રકારનો, તેના ફળમાં સંયોગ મળ્યો તે પણ જુદાં જુદાં પ્રકારનો, અને તે વખતે જીવનો ક્ષયોપશમ પણ તે જાતનો હોય છે. સધનતામાંથી નિર્ધનતા થઈ જાય – ત્યાં તે વખતે જ્ઞાનમાં પણ તેવું જ જાણવાનો ક્ષયોપશમ છે. એટલે જ્ઞાનની પ્રતીત પણ ધર્મીને ભેગી જ છે. એક માણસ પાસે લક્ષ્મી છે, ત્યારે તેના જ્ઞાનની પર્યાયમાં 'લક્ષ્મી છે' એમ તે જાણે છે, ને તે રાગ કરે છે. ત્યાં જ્ઞાનગુણ તો ત્રિકાળ છે, જ્ઞાનને કારણે લક્ષ્મી આવતી નથી. લક્ષ્મીને કારણે જ્ઞાન થયું નથી, લક્ષ્મીને કારણે રાગ પણ થયો નથી. રાગ પોતાની લાયકાતથી થયો છે. જ્ઞાનનો પર્યાય પોતાથી ખીલ્યો છે, ને ધનનો સંયોગ જડના કારણે થયો છે. આમ સ્વતંત્રતા જાણીને સ્વભાવનું જ્ઞાન કરવું જોઈએ. વળી જ્યારે સધનતામાંથી નિર્ધનતા થઈ જાય ત્યારે જ્ઞાનનો તે વખતનો ક્ષયોપશમ તેવું જાણવાનો છે. દ્વેષનો અંશ આવી જાય, તે નિર્ધનતાના કારણે નથી. સંયોગ સત્, જ્ઞાન સત્ ને દ્વેષનો અંશ પણ સત્ ! નિર્ધનપણાના કારણે જીવ દુઃખી નથી, પણ પોતાના દ્વેષભાવને કારણે દુઃખી છે, તે દ્વેષ પર્યાયને જો પોતાની જાણે તો પર્યાયવાન એવું દ્રવ્ય પ્રતીતમાં આવ્યા વિના રહે નહિ.

ત્રણ લોકના નાથે કહેલી, ને વસ્તુના સ્વભાવમાં ભજેલી એવી આ ચીજ છે. તે પ્રમાણથી કહેવાય છે. મોક્ષમાર્ગની આ જ રીત અને આ જ પ્રકાર છે. બીજો માર્ગ નથી. નિર્ધનતા થઈ, જ્ઞાનમાં તે જણાયું અને અણગમો થયો ત્યાં અજ્ઞાની તેટલાંને જ દેખે છે, પણ તે વખતે પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને દેખતો નથી. અરે ભાઈ ! તું નિર્ધન નથી, તારામાં ત્રિકાળ જ્ઞાનશક્તિનો ભંડાર ભર્યો છે, તેમાં એકાગ્ર થા તો કેવળજ્ઞાન પ્રગટે – એવાં નિધાન તારામાં ભર્યાં છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે ને તેની પર્યાય સ્વતંત્ર તે તે કાળે થાય છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં ધર્મી જાણે છે કે અહો ! જીવો અંતર્મુખ વળતા નથી. ધર્મી પોતે અંતર્મુખ થઈને આવી ભાવના કરે છે.

જુઓ, આ સત્‌નો મેળ ! નિર્ધનતા થઈ તે તેનો કાળ છે. જ્ઞાનમાં તેવું જાણવાનો ક્ષયોપશમ થયો, તે જ્ઞાનનો કાળ છે તે કાળે દ્વેષનો અંશ આવ્યો તે ચારિત્રની પર્યાયનો કાળ છે. આવી પ્રતીત કરે તો અંદરમાં બધું સમાધાન થઈ જાય ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. જ્ઞાનીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિર્ધનતામાં કે દ્વેષના અંશમાં કે તે વખતના ક્ષયોપશમમાં જ તેને 'હું'પણું વેદાતું નથી, પણ ચિદાનંદ અખંડ તત્ત્વમાં જ હુંપણું વેદાય છે.

નિર્ધનમાંથી સધન થયો. ત્યાં અજ્ઞાનીને એકતાબુદ્ધિથી રાગ થાય છે, ને સધનમાંથી


નિર્ધન થાય ત્યાં એકતાબુદ્ધિથી દ્વેષ થાય છે. ધર્મીને તે વખતે સ્વભાવનું ભાન છે. એટલે પર્યાયબુદ્ધિ થતી નથી. ને સ્વભાવને ચૂકીને તેને રાગ-દ્વેષ થતા નથી. એવા ધર્મીને યથાર્થ સંસારભાવના હોય છે.

# શ્રી માનસ્તંભ શિલાન્યાસ દિન

**વૈશાખ વદ ૭, શુક્રવાર, સવારે**

આજે માનસ્તંભના શિલાન્યાસનું મુહૂર્ત છે. કેટલાંકને નવું લાગે છે. તીર્થંકરોની સભામાં માનસ્તંભ હોય છે. જે જીવ તીર્થંકર થાય છે તેણે પૂર્વે આત્માનું ભાન કરેલું હોય છે. પણ પૂર્ણ વીતરાગતા થઈ નથી. તેથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો શુભરાગ આવે છે. આત્માનું ભાન થયા પછી એક જ જાતના શુભરાગના પરિણામ હોતા નથી. તે જીવને આવો જ શુભરાગ કેમ ? પૂર્વે કાંઈ તીર્થંકરનામકર્મ બાંધેલ નથી કે જેના નિમિત્તે આવો શુભરાગ આવે. તે જીવ દ્રવ્ય જ એવું છે કે તેને જ તે પ્રકારનો શુભરાગ હોય છે. તે તીર્થંકર પુણ્ય પ્રકૃતિ બંધાય છે. તે પ્રકૃતિનો ઉદય તેરમા ગુણસ્થાને આવે છે ત્યારે તીર્થંકરને રાગ હોતો નથી તે પુણ્ય પ્રકૃતિના ઉદયના નિમિત્તે ઇન્દ્રો આવીને સમવસરણની રચના કરે છે. વર્તમાનમાં મહાવિદેહમાં શ્રી સીમંધરસ્વામી બિરાજે છે ત્યાં સમવસરણ ઇન્દ્રોએ રચેલું છે. તેનો નમુનો અહીં છે. પણ તે આત્માથી જુએ તો સમજાય તેવું છે.

ભગવાનના સમવસરણમાં ચાર બાજુએ ચાર માનસ્તંભ હોય છે, તેને દેખીને માન ગળી જાય છે. મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ કદાચ ન જાય તોપણ એને એમ તો થાય કે આ કોઈ અલૌકિક પુરુષ છે એમ માન ગળે છે.




કુલ ઊંચાઈ ૬૨ ફૂટ

ક્યારે આ માનસ્તંભને લળી લળી પ્રણમું,
ગર્વને સર્વ ગાળી

સુવર્ણપુરીમાં જે ભવ્ય માનસ્તંભનું નિર્માણ થવાનું છે તેના શિલાન્યાસનું મંગલમુહૂર્ત આજે છે.

દૂરથી માનસ્તંભને દેખતાં જ માનથી યુક્ત એવા મિથ્યાદૃષ્ટિ જીવોનું અભિમાન ગળી જાય છે. ભાવ માનસ્તંભ તે ભવ્ય, અખંડ, પરિપૂર્ણ, અનુપમ આત્મસ્વભાવ છે. તેનું દર્શન થતાં વિકાર અને અપૂર્ણતાનું અભિમાન ગળી જાય છે.

વળી, ઇન્દ્ર વગેરે સર્વે જીવો તેનું સન્માન કરે છે તેથી તેને 'માનસ્તંભ' કહેવાય છે. અદ્વિતીય આત્મસ્વભાવરૂપ ભાવમાનસ્તંભનું જ્ઞાની મહાત્માઓ જ યથાર્થ સન્માન કરે છે.

વળી, તે જૈનધર્મનો વૈભવ દેખાડનાર હોવાથી તેને 'ધર્મવૈભવ' પણ કહેવાય છે. સ્વભાવના લક્ષે મિથ્યાત્વ અને રાગાદિ ઉપર જય મેળવી જે વસ્તુસ્વભાવરૂપ ધર્મનો અલૌકિક વૈભવ દેખાડે છે એવો ભાવમાનસ્તંભ તે જ જ્ઞાનીઓનો ધર્મવૈભવ છે.

આવા ભવ્ય ભાવમાનસ્તંભનું અંતરમાં ખાતમુહૂર્ત કરી, તેના ઉપર ભવ્ય ચણતર કરી, તેનું દર્શન કરાવનાર

શ્રી સદ્ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

જેમના દર્શને અનેકનાં અભિમાન ગળી જાય છે. જેમનું સન્માન અનેક મુમુક્ષુઓ કરે છે અને જેઓ ધર્મવૈભવધારી છે એવા ભવ્ય ભાવમાનસ્તંભજીને આજના મંગલમય દિને અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો !!

તીર્થંકર ભગવાન તો વીતરાગ છે તેમને સમવસરણ સાથે કાંઈ લેવા દેવા નથી. તીર્થંકર પ્રકૃતિનો ઉદય ૧૩મે ગુણસ્થાને આવે છે. ઇન્દ્ર સમવસરણ રચે તેમાં તે નિમિત્ત છે. તીર્થંકર પુણ્યપ્રકૃતિના વિપાક વખતે જે સંયોગો આવવાના હોય તે આવે છે. આ છતો ભાવ છે. ચિદાનંદ આત્માની ખબર પડે તેવા કોઈ જીવને એવા પુણ્યપરિણામ થતાં તેના નિમિત્તે વૈભવનો પાર નથી. તે ભગવાનના સમવસરણમાં માનસ્તંભ હોય છે.

ભગવાન મહાવીર અહીં ભરતક્ષેત્રમાં તીર્થંકરપદે હતા. ત્યારે તેમના સમવસરણમાં ચાર બાજુએ ચાર માનસ્તંભ હતા. ગૌતમ બ્રાહ્મણ હતા. માનસ્તંભને જોતાં તેમનું માન ગળી ગયું, ભગવાનની વાણી છૂટી તે વખતે આત્માનું ભાન પામી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પામ્યા, ગણધરપદ પામ્યા, ચૌદ પૂર્વ ને બાર અંગની રચના કરી.

આઠમો નંદીશ્વરદ્વીપ છે તેમાં શાશ્વત પ્રતિમાઓ છે, ત્યાં દેવો કારતક, ફાગણ ને અષાડ માસમાં અષ્ટાહિકા મહોત્સવ ઊજવે છે, ને ત્યાં શોભાનો પાર નથી. ત્યાં માનસ્તંભ પણ હોય છે. તે માનસ્તંભને ધર્મવૈભવ પણ કહે છે. ખરો ધર્મવૈભવ તો આત્મામાં છે પણ જેણે શુભભાવ કરી દેવગતિ પ્રાપ્ત કરી હોય તેને તે નંદીશ્વરદ્વીપનો ધર્મવૈભવ જોવાનું ભાગ્ય સાંપડે છે. મનુષ્ય તથા ઢોરની તે માનસ્તંભ જોવાની લાયકાત નથી.

ભુવનપતિ ને વ્યંતરદેવલોકમાં શાશ્વત પ્રતિમા છે ત્યાં તથા વૈમાનિક દેવમાં પણ માનસ્તંભ હોય છે. પહેલા દેવલોકનો માનસ્તંભ ૩૬ જોજનનો ઊંચો છે, એવા અનેક છે. તે માનસ્તંભમાં નીચે છ અને ઉપર છ જોજન મૂકીને ૨૪ જોજનની અંદર ભરતક્ષેત્રના તીર્થંકરો માટે દાગીના તથા કપડાં રહે છે.

સમકિતી સંસારભાવના વિચારે છે કે તીર્થંકરનાં પુણ્યને તથા બહારના સંયોગોને મેળ છે. સાધારણ માણસને તો જોવા પણ ન મળે તેવા માનસ્તંભમાં રત્નનાં મોટાં શીકાં હોય છે. તેમાં પટારા હોય છે ને ભરતક્ષેત્રના તીર્થંકરો જન્મે ત્યારથી દીક્ષા લેતાં સુધી તેમના માટે વસ્ત્ર, દાગીના તે સ્વર્ગમાંથી આવે છે. તીર્થંકરો બાળક અવસ્થામાં માતાનું દૂધ પીતા નથી, તેમ જ બાળકથી મુનિ થાય ત્યાં સુધી દાગીના વસ્ત્ર, ભોજન ઇન્દ્રો લાવે તેને ભોગવે છે.

ઐરાવત ક્ષેત્રના તીર્થંકરો માટે દાગીના, વસ્ત્ર બીજા દેવલોકના માનસ્તંભમાં રહે છે ને ત્યાંથી દેવો લાવે છે. મહાવિદેહના તીર્થંકરો માટે દાગીના વગેરે સનતકુમાર ને મહેન્દ્ર દેવલોકના દેવો લાવે છે.

વળી માનસ્તંભ માનીઓના માન ગાળવા માટે નિમિત્ત છે. તેને જોઈને જીવો વિચારે કે આ વૈભવ જેનો છે તે આત્મા કેવો ? સમવસરણની ઋદ્ધિમાં બિરાજે તે આત્મા કેવો ? આટલો વૈભવ છતાં તેમનો આત્મા એકદમ અકષાયી ચૈતન્ય છે. પરની ઉપેક્ષાવાળો અંતર સર્વજ્ઞતા પ્રગટ થયેલો આ આત્મા કેવો હશે ? છતાં તેના વૈભવનો પાર નહિ !

છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા ને પાંચ મહાવ્રતધારી મહામુનિઓએ સર્વજ્ઞે કહેલી વાત છે. અજાણ્યા માણસ ભડકે પણ પુણ્યનો અને પવિત્રતાનો સંબંધ બતાવે છે. તીર્થંકર ભગવાનને તથા પુણ્યને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

શાસ્ત્રમાં માનસ્તંભનાં વર્ણન આવે છે. વર્તમાન હિંદુસ્તાનમાં પણ ઘણી જગ્યાએ માનસ્તંભ છે.

ઘણાંને પ્રશ્ન થાય છે કે આત્માની વાત સાંભળનારને આની શું જરૂર ? તો તેને કહે છે કે રાગી જીવને વિચિત્ર પ્રકારના શુભભાવ આવે છે. પણ શુભ આવે છે માટે જડનાં કાર્ય બને છે એમ નથી. તે તો તેને કાળે થાય છે. છતાં વિકલ્પ આવ્યા વિના રહેતો નથી.

જે એમ કહે કે આત્માની વાતો કરે તેને આ શું ? આ પ્રશ્ન કરનાર જીવ રાગને તથા પુણ્યતત્ત્વને સમજતો નથી. આવો રાગ કેમ આવે ? તે જાતનો ધર્માનુરાગ અધૂરી દશામાં આવ્યા વિના રહેતો નથી. ખરેખર તો તે પોતાના આત્માનું બહુમાન કરે છે. બાહ્યથી દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન ને પ્રભાવના કરે છે. જે જીવ શુભરાગના અસ્તિત્વને સમજતો નથી તેને સંસાર અને ધર્મ વચ્ચેનો વિવેક આવડતો નથી.

બહારના જડ પદાર્થોની અવસ્થા શુભરાગને લીધે થાય છે એમ નથી. ને બાહ્ય પદાર્થો બને છે માટે શુભ થાય છે એમ પણ નથી. બન્નેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. સમવસરણ અજીવ તત્ત્વ છે, તે શુભરાગથી બનતું નથી ને રાગના સમયે રાગ આવ્યા વિના રહેતો નથી. રાગને લીધે માનસ્તંભ બની જાય એમ બનતું નથી છતાં તે શુભરાગ ધર્મ પ્રત્યેનો અનુરાગ બતાવે છે.

અજ્ઞાની જીવો આને પ્રવૃત્તિ કહે છે ને આપણે પ્રવૃત્તિમાં ન પડવું એમ કહે છે. જડની પ્રવૃત્તિ કોણ કરી શકે છે ? પુદ્‌ગલ પદાર્થોની અવસ્થા જે કાળે થવાની હોય તે કાળે થાય છે. રાગને લીધે બહારની પ્રવૃત્તિ કરી શકાય છે એમ છે જ નહિ. છતાં રાગ આવ્યા વિના રહેતો નથી. સ્વભાવના ભાનપૂર્વક લીનતા ને રાગનો અભાવ તે ખરેખર પ્રવૃત્તિ છે. અજ્ઞાની

જીવો અજ્ઞાનના કારણે મૂંઝાય છે પણ આ બધી વસ્તુસ્થિતિ છે.

જ્ઞાની જીવ સંસારભાવનાનો વિચાર કરે છે. અહો ! જ્ઞાનસ્વભાવ વડે સ્વને જાણતાં પરપ્રકાશક જ્ઞાન ખીલે છે ને પરને જાણવાનો જેવો જ્ઞાનપર્યાય ખીલે છે તેવા સંયોગો સામે હોય છે. જ્ઞાન ખીલ્યું માટે સંયોગોને આવવું પડ્યું એમ પણ નથી ને સંયોગો આવ્યા માટે પર પ્રકાશક જ્ઞાન ખીલ્યું એમ પણ નથી. અહીંના જીવોની જ્ઞાનની યોગ્યતા છે તેને આવાં નિમિત્તો જોવા મળે છે ને જેને એ પ્રકારના જ્ઞાનની યોગ્યતા નથી તેને આવાં નિમિત્તો હોતાં નથી.

સમય સમયનો રાગપર્યાય, સમય સમયનો જ્ઞાનપર્યાય ને નિમિત્તોની સમય સમયની પર્યાય – ત્રણે જુદે જુદા છે – સ્વતંત્ર છે. શુભરાગને લીધે નિમિત્તો નથી ને નિમિત્ત તથા શુભરાગને લીધે જ્ઞાનપર્યાય નથી. સમવસરણ ને માનસ્તંભના વિચારો આવી જાય છે. એ જાતનો ભાવ આવે છે. વગેરે પ્રકારોમાં ઊંડાં રહસ્ય રહેલાં છે. આગળ પાછળના ન્યાયો સમજે તો વસ્તુસ્થિતિ સમજાય તેમ છે.

હવે સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં સંસારભાવનામાં ગાથા ૫૬મી વંચાય છે.

**'નિર્ધન હોય તે ઇશ્વર થઈ જાય છે, વળી રાજા હોય તે કિંકર થઈ જાય છે અને કિંકર હોય તે રાજા થઈ જાય છે.'**

ધર્મી જીવ સંસારભાવનાનો વિચાર કરે છે કે અહો ! નિર્ધન પ્રાણી ઇશ્વર એટલે કે સધન થઈ જાય છે. કોઈને દેવ આવીને પ્રસન્ન થઈ જાય છે. કારણ શું ? કારણ કાંઈ નથી. નિમિત્તકારણ લેવું હોય તો પૂર્વનાં પુણ્ય, ને તેનું કારણ તેના પૂર્વના શુભપરિણામ, લક્ષ્મીના ગંજ આવ્યા તે વખતે જ્ઞાનનો પર્યાય તે લક્ષ્મીને જાણવાની લાયકાતવાળો છે. જ્ઞાનીને પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલ્યો છે. જ્ઞાનમાંથી જ્ઞાન પ્રગટ્યું છે, પરને લીધે પ્રગટ્યું નથી. પોતાના જ્ઞાનમાં રહીને રાગનું ને લક્ષ્મીનું જ્ઞાન વર્તે છે.

અજ્ઞાની જીવ પોતાની હોંશિયારથી પૈસા આવ્યા એમ માને છે ને તેથી મને રાગ થયો એમ માને છે ને તેથી મને જાણવું થયું એમ માને છે – આમ એકત્વબુદ્ધિ કરે છે. જ્ઞાની વિચારે છે કે બુદ્ધિહીન પુરુષો પણ પૂર્વ પુણ્ય ને લીધે ધનાઢ્ય થઈ જાય છે. પૂર્વનો શુભભાવ, કર્મ, લક્ષ્મી વગેરેને જેમ છે તેમ જ્ઞાની જાણે છે. લક્ષ્મી લક્ષ્મીના કારણે આવે છે તેમાં પુણ્ય, નિમિત્ત છે એમ જાણે છે. ચૈતન્યનો સધન જીવ જ્ઞાનની ભાવના ભાવે છે.

આ બધી ભાવના આનંદની ઉત્પત્તિ કરનાર છે. રાગ ઘટતો જાય છે ને સમયે સમયે

શાંતિનો અંશ વધતો જાય છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના ભાનપૂર્વક એકાગ્રતા થતી જાય છે તે ભાવના છે.

સધનપણું તે ઠીક છે એ વાત તો છે જ નહિ. પણ આ પર્યાય આવી કેમ ? ધનના પરમાણુઓ કેમ આવ્યા ? પૂર્વનાં પુણ્યને લીધે આવ્યા એમ કહેવું તે વ્યવહાર છે. તારો જ્ઞાનસ્વભાવ તેને જાણવાનો હતો એમ કહેવું તે પણ વ્યવહાર છે. લક્ષ્મીના પરમાણુનું આવવું સ્વતંત્ર થાય છે એમ જ્ઞાની વિચારે છે.

ઊંધી માન્યતા ને રાગ જેટલો હું છું, એક સમયનો પર્યાય તે હું છું એમ માનનાર પર્યાયબુદ્ધિવાળો જીવ નિર્ધન છે. તે આત્માની શ્રદ્ધા કરે તો સધન થાય છે.

કોઈ પ્રશ્ન કરે કે પૈસાવાળા મોટા કહેવાય ?

સમાધાન :– વ્યવહારે બોલાય, પણ તેની પર્યાયમાં મમતા ભજે છે માટે મમતાવાળા કહેવાય. લક્ષ્મી કાંઈ પર્યાયમાં આવતી નથી. પણ પર્યાયમાં મમતાના પરિણામ છે તેથી મમતાવાળા કહેવાય. અધર્મી જીવને એકલી મમતા છે, ચૈતન્યનું ભાન નથી. વિચાર કરનારો જાગ્યો નથી તેને મમતા અને ચૈતન્યની એકતા ભાસે છે તેથી તેને ધર્મ થતો નથી. તે ધર્મને તો જાણતો નથી પણ મમતાના યથાર્થ સ્વરૂપને પણ જાણતો નથી.

જ્ઞાની જાણે છે કે મમતામાં ચૈતન્ય નથી ને ચૈતન્યમાં મમતા નથી એમ નક્કી કરતાં ચૈતન્યનું જ્ઞાન થતાં મમતાનું જ્ઞાન પણ થઈ જાય છે. જ્ઞાની સમજે છે કે પૂર્વ પુણ્યના યોગે જે સંયોગો મળવાના તે મળવાના. અજ્ઞાની માને કે વહેલા ગયા હોત તો વધારે રૂપિયા મળત. એમ તે પર સાથે એકત્વબુદ્ધિ કરે છે.

હવે કહે છે કે રાજ હોય તે કિંકર થઈ જાય છે. તેનું કારણ ? ખરેખર કિંકર થવાનો સમય હતો માટે થયો છે. બહારથી પૂર્વનાં કર્મનું કારણ છે. ને કોઈ નોકર હોય તે રાજા થઈ જાય છે. જ્ઞાની જીવ ચિદ્દઘનનો વિચાર કરતાં સંયોગનું જ્ઞાન કરે છે. ધર્મીને અનુકૂળ સંયોગોને લીધે અભિમાન થતું નથી.

જુઓ, આ ૫૬મી ગાથા છે. ૫ ને ૬ નો સરવાળો કરવાથી ૧૧ એટલે કે બે એકડા થાય છે. એકો બાદશાહ છે. તે મોટો છે તેમ આ ૫૬મી ગાથા આજે આવેલ છે. **આ માનસ્તંભની મોટી ભેરી વગાડી છે. સત્ય સમજવું હોય તો વીતરાગમાર્ગમાં છે એમ માનસ્તંભ જાહેર કરે છે.**

ચૈતન્ય અને રાગની વચ્ચેનું ભેદજ્ઞાન ધીરજવાળો કરી શકે છે. અહીંની વાત ન સમજાય

તો ભટકાય તેવી છે. એટલે કે ખ્યાલમાં ન આવે એવી છે. માટે ધીરજથી સાંભળવું જોઈએ. અનંતકાળના અનંત ભવોમાં રાગ શું ? ચૈતન્ય શું ? ધર્મ શું ? – તે યથાર્થ રુચિપૂર્વક સાંભળ્યું નથી. જ્ઞાનીના કહેવાનો ભાવ પોતાને બેસે તો વાત સાંભળી કહેવાય. જ્ઞાની સંસાર ભાવના વિચારતાં વિચારે છે કે રંકથી રાજા થાય, રાજામાંથી રંક થાય એ બધો સંયોગી સ્વભાવ છે તેમાં તેને અદ્ભુતતા લાગતી નથી.

વળી કેટલાક જીવો માને છે કે આપણી પાસે નીતિથી રળેલો પૈસો છે માટે તે જશે નહિ. કષાયમંદતા તો જીવની પર્યાય છે તેને લીધે જડ રહેતું હશે ? ને અનીતિના ભાવને લીધે લક્ષ્મી રહે નહિ એમ પણ નથી. અનીતિવાળો હતો માટે કિંકર થઈ ગયો એમ પણ નથી ને નીતિવાળો હતો માટે પૈસા આવ્યા એમ પણ નથી.

ધર્મી જીવ જાણે છે કે પૂર્વનાં પુણ્યને લીધે પૈસા આવે–જાય છે તેમાં તેને વિસ્મય થતું નથી. જ્ઞાની જીવ ગરીબ થઈ જાય તો તેને શંકા પડતી નથી કે મારામાં અનીતિ હશે તેથી મને નિર્ધનતા મળી હશે ? ને કોઈ અનીતિવાળો કમાઈ જાય તે તેના કુટુંબમાં કોઈ નીતિવાળો હશે એટલે તેનાં પુણ્યને લીધે બીજાને પૈસા આવી જાય એમ બનતું નથી. ધર્મી સમજે છે કે જડ પરમાણુ તેના કાળે આવે છે. વ્યવહારે તે તે જીવનું કર્મ નિમિત્ત છે.

ગાથા–૫૭

**शत्रुः अपि भवति मित्र मित्रं अपि च जायते तथा शत्रुः।**
**कर्मविपाकवशात् एषः संसारस्वभावः।।५७।।**

**અર્થ :– કર્મોદયવશથી વૈરી હોય તે તો મિત્ર થઈ જાય છે તથા મિત્ર હોય તે વૈરી થઈ જાય છે, એવો જ સંસારનો સ્વભાવ છે.**

**ભાવાર્થ :– પુણ્યકર્મના ઉદયથી વૈરી પણ મિત્ર થઈ જાય છે તથા પાપકર્મના ઉદયથી મિત્ર પણ શત્રુ થઈ જાય છે.**

કોઈ દુશ્મન હોય તે મિત્ર થઈને આવે ને ખબર પૂછે. ધર્મી સમજે છે કે પૂર્વનાં પુણ્યને

લીધે એમ બને છે. પણ તે પુણ્ય હોય તો ઠીક પડે એમ ઇચ્છવા જેવું નથી. વૈરી મિત્ર બની જાય એમ ઇચ્છનારો કર્મની ભાવના ભાવે છે. મિત્ર તો પોતાનો આત્મા છે. કોઈ વૈરી હતો ત્યારે તેને જાણવાની જ્ઞાનની લાયકાત હતી, તેનો નિષેધ કરવા જાય તો જ્ઞાન પર્યાયનો નિષેધ થઈ જાય છે. આ જ્ઞેય નહિ જોઈએ એમ જ્ઞેયનો નકાર કરનાર જ્ઞાન પર્યાયનો નિષેધ કરે છે.

વૈરી છે તેને દૂર કરવાનો તારો સ્વભાવ નથી પણ તેને જાણવાનો તારો સ્વભાવ છે. કોઈ મિત્ર હોય તે વૈરી થઈ જાય તો તેને પણ જાણવાનો સ્વભાવ છે. પણ મિત્રનો પ્રેમ કરવો તે વસ્તુમાં નથી. કોઈ ધર્મી જીવને પૂર્વનાં પાપના યોગે વૈર વધી જાય ને પાપીઓને મિત્રો વધી જાય તો તેથી જ્ઞાનીને વિસ્મયતા થતી નથી. જ્ઞાનીને સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં દઢતા થાય છે. આમ કેમ ? એવી શંકા થતી નથી. ધર્મના કારણે મિત્ર આવ્યા છે એમ પણ નથી ને પાપના કારણે શત્રુ આવ્યા છે એમ પણ નથી, સૌ સ્વતંત્ર છે.

આમ સંયોગોનો સ્વભાવ, રાગનો સ્વભાવ જાણી જ્ઞાનને ઓળખી જ્ઞાનમાં ઠરવું તે કર્તવ્ય છે.

# પ્રસાદ નં. – ૨૦૭-અ

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૧, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૨૪-૫-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ વદ ૧૦, રવિવાર, ૧૮-૫-૫૨ સવારે)**

આ બાર ભાવનાનો અધિકાર છે.

ધર્મી જીવ સંસારભાવનાનો વિચાર કરે છે. સંસાર તે વિકાર છે ને દુઃખરૂપ છે. અને અંતરમાં મારો સ્વભાવ ત્રિકાળ આનંદદાયક છે – એમ જેને ભાન થયું છે, ને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે – એવો જીવ સંસારભાવનાનો યથાર્થ વિચાર કરી શકે છે. સુખદાયક આત્માની દૃષ્ટિ થઈ હોય તે જ દુઃખદાયક સંસારનો વિચાર કરી શકે છે. અંતરમાં જેને શુદ્ધ સ્વભાવનો ભરોસો આવ્યો છે, ને પર્યાયમાં હજી કાંઈક રાગ પણ છે, તે એમ વિચારે છે કે અહો ! આત્માની પર્યાયમાં થતો વિકાર, તેનાથી બંધાતું કર્મ અને તેના નિમિત્તે મળતો સંયોગ – તેમાં મારું સુખ નથી. વિકાર કે સંયોગ તરફના વલણને દુઃખરૂપ જાણીને, અને સ્વભાવને સુખદાયક જાણીને ધર્મી જીવ સ્વભાવમાં એકાગ્રતા વધારતો જાય છે, તે જ ખરી સંસારભાવના છે.

ધર્મી એમ વિચારે છે કે આ સંસારમાં વેરી પણ પુણ્યકર્મના ઉદયથી મિત્ર થઈ જાય છે. આત્માના વિકલ્પને લીધે સામો જીવ મિત્ર કે શત્રુ થતો નથી પણ તે તો સંસારની વિચિત્રતા અનુસાર બને છે. અહીં જરાક દ્વેષ પરિણામ હોય છતાં સામો જીવ અનુકૂળતાથી વર્તે; અને પોતે સામા જીવને અનુકૂળતાનો ભાવ કરે છતાં સામો જીવ દ્વેષ ભાવે વર્તે; પુણ્ય-

પાપ અનુસાર તેવો સંયોગ બને છે. પૂર્વના પુણ્યપરિણામથી જે કર્મ બંધાયું તેના ફળમાં જે અનુકૂળ સંયોગ મળ્યો, તે વખતે ધર્મીને અંદરમાં સ્વભાવની અનુકૂળતા વર્તે છે એટલે કે સ્વભાવની રુચિ અને ભાવના પ્રગટી છે તેથી બહારના સંયોગમાં સુખબુદ્ધિ થતી નથી. તે જ જીવને સંસારભાવના હોય છે. વળી ધર્માત્માને બહારમાં પાપનો ઉદય થતાં મિત્ર પણ શત્રુ થઈ જાય છે. છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મહાધર્માત્મા મુનિ હોય, તેમને તો કોઈ ઉપર દ્વેષ ન હોય, છતાં કોઈ દેવ આવીને વેરબુદ્ધિથી તેમને ઉપાડીને દરિયામાં ફેંકે અથવા પર્વત ઉપર પછાડે, ત્યાં બહારમાં પ્રતિકૂળતા આવી તે બહારનો સંયોગ છે. મુનિ તો જાણે છે કે હું તો જ્ઞાન છું. ધર્મીને એમ વિચાર આવે કે અરે ! આ સંસારની વિચિત્રતા જ એવી છે કે હું અનુકૂળતા રાખવા માગું છતાં સામો જીવ શત્રુ થઈ જાય. એ મારા પરિણામનું કાર્ય નથી. સંયોગ આધીન થયેલા જીવો દુઃખી છે ને સ્વભાવ આધીન જીવો જ સુખી છે. સ્વભાવને ચૂકીને જે જીવો સંયોગાધીન થાય છે તે જીવો દુઃખી જ છે. સુખદાતાર ચૈતન્યનું જેને અવલંબન વર્તે છે તે જ જીવ સંસારને દુઃખદાયકપણે વિચારી શકે છે. કોઈ પણ સંયોગને આધીન જેની બુદ્ધિ છે તે જીવ સંસારને ખરેખર દુઃખદાયક માનતો નથી. જેને સ્વભાવ આધીન સુખ પ્રગટ્યું છે તે જ જીવ સંસારને દુઃખદાયક જાણીને, સંસારભાવના ભાવતાં પોતાના સ્વભાવમાં એકાગ્રતા વધારતો જાય છે.

હવે દેવગતિનાં દુઃખોનું વર્ણન કરે છે.

ગાથા–૫૮

**હવે આગળ ચાર ગાથામાં દેવગતિનાં દુઃખોનું સ્વરૂપ કહે છે :–**

**દેવગતિનાં દુઃખો**

**अथ कथमपि भवति देवः तस्य च जायते मानसं दुःखं।**
**दृष्टा महर्द्धिनां देवानां ऋद्धिसम्प्राप्तिं।।५८।।**

**અર્થ :– અથવા (કદાચિત) મહાન કષ્ટથી દેવપર્યાય પણ પામે તો ત્યાં તેને મહાન ઋદ્ધિધારક દેવોની ઋદ્ધિસંપદા જોઈને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે.**

અર્થ :– અથવા (કદાચિત) મહાન કષ્ટથી દેવપર્યાય પણ પામે તો ત્યાં તેને મહાન ઋદ્ધિધારક દેવોની ઋદ્ધિસંપદા જોઈને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે.

જુઓ, આ મિથ્યાદૃષ્ટિ જીવોનાં દુઃખનું વર્ણન છે તેથી તેનાં પુણ્યને પણ મહાન કષ્ટ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને એકાદ ભવ હોય ને અલ્પ રાગ હોય તેની અહીં વાત નથી. જ્ઞાયક ચૈતન્ય સ્વભાવનું જેને ભાન નથી તેને પુણ્યમાં પણ મહાકષ્ટ છે. તે દયા-દાન-વ્રત-તપ જે કરે તે બધું કલેશરૂપ છે; અંદર સહજ સ્વભાવનું ભાન નથી એટલે બહારમાં ઉપવાસાદિ કરે તેમાં તેને બોજો છે, એકલા રાગનો ભાર છે. તેવા જીવો મહાકષ્ટથી દેવપણું પામે તો ત્યાં પણ તેઓને બીજા મોટા દેવોની વિશેષ ઋદ્ધિ દેખીને મનમાં દુઃખ થાય છે.

અહીં 'दट्ठुणं' એમ કહ્યું છે, ધર્મીને તો અંદરમાં ચૈતન્યમૂર્તિ આત્મા પ્રત્યક્ષ છે, મિથ્યાદૃષ્ટિ તો એકલા સંયોગને જ દેખે છે, ચૈતન્યની ઋદ્ધિ તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ નથી. રાગ અને મનના અવલંબન વગર જ્ઞાનવડે જાણવું તે પ્રત્યક્ષ છે. ધર્મીએ પોતાના આત્માને જ્ઞાનમાં પ્રત્યક્ષ કર્યો છે તેથી બહારમાં સંયોગની ઋદ્ધિ કોઈને વધારે દેખીને પણ તેને દુઃખ થતું નથી કેમકે તેને તો પોતાના અંતરમાં સદા ચૈતન્યઋદ્ધિની વૃદ્ધિ જ દેખાય છે.

'सिद्धि रिद्धि वृद्धि दीसै घटमै प्रगट सदा,<br>
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।<br>
दास भगवंतके उदास रहैं जगतसौं,<br>
सुखिया सदैव ऐसे जीव समकिती हैं।।'

ધર્મી તો પોતાની ચૈતન્યસંપદાને પ્રત્યક્ષ જાણતો થકો, પરને જાણે છે, એટલે સંયોગમાં પોતાના કરતાં વધારે ઋદ્ધિ બીજાને દેખીને પણ તેને દુઃખ થતું નથી. અજ્ઞાનીને તો બહારમાં પર જ દેખવાનું છે. સ્વ વિષય તો તેની દૃષ્ટિમાં આવ્યો નથી. ધર્મીને સ્વવિષયની દૃષ્ટિ અને મહિમા પ્રગટ્યો છે એટલે બહારમાં થોડો સંયોગ હો કે વધારે સંયોગ હો તે દેખવામાં તેને ફેર પડતો નથી. એટલે તેને ચૈતન્યની ભાવના છૂટીને દુઃખ થતું નથી.

અહો ! દેવપર્યાયમાં પણ સંયોગાધીન દૃષ્ટિવાળો જીવ દુઃખી છે ! આવી ભાવના ભાવનાર ધર્મીને પોતાને સંયોગદૃષ્ટિ હોતી નથી. સ્વભાવનું સુખ જેને ભાસ્યું છે. તે જીવ દેવલોકનાં સુખને પણ દુઃખપણે જાણે છે. જે જીવ દેવનાં દુઃખને વિચારે છે તેને દેવનો સંયોગ જેનાથી મળે એવાં પુણ્યની રુચિ હોય નહિ. તે આત્માને પ્રત્યક્ષપણે જાણે છે ને પરને તો અનુમાનથી દુઃખી નક્કી કરે છે. સ્વભાવનું અંશે પ્રત્યક્ષ જ્ઞાન થયું તે એમ જાણે છે કે આ રાગ દુઃખદાયક

છે. રાગ ટળીને જ્ઞાનની પૂર્ણતા થાય તેમાં પૂર્ણ સુખ છે.

દેવગતિ પણ દુઃખદાયક છે – એમ ભાવના ભાવનારે પોતાના મૂળ સ્વભાવને દેખ્યો છે. જ્ઞાનનો પ્રત્યક્ષ અંશ પ્રગટ્યો છે ને રાગને દુઃખદાયક જાણ્યો છે, તેને બીજા દેવોની વિશેષ ઋદ્ધિ દેખીને દુઃખ થતું નથી. અજ્ઞાની તો સંયોગને જ દેખનારો છે, તેથી બહારમાં બીજાને વધારે સંયોગ દેખતાં તેને અંદર આકુળતા થાય છે. પણ પુણ્ય અને પુણ્યના ફળથી રહિત ચૈતન્ય સ્વભાવની ઋદ્ધિનું જેને ભાન પ્રગટ્યું છે એવો જીવ પુણ્ય કે પુણ્યનાં ફળ બન્નેને હેય જાણે છે, માટે ઓછો સંયોગ કે વધારે સંયોગ – તેને કારણે ધર્મીને ચિંતા થતી નથી, એવો ધર્મી જીવ સંસારભાવના ચિંતવીને પોતાની વીતરાગતાને વધારે છે.

શરીરમાં છેદન-ભેદન વગેરે પ્રતિકૂળતા થાય તે ખરેખર દુઃખ નથી, પણ સંયોગ તરફની લાગણીથી માનસિક ચિંતા કરે છે તેનું દુઃખ છે. તે જ પ્રમાણે સ્વર્ગમાં બહારની અનુકૂળતા હોય – તેથી કાંઈ સુખ નથી, ત્યાં પણ સંયોગ તરફના વલણવાળો જીવ માનસિક ચિંતાથી દુઃખી જ છે.

જેને સ્વભાવની દૃષ્ટિ નથી, રાગ વગરનું જ્ઞાન પ્રગટ્યું નથી ને બહારમાં પુણ્ય અને પુણ્યફળની મીઠાસ છે તે જીવ બહારમાં બીજા પાસે પોતાના કરતાં વધારે ઋદ્ધિનો સંયોગ દેખતાં મનમાં આકુળતાથી દુઃખી થાય છે. તેને આખા જગતની ઋદ્ધિનો સંયોગ લેવાની ભાવના છે. અંદર આખી ચૈતન્યઋદ્ધિ છે તેનું તેને ભાન નથી એટલે બહારમાં સંયોગ વધારે લેવા માગે છે.

મુનિવરો ભાવના ભાવે છે કે અહો ! બારમા દેવલોકનો ભવ હો કે પહેલા દેવલોકનો ભવ હો – એ બન્ને ભવ જેનાથી મળે તે ભાવ જ દુઃખદાયક છે, સંયોગમાં તો સુખ નથી ને સંયોગ તરફની લાગણીમાં પણ સુખ નથી. સુખરૂપ તો મારો આનંદકંદ સ્વભાવ છે – આવી દૃષ્ટિમાં ધર્મીને સંયોગ દેખીને દુઃખ થતું નથી. જે જીવ સ્વભાવને આધીન નથી તે જીવ સંયોગાધીન ભાવથી દુઃખી જ છે. સંસાર એટલે સંયોગ તરફનું વલણ, તેમાં ક્યાંય સુખ નથી.

અંદરમાં ચૈતન્યને ભાળતો નથી - દેખતો નથી એટલે બહારમાં સંયોગને જ દેખે છે. એટલે બીજાને વધારે સંયોગ દેખતાં તેને એમ થાય છે કે અરેરે ! મેં પુણ્ય ઓછાં કર્યાં ને મને થોડી ઋદ્ધિ મળી ! પણ એમ નથી. વિચાર તો કે 'મેં ધર્મ ન કર્યો', જો ધર્મનો વિચાર કરે તો તો અંદરમાં વલણ થાય, ને સંયોગબુદ્ધિની આકુળતા છૂટી જાય. અહો !

આખો સંસાર દુઃખદાયક ! અંતર્મુખ સ્વભાવથી છૂટીને બહારમાં લાગણી જાય તે દુઃખ છે. સ્વભાવની અંતર્મુખદશામાં જ સુખ છે. – આમ ધર્મી જીવ ભાવના કરીને વૈરાગ્યને વધારે છે.

કોઈ ધર્મી જીવ સર્વાર્થસિદ્ધિમાં જાય ને બીજો સમકિતી પહેલા સ્વર્ગે જાય – તો ત્યાં તે સમ્યગ્દષ્ટિને બીજાની ઋદ્ધિ દેખીને ઈર્ષા કે દુઃખ થતું નથી કેમકે ધર્મી જીવની દૃષ્ટિ અખંડ સ્વભાવ ઉપર છે. પર્યાયના ભેદ ઉપર પણ તેની દૃષ્ટિ નથી. તેને બહારના સંયોગની મુખ્યદૃષ્ટિ તો ક્યાંથી હોય ? ઓછી-વધતી પર્યાય ઊઘડે તેના ઉપર પણ ધર્મીની દૃષ્ટિનું વજન નથી. તો પછી પુણ્યના સંયોગ ઓછા વધતા આવે તેના ઉપર તેનું વજન ક્યાંથી હોય ? એટલે તેને દુઃખ કે ચિંતામાં અટકવાનું થતું નથી. સંયોગ ઓછા-વધતા દેખીને અજ્ઞાની જીવને દુઃખ થાય છે. ધર્મીને અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે, ત્યાં ત્રણ કાળના જીવોની હીનાધિક પર્યાય ઓછાં-વધતાં પુણ્ય કે ઓછા-વધતાં સંયોગ – એ કોઈ ઉપર ધર્મીની દૃષ્ટિની મુખ્યતા નથી, એટલે તેને સંયોગ દેખીને ઈર્ષા હોતી નથી. તેને ધર્મીનું બહુમાન આવે છે પણ પુણ્યમાં કોઈ મોટો હોય તો ત્યાં પુણ્યનું કે સંયોગનું બહુમાન જ્ઞાનીને આવતુ નથી.

જેને ત્રિકાળી ચૈતન્યઋદ્ધિની દૃષ્ટિ અને બહુમાન થયું છે, તેને વર્તમાન પર્યાયની હીનતા કે અધિકતા દેખીને પર્યાયબુદ્ધિથી ખેદ થતો નથી, તેમ જ ભૂત કે ભવિષ્યની પર્યાયની હીનતા-અધિકતામાં પણ ખેદ થતો નથી અને એ જ પ્રમાણે પુણ્યમાં કે સંયોગની હીનાધિકતામાં પર્યાયબુદ્ધિથી ખેદ થતો નથી. અહો ! વસ્તુને કોઈ કારણ નથી ને તેની પર્યાયને પણ કોઈ કારણ નથી એમ જેણે જાણ્યું છે તે તો એમ જાણે છે કે આ સંયોગ પણ ખરેખર પુણ્યને કારણે મળ્યા નથી. તે તો ત્રિકાળી વસ્તુની સમય સમયની પર્યાય થયા કરે છે. અજ્ઞાની જીવ વર્તમાનને દેખીને ત્રિકાળીને ભૂલે છે. ને ધર્મી તો ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ રાખીને ત્રિકાળ સાથે વર્તમાનની સંધિ કરે છે. મૂળ સ્વભાવની દૃષ્ટિ વગર અજ્ઞાની જે કાંઈ કરે તે તો બધું 'આકાશમાં ઝાડ ઉગાડવા' જેવું છે.

જુઓ, આ ભાવના ! સ્વભાવદૃષ્ટિ પૂર્વકની આ ભાવનાઓ છે. પૂર્ણ ઋદ્ધિસંપન્ન ચૈતન્ય ભગવાન આત્મા છે. તેની જેને દૃષ્ટિ થઈ છે તેવા સમ્યગ્દષ્ટિ ધર્માત્માને પર્યાયની હીનતા-અધિકતા કે શુભ-અશુભ દેખીને તેની મોટાઈ કે આશ્ચર્ય થતું નથી. છઠ્ઠા ગુણસ્થાને મુનિ વર્તતા હોય ને અશુભભાવ વર્તતો હોય, સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાને હોય ને તીર્થંકરનામકર્મ બંધાય એવો શુભભાવ હોય – ત્યાં તેવી વિચિત્રતા દેખીને ધર્મીને આશ્ચર્ય થતું નથી કેમકે

તેને પર્યાયની બુદ્ધિ નથી. તેની દૃષ્ટિ અખંડ સ્વભાવ ઉપર પડી છે. તેથી બીજાને પુણ્યની અધિકતા કે સંયોગની અધિકતા દેખીને તેને ચિંતા કે દુઃખ થતું નથી. પોતાની નબળાઈના અલ્પ રાગનું દુઃખ હોય તેની અહીં વાત નથી. ધર્મી જાણે છે કે પુણ્યથી કે પુણ્યનાં ફળથી મારી મોટાઈ નથી, મારી ચૈતન્યઋદ્ધિનું ફળ બહારમાં ન આવે, વધારે સંયોગ મળવો તે પુણ્યનું ફળ છે, પણ પુણ્ય જ હું નથી, હું તો અખંડ ચૈતન્યઋદ્ધિવાળો છું – એવી દૃષ્ટિમાં ધર્મીને બહારના સંયોગનું ઓછા-વધતાપણું દેખીને તેમાં મહિમા કે ખેદ થતો નથી.

એક સમ્યગ્દૃષ્ટિ દેડકું હોય ને બીજો સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી હોય, ત્યાં તે બન્નેને સંયોગમાં સુખની બુદ્ધિ નથી, બન્નેની દૃષ્ટિ સંયોગમાંથી ઊડી ગઈ છે. ચક્રવર્તીનો વધારે સંયોગ દેખીને તેને તેમાં મોટાઈ લાગતી નથી, ને દેડકાને ચિંતા કે ખેદ થતો નથી.

સંયોગ મળવો તે તો પૂર્વનાં પુણ્યનું ફળ છે આમ જેને પુણ્યતત્ત્વની પ્રતીત નથી તેને સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પણ પ્રતીત રહેતી નથી. ઓછાં પુણ્યમાં વધારે સંયોગ માગે તો તેને પુણ્યતત્ત્વની પ્રતીત નથી. આ 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો દ્રવ્યને લક્ષમાં રાખીને અદ્ભુત ભાવનાઓ વર્ણવી છે, તેમાં શાસ્ત્રકારની મુનિદશા સાક્ષાત્ દેખાય છે. દેવપણાની ઋદ્ધિ દેખીને જેને તેનો મહિમા આવે તે જીવ સમ્યગ્દૃષ્ટિ નથી પણ મૂઢ છે. અરે ભાઈ ! તારે કોની ભાવના કરવી ? સંયોગમાં એકાગ્ર થવું છે કે સ્વભાવમાં ? જેને સ્વભાવની ઋદ્ધિનો મહિમા આવે તેને સંયોગનો મહિમા રહે નહિ.

લોકો જાણે કે બહારમાં ફેરફાર કરી નાખીએ ને બહારના સંયોગ ભેગા કરીને તેમાંથી સુખ મેળવી લઈએ, પણ અરે ભાઈ ! તારું સુખ સંયોગમાં નથી. અરે ! જુઓ તો ખરા ! આ સર્વજ્ઞની વાણી ! સંતોની રચના તો જુઓ ! સર્વજ્ઞના માર્ગ સિવાય બીજાનો એક અક્ષર પણ સાચો નથી. બીજું તો બધુંય વિપરીત છે. સત્ય વાત સમજ્યા પહેલાં પણ ઓઘે ઓઘે તેનું બહુમાન કરીને જે હા પાડે છે, તે જીવને બીજી વિપરીતતાનો આદર કરનારા જીવો કરતાં તો ફેર પડ્યો છે. ભલે હજી સ્વભાવની દૃષ્ટિ ન પ્રગટી હોય, પણ અસત્યનો આદર છોડીને સત્યનો આદર કર્યો તેનામાં પણ તેટલો તો ફેર પડ્યો છે કે નહિ ? ભવનો અભાવ તો સ્વભાવની દૃષ્ટિ કરશે ત્યારે જ થશે પણ ત્યાર પહેલાં અસત્યનું પોષણ છોડીને સત્યના આદરનો ભાવ પણ જેને ન આવે તેને તો સ્વભાવમાં જવાની પાત્રતા પણ ક્યાંથી આવશે ? અખંડ સ્વભાવની દૃષ્ટિ પ્રગટ્યા પહેલાં તેના બહુમાનપૂર્વક શ્રવણ-મનનનો ભાવ આવ્યા વગર રહેતો નથી. સત્યનો હકાર લાવીને તેનો આદરભાવ પણ જે પ્રગટ ન કરે તેને તો

અંતર સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરવાનો અવસર પણ આવતો નથી.

ગાથા–૫૯

**इष्टवियोगं दुःखं भवति महर्द्धिनां विषयतृष्णातः।**
**विषयवशात् सुखं येषां तेषां कुतः तृप्तिः।।५९।।**

**અર્થ :– વિષયતૃષ્ણાથી મહર્દ્ધિકદેવોને પણ ઇષ્ટઋદ્ધિ અને દેવાંગનાદિનો વિયોગ સંબંધી દુઃખ થાય છે, જેમને વિષયાધીન સુખ છે તેમને તૃપ્તિ ક્યાંથી થાય ? તૃષ્ણા વધતી જ રહે છે.**

અર્થ :– મહર્દ્ધિકદેવોને પણ વિષયતૃષ્ણાથી ઇષ્ટઋદ્ધિ અને દેવાંગનાદિનો વિયોગ સંબંધી દુઃખ થાય છે, જેમને વિષયાધીન સુખ છે તેમને તૃપ્તિ ક્યાંથી થાય ? તૃષ્ણા વધતી જ રહે છે.

જુઓ, અહીં તો સ્વભાવદૃષ્ટિની વાત છે. ત્રિકાળ સ્વભાવ સ્વતંત્ર છે, વર્તમાન પર્યાય સ્વતંત્ર છે, સંયોગ સ્વતંત્ર છે – ત્યાં ધર્મીને સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે. એટલે પર્યાયની કે સંયોગની હીનતા-અધિકતા દેખીને તેને ખેદ કે ચિંતાનું દુઃખ થતું નથી, મોટા મોટા દેવોને પણ બહારની ઈષ્ટઋદ્ધિનો વિયોગ થતાં દુઃખ થાય છે. ધર્મીએ તો અંદરમાં ચૈતન્ય સ્વભાવની ઋદ્ધિને જ ઇષ્ટઋદ્ધિ માની છે, બહારની ઋદ્ધિને તેણે પોતાની માની નથી. એટલે બહારની સામગ્રીનો વિયોગ થતાં તેને અજ્ઞાની જેટલું દુઃખ થતું નથી, અલ્પ રાગ હોય તેનું જરાક દુઃખ લાગે – તેની અહીં ગણતરી નથી. જેમ અગ્નિમાં લાકડા નાખવાથી તે ઓલવાય નહિ – બૂઝાય નહિ પણ વધુ સળગે, તેમ વિષયો તરફની લાગણી તે દુઃખદાયક છે, વિષયો તરફના વલણથી તે દુઃખ ટળતું નથી, પણ અંદરના સ્વભાવ તરફનું વલણ કરે તો તે દુઃખ ટળે છે. અજ્ઞાની જીવ તો સ્વભાવની ઋદ્ધિ ચૂકીને બહારમાં વિષયોની તૃષ્ણાથી સદા દુઃખી જ છે, ને જ્ઞાની તો સ્વભાવની ભાવના ભાવતો આખા સંસારને દુઃખરૂપે જાણે છે. એવા ધર્મીને યથાર્થ સંસારભાવનાનું ચિંતવન હોય છે.

# પ્રસાદ નં. – ૨૦૯

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૩, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૨૬-૫-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ વદ ૧૧, સોમવાર, ૧૯-૫-૫૨ બપોર)**

આ સંસારભાવનાનું સ્વરૂપ છે. સંસારભાવના એટલે શું ? કાંઈ સંસારની ભાવના કરવી તેની વાત નથી, પણ સંસારની ચારે ગતિમાં દુઃખ છે, સંસારનો ભાવ દુઃખદાયક છે અને સુખ તો આત્મામાં છે – એમ ભાન કરીને સંસારને દુઃખરૂપ વિચારવો તેનું નામ સંસારભાવના છે. જેને ભવરહિત સ્વભાવની ભાવના પ્રગટી હોય તેને જ સંસારભાવના યથાર્થ હોય છે.

અહો ! નરકાદિમાં તો દુઃખ છે. પણ વિષયોની તૃષ્ણાને લીધે સ્વર્ગના દેવો પણ દુઃખી છે. આનંદસ્વરૂપ આત્માનો વિષય જેને પ્રગટ્યો નથી તેઓ બાહ્ય વિષયોની તૃષ્ણાથી દુઃખી જ છે. મોટા મોટા દેવો પણ બહારના સંયોગથી સુખી નથી, તેઓ પણ બહારના વિષયોની તૃષ્ણાથી આકુળ-વ્યાકુળ છે. સ્વભાવનું ભાન અને ભાવના હોય તે જ જીવો સુખી છે. જેને સ્વભાવનું ભાન અને ભાવના ન હોય તે બહારના વિષયોની ભાવના કરે. ક્યાંક તો ભાવના કરશે જ. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવની ભાવના છોડીને સંયોગની ભાવના કરે છે. પણ સંયોગ તો છૂટી જાય છે. પર્યાયને અંતર્મુખ કરીને તે પર્યાય વડે ચિદાનંદ સ્વભાવની ભાવના કરે તો તેનો કદી વિયોગ ન થાય. બાહ્ય વિષયોને આધીન જેણે સુખ માન્યું છે તેને તૃપ્તિ ક્યાંથી થાય ? સ્વભાવની દૃષ્ટિ કરે તો પછી તૃષ્ણાની હદ થઈ જાય – તૃષ્ણા બહુ અલ્પ થઈ જાય ને જેને સ્વભાવનું ભાન નથી તેને તો એકલા સંયોગની જ ભાવના છે, એટલે

તેને તો તૃષ્ણા અપરિમિત છે. અબજો અબજો વર્ષ સુધી સ્વર્ગમાં રહે છતાં દેવો અતૃપ્તપણે મરે છે. ચૈતન્યસ્વભાવના ભાન વિના ક્યાંય તૃપ્તિ થતી નથી. જુગલિયા મનુષ્યો થાય છે તેમને ૩ ગાઉનો દેહ હોય છે, ને અબજો અબજો વર્ષનું આયુષ્ય છે, તેઓ પણ ભોગથી તૃપ્તિ પામતા નથી, ને વિષયતૃષ્ણાથી દુઃખી જ છે. જ્યાં સ્વર્ગના મોટી મોટી ઋદ્ધિવાળા દેવો પણ વિષયતૃષ્ણાથી દુઃખી જ છે, ત્યાં બીજાની તો શું વાત ?

દેવોને શારીરિક દુઃખ નથી પણ માનસિક દુઃખ છે, પણ શારીરિક દુઃખ કરતાંય માનસિક દુઃખ તીવ્ર છે, તે કહે છે.

ગાથા–૬૦

**આગળ શારીરિકદુઃખોથી માનસિકદુઃખ મોટું છે, એમ કહે છે :–**

**शारीरिकदुःखात् मानसदुःखं भवति अतिप्रचुरम्।**
**मानसदुःखयुतस्य हि विषयाः अपि दुःखावहाः भवन्ति।।६०।।**

**અર્થ :– કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું છે અને માનસિકદુઃખ અલ્પ છે, તેને અહીં કહે છે કે શારીરિકદુઃખથી માનસિકદુઃખ ઘણું તીવ્ર છે – મોટું છે; જુઓ માનસિકદુઃખસહિત પુરુષને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખ ઉપજાવવાવાળા દેખાય છે.**

**ભાવાર્થ :– મનમાં ચિંતા થાય ત્યારે સર્વ સામગ્રી દુઃખરૂપ જ ભાસે છે.**

અર્થ :– કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું છે અને માનસિકદુઃખ અલ્પ છે, તેને અહીં કહે છે કે શારીરિકદુઃખથી માનસિકદુઃખ ઘણું તીવ્ર છે – મોટું છે; જુઓ માનસિકદુઃખસહિત પુરુષને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખ ઉપજાવવાવાળા દેખાય છે.

જે વિષયો મળ્યા તેને ભોગવવાની તૃષ્ણાથી દુઃખી છે, ને ન મળ્યા હોય તો તેને મેળવવાની ઇચ્છાથી દુઃખી છે. ધર્મીને તો સ્વભાવનું ભાન છે, એટલે સંયોગની ભાવના નથી

પણ અજ્ઞાનીને તો સંયોગની ભાવના છે. બહારમાં ઘણા અનુકૂળ સંયોગ પડ્યો હોય, પણ અંદર જ્યાં મનમાં બીજી કલ્પના થઈ ગઈ – તો તે દુઃખી જ છે. ચૈતન્ય સ્વભાવ શક્તિરૂપ પડ્યો છે તેની ભાવના કરતો નથી ને જે સંયોગો નથી તેને મેળવવાની ભાવના કરે છે – તે જીવ મૂઢ છે, તેને આત્માના સ્વભાવનો વિશ્વાસ નથી. ચૈતન્યસ્વભાવ સુખથી ભરેલો છે, તેનો વિશ્વાસ કરીને તેની જેટલી ભાવના કરે તેટલું સુખ પ્રગટે. સંયોગમાં ગમે તેટલી ભાવના કરે તો તેમાંથી કદી સુખ આવવાનું નથી – પણ તે તૃષ્ણાથી દુઃખ જ છે. જે સ્વભાવ અસ્તિરૂપ છે તેનો ભરોસો કરતો નથી અને જે સંયોગો પોતામાં નાસ્તિરૂપ છે તેનો ભરોસો કરીને તેમાંથી સુખ લેવા માગે છે, તેથી તે જડની ભાવના ભાવે છે, તે મિથ્યાદષ્ટિ છે.

કોઈ એમ ભાવના ભાવે કે – મારે ઘણાં પૈસા મળે તો હું દાન કરું ! તો તે પણ સંયોગની જ ભાવના ભાવનારો મિથ્યાદષ્ટિ છે. અરે ભાઈ ! સંયોગ આવે અને દાન કરું – એવી ભાવના કરવા કરતાં વર્તમાનમાં જ સ્વભાવની ભાવના કરીને સંયોગની તૃષ્ણાને ઘટાડને ! વર્તમાનમાં દાનનો ભાવ થયો તે બીજી ક્ષણે થયા કરે એવી ભાવના પણ જ્ઞાનીને નથી. અરે ભાઈ ! તું વર્તમાનમાં તૃષ્ણા ઘટાડ. રાગ કે સંયોગ બીજી ક્ષણે રહેજો – એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. બહારનો સંયોગ તો તેના ક્રમે આવવાનો હશે તો આવશે. પણ તું તારી રુચિને અંતરમાં વાળીને સ્વભાવની ભાવના કર.

વસ્તુસ્વરૂપને સમજવું જોઈએ કે ક્યાં ભાવના ભાવવાથી મને સુખ છે ? ને ક્યાં ભાવના ભાવવાથી દુઃખ છે ? સ્વભાવની ભાવના ભાવવી તે જ સુખ છે, ને બહારના સંયોગની ભાવના તે દુઃખ છે. બહિર્મુખ વલણથી જેટલી લાગણી થાય તે બધી દુઃખદાયક છે. બહારના સંયોગની ચિંતાથી જીવો બળી રહ્યા છે. ધર્મી તો અંતરના ચૈતન્યસ્વભાવની ઋદ્ધિને જાણીને તેની જ ભાવના કરે છે. અસ્થિરતાના કારણે અલ્પરાગ થાય, તો તેને જાણે છે, પણ તે ગૌણ છે. મિથ્યાદષ્ટિ જીવ સ્વભાવને ભૂલીને સંયોગની ભાવનામાં જ મશગૂલ રહ્યા કરે છે. બહારમાં ઘણા સંયોગ હોવા છતાં અંદરમાં ચિંતાથી જીવો દુઃખી છે. ત્યાં બહારના સંયોગો તેને કાંઈ કરતા નથી. આમ જાણીને હે ભાઈ ! તું આત્માની ભાવના કર. વારંવાર સ્વભાવની ભાવના કરીને તેમાં જ્ઞાનની એકાગ્રતા કર. સંસારમાં સંયોગની પૂર્ણતા હોય જ નહિ ને સ્વભાવની ભાવના કરે તો પૂર્ણતા થયા વિના રહે જ નહિ. સ્વભાવની ભાવના નથી તે જીવોને દુઃખ છે.

મોટા દેવોની સભા જોઈને નાના દેવો ઈર્ષાથી બળે છે ને દુઃખી થાય છે. સમ્યગ્દૃષ્ટિ

દેવ હોય તો એમ વિચારે છે કે આ બહારની ઋદ્ધિથી આત્માનો મહિમા નથી, મારી ચૈતન્યઋદ્ધિ તો મારામાં છે – એમ જાણીને તે સ્વભાવની ભાવના કરે છે, ને મનુષ્ય થઈને મોક્ષ પામે છે. સંયોગની હીનતાથી આત્માની હીનતા નથી, ને સંયોગની અધિકતાથી આત્માની મહત્તા થઈ જતી નથી. માટે સંયોગની હીનાધિકતા હોવા છતાં ધર્મી જીવ તો સ્વભાવની ભાવનાથી સમાધાન કરે છે. જુઓ, સ્વભાવને સંયોગથી ભિન્ન જાણીને તેની ભાવના કરવી તેનું નામ ધર્મ છે.

જેને મનમાં ચિંતા હોય તેને સર્વ સામગ્રી દુઃખરૂપ ભાસે છે. સંયોગમાં સુખ હોય તો તે વખતે ક્યાં ગયું ? જ્ઞાનીને સંયોગમાં સુખની બુદ્ધિ છે જ નહિ એટલે તેને સંયોગ તરફની ચિંતા લંબાતી નથી, સ્વભાવની ભાવના છે; સાતમી નરકની પ્રતિકૂળતામાં પડેલો સમ્યગ્દષ્ટિ જીવ ત્યાં પણ સ્વભાવની ભાવના ભાવે છે, તેટલા અંશે તે સુખી છે ને અજ્ઞાની જીવ સ્વર્ગમાં પણ વિષયોની ભાવનાથી દુઃખી જ છે.

આત્મસાક્ષાત્કાર માટે રૂએ તો ?

– તો તે પણ ચિંતા અને દુઃખ છે, આત્મસાક્ષાત્કારના ઉપાયથી આત્મસાક્ષાત્કાર થાય કે રોવાથી થાય ? તેનો જે ઉપાય છે તે સમજે નહિ ને રૂવે તેથી શું ? તે તો એક જાતનું આર્તધ્યાન છે. તે આર્તધ્યાનથી ધર્મ થવાનું માને તો તો મિથ્યાત્વનું પોષણ થાય છે.

સ્ત્રીનો ધણી મરે ત્યાં પાછળ સતી થાય અને એમ માને કે ફરીથી તેનો સંયોગ થાય ! પણ તે મૂઢતા છે. સંયોગમાં તેને સુખની બુદ્ધિ છે. અરે ! અમે તો આત્મા છીએ, જ્ઞાનસ્વભાવી છીએ. એવો જેને વિશ્વાસ નથી તેને ચિંતા થાય છે કે અરેરે, મરીને ક્યાં જશું ? મિથ્યાદષ્ટિ દેવ હોય તે મરીને ઢોર થાય, ત્યાં તે ચિંતાથી દુઃખી થાય છે. જેણે સ્વભાવનો વિશ્વાસ પ્રગટ કર્યો છે તે ધર્માત્માને એવી ચિંતા થતી નથી કે મારું શું થશે ? ધર્મીને ઉત્તમ સ્વર્ગ અને મનુષ્ય સિવાય બીજો અવતાર હોય નહિ.

જીવ સ્વભાવને ભૂલીને વિષયોની ભાવના તરફ પોતાના પરાક્રમને – પુરુષાર્થને વાપરે છે. તેને બદલે જો ચૈતન્ય સ્વભાવની રુચિ કરે તો પરાક્રમ ચૈતન્યમાં વળ્યા વિના રહે નહિ. જીવનું પરાક્રમ તો સદા જાગૃત છે. અજ્ઞાનીને ઊંધી દિશામાં પરાક્રમનું વલણ છે, ને જ્ઞાનીને સ્વભાવની ભાવનામાં પરાક્રમની જાગૃતિ વર્તે છે. પણ પરાક્રમ તો બન્નેને જાગૃત છે. જો પરાક્રમનો અભાવ થાય તો આત્માનો જ અભાવ થાય. આત્મામાં પરાક્રમ એટલે કે પુરુષાર્થ નામનો સ્વભાવ છે, તે કદી પુરુષાર્થ વગરનો હોય નહિ. જેવી રુચિ કરે તે દિશામાં પુરુષાર્થનું

વલણ થાય છે.

ગાથા–૬૧

**देवानां अपि च सुखं मनोहरविषयैः क्रियते यदि हि।**
**विषयवशं यत्सुखं दुखस्य अपि कारणं तत् अपि।।६१।।**

**અર્થ :– દેવોને મનોહર વિષયોથી જો સુખ છે એમ વિચારવામાં આવે તો તે પ્રગટપણે સુખ નથી, જે વિષયોના આધીન સુખ છે તે દુઃખનું જ કારણ છે (દુઃખ જ છે.)**

**ભાવાર્થ :– અન્ય નિમિત્તથી સુખ માનવામાં આવે તે ભ્રમ છે, કારણકે જે વસ્તુ સુખના કારણરૂપ માનવામાં આવે છે તેજ વસ્તુ કાલાન્તરમાં દુઃખના જ કારણરૂપ થાય છે.**

અર્થ :– દેવોને મનોહર વિષયોથી જો સુખ છે એમ વિચારવામાં આવે તો તે પ્રગટપણે સુખ નથી, જે વિષયોના આધીન સુખ છે તે દુઃખનું જ કારણ છે (દુઃખ જ છે.)

જેને સ્વભાવઆધીન સુખ નથી ને વિષયોની તૃષ્ણાથી દુઃખી છે તે જીવોને બહારના વિષયો શું કરે ? વિષયો તો અચેતન છે, ભિન્ન છે, તે કાંઈ જીવને સુખ કે દુઃખ કરાવતા નથી. પોતે દુઃખની કલ્પના કરી તો વિષયો શું કરે ? અને પોતે વિષયોમાં સુખની કલ્પના કરી તો ત્યાં પણ વિષયો શું કરે ? પોતે પોતાની કલ્પનામાં સુખ માન્યું છે, તે કલ્પના પોતાની છે, કાંઈ વિષયોએ તે કલ્પના કરાવી નથી. વિષયોમાં જેણે સુખની કલ્પના કરી છે તે જીવ પણ વિષયતૃષ્ણાથી દુઃખી જ છે. સ્વભાવ જ સહજ આનંદનો સાગર છે. તેની ભાવના કરીને જેટલી એકાગ્રતા કરે તેટલું સુખ છે. બહારના સંયોગમાં જ્ઞાની પોતાનું કારણકાર્યપણું માનતા નથી. સંયોગમાં જેણે સુખ માન્યું છે તે માત્ર કલ્પના છે. ચૈતન્ય સ્વભાવ પોતે સુખરૂપ છે તેનો વિશ્વાસ ન કરતાં, અન્ય નિમિત્તોથી સુખ માનવું તે ભ્રમણા છે. કેરી ખાવામાં, પૈસામાં, સ્ત્રી આદિમાં સુખની કલ્પના કરવામાં આવે તે મૂઢતા છે. સુખ પોતામાં છે, તેની રુચિ જેને નથી તે જ પરમાં સુખ માને છે. પોતામાં સુખ છે અને પરમાં માને છે – તે માન્યતા મિથ્યા છે, તે સંસારનું કારણ છે.

કૃષ્ણની દેવકી માતાને કૃષ્ણ પહેલાં છ પુત્રો થયા હતા, છ એ મહા સુંદર, કલૈયાકુંવર જેવા હતા. છ એ મુનિ થયા હતા. સારા દીકરા હોય તેમાં અજ્ઞાની સુખ માને છે, ધર્મી જીવને રાગ આવે, પણ તેમાં તીવ્રતા હોતી નથી, કેમકે ક્ષણિક રાગની પણ તેને ભાવના નથી ને સંયોગમાં સુખ માન્યું નથી. રાગરહિત ને સંયોગથી ભિન્ન એવા ચિદાનંદ સ્વભાવમાં જ સુખ છે એમ જાણ્યું છે ને તેની જ ભાવના છે. એવા ધર્મી જીવો જ સુખી છે – એ સિવાય બીજા કોઈ જીવો સંસારમાં સુખી નથી. ચૈતન્ય સ્વભાવને ચૂકીને અન્ય નિમિત્તથી જે સુખ માને છે તે બધા જીવો ભ્રમણાથી દુ:ખી જ છે.

અજ્ઞાનીએ પહેલાં જે વસ્તુમાં સુખની કલ્પના કરી, તે જ વસ્તુ કલ્પના ફરતાં દુ:ખના કારણરૂપ ભાસે છે. ધર્મી તો જાણે છે કે કોઈ સંયોગો મને સુખનું કારણ નથી ને દુ:ખનું કારણ પણ નથી. કોઈ પર વસ્તુ મને સુખદુ:ખનું કારણ નથી. મારો સ્વભાવ જ સુખનું કારણ છે. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની આ વાત છે.

જે રૂપિયા પહેલાં સુખનું કારણ માનતો તે જ રૂપિયાને દુ:ખનું કારણ માને છે, જે સ્ત્રી આદિમાં સુખ માન્યું હતું તે જ અજ્ઞાનીને કલ્પના ફરતાં દુ:ખરૂપ ભાસે છે, પણ તે બન્ને ભ્રમણા છે. સુખ-દુ:ખ તો મને મારા પરિણામથી જ છે. બહારના કારણથી મને સુખદુ:ખ નથી એમ સમજે તો શુદ્ધ ઉપાદાનની રુચિ પ્રગટ્યા વિના રહે નહિ. ને તેની ભાવનાથી દુ:ખ ટળીને સુખ પ્રગટે.

જે કલ્પનાથી બહારમાં સુખ કલ્પ્યું તે કલ્પના પણ ક્ષણિક છે, તેમાં સુખ નથી, ને જેમાં સુખ કલ્પ્યું તે સંયોગમાં પણ સુખ નથી. આમ સમજીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના ભાવે છે, ને સંયોગમાં સુખની કલ્પના છોડે છે. સંસારની ચારે ગતિનો ભાવ તે દુ:ખનો જ દરિયો છે, આખો સંસાર દુ:ખનો જ સમુદ્ર છે. સંસારમાં બળદેવ વાસુદેવ જેવા પણ સુખી નથી ને દેવો પણ સુખી નથી. જુઓને ! કૃષ્ણ અને બળભદ્ર જેવા પણ દ્વારિકાનગરી સળગી, ત્યારે માબાપને પણ તેઓ બહાર ન કાઢી શક્યા ! સળગતી નગરીને મૂકીને રોતા રોતા બહાર નીકળ્યા.

સંયોગનો ક્ષણમાં વિયોગ થઈ જાય છે. તે કોઈ સંયોગ કે વિયોગમાં જીવને સુખ નથી. પણ સ્વભાવમાં જ સુખ છે. સંયોગ તરફનું વલણ તે દુ:ખ છે, ને સ્વભાવ તરફનું વલણ કરવું તે સુખ છે. માટે ધર્મીએ સંયોગની ભાવના ન કરવી, પણ સ્વભાવની ભાવના કરવી.

**વૈશાખ વદ ૧૨, મંગળવાર, ૨૦-૫-૫૨**

આ ધર્મીજીવની સંસાર ભાવનાનું વર્ણન છે.

ગાથા–૬૨

**એ પ્રમાણે વિચાર કરતાં કોઈ ઠેકાણે પણ સુખ નથી એમ કહે છે :–**

**एवं सुष्ठु असारे संसारे दुःखसागरे घोरे।**
**किं कुत्र अपि अस्ति सुखं विचार्यमाणं सुनिश्चयतः।।६२।।**

**અર્થ :– એ પ્રમાણે સર્વ પ્રકારથી અસાર એવા આ દુઃખસાગરરૂપ ભયાનક સંસારમાં નિશ્ચયથી વિચાર કરવામાં આવે તો કોઈ ઠેકાણે કિંચિત્ પણ સુખ નથી.**

**ભાવાર્થ :– ચારગતિરૂપ સંસાર છે અને ચારે ગતિઓ દુઃખ રૂપ જ છે તો તેમાં સુખ ક્યાં સમજવું ?**

આત્મામાં સુખ છે – એ સિવાય સંસારમાં ક્યાંય સુખ નથી. સંસારમાં કોઈ દેવ ભવ કે રાજાનો ભવ – તે સુખ નથી, સુખ તો આત્મદ્રવ્યમાં છે. સમ્યગ્દૃષ્ટિને આત્મા સિવાય કોઈ પણ પદાર્થમાં સુખબુદ્ધિ હોતી નથી, જેને બહારમાં સુખબુદ્ધિ હોય તેને આત્માના સ્વભાવની પ્રતીત નથી, તે મિથ્યાદૃષ્ટિ છે, ધર્મીને અલ્પ રાગ-દ્વેષ થાય તેમાં પણ તે સુખ નથી માનતો, તો પછી રાગ-દ્વેષનું લક્ષ જે પર પદાર્થ ઉપર જાય છે તેમાં તો તે સુખ કેમ માને ? જો વિષયોમાં કે રાગમાં સુખ માને તો તે જીવને આત્મામાં સુખ બુદ્ધિ નથી, તે મૂઢ છે. તે ગમે તેટલા વ્રતાદિ કરે તો પણ તેના સંસાર ભ્રમણનો અંત આવતો નથી.

ચારે ગતિ વિભાવનું ફળ છે, તે વિભાવ દુઃખદાયક છે, તેથી ચારે ગતિ દુઃખદાયક છે. સુખતો આત્માના સ્વભાવમાં છે. તેની જેને ખબર નથી તે જીવ ચાર ગતિના સંયોગમાં

સુખ માને છે, પણ તે મિથ્યા છે.

પર્યાયબુદ્ધિવાળો જીવ સંયોગમાં જ સુખ માને છે અંતરના સ્વભાવની દૃષ્ટિ કરતો નથી પણ રાગાદિ વર્તમાન પરિણામમાં તથા બહારના વિષયોમાં તે સુખ માને છે, રાજા થાય તો રાજ્ય પદમાં સુખ માને છે ને વિષ્ટાનો કીડો થાય તો વિષ્ટામાં સુખ માને છે. પણ હું તો સિદ્ધ જેવો ચિદાનંદ સ્વભાવી છું – એવું ભાન અજ્ઞાની કરતો નથી. એ વાત હવેની ગાથામાં કહે છે.

ગાથા-૬૩

**આગળ કહે છે કે આ જીવ, પર્યાયબુદ્ધિવાળો છે તેથી તે જે યોનિમાં ઉપજે છે ત્યાંજ સુખ માની લે છે :–**

**दुःकृतकर्मवशात् राजा अपि च अशुचिकीटकः भवति।**
**तत्र एव च करोति रतिं प्रेक्षध्वं मोहस्य माहात्म्यम्।।६३।।**

**અર્થ :– હે પ્રાણી ! તમે જુઓ તો ખરા આ મોહનું મહાત્મ્ય ! કે પાપવશ મોટો રાજ પણ મરીને વિષ્ટાના કીડામાં જઈ ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે – ક્રિડા કરે છે.**

અર્થ :– એક રાજા હતો તેને કોઈએ કહ્યું હતું કે તું સાત દિવસમાં મરીને કૂતરી ને ત્યાં ગલૂડિયું થઈશ, તે સાંભળીને રાજા કહે કે, અરેરે ! મારે કૂતરાનો અવતાર !! એમ વિચારીને તેના કુંવરને કહ્યું કે, હું ત્યાં જન્મું કે તરત મને મારી નાખજે, પછી તે રાજા મરીને કૂતરો થયો, ત્યાં કુંવર તેને જ્યારે મારવા માટે આવ્યો ત્યારે તે ગલૂડિયું કહે છે કે, 'મને મારીશ નહિ મને અહીં મજા છે.' જુઓ, મૂઢ જીવ ચૈતન્યને ચૂકીને, જે સંયોગ મળે તેમાં જ સુખ માની લે છે, જેના કપડાં ધોવા માટે વિલાયત જતાં હોય તેવો જીવ પણ મરીને વિષ્ટાનો કીડો થાય, તો તે વિષ્ટામાં પણ સુખ માને છે, આત્માના ભાન વિના સાધુ થઈને બહારના ક્રિયાકાંડમાં સુખ માને તે જીવો પણ મૂઢ છે, ને કીડો વિષ્ટામાં સુખ

માને છે તે જીવ પણ મૂઢ છે.

જેલના કેદીને જેલમાં ગોઠી જાય છે, એકવાર એક કેદીને જેલની મુદ્દત પૂરી થઈને બહાર નીકળવાનું થયું ત્યારે બીજાને કહેતો ગયો કે, આ મારો પાણીનો ઘડો કોઈ બગાડશો નહિ, બીજાએ પૂછ્યું કે, કેમ ? તો તે કહે કે હું બેચાર દિવસમાં પાછો અહીં આવવાનો છું માટે તે ઘડો રાખી મૂકજો. તેમ અજ્ઞાની જીવને સંસારમાં સુખ ભાસે છે એટલે એક ભવ છોડતાં બીજા ભવની મમતા લઈને જાય છે, એક ભવ પછી બીજો ભવ તૈયાર રાખે છે. શાસ્ત્રકાર કહે છે કે, અહો ! એ મોહનું માહાત્મ્ય છે કે જીવો આત્માના સુખને ચૂકીને બહારના જે જે સંયોગ મળે તેમાં જ સુખ માની લે છે.

આગળ કહે છે કે એક જીવને એક જ ભવમાં અનેક સંબંધ થયો.

ગાથા–૬૪-૬૫

**આગળ કહે છે કે – આ પ્રાણીને એક જ ભવમાં અનેક સંબંધ થાય છે.**

**पुत्रः अपि भ्राता जातः स अपि च भ्राता अपि देवरः भवति।**
**माता भवति सपत्नी जनकः अपि च भवति भर्ता।।६४।।**
**एकस्मिन् भवे एते सम्बन्धाः भवन्ति एकजीवस्य।**
**अन्यभवे किं भण्यते जीवानां धर्मरहितानाम्।।६५।।**

**અર્થ :– એક જીવને એક ભવમાં આટલા સંબંધ થાય છે તો પછી ધર્મરહિત જીવોને અન્ય ભવોના સંબંધમાં તો શું કહેવું ? તે સંબંધ ક્યા ક્યા છે ? તે કહીએ છીએ, પુત્ર તો ભાઈ થયો અને ભાઈ હતો તે દીયર થયો, માતા હતી તે શોકય થઈ અને પિતા હતો તે ભર્થાર થયો, એટલા સંબંધ વસંતતિલકા વેશ્યા, ધનદેવ, કમળા અને વરૂણને (પરસ્પર) થયા, તેની કથા અન્ય ગ્રંથોથી અહીં લખીએ છીએ :–**

‘એક જીવને એક ભવમાં આટલા સંબંધ થાય છે તો પછી ધર્મ રહિત જીવોને અન્ય ભવોના સંબંધમાં તો શું કહેવું ?’

અરે, એક જ ભવમાં જે માતા હોય તે સ્ત્રી થાય, જે પુત્ર હોય તે જ પતિ થાય, આવું બને છે. તો પછી અન્ય ભવની તો શું વાત કરવી ? પૂર્વભવે માતા હોય ને આ ભવમાં સ્ત્રી થાય, એમાં તો શું કહેવું ? આ કોની વાત છે ? જેને ચૈતન્યનું ભાન નથી એવા ધર્મ રહિત જીવોને સંસારમાં રખડતાં આવા આવા અનેક સંબંધ એક જ ભવમાં બને છે. વસંતતિલકાને એક જ ભવમાં ૧૮ સંબંધ થયા તેનું અહીં દૃષ્ટાંત આપ્યું છે. પર્યાયબુદ્ધિવાળો જીવ ચૈતન્ય સ્વભાવને જાણતો નથી ને સંયોગમાં આડું અવળું કરવાનું માને છે, તેને સમજાવે છે કે :– અરે ભાઈ ! તું આત્મા ઉપર દૃષ્ટિ કર, ભવ અને ભવના કારણની રુચિ છોડ, તો કલ્યાણ થાય, અહીં કથા કહીને વૈરાગ્ય બતાવવો છે કે અરે જીવ ! સંસારમાં રખડતાં રખડતાં એક જ ભવમાં કેવા કેવા સંબંધ બને છે. તે વિચાર, તેમાં ક્યાંય – સંયોગમાં સુખ નથી માટે સંયોગની રુચિ છોડીને તારા સ્વભાવની રુચિ કર.

કેવા કેવા સંબંધ થયા તે અહીં કહે છે, પુત્ર તો ભાઈ થયો, અને ભાઈ હતો તે દિયર થયો, માતા હતી તે શોક્ય થઈ અને પિતા હતો તે ભર્થાર થયો, એટલા સંબંધ વસંતતિલકા વેશ્યા, ધનદેવ, કમળા અને વરૂણને (પરસ્પર) થયા, તેની કથા અન્ય ગ્રંથોની અહીં લખીએ છીએ.

### એક ભવમાં અઢાર નાતાની કથા

**માલવદેશની ઉજ્જયનીનગરીમાં રાજા વિશ્વસેન હતો, ત્યાં સુદત્ત નામનો શેઠ રહેતો હતો તે સોલ કરોડ દ્રવ્યનો સ્વામી હતો, તે શેઠ એક વસંતતિલકા નામની વેશ્યાથી આસક્ત થયો અને તેને પોતાના ઘરમાં રાખી, તે ગર્ભવતી થઈ ત્યારે રોગસહિત દેહ થવાથી તેને પોતાના ઘરમાંથી કાઢી મુકી, તે વસંતતિલકાએ પોતાના ઘરમાં જ પુત્ર-પુત્રીના જોડકાને જન્મ આપ્યો, તે વેશ્યા ખેદખિન્ન થઈને એ બન્ને બાળકોને જુદા જુદા રત્નકાંબળમાં લપેટી પુત્રીને તો દક્ષિણ દરવાજે નાંખી આવી ત્યાં પ્રયાગ નિવાસી વણજારાએ તેને ઉપાડી પોતાની સ્ત્રીને સોંપી તેનું (પુત્રીનું) નામ કમળા રાખ્યું, તથા પુત્રને ઉત્તરદિશાના દરવાજે નાખ્યો ત્યાંથી સાકેતપુરના એક સુભદ્ર નામના વણજારાએ તેને (પુત્રને) ઉપાડી પોતાની સ્ત્રી સુવ્રતાને સોંપ્યો અને તેનું ધનદેવ નામ રાખ્યું. હવે પૂર્વોપાર્જિત કર્મવશ તે ધનદેવનો પેલી કમળાની સાથે વિવાહ થયો અને એ બંને (ભાઈ-બહેન) પતિ-પત્નિ થયાં, પછી આ ધનદેવ વ્યાપાર અર્થે ઉજ્જયિની નગરમાં ગયો ત્યાં તે પેલી વસંતતિલકા વેશ્યાથી લુબ્ધ થયો અને તેના સંયોગથી**

વસંતતિલકાને એક પુત્ર જન્મ્યો તેનું નામ વરૂણ રાખ્યું હવે એક દિવસે કમળાએ કોઈ મુનિને પોતાનો સંબંધ પુછ્યો અને મુનિએ તેનો સર્વ વૃત્તાંત કહ્યો તે નીચે પ્રમાણે :–

આ ઉજ્જયિની નગરમાં એક સોમશર્મા નામનો બ્રાહ્મણ હતો તેને કાશ્યપી નામની સ્ત્રી હતી, તેમને અગ્નિભૂત અને સોમભૂત નામના બે પુત્ર થયા એ બંને કોઈ ઠેકાણે ભણીને આવતા હતા ત્યાં માર્ગમાં કોઈ જિનદત્ત મુનિને તેની માતા જે જિનમતિઆર્યા હતી તે શરીર સમાધાન પૂછતી હતી તથા ત્યાં બીજા કોઈ જિનભદ્રમુનિ હતા તેમને સુભદ્રા નામની આર્યા કે જે પુત્રની વહુ હતી તે પણ શરીર સમાધાન પૂછતી હતી, એ દશ્ય આ બંને ભાઈઓએ દીઠું અને ત્યાં હાસ્ય કર્યું કે – 'જુઓ તો ખરા ! તરૂણને તો વૃદ્ધ સ્ત્રી અને વૃદ્ધને તરૂણ સ્ત્રી, અહો વિધાતા ખરી વિપરીતતા રચી છે !' એ હાસ્યના પાપથી સોમશર્મા તો વસંતતિલકા વેશ્યા થયો તથા અગ્નિભૂત અને સોમભૂત બંને ભાઈ મરીને આ વસંતતિલકાને પુત્ર-પુત્રીરૂપ જોડકાં થયાં અને તેમનું કમળા અને ધનદેવ નામ રાખ્યું, વળી પેલી કાશ્યપી બ્રાહ્મણી હતી તે (મરીને) વસંતતિલકા અને ધનદેવના સંયોગથી વરૂણ નામનો પુત્ર થઈ, એ પ્રમાણે આ સર્વ સંબંધ સાંભળી કમળાને જાતિસ્મરણજ્ઞાન થયું, ત્યારે તે ઉજ્જયિની નગરમાં વસંતતિલકાને ઘેર ગઈ, ત્યાં પેલો વસંતતિલકાનો પુત્ર વરૂણ પારણામાં ઝુલતો હતો તેને તે કહેવા લાગી કે હે બાળક ! તારી સાથે મારા છ પ્રકારના સંબંધ છે, તે તું સાંભળ :–

૧. મારો ભર્થાર જે ધનદેવ તેના સંયોગથી તું જન્મ્યો માટે મારો પણ તું (શોક્ય) પુત્ર છે.

૨. ધનદેવ મારો સગો ભાઈ છે અને તેનો તું પુત્ર છે માટે તું મારો ભત્રીજો પણ છે.

૩. તારી માતા વસંતતિલકા છે તેજ મારી પણ માતા છે માટે તું મારો ભાઈ પણ છે.

૪. તું મારા ભર્થાર ધનદેવનો નાનો ભાઈ છે તેથી તું મારો દીયર પણ છે.

૫. મારો ભર્થાર ધનદેવ છે તે મારી માતા વસંતતિલકાનો પણ ભર્થાર છે તેથી ધનદેવ મારો પિતા પણ થયો અને તેનો તું નાનો ભાઈ છે માટે તું મારો કાકો પણ છે.

૬. હું વસંતતિલકાની શોક્ય થઈ તેથી ધનદેવ મારો શોક્ય પુત્ર થયો અને તેનો તું પુત્ર છે માટે તું મારો પૌત્ર પણ છે.

એ પ્રમાણે વરૂણને તે છ પ્રકારના સંબંધ કહેતી હતી ત્યાં પેલી વસંતતિલકા આવી

અને આ કમળાને કહેવા લાગી કે તું કોણ છે ? કે મારા પુત્રને આ પ્રમાણે છ પ્રકારથી તારો સંબંધ સંભળાવે છે ? ત્યારે કમળા બોલી કે તારી સાથે પણ મારો છ પ્રકારથી સંબંધ છે તે તું પણ સાંભળ !

૧. પ્રથમ તો તું મારી માતા છે કારણ કે હું ધનદેવની સાથે તારા જ ઉદરથી યુગલરૂપે ઉપજી છું.

૨. ધનદેવ મારો ભાઈ છે તેની તું સ્ત્રી છે માટે તું મારી ભોજાઈ પણ છે.

૩. મારો ભરથાર ધનદેવ છે તેની તું પણ સ્ત્રી છે માટે તું મારી શોક્ય પણ છે.

૪. તું મારી માતા છે અને તારો ભરથાર ધનદેવ પણ થયો એટલે ધનદેવ મારો પિતા થયો, તેની તું માતા હતી માટે તું મારી દાદી પણ છે.

૫. ધનદેવ તારો પુત્ર છે અને તે મારો પણ શોક્યપુત્ર છે તેની તું સ્ત્રી થઈ માટે તું મારી પુત્રવધુ પણ છે.

૬. હું ધનદેવની સ્ત્રી છું અને તું ધનદેવની માતા છે માટે તું મારી સાસુ પણ છે.

આ પ્રમાણે વસંતતિલકા વેશ્યા પોતાના છ પ્રકારના સંબંધ સાંભળીને ચિંતામાં વિચારગ્રસ્થ હતી ત્યાંજ પેલો ધનદેવ આવ્યો તેને જોઈને કમળા બોલી કે તારી સાથે પણ મારા છ પ્રકારના સંબંધ છે તે સાંભળ :–

૧. પ્રથમ તો તું અને હું બન્ને આજ વેશ્યાના ઉદરમાંથી જોડકારૂપ સાથે જન્મ્યાં છીએ માટે તું મારો ભાઈ છે.

૨. પછી તારો અને મારો વિવાહ થયો તેથી તું મારો પતિ પણ છે.

૩. વસંતતિલકા મારી માતા છે અને તેનો તું ભર્થાર છે માટે તું મારો પિતા પણ છે.

૪. વરૂણ તારો નાનો ભાઈ છે અને તે મારો કાકો થયો તેનો તું પિતા છે એટલે કાકાનો પિતા હોવાથી તું મારો દાદો પણ થયો.

૫. હું વસંતતિલકાની શોક્ય છું અને તું મારી શોક્યનો પુત્ર છે તેથી તું મારો પુત્ર પણ છે.

૬. તું મારો ભર્થાર છે અને તારી માતા વસંતતિલકા મારી સાસુ થઈ, એ સાસુનો તું ભર્થાર થયો એટલે તું મારો સસરો પણ થયો.

એ પ્રમાણે એક જ ભવમાં એક જ જીવને અઢાર સંબંધ થયા તેનું અહીં ઉદાહરણ

**કહ્યું, એમ આ સંસારની વિચિત્ર વિટંબણા છે તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.**

જુઓ, જીવને સંસારમાં રખડતાં આવું અનંતવાર બને છે, તેમાં આશ્ચર્ય નથી, અરે જીવ ! સ્વભાવની ભાવના કરીને આવા સંસારની ભાવના છોડ, હું તો જ્ઞાન છું, મારા સ્વભાવમાં સંસાર નથી, એમ જે જીવ જ્ઞાન સ્વભાવની ભાવના કરે તેને આવો સંસાર રહે નહિ, પૂર્વ ભવનો મોટો વેરી હોય ને મરીને દીકરો થાય ત્યાં મમતા કરે કે 'હાશ, મારો પુત્ર !' જુઓ, સંસારની વિચિત્રતા ! અહો ! એક જીવને એક ભવમાં ૧૮ સંબંધ થયા, તેમાં કાંઈ આશ્ચર્ય નથી, અનંત ભવ થયા તેમાં શું ન થાય ? આ તો મનુષ્ય ભવની વાત કરી, તો ઢોરની તો શું વાત કરવી ? માટે સંસારનો કોઈ પણ ભવ, કે ભવના કારણરૂપ ભાવ, તેની રુચિ ધર્મી જીવ કરતો નથી, આત્માનો જ્ઞાન સ્વભાવ ભવ રહિત છે, ને ભવના કારણથી પણ રહિત છે. એમ જાણીને ધર્મી જીવ તેની જ રુચિ અને ભાવના કરે છે.

જે જીવો આત્માના સ્વભાવની રુચિ નથી કરતા તે જીવો પંચ પ્રકારનું સંસાર પરિભ્રમણ કરે છે તેનું હવે વર્ણન કરે છે.

**હવે આગળ પાંચ પ્રકારથી સંસારના નામ કહે છે :–**

**પંચ પ્રકારના સંસારનું સ્વરૂપ**

ગાથા–૬૬

**संसारः पन्चविधः द्रव्ये क्षेत्रे तथैव काले च।**
**भवभ्रमणः च चतुर्थः पन्चमकः भावसंसारः।।६६।।**

**અર્થ :– સંસાર અર્થાત્ પરિભ્રમણ છે તે પાંચ પ્રકારથી છે. ૧. દ્રવ્ય અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યમાં ગ્રહણ ત્યાગરૂપ પરિભ્રમણ, ૨. ક્ષેત્ર અર્થાત્ આકાશપ્રદેશમાં સ્પર્શવારૂપ પરિભ્રમણ, ૩. કાળ અર્થાત્ કાળના સમયોમાં ઉપજવા–વિણશવારૂપ પરિભ્રમણ, ૪. ભવ અર્થાત્ નરકાદિ ભવોના ગ્રહણ–ત્યાગરૂપ પરિભ્રમણ અને ૫. ભાવ અર્થાત્ પોતાને કષાય–યોગસ્થાનરૂપ ભેદોના પલટવારૂપ પરિભ્રમણ, એ પ્રમાણે પાંચ પ્રકારરૂપ સંસાર જાણવો. હવે આગળ તેનું સ્વરૂપ**

કહે છે.

પુદ્ગલ દ્રવ્યના ગ્રહણ ત્યાગની તો વ્યવહારથી વાત કરી છે. ચૈતન્ય તત્ત્વ જે ભાવથી પરમાણુનો સંયોગ આવે તે તો સંસાર છે. પુદ્ગલો આવ્યાં ને ગયાં તે તો દ્રવ્ય સંસાર છે, તેમાં આત્માનો કિંચિત્ લાભ નથી.

લોકાકાશના દરેક પ્રદેશે જીવ અનંતવાર જન્મ્યો, તે ક્ષેત્ર સંસાર છે. મહાવિદેહાદિ અમુક ક્ષેત્રે જન્મવું તેથી કાંઈ આત્માને લાભ નથી,

ચોથા કાળે જન્મે કે પાંચમા કાળે જન્મે તે કાળ સંસાર છે, કાળનો એવો કોઈ સમય બાકી નથી કે જે સમયમાં જીવ જન્મ્યો – મર્યો ન હોય,

નરક વગેરેના ભવો જીવે અનંતવાર કર્યાં તે ભવ સંસાર છે. મનુષ્ય ભવ વગર ચારિત્ર ધર્મ ન હોય, પણ તેથી કાંઈ મનુષ્ય ભવને કારણે ચારિત્ર ધર્મ થતો નથી, ચાર ગતિનો કોઈ પણ ભવ જે ભાવથી મળે તે દુઃખ છે, તેમાં સુખ નથી,

ભાવ સંસાર એટલે કોઈપણ વિકારી ભાવ થાય તે ભાવ સંસાર છે, પંચમહાવ્રતાદિ વ્યવહારની શુભ લાગણી ઊઠે તે પણ ભાવ સંસાર છે તે શુભ વ્યવહારમાં લાભ માનનારો જીવ સંસારની રુચિવાળો છે. મિથ્યાદષ્ટિ જીવ ચૈતન્ય સ્વભાવની રુચિ વગર જે કાંઈ શુભાશુભ ભાવો કરે છે તે બધોય સંસાર છે, તેમાં ધર્મ નથી,

આ પાંચ પ્રકારનો સંસાર છે અજ્ઞાની જીવ ભલે ત્યાગી થઈને મહાવ્રત પાળે તોપણ તેને પાંચમાંથી એકેય પ્રકારનો સંસાર છૂટ્યો નથી, આત્માનો સ્વભાવ આ પાંચે પ્રકારના સંસાર પરિભ્રમણથી રહિત છે, તેની ભાવના કરે તો સંસાર છૂટે.

**હવે પ્રથમ દ્રવ્ય પરાવર્તનનું સ્વરૂપ કહે છે :–**

ગાથા–૬૭

**बध्नाति मुन्चति जीवः प्रतिसमयं कर्मपुद्गलान् विविधान्।**
**नोकर्मपुद्गलान् अपि च मिथ्यात्वकषाय संयुक्तः।।६७।।**

**અર્થ :– આ જીવ, આ લોકમાં રહેલાં જે અનેક પ્રકારનાં જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્‌ગલો તથા ઔદારિકાદિ શરીરરૂપ નોકર્મપુદ્‌ગલોને મિથ્યાત્વ–કષાયો વડે સંયુક્ત થતો થકો સમયેસમયે બાંધે છે અને છોડે છે.**

**ભાવાર્થ :– મિથ્યાત્વ–કષાયવશ જ્ઞાનાવરણાદિ કર્મોના સમય–પ્રબદ્ધને અભવ્યરાશીથી અનંતગુણા તથા સિદ્ધરાશીથી અનંતમા ભાગે પુદ્‌ગલપરમાણુઓના સ્કંધરૂપ કાર્મણ વર્ગણાઓને (આ સંસારી જીવ) સમયે સમયે ગ્રહણ કરે છે તથા પૂર્વે જે ગ્રહણ કરી હતી કે જે સત્તામાં છે તેમાંથી એટલી જ (કર્મવર્ગણાઓ) સમયે સમયે ખરી જાય છે. વળી એજ પ્રમાણે ઔદારિકાદિશરીરોના સમયપ્રબદ્ધો શરીરગ્રહણના સમયથી માંડીને આયુસ્થિતિ સુધી ગ્રહણ કરે છે વા છોડે છે. એ પ્રમાણે અનાદિકાળથી માંડી અનંત વાર (કર્મ–નોકર્મપુદ્‌ગલોનું) ગ્રહણ કરવું વા છોડવું થયા જ કરે છે.**

**હવે ત્યાં એક પરાવર્તનનાં પ્રારંભમાં પ્રથમ સમયના સમયપ્રબદ્ધમાં જેટલા પુદ્‌ગલપરમાણુને જેવા સ્નિગ્ધ-રૂક્ષ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તીવ્ર-મંદ-મધ્યમ ભાવથી ગ્રહ્યા હોય તેટલા જ તેવી જ રીતે કોઈ સમયે ફરી ગ્રહણમાં આવે ત્યારે એક કર્મનોકર્મપરાવર્તન થાય છે, પણ વચ્ચે અનંતવાર અન્યપ્રકારના પરમાણુ ગ્રહણ થાય તેને અહીં ન ગણવા, એવી રીતે જેવાને તેવા જ (કર્મ-નોકર્મપરમાણુઓને) ફરીથી ગ્રહણ થવાને અનંતકાળ જાય છે તેને એક દ્રવ્યપરાવર્તન કહીએ છીએ, એ પ્રમાણે આ જીવે આ લોકમાં અનંતાં પરાવર્તન કર્યાં.**

અર્થ :– આ જીવ, આ લોકમાં રહેલાં જે અનેક પ્રકારનાં જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્‌ગલો તથા ઔદારિકાદિ શરીરરૂપ નોકર્મપુદ્‌ગલોને મિથ્યાત્વ–કષાયો વડે સંયુક્ત થતો થકો સમયેસમયે બાંધે છે અને છોડે છે. ઔદારિક, વૈક્રિયિક અને તેજશ શરીર લેવાં, પણ આહારક શરીર ન લેવું, કેમકે આહારક શરીર તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને જ હોય છે, મિથ્યાત્વ અને કષાય ભાવોથી, જીવ સમયે સમયે જ્ઞાનાવરણાદિ કર્મપરમાણુઓને અને ઔદારિક ત્રણ શરીરરૂપ નોકર્મ પરમાણુઓને બાંધે છે. જડ કર્મને આત્મા ગ્રહે છે તે તો નિમિત્તનું કથન છે, કેમકે જીવના મિથ્યાત્વાદિ ભાવો તેમાં નિમિત્ત થાય છે. તેથી જીવે તેને ગ્રહ્યાં અને છોડ્યાં - એમ કહ્યું છે.

અમુક કર્મ બંધાય તો મહાવિદેહમાં જવાય ને ત્યાં ભગવાનનો ભેટો થાય, એમ જેને

કર્મ બાંધવાની ભાવના છે તેને તો દ્રવ્ય સંસારની ભાવના છે. ધર્મી જીવ પણ ભગવાનની પૂજા ભક્તિમાં એમ બોલે કે :– 'ચલો વિદેહ ક્ષેત્રમેં' ત્યાં ખરેખર ધર્મીને સંયોગની ભાવના નથી તેમજ સંયોગ જે ભાવે મળે તે ભાવની પણ ભાવના નથી. ભાવના તો અંતરના સ્વભાવની છે પણ શુભ ભાવ વખતે ભગવાનને યાદ કરીને નિમિત્તથી કહે છે કે ચલો ક્ષેત્ર વિદેહમેં ! ધર્મીને વર્તમાન રાગની પણ રુચિ નથી ને ભવિષ્યના રાગની ભાવના નથી. પણ ભક્તિના કાળે અનેક પ્રકારનાં કાલાંઘેલાં વચનો નીકળે છે ! હે સીમંધર ભગવાન ! તમે આ ભરત ક્ષેત્રમાં પધારો - એમ કહે, અંદર ભાન છે કે ભગવાન કાંઈ મહાવિદેહમાંથી ભરતે ન પધારે, પણ અંદર પોતાના ભાવમાં ભગવાનની નિકટતા કરે છે, પણ અંદરમાં ચૈતન્ય સ્વભાવનું ભાન છે, તેથી પૂર્ણતાની ભાવના કરે છે.

અજ્ઞાની તો ચૈતન્ય સ્વભાવ ચૂકીને મિથ્યાત્વ અને કષાયને વશ અનાદિકાળથી સમયે સમયે કર્મ-નોકર્મના પરમાણુઓને ગ્રહે છે ને છોડે છે, આવું જે પરમાણુઓના ગ્રહણ-ત્યાગ તે દ્રવ્ય સંસાર છે તેમાં એક દ્રવ્ય પરાવર્તન ક્યારે પૂરું થાય ? તે કહે છે.

જેટલા પરમાણુઓ જેવા જેવા રસવાળા હતા તેવા જ પરમાણુઓ ફરીને ગ્રહણ કરે ત્યારે એક દ્રવ્ય પરાવર્તન પૂરુ થાય તેમ કહેવાય. આવા એક પરાવર્તનમાં અનંતો કાળ જાય છે છતાં આવા અનંત પરાવર્તન જીવ કરી ચૂક્યો છે. હવે ક્ષેત્ર પરાવર્તન કહે છે.

ગાથા–૬૮

**હવે આગળ ક્ષેત્રપરાવર્તન કહે છે :–**

**सः कः अपि नास्ति देशः लोकाकाशस्य निरवशेषस्य।**
**यत्र न सर्वः जीवः जातः मृतः च बहुवारम्।।६८।।**

**અર્થ :– આ લોકાકાશના પ્રદેશોમાં એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં આ સંસારના સર્વ જીવો અનંતવાર ઉપજ્યા–મર્યા ન હોય !**

**ભાવાર્થ :– સર્વ લોકાકાશના પ્રદેશોમાં આ જીવ અનંતવાર ઉપજ્યો-મર્યો છે, એવો એક પણ પ્રદેશ બાકી રહ્યો નથી કે જ્યાં (આ જીવ) ન ઉપજ્યો–મર્યો હોય ! અહીં આ પ્રમાણે સમજવું કે લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે તેના મધ્યના આઠ પ્રદેશને વચમાં લઈને**

**સૂક્ષ્મનિગોદલબ્ધઅપર્યાપ્તક જઘન્ય અવગાહના ધારણ કરી જીવ ઉપજે છે હવે તેની અવગાહના પણ અસંખ્યાત પ્રદેશી છે, તે જેટલા પ્રદેશ છે તેટલીવાર તો ત્યાં જ એજ અવગાહનાા પામે છે, વચ્ચે અન્ય જગ્યાએ અન્ય અવગાહનાથી (જીવ) ઉપજે તેની અહીં ગણત્રી નથી, ત્યાર પછી એક એક પ્રદેશ ક્રમપૂર્વક વધતી અવગાહના પામે તે અહીં ગણત્રીમાં છે એ પ્રમાણે (ક્રમપૂર્વક વધતાં વધતાં) મહામચ્છની ઉત્કૃષ્ટ અવગાહના સુધી પૂર્ણ કરે અને લોકાકાશના પ્રદેશોને (સંપૂર્ણ) સ્પર્શે ત્યારે એક ક્ષેત્રપરાવર્તન થાય.**

જ્યાં સિદ્ધ ભગવંતો બિરાજે છે તે જ ક્ષેત્રે જીવ અનંતવાર જન્મ્યો ને મર્યો છે, એક માણસે બીજાને પૂછ્યું કે તે રાજાને જોયો છે ? તો તે કહે છે 'હા' ક્યારે ? તો કહે કે મેં ખૂન કર્યું તેનો કેશ ચાલતો હતો ત્યારે કોર્ટમાં રાજા આવ્યા હતા, ને મેં જોયા હતા ! તેમ અજ્ઞાની જીવ અનંત સંસારમાં રખડતાં રખડતાં જે ક્ષેત્રે સિદ્ધ ભગંવતો બિરાજે છે ત્યાં પણ અનંતવાર એકેન્દ્રિયપણે જન્મ્યો-મર્યો છે. સંસાર પરિભ્રમણ જીવ શરીરની નાનામાં નાની અવગાહનાથી માંડીને અનુક્રમે મોટામાં મોટી અવગાહના ધારણ કરીને આખા લોકમાં જન્મ્યો ને મર્યો છે.

જેને સંસારની ચારે ગતિનો ભય લાગ્યો તેને સ્વર્ગના અવતારમાં પણ સુખ ન ભાસે, ચૈતન્ય સ્વભાવ સિવાય કોઈ સંયોગમાં સુખ ન ભાસે, તો ચારે ગતિનો ભય લાગ્યો કહેવાય, તે જીવ સ્વભાવની ભાવના કરીને ભવના કારણરૂપ પર ભાવને છોડે છે, તેને આવું સંસાર પરિભ્રમણ થતું નથી.

# પ્રસાદ નં. – ૨૧૧

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૫, વર્ષ ૨જાું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૨૮-૫-૫૨, ૬બુધવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(વૈશાખ વદ ૧૩, બુધવાર, ૨૧-૫-૫૨ સવાર)**

આ સંસારભાવનાનું વર્ણન છે. પરિભ્રમણના કારણની અનેકતા છે. પણ તેને ટાળવાનું કારણ એક છે. પર્યાયબુદ્ધિમાં અનેક પ્રકારના વિકલ્પો કરી પરિભ્રમણ કરે છે પણ ટાળવાનો ઉપાય એક છે. જીવે અનંતીવાર ક્ષેત્ર પરાવર્તન કર્યું છે, પુણ્ય–પાપ, દયા-દાનાદિ શુભ ક્રિયાનું માહાત્મ્ય કરીને રખડ્યો પણ યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે તેની શ્રદ્ધા કરી નહિ. આત્માનું પરિપૂર્ણ શુદ્ધસ્વરૂપ તે દેવ છે, આત્માના સ્વરૂપ જે સાધે છે તે ગુરુ છે ને અનેકાંત બતાવે તે શાસ્ત્ર છે. આમ દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ જાણે તો પરિભ્રમણ મટ્યા વિના રહે નહિ.

કાળ પરિભ્રમણની વાત કરે છે.

ગાથા–૬૯

**હવે આગળ કાળપરાવર્તનને કહે છે :–**

**उवसर्पिणीअवसर्पिणीप्रथमसमयादिचर्मसमयान्तम् ।**
**जीवः क्रमेण जायते म्रियते च सर्वेषु कालेषु।।६९।।**

**અર્થ :– ઉત્સર્પિણી અને અવત્સર્પિણીકાળના પ્રથમ સમયથી માંડીને અંતના સમય સુધી આ જીવ અનુક્રમપૂર્વક સર્વકાળમાં ઉપજે તથા મરે છે (તે કાળ પરાવર્તન છે).**

**ભાવાર્થ :– કોઈ જીવ દશકોડાકોડી સાગરનો જે ઉત્સર્પિણીકાળ તેના પ્રથમ સમયમાં જન્મ પામે પછી બીજા ઉત્સર્પિણીના બીજા સમયમાં જન્મે એ પ્રમાણે ત્રીજા ઉત્સર્પિણીના ત્રીજા સમયમાં જન્મે એ પ્રમાણે અનુક્રમપૂર્વક અંતના સમય સુધી જન્મે વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમરહિત જન્મે તેની અહીં ગણત્રી નથી, એજ પ્રમાણે અવત્સર્પિણીકાળના પણ દશકોડાકોડી સાગરના સમયો (અનુક્રમવાર) પૂર્ણ કરે તથા એજ પ્રમાણે મરણ કરે તેને એક કાળપરાવર્તન કહે છે ત્યાં પણ અનંતકાળ થાય છે.**

એક પલ્યોપમમાં અસંખ્ય અબજો વર્ષ ચાલ્યા જાય એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર થાય છે ને દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક ઉત્સર્પિણી કાળ છે ને એટલો જ અવસર્પિણીનો કાળ છે. તેના પ્રથમ સમયથી માંડીને અનંતા સમય સુધીના સર્વકાળમાં જીવ ઊપજ્યો છે ને મર્યો છે.

ભાવાર્થ :– કોઈ જીવ દસ ક્રોડાક્રોડી સાગરનો જે ઉત્સર્પિણી કાળ એટલે ચડતો કાળ તેના પ્રથમ સમયમાં જન્મ પામે, પછી બીજા ઉત્સર્પિણીના બીજા સમયમાં જન્મે – એ પ્રમાણે ત્રીજા ઉત્સર્પિણીના ત્રીજા સમયમાં જન્મે એ પ્રમાણે અનુક્રમપૂર્વક અનંતા સમય સુધી જન્મે – વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમરહિત જન્મે તેની અહીં ગણતરી નથી. એક ઉત્સર્પિણીના દસ ક્રોડાક્રોડી સાગર છે, તેના અસંખ્ય સમયો છે. તે સમયો ઉપર કહ્યા પ્રમાણે પૂરા કરવા માટે અનંત ભવ થાય છે.

એ જ પ્રમાણે અવસર્પિણી કાળ (હલકા કાળ)ના પહેલા સમયે જન્મે પછી બીજા અવસર્પિણી કાળના બીજા સમયમાં જન્મે – એ પ્રમાણે અનુક્રમ પૂર્વક અંતના સમય સુધી જન્મે વચ્ચે અન્ય સમયોમાં અનુક્રમ રહિત જન્મે તેની અહીં ગણતરી નથી. આમ એક અવસર્પિણીના દસ ક્રોડાક્રોડી સાગરના અસંખ્ય સમયો અનુક્રમે પૂર્ણ કરે તેમાં અનંતા ભવો થાય છે. એ જ પ્રમાણે અનુક્રમપૂર્વક મરે, આમ બન્ને ઉત્સર્પિણી ને અવસર્પિણી કાળમાં અનુક્રમપૂર્વક જન્મે ને મરે તેને એક કાળ પરાવર્તન કહે છે. તેમાં પણ અનંતકાળ થાય છે.

આગળ ભવ પરાવર્તન કહે છે.

ગાથા–૭૦

**આગળ ભવપરાવર્તન કહે છે :–**

**नैरयिकादिगतीनां अपरस्थितितः वरास्थितिः यावत्।**
**सर्वस्थितिषु अपि जायते जीवः ग्रैवेयकपर्यन्तम्।।७०।।**

**અર્થ :– સંસારીજીવ, નર્કાદિ ચાર ગતિની જઘન્યસ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટસ્થિતિ સુધી સર્વ સ્થિતિઓમાં ગ્રૈવેયકસુધી જન્મે છે.**

**ભાવાર્થ :– નરકગતિની જઘન્ય સ્થિતિ દશહજારવર્ષની છે તેના જેટલા સમય છે તેટલીવાર તો જઘન્યસ્થિતિનું આયુષ્ય ધારણ કરીને જન્મે, પછી એક સમય અધિક આયુષ્ય લઈને જન્મે, પછી બે સમય અધિક આયુષ્ય લઈને જન્મે, એજ પ્રમાણે અનુક્રમપૂર્વક તેત્રીસસાગર સુધીનું આયુષ્ય પૂર્ણ કરે પણ વચ્ચે-વચ્ચે ઓછું-વધતું આયુષ્ય લઈ જન્મે તેની અહીં ગણત્રી નથી, એજ પ્રમાણે તિર્યંચગતિની જઘન્ય આયુ અંતર્મૂહુર્ત છે તેના જેટલા સમય છે તેટલીવાર જઘન્ય આયુનો ધારક થઈ પછી એક સમય અધિક-અધિકના ક્રમથી (એ તિર્યંચગતિની ઉત્કૃષ્ટ) ત્રણ પલ્ય આયુ પૂર્ણ કરે પણ વચ્ચે ઓછી-વધતી આયુ પામે તેની અહીં ગણત્રી નથી. એજ પ્રમાણે મનુષ્યની જઘન્યઆયુથી માંડીને ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય આયુ પૂર્ણ કરે તથા એજ પ્રમાણે દેવગતિની જઘન્ય દશહજાર વર્ષથી માંડીને ઉત્કૃષ્ટ ગ્રૈવેયકની એકત્રીસ સાગર સુધીની સમય સમય અધિક અનુક્રમપણે પૂર્ણ કરે તેને ભવપરાવર્તન કહે છે. નવ ગ્રૈવેયકની આગળ ઉપજવાવાળો એક બે ભવ લઈને મુક્ત જ થાય છે તેથી તેને અહીં ગણ્યો નથી. એ ભવપરાવર્તનનો પણ અનંતકાળ છે.**

અર્થ :– સંસારીજીવ, નર્કાદિ ચાર ગતિની જઘન્યસ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટસ્થિતિ સુધી સર્વ સ્થિતિઓમાં ગ્રૈવેયકસુધી જન્મે છે.

ભાવાર્થ :– માંસ ખાનારા, દારૂ પીનારા વગેરે તીવ્ર પાપ કરનારા નરકમાં જાય છે.

નરકગતિની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષની છે. તેના જેટલા સમય છે તેટલીવાર તો જઘન્યસ્થિતિનું આયુષ્ય ધારણ કરે એટલે કે અસંખ્યવાર એવા જન્મ કરીને દસ હજાર વર્ષની સ્થિતિ પૂરી કરે. એ જ પ્રમાણે એક સમય અધિક આયુષ્ય લઈને જન્મે. વચમાં વધારે આયુષ્ય એટલે લાખ વર્ષનું આયુષ્ય લઈને જન્મે તેની ગણતરી ન કરવી. પછી બે સમય અધિક આયુષ્ય લઈને જન્મે એ જ પ્રમાણે અનુક્રમ પૂર્વક તેત્રીસ સાગરોપમ સુધીનું આયુષ્ય પૂર્ણ કરે પણ વચ્ચે ઓછું-વધતું આયુષ્ય લઈ જન્મે તેની અહીં ગણતરી નથી. તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે તેમ જ માયા કપટ કરે તે તિર્યંચ થાય છે. એ તિર્યંચ ગતિનું જઘન્ય આયુ અંતર્મુહૂર્તનું છે. તેના જેટલા સમય છે તેટલી વાર જઘન્ય આયુનો ધારક થાય, પછી એક સમય અધિક અધિકના ક્રમથી તિર્યંચગતિનું ઉત્કૃષ્ટ ત્રણ પલ્યનું આયુ પૂર્ણ કરે. જે જુગલિયા ઢોરનું આયુષ્ય હોય છે. તે પૂરું કરે પણ વચ્ચે ઓછું-વધતું આયુ પામે તેની અહીં ગણતરી નથી.

એ જ પ્રમાણે સમુર્ચ્છન મનુષ્યનું જઘન્ય આયુ અંતર્મુહૂર્તનું હોય છે ત્યાંથી માંડીને જુગલિયા મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુ કે જે ત્રણ પલ્યનું છે તે પૂર્ણ કરે.

એ જ પ્રમાણે દેવગતિમાં ગયો ત્યાં જઘન્ય આયુ દસ હજાર વર્ષનું છે. તેના અસંખ્ય સમયો છે તેટલીવાર જઘન્ય આયુ લઈને જન્મે, વચમાં મોટાં આયુષ્યવાળો થાય તે ગણતરીમાં ન લેવું. પછી એક સમય અધિક આયુવાળો થાય એમ ગણતરીમાં ન લેવું. પછી એક સમય અધિક આયુવાળો થાય એમ ગણતરી કરતાં ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ એકત્રીસ સાગર સુધીની સ્થિતિ અનુક્રમે પૂર્ણ કરે તેને ભવ પરાવર્તન કહે છે. નવ ગ્રૈવેયકની ઉપર ઊપજવાવાળો જીવ એક બે ભવમાં મુક્ત જ થાય છે, તેથી તેને અહીં ગણ્યો નથી. એ ભવ પરાવર્તનનો કાળ પણ અનંત છે. આગળ ભાવ પરાવર્તન કહે છે.

ગાથા–૭૧

**આગળ ભાવપરાવર્તન કહે છે :–**

**परिणमते संज्ञिजीवः विविधकषायैः स्थितिनिमित्तैः।**
**अणुभागनिमित्तैः च वर्द्धमानः भावसंसारः।।७१।।**

**અર્થ :– ભાવસંસારમાં વર્તતો જીવ અનેક પ્રકારનાં કર્મોની સ્થિતિબંધ તથા અનુભાગબંધના કારણરૂપ અનેક પ્રકારના કષાયસહિત સંજ્ઞિપંચેન્દ્રિય જીવ પરિણમે છે.**

**ભાવાર્થ :– કર્મોની એક સ્થિતિબંધના કારણરૂપ કષાયોનાં સ્થાનક અસંખ્યાતલોકપ્રમાણ છે, તેમાં એક સ્થિતિબંધસ્થાનમાં અનુભાગબંધના કારણરૂપ કષાયોનાં સ્થાન અસંખ્યાતલોક પ્રમાણ છે, વળી યોગસ્થાન છે તે જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગે છે તેને આ જીવ પરિવર્તન કરે છે; તે કેવી રીતે ? કોઈ સંજ્ઞિમિથ્યાદૃષ્ટિપર્યાપ્ત જીવ પોતાને યોગ્ય સર્વજઘન્ય જ્ઞાનાવરણ કર્મપ્રકૃતિની સ્થિતિ અંતઃકોડાકોડી સાગર પ્રમાણ બાંધે તેનાં કષાયસ્થાન અસંખ્યાતલોકમાત્ર છે, તેમાં સર્વ જઘન્યસ્થાન એકરૂપ પરિણમે, તેમાં એ એક સ્થાનમાં અનુભાગબંધના કારણરૂપ સ્થાન એવા અસંખ્યાતલોકપ્રમાણ છે, તેમાંથી એક (સ્થાન) સર્વ જઘન્યરૂપ પરિણમે ત્યાં તેને યોગ્ય સર્વજઘન્ય યોગસ્થાનરૂપ પરિણમે ત્યારે જ જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગનાં યોગસ્થાન અનુક્રમથી પૂર્ણ કરે, પણ વચમાં અન્ય યોગસ્થાનરૂપ પરિણમે તે અહીં ગણત્રીમાં નથી. એ પ્રમાણે યોગસ્થાન પૂર્ણ થતાં અનુભાગસ્થાનનું બીજું સ્થાન પરિણમે ત્યાં પણ એજ પ્રમાણે સર્વ યોગસ્થાન પૂર્ણ કરે, ત્યાર પછી ત્રીજું અનુભાગસ્થાન થાય ત્યાં પણ તેટલાં જ યોગસ્થાન ભોગવે, એ પ્રમાણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગસ્થાન અનુક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે બીજું કષાયસ્થાન લેવું, ત્યાં પણ ઉપર કહેલા ક્રમપૂર્વક અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગસ્થાન તથા જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગનાં યોગસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક ભોગવે, ત્યારે ત્રીજાનું કષાયસ્થાન લેવું; એ પ્રમાણે ચોથું–પાંચમું–છઠ્ઠું આદિ અસંખ્યાત લોકપ્રમાણ કષાયસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે એક સમય અધિક જઘન્યસ્થિતિસ્થાન લેવું, તેમાં પણ કષાયસ્થાન, અનુભાગસ્થાન અને યોગસ્થાન ઉપર કહેલા ક્રમપૂર્વક ભોગવે, એ પ્રમાણે બે સમય અધિક જઘન્યસ્થિતિથી માંડી ત્રીસ કોડાકોડી સાગર સુધી જ્ઞાનાવરણકર્મની સ્થિતિ પૂર્ણ કરે. એ પ્રમાણે સર્વ મૂળકર્મપ્રકૃતિઓ તથા ઉત્તરકર્મપ્રકૃતિઓનો ક્રમ જાણવો. એ રીતે પરિણમતાં પરિણમતાં અનંતકાળ વ્યતિત થાય છે તેને એકઠો કરતાં એક ભાવપરાવર્તન થાય, એવાં અનંત ભાવ પરાવર્તન આ જીવ ભોગવતો આવ્યો છે.**

ચૈતન્યના ભાન વિના જીવ અનંત સંસારમાં રખડે છે ને અનેક કર્મોનો સ્થિતિબંધ કરે છે. જીવે દયાદાનાદિના પરિણામ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના પરિણામ, વ્યવહાર

રત્નત્રયના પરિણામ અનંતીવાર કર્યાં તેને પણ ભાવસંસાર અથવા ભાવ પરાવર્તન કહે છે.

ભાવાર્થ :– કર્મોની એક સ્થિતિબંધના કારણરૂપ કષાયોનાં સ્થાનક અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમાં એક સ્થિતિબંધ સ્થાનમાં અનુભાગ બંધનાં કારણરૂપ કષાયોનાં સ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે. ચૌદ બ્રહ્માંડનું સરખી રીતે ચોસલું બનાવે તેમાં છેલ્લું પાતળું ચોસલું તેને જગતશ્રેણી કહે છે. વળી યોગસ્થાન છે તે જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગે છે તેને આ જીવ પરિવર્તન કરે છે. તે કેવી રીતે ? કોઈ સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત જીવ પોતાને યોગ્ય સર્વ જઘન્ય જ્ઞાનાવરણ કર્મપ્રકૃતિની સ્થિતિ અંતઃ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ બાંધે તેમાં કષાય સ્થાન અસંખ્યાત લોકમાત્ર છે, તેમાં સર્વ જઘન્યસ્થાન એકરૂપ પરિણમે, તેમાં એ એક સ્થાનમાં અનુભાગબંધનાં કારણરૂપ સ્થાન એવા અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમાંથી એક (સ્થાન) સર્વ જઘન્યરૂપ પરિણમે ત્યાં તેને યોગ્ય સર્વ જઘન્ય યોગસ્થાનરૂપ પરિણમે ત્યારે જ જગતશ્રેણીના અસંખ્યાતમા ભાગનાં યોગસ્થાન અનુક્રમથી પૂર્ણ કરે, પણ વચમાં અન્ય યોગ્યસ્થાનરૂપ પરિણમે તે અહીં ગણતરીમાં નથી.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય મળે તેમ નથી. સર્વજ્ઞે કહેલા તત્ત્વમાં જરા ફેર પાડે તો આખા તત્ત્વમાં ફેર પડી જાય છે. લોકો અન્યમત સાથે સમન્વય કરવા માગે છે પણ વીતરાગ માર્ગને ક્યાંય પણ અન્યમત સાથે મેળ ખાય તેમ નથી.

એ પ્રમાણે યોગસ્થાન પૂર્ણ થતાં અનુભાગ સ્થાનનું બીજું સ્થાન પરિણમે ત્યાં પણ એ જ પ્રમાણે સર્વ યોગસ્થાન પૂર્ણ કરે, ત્યાર પછી ત્રીજું અનુભાગસ્થાન થાય ત્યાં પણ તેટલાં જ યોગસ્થાન ભોગવે. એ પ્રમાણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગ સ્થાન અનુક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે બીજું કષાયસ્થાન લેવું. ત્યાં પણ ઉપર કહેલા ક્રમપૂર્વક અસંખ્યાત લોક પ્રમાણ અનુભાગસ્થાન તથા જગતશ્રેણીનાં અસંખ્યાતમાં ભાગનાં યોગસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક ભોગવે ત્યારે ત્રીજું કષાયસ્થાન લેવું. એ પ્રમાણે ચોથું, પાંચમું, છઠ્ઠું આદિ અસંખ્યાત લોકપ્રમાણ કષાયસ્થાન પૂર્વોક્ત ક્રમપૂર્વક પૂર્ણ કરે ત્યારે એક સમય અધિક જઘન્યસ્થિતિ લેવું તેમાં પણ કષાયસ્થાન, અનુભાગસ્થાન અને યોગસ્થાન ઉપર કહેલા ક્રમપૂર્વક ભોગવે એ પ્રમાણે બે સમય અધિક જઘન્યસ્થિતિથી માંડી ત્રીસ ક્રોડાક્રોડી સાગર સુધી જ્ઞાનાવરણીયકર્મની સ્થિતિ પૂર્ણ કરે, એ પ્રમાણે સર્વ મૂળ કર્મ પ્રકૃતિઓ તથા ઉત્તર કર્મપ્રકૃતિઓનો ક્રમ જાણવો જેટલી જેની સ્થિતિ હોય તે પ્રમાણે લેવું. જ્ઞાનાવરણની ૩૦ ક્રોડાક્રોડીની, દર્શનમોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની, ચારિત્રમોહની ૪૦ ક્રોડાક્રોડીની ઉત્કૃષ્ટ સ્થિત છે. એમ પ્રકૃતિ દીઠ સ્થિતિમાં

ફેર છે.

એ રીતે પરિણમતાં પરિણમતાં અનંતકાળ વ્યતીત થાય છે તે એકઠો કરતાં એક ભાવપરાવર્તન થાય, એવાં અનંત ભાવપરાવર્તન આ જીવ ભોગવતો આવ્યો છે. જીવ અનેક પ્રકારનાં કર્મ બાંધતો આવ્યો છે તેની મુદતમાં ફેર છે તથા અનુભાગમાં પણ ફેર છે. આ પ્રમાણે ભાવપરાવર્તન સમજવું.

ગાથા–૭૨

**હવે આગળ એ પાંચ પરાવર્તનના કથનને સંકોચે છે :–**

**एवं अनादिकालं पन्चप्रकारे भ्रमति संसारे।**
**नानादुःखनिधाने जीवः मिथ्यात्वदोषेण।।७२।।**

**અર્થ :– એ પ્રમાણે પંચપરાવર્તનરૂપ સંસારમાં આ જીવ અનાદિકાળથી મિથ્યાત્વદોષવડે ભમે છે, કેવો છે સંસાર ? અનેક પ્રકારના દુઃખોનું નિધાન (ખજાનો) છે.**

આ પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ – પાંચ પરાવર્તનરૂપ સંસાર છે. ચેતન અનાદિકાળનો છે, સંસારમાં અનંતકાળ રખડ્યો છતાં ચૈતન્યદ્રવ્ય એવું ને એવું છે પોતાના વાસ્તવિક ભાન વિના અનાદિથી મિથ્યાત્વના દોષ વડે ભમે છે. દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયકે ૩૧ સાગરના આયુષ્યે જન્મ્યો, મુનિપણામાં મહાવ્રત પાળ્યાં, યમ-નિયમ કર્યા પણ આત્માનું ભાન કર્યું નહિ. તેથી મિથ્યાત્વના દોષથી રખડે છે.

કેવો છે સંસાર ? અનેક પ્રકારનાં દુઃખોનો ખજાનો છે. આત્મા આનંદનું નિધાન છે ત્યારે સંસાર દુઃખનું નિધાન છે, દુઃખની ખાણ છે. જે ભાવથી દેવલોક મળે, નવમી ગ્રૈવેયકે જવાય તે ભાવ દુઃખનું નિધાન છે. વ્રત તપાદિ ભાવ પણ દુઃખનું નિધાન છે. વ્યવહાર રત્નત્રયનાં પરિણામ પણ દુઃખની ખાણ છે.

જે જીવ વર્તમાનને ભાવે છે તે સંસારમાં રખડે છે ને ત્રિકાળને ભાવનારમાં સંસાર નથી. અહીં પાંચ પ્રકારના પરાવર્તનરૂપ ભાવને દુઃખ કહ્યું – દુઃખનો ખજાનો કહ્યો માટે

સુખનું નિધાન આત્મા છે તેને ભજવો.

ગાથા–૭૩

**હવે આગળ એવા સંસારથી છૂટવાનો ઉપદેશ કરે છે :–**

**इति संसारं ज्ञात्वा मोहं सर्वादरेण त्यक्त्वा।**
**तं ध्यायत स्वस्वभावं संसरणं येन नश्यति।।७३।।**

**અર્થ :– ઉપર કહ્યા પ્રમાણે આ સંસારના (સ્વરૂપને) જાણી સર્વ પ્રકારથી ઉદ્યમ કરી મોહને છોડી હે ભવ્યાત્મા ! તું એ આત્મસ્વભાવને ચિંત્વન કર કે જેથી સંસારપરિભ્રમણનો (સર્વથા) નાશ થાય.**

**દોહરા**

પંચપરાવર્તનમયી, દુઃખરૂપ સંસાર;
મિથ્યાકર્મ ઉદય થકી, ભરમે જીવ અપાર.
ઇતિ સંસારાનુપ્રેક્ષા સમાપ્ત.

અર્થ :– ઉપર કહ્યા પ્રમાણે આ સંસારના (સ્વરૂપને) જાણી સર્વ પ્રકારથી ઉદ્યમ કરી મોહને છોડી હે ભવ્યાત્મા ! તું એ આત્મસ્વભાવને ચિંત્વન કર કે જેથી સંસારપરિભ્રમણનો (સર્વથા) નાશ થાય.

જે ભાવથી શાતાવેદનીય કર્મ બંધાય, જગતમાં કીર્ત મળે એવું કર્મ બંધાય તે બધો સંસાર છે. માટે સંસારના સ્વરૂપને જાણી સર્વ પ્રકારથી ઉદ્યમ કરી મોહને છોડ. કર્મ ટળે પછી ઉદ્યમી થા એમ કહ્યું નથી. તારો પુરુષાર્થ તારા હાથમાં છે, પાંચ પ્રકારના પરાવર્તનરૂપ ભાવ તારા સ્વભાવમાં નથી માટે તારા સ્વભાવનું અવલંબન લે ને તેનું ચિંતવન કર. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. તે એક જ સંસારના પરિભ્રમણના નાશનો ઉપાય છે. આત્મા જાણનાર–દેખનાર છે. દેહાદિની ક્રિયાનો કર્તા નથી એમ સ્વભાવની એકાગ્રતા કરે તો સંસાર ઉત્પન્ન થતો નથી, તેણે સંસારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અહીં ઉદ્યમ કરીને કહ્યું છે. આત્મામાં વીર્ય નામનો ગુણ છે. જેમ સંસારની ચીજો મેળવવા

# ૪ એકત્વાનુપ્રેક્ષા

## વૈશાખ વદ ૧૪, ગુરુવાર, ૨૨-૫-૫૨ સવાર

ગાથા–૭૪

**एकः जीवः जायते एकः गर्भे गृह्णाति देहं।**
**एकः बालः युवा एकः वृद्धः जरागृहीतः।।७४।।**

**અર્થ :– જીવ છે તે એકલો ઉપજે છે, તેજ એક ગર્ભમાં દેહને ગ્રહણ કરે છે, તેજ એક બાળક થાય, તેજ એક યુવાન અને તેજ એક વૃદ્ધ–જરાવસ્થાથી ગ્રહાય છે.**

**ભાવાર્થ :– એક જ જીવ જુદી જુદી અવસ્થાઓને ધારણ કરે છે.**

અર્થ :– જીવ છે તે એકલો ઉપજે છે, તેજ એક ગર્ભમાં દેહને ગ્રહણ કરે છે, તેજ એક બાળક થાય, તેજ એક યુવાન અને તેજ એક વૃદ્ધ–જરાવસ્થાથી ગ્રહાય છે.

ભાવાર્થ :– એક જ જીવ જુદી જુદી અવસ્થાઓને ધારણ કરે છે.

આ જગતમાં જીવ એકલો ઊપજેલ છે. તેની સાથે બીજું કોઈ ઊપજતું નથી, બે ભાઈ સાથે જન્મે અથવા ગલૂડિયાં સાથે જન્મે તોપણ દરેક જીવ એકલો જન્મે છે, તે જીવ ગર્ભમાં દેહને ધારણ કરે છે, તૈજસ, કાર્મણ શરીર તો સાથે હોય છે. પણ ઔદારિક શરીર ધારણ કરે છે. અહીં મનુષ્યની વાત લીધી છે. તે જ જીવ બાળક થાય છે. આત્માની અવસ્થા તેવી જ હોય છે. તે વખતે તેને એમ લાગે છે કે હું બાળક છું, હું રમતિયાળ છું વગેરે કલ્પના કરે છે ને જુવાન શરીર થાય ત્યારે આત્માના પ્રદેશો પણ તે મુજબ થાય છે. તે જ જીવ વૃદ્ધાવસ્થામાં પણ એકલો છે, શરીર ચાલે નહિ. આંખે દેખાય નહિ વગેરે આમ એકલો જુદી જુદી અવસ્થા ધારણ કરે છે પણ હું એકલો ચિદાનંદ છું, રાગ વિનાનો છું એમ સમજણ કરી સ્વ હિત સાધતો નથી. ખાલી વૈરાગ્ય પૂર્વક ઓઘે ઓઘે હું એકલો છું

એમ બોલે તો તે પણ વ્યર્થ છે. હું શુદ્ધ આત્મા છું એવા ભાન પૂર્વક એકલાપણાની ભાવના ભાવે તે યથાર્થ છે.

ગાથા-૭૫

एकः रोगी शोकी एकः तप्यति मानसैः दुःखैः।
एकः म्रियते वराकः नरकदुःखं सहित एकः अपि।।७५।।

**અર્થ :- એક જ જીવ રોગી થાય છે, તેજ એક જીવ શોકસહિત થાય છે, તેજ એક જીવ માનસિક દુઃખથી તપ્તાયમાન થાય છે, તેજ એક જીવ મરે છે અને તેજ એક જીવ દીન બની નર્કના દુઃખો સહન કરે છે.**

**ભાવાર્થ :- જીવ એકલો જ અનેક અનેક અવસ્થાને ધારણ કરે છે.**

એક જ જીવ રોગી થાય છે, તેના રોગમાં બીજો સહાય કરતો નથી, ક્ષય રોગ થાય તે પોતે ભોગવે છે તે પોતે દિલગીરી કરે છે. એકલો જ ચિંતા કર્યા કરે છે, આવા પ્રસંગો અનંતી વાર પ્રાપ્ત થયા છે. જગત આખું બળતરામાં સળગી રહ્યું છે પોતે શોક કરે છે પણ પરથી જુદા શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરતો નથી, મૃત્યુ વખતે કોઈ સહાય આપી શકતું નથી. રાંકો થઈ સહન કરે છે. નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગર સુધીનું છે ત્યાં સુધી ત્યાં દુઃખ ભોગવે છે તે દુઃખને તે વેદે છે અથવા કેવળી જાણે બીજો જાણી શકે નહિ, આવું અસહ્ય ને અકથ્ય દુઃખ છે. આવાં દુઃખો જીવ એકલો સહન કરે છે. ભાવાર્થ :- જીવ એકલો જ અનેક અનેક અવસ્થાને ધારણ કરે છે.

ગાથા-૭૬

एकः संचिनोति पुण्यं एकः भुनक्ति विविधसुरसौख्यं।
एकः क्षपति कर्म्म एकः अपि च प्राप्नोति मोक्षम्।।७६।।

**અર્થ :– એક જ જીવ પુણ્યનો સંચય કરે છે, તેજ એક જીવ દેવગતિના સુખ ભોગવે છે, તેજ એક જીવ કર્મની નિર્જરા કરે છે, અને તેજ એક જીવ મોક્ષને પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :– તેજ જીવ પુણ્યોપાર્જન કરી સ્વર્ગ જાય છે અને તેજ જીવ કર્મનાશ કરી મોક્ષ જાય છે.**

એક જ જીવ પુણ્યનો સંચય કરે છે, એકના પુણ્ય બીજાને કામ આવતાં નથી, પ્રવચન સારમાં કહ્યું છે કે, આત્માનો સ્વભાવ એજ બંધુ છે, આત્માની નિર્મળ દશા એ આત્માની સ્ત્રી છે. આત્માના ગુણો એજ આત્માનો સમાજ છે, બૈરાં, છોકરાં, કુટુંબ વગેરે આત્માનાં નથી, જીવ જેવા શુભ ભાવ કરે તેવાં પુણ્ય બંધાય છે. કોઈ જીવ બીજાનાં પુણ્યમાં, નિર્જરામાં કે ધર્મમાં સહાયક નથી, તેમજ કોઈ ક્ષેત્ર કે જીવ નિર્જરા કરાવતા નથી. પોતે એક જીવ કર્મની નિર્જરા કરે છે ને પોતે જ મોક્ષને પામે છે.

ભાવાર્થ :– તે જ જીવ પુણ્યોપાર્જન કરી સ્વર્ગ જાય છે ને પોતે પોતાનાં કર્મનો નાશ કરી મોક્ષે જાય છે, મરતી વખતે સાધ્ય રહે કે અસાધ્ય થાય તો પણ એકલો પોતાની દશાને ભોગવે છે, એક જીવે રૂઢિ મુજબ આખી જિંદગી સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિ કરેલ પણ આત્માનું ભાન ન હતું, મરવા ટાણે બીજાઓ એ કહ્યું કે, 'ભાઈ, મહાવીરનું નામ લ્યો.' તે બિમાર માણસે કહ્યું કે 'મહાવીર અત્યારે નહિ, અત્યારે તો બહુ વેદના છે.' આખી જિંદગી સામાયિકાદિ કરેલ પણ મરણ ટાણે મહાવીરના નામ પ્રત્યે પણ અરુચિ થઈ આવી, જુઓ, આત્માના ભાન વિના કહેવાતી સામાયિકના ફળમાં શાંતિ હોઈ શકે નહિ. દરેક જીવ પોતે કર્મ ઉપાર્જન કરે, પોતે ભોગવે ને પોતે કર્મનો નાશ કરી મોક્ષ જાય છે.

ગાથા–૭૭

**स्वजनः पश्यन्नपि स्फुटं न दुःखलेशं अपि शक्नोति गृहीतुं।**
**एवं जानन् अपि स्फुटं तदपि ममत्वं न त्यजति।।७७।।**

**અર્થ :– સ્વજન અર્થાત્ કુટુંબ છે તે પણ આ જીવને દુઃખ આવતાં તથા તેને દેખવા**

**છતાં પણ તે દુઃખને લેશ પણ ગ્રહણ કરવાને અસમર્થ થાય છે. આ પ્રમાણે પ્રગટપણે જાણવા છતાં પણ તે કુટુંબથી (આ જીવ) મમત્વ છોડતો નથી.**

**ભાવાર્થ :– પોતાને થતું દુઃખ પોતે જ ભોગવે છે પણ કોઈ વહેંચી શકતું નથી છતાં આ જીવને એવું અજ્ઞાન છે કે દુઃખ સહતો છતાં પણ પરના મમત્વને છોડતો નથી.**

દિકરાને વ્યાધિ હોય તો બાપ તેનું દર્દ લઈ શકતોનથી, રોગ આવે કે મરે તો એકલો બધું સહન કરે છે, કોઈ મદદગાર નથી. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું ભાન જો' દેહ રહિત એકલા ચૈતન્યનું ભાન કરે તો ધર્મ ને શાંતિ થાય તેમ છે. અન્ય કોઈ શરણભૂત નથી માત્ર એકલો દુઃખને જ ભોગવે છે. આવું પ્રગટ જુદાપણું હોવા છતાં પરથી હું ભિન્ન છું, એવું ભાન કરતો નથી, ત્રણ લોકના નાથ પણ સહાયક નથી, આખી જિંદગી ધર્મનો અભ્યાસ ન કર્યો ને આત્મા શું છે તે વિચાર્યું નહિ, તે મરણ વખતે શાંતિ રાખી શકશે નહિ પણ જીવને મમત્વ છોડવું ગમતું નથી, નિવૃત્તિ લેવી ગમતી નથી, ઘણાં કામ લક્ષમાં લીધાં હોય તેથી મમતાની આડે હું ઘરડો થયો છું, એવું પણ તેને લાગતું નથી. ઘણાં દુઃખ સહન કરે પણ મમતા ભાવને અજ્ઞાની જીવ છોડતો નથી.

હવે કહે છે કે આ જીવને નિશ્ચયથી એક જ ધર્મ જ શરણ છે.

ગાથા–૭૮

**આગળ કહે છે કે આ જીવને નિશ્ચયથી એક ધર્મ જ શરણ છે.**

**जीवस्य निश्चयतः धर्मः दशलक्षणः भवेत् स्वजनः।**
**सः नयति देवलोके सः एव दुःखक्षयं करोति।।७८।।**

**અર્થ :– આ જીવને પોતાનો ખરો હિતસ્વી નિશ્ચયથી એક ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મ જ છે કારણ કે તે ધર્મ જ દેવલોકને પ્રાપ્ત કરાવે છે તથા તે ધર્મ જ સર્વ દુઃખના નાશરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવે છે.**

**ભાવાર્થ :– ધર્મ સિવાય અન્ય કોઈ હિતસ્વી નથી.**

આ લખનાર 'સ્વામી કાર્તિકેય મુનિ' હતા. છઠ્ઠે સાતમે ગુણસ્થાને બિરાજતા હતા. તેથી મુનિની પ્રધાનતાથી વાત કરી છે. આ જીવને ખરેખર હિતસ્વી તો ક્ષમાદિ દશ ધર્મો છે. પોતાના સ્વરૂપને ચૂકીને વિકલ્પ ઊઠાવવો કે મહાવ્રતના પરિણામ થવા તે પણ અક્ષમા છે, પોતાના સ્વભાવમાં સ્થિરતા કરવી તે ઉત્તમ ક્ષમા છે. માણસો પરસ્પર એક બીજાને હિતસ્વી માને છે પણ ખરેખર કોઈ કોઈના હિતસ્વી નથી માત્ર એક ધર્મ જ હિતસ્વી છે. વળી કહ્યું કે ધર્મ દેવલોકને પ્રાપ્ત કરાવે છે. ધર્મથી દેવલોક મળતો નથી પણ પંચમઆરાના મુનિ છે, સંપૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાન થઈ શકે તેમ નથી, સાધક દશામાં જે શુભ રાગ આવે છે તેના વડે દેવલોક પામે છે, પોતામાં મહાવ્રત આદિનો રાગ તેમજ બીજા પ્રત્યે ધર્માનુંરાગ વર્તે છે તેવા શુભરાગના ફળમાં દેવગતિ પામે છે.

સાક્ષાત્ ચારિત્ર ધર્મ સર્વ દુઃખનો નાશ કરાવી મોક્ષને પ્રાપ્ત કરાવે છે. લોકો માને છે તેવા ચારિત્રની વાત નથી, આત્મા શરીરના રજકણનો ને રાગનો જ્ઞાતા છે તેમ શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર સ્થિરતા કરે તેને વીતરાગતા ને ચારિત્ર થાય, તે ધર્મ છે.

લોકો માને છે કે વેપારમાં ૫૦ વર્ષના ભાગીદાર હોય ને સાથે વેપાર કર્યો હોય તે હિતસ્વી ખરા કે નહિ ? ના, તે બધાં જુદે જુદા છે. એકબીજાનું કાંઈ કરી શકે નહિ, અનાદિથી અત્યાર સુધી જીવે અજ્ઞાનનો વ્યાપાર કર્યો છે. જડ પદાર્થોનો વ્યાપાર કર્યો નથી, જ્ઞાન કે અજ્ઞાન તે ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. ઉપયોગના બાર ભેદ છે તે બધા ભેદો ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. તે શાસ્ત્ર, ઇન્દ્રિયો કે ચશ્માને અનુસરીને થતા પરિણામ નથી, ઇન્દ્રિય ને મનની સહાયતાથી મતિજ્ઞાન થાય છે એમ જે વ્યાખ્યા આવે છે, તેમાં તો ઉપયોગ વખતે કોણ નિમિત્ત હતું તે બતાવે છે, પણ ઇન્દ્રિયો ને મનને લીધે જ્ઞાન થતું નથી. અહીં તો કહે છે કે, બાર પ્રકારના ભેદો તો સ્વતંત્ર છે, તે ભેદ પણ આત્માનું ખરું સ્વરૂપ નથી, એકલો અભેદ આત્મા તે જ ખરું સ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરવા જેવા છે ને તે જ હિતસ્વી છે.

'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો' એકલા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના જ્ઞાનની વાત કરી છે, માટે હે ભવ્યાત્મા ! તું શરીર અને ઇન્દ્રિયોથી

આત્મા જુદો છે, એમ જાણ ! આત્માને જાણતાં પરદ્રવ્યો જણાઈ જશે, ભાવાર્થમાં કહ્યું છે કે, ધર્મ સિવાય અન્ય કોઈ હિતસ્વી નથી, એકલા જીવને શરીરથી ભિન્ન જાણ, શરીર, મન, વાણી, ઇન્દ્રિયો ઉપરનું લક્ષ અને પુણ્ય-પાપના પરિણામ ઉપરનું લક્ષ છોડવા જેવું છે.

અખંડ જ્ઞાયકની રુચિ કર, એકલો અખંડ આત્મા જ ઉપાદેય છે. બાકી બધું છોડવા યોગ્ય છે.

# પ્રસાદ નં. – ૨૧૩

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૬, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૩૦-૫-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૧, શનિવાર, ૨૪-૫-૫૨ સવાર)**

ગાથા–૭૯

**આગળ કહે છે કે એવા એકલા જીવને શરીરથી ભિન્ન જાણ.**

**सर्वादरेण जानीहि एक जीवं शरीरतः भिन्नं।**
**यस्मिन् तु ज्ञाते जीवे भवति अशेषं क्षणे हेयं।।७९।।**

**અર્થ :– હે ભવ્યાત્મા ! તું જીવને શરીરથી ભિન્ન સર્વપ્રકારે, ઉદ્યમ કરીને જાણ ! જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે.**

**ભાવાર્થ :– જ્યારે પોતાના સ્વરૂપને જાણે ત્યારે સર્વ પરદ્રવ્યો હેયરૂપ જ ભાસે છે તેથી અહીં પોતાનું સ્વરૂપ જ જાણવાનો મહાન ઉપદેશ છે.**

અર્થ :– હે ભવ્યાત્મા ! તું જીવને શરીરથી ભિન્ન સર્વપ્રકારે, ઉદ્યમ કરીને જાણ ! જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે.

જુઓ, અહીં શરીરથી જુદો જાણવાનું કહે છે. અજ્ઞાની કહે છે કે કાંઈ વ્રત કરવાનું

કહેતા નથી. શરીરથી જુદો છે એવો વિચાર કરવામાં શું કષાય મંદતા નથી ? પણ અજ્ઞાનીને બાહ્યની પકડ છે. શરીરથી આત્મા જુદો છે એમ જાણવાથી બાકી બધું હેય છે એમ ક્ષણમાત્રમાં જણાઈ જાય છે. હે ભવ્ય આત્મા ! તું સર્વ પ્રકારે ઉદ્યમ કરીને શરીરથી આત્મા જુદો છે એમ જાણ. શરીર પુદ્‌ગલ છે, તેનું હાલવું-ચાલવું મારાથી થતું નથી. શરીર મૃતક્ કલેવર છે. તેનાથી આત્મા જુદો છે તો પછી બૈરાં, છોકરાં વગેરેથી જુદો જ છે એ વાત આવી જાય છે. તું તારા જ્ઞાન આનંદ સાથે અભેદ છો, નિર્ણય કર કે તું એકલો છો, સ્વભાવની દૃષ્ટિ થઈ તે એકલાની ભાવના ભાવે છે. તે વિચારે છે કે આ શોખ શાના માટે ? કોના માટે ? આ કુતુહલતા શેની ? આ શરીર તો અજીવ છે. આત્મા એથી જુદો છે એવું ભાન થવાથી એકલાની ભાવના વૈરાગ્યપૂર્વક ભાવે છે.

કેટલાક જીવો વ્રત તપમાં જે કષાય મંદતાથી પુણ્ય થાય તેમાં હોંશ માને છે. ભાઈ, જ્યાં કષાયમંદતાનાં પણ ઠેકાણાં ન હોય, ઉપવાસ હોય ને દુકાને જતા હોય, ગપા મારતા હોય એમાં તો કષાયમંદતા પણ નથી. વળી દેહની ક્રિયામાં ધર્મ માની બેસે છે તે મિથ્યાભાવને સેવે છે.

અહીં તો શરીરથી આત્મા જુદો છે એવું ભાન કરે તો ધર્મ છે ને વિકલ્પ વર્તે તે કષાયમંદતાના પુણ્ય પરિણામ છે. જેમ પતંગનો દોર હાથમાં હોય તો ગમે તેટલી ઊંચે ગઈ હોય તો પણ હાથમાં છે તેમ શરીર ને આત્મા જુદા છે એવું ભાન હોય તો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો હાથમાં છે. તેથી તેને અલ્પ રાગ-દ્વેષ થાય છે. શરીરાદિની ગમે તે અવસ્થા થાય તે જ્ઞેયમાં જાય છે. પોતાનું સ્વરૂપ તો ચૈતન્યમય છે. શરીર, મન, વાણી મારામાં અભાવરૂપ છે. જ્ઞાન-દર્શન સાથે મારે ત્રિકાળ સંબંધ છે. રાગ-દ્વેષનાં પરિણામ તે પર્યાયનો અપરાધ છે. ત્રિકાળમાં તે નથી. આમ સ્વરૂપ જાણવાનો ઉપદેશ છે.

પોતાના સ્વરૂપને જાણે ત્યારે સર્વ પરદ્રવ્યો હેયરૂપ જ ભાસે છે. તેથી અહીં પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તેને જ જાણવાનો ઉપદેશ છે.

**દોહરો**

**એક જીવ પર્યાય બહુ, ધારે સ્વ-પર નિદાન;**
**પર તજી આપા જાણ કે, કરો ભવ્ય કલ્યાણ.**

ભગવાનઆત્મા એક છે તે ઘણાં શરીર ધારણ કરે છે. પોતાનો અપરાધ ને કર્મનું નિમિત્ત પામીને અનંતાં શરીર ધારણ કરે છે. અનંત શરીરથી આત્મા એક જુદો છે ને એકથી અનંતા જુદા છે. મુસાફર અનેક ઝાડોની છાયા નીચેથી પસાર થાય પણ ઝાડને તે પોતાનું માને નહિ તેમ અનેક પ્રકારનાં શરીર તે મારાં નથી પણ પર છે એમ માની પોતાનું સ્વરૂપ એકલું છે એમ વિચારી હે ભવ્ય ! કલ્યાણ કરો.

**ઇતિ એકત્વાનુપ્રેક્ષા સમાપ્ત.**

# ૫. અન્યત્વાનુપ્રેક્ષા

ગાથા–૮૦

**अन्यः देहं गृहणाति जननी अन्या च भवति कर्मतः।**
**अन्यत् भवति कलत्र अन्यः अपि च जायते पुत्रः।।८०।।**

**અર્થ :– આ જીવ સંસારમાં જે દેહ ગ્રહણ કરે છે તે પોતાનાથી અન્ય છે, માતા છે તે પણ અન્ય છે, સ્ત્રી છે તે પણ અન્ય છે તથા પુત્ર છે તે પણ અન્ય ઉપજે છે; આ સર્વ કર્મસંયોગથી આવી મળે છે.**

આ જીવ સંસારમાં જે દેહ ગ્રહણ કરે છે તે પોતાનાથી અન્ય છે. માતા છે તે પણ અન્ય છે. સ્ત્રી છે તે પણ અન્ય છે તથા પુત્ર છે તે પણ અન્ય ઊપજે છે. આ સર્વ કર્મસંયોગથી આવી મળે છે.

આ જીવને સંસારમાં જે દેહનો સંયોગ મળે છે તે પોતાનાથી અન્ય છે. શરીરની વર્તમાન દશા આત્માથી થતી નથી, જનેતા પણ અન્ય છે, સ્ત્રીને અર્ધાંગના કહે છે તે પણ અન્ય છે, પુત્ર પણ અનેરો આવીને ઊપજે છે. તે તારો નથી. તે બધાં કર્મોના નિમિત્તે આવી મળે છે ને કર્મોની અવસ્થા પૂરી થતાં ચાલ્યા જાય છે. તો પછી આ સંસારની દશામાં કર્મ કારણ હશે ? ના, પોતે પોતાનું હિત કરવા માગતો નથી. પોતાનો ઊંધો પુરુષાર્થ કારણ છે. અહીં શરીરથી જુદો કહેતાં કાર્મણ શરીરથી પણ આત્મા જુદો છે એ વાત આવી જાય છે. કોઈ આડા અવળા પરિણામ કરાવતું નથી. સ્વતંત્રપણે કરે તે કર્તા ને કર્તાનું ઇષ્ટ તે કર્મ. અજ્ઞાનીને શુભાશુભ ભાવો વહાલા લાગે છે તે તેનું ઇષ્ટ છે. પોતે વિકાર કરે છે. બીજું સાધન નથી. દેહ ને કર્મની અવસ્થા જડની જડમાં થાય છે, નહિતર પૃથક્તા રહેતી નથી. કોઈ કહે કે માતા પિતા અત્યારે અનેરા હશે કે મરી ગયા પછી અનેરા હશે ? અત્યારે પોતાના ન હોય તો આ મારા પિતા છે એમ કેમ બોલાય છે ? તો તેને કહે છે કે જીવ મારાપણાનું અભિમાન કરે છે ને સંસારમાં રખડે છે.

ગાથા-૮૧

एवं बाह्यद्रव्यं जानाति रूपात् स्फुटं आत्मनः भिन्नं।
जानन् अपि स्फुटं जीवः तत्रैव च रज्यति मूढः।।८१।।

**અર્થ :- એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી સર્વ બાહ્યવસ્તુઓને આત્માના સ્વરૂપથી ન્યારી (ભિન્ન) જાણવા છતાં – પ્રગટપણે જાણવા છતાં પણ આ મૂઢ-મોહિજીવ તે પરદ્રવ્યોમાં જ રાગ કરે છે પરંતુ એ મોટી મૂર્ખતા છે.**

ઉપર કહ્યા પ્રમાણે સર્વ બાહ્ય વસ્તુઓ આત્માથી જુદી છે એવું ધારણામાં લીધું છે. ખ્યાલમાં આવે છે કે આ બધી વસ્તુ જુદી છે છતાં મોહી જીવ પર દ્રવ્યોમાં રાગ કરે છે ને ચૈતન્ય સ્વભાવને ચૂકી જાય છે તે મૂર્ખતા છે. આત્માની અંતર ક્રિયા આત્મામાં છે, જડનો ભાવ પર છે, બૈરાં છોકરાં, દેવ-ગુરુ પણ પર છે. પરને પર તરીકે ધારણામાં

લેવા છતાં મિથ્યાદૃષ્ટિ જીવ અંતર વસ્તુનો આદર કરતો નથી. શરીર સારું હોય તો ધર્મ થાય વગેરે પ્રકારે માને છે. પરની દરકાર કરે છે પણ પોતાના જીવની દરકાર કરતો નથી. એ મોટી મૂર્ખતા છે.

ગાથા–૮૨

यः ज्ञात्वा देहं जीवस्वरूपात् तत्त्वतः भिन्नम्।
आत्मानं अपि च सेवते कार्यकरं तस्य अन्यत्वम्।।८२।।

**અર્થ :– જે જીવ પોતાના સ્વરૂપથી દેહને પરમાર્થપણે ભિન્ન જાણી આત્મસ્વરૂપને સેવે છે – ધ્યાવે છે તેને આ અન્યત્વભાવના કાર્યકારી છે.**

**ભાવાર્થ :– જે દેહાદિ પરદ્રવ્યોને ન્યારાં જાણી પોતાના સ્વરૂપનું સેવન કરે છે તેને આ અન્યત્વભાવના કાર્યકારી છે.**

જેનાથી લાભ-નુકસાન માને તેનાથી આત્મા જુદો છે એમ માની શકે નહિ. પોતાની પર્યાયબુદ્ધિથી નુકસાન છે ને સ્વભાવબુદ્ધિથી લાભ છે તે સિવાય પરમાં લાભ-નુકસાન નથી. જે જીવ દેહને પરમાર્થપણે ભિન્ન જાણે તે આત્મસ્વરૂપને ધ્યાવે છે. જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય, અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદા છે એમ જે અંતરમાં ધ્યાવે છે ને જ્ઞાનને જ સેવે છે તે પરનું અભિમાન કરતો નથી.

અત્યારે ઘણાં આત્માની વાતો કરે છે પણ આત્મા હોય તો શરીર ચાલે, આત્મા હોય તો બોલે, વ્યવહારથી આત્મા શરીરને ચલાવી શકે એ બધી માન્યતા અજ્ઞાન છે. શરીરાદિ પર છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ આત્માનું સ્વરૂપ નથી એમ ભાન કરી પોતામાં એકાગ્રતા કરે તો ભાવના કાર્યકારી છે.

અહીંથી ઘણું સાહિત્ય બહાર પડ્યું એટલે લોકો તેને ધારીને વાતો કરવા માંડ્યા ને કહે કે અમે પણ આત્માની વાત જાણીએ છીએ ને અમે વ્યવહાર પણ સાચવીએ છીએ. પણ ખરેખર તે જીવો નિશ્ચય-વ્યવહાર એકે સ્વરૂપને જાણતા નથી. અભવી જીવ નવ પૂર્વ

અગિયાર અંગ ધારી ગયો ને પૂર્વને લીધે ઉઘાડ દેખાતો હોય તો પણ પર્યાયબુદ્ધિના કારણે તે સંસારમાં રખડે છે.

(૧) કોઈ જીવ માન ખાતર અથવા કષાય સેવવા માટે શાસ્ત્ર વાંચન કે ઉપદેશ કરે છે, તેનો જ્ઞાનનો ઉઘાડ તો વર્તમાનને લીધે નથી પણ પૂર્વનો લબ્ધ લઈને આવેલ છે તે ઉપયોગરૂપ વ્યક્ત થાય છે. વર્તમાન ભાવ તો અશુભ છે તેના નિમિત્તે જ્ઞાનનો ઉઘાડ થતો નથી.

(૨) બીજો જીવ શુભ પરિણામ કરે છે. માનાદિ સેવતો નથી તેને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે પણ તે પરલક્ષે હોવાથી પરને જાણે છે આત્માને જાણતો નથી.

(૩) કોઈ જીવ પર્યાયબુદ્ધિ છોડી, સ્વ તરફ વળે ને ક્ષયોપશમભાવ પણ પર્યાય છે એમ સમજી દ્રવ્ય તરફ વળે તો તે ઉઘાડ આત્માને જાણવામાં નિમિત્ત કહેવાય.

**દોહરો**

**નિજ આતમથી ભિન્ન પર, જાણે જે નર દક્ષ;**
**નિજમેં રમેં વમેં અપર, તે શિવ લખે પ્રત્યક્ષ.**

શરીર, મન, વાણી, રાગ-દ્વેષ વગેરે બધું પોતાના આત્માથી પર છે એમ જે ડાહ્યો જીવ જાણે છે તે પોતાના સ્વભાવમાં રમે છે તેનો પરભાવ છૂટી જાય છે ને મોક્ષમાર્ગ પામી તેને પ્રત્યક્ષ મોક્ષ થાય છે.

**ઇતિ અન્યત્વાનુપ્રેક્ષા સમાપ્ત.**

# ૬. અશુચિત્વાનુપ્રેક્ષા

ગાથા–૮૩

**सकलकुथितानां पिण्डं क्रिमिकुलकलितं अतीवदुर्गन्धं।**
**मलमूत्राणां गृहं देहं जानीहि अशुचिमयं।।८३।।**

**અર્થ :– હે ભવ્ય ! તું આ દેહને અપવિત્રમય જાણ ! કેવો છે એ દેહ ? સઘળી કુત્સિત્ અર્થાત્ નિંદનીય વસ્તુઓનો પિંડ–સમુદાય છે, વળી તે કેવો છે ? ક્રમિ અર્થાત્ ઉદરના જીવ જે કીડા તથા નિગોદીયા જીવોથી ભરેલો છે, અત્યંત દુર્ગંધમય છે તથા મળ–મૂત્રનું ઘર છે.**

**ભાવાર્થ :– આ દેહને સર્વ અપવિત્ર વસ્તુઓના સમુહરૂપ જાણ. વળી આગળ કહે છે કે – આ દેહ અન્ય સુગંધિતવસ્તુઓને પણ પોતાના સંયોગથી દુર્ગંધમય કરે છે.**

અર્થ :– હે ભવ્ય ! તું આ દેહને અપવિત્રમય જાણ ! કેવો છે એ દેહ ? સઘળી કુત્સિત્ અર્થાત્ નિંદનીય વસ્તુઓનો પિંડ–સમુદાય છે, વળી તે કેવો છે ? ક્રમિ અર્થાત્ ઉદરના જીવ જે કીડા તથા નિગોદીયા જીવોથી ભરેલો છે, અત્યંત દુર્ગંધમય છે તથા મળ–મૂત્રનું ઘર છે.

શરીરને એકલું અશુચિ માને તો દ્વેષ છે. પ્રથમ શરીર ઉપર રાગ હતો. પછી દ્વેષ કરે છે તે અશુચિભાવના નથી. આત્મા પવિત્ર ચિદાનંદ મૂર્તિ છે એવી પવિત્રતાની દશાવાળો અપવિત્રતા શરીરમાં રહેલી છે તેનો વિચાર કરે છે. કેવો છે દેહ ? નાકના લીંટ, પરસેવો, પેશાબ, ચામડી, ચરબી વગેરેથી ભરેલો છે. સારી મિઠાઈ બનાવી હોય તે મોઢામાં નાખી તુરત બહાર કાઢીને જુઓ તો તે ખરાબ માલૂમ પડે છે. માટે બહારના પદાર્થોની ને શરીરની રુચિ છોડીને આત્માની રુચિ કર. શરીરમાં કીડા ને નિગોદના જીવો ભરેલા છે. વળી તે અત્યંત દુર્ગંધવાળુ ને મળમૂત્રથી ભરેલું છે. આમ વિચારી અપવિત્ર શરીરથી હું આત્મા ભિન્ન છું એમ પવિત્ર ચૈતન્યની ભાવના ભાવતાં એકાગ્રતા વધે છે, તેને સંવર થાય છે.

❖❖❖

# પ્રસાદ નં. – ૨૧૫

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૮, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૧-૬-૫૨, રવિવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૨, રવિવાર, ૨૫-૫-૫૨ સવાર)**

આ ભાવનાનો અધિકાર છે. આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. શરીરની ક્રિયા હું કરી શકતો નથી. પરમાં સુખ નથી, મારું સુખ મારામાં છે એવું ભાન હોવા છતાં સર્વજ્ઞપણું ને આનંદનું અનંતપણું પ્રગટ થયું નથી તે જીવ ભાવના ભાવે છે. આ અશુચિ ભાવના છે.

ભાવાર્થ :– આ શરીરને સર્વ અપવિત્ર વસ્તુના ઢગલારૂપ જાણ. આત્મા જ્ઞાનનો ઢગલો છે તેમ ભાન થયું છે તે વિચારે છે કે શરીર વિષ્ટા, પેસાબ, થુંક, લોહી, ચરબી વગેરેનો ઢગલો છે. અજ્ઞાની પણ એમ બોલે છતાં તેને અજ્ઞાનમય વૈરાગ્યમાં દ્વેષ છે, તેને ભાવના હોતી નથી. જ્ઞાની વિચારે છે કે મારો આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદમય છે તેની ભાવનામાં શરીરનો વિચાર કરે છે. આત્મામાં અપવિત્રતા નથી ને શરીરમાં પવિત્રતા નથી એમ ભેદજ્ઞાન વર્તે છે.

ગાથા–૮૪

**सुष्ठु पवित्रं द्रव्यं सरससुगन्धं मनोहरं यदपि।**
**देहनिक्षिप्तं जायते धृणास्पदं सुष्ठु दुर्गन्धं।।८४।।**

**અર્થ :– રૂડા–પવિત્ર–સુરસ અને મનને હરણ કરવાવાળા સુગંધિત દ્રવ્યો છે તે પણ આ દેહમાં નાખતાંની સાથે જ ધૃણાત્મક અને અત્યંત દુર્ગંધમય બની જાય છે.**

**ભાવાર્થ :– આ દેહને ચંદન–કપુરાદિ લગાવતાં તે પણ દુર્ગંધમય થઈ જાય છે, મિષ્ટાન્નાદિ સુરસ વસ્તુઓ ખાતાં તે પણ મલાદિરૂપ પરિણમી જાય છે તથા અન્ય વસ્તુ પણ આ દેહના સ્પર્શમાત્રથી અસ્પર્શ્ય થઈ જાય છે.**

અર્થ :– રૂડા–પવિત્ર–સુરસ અને મનને હરણ કરવાવાળા સુગંધિત દ્રવ્યો છે તે પણ આ દેહમાં નાખતાંની સાથે જ ધૃણાત્મક અને અત્યંત દુર્ગંધમય બની જાય છે.

મુસંબી, રસગુલા, જાંબુ, મેશુબ વગેરે સુરસ ને મનને હરવાવાળાં સુગંધીત દ્રવ્યો છે. તે મોઢામાં નાખીને થોડીવાર પછી બહાર કાઢીને જોવામાં આવે તો દુર્ગંધવાળા થઈ જાય છે. આમ શરીર અપવિત્ર છે ને આત્મા ચૈતન્ય સ્વરૂપ પવિત્ર છે એમ વૈરાગ્ય લાવી આત્મામાં એકાગ્રતા કરે છે.

શરીરનો સંગ કરે તો આ વસ્તુ બગડી જાય છે પણ જે પોતાના આત્માનો સંગ કરે તેને શાંતિ ને સુખ મળે તેમ છે. જંગલમાં વસતા મુનિઓ આ ભાવના ભાવે છે.

ભાવાર્થ :– આ દેહને ચંદનવાળું કર્યું હોય તો પણ થોડી વખતમાં તે દુર્ગંધમય થઈ જાય છે. અજ્ઞાનીને સુંવાળું રૂપાળું શરીર મળે તો તેમાં જ તે સર્વસ્વ માને છે. શરીર ઠીક હોય તો ઠીક એમ માને છે. શરીર શરીરના કારણે છે, અંતરમાં શાંતિ છે એમ ખ્યાલ કરે તો શાંતિ મળે તેમ છે.

સરસ વસ્તુઓ ખાદ્યા પછી તે પણ મળરૂપે પરિણમી જાય છે. જેમ દૂધ ને પાણી જુદા છે, તેમ શરીર ને આત્મા જુદા છે, તેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છૂટી જતાં એકલો આત્મા રહી જાય છે.

વળી અન્ય વસ્તુ પણ આ દેહના સ્પર્શમાત્રથી અસ્પર્શ્ય થઈ જાય છે, લીલા ક્ષયવાળાને ઘી ખાય અથવા ગમે તે ખાય તો કફરૂપે થઈ જાય છે. મુસંબીનું પાણી માથે ઢોળીને કોઈ પીશે ? આમ દેહ અશુચિમય છે તે શરીરમાં સુખ નથી પણ પોતામાં સુખ છે એમ માનવું.

ગાથા–૮૫

**વળી દેહને અશુચિરૂપ દર્શાવે છે :–**

**मनुजानां अशुचिमयं विधिना देहं विनिर्मितं जानीही।**
**तेषां विरमणकार्ये ते पुनः तत्र एव अनुरक्ताः।।८५।।**

**અર્થ :– હે ભવ્ય ! આ મનુષ્યોનો દેહ, કર્મોએ અશુચિમય બનાવ્યો છે ત્યાં આવી ઉત્પ્રેક્ષા સંભાવના જાણ કે – એ મનુષ્યોને વૈરાગ્ય ઉપજાવવા માટે જ એવો રચ્યો છે, છતાં પણ આ મનુષ્ય એવા દેહમાં પણ અનુરાગી થાય છે એ મોટું અજ્ઞાન છે.**

આ મનુષ્યનો દેહ કર્મોએ અપવિત્ર બનાવ્યો છે, તે નિમિત્તથી કથન છે, એક રજકણ બીજા રજકણને ઉપજાવી શકે નહિ, આ શરીર કર્મોના નિમિત્તે અશુચિમય છે એ મનુષ્યોને વૈરાગ્ય ઉપજાવવા માટે જ એવું રચ્યું છે. છતાં મનુષ્ય તેમાં અનુરાગી થઈને સુખ માને તે અજ્ઞાન છે, જેમ નેમનાથ ભગવાનને વૈરાગ્ય લાવવા માટે પશુને પૂરવામાં આવ્યા હતા તેમ જીવમાં વૈરાગ્ય લાવવા શરીર અશુચિમય બનાવ્યું છે માટે તેની રુચિ છોડ ને અંદર આનંદ શકિત સ્વભાવ પડ્યો છે તેની રુચિ કર, વળી એ જ અર્થને દૃઢ કરે છે.

ગાથા–૮૬

**વળી એ જ અર્થને દૃઢ કરે છે :–**

**एवं विधं अपि देहं पश्यन्तः अपि च कुर्वन्ति अनुरागं।**
**सेवन्ते आदरेण च अलब्धपूर्वं इति मन्यमानः।।८६।।**

**અર્થ :– એવા અશુચિ દેહને પ્રત્યક્ષ દેખવા છતાં પણ આ મનુષ્ય ત્યાં અનુરાગ કરે છે, જાણે પૂર્વે (આવો દેહ) કદી પણ પામ્યો ન હોય એમ માનતો માનતો તેને આદરે છે– સેવે છે, પણ તે મહાન અજ્ઞાન છે.**

આ દેહ પ્રત્યક્ષ અપવિત્ર છે છતાં મનુષ્ય તેમાં અનુરાગ કરે છે, નાનું બાળક લાકડાનું ચૂસણિયું મોઢામાં રાખે છે તેને પેંડો આપો તોપણ તે ચૂસણિયું મૂકે નહિ, તેમ અજ્ઞાની જીવને પવિત્ર ચૈતન્ય સ્વભાવ બતાવવા છતાં દેહ ઉપરનો રાગ તે છોડતો નથી. જે જીવ એમ માને છે કે હું શરીરને ચલાવી શકું છું, હું બોલી શકું છું તે શરીરને તથા આત્માને એક માને છે. તે આ ભાવના ભાવી શકે નહિ.

અનાદિથી જીવને શરીર સાથે એકત્વબુદ્ધિ છે. જેમ બગીચામાં મેંદીની ભૂલ ભૂલામણીમાં રસ્તો મળે નહિ તેમ અનાદિથી જીવ ભૂલમાં રમી રહ્યો છે. તેને કહે છે કે શરીરાદિની ક્રિયા તારી નથી, તું જ્ઞાતાદૃષ્ટા રહે, રાગ-દ્વેષનો પણ જાણનાર રહે પણ કર્તા ન રહે. અનંતવાર શરીર મળ્યાં પણ જીવે પોતાના સહજાનંદ સ્વભાવનું ભાન કર્યું નહિ, તે અજ્ઞાન ભાવ છે. અહીં 'સ્વામી કાર્તિકેય' કહે છે કે શરીર અશુચિમય છે. આત્મા પવિત્ર છે માટે તેની ભાવના ભાવ.

ગાથા–૮૭

**આગળ આ દેહથી જે વિરક્ત થાય છે તેની અશુચિભાવના સફળ છે એમ કહે છે :–**

**यः परदेहविरक्तः निजदेहे न च करोति अनुरागं**
**आत्मस्वरूपे सुरक्तः अशुचित्वे भावना तस्य।।८७।।**

**અર્થ :– જે ભવ્ય, પરદેહ જે સ્ત્રી આદિના દેહથી વિરક્ત થતો થકો નિજ દેહમાં પણ અનુરાગ કરતો નથી પણ આત્મસ્વરૂપમાં સુરક્ત છે, તેને અશુચિભાવના સાર્થક થાય છે.**

**ભાવાર્થ :– માત્ર વિચારથી જ ભાવના શ્રેષ્ટ નથી પરંતુ દેહને અશુચિરૂપ વિચારવાથી જેને વૈરાગ્ય પ્રગટ થાય તેની ભાવના સત્યાર્થ કહેવાય છે.**

જે ભવ્ય, પરદેહ જે સ્ત્રી આદિના દેહથી વિરક્ત થતો થકો નિજ દેહમાં પણ અનુરાગ કરતો નથી પણ આત્મસ્વરૂપમાં સુરક્ત છે, તેને અશુચિભાવના સાર્થક થાય છે.

જે ભવ્ય જીવ માતા, પિતા, સ્ત્રી વગેરેના દેહમાં વિરક્ત થઈ પોતાના શરીરમાં અનુરાગ કરતો નથી પણ પોતાના આત્મ સ્વરૂપમાં અનુરક્ત રહે છે તેને અશુચિભાવના સફળ છે.

હું છું તો શરીર ચાલે છે, આહાર પાણી વગેરેની વ્યવસ્થા કરી શકું છું એવો ભાવ તે અજ્ઞાન ભાવ છે. આહાર પાણી જડ છે. મન-વાણી દેહથી આત્મા જુદો છે. આત્મા જડની ક્રિયાનો કર્તા હર્તા નથી ને રાગ-દ્વેષથી પણ જુદો છે. એવું ભેદજ્ઞાન જે જીવ કરે છે તેને અશુચિ ભાવના સફળ છે.

બહારથી ઉછીના દાગીના લગ્ન માટે લાવ્યા હોય ને પછી ક્યા દાગીના કોના છે એ ભૂલી જાય તો જેના દાગીના હોય તેને કહે કે, ભાઈ, જેના જેના દાગીના હોય તે ઉઠાવી લ્યો, તેમ અહીં ભગવાન કહે છે કે, શરીર, લક્ષ્મી, મકાન, આત્મા વગેરે છે તેમાં તારો માલ હોય તે ઉઠાવી લે. શરીર, મન, વાણી તારો માલ નથી પણ શુદ્ધ ચૈતન્ય તારો માલ છે તે ઉઠાવ. આમ જે ભેદજ્ઞાન કરે છે તે પરમાં પ્રીતિ કરતો નથી.

હું તો જ્ઞાનાનંદ અમૃત ભોજનનો અનુભવ કરનારો છું આમ જેને આત્માનો અનુરાગ છે ને શરીરાદિ પરનો અનુરાગ નથી તે જીવને અશુચિભાવના સાર્થક છે.

**દોહરો**

**સ્વપર દેહકુ અશુચિ લખી, તજૈ તાસ અનુરાગ;**
**તાકે સાચી ભાવના, સો કહીએ મહાભાગ્ય.**

સ્વને પરનાં શરીર અપવિત્ર છે, પોતાનો દેહ કહેવો તે વ્યવહાર છે, ઘણી અપવિત્ર વસ્તુથી શરીર બનેલું છે, તેને અપવિત્ર જાણીને આત્માને પવિત્ર જાણીને તે તરફનો રાગ જે છોડે છે તેને સાચી ભાવના હોય છે ને તે મહા ભાગ્યવાન છે.

સાચી ભાવના ભાવનારને મહાભાગ્યવાન કહ્યો. કોઈ જીવને પુણ્ય ઓછાં હોય, ગરીબ હોય, અણ આબરૂ હોય, ભલે કોઈ ગણતું ન હોય તો પણ તે બધી બહારની વાત છે. તેથી આત્માનો અનાદર થતો નથી, સમવસરણમાં દેડકાં જાય છે ને ભેદજ્ઞાન પ્રગટ કરે છે તે ભાગ્યવાન છે. અઢી દ્વીપની બહાર અસંખ્ય તિર્યંચો પાંચમે ગુણસ્થાન છે, તે આવી ભાવના ભાવે છે તે મહાભાગ્યવાન છે. માટે તું ભાગ્યવાન છો, તારા જ્ઞાન નિધિને સમાવીને અંતરમાં ગુમ થા. એમ કહેવાનો ભાવ છે.

**ઇતિ અશુચિત્વાપ્રેક્ષા સમાપ્ત.**

❖❖❖

# ૭. આસ્રવાનુપ્રેક્ષા

ગાથા–૮૮

**मनवचनकाययोगाः जीवप्रदेशानां स्पन्दनविशेषाः।**
**मोहोदयेन युक्ताः वियुताः अपि च आस्त्रवाः भवन्ति।।८८।।**

**અર્થ :– મન-વચન-કાયરૂપ યોગ છે તે જ આસ્રવ છે, કેવા છે તે યોગ ? જીવપ્રદેશોનું પરિસ્પંદન અર્થાત્ ચલન-કંપન તેના જ જે વિશેષ (ભેદ) છે તે જ યોગ છે, વળી તે કેવા છે ? મોહકર્મના ઉદયરૂપ જે મિથ્યાત્વ–કષાયકર્મ સહિત છે તથા એ મોહના ઉદયથી રહિત પણ છે.**

**ભાવાર્થ :– મન-વચન-કાયનું નિમિત્ત પામીને જીવના પ્રદેશોનું ચલાચલ થવું તે યોગ છે અને તેને જ આસ્રવ કહીએ છીએ. તે ગુણસ્થાનની પરિપાટી અનુસાર સૂક્ષ્મસાંપરાય નામના દશમા ગુણસ્થાન સુધી તો મોહના ઉદયરૂપ યથાસંભવિત મિથ્યાત્વ-કષાયોથી સહિત હોય છે તેને સાંપરાયિકઆસ્રવ કહીએ છીએ તથા તેની ઉપરના તેરમા ગુણસ્થાન સુધી મોહના ઉદયરહિત (યોગ) છે તેને ઈર્યાપથઆસ્રવ કહીએ છીએ. જે પુદ્ગલવર્ગણાઓ કર્મરૂપ પરિણમે તેને દ્રવ્યાસ્રવ કહીએ છીએ તથા જીવ પ્રદેશો ચંચલ થાય છે તેને ભાવસ્રવ કહીએ છીએ. આગળ – મોહના ઉદય સહિત જે આસ્રવ છે તે જ (ખરેખર) આસ્રવ છે એમ વિશેષપણે કહે છે.**

મન-વચન-કાયા તો જડ છે તેની વાત નથી પણ આત્માના પ્રદેશોનું કંપન તે યોગ છે તે આસ્રવનું કારણ છે. ને પ્રદેશોના કંપન વખતે મનનું અવલંબન હોય તો મનોયોગ કહેવાય, વચનનું અવલંબન હોય તો વચનયોગ કહેવાય, કાયાનું અવલંબન હોય તો કાયયોગ

કહેવાય. યોગ નવાં કર્મ આવવાનું છિદ્ર છે. દયાદાનાદિના પરિણામ તે જ ખરેખર મલિન પરિણામ છે તેથી કર્મના પરમાણુ આવે છે. આસ્રવનું અંતરંગ કારણ મિથ્યાત્વ રાગ-દ્વેષ છે ને બહિરંગકારણ યોગ છે. નીચલી ભૂમિકામાં પહેલે ગુણસ્થાને મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વસહિતના આસ્રવના પરિણામ છે. હું દયા દાન જેટલો છું એવી ભ્રાંતિ તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય એ કષાયના ભેદ છે. સમ્યગ્દર્શન થયા પછી મિથ્યાત્વનો આસ્રવ નથી. પોતાની ભૂમિકા અનુસાર આસ્રવ છે. મુનિને પાંચ મહાવ્રતાદિના પરિણામ છે તેટલો આસ્રવ છે ને ૧૧–૧૨–૧૩ ગુણસ્થાને મોહ રહિત પરિણામ છે તેથી તેમને ઇર્યાપથ આસ્રવ છે પણ મોહ નથી.

ભાવાર્થ : મન-વચન-કાયાનું નિમિત્ત પામીને પ્રદેશોનું ચલાચલ થવું તે યોગ છે અને તેને જ આસ્રવ કહે છે. તે ગુણસ્થાનની પરિપાટી અનુસાર હોય છે. મિથ્યાદૃષ્ટિને ભ્રાંતિ અને કષાયસહિત યોગ હોય છે. પાંચમે આસકિત કષાયસહિત યોગ હોય છે. – એમ જુદા જુદા ગુણસ્થાનની પરિપાટી અનુસાર સૂક્ષ્મસાંપરાય નામના દસમા ગુણસ્થાન સુધી તો મિથ્યાત્વ-કષાયો સહિત યોગ હોય છે તેને સાંપરાયિક આસ્રવ કહે છે તથા તેની ઉપરના તેરમા ગુણસ્થાન સુધી મોહના ઉદયરહિત (યોગ) છે તેને ઇર્યાપથ આસ્રવ કહે છે. જે પુદ્‌ગલવર્ગણા કર્મરૂપ પરિણમે તેને દ્રવ્યાસ્રવ કહે છે તથા જીવના પ્રદેશો ચંચળ થાય તેને ભાવાસ્રવ કહે છે.

આમ આસ્રવનું સ્વરૂપ જ્ઞાની વિચારે છે. આસ્રવ પરિણામ મલિન છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વરૂપી છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી વિશેષ ભાવના ભાવે છે.

## જેઠ સુદ ૩, સોમવાર ૨૬-૫-૫૨

આસ્રવનું વર્ણન ચાલે છે, તેમાં મોહસહિત આસ્રવ તે જ ખરેખર આસ્રવ છે એમ બતાવે છે.

ગાથા–૮૯

**मोहविपाकवशात् ये परिणामा भवन्ति जीवस्य।**
**ते आस्त्रवाः मन्यस्व मिथ्यात्वादयः अनेकविधाः।।८९।।**

**અર્થ :– મોહકર્મના ઉદયવશ આ જીવને જે પરિણામ થાય છે તે જ આસ્રવ છે, એમ હે ભવ્ય ! તું પ્રગટપણે જાણ ! તે પરિણામ મિથ્યાત્વાદિથી માંડીને અનેક પ્રકારના છે.**

**ભાવાર્થ :– કર્મબંધનું કારણ આસ્રવ છે, તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એમ પાંચ પ્રકારના છે, તેમાં સ્થિતિ અનુભાગરૂપ બંધના કારણ તો મિથ્યાત્વાદિ ચાર જ છે અને તે મોહકર્મના ઉદયવશથી થાય છે, તથા યોગ છે તે તો સમયમાત્ર બંધને કરે છે પણ કાંઈ સ્થિતિ–અનુભાગને કરતો નથી તેથી તે બંધના કારણમાં પ્રધાન (મુખ્ય) નથી.**

અર્થ :– મોહકર્મના ઉદયવશ આ જીવને જે પરિણામ થાય છે તે જ આસ્રવ છે, એમ હે ભવ્ય ! તું પ્રગટપણે જાણ ! તે પરિણામ મિથ્યાત્વાદિથી માંડીને અનેક પ્રકારના છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચે આસ્રવ છે, તેમાં યોગનું કંપન તે મુખ્ય આસ્રવ નથી પણ મોહ વગેરે ભાવ જ મુખ્ય આસ્રવ છે. મોહકર્મના વિપાકના વશથી જીવને મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ થાય છે, તે મલિન પરિણામ ભાવઆસ્રવ છે. મોહકર્મથી વિકાર થતો નથી. પણ મોહકર્મને વશ થવાથી વિકાર થાય છે. ચિદાનંદ સ્વભાવને ચૂકીને જેને પુણ્ય-પાપ વગેરેની મીઠાશ લાગે છે તેને મિથ્યાત્વનો આસ્રવ છે.

આમ આસ્રવની અનુપ્રેક્ષા ધર્મી જીવ કરે છે. હું તો જ્ઞાનાનંદ છું, જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે આસ્રવ છે – મલિનતા છે, તે મારું સ્વરૂપ નથી.

હે ભવ્ય ! તું પ્રગટપણે એમ જાણ કે આત્માને જે મિથ્યાત્વ અને રાગાદિના મલિનપરિણામો થાય છે તે જ આસ્રવ છે. વિષયોમાં સુખની માન્યતા, દયા–વ્રતાદિના શુભપરિણામ – તે બધોય આસ્રવભાવ છે.

કર્મબંધનું કારણ આસ્રવ છે. મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય ને યોગ એ પાંચ પ્રકારના આસ્રવ છે. જેમ નૌકામાં છિદ્ર પડતાં પાણી આવે છે, તેમ જેને ચૈતન્યસ્વભાવને ચૂકીને મિથ્યાત્વાદિરૂપ છિદ્ર પડ્યું તેને કર્મનો આસ્રવ થાય છે.

અનાદિથી જીવે સાત તત્ત્વોને યથાર્થ જાણ્યાં નથી. અનાદિથી સાત તત્ત્વની ભૂલ ચાલી આવે છે. જીવને અજીવનો કર્તા માને, અજીવથી પોતાને લાભ-નુકસાન માને, પુણ્ય-પાપ બન્ને વિકાર હોવા છતાં પુણ્ય સારું ને પાપ ખરાબ એમ ભેદ પાડે, આસ્રવો દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માને, પુણ્ય-પાપ બન્ને બંધનું કારણ હોવા છતાં પુણ્યને ધર્મનું કારણ માને, સંવર-નિર્જરાને કષ્ટદાયક માને, તથા મોક્ષને વિપરીતપણે માને – તે જીવને સાત તત્ત્વોની ભૂલ છે. સાચા જ્ઞાનનો અભ્યાસ કરવામાં અજ્ઞાનીને અરુચિ અને કંટાળો આવે છે. જેને આત્માનો ધર્મ રુચતો નથી તેને સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યમાં કંટાળો આવે છે, ને જમવામાં શીખંડ પુરી ખાવામાં મજા આવે છે, તે જીવને સંવર-નિર્જરા તત્ત્વની વિપરીતબુદ્ધિ છે. ચૈતન્ય સ્વભાવની ભ્રાંતિ અને વિષયોમાં લીનતા – એવી જે મિથ્યાબુદ્ધિ છે તે મહા આસ્રવ છે. તેમ જ હિંસાદિ અવિરત ભાવ તથા પ્રમાદ, કષાય અને યોગ પણ નવા આસ્રવનું કારણ છે. તેમાં યોગ તો પ્રદેશ અને પ્રકૃતિનું જ કારણ છે, તથા મિથ્યાત્વાદિ ચાર ભાવો સ્થિતિ અને અનુભાગનું કારણ છે. મોહકર્મનો વિપાક થતાં તેને વશ થવાથી મિથ્યાત્વાદિ ભાવો થાય છે. કર્મ તો પર પદાર્થ છે, તે જીવને કાંઈ પણ નુકસાન કરતું નથી. આત્મા પોતે સ્વભાવને ચૂકીને મોહને તાબે થાય ત્યારે વિકાર થાય છે. ચોખા ક્યાં પાકયા ? ચોખા તો ચોખામાં પાકયા, તે કાંઈ ખાનારને રાગ કરાવતા નથી કે તું મને ખા, પણ જીવ પોતે રાગ કરે છે. તેમ મોહકર્મને તાબે થઈને અજ્ઞાની જીવ મિથ્યાત્વાદિ ભાવને કરે છે. તે મિથ્યાત્વાદિ ભાવો જ આસ્રવ-બંધનું મુખ્ય કારણ છે. યોગનું કંપન એક સમયના બંધને કરે છે પણ તેનાથી સ્થિતિ કે અનુભાગ પડતો નથી, તેથી યોગનું કંપન બંધનાં કારણોમાં મુખ્ય નથી. મિથ્યાત્વાદિભાવો જે મુખ્ય બંધનાં કારણો છે.

ગાથા–૯૦

**આગળ કહે છે કે પુણ્ય–પાપના ભેદથી આસ્ત્રવને બે પ્રકારનો કહ્યો છે.**

**कर्म पुण्यं पापं हेतुं तयोः च भवन्ति स्वच्छेतराः।**
**मन्दकषायाः स्वच्छाः तीव्रकषायाः अस्वच्छाः स्फुटं।।९०।।**

**અર્થ :– કર્મ છે તે પુણ્ય અને પાપ એવા બે પ્રકારનાં છે. તેનું કારણ પણ બે પ્રકારનું છે, એક પ્રશસ્ત અને બીજું અપ્રશસ્ત. ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તે તો પ્રશસ્ત એટલે શુભ છે તથા તીવ્રકષાયરૂપ પરિણામ છે તે અપ્રશસ્ત એટલે અશુભ છે એમ પ્રગટ જાણો.**

**ભાવાર્થ :– શાતાવેદનીય, શુભઆયુ, ઉચ્ચગોત્ર અને શુભનામ એ પ્રકૃતિઓ તો પુણ્ય (શુભ) રૂપ છે તથા બાકીનાં ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, નર્કાયુ, નીચગોત્ર અને અશુભનામ એ બધી પ્રકૃતિઓ પાપરૂપ છે, તેના કારણરૂપ આસ્રવ પણ બે પ્રકારના છે, ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તે તો પુણ્યાસ્રવ છે તથા તીવ્રકષાયરૂપ પરિણામ છે તે પાપસ્રવ છે.**

શુભ અને અશુભ પરિણામોનું વર્ણન આગળ કરશે.

ભાવાર્થ :– શાતાવેદનીય, શુભઆયુ, ઉચ્ચગોત્ર અને શુભનામ એ પ્રકૃતિઓ તો પુણ્ય (શુભ) રૂપ છે તથા બાકીનાં ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, નર્કાયુ, નીચગોત્ર અને અશુભનામ એ બધી પ્રકૃતિઓ પાપરૂપ છે, તેના કારણરૂપ આસ્રવ પણ બે પ્રકારના છે, ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તે તો પુણ્યાસ્રવ છે તથા તીવ્રકષાયરૂપ પરિણામ છે તે પાપસ્રવ છે.

શુભ આયુ વગેરે પુણ્યપ્રકૃતિ શુભભાવથી બંધાય છે, તે પણ આસ્રવ છે, વિકાર છે. મંદકષાય વડે પુણ્યાસ્રવ થાય છે. પણ તે કાંઈ ધર્મ નથી. ધર્મ તો અકષાયભાવરૂપ છે, તેનાથી આસ્રવ થાય નહિ. તીવ્રકષાયરૂપ પાપ પરિણામથી અશુભકર્મોનો આસ્રવ થાય છે. શુભ કે અશુભ બન્ને આસ્રવો વિકાર છે. હવે મંદ અને તીવ્ર કષાયનાં દૃષ્ટાંતો કહે છે.

ગાથા–૯૧

મંદ–તીવ્રકષાયનાં પ્રગટ દૃષ્ટાંત

सर्वत्र अपि प्रियवचनं दुर्वचने दुर्जने अपि क्षमाकरणं।
सर्वेषां गुणग्रहणं मन्दकषायाणां दृष्टान्ताः।।९१।।

**અર્થ :–** **સર્વ જ્ગ્યાએ શત્રુ–મિત્રાદિમાં પ્રિય–હિતરૂપ વચન બોલવાં, દુર્વચનો સાંભળીને પણ દુર્જનો પ્રત્યે ક્ષમા કરવી તથા સર્વ જીવોના ગુણ જ ગ્રહણ કરવા એ સર્વ મંદકષાયનાં દૃષ્ટાંત છે.**

બધા જીવો પ્રત્યે પ્રિય અને હિતરૂપ વચન બોલવાનો શુભભાવ તે પણ વિકાર છે. તે પુણ્યાસ્ત્રવનું કારણ છે. દુર્વચનો કહેનારા દુર્જન પ્રત્યે પણ ક્ષમાનો શુભરાગ રાખવો તે પુણ્ય છે. આસ્ત્રવનું કારણ છે, તે ધર્મ નથી. ચૈતન્ય સ્વભાવના ભાન સહિત ક્રોધાદિ વિકારભાવ ન થાય ને વીતરાગભાવ રહે તેનું નામ પરમાર્થ ક્ષમા છે, તે ધર્મ છે તથા સર્વે જીવોના ગુણ ગ્રહણ કરવા એટલે જેનામાં ગુણ હોય તે ગ્રહણ કરવા તે પણ શુભઆસ્ત્રવનું કારણ છે.

ગાથા–૯૨

आत्मप्रशंसनकरणं पूज्येषु अपि दोषग्रहणशीलत्वं।
वैरधारणं च सुचिरं तीव्रकषायाणां लिङ्गानि।।९२।।

**અર્થ :–** **પોતાની પ્રશંસા કરવી, પૂજ્યપુરુષોના પણ દોષ ગ્રહણ કરવાનો સ્વભાવ રાખવો તથા ઘણા કાળ સુધી વૈર ધારણ કરી રાખવું એ તીવ્ર કષાયનાં ચિન્હ છે.**

પોતાની પ્રશંસા કર્યા કરે, પૂજ્ય પુરુષોની પણ નિંદા કરે, કોઈ પ્રત્યે વેર ધારણ કરી રાખવું એવો તીવ્ર ઈર્ષાભાવ – તે બધાય તીવ્ર કષાયનાં દૃષ્ટાંતો છે. તે પાપઆસ્રવનાં કારણે છે.

પુરુષાર્થસિદ્ધિઉપાયની ૧૨૧મી ગાથામાં તીવ્ર કષાય માટે બિલાડીનું અને મંદ કષાય માટે હરણનું ઉદાહરણ આપ્યું છે. તે આ પ્રમાણે :– લીલા ઘાસનાં અંકુર ચરવાવાળા હરણના બચ્ચામાં (એ ઘાસ ચરતી વેળા) પણ તત્સંબંધી મૂર્છા મંદ હોય છે ત્યારે તે જ હિંસા ઉંદરોના સમૂહનું ઉન્મંથન કરવાવાળી બિલ્લીમાં તીવ્ર હોય છે. હરણ તો સ્વભાવથી જ લીલાં ઘાસની અધિક શોધમાં રહેતું નથી છતાં જ્યારે તેને લીલું ઘાસ મળી પણ જાય તો તે થોડું ઘણું ખાઈને તેને છોડીને ભાગી જાય છે, પરંતુ બિલ્લિ તો પોતાના ખાદ્યપદાર્થની તપાસમાં સ્વભાવથી જ અધિક ચેષ્ટિત રહે છે, વળી તે ખાદ્ય પદાર્થ મળતાં તેમાં એટલી બધી અનુરક્ત થાય છે કે માથા ઉપર ડાંગ મારતા છતાં પણ તેને છોડતી નથી. એટલે આ હરણ અને બિલ્લી એ બે મંદ અને તીવ્ર કષાયનાં સરલ અને પ્રગટ ઉદાહરણ છે.

બિલાડીને તો પોતાના ખાદ્યપદાર્થ ઉંદર વગેરેમાં તીવ્ર ગૃદ્ધિભાવ છે. ને હરણનું બચ્ચું તો લીલું ઘાસ ખાતાં ખાતાં જરાક અવાજ થાય ત્યાં તે છોડીને ભાગે છે. જો તેને તીવ્ર ગૃદ્ધિભાવ હોત તો તે ખાવાનું છોડીને ભાગત નહિ. આ તો દૃષ્ટાંત છે. પણ તે પ્રમાણે દરેક જીવના તીવ્ર અને મંદ પરિણામનું સમજવું. જેને તીવ્ર મૂર્છા ભાવ છે તેને તીવ્ર કષાય છે. બિલાડીને ઉંદર મારવામાં તીવ્ર કષાય અને તીવ્ર મૂર્છાભાવ છે. ઉંદર પાછળ દોડીને ઝપટ મારીને તેને મારી નાખે છે. પછી તેને પકડીને ખાવામાં પણ તેને એવો તીવ્ર ગૃદ્ધિભાવ છે કે કોઈ લાકડી મારે તો પણ ઉંદરને છોડે નહિ. હરણિયું તો જરાક ભય થતાં ઘાસ છોડીને ભાગે છે. એ જ પ્રમાણે કોઈ જીવો વેપાર કે વિષય વગેરેમાં એવા ગૃદ્ધિ થઈ જાય છે કે રોગની કે મરણની પણ દરકાર કરતા નથી. જેને તીવ્ર ગૃદ્ધિભાવ હોય તેને ભયનાં કારણો આવવા છતાં પણ તે તેને છોડતો નથી. આવા તીવ્ર ગૃદ્ધિભાવવાળા જીવને અશુભકર્મોનો આસ્રવ થાય છે ને કોઈ જીવોને વિષયકષાયમાં મંદપરિણામ હોય, તે કારણ બનતાં તેને છોડી દે છે, તેને મંદપરિણામ છે. પૂજા, દયા વગેરેમાં શુભપરિણામ થાય તે પુણ્યાસ્રવનું કારણ છે. સંસારમાં ચૈતન્યમૂર્તિ ભગવાનને ભૂલીને કોઈ જીવો તો વિષયોમાં બિલાડીની જેમ એવા ગૃદ્ધિ થઈ જાય છે કે તેને છોડતા નથી, ને કોઈ જીવોને ઓછી ગૃદ્ધિ હોય છે. કર્મમાં શૂરા તો ધર્મમાં શૂરા – એમ નથી. પણ જે જીવે પોતાનું તીવ્ર ઊંધું વીર્ય કર્યું છે તે જો

સવળો પડે તો ધર્મમાં શૂરો થાય. પણ કાંઈ ઊંધું વીર્ય તીવ્ર હતું માટે સવળું વીર્ય થયું એમ નથી.

(૧) સંસારમાં કોઈ જીવો શૂરા હોય ને ધર્મનું કાંઈ ન કરે.

(૨) કોઈ જીવ સંસારમાં શિયાળ જેવા હોય, ને ધર્મમાં સિંહ જેવા હોય. સંસારની આવડત ન હોય પણ કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય.

(૩) કોઈ જીવો સંસારમાં પણ શૂરા હોય ને પછી ધર્મમાં પણ શૂરા હોય

(૪) કોઈ જીવો સંસારમાં ને ધર્મમાં એકેયમાં શૂરા ન હોય. આવા ચાર પ્રકાર છે.

માટે સંસારના કામની શૂરવીરતા તે કાંઈ ધર્મનું કારણ નથી. હવે કહે છે કે જે આસ્રવોને છોડતો નથી તેને આસ્રવચિંતવન નિષ્ફળ છે.

ગાથા–૯૩

**આવા જીવોનું આસ્રવચિંત્વન નિષ્ફળ છે**

**एवं जानन् अपि स्फुटं परित्यजनीयान् अपि यः न परिहरति।**
**तस्य आस्त्रवानुप्रेक्षा सर्वा अपि निरर्थका भवति।।९३।।**

**અર્થ :– આ પ્રમાણે પ્રગટ જાણવા છતાં પણ જે તજવા યોગ્ય પરિણામોને છોડતો નથી તેનું સર્વ આસ્રવચિંત્વન નિરર્થક છે – કાર્યકારી નથી.**

ભાવાર્થ :– **આસ્રવાનુપ્રેક્ષા ચિંત્વન કરી પ્રથમ તો તીવ્રકષાય છોડવો, ત્યાર પછી શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન કરવું અર્થાત્ સર્વ કષાય છોડવો. એજ ચિંત્વનનું ફળ છે, માત્ર વાર્તા જ કરવી એ તો સફળ નથી.**

જુઓ, આ આસ્રવભાવો તે છોડવા જેવા છે ચૈતન્ય સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં આસ્રવો છૂટી જાય છે. પુણ્ય અને પાપ બન્ને આસ્રવો છે એવું જાણવા છતાં પણ જે જીવો વિપરીત અભિપ્રાય છોડતા નથી તે જીવોને આસ્રવનું ચિંતવન નિષ્ફળ છે, એટલે કે તેને ખરી આસ્રવઅનુપ્રેક્ષા હોતી નથી. આસ્રવ તે મારું સ્વરૂપ નથી એમ જાણીને જો

આસ્રવરહિત આત્મસ્વરૂપને ઓળખે, ને મિથ્યાત્વાદિ આસ્રવને છોડે તો આસ્રવભાવના સફળ છે.

પુણ્ય-પાપ બન્ને આસ્રવ છે – એમ બોલે, પણ પોતે ઊંધી માન્યતાને છોડે નહિ તેને તો આસ્રવનું ચિંતવન પોપટ જેવું છે. એક પોપટને કોઈએ એમ શીખવ્યું કે 'જો પોપટ ! પારધિ આવશે, દાણા નાખશે, પછી જાળ નાખીને તને પકડશે' પછી પારધિ આવ્યો ને જાળ નાખી. પોપટ ઉપર પ્રમાણે ગોખતો ગોખતો તે જાળમાં પડ્યો તેમ અજ્ઞાની જીવ એમ ગોખે છે કે 'પુણ્ય-પાપ આસ્રવ છે, છોડવા જેવા છે' પણ પોતે ચૈતન્યનું ભાન કરીને આસ્રવોને છોડતો નથી. કુદેવ-કુગુરુનું સેવન છોડતો નથી. તેવા જીવને આસ્રવનું ચિંતન નિષ્ફળ છે.

આસ્રવ અનુપ્રેક્ષાનું ચિંતવન કરીને પ્રથમ તો તીવ્ર કષાય છોડે, કુદેવ, કુગુરુનું પોષણ છોડે, ને આત્માનું ભાન કરીને પછી શુદ્ધાત્માનું ધ્યાન કરવું અર્થાત્ સર્વ કષાયો છોડવા – એ જ ચિંતવનનું ફળ છે માત્ર વાતો કરે તે કાંઈ સફળ નથી.

હવે કોને આસ્ત્રવ ચિંતવન સફળ છે તે કહે છે.

ગાથા–૯૪

**एतान् मोहजभावान् यः परिवर्जयति उपशमे लीनः।**
**हेयं इति मन्यमानः आस्रवानुप्रेक्षणं तस्य।।९४।।**

**અર્થ :– જે પુરુષ ઉપર કહેલા સઘળા મોહના ઉદયથી થયેલા મિથ્યાત્વાદિ પરિણામોને છોડે છે, કેવો થયો થકો ! ઉપશમ પરિણામ જે વીતરાગભાવ તેમાં લીન થયો થકો; તથા એ મિથ્યાત્વાદિ ભાવોને હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય છે એમ જાણતો થકો. તેને આસ્ત્રવાનુપ્રેક્ષા હોય છે.**

મારો ચૈતન્યસ્વભાવ પુણ્ય-પાપ રહિત છે. એવા ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેના ઉપશમભાવમાં લીન થતાં મોહભાવો છૂટી જાય છે. તેવા જીવને ખરી આસ્રવ અનુપ્રેક્ષા હોય છે. હું જ્ઞાયક ચૈતન્ય છું – એવું ભાન કરીને પછી તેમાં અંતર્મુખ એકાગ્રતા વડે ઉપશમભાવમાં

લીન થાય છે. તેને આસ્રવો છૂટી જાય છે. તેને જ ખરેખર આસ્રવનું ચિંતવન છે.

**દોહરો**

**આસ્ત્રવ પંચ પ્રકારને, ચિંતવે તજી વિકાર;**
**તે પામે નિજરૂપને, એજ ભાવનાસાર.**
**ઇતિ આસ્રવાનુપ્રેક્ષા સમાપ્ત.**

મિથ્યાત્વાદિ પાંચ પ્રકારના આસ્રવો છે, ને મારો ચિદાનંદ સ્વભાવ શુદ્ધ છે, એમ ઓળખીને નિજાનંદની અનુભૂતિમાં લીન થાય છે તે જીવ પોતાના શુદ્ધસ્વરૂપને પામે છે, ને તેને જ આ ભાવના સારભૂત છે. વિપરીત અભિપ્રાય ન છોડે, અસત્સંગ ન છોડે, વિપરીત માન્યતાવાળાની પ્રશંસા ન છોડે તેવા જીવોને આસ્રવભાવના હોતી નથી. જેમ ખરો પુત્ર હોય તે બાપના દુશ્મનની પ્રશંસા કરે નહિ, તેમ જેને ચૈતન્ય સ્વભાવ રુચ્યો ને વિપરીત અભિપ્રાય છૂટ્યો તે જીવ વિપરીત અભિપ્રાયવાળા જીવોની પ્રશંસા કરે નહિ. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા ઉપર પ્રેમ કરે નહિ, તેમ ધર્મી જીવ કુદેવાદિને માનતો નથી. કુદેવાદિ ઉપર પહેલાં પ્રીતિ હતી તેમ જો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમના પ્રત્યે વિશેષ ભક્તિભાવ ન આવે તો તે કુલટા સ્ત્રી જેવો છે. તેને ચૈતન્યની રુચિ નથી, ને તેને એક પણ આસ્રવ છૂટતો નથી. જે જીવ ચૈતન્ય સ્વભાવની રુચિ કરે તેને કુદેવ, કુગુરુ વગેરેનો સંગ છૂટી જાય છે, ને તેને જ ખરી આસ્રવઅનુપ્રેક્ષા હોય છે.

# પ્રસાદ નં. – ૨૧૭

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૩-૬-૫૨, મંગળવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૪, મંગળવાર, ૨૭-૫-૫૨ સવાર)**

## ૮. સંવરાનુપ્રેક્ષા

આ બાર ભાવનાનું વર્ણન છે, ભાવના એટલે અનુપ્રેક્ષા. આસ્રવ ભાવનાનો અર્થ એવો નથી કે આસ્રવની ભાવના કરવી, પણ તેના સ્વરૂપનો વિચાર કરવો તેનું નામ ભાવના છે. ભાવના કોને હોય ? મારું સુખ મારામાં છે. મારું સુખ કોઈ સંયોગમાં કે પુણ્ય-પાપમાં નથી – એમ જેને આત્મામાં સુખબુદ્ધિ થાય તેને જ આ ભાવનાઓનું ખરું ચિંતવન હોય છે.

અહીં સંવરભાવનાનું વર્ણન છે. સંવર તે ધર્મ છે. સંવર તે જ મોક્ષમાર્ગ છે. ચિદાનંદ સ્વરૂપનું ભાન થઈને તેમાં એકાગ્રતા થતાં રાગાદિની ઉત્પત્તિ ન થવી તેનું નામ સંવર છે, ને તે મોક્ષનું કારણ છે. સંવર શું છે તે કહે છે.

ગાથા–૯૫

**सम्यक्त्वं देशव्रतं महाव्रतं तथा जयः कषायाणाम्।**
**एते संवरनामानः योगाभावः तथा च एव।।९५।।**

**અર્થ :– સમ્યગ્દર્શન, દેશવ્રત, મહાવ્રત, કષાયજય તથા યોગનો અભાવ એ સર્વ સંવરનાં નામ છે.**

**ભાવાર્થ :– પૂર્વે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પાંચ પ્રકારના આસ્રવ કહ્યા હતા તેને અનુક્રમપૂર્વક રોકવા એજ સંવર છે. તે કેવી રીતે ? મિથ્યાત્વનો અભાવ તો ચોથા ગુણસ્થાનમાં થયો એટલે ત્યાં મિથ્યાત્વનો સંવર થયો, અવિરતિનો અભાવ એકદેશપણે તો દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનમાં તથા સર્વદેશપણે છઠ્ઠા પ્રમત્તગુણસ્થાનમાં થયો એટલે ત્યાં અવિરતિનો સંવર થયો; અપ્રમત્તગુણસ્થાનમાં પ્રમાદનો અભાવ થયો એટલે ત્યાં પ્રમાદનો સંવર થયો, ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાને કષાયનો અભાવ થયો એટલે ત્યાં કષાયનો સંવર થયો તથા અયોગિજિનમાં યોગનો અભાવ થયો એટલે એ અયોગીસ્થાને યોગનો સંવર થયો. એ પ્રમાણે સંવરનો ક્રમ છે. આગળ એજ વિશેષપણે કહે છે.**

અર્થ :– સમ્યગ્દર્શન, દેશવ્રત, મહાવ્રત, કષાયજય તથા યોગનો અભાવ એ સર્વ સંવરનાં નામ છે.

આત્માની અકષાય શાંતિ પ્રગટ થાય ને વિકાર અટકે તેનું નામ સંવર છે. સમ્યગ્દર્શન તે પહેલો સંવર છે. સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વનો સંવર થાય નહિ. સમ્યગ્દર્શન તે જ ધર્મની પહેલી રકમ છે. જેને હજી કુદેવ-કુગુરુનો સંગ અને પ્રેમ છૂટ્યો નથી તેને તો ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું નથી, તેને સંવર ધર્મ હોય નહિ. દેવ કેવા હોય ? કે સર્વજ્ઞ વીતરાગ હોય, આહારાદિ ન હોય; અને ગુરુ કેવા હોય ? આત્માના આનંદમાં ઝૂલતા નગ્ન દિગંબર વીતરાગી સંત તે ગુરુ છે, એવી દશા વિના મુનિદશા હોય નહિ અને વીતરાગી અનેકાંતસ્વરૂપ શાસ્ત્ર છે. આવા દેવગુરુ-શાસ્ત્રને ઓળખીને કુદેવાદિને ન છોડે તો ગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ, ને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યા વિના અગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ. ને તેને સંવર ધર્મ થાય નહિ.

દેશવ્રત અને મહાવ્રતને સંવર કહ્યા ત્યાં તેનો રાગ તે સંવર નથી, પણ પાંચમા છઠ્ઠા ગુણસ્થાનની જેટલી વીતરાગી દશા છે તે સંવર છે એમ સમજવું.

પૂર્વે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પાંચ પ્રકારના આસ્રવ કહ્યા હતા તેને અનુક્રમપૂર્વક રોકવા એ જ સંવર છે. મિથ્યાત્વાદિને રોકવા તે ઉપચારનું કથન છે.

ખરેખર અહીં સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વાદિનો ઉત્પાદ જ ન થયો તેનું નામ સંવર છે. આત્માના સહજાનંદ સ્વભાવની અપ્રીતિ ને વિષયકષાયની પ્રીતિ તેનું નામ મિથ્યાત્વ છે. ચોથા ગુણસ્થાને આત્માનું ભાન થતાં સમ્યગ્દર્શન થયું ને મિથ્યાત્વનો સંવર થયો. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર થાય છે. પણ હજી અવ્રતનો સંવર થયો નથી. સમ્યક્‌શ્રદ્ધા થતાં કુદેવાદિની માન્યતા રહે જ નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ તે પણ પુણ્યાસ્રવ છે, તે ખરેખર સંવર નથી. લૌકિક ખાતર પણ જે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તે મોટો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અરે, જૈનનો દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જો એમ માને કે બાહ્ય ક્રિયાકાંડથી, નિમિત્તથી કે રાગથી ધર્મ થશે – તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે, ને એવા જીવને ગુરુ તરીકે માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વના ત્યાગ વગર અવ્રતાદિનો ત્યાગ હોય જ નહિ. અને ચૈતન્યવસ્તુના ભાન વિના મિથ્યાત્વનો સંવર થાય નહિ.

અહો ! જ્ઞાન સ્વભાવ છૂટો છે, તેને પરનો પ્રતિબંધ શો ? જ્ઞાનમાં પરનો પ્રતિબંધ છે જ નહિ. છતાં ‘મારે આટલું કર્યા વગર ન ચાલે’ એમ અજ્ઞાની જ્ઞાનમાં પ્રતિબંધ માને છે. જ્ઞાનસ્વભાવ એટલે ત્રણ લોકને જાણનારો છૂટો સ્વભાવ; ત્રણ લોકના પ્રતિબંધ વગરનું છૂટું તત્ત્વ છે; તેવા જ્ઞાનસ્વરૂપી તત્ત્વના ભાન વિના અજ્ઞાની જીવો બહારથી લાભ માની ને જ્ઞાનમાં પ્રતિબંધ કરે છે, તે જ સંસાર છે. જ્ઞાનને પરનો પ્રતિબંધ માનવો તે તો દેવને સાંકળથી બાંધવા જેવું છે ! ચૈતન્યદેવ, ત્રણ લોકમાં છૂટું તત્ત્વ છે તેને પરનો પ્રતિબંધ નથી. જેમ દેવ શીશીમાં પૂરાય નહિ, તેમ દિવ્ય જ્ઞાનશક્તિવાળો ચૈતન્યદેવ જડની ક્રિયાના કર્તાપણાથી બંધાય નહિ – એવો તેનો સ્વભાવ છે.

આવા મોકળા – છૂટા જ્ઞાનસ્વભાવને જે માનતો નથી ને ‘બહારમાં આટલું કરું તો મને લાભ થાય’ એમ માને છે તેને મિથ્યાભ્રાંતિ છે, સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાને એવી ભ્રાંતિ હોતી નથી, એટલે તેને મિથ્યાત્વનો સંવર છે. જ્ઞાયક સ્વભાવ દિવ્ય ચિદાનંદ શક્તિવાળો દેવ છે. તેની પ્રતીત થતાં ધર્મીને મિથ્યાત્વનો આસ્રવ થતો નથી એટલે તેનો સંવર થાય છે.

એ પ્રમાણે ચૈતન્ય સ્વભાવનું ભાન થયા પછી તેમાં અંશે અપ્રતિબદ્ધપણું પ્રગટ થયું ત્યાં દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાન પ્રગટે છે, ને ત્યાં અવિરતિનો એકદેશ સંવર થાય છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં અવિરતિનો સંવર થાય છે. ચૈતન્યના ભાન પછી તેમાં લીન થતાં અંશે આસક્તિ છૂટી ગઈ, તેટલો સંવર છે. બાર અણુવ્રતનો શુભરાગ તે ખરેખર સંવર

નથી.

જૈનદર્શનના સંત, પંચમહાવ્રતધારી દિગંબર મુનિને દેહ ઉપર વસ્ત્રાદિ હોતાં નથી. એટલો સંવર થઈ ગયો છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં અવિરતિનો ભાવ છૂટી ગયો છે, ત્યાં વસ્ત્ર વગેરે સહજ છૂટી જાય છે. અંદરમાં ચૈતન્યસ્વભાવમાં લીનતા થઈ તે સંવર છે. પંચમહાવ્રતના વિકલ્પ ને સંવર નથી કહ્યો. તે તો આસ્રવ છે. પણ અંદર સ્વભાવના અવલંબને જે અકષાયભાવ પ્રગટી ગયો છે તેનું નામ અવિરતિનો સંવર છે. જેને વસ્ત્રાદિનો પરિગ્રહ હોય તેને તો મુનિદશાને યોગ્ય સંવર હોતો નથી. અનાદિ સનાતન વીતરાગમાર્ગ તો આ પ્રમાણે છે કે મુનિદશા નિર્ગ્રંથ દિગંબર જ હોય. દેહાદિની ક્રિયાથી જે લાભ માને તે મિથ્યાદષ્ટિ છે. તે વસ્ત્રાદિ પરિગ્રહવાળી દશામાં પણ જે મુનિપણું માને તે પણ મિથ્યાદષ્ટિ છે. મુનિ તો આત્માના નિરાકુળ આનંદની લહેરમાં ઝૂલતા હોય છે ને બહારમાં પરિગ્રહ છૂટી ગયો છે, એવા મુનિને અવિરતિનો સંવર હોય છે. હજી જેને મિથ્યાત્વનો સંવર પણ નથી તેને તો મુનિદશા હોય જ નહિ.

સાતમા ગુણસ્થાને અપ્રમત્તભાવ પ્રગટતાં ત્યાં પ્રમાદનો સંવર થયો. બારમા ક્ષીણમોહ ગુણસ્થાને વીતરાગતા છે. ત્યાં કષાયનો સંપૂર્ણ સંવર થયો. તેથા ચૌદમા ગુણસ્થાને અયોગદશા પ્રગટી ત્યાં યોગનો સંવર થયો. તેરમા ગુણસ્થાને કેવળી ભગવાનને પણ હજી યોગનો સંવર નથી. યોગનો સંવર ચૌદમા ગુણસ્થાને અયોગી જિનને થાય છે. ચોથા ગુણસ્થાનથી સંવરની શરૂઆત થઈને ચૌદમા ગુણસ્થાને સંવર પૂરો થયો. આત્માનું ભાન થઈને જેમ જેમ તેનું અવલંબન વધતું જાય છે તેમ તેમ સંવર થતો જાય છે. એમ જાણવું. એ સિવાય બહારની ક્રિયાથી કે રાગથી સંવર થતો નથી. હવે સંવરના વિશેષ કારણો કહે છે.

ગાથા–૯૬

**આગળ એજ વિશેષપણે કહે છે :–**

**गुप्तयः समितियः धर्मः अनुप्रेक्षाः तथा परीसहजयः अपि।**
**उत्कृष्टं चारित्रं संवरहेतवः विशेषेण।।९६।।**

**અર્થ :– કાય-મન-વચન એ ત્રણ ગુપ્તિ, ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણા તથા**

**પ્રતિષ્ટાપના એ પાંચ સમિતિ, ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મ, અનિત્યાદિ બાર અનુપ્રેક્ષા, બાવીસપરીષહજય તથા સામાયિકાદિ ઉત્કૃષ્ટ પાંચ પ્રકારનાં ચારિત્ર એટલાં વિશેષપણે સંવરનાં કારણો છે.**

શરીરની ક્રિયાને હું રોકી શકું એમ માને તે તો મિથ્યાદષ્ટિ છે. તેને કાયગુપ્તિ હોતી નથી. પણ કાયાથી ભિન્ન મારું સ્વરૂપ છે એમ જાણીને સ્વભાવમાં એકાગ્રતાથી કાયા તરફનું લક્ષ છૂટી જાય તેનું નામ કાયગુપ્તિ છે. એ જ પ્રમાણે મનગુપ્તિ અને વચનગુપ્તિમાં પણ બહારની ક્રિયાની વાત નથી, પણ સ્વભાવમાં એકાગ્રતા થતાં મન-વચન તરફ વલણ જ ન જાય તેનું નામ મનગુપ્તિ ને વચનગુપ્તિ છે.

હું શુદ્ધ ચિદાનંદ સ્વભાવ છું – એવા ભાનપૂર્વક અકષાયભાવ વધી જતાં તીવ્ર રાગભાવ થતો નથી, ત્યાં ઇર્યા, ભાષા વગેરે સમિતિ હોય છે. 'જોઈને ચાલવું' એમ કહ્યું ત્યાં શરીરને ચલાવવાની ક્રિયા કાંઈ આત્મા કરી શકતો નથી, પણ તેનો અર્થ એવો છે કે ચૈતન્યના ભાનપૂર્વક તેવો તીવ્ર રાગભાવ ન થવા દેવો – તેનું નામ સમિતિ છે.

હું ભાષા બોલું – એવી જેની માન્યતા છે તેને તો જડ ભાષાનું અભિમાન છે. તેને ભાષા સમિતિ હોતી નથી. ભાષા તો જડનું પરિણમન છે. હોઠના કારણે પણ ભાષા નથી. ભાષા તો ભાષાવર્ગણાના પરમાણુઓમાંથી થાય છે ને હોઠ તો આહારવર્ગણામાંથી બને છે. જીભ અને હોઠથી પણ ભાષા બોલાતી નથી. તો આત્મા ભાષા બોલે એ વાત ક્યાં રહી ?

મેસુબ કરવામાં તેના ખાસ લોટને બદલે બીજો લોટ ન ચાલે. મગજના લોટમાંથી મેસુબ ન થાય. તેમ જગતમાં આહારવર્ગણા અને ભાષાવર્ગણા ભિન્ન ભિન્ન છે. તેમાંથી આહારવર્ગણામાંથી શરીર બને છે અને ભાષાવર્ગણામાંથી ભાષા બને છે. આહારવર્ગણામાંથી ભાષા બનતી નથી ને આત્મા પણ ભાષાનો કર્તા નથી.

આત્માના ભાનપૂર્વક અપ્રમાદભાવ રહે ને ભાષા વખતે પ્રમાદભાવ ન થાય તેનું નામ ભાષાસમિતિ છે.

એષણાસમિતિનો અર્થ એવો નથી કે આત્મા નિર્દોષ આહારપાણીને લઈ શકે છે. આહાર વખતે આહારનો ગૃદ્ધિભાવ ન થઈ જાય ને સ્વભાવની દૃષ્ટિપૂર્વકની વીતરાગી સ્થિરતા ટકી રહે તેનું નામ એષણાસમિતિ છે. તે વખતે શુભરાગ છે તે પુણ્યાસ્રવ છે. તે કાંઈ સંવર

નથી.

આદાન નિક્ષેપણ સમિતિ એટલે શું ? પુસ્તક, પીંછી વગેરે વસ્તુઓ લેવા-મૂકવાની ક્રિયા તો જડની છે, તેનો કાંઈ આત્મા કર્તા નથી. પણ અંદરમાં ચૈતન્યની સ્થિરતામાં એવો અરાગભાવ વધી ગયો એટલે પ્રમાદ ભાવ થતો નથી. તેવી દશાનું નામ આદાનનિક્ષેપણ સમિતિ છે.

પ્રતિષ્ઠાપન સમિતિમાં પણ બહારની ક્રિયાની વાત નથી, પણ તે જાતનો અપ્રતિબદ્ધ વીતરાગભાવ ટકી રહેવો તે સંવર છે.

ઉત્તમક્ષમા વગેરે ધર્મ તથા બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન તે પણ સંવરનાં કારણો છે. ૨૨ પરિષહજ્ય તે પણ સંવરનું કારણ છે. પરિષહજ્ય એટલે શું ? બહારમાં પ્રતિકૂળતાના પ્રસંગ વખતે પણ અંદર ચિદાનંદ સ્વભાવને સ્વજ્ઞેયપણે રાખીને શાંતિના અનુભવમાં એકાગ્ર રહેવું ને રાગ-દ્વેષ થવા ન દેવો તેનું નામ પરિષહજ્ય છે. તેમ જ સામાયિક વગેરે પાંચ પ્રકારના ઉત્કૃષ્ટ ચારિત્ર તે પણ સંવરનાં કારણો છે. હવે ગુપ્તિ વગેરેનો અર્થ કહે છે.

ગાથા-૯૭

**गुप्तिः योगनिरोधः समितिः च प्रमादवर्जनं चैव।**
**धर्मः दयाप्रधानः सुतत्त्वचिन्ता अनुप्रेक्षा।।९७।।**

**અર્થ :– યોગનો નિરોધ તે તો ગુપ્તિ છે, પ્રમાદ તજી યત્ના ચારપૂર્વક પ્રવર્તવું તે સમિતિ છે, જેમાં દયા પ્રધાન હોય તે ધર્મ છે તથા ભલા તત્ત્વો અર્થાત્ જિવાદિ તત્ત્વો અને નિજસ્વરૂપનું ચિંત્વન તે અનુપ્રેક્ષા છે.**

જેમાં દયા પ્રધાન હોય તે ધર્મ છે. પોતાના આત્માની દયા પણ સાથે જ આવી. પોતાના આત્માની દયા કઈ રીતે પળાય ? કે અજ્ઞાન અને રાગ-દ્વેષથી આત્માને દુઃખ થાય છે, તેને ચૈતન્ય સ્વભાવનું ભાન અને વીતરાગતા કરીને બચાવવો તેનું નામ આત્માની દયા છે. આત્મામાં રાગાદિભાવો થાય તે હિંસા છે, ને રાગાદિભાવો ઉત્પન્ન ન થાય તેનું નામ

દયા છે. અહો ! શાંતમૂર્તિ આત્મા છે એનું ભાન કરીને તેમાં ઠરવું તેનું નામ આત્માની દયા છે. સિંહ દેખીને ભાગે – તેમાં તો દ્વેષ અને ભય છે તે કાંઈ પોતાની દયા ન કહેવાય.

સમ્યક્ તત્ત્વોનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. જીવાદિ તત્ત્વોનું ચિંતવન અથવા પોતાના સ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. વીતરાગે કહેલાં તત્ત્વો તે જ સુતત્ત્વો છે. અજ્ઞાનીઓએ કલ્પેલાં તત્ત્વો તો કુતત્ત્વ છે. વીતરાગે કહેલાં તત્ત્વોને જાણીને તેના વિચાર કરે અથવા સ્વરૂપનું ચિંતવન કરે, તેમાં જેટલી રાગરહિત દશા થાય તેનું નામ સંવર છે.

હવે પરિષહજયનો અર્થ કહે છે.

ગાથા–૯૮

**सः अपि परिसहविजयः क्षुधादिपीडानां अतिरौद्राणाम्।**
**श्रवणानां च मुनीनां उपशमभावेन यत् सहनम्।।९८।।**

**અર્થ :– અતિ રૌદ્ર ભયાનક ક્ષુધાદિ પીડાને ઉપશમભાવ અર્થાત્ વીતરાગભાવવડે સહવી તેને જ્ઞાની જે મહામુનિ છે તે પરીષહોનો જય કર્યો કહે છે.**

સ્વભાવની શાંતિની સ્ફૂરણા થઈ છે ત્યાં બહારના પ્રતિકૂળ પ્રસંગમાં અણગમો ન જાય – એવો જે વીતરાગભાવ તે પરિષહજય છે. ખરેખર સમ્યગ્દર્શન પછી પાંચમા છઠ્ઠા ગુણસ્થાને પરિષહજય હોય છે. બહારમાં ભયાનક ક્ષુધા વગેરે પરિષહ આવે પણ સંતો તો સ્વભાવને સ્પર્શતા અંદરમાં ઊંડા ઊંડા ઊતરતા જાય ને રાગદ્વેષભાવ જ નથી થતા – તેમને પરિષહજય હોય છે ને તેમને સંવર હોય છે.

ચારિત્ર કોને કહેવું તે કહે છે :–

ગાથા–૯૯

**आत्मस्वरूपं वस्तुं त्यक्तं रागादिकैः दोषैः।**
**स्वध्याने निलीनं तत् जानीहि उत्तमं चरणं।।९९।।**

**અર્થ :– જે આત્મસ્વરૂપ વસ્તુ છે તેમાં રાગાદિ દોષરહિત ધર્મ – શુક્લધ્યાન પૂર્વક લીન થવું તેને હે ભવ્ય ! તું ઉત્તમ ચારિત્ર જાણ !**


આત્મસ્વરૂપ વસ્તુનું ભાન જેને નથી તેને આવું ચારિત્ર ક્યાંથી હોય ? આત્મવસ્તુનું જેને ભાન છે, ને તેમાં લીનતા પ્રગટી છે તેને જ ઉત્તમ ચારિત્ર હોય છે. બહારના ક્રિયકાંડ કે વ્રતાદિના શુભ પરિણામ તે ખરેખર ચારિત્ર નથી. શુદ્ધચૈતન્ય વસ્તુનું ભાન કરીને તેમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર છે, ને તે સંવર છે.

## શ્રુતપંચમી

**જેઠ સુદ ૫, બુધવાર, ૨૮-૫-૫૨**

આજે શ્રુતપંચમી છે. ષટ્ખંડાગમનો દિવસ છે. આ ષટ્ખંડાગમ મહાવીર ભગવાનના દિવ્યધ્વનિ સાથે સંબંધ ધરાવે છે. મહાવીર ભગવાન પછી કેટલાક કાળે ઘણું શ્રુત તો વિચ્છેદ ગયું, ને અમુક ભાગ રહ્યો. આ સૌરાષ્ટ્ર દેશમાં આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં, ગીરનાર પર્વતની ચંદ્રગુફામાં 'શ્રી ધરસેનમુનિ' નામના મહાન દિગંબર સંત આચાર્ય ધ્યાન કરતા હતા. તેમને અંગ-પૂર્વના એકદેશનું જ્ઞાન હતું તેઓ મહા વિદ્વાન અને શ્રુતવત્સલ હતા.

તેમને એવો ભય થયો કે 'હવે મારી પાછળ અંગશ્રુત વિચ્છેદ થઈ જશે !' તેથી, પોતાની પાસેનું અંગશ્રુતજ્ઞાન કોઈ સમર્થ મુનિઓને ભણાવવાનો વિકલ્પ ઊઠ્યો. તે માટે, દક્ષિણ દેશમાં ધર્મોત્સવ પ્રસંગે ભેગા થયેલા આચાર્યો ઉપર સમાચાર મોકલ્યા. અને 'ધરસેનાચાર્યદેવ'ના આશયને સમજીને તે આચાર્યોએ 'પુષ્પદંત' અને 'ભૂતબલિ' નામના બે મહાસમર્થ અને વિનયવંત મુનિઓને તેમની પાસે મોકલ્યા.


અવિચ્છિન્ન ધારાએ શ્રુતામૃતના ધોરિયા વહેવડાવી અનેક
પિપાસુ ભવ્ય મુમુક્ષુઓને શ્રુતામૃતનું પાન કરાવી મુક્તિના અમરપંથે
દોરનાર સર્વ શ્રુતજ્ઞાની પવિત્ર આત્માઓને આજના શ્રુતપ્રતિષ્ઠાના મંગલમય
દિને અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો !!
શ્રુતપંચમી દિન

જ્યારે તે બે મુનિઓ આવી રહ્યાં હતા ત્યારે અહીં 'ધરસેનાચાર્યદેવે' એવું મંગળસ્વપ્ન જોયું કે બે ઉત્તમ સફેદ બળદો ત્રણ પ્રદક્ષિણા દઈને નમ્રતાપૂર્વક પોતાના ચરણે નમી રહ્યાં છે. એ સ્વપ્ન જોતાં ઉત્સાહથી **'શ્રુતદેવતા જયવંત હો'** એવું આશીર્વાદ વચન આચાર્યદેવના મુખમાંથી નીકળ્યું. એ જ દિવસે 'શ્રી પુષ્પદંત' અને 'ભૂતબલિ' મુનિરાજ આવી પહોંચ્યા. શ્રી આચાર્યદેવે હીનાધિક અક્ષરોવાળી વિદ્યા સાધવા આપીને તેમની પરીક્ષા કરી. પછી સર્વજ્ઞ પરંપરાથી ચાલ્યા આવતા શ્રુતજ્ઞાનનો અંશ (ષટ્ખંડાગમ) તેમને ભણાવ્યો. ત્યાર પછી તે 'પુષ્પદંત' અને 'ભૂતબલિ' આચાર્યભગવંતોએ 'ષટ્ખંડાગમની' રચના કરી. અને જેઠ સુદ ૫ ના રોજ અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને ચતુર્વિધ સંઘસહિત એ પવિત્ર શ્રુતજ્ઞાનની પૂજા કરી. ત્યારથી આજનો દિવસ 'શ્રુતપંચમી' તરીકે પ્રસિદ્ધ છે અને તે દર વર્ષે ઊજવાય છે. એ રીતે આજે શ્રુતની પ્રતિષ્ઠાનો મહા માંગળિક દિવસ છે.

જેમના રાગ-દ્વેષ ટળી ગયા છે એવા નિર્ગ્રંથ મુનિરાજ 'પુષ્પદંત' 'ભૂતબલિ' એ આ 'ષટ્ખંડાગમ' રચ્યાં છે, આનો પરંપરા સંબંધ ઠેઠ ભગવાનની વાણી સાથે છે. તેમ જ 'શ્રી કુંદકુંદાચાર્યદેવે' જે 'સમયસારાદિ' પરમાગમો રચ્યાં છે તેનો સંબંધ પણ ભગવાનની દિવ્યધ્વનિ સાથે છે. દ્રવ્યે ને ભાવે નિર્ગ્રંથ એવા સંત મુનિઓએ આ શાસ્ત્રો રચ્યાં છે. જેમને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નાશ થઈ ગયા હતા એવા 'પુષ્પદંત' અને 'ભૂતબલિ' મુનિવરો જયવંત વર્તો કે જેમણે આ મહાન 'ષટ્ખંડાગમની' રચના કરીને શ્રુતની ધારાને અવિચ્છિન્ન રાખી. તે 'ષટ્ખંડાગમ'નો સીધો સંબંધ ભગવાન 'શ્રી મહાવીર પરમાત્મા'ની વાણી સાથે છે. ભગવાન 'મહાવીરપ્રભુ'ની વાણી ઝીલીને 'ગૌત્તમ ગણધરદેવે' જે બાર અંગ રચ્યાં તેની પરંપરામાં આ વાણી રહી ગઈ છે. આમાં છ ખંડ છે. (૧) જીવસ્થાન, (૨) ક્ષુલ્લકબંધ, (૩) બંધસ્વામિત્વ–વિચય, (૪) વેદના, (૫) વર્ગણા અને (૬) મહાબંધ.

આ છ ખંડનું જેને જ્ઞાન હોય તેને 'સિદ્ધાંત ચક્રવર્તી' કહેવાય છે. જેમ ચક્રવર્તી છ ખંડને જીતે છે તેમ મતિજ્ઞાનરૂપી ચક્રવડે જે મુનિવરો આ ષટ્ખંડાગમને જાણે છે તેમને સિદ્ધાંતચક્રવર્તી કહેવાય છે. જુઓ, આ ષટ્ખંડાગમની ઉત્પત્તિનું ક્ષેત્ર તો સૌરાષ્ટ્રમાં ગીરનાર પર્વત છે. ગીરનાર ઉપરની એક ગુફામાં 'ધરસેનાચાર્યદેવે' 'પુષ્પદંત' અને 'ભૂતબલિ' મુનિરાજને આ 'ષટ્ખંડાગમન'નું જ્ઞાન આપ્યું હતું. એ મુનિઓનો અપાર ક્ષયોપશમ હતો.

અહો ! અંદર ચૈતન્યની લીનતા તો હતી ને જ્ઞાનના ક્ષયોપશમની એવી દશા હતી કે જાણે દરિયા ફાટયા હોય ! એવાં સંતોએ આ શાસ્ત્રો ભગવાનની વાણીની પરંપરા ઝીલીને

રચ્યાં છે. મુનિને વસ્ત્ર કે સ્ત્રીને મોક્ષ એ વાત આ સર્વજ્ઞદેવના શાસ્ત્રોમાં વર્ણવી નથી. સર્વજ્ઞદેવે કહેલો સનાતન માર્ગ આમાં જળવાઈ રહ્યો છે. આ શાસ્ત્રોનું બહુમાન આવી જતાં વીતરાગ મુનિઓએ પણ મોટો મહોત્સવ કરાવ્યો હતો. અહો ! સર્વજ્ઞની પરંપરાથી આવેલા આ જૈનદર્શનનાં શાસ્ત્રો જળવાઈ રહ્યાં છે ! મહા સંત મુનિઓને અંદર ભાન હતું કે શાસ્ત્રની પરંપરા તો તેના કારણે રહેશે. પણ પોતાને અતિ અલ્પ સંજ્વલન રાગ હતો તેથી તેના બહુમાનનો પ્રશસ્ત રાગ થયો; અંદર અત્યંત નિસ્પૃહતા વર્તે છે, રાગનું પણ સ્વામિત્વ નથી. જૈન શાસનની પ્રણાલિકા અવિચ્છિન્ન જળવાઈ રહે એવો વિકલ્પ ઊઠ્યો શાસનની ધર્મધુરાનું વહન કરી શકે અને શ્રુતની ધારાને અવિચ્છિન્ન જાળવી રાખે એવા બે સમર્થ મુનિઓ આવી રહ્યા હતા, ત્યારે 'ધરસેનાચાર્યદેવ'ને 'બે ધોરી બળદ પોતાના ચરણે નમી રહ્યા છે એવું શુભ સ્વપ્ન આવ્યું.' તે સ્વપ્ન જોતાં ઉલ્લાસ આવી ગયો અને બોલી ઊઠ્યાં કે **'શ્રુતદેવતા જયવંત હો !'** પછી 'ધરસેનાચાર્યદેવે' તે 'પુષ્પદંત' અને 'ભૂતબલિ' નામના બે મુનિઓને જે 'ષટ્ખંડાગમ'નું જ્ઞાન આપ્યું તે શ્રુતજ્ઞાનની પૂજાનો આજે મહાન દિવસ છે, તેથી પ્રથમ તેનું માંગળિક કર્યું.

હવે 'સ્વામી કાર્ત્તિકેયાનુપ્રેક્ષા'ની ગાથા ૯૯મી વંચાય છે.

ભગવાન મહાવીરે કહેલી કરણાનુયોગની પ્રણાલિકા આ 'ષટ્ખંડાગમ' વગેરેમાં રહી ગઈ છે, ને દ્રવ્યાનુયોગની પ્રણાલિકા 'સમયસારાદિ'માં રહી ગઈ છે. આ 'સ્વામીકાર્ત્તિકેયાનુપ્રેક્ષા' ઘણો જૂનો ગ્રંથ છે. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' પહેલાં 'સ્વામીકાર્ત્તિકેય' થઈ ગયા, તેમાં ૯૯મી ગાથામાં ચારિત્રનું વર્ણન છે.

આત્મસ્વરૂપમાં લીન થવું તે ચારિત્ર છે. વસ્તુ એટલે શું ? જેમાં પોતાના ગુણપર્યાય વસે તેને વસ્તુ કહેવાય છે. આત્મામાં પોતાના અનંત ગુણપર્યાયો વસે છે તેથી આત્મા વસ્તુ છે. આત્મવસ્તુને ઓળખીને તેમાં રાગરહિત લીનતા થવી તે ઉત્તમ ચારિત્ર છે આત્માના અનાકુળ શાંત સ્વરૂપમાં ગૂમ થઈ જતાં આકુળતા ન રહે તેનું નામ ચારિત્ર છે. આત્માનું સ્વરૂપ શું છે ? તે ઓળખીને તેના આનંદમાં લીન થઈ જાય, ને રાગની ઉત્પત્તિ જ ન થાય એનું નામ ચારિત્ર છે.

જ્ઞાનદર્શનમય આત્માના સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતા થાય તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. આ ધર્મધ્યાન ને શુક્લધ્યાનમાં રાગ નથી. અંદર નિરાવરણ નિર્દોષ ચિદાનંદ વસ્તુમાં લીનતા હોય ને બહારમાં નિર્ગ્રંથદશા હોય તેને ચારિત્રદશા કહે છે. આ સિવાય

વસ્ત્રાદિ પરિગ્રહ હોય ને મુનિપણું માને તેણે તો અનાદિ સનાતન સત્યને વિપરીત કરી નાખ્યું છે. એકલી નગ્નદશા હોય ને અંદર ચૈતન્યમાં લીનતા ન હોય તો તેને પણ ચારિત્ર નથી. આત્માના આનંદમાં લીનતા તે ચારિત્ર છે. ને તે સંવર છે. આવા સંવરને જે આચરતો નથી તે સંસારમાં રખડે છે એમ હવે કહે છે.

ગાથા-૧૦૦

**આગળ કહે છે કે – આ પ્રમાણે સંવરને જે આચરતો નથી તે સંસારમાં ભમે છે :–**

**एतान् संवरहेतून् विचारयन् अपि यः न आचरति।**
**सः भ्रमते चिरं कालं संसारे दु:खसन्तप्तः।।१००।।**

**અર્થ :– જે પુરુષ ઉપર પ્રમાણે સંવરનાં કારણોને વિચારતો છતાં પણ તેને આચરતો નથી તે દુઃખોથી તપ્તાયમાન થતો થકો ઘણા કાળ સુધી સંસારમાં ભ્રમણ કરે છે.**

આત્મજ્ઞાન ઉપરાંત અંદરમાં વીતરાગી ચારિત્ર હોય તેને જ મુનિપણું હોય છે. આત્મજ્ઞાન વિના મુનિપણું હોતું નથી.

'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું' એમ 'શ્રીમદ્ રાજચંદ્રે' કહ્યું છે, પણ તેમાં એવો આશય સમજવો કે આત્મજ્ઞાન વગર મુનિપણું હોય નહિ. ગૃહસ્થને આત્મજ્ઞાન હોય – પણ મુનિદશા ન હોય. ઘરમાં બેઠો હોય ને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતો હોય – એમ બને નહિ. આત્માની વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-રમણતાને જે આચરતો નથી તે જીવ ચાર ગતિનાં દુઃખ ભોગવતો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે. ચૈતન્યના ભાનસહિત ચારિત્રદશા વગર મોક્ષ થાય નહિ. સમ્યગ્દર્શન પછી પણ અંદરમાં લીન થઈને જે વિરક્તદશા પ્રગટે તેને એક-બે ભવમાં મુક્તિ થઈ જાય છે. શક્તિ ન હોય તો મુનિદશાની ભાવના રાખવી. પણ મુનિપણું બીજી રીતે ન માનવું.

ગાથા–૧૦૧

**આગળ કહે છે કે કેવા પુરુષને સંવર થાય છે :–**

**यः पुनः विषयविरक्तः आत्मानं सर्वदा अपि संवृणोति।**
**मनोहरविषयेभ्यः तस्य स्फुटं संवरः भवति।।१०१।।**

**અર્થ :– જે મુનિ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થયો થકો મનને પ્યારા જે વિષયો તેનાથી આત્માને સદાય નિશ્ચયથી સંવરરૂપ કરે છે તેને પ્રગટપણે સંવર થાય છે.**

**ભાવાર્થ :– ઇન્દ્રિય–મનને વિષયોથી રોકી પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમાડે તેને સંવર થાય છે.**

સમ્યગ્દૃષ્ટિ જીવ ઇન્દ્રિય વિષયોનો ત્યાગી ન હોય, તેને હજી રાગ હોય છે. તેને વિષયોમાં સુખબુદ્ધિ તો હોતી નથી. પણ હજી અવિરતિનો રાગ હોય છે ને મુનિને તો ચિદાનંદ આત્મામાં લીનતા થઈ છે ને તેઓ વિષયોથી વિરક્ત થઈ ગયા છે, સ્વભાવની લીનતામાં એવી વિરક્તદશા પ્રગટી ગઈ છે કે ઉપરથી ઇન્દ્રાણી આવે તોપણ તે ચલાયમાન કરવા સમર્થ નથી. મનને પ્યારા એવા પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેથી રુચિ તો સમ્યગ્દૃષ્ટિને છૂટી ગઈ છે, ને મુનિને તો તેની આસક્તિ પણ છૂટી ગઈ છે, અંદરમાં ચૈતન્ય સ્વભાવને જ સ્વવિષય બનાવીને તેમાં લીન પડ્યા છે. એવા સંતો જંગલમાં વસતા ને વીતરાગભાવમાં ઝૂલતા હોય છે, તેમને સંવર હોય છે.

આત્મજ્ઞાન થવા છતાં જેને હજી વિષયોથી અત્યંત વિરક્તદશા પ્રગટી ન હોય તેને મુનિદશા હોતી નથી. આત્માના ભાન વિના બહારમાં ઘરબાર છોડી જંગલમાં જઈને રહે તેને કાંઈ ચારિત્ર નથી. આત્માનું ભાન હોય ને અંદર ચૈતન્ય સ્વરૂપમાં રમણતા પ્રગટી હોય તેને જ વ્રત-પડિમા ને મુનિદશા હોય છે. અગિયારમી પડિમા સુધી શ્રાવકદશા છે, ત્યાં લંગોટી વગેરે હોય, પણ ત્યાર પછી વીતરાગતા વધતાં મુનિદશા પ્રગટે, ત્યાં વસ્ત્રનો એક તાણો પણ ન હોય – આવો સંતોનો માર્ગ છે. જો વસ્ત્રનો એક તાણો પણ રાખીને મુનિદશા મનાવે તો તે જીવ સનાતન માર્ગનો વિરોધ કરીને નિગોદમાં જશે – એમ

'કુંદકુંદભગવાન' 'અષ્ટપ્રાભૃત'માં કહે છે.

**દોહરો**

**ગુપ્તિ સમિતિ વૃષ ભાવના, જયન પરિષહકાર;**
**ચારિત્ત ધારે સંગ તજી, સો મુનિ સંવરધાર.**
**ઇતિ સંવરાનુપ્રેક્ષા સમાપ્ત.**

ચિદાનંદ આત્મસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને જે મુનિઓ ચિદાનંદ સ્વરૂપમાં ગુપ્ત થયા છે. શાંતિમાં રમણતારૂપ સમિતિ પાળે છે. ઉત્તમ ક્ષમાદિધર્મના વીતરાગભાવમાં ઝૂલે છે, વીતરાગભાવે પરિષહજય કરે છે, ચૈતન્યમાં લીનતારૂપ તપ કરે છે ને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર પાળે છે એવા મુનિને સંવર હોય છે. સમ્યગ્દૃષ્ટિને પોતાની ભૂમિકા પ્રમાણે સંવર હોય છે, પણ મુખ્ય સંવર મુનિને ગણ્યો છે.

આ વૈરાગ્યની બાર ભાવનાઓ તીર્થંકર ભગવંતો પણ દીક્ષા પહેલાં ભાવે છે. તેમાં આઠમી સંવર ભાવનાનું વર્ણન પૂરું થયું.

# ૯ નિર્જરા અનુપ્રેક્ષા

ગાથા–૧૦૨

**द्वादशविधेन तपसा निदानरहितस्य निर्जरा भवति।**
**वैराग्यभावनातः निरहंकारस्य ज्ञानिनः।।१०२।।**

**અર્થ :– જ્ઞાનીપુરુષને બાર પ્રકારનાં તપથી કર્મોની નિર્જરા થાય છે, કેવા જ્ઞાનીને થાય છે ? જે નિદાન અર્થાત્ ઇન્દ્રિયવિષયોની વાંચ્છા રહિત હોય તથા અહંકાર–અભિમાનથી રહિત હોય તેને, વળી શા વડે નિર્જરા થાય ? વૈરાગ્યભાવના અર્થાત્ સંસાર–દેહ–ભોગથી વિરક્ત પરિણામોથી થાય છે.**

**ભાવાર્થ :– તપ વડે નિર્જરા થાય છે પણ જે જ્ઞાન સહિત તપ કરે તેને થાય છે, અજ્ઞાનસહિત વિપરીત તપ કરે તેમાં હિંસાદિક હોવાથી એવા તપથી તો ઉલટો કર્મબંધ થાય છે. વળી તપ વડે મદ કરે – બીજાને ન્યુન ગણે – કોઈ પૂજાદિક ન કરે તેનાથી ક્રોધ કરે, એવા તપથી તો બંધ જ થાય પણ ગર્વરહિત તપથી જ નિર્જરા થાય. વળી તપથી આલોક–પરલોકમાં પોતાના ખ્યાતિ–લાભ–પૂજા અને ઇન્દ્રિયોના વિષય–ભોગ ઇચ્છે તેને તો બંધ જ થાય. નિદાનરહિત તપથી જ નિર્જરા થાય પણ જે સંસાર–દેહ–ભોગમાં આસક્ત થઈ તપ કરે તેનો તો આશય જ શુદ્ધ હોતો નથી તેથી તેને નિર્જરા પણ થતી નથી, નિર્જરા તો વૈરાગ્યભાવનાથી જ થાય છે એમ જાણવું.**

બાર પ્રકારના સાચા તપ સમ્યગ્દષ્ટિને જ હોય છે. મિથ્યાદષ્ટિનાં વ્રત તપને બાળતપ ને બાળવ્રત કહ્યાં છે. માટે કહ્યું કે જ્ઞાની પુરુષોને બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા છે. કેવા છે જ્ઞાની ? જેને નિદાન છૂટી ગયું છે, એટલે કે પર વિષયોની વાંછા છૂટી ગઈ છે, ને સ્વવિષયમાં એકાગ્રતા કરે છે. જેને નિદાનશલ્ય, માયાશલ્ય ને મિથ્યાત્વશલ્ય હોય તેને તો શ્રાવકપણું કે મુનિપણું હોતું નથી. વિષયોની વાંછા ન હોય, ને પરની ક્રિયાનો અહંકાર ન હોય, ચૈતન્યનું ભાન કરીને તેની ભાવનામાં એકાગ્રતા હોય તેને જ નિર્જરા થાય છે. કેવા પરિણામોથી નિર્જરા થાય છે ? કે ચૈતન્યના ધ્યાન વડે સંસાર–દેહ–ભોગથી વિરક્ત પરિણામ થાય છે તે પરિણામોથી નિર્જરા થાય છે. ભવ–તન–ભોગ એ ત્રણથી વિરક્તિનું વર્ણન ઘણે ઠેકાણે આવે છે. આત્માનો ઉદયભાવ તે સંસાર છે. તેનાથી વિરક્ત થઈને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા કરે છે. મુનિને દેહનો સંયોગ હોવા છતાં દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વનું ભાન અને એકાગ્રતા વડે દેહથી વિરક્ત થઈ ગયા છે, તેમને નિર્જરા થાય છે. જેમ નાળિયેરમાં છૂટો ગોળો હોય તેમ દેહમાં ભિન્ન ચૈતન્ય ગોળાનું ભાન કરીને તેના આનંદમાં જે ઠર્યો છે – એવા મુનિને તપ અને નિર્જરા હોય છે.

તપ વડે નિર્જરા થાય છે. પણ જે તપ જ્ઞાનસહિત હોય તે તપ વડે જ નિર્જરા થાય છે. જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં ઉગ્રપણે સ્થિર થતાં આહારાદિની ઇચ્છા છૂટી ગઈ. તેનું નામ તપ છે, ને તેનાથી નિર્જરા થાય છે. બહારમાં હઠ કરીને આહારાદિ છોડે ને અંદરમાં શાંતિનું ભાન ન હોય તે તો અજ્ઞાનતપ છે. અજ્ઞાનીને બાળતપમાં તો મિથ્યાત્વાદિ પોષાય છે ને હિંસા થાય છે. તેવા તપથી તો કર્મ બંધાય છે.

પાર્શ્વનાથ ભગવાન કુમાર દશામાં હતા ત્યારે ફરવા નીકળ્યા, ત્યારે કમઠ તાપસ હોમ કરતો હતો, તેમાં લાકડામાં સર્પ બળી રહ્યા હતાં. પાર્શ્વનાથ ભગવાને તે જાણ્યું અને કહ્યું કે આમાં હિંસા થાય છે. આને તપ ન કહેવાય. અહીં તો કહે છે કે આત્માના ભાન વગર દ્રવ્યલિંગી મુનિ થઈને તપ તપે તો તે પણ અજ્ઞાનતપ છે. જે જીવ તપ કરીને તેનું અભિમાન કરે છે, બીજાને પોતાથી હલકો ગણે છે, ક્રોધાદિ કરે છે – તેવા જીવોને નિર્જરા તો નથી પણ બંધન થાય છે. જ્ઞાનસહિત જે વીતરાગભાવરૂપ તપ હોય તેનાથી જ નિર્જરા થાય છે. ચૈતન્યનું ભાન ન હોય ને બહારની ક્રિયાના અભિમાનથી તેમાં ધર્મ માની બેસે તેવા જીવ તે તો સંસારની વૃદ્ધિ થાય છે. ગર્વરહિત એટલે ચિદાનંદ સ્વભાવના ભાન સહિત તપ વડે નિર્જરા થાય છે. વળી તપથી આલોક–પરલોકમાં પોતાના ખ્યાતિ–લાભ–પૂજા અને ઇન્દ્રિયોના વિષય–ભોગ ઇચ્છે તેને તો બંધ જ થાય. નિદાનરહિત તપથી જ નિર્જરા થાય પણ જે સંસાર–દેહ–ભોગમાં આસક્ત થઈ તપ કરે તેનો તો આશય જ શુદ્ધ હોતો નથી તેથી તેને નિર્જરા પણ થતી નથી, નિર્જરા તો વૈરાગ્યભાવનાથી જ થાય છે એમ જાણવું.

ચૈતન્ય સ્વભાવની એકાગ્રતા સિવાય જેને બીજો કોઈ હેતુ નથી એવા જીવને જ સમ્યક્તપ હોય છે. જેને ચૈતન્યમાં એકાગ્રતા નથી ને અંદરમાં બીજું કાંઈ પણ શલ્ય પડ્યું છે એવા જીવને સાચો તપ કે નિર્જરા નથી.

# પ્રસાદ નં. – ૨૧૯

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૫-૬-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૬, ગુરુવાર, ૨૯-૫-૫૨ સવાર)**

આ નિર્જરા અનુપ્રેક્ષાનું સ્વરૂપ ચાલે છે. નિર્જરા એટલે કર્મનું ખરી જવું. તે કર્મનું ખરવું આત્માના ભાન સહિત જીવને પણ થાય છે ને આત્માના ભાન વગરના જીવને પણ થાય છે; પણ તેમાં આત્માના ભાનસહિત કર્મનું ખરવું ને શુદ્ધતાનું વધવું તે જ નિર્જરા ધર્મ છે.

ગાથા–૧૦૩

**આગળ નિર્જરા કોને કહેવી તે કહે છે :–**

**નિર્જરાનું સ્વરૂપ**

**सर्वेषां कर्मणां शक्तिविपाकः भवति अनुभागः।**
**तदनन्तरं तु सडनं कर्मणां निर्जरं जानीहि।।१०३।।**

**અર્થ :– સમસ્ત જે જ્ઞાનાવરણાદિ આઠ કર્મની શક્તિ એટલે ફળ દેવાના સામર્થ્યનો**

**વિપાક થઈ ઉદય થવો તેને અનુભાગ કહીએ છીએ, તે ઉદય આવીને તુરત જ તેનું ખરવું-ઝરવું થાય તેને હે ભવ્ય ! તું કર્મની નિર્જરા જાણ !**

**ભાવાર્થ :- કર્મ, ઉદય આવીને ખરી જાય તેને નિર્જરા કહીએ છીએ.**

પૂર્વે જે કર્મ બંધાયું તેનો વિપાક થયો, એટલે કે તેનો કાળ પૂરો થયો, તે ઉદય આવીને તુરત ખરી જાય છે, તેને હે ભવ્ય ! તું નિર્જરા જાણ. આ નિર્જરાની સામાન્ય વ્યાખ્યા કરી. હવે તેના બે પ્રકાર કહે છે.

ગાથા-૧૦૪

**તે નિર્જરા બે પ્રકારથી છે તે કહે છે :-**

**નિર્જરાના બે પ્રકાર**

**सा पुनः द्विविधा ज्ञेया सकालप्राप्ता तपसा कृतमाना।**
**चतुर्गतिकानां प्रथमा व्रतयुक्तानां भवेत् द्वितीया।।१०४।।**

**અર્થ :- ઉપર કહેલી નિર્જરા બે પ્રકારની છે. એક તો સ્વકાળ પ્રાપ્ત અને બીજી તપ વડે થાય તે. તેમાં પ્રથમની સ્વકાળ પ્રાપ્ત નિર્જરા તો ચારે ગતિના જીવોને થાય છે તથા બીજી જે વ્રતસહિત હોય છે તે તપ વડે થાય છે.**

**ભાવાર્થ :- નિર્જરા બે પ્રકારની છે, તેમાં જે કર્મ સ્થિતિ પુરી થતાં ઉદય પામી રસ આપી ખરી જાય તેને તો સવિપાકનિર્જરા કહીએ છીએ આ નિર્જરા તો સઘળા જીવોને થાય છે, તથા જે તપ વડે કર્મો અપૂર્ણ સ્થિતિએ પણ પરિપકવ થઈ ખરી જાય તેને અવિપાકનિર્જરા કહીએ છીએ અને તે વ્રતધારીને થાય છે.**

આત્માના જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતા થતાં કર્મો ખરી જાય છે, અને તે સિવાય કર્મની સ્થિતિનો કાળ પૂરો થતાં કર્મો ખરી જાય છે - એવી નિર્જરા તો બધા જીવોને ક્ષણે ક્ષણે થયા જ કરે છે. અભવ્યને અને કસાય બોકડો કાપતો હોય ત્યારે

પણ તેને પૂર્વનાં કર્મો ખરી તો જાય છે. પણ નવાં તીવ્ર કર્મો બંધાય છે. આ નિર્જરાને ધર્મ ન કહેવાય. આત્માના ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થયો ત્યાં કર્મો અપૂર્ણ સ્થિતિએ ફળ દીધા વગર ખરી જાય છે. ખરેખર તો ત્યાં પણ કર્મો તેની સ્થિતિ પ્રમાણે જ ખર્યાં છે, પણ અહીં ચૈતન્યનો પુરુષાર્થ છે તે બતાવવા માટે કહ્યું કે કર્મો અપૂર્ણ સ્થિતિએ ખરી ગયાં તેને અવિપાક નિર્જરા કહે છે. અહીં ચૈતન્યની શુદ્ધતા વધતી જાય છે ત્યાં સામે કર્મો ફળ દીધા વગર ખરી જાય છે. પણ ત્યાં કાંઈ કર્મના પરમાણુઓની પર્યાયનો ક્રમ ફર્યો નથી. જ્યાં ચૈતન્યનો સ્વસન્મુખ પુરુષાર્થ હોય ત્યાં પુદ્‌ગલકર્મની તેવી જ અવસ્થાની યોગ્યતા હોય. મિથ્યાદૃષ્ટિ તીવ્ર પાપ કરતો હોય તે વખતે પણ તેને જે પૂર્વ કર્મની સ્થિતિ પૂરી થઈ હોય તે કર્મો તો ખરી જાય છે. પણ તે નિર્જરાથી આત્માને કાંઈ લાભ નથી.

ભાવાર્થ :– નિર્જરા બે પ્રકારની છે, તેમાં જે કર્મ સ્થિતિ પુરી થતાં ઉદય પામી રસ આપી ખરી જાય તેને તો સવિપાકનિર્જરા કહીએ છીએ આ નિર્જરા તો સઘળા જીવોને થાય છે, તથા જે તપ વડે કર્મો અપૂર્ણ સ્થિતિએ પણ પરિપકવ થઈ ખરી જાય તેને અવિપાકનિર્જરા કહીએ છીએ અને તે વ્રતધારીને થાય છે.

આગળ નિર્જરાની વૃદ્ધિ શાથી થાય છે તે કહે છે.

ગાથા–૧૦૫

**આગળ નિર્જરાની વૃદ્ધિ શાથી થાય છે તે કહે છે :–**

**उपशमभावतपसां यथा यथा वृद्धिः भवति साधोः।**
**तथा तथा निर्जरावृद्धिः विशेषतः धर्मशुक्लाभ्यां।।१०५।।**

**અર્થ :– મુનિજનોને જેમ જેમ ઉપશમભાવ તથા તપની વૃદ્ધિ થાય છે તેમ તેમ નિર્જરાની પણ વૃદ્ધિ થાય છે, વળી ધર્મધ્યાન–શુક્લધ્યાનથી તો વિશેષ વૃદ્ધિ થાય છે.**

છઠ્ઠા ગુણસ્થાને મુનિને ક્ષણેક્ષણે અંશે શુદ્ધતા વધતી જાય છે, ને કર્મનું ખરવું થતું જાય છે. વળી ધર્મધ્યાન અને શુક્લધ્યાન વખતે ખાસ વિશેષ નિર્જરા થાય છે. એ નિર્જરાની

વૃદ્ધિનાં સ્થાનો કહે છે.

ગાથા–૧૦૬–૧૦૭–૧૦૮

**આગળ એ વૃદ્ધિનાં સ્થાન કહે છે :–**

**मिथ्यात्वतः सदृष्टिः असंख्यगुणिकर्म्मनिर्जरा भवति।**
**ततः अणुव्रतधारी ततः च महाव्रती ज्ञानि।।१०६।।**
**प्रथमकषायचतुर्णां वियोजकः तथा च क्षपकशीलः च।**
**दर्शनमोहत्रिकस्य च ततः उपशमकचत्वारि।।१०७।।**
**क्षपकः च क्षीणमोहः सयोगिनाथः तथा अयोगिनः।**
**एते उपरि उपरि असंख्यगुणकर्म्मनिर्जरकाः।।१०८।।**

**અર્થ :– પ્રથમોપશમસમ્યક્ત્વની ઉત્પત્તિ વખતે ત્રણ કરણવર્તિ (અધઃકરણ–અપૂર્વકરણ–અનિવૃત્તિકરણ એ ત્રણ કરણમાં વર્તતા) વિશુદ્ધપરિણામ સહિત મિથ્યાદૃષ્ટિને જે નિર્જરા થાય છે, તેનાથી અસંયતસમ્યગ્દૃષ્ટિને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે, તેનાથી દેશવ્રતીશ્રાવકને અસંખ્યાતગુણી થાય છે અને તેનાથી મહાવ્રતી મુનિજનોને અસંખ્યાતગુણી થાય છે.**

**તેનાથી અનંતાનુબંધીકષાયનું વિસંયોજન કરવાવાળાને એટલે તેને અપ્રત્યાખ્યાનાવરણાદિરૂપે પરિણમાવનારને અસંખ્યાતગુણી થાય છે, તેનાથી દર્શનમોહનો ક્ષય કરવાવાળાને અસંખ્યાતગુણી થાય છે, તેનાથી ઉપશમશ્રેણીવાળા ત્રણ ગુણસ્થાનવર્તીને અસંખ્યાતગુણી થાય છે અને તેનાથી અગીઆરમાં ઉપશાંતમોહ ગુણસ્થાનવાળાને અસંખ્યાત ગુણી થાય છે.**

**તેનાથી ક્ષપકશ્રેણીવાળા ત્રણ ગુણસ્થાનમાં અસંખ્યાતગુણી થાય છે, તેનાથી બારમા ક્ષીણમોહગુણસ્થાનમાં અસંખ્યાતગુણી થાય છે, તેનાથી સયોગીકેવલીને અસંખ્યાતગુણી થાય છે, તથા તેનાથી અયોગકેવલીને અસંખ્યાતગુણી થાય છે, એ પ્રમાણે ઉપર ઉપર અસંખ્યાત ગુણાકારરૂપ નિર્જરા થાય છે તેથી તેને ગુણશ્રેણી નિર્જરા કહીએ છીએ.**

જુઓ, બધાયમાં જ્ઞાનીની વાત લીધી છે.

(૧) હજી સમ્યગ્દર્શન પામ્યો ન હોય, પણ સમ્યગ્દર્શન પામવાની તૈયારી વખતે શુદ્ધ આત્માના વિચારની શ્રેણીએ ચડ્યો હોય. તેવા જીવને વિશુદ્ધ પરિણામથી નિર્જરા થાય છે. તેના કરતાં સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. જેની દષ્ટિ સાચી નથી, રાગમાં ધર્મ માને છે. બહારની ક્રિયાથી આત્માને લાભ માને છે તેવા જીવને તો આવી નિર્જરા થતી નથી; અનાદિનો અજ્ઞાની જીવ ધર્મ કરે તેમાં સૌથી પહેલાં ઉપશમ સમ્યગ્દર્શન પામે છે તે સમ્યગ્દર્શન પામ્યાં પહેલાં તત્ત્વની રુચિ અને વિચારણાની શ્રેણીમાં વળતાં તેને નિર્જરા શરૂ થાય છે. સત્‌સમાગમે શ્રવણ મનન કરીને એમ નિર્ણય કર્યો કે 'હું જ્ઞાયક ચિદાનંદ છું', એવા આત્માના વિચારની સન્મુખ થતાં ત્રણ કરણના વિશુદ્ધ પરિણામ થાય છે, તેનો કાળ અંતર્મુહૂર્તનો જ છે, ને ત્યાં નિર્જરા ગણવામાં આવે છે. આ પહેલાં તત્ત્વની રુચિ-બહુમાન કરતાં કરતાં મિથ્યાત્વનો રસ મોળો-મંદ પડતો જાય છે, પણ તેને હજી નિર્જરામાં ગણવામાં આવતો નથી. ચૈતન્યના અંતર્‌સ્વભાવ તરફ વલણ કરીને તેનો સાક્ષાત્કાર કરવા તૈયાર થયો ત્યાં અધઃકરણ વગેરેના વિશુદ્ધ પરિણામ થાય છે, ત્યારે જે કર્મની નિર્જરા થાય છે, તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને થાય છે. ખરેખર અહીંથી જ મિથ્યાત્વનો સંવર થયો અને ગુણ શ્રેણી નિર્જરા શરૂ થઈ.

પહેલા ગુણસ્થાને હોવા છતાં ચૈતન્ય સ્વભાવની સન્મુખ થયો ને સમ્યગ્દર્શન પામવાની તૈયારી થઈ, ત્યાં અંતર્મુહૂર્ત પહેલાં કંઈક વિશુદ્ધ પરિણામ થાય છે તેને નિર્જરા થાય છે. પણ તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા સમ્યગ્દષ્ટિને થાય છે. લડાઈ વખતે કે અશુભ પરિણામ વખતે પણ અવિરતિ સમ્યગ્દષ્ટિને અસંખ્યગુણી નિર્જરા થાય છે.

(૨) તે ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યગ્દષ્ટિ કરતાં પાંચમા ગુણસ્થાનવાળા દેશવ્રતી શ્રાવકને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. ચોથા ગુણસ્થાનવાળો ધ્યાનમાં હોય ને પાંચમા ગુણસ્થાનવાળો ખાવા-પીવાના ભાવમાં હોય તે વખતે પણ તેને અંદરની એટલી અકષાય પરિણતિ વર્તે છે કે તેને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેને જ્ઞાયકભાવનું વિશેષ અવલંબન થઈ ગયું છે. બહારની ક્રિયા ઉપર નિર્જરા નથી.

(૩) વળી તે દેશવ્રતી શ્રાવક કરતાં પણ છઠ્ઠા ગુણસ્થાનવાળા મહાવ્રતી મુનિઓને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેમને જ્ઞાયક ભાવનું એટલું અવલંબન થઈ ગયું છે કે ત્રણ કષાયનો નાશ થઈ ગયો છે, તેથી તેમને વિશેષ શુદ્ધતા થાય છે, ને નિર્જરા પણ વિશેષ થાય છે.

(૪) ૪-૫-૬-૭ ગુણસ્થાને અનંતાનુબંધી કષાયનું વિસંયોજન થાય છે. તે વખતે છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ કરતાં પણ વિશેષ નિર્જરા છે. આ વિસંયોજનનો કાળ અલ્પ છે. અલ્પજ્ઞ જીવથી તે પરિણામ પકડાય નહિ પણ અંદર શુદ્ધતા થતાં અનંતાનુબંધીનું વિસંયોજન થઈ જાય છે, તે વિસંયોજનના કાળ વખતે છઠ્ઠા ગુણસ્થાન કરતાં પણ અસંખ્યાત ગુણી નિર્જરા છે.

(૫) તેના કરતાં પણ દર્શનમોહનો ક્ષય કરનારા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે. કેવળી, શ્રુતકેવળીની સમીપમાં દર્શનમોહનો ક્ષય પ્રારંભ કરે તે વખતે ઉપર કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

(૬) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ કરતાં પણ ઉપશમશ્રેણીવાળા જીવને આઠમા-નવમા-દશમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૭) તેનાથી અગિયારમા ગુણસ્થાને ઉપશાંત મોહવાળા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૮) તે અગિયારમા ગુણસ્થાન કરતાં પણ ક્ષપકશ્રેણીવાળા જીવને અસંખ્યાતગુણી નિર્જરા છે. દસમા ગુણસ્થાને ઉપશમ શ્રેણીવાળા જીવ કરતાં ક્ષપક શ્રેણીવાળા જીવને આઠમા ગુણસ્થાને પણ અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૯) ક્ષપક શ્રેણીવાળા જીવ કરતાં ક્ષીણમોહ જીવને બારમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા છે.

(૧૦) ક્ષીણમોહ જીવ કરતાં તેરમાં ગુણસ્થાને સયોગ કેવળીને અસંખ્યાતગુણી નિર્જરા છે.

બારમા ગુણસ્થાન કરતાં કેવળીને અકષાયભાવમાં કાંઈ ફેર નથી, પણ ત્યાં જ્ઞાન-દર્શન-વીર્ય પરિપૂર્ણ પ્રગટ્યાં છે, તેથી શુદ્ધતા ઘણી વધી ગઈ છે, ને ત્યાં નિર્જરા પણ વધી ગઈ છે.

(૧૧) સયોગ કેવળી કરતાં પણ અયોગ કેવળીને ચૌદમા ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

આ પ્રમાણે નિર્જરાની વૃદ્ધિનો ક્રમ છે.

પ્રશ્ન :– નીચલા જીવો કરતાં કેવળીને વધારે નિર્જરા કહી, તો શું તેમને બીજા કરતાં વધારે અશુદ્ધતા હશે ?

ઉત્તર :– ના, તેને તો ઘણાં પરમાણુ ખરે છે. ને શુદ્ધતા ઘણી થઈ છે. ઘણાં પરમાણુઓ ખરે છે એટલે થોડા બાકી રહે છે, ને અશુદ્ધતા પણ થોડી છે. નીચલાં જીવોને થોડા થોડા કર્મો ખરે છે એટલે ઘણાં કર્મો રહે છે, ને ત્યાં અશુદ્ધતા વિશેષ છે, ઉપર ઉપરનાં ગુણસ્થાને શુદ્ધતા વધી એટલે કર્મોની નિર્જરા પણ વધતી ગઈ.

જુઓ, ત્રિકાળી દ્રવ્યને પકડીને તેના અવલંબને પર્યાયમાં સમય સમયની જે શુદ્ધતા વધે છે તેનું આ વર્ણન છે. સમયે સમયે દ્રવ્યના અવલંબને શુદ્ધતા વધતી જાય છે, ને કર્મો ખરતાં જાય છે. જ્યારે આત્મામાં શુદ્ધિ થવા માંડે ત્યારે એક સાથે બધી શુદ્ધતા થઈ જતી નથી, પણ ક્રમે ક્રમે શુદ્ધતા વધે છે, ને ક્રમે ક્રમે કર્મો ખરે છે. આનું નામ નિર્જરા છે.

સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદષ્ટિથી માંડીને અયોગકેવળી સુધી ક્રમે ક્રમે અસંખ્યાતગુણી નિર્જરા છે. ચોથા ગુણસ્થાનવાળાને પણ ગુણશ્રેણી નિર્જરા શરૂ થઈ જાય છે. ચૈતન્ય સ્વભાવને પકડીને એકાગ્ર થયો ત્યાં શુદ્ધતા થવા માંડી ને અશુદ્ધતા ઘટવા માંડી, ત્યાં નિર્જરા શરૂ થઈ ગઈ. સમ્યક્ત્વ સન્મુખ થયેલા જીવને પણ નિર્જરા ગણી છે.

સિદ્ધને તો નિર્જરા ન કહેવાય. ત્યાં કર્મ કે અશુદ્ધતા રહી નથી, તો નિર્જરા કોની થાય ? ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે બધાં કર્મોની પૂરી નિર્જરા થઈ ગઈ ને આત્માની શુદ્ધતા પૂર્ણ થઈ ગઈ. આ પ્રમાણે ગુણશ્રેણી નિર્જરાની વાત કરી.

હવે કોઈક જીવને ગુણશ્રેણી નિર્જરા ઉપરાંત વિશેષ નિર્જરા થાય છે તેનું વર્ણન કરે છે.

ગાથા–૧૦૯

**આગળ ગુણાકાર રહિત અધિકરૂપ નિર્જરા જેનાથી થાય છે તે અહીં કહીએ છીએ :–**

**यः विसहते दुर्वचनं साधर्म्मिकहीलनं च उपसर्गम्।**
**जित्वा कषायरिपुं तस्य भवेत् निर्जरा विपुला।।१०९।।**

**અર્થ :– જે મુનિ દુર્વચન સહન કરે છે, અન્ય સાધર્મીમુનિ આદિના કરેલા અનાદરને સહન કરે છે, દેવાદિકોએ કરેલા ઉપસર્ગને સહન કરે છે, એ પ્રમાણે કષાયરૂપ વૈરિઓને**

**જીતે છે તેને વિપુલ અર્થાત્ વિસ્તારરૂપ મોટી નિર્જરા થાય છે.**

**ભાવાર્થ :– કોઈ કુવચન કહે તેનાથી કષાય ન કરે, પોતાને અતીચારાદિ દોષ લાગતાં આચાર્યાદિક કઠોર વચન કહી પ્રાયશ્ચિત આપે–નિરાદર કરે તોપણ તેને નિષ્કષાયપણે સહન કરે તથા કોઈ ઉપસર્ગ કરે તેની સાથે પણ કષાય ન કરે તેને ઘણી નિર્જરા થાય છે.**

સ્વભાવનું એટલું અવલંબન છે કે દુર્વચન – અનાદર વગેરે પ્રસંગે કષાયભાવ થતો નથી, પણ જ્ઞાતાભાવ રહે છે. તેવા વખતે શુદ્ધતાની વૃદ્ધિ થાય છે, ને કર્મ વિશેષપણે ખરી જાય છે.

પ્રશ્ન :– સાધર્મી મુનિ સાધર્મીનો અનાદર કેમ કરે ?

ઉત્તર :– ત્યાં ખરેખર અનાદરનો ભાવ નથી હોતો. પણ સામા જીવને શુદ્ધતાનું કારણ થાય એવા હેતુએ કોઈવાર કડકપણે શિખામણ આપે, ત્યાં સામાના હિતનો ભાવ છે. આચાર્યો કઠોર પ્રાયશ્ચિત આપે, ને મુનિ તેને કષાયરહિતપણે સહન કરે છે, એવા પ્રસંગે મુનિને વિશેષ નિર્જરા થાય છે. અંદરમાં ઉપશમભાવમાં એવા ઠર્યા છે કે ઉપસર્ગ વગેરે પ્રસંગો વખતે પણ અકષાયપરિણતિ સહજ વધતી જાય છે. તેનું આ વર્ણન છે. બહારની વાત નથી. આવા આવા સંયોગ વખતે પણ સહજ સ્વભાવના આશ્રયે ધર્માત્માને નિર્જરા થતી જાય છે. આત્માના ભાન વગર સહન કરે તેવા જીવોની આ વાત નથી.

ભાવાર્થ :– કોઈ કુવચન કહે તેનાથી કષાય ન કરે, પોતાને અતીચારાદિ દોષ લાગતાં આચાર્યાદિક કઠોર વચન કહી પ્રાયશ્ચિત આપે–નિરાદર કરે તોપણ તેને નિષ્કષાયપણે સહન કરે તથા કોઈ ઉપસર્ગ કરે તેની સાથે પણ કષાય ન કરે તેને ઘણી નિર્જરા થાય છે

અહો ! મુનિરાજ જંગલમાં ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા હોય, અંદરની શાંતિમાં ડૂબકી મારીને સહજ જ્ઞાનાનંદ સ્વભાવનો અનુભવ કરતાં હોય, ને ત્યાં પારઘી આવીને ઝાડ ઉપરના પંખીને મારે, તે મરેલું પંખી ખોળામાં આવીને પડે. ઇત્યાદિ ઉપસર્ગો વખતે પણ અંદર કષાયભાવ થયા વિના વીતરાગભાવે જ્ઞાતા રહે છે. તેવા મુનિને વિશેષ નિર્જરા થાય છે.

ગાથા–૧૧૦

ऋणमोचनवत् मन्यते यः उपसर्गं परिषहं तीव्रं।
पापफलं मे एतन् मया अपि यत् संचितं पूर्वं।।११०।।

**અર્થ :– જે મુનિ ઉપસર્ગ તથા તીવ્ર પરિષહ આવતાં એમ માને છે કે મેં પૂર્વજન્મમાં પાપનો સંચય કર્યો હતો તેનું આ ફળ છે તેને (શાંતિપૂર્વક) ભોગવવું પણ તેમાં વ્યાકુલ ન થવું. જેમ કે કોઈનાં કરજે નાણાં લીધાં હોય તે જ્યારે પેલો માગે ત્યારે તેને આપી દેવાં પણ તેથી વ્યાકુલતા શા માટે કરવી ? એ પ્રમાણે માનતાં તેને ઘણી નિર્જરા થાય છે.**

અહીં તો અંદરમાં સ્વભાવના આશ્રયે જેને જ્ઞાનચેતના પ્રગટી છે, તેવા જીવની વાત છે. એકલા કર્મના આશ્રયે સહન કરે તેવા જીવને તો કર્મફલ ચેતના છે. અહીં તો જ્ઞાતાના આશ્રયે વિશેષ ચારિત્ર પ્રગટ્યું છે. એવા મુનિની વાત છે. કર્મના ઉદયથી શરીરમાં પ્રતિકૂળતા થાય તેવા પ્રસંગે મુનિઓને વ્યાકુળતા ન થાય, પણ એમ ચિંતવે કે હું તો જ્ઞાનાનંદ છું, આ પૂર્વકર્મનું ફળ છે. એમ અંદરના ચૈતન્યનું અવલંબન ખસતું નથી, ને જ્ઞાતાની શાંતિ ખસતી નથી, એવા મુનિને ઘણી નિર્જરા થાય છે. સંયોગ તરફ લક્ષ જાય ને સંયોગ જ્ઞાનમાં આવે, તે કાંઈ દોષ નથી, તે વખતે તેવા સંયોગને જાણવાનું જ્ઞાન પ્રગટ્યું છે, પણ તે વખતે કષાયભાવ થાય તો બંધન થાય, ચૈતન્યના અવલંબનની સ્થિરતાપૂર્વક જે જ્ઞાન ખીલ્યું છે, તેને પરને જાણતી વખતે પણ રાગ-દ્વેષ થતો નથી, તેટલી નિર્જરા છે. જ્ઞાનીને કોઈ ક્ષણે ચિદાનંદ દ્રવ્યનું અવલંબન છૂટતું નથી, તેથી ક્ષણે ક્ષણે નિર્જરા જ થાય છે. જો દ્રવ્યનું અવલંબન છૂટે તો નિર્જરા કે ધર્મ રહેતો નથી. અહીં ચિદાનંદ દ્રવ્યના અવલંબનનો કાળ છે ત્યાં સામે કર્મોની નિર્જરા સહજ બની રહી છે, ને અહીં શુદ્ધતા પણ વધતી જાય છે.

ગાથા–૧૧૧

यः चिन्तयति ममत्वजनकं विनश्वरं अशुचिम्।
दर्शनज्ञानचरित्रं शुभजनकं निर्मलं नित्यम्।।१११।।

**અર્થ :– જે મુનિ, આ શરીરને મમત્વ–મોહનું ઉપજાવવાવાળું, વિનાશિક તથા અપવિત્ર માને છે તથા દર્શન-જ્ઞાન-ચારિત્રને સુખજનક નિર્મલ તથા નિત્ય માને છે તેને ઘણી નિર્જરા થાય છે.**

---

અર્થ :– આ શરીરને મમત્વ–મોહનું ઉપજાવવાવાળું, વિનાશિક તથા અપવિત્ર માને છે તથા દર્શન-જ્ઞાન-ચારિત્રને સુખજનક નિર્મલ તથા નિત્ય માને છે તેને ઘણી નિર્જરા થાય છે.

ખરેખર કાંઈ શરીર મોહને ઉપજાવનારું નથી. પણ તેના તરફના વલણનો ભાવ થાય તો મમત્વ થાય છે, માટે નિમિત્ત તરીકે દેહને મમત્વનો ઉપજાવનાર કહ્યો છે. ચિદાનંદ સ્વભાવ તો નિર્મળ છે. તેના અવલંબને નિર્મોહદશા ઊપજે છે. આત્મા જ્ઞાયકશરીરી અવિનાશી છે, ને દેહ તો વિનાશીક છે, અપવિત્ર છે, પવિત્ર સ્વભાવનું અવલંબન બતાવવા માટે દેહને અપવિત્ર કહ્યો છે. ખરેખર તો દેહ પણ જ્ઞેય છે. દેહ તરફનું વલણ છોડીને ચૈતન્યના અવલંબને જે વિશેષ સ્થિર થાય છે તેને વિશેષ નિર્જરા થાય છે.

દેહ અપવિત્ર ને આત્મા પવિત્ર છે,

દેહ વિનાશી ને આત્મા અવિનાશી છે,

દેહ મમત્વનો જનક ને આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રનો જનક.

આમ જાણીને પોતે પોતાના સ્વરૂપમાં સ્થિરતા વધારે છે તેને ઘણી નિર્જરા થાય છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે જ નિર્મળ, પવિત્ર અને નિત્ય છે, તેનાથી નિર્જરા થાય છે.

---

ગાથા–૧૧૨

आत्मानं यः निन्दयति गुणवतां करोति बहुमानम्।
मनइन्द्रियाणां विजयी स स्वरूपपरायणो भवति।।११२।।

**અર્થ :– જે સાધુ પોતાના સ્વરૂપમાં તત્પર થઈ પોતે કરેલાં દુષ્કૃતોની નિંદા કરે છે, ગુણવાન પુરુષોનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઘણો આદર કરે છે તથા પોતાનાં મન–ઇન્દ્રિયોને જીતે છે – વશ કરે છે તેને ઘણી નિર્જરા થાય છે.**

**ભાવાર્થ :– મિથ્યાત્વાદિ દોષોનો નિરાદર કરે તો તે મિથ્યાત્વાદિ કર્મો ક્યાંથી ટકે, ઝડી જ જાય.**

સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમાં ઘણી લીનતા થઈ હોય – તેવી સાધુદશાની આ વાત છે. જે પોતાના દોષની નિંદા કરે છે, ને ગુણવાન પુરુષોનો આદર કરે છે, તેને પણ નિર્જરા થાય છે. પ્રત્યક્ષ કે પરોક્ષ ગુણવાન પુરુષના ગુણોનું બહુમાન આવે તે ભાવ પણ નિર્જરાનું કારણ છે, કેમકે તેમાં પોતાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિવેક અને બહુમાન છે. વળી જે મન–ઇન્દ્રિયોને જીતે છે એટલે અતીન્દ્રિય ચિદાનંદ સ્વરૂપમાં ઠરે છે તેવા જીવોને ઘણી નિર્જરા થાય છે. 'સમયસાર'માં કહે છે કે નિંદા–ગર્હણાનો શુભભાવ તે અશુદ્ધિ અને વિષકુંભ છે, અને અહીં કહે છે કે પોતાના દોષની નિંદા, ગુણી જીવોનું બહુમાન વગેરે ભાવો શુદ્ધિ અને નિર્જરાનું કારણ છે; તો શું એ બે કથનમાં વિરોધ છે ? વિરોધ નથી, પણ અપેક્ષા ભેદ છે. અહીં ગુણીજનોનું બહુમાન વગેરે વખતે પોતાને અંદરમાં જ્ઞાનની સ્થિરતાનો જે ભાવ વર્તે છે તેને મુખ્ય ગણીને નિર્જરા કહી છે ને ત્યાં શુભરાગની મુખ્યતા ગણીને તેને વિષકુંભ કહ્યો છે. અહીં પણ જે રાગ છે તેને કાંઈ નિર્જરાનું કારણ નથી કહ્યું પણ તે રાગ વખતે અંદર સ્વભાવનું અવલંબન વર્તે છે ને શુદ્ધતા વધે છે, તેની પ્રધાનતા ગણીને તેને નિર્જરા કહી છે.

ચિદાનંદ સ્વભાવનું અવલંબન કરતાં મિથ્યાત્વાદિ દોષોનો નિરાદર થઈ જાય છે, ત્યાં પછી મિથ્યાત્વાદિ કર્મો ક્યાંથી ટકે ? ખરી જ જાય. આ રીતે સ્વભાવના અવલંબને નિર્જરા થાય છે – એમ જાણવું.

જેઠ સુદ ૬, શુક્રવાર, ૩૦-૫-૫૨

ગાથા-૧૧૩

**तस्य च सफलं जन्म तस्य अपि पापस्य निर्जरा भवति।**
**तस्य अपि पुण्यं वर्द्धते तस्य च सौख्यं परं भवति।।११३।।**

**અર્થ :- જે સાધુ એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી નિર્જરાના કારણોમાં પ્રવર્તે છે તેનો જન્મ સફળ છે, વળી તેને જ પાપકર્મોની નિર્જરા થઈ પુણ્યકર્મનો અનુભાગ વધે છે.**

**ભાવાર્થ :- જે નિર્જરાના કારણોમાં પ્રવર્તે છે તેને પાપનો નાશ થઈ પુણ્યની વૃદ્ધિ થાય છે તથા તે સ્વર્ગાદિનાં સુખ ભોગવી (અનુક્રમે) મોક્ષને પ્રાપ્ત થાય છે.**

આત્માની શુદ્ધતાની વૃદ્ધિ થતાં કર્મનું ખરી જવું તે નિર્જરા છે. બાહ્યક્રિયાથી કે વિકલ્પથી નિર્જરા થતી નથી. હું જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવી છું એવા ભાનપૂર્વક જેટલાં અંશે તેના અવલંબને શુદ્ધતાની વૃદ્ધિ થાય તે નિર્જરાનું કારણ છે. આવી નિર્જરાને જાણીને જે જીવ તેનાં કારણોમાં પ્રવર્તે છે તેનો જન્મ સફળ છે. પુણ્ય કરે તેનો જન્મ સફળ છે – એમ ન કહ્યું. આત્માના ભાન વિના એકલાં વ્રત-તપ કરે તોપણ તેનો જન્મ અફળ છે. ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કરીને તેની શાંતિમાં જે લીન છે તે મુનિઓનો અવતાર સફળ છે, ફરીને અવતાર ન થાય – એવું સફળપણું તેમને છે. નિર્જરામાં આત્માની શુદ્ધતા વધતાં અશુભ કર્મો તો ખરે છે, ને સાથે પુણ્યનો રસ પણ વધે છે. પુણ્યની સ્થિતિ ન વધે, પણ અનુભાગ વધી જાય. અજ્ઞાની કરતાં જ્ઞાનીને પુણ્ય ઊંચી જાતનાં હોય છે. અજ્ઞાની માને કે અમે વ્રતાદિથી પુણ્ય કરીએ, તેને પુણ્યની સ્થિતિ લાંબી બંધાય, પણ રસ ઓછો હોય. જ્ઞાની કરતાં અજ્ઞાનીને પુણ્યની સ્થિતિ લાંબી બંધાય છે. અજ્ઞાનીને શાતાવેદનીયની પંદર ક્રોડાક્રોડી

સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. પણ જગતમાં એટલી પુણ્યસ્થિતિ ભોગવવાનું કોઈ સ્થાન નથી. ને જ્ઞાનીને પોતાના સ્વભાવના આનંદનો અનુભવ કરતાં સાથે પુણ્યનો અનુભાગ પણ વધી જાય છે. સ્થિતિ નથી વધતી. શુદ્ધ સ્વભાવની શુદ્ધતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ સાધકને નામકર્મ, યશકીર્તિ વગેરે પુણ્ય પ્રકૃતિઓનો રસ વધતો જાય છે. જ્ઞાનીને જ ઊંચાં પુણ્ય હોય છે – એમ અહીં બતાવ્યું છે. પણ કાંઈ તે પુણ્યનું માહાત્મ્ય નથી. પણ ઊંચાં પુણ્ય ક્યાં હોય ? કે જ્યાં આત્માનું ભાન હોય ત્યાં જ ઊંચાં પુણ્ય હોય છે. શુદ્ધતાની સાથે તેવો પુણ્યનો અનુભાગ વધી જાય છે. શુદ્ધોપયોગ થતાં પાપકર્મ તો ખરી જાય, પુણ્યની સ્થિતિ ઘટે પણ રસ વધી જાય. તીર્થંકરનામકર્મ વગેરે પ્રકૃતિ જ્ઞાનીને જ બંધાય. આમ કહીને અહીં પુણ્યનું વજન નથી આપવું, પણ આત્માની શુદ્ધતા ઉપર જોર આપવું છે. જ્ઞાનીને શુદ્ધતાની ભૂમિકામાં એવાં પુણ્ય બંધાઈ જાય છે કે જેને દેખીને સાધારણ જીવો આશ્ચર્યમાં પડી જાય ! પણ જ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય ઉપર કે પુણ્યનાં ફળ ઉપર નથી, હું તો જ્ઞાનાનંદ સ્વભાવ છું એવી દૃષ્ટિ છે.

જે નિર્જરાના કારણોમાં પ્રવર્તે છે તેને પાપનો નાશ થઈ પુણ્યની વૃદ્ધિ થાય છે તથા તે સ્વાર્ગાદિનાં સુખ ભોગવી (અનુક્રમે) મોક્ષને પ્રાપ્ત થાય છે.

જેવાં પુણ્ય જ્ઞાનીને પ્રાપ્ત થાય છે તેવાં પુણ્ય અજ્ઞાનીને હોતાં નથી – એમ બતાવ્યું છે. પણ જ્ઞાની કાંઈ પુણ્યનાં ફળમાં સુખ નથી માનતા.

---

ગાથા–૧૧૪

**यः समसौख्यनिलीनः वारं वारं स्मरति आत्मानम्।**
**इन्द्रियकषायविजयी तस्य भवेत् निर्जरा परमा।।११४।।**

**અર્થ :– જે મુનિ, વીતરાગભાવરૂપ સુખ કે જેનું નામ જ પરમચારિત્ર છે તેમાં લીન અર્થાત્ તન્મય થાય છે, વારંવાર આત્માનું સ્મરણ–ચિંતવન કરે છે તથા ઇન્દ્રિયોને જીતવાવાળા છે તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.**

**ભાવાર્થ :– ઇન્દ્રિયવિષય–કષાયોનો નિગ્રહ કરી પરમ વીતરાગભાવરૂપ આત્મધ્યાનમાં જે લીન થાય છે તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.**

---

આત્માનું ભાન કરીને તેના અનુભવમાં જે લીન થાય છે તેવા વીતરાગી મુનિઓ પરમ સુખી છે. જુઓ ! સુકોશલ મુનિને સિંહ ફાડી ખાય છે, છતાં તે વખતે તેનું દુઃખ તેમને નથી. અંદર ચિદાનંદ સ્વભાવના આશ્રયે વીતરાગી અનાકુળ શાંતભાવનો પ્રવાહ વહે છે, તેના અનુભવમાં તેમને પરમ સુખ છે. અહો ! પરમસ્વભાવ કારણ પરમાત્મા હું છું એવી દૃષ્ટિ કરીને વારંવાર તેનું સ્મરણ કરીને તેમાં લીન થાય છે, ને ઇન્દ્રિયોને જીતે છે – એવા મુનિવરોને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. આ સિવાય જેની દૃષ્ટિ પર ઉપર છે, આહારાદિને હું છોડું છું એમ માને છે તેવા અજ્ઞાનીને તો મિથ્યાત્વ વગેરેનો તીવ્ર બંધ થાય છે, તેને નિર્જરા થતી નથી. સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે. પણ મુનિઓને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

ઇન્દ્રિય વિષય–કષાયોનો નિગ્રહ કરી પરમ વીતરાગભાવરૂપ આત્મધ્યાનમાં જે લીન થાય છે તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

**દોહરો**

**પૂર્વે બાંધ્યાં કર્મ જે, ખરે તપોબલ પાય;**
**સો નિર્જરા કહાય હૈ, ધારે તે શિવ જાય.**
**ઇતિ નિર્જરાનુપ્રેક્ષા સમાપ્ત**

પૂર્વે મિથ્યાત્વાદિભાવથી જે કર્મ બંધાયાં, તે ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતારૂપ તપ વડે ખરી જાય છે. આને નિર્જરા કહેવાય છે. જે જીવ આવી નિર્જરા ધારણ કરે છે તે મોક્ષ પામે છે.

એ પ્રમાણે નિર્જરા અનુપ્રેક્ષા પૂર્ણ થઈ.

# ૧૦. લોકાનુપ્રેક્ષા

ભગવાન સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં આ લોકને જેવો છે તેવો જોયો છે. હું જ્ઞાતા છું ને લોક મારું જ્ઞેય છે – એ સિવાય લોકના પર પદાર્થો સાથે મારે કાંઈ સંબંધ નથી. આવા ભાનપૂર્વક ધર્મી જીવ લોકના સ્વરૂપનો વિચાર કરે છે. તેનું આ વર્ણન છે.

**હવે આગળ લોકાનુપ્રેક્ષાનું વર્ણન કરીએ છીએ ત્યાં પ્રથમ જ લોકનો આકારાદિ કહીશું તેમાં કંઈક ગણિતને પ્રયોજનરૂપ જાણીને (તે સંબંધીનું વર્ણન) સંક્ષેપમાં કહીએ છીએ :–**

**ભાવાર્થ :– ગણિતને અન્ય ગ્રંથાનુસાર અહીં લખીએ છીએ, ત્યાં પ્રથમ તો પરિકર્માષ્ટક છે તેમાં સંકલન એટલે જોડી દેવું તે – સરવાળો આપવો તે; જેમકે – આઠને સાતનો સરવાળો કરતાં પંદર થાય. બીજું વ્યવકલન એટલે બાદબાકી કાઢવી તે, જેમકે આઠમાંથી ત્રણ ઘટાડતાં પાંચ રહે. ત્રીજું ગુણાકાર જેમકે આઠને સાતથી ગુણતાં છપ્પન થાય. ચોથું – ભાગાકાર જેમકે આઠને બેનો ભાગ આપતાં ચાર થાય. પાંચમું વર્ગ એટલે બરાબર સંખ્યાની બે રાશી ગુણતાં જેટલા થાય તેટલા તેના વર્ગ કહેવાય, જેમકે આઠનો વર્ગ ચોસઠ, છઠ્ઠું વર્ગમૂળ – એટલે જેમ ચોસઠનું વર્ગમૂળ આઠ, સાતમું – ઘન એટલે ત્રણ રાશી બરાબર ગુણતાં જે થાય તે, જેમકે આઠનું ઘન પાંચસેંબાર તથા ઘનમૂલ એટલે પાંચસેંબારનું ઘનમૂલ આઠ, એ પ્રમાણે પરિકર્માષ્ટક જાણવું.**

**વળી ત્રૈરાશિક છે તે જ્યાં એક પ્રમાણરાશિ, એક ફલરાશિ તથા એક ઇચ્છારાશિ, જેમકે કોઈ વસ્તુ બે રૂપિયાની સોલ શેર આવે તો આઠ રૂપીયાની કેટલી આવે ? અહીં પ્રમાણરાશિ બે છે, ફલરાશિ સોલ છે તથા ઇચ્છારાશિ આઠ છે એટલે ત્યાં ફલરાશિને ઇચ્છારાશિ સાથે ગુણતાં એકસોઅઠ્ઠાવીસ થાય તેને પ્રમાણરાશિની બે સંખ્યાથી ભાગ આપતાં ચોસઠ શેર આવે એમ જાણવું.**

**વળી ક્ષેત્રફળ – એટલે જ્યાં બરાબરીના ખંડ (ભાગ) કરીએ તેને ક્ષેત્રફલ કહીએ છીએ, જેમકે ખેતરમાં દોરી માપીએ ત્યારે કચવાસી વિસ્સવાસી–વીઘાં કરીએ છીએ તે ક્ષેત્રફલ કહેવાય છે. જેમકે – એંશી હાથની દોરી હોય તેના વીસ ગુંઠા કરતાં ચાર હાથનો એક ગુંઠો થાય, એ પ્રમાણે એક દોરી લાંબુ-પહોળું ખેતર હોય તેના ચાર ચાર હાથના લાંબા–**

પહોળા ખંડ કરીએ તો વીસને વીસે ગુણતાં ચારસેં થાય તેને કચવાસી કહે છે, તેની વીસ વિસ્વાસિ થઈ, તેનો એક વીઘો થયો; એ પ્રમાણે ચાર ખુંટવાળું ત્રણખુંટવાળું વા ગોળ આદિ ક્ષેત્ર હોય તેને બરાબરરૂપ ખંડથી માપી ક્ષેત્રફલ લાવવામાં આવે છે; એજ પ્રમાણે લોકના ક્ષેત્રને યોજનાદિની સંખ્યાવડે જેવું ક્ષેત્ર હોય તેવા વિધાનથી ક્ષેત્રફલ લાવવાનું વિધાન ગણિતશાસ્ત્રથી જાણવું.

અહીં લોકના ક્ષેત્રમાં અને દ્રવ્યોની ગણનામાં અલૌકિકગણિત એકવીસ છે તથા ઉપમાગણિત આઠ છે. ત્યાં સંખ્યાતના ત્રણ ભેદ છે – જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. અસંખ્યાતના નવ ભેદ છે – તેમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારે પરિતાસંખ્યાત, જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારે યુક્તાસંખ્યાત તથા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારે અસંખ્યાતાસંખ્યાત એ પ્રમાણે અસંખ્યાતના નવ ભેદ થયા. વળી અનંતના પણ નવ ભેદ છે તે આ પ્રમાણે – જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારથી પરિતાનંત; જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારથી યુક્તાનંત તથા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારથી અનંતાનંત એ પ્રમાણે અનંતના નવ ભેદ છે. એ પ્રમાણે સંખ્યાતના ત્રણ, અસંખ્યાતના નવ તથા અનંતના નવ મળી અલૌકિકગણિતના એકવીસ ભેદ થયા.

ત્યાં જઘન્ય પરિતાસંખ્યાત (નું માપ) લાવવા માટે જંબુદ્વીપ જેવડા લાખ લાખ યોજનના વ્યાસવાળા તથા હજાર હજાર યોજન ઉંડા ચાર કુંડ કરીએ તેમાં એકનું નામ અનવસ્થાકુંડ, બીજાનું નામ શલાકાકુંડ, ત્રીજાનું નામ પ્રતિશલાકાકુંડ તથા ચોથાનું નામ મહાશલાકાકુંડ. તેમાં પ્રથમના અનવસ્થાકુંડને સરશવના દાણાથી પુરેપુરો ભરીએ તો તેમાં છેતાલીસ અંક પ્રમાણ સરશવ સમાય તેને સંકલ્પમાત્ર લઈને ચાલીએ, તેમાંથી એક દ્વીપમાં અને એક સમુદ્રમાં એ પ્રમાણે નાખતા જઈએ ત્યાં જ્યાં એ સરશવ પુરા થાય તે દ્વીપ વા સમુદ્રના માપ પ્રમાણે બીજો અનવસ્થાકુંડ કરી તેમાં સરશવ ભરીએ અને શલાકાકુંડમાં એક સરશવ બીજો લાવીને નાખીએ, હવે એ બીજા અનવસ્થાકુંડમાંથી એક સરશવ એક દ્વીપમાં અને એક સમુદ્રમાં એ પ્રમાણે નાખતા જઈએ એ પ્રમાણે કરતાં કરતાં એ અનવસ્થાકુંડના સરશવ જ્યાં પુરા થાય ત્યાં તે દ્વીપ વા સમુદ્રના માપ પ્રમાણે ત્રીજો અનવસ્થાકુંડ કરી તેને પણ એવી જ રીતે સરશવથી ભરીએ, અને એક સરશવ શલાકાકુંડમાં બીજો લાવીને નાખીએ, એ પ્રમાણે કરતાં કરતાં છેતાલીસ અંક પ્રમાણ અનવસ્થાકુંડ પુરા થાય ત્યારે એક શલાકાકુંડ ભરાય અને તે વેળા એક સરશવ પ્રતિશલાકાકુંડમાં નાંખવો, એજ પ્રમાણે અનવસ્થાકુંડ થતો જાય

તથા શલાકાકુંડ પણ થતો જાય; એ પ્રમાણે કરતાં કરતાં છેતાલીસ અંક પ્રમાણ શલાકાકુંડ ભરાઈ ચુકે ત્યારે એક પ્રતિશલાકાકુંડ ભરાય. એ પ્રમાણે અનવસ્થાકુંડ થતો જાય, શલાકાકુંડ ભરાતો જાય તથા પ્રતિશલાકાકુંડ પણ ભરાતો જાય. જ્યારે છેતાલીશ અંક પ્રમાણ પ્રતિશલાકાકુંડ ભરાઈ ચુકે ત્યારે એક મહાશલાકાકુંડ ભરાય, એ પ્રમાણે કરતાં છેતાલીસ અંકોના ઘન પ્રમાણ અનવસ્થાકુંડ થયા તેમાં છેલ્લો અનવસ્થાકુંડ જે દ્વીપ વા સમુદ્રના માપ પ્રમાણે બન્યો તેમાં જેટલા સરશવ સમાય તેટલું જઘન્ય પરિતાસંખ્યાનું પ્રમાણ છે.

તેમાંથી એક સરશવ ઘટાડતાં તે ઉત્કૃષ્ટસંખ્યાત કહેવાય તથા બે સરશવ પ્રમાણ જઘન્ય સંખ્યાત કહેવાય તથા વચ્ચેના બધાય મધ્યમસંખ્યાતના ભેદ જાણવા.

વળી તે જઘન્ય પરિતાસંખ્યાતના સરશવની રાશિને એક એક વિખેરી એક એક ઉપર તેજ રાશિને સ્થાપિ પરસ્પર ગુણતાં અંતમાં જે રાશિ આવે તેને જઘન્યયુક્તાસંખ્યાત કહીએ છીએ, તેમાંથી એકરૂપ ઘટાડતાં ઉત્કૃષ્ટપરિતાસંખ્યાત કહેવાય અને મધ્યના નાના (જુદા–જુદા) ભેદ જાણવા.

વળી જઘન્ય યુક્તાસંખ્યાતને જઘન્ય યુક્તાસંખ્યાત વડે એક વાર પરસ્પર ગુણતાં જે પ્રમાણ આવે તે જઘન્યઅસંખ્યાતાસંખ્યાત કહેવાય છે, તેમાંથી એક ઘટાડતાં ઉત્કૃષ્ટ યુક્તાસંખ્યાત થાય છે, વચ્ચેના નાના ભેદ મધ્યમયુક્તાસંખ્યાતના જાણવા.

હવે એ જઘન્ય અસંખ્યાતપ્રમાણ ત્રણ રાશિ કરવી એક શલાકા એક વિરલન આપી ત્યાં વિરલનરાશિને વિખેરી એક એક જુદા જુદા કરવા, એક એકના ઉપર એક એક આપી રાશિ મૂકવી તેને પરસ્પર ગુણતાં જ્યારે સર્વ ગુણાકાર થઈ રહે ત્યારે એક રૂપ શલાકારાશિમાંથી ઘટાડવું. વળી ત્યાં જે રાશિ થઈ તે પ્રમાણે વિરલન આપી રાશિ કરવી, ત્યાં એ વિરલનને વિખેરી એક એકને જુદા કરી એક એકના ઉપર આપી રાશિ કરવી અને તેનો પરસ્પર ગુણાકાર કરતાં જે રાશિ ઉપજે તેમાંથી એક શલાકારાશિમાંથી પાછો ઘટાડવો. વળી જે રાશિ ઉપજી તેના પ્રમાણમાં વિરલન આપી રાશિ કરવી, પછી વિરલનને વિખેરી એ બન્નેને એક એકના ઉપર સ્થાપિ પરસ્પર ગુણાકાર કરવો અને એક રૂપ શલાકામાંથી ઘટાડવું એ પ્રમાણે વિરલન આપી રાશિ કરી ગુણાકાર કરતાં જવું તથા શલાકામાંથી ઘટાડતા જવું, એમ કરતાં કરતાં જ્યારે શલાકારાશિ પૂરેપૂરી નિઃશેષ થઈ જાય ત્યારે જે કંઈ પ્રમાણ આવે તે મધ્યમ અસંખ્યાતાસંખ્યાતનો ભેદ છે. વળી તેટલા તેટલા પ્રમાણ શલાકા વિરલન આપી ત્રણ રાશિ ફરી કરવી તેને પણ ઉપર પ્રમાણે કરતાં જ્યારે શલાકારાશિ નિઃશેષ થઈ જાય ત્યારે જે

મહારાશિ પ્રમાણ આવે તે પણ મધ્મય અસંખ્યાતાસંખ્યાતનો ભેદ છે, વળી તે રાશિ પ્રમાણ ફરીથી શલાકા–વિરલન આપી રાશિ કરી તેને પૂર્વોક્ત વિધાનથી ગુણતાં જે મહારાશી થઈ તે પણ મધ્યમ અસંખ્યાતાસંખ્યાતનો ભેદ છે. ત્યાં શલાકાત્રયનિષ્ટાપન એક વાર થયું.

વળી તે રાશિમાં અસંખ્યાતાસંખ્યાત પ્રમાણ છ રાશિ બીજી મેળવવી તે છ રાશિ આ પ્રમાણે – ૧ લોકપ્રમાણ ધર્મદ્રવ્યના પ્રદેશ, ૨ અધર્મદ્રવ્યના પ્રદેશ, ૩ એક જીવના પ્રદેશ ૪ લોકાકાશના પ્રદેશ ૫ તે લોકથી અસંખ્યાતગુણા અપ્રતિષ્ટિત પ્રત્યેક વનસ્પતિ જીવોનું પ્રમાણ તથા ૬ તેનાથી અસંખ્યાતગુણા સપ્રતિષ્ટિત પ્રત્યેક વનસ્પતિ જીવોનું પ્રમાણ. એ છ રાશિ મેળવી પૂર્વોક્ત પ્રકારથી શલાકા વિરલનમાં આપી રાશિના વિધાનથી શલાકાત્રયનિષ્ટાપન કરવું ત્યાં જે મહારાશિ આવે તે પણ મધ્યમ અસંખ્યાતાસંખ્યાતનો ભેદ છે, તેમાં ચાર રાશિ બીજી મેળવવી તે આ પ્રમાણે – વીસ કોડાકોડી સાગર પ્રમાણ કલ્પકાળના સમય, સ્થિતિબંધના કારણરૂપ કષાયોનાં સ્થાન, અનુભાગબંધના કારણરૂપ કષાયોનાં સ્થાન તથા યોગના અવિભાગ પ્રતિચ્છેદ, એ પ્રમાણે ચાર રાશી મેળવી પૂર્વોક્ત વિધાનથી શલાકાત્રય નિષ્ટાપન કરવું, એ પ્રમાણે કરતાં જે પ્રમાણ થયું તે જઘન્ય પરિતાનંતરાશિ થઈ તેમાંથી એક રૂપ ઘટાડતાં ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાત થાય છે. અને વચ્ચેના જુદાજુદા ભેદ મધ્યમના જાણવા.

વળી જઘન્યપરિતાનંત રાશિ–વિરલની એક એક ઉપર એક એક જઘન્યપરિતાનન્ત સ્થાપન કરી પરસ્પર ગુણતાં જે પ્રમાણ થાય તે જઘન્યયુક્તાનંત જાણવું. તેમાંથી એક ઘટાડતાં ઉત્કૃષ્ટ પરીતાનંત થાય છે. વચ્ચેના જુદો જુદા ભેદ મધ્યમ પરીતાનંતના છે. વળી જઘન્યયુક્તાનંતને જઘન્યયુક્તાનંત વડે એક વાર પરસ્પર ગુણતાં જઘન્યઅનંતાનંત થાય છે, તેમાંથી એક ઘટાડતાં ઉત્કૃષ્ટ યુક્તાનંત થાય છે તથા વચ્ચેના જુદા જુદા ભેદ મધ્મય યુક્તાનંતના જાણવા. હવે ઉત્કૃષ્ટ અનંતાનંતને લાવવાનો ઉપાય કહે છે :–

જઘન્યઅનંતાનંત પ્રમાણ શલાકા વિરલન આપી તેની ત્રણ રાશી કરી અનુક્રમપૂર્વક પ્રથમ કહ્યા પ્રમાણે શલાકાત્રય નિષ્ટાપન કરતાં મધ્યમ અનંતાનંતના ભેદરૂપ રાશિ આવે છે તેમાં સિદ્ધરાશિ, નિગોદરાશિ, પ્રત્યેક વનસ્પતિસહિત નિગોદરાશિ, પુદ્‌ગલરાશિ, કાળના સમય તથા આકાશના પ્રદેશ એ છ રાશિ મેળવીને શલાકાત્રય નિષ્ટાપન પૂર્વવત્‌ વિધાનથી કરતાં મધ્યમ અનંતાનંતના ભેદરૂપ રાશિ આવે છે, તેમાં ફરી ધર્મદ્રવ્ય–અધર્મદ્રવ્યના અગુરુલઘુગુણના અવિભાગપ્રતિચ્છેદ મેળવતાં જે મહારાશિ–પ્રમાણરાશિ થઈ તેને ફરી પૂર્વોક્ત વિધાનથી શલાકાત્રય નિષ્ટાપન કરતાં જે કોઈ મધ્યમ અનંતાનંતના ભેદરૂપ રાશિ થાય તેને

કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદના સમુહપ્રમાણમાં ઘટાવી ફરી મેળવવી, ત્યારે કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદરૂપ ઉત્કૃષ્ટ અનંતાનંત પ્રમાણરાશિ થાય છે.

ઉપમા પ્રમાણ આઠ પ્રકારથી કહ્યું છે – પલ્ય, સાગર, સૂચ્યંગુલ, પ્રતરાંગુલ, ઘનાંગુલ, જગત્શ્રેણી, જગત્પ્રતર અને જગત્‌ઘન. તેમાં પલ્યના ત્રણ પ્રકાર છે – વ્યવહારપલ્ય, ઉદ્ધારપલ્ય તથા અદ્ધાપલ્ય, ત્યાં વ્યવહારપલ્ય તો રોમોની સંખ્યા પ્રમાણ જ છે, ઉદ્ધારપલ્ય વડે દ્વીપ–સમુદ્રોની સંખ્યા ગણવામાં આવે છે તથા અદ્ધાપલ્ય વડે કર્મોની સ્થિતિ તથા દેવાદિકની આયુસ્થિતિ ગણવામાં આવે છે. હવે તેનું પરિમાણ જાણવા માટે પરિભાષા કહે છે :–

અનંત પુદ્‌ગલના પરમાણુઓના સ્કંધને એક અવસન્નાસન્ન કહે છે, તેનાથી આઠ આઠ ગુણા ક્રમથી બાર સ્થાનક જાણવાં સન્નાસન્ન, તૃટરેણુ, ત્રસરેણુ, રથરેણુ, ઉત્તમ ભોગભૂમીના બાળકના વાળનો અગ્રભાગ, મધ્મ ભોગભૂમીના બાળકના વાળનો અગ્રભાગ, જઘન્ય ભોગભૂમિના બાળકના વાળનો અગ્રભાગ, કર્મભૂમિના બાળકના વાળનો અગ્રભાગ, લીખ, સરશવ, જવ અને આંગળ એ બાર સ્થાનક છે. આ આંગળ છે તે ઉત્સેધઆંગળ છે, એ વડે નારકી દેવ, તિર્યંચ અને મનુષ્યોના શરીરનું પ્રમાણ વર્ણન કરવામાં આવે છે તથા દેવોનાં નગર–મંદિરાદિનું વર્ણન કરવામાં આવે છે. બીજું ઉત્સેધઆંગળથી પાંચસે ગુણો પ્રમાણાંગુલ છે, એ વડે દ્વીપ, સમુદ્ર અને પર્વતાદિના પરિમાણનું વર્ણન કરવામાં આવે છે. તથા આત્માંગુલ, જ્યાં જેવા મનુષ્યો હોય ત્યાં તે પ્રમાણે જાણવો. છ આંગળનો પાદ થાય છે, બે પાદનો એક વિલસ્ત (વેંત) થાય છે, બે વિલસ્તનો એક હાથ થાય છે, બે હાથનો એક ભીષ વાર થાય છે. બે ભીષનો એક ધનુષ થાય છે, બે હજાર ધનુષનો એક કોષ થાય છે, ચાર કોષનો એક યોજન થાય છે.

અહીં પ્રમાણાંગુલ ઉપજ્યો એવો એક યોજન પ્રમાણ ઊંડો અને પહોળો એક ખાડો કરવો અને તેને ઉત્તમ ભોગભૂમિમાં ઉપજેલા જન્મથી માંડીને સાત દીવસ સુધીના મેંઢાના બાળકના વાળના અગ્રભાગ વડે ઉપરની ભૂમિ બરાબર અત્યંત દાબીને ભરવો, એ પ્રમાણે ભરતાં તે ખાડામાં પીસ્તાલીસ અંકો પ્રમાણ રોમ સમાય છે, તેમાંથી દર સો સો વર્ષ વીત્યે એક એક રોમ કાઢવો, એ પ્રમાણે કરતાં એ ખાડો તદ્દન ખાલી થતાં જેટલાં વર્ષ થાય તેટલાં વર્ષને એક વ્યવહારપલ્ય કહે છે, એ વર્ષોના અસંખ્યાત સમય થાય છે.

વળી એક એક રોમના અસંખ્યાતક્રોડ વર્ષના જેટલા સમય થાય તેટલા તેટલા ખંડ કરવામાં આવે તે ઉદ્ધારપલ્યના રોમ – ખંડ છે અને તેટલા સમય ઉદ્ધારપલ્યના છે.

એ ઉદ્ધારપલ્યના, અસંખ્યાત વર્ષના જેટલા સમય થાય તેટલા એક એક રોમના ખંડ કરતાં એક અદ્ધાપલ્યના રોમ–ખંડ થાય છે, તેના સમય પણ તેટલા જ છે, દશ કોડા કોડી પલ્યનો એક સાગર થયા છે.

વળી એક પ્રમાણાંગુલપ્રમાણ લાંબો અને એક પ્રદેશ પ્રમાણ પહોળા ઉંચા ક્ષેત્રનો એક સૂચ્યાંગુલ કહીએ છીએ. તેના પ્રદેશ અદ્ધાપલ્યના અર્દ્ધછેદોના વિરલનથી એક એક અદ્ધાપલ્ય તે ઉપર સ્થાપી પરસ્પર ગુણતાં જે પ્રમાણ આવે તેટલા તેના પ્રદેશ છે, તેના વર્ગને એક પ્રતરાંગુલ કહીએ છીએ. સૂચ્યાંગુલના ઘનને એક ઘનાંગુલ કહીએ છીએ, એક અંગુલ લાંબા પહોળા અને ઉંચા ભાગને પણ ઘનાંગુલ કહીએ છીએ, સાત રાજુ લાંબા અને એક પ્રદેશ પ્રમાણ પહોળા ઉંચા ક્ષેત્રને એક જગત્‌શ્રેણિ કહીએ છીએ, તેની ઉત્પત્તિ આ પ્રમાણે છે – અદ્ધાપલ્યના અર્દ્ધછેદોના અસંખ્યાતમા ભાગના પ્રમાણનું વિરલન કરી એક એક ઉપર ઘનાંગુલ આપી પરસ્પર ગુણતાં જે રાશિ આવે છે તે જગત્‌શ્રેણિ છે, જગત્‌શ્રેણિનો વર્ગ છે તે જગત્પ્રતર છે અને જગત્‌શ્રેણિનું ઘન છે તે જગત્‌ઘન છે, તે જગત્‌ઘન સાત રાજુ લાંબો પહોળો ઉંચો છે. એ પ્રમાણે લોકના પ્રદેશોનું પ્રમાણ છે અને તે પણ મધ્યમ અસંખ્યાતનો ભેદ છે. એ પ્રમાણે અહીં સંક્ષેપમાં ગણિત કહ્યું, વિશેષતા પૂર્વક તો તેનું કથન ગોમટ્ટસાર–ત્રિલોકસારથી જાણવું.

દ્રવ્યમાં તો સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુ, ક્ષેત્રમાં આકાશનો પ્રદેશ, કાળમાં સમય તથા ભાવમાં અવિભાગપ્રતિચ્છેદ એ ચારેનું પરસ્પર પ્રમાણ સંજ્ઞા છે, અલ્પમાં અલ્પ તો આ પ્રમાણે છે તથા વધારેમાં વધારે દ્રવ્યમાં તો મહાસ્કંધ, ક્ષેત્રમાં આકાશ, કાળમાં ત્રણે કાળ તથા ભાવમાં કેવલજ્ઞાન જાણવું. કાળમાં એક આવલીના જઘન્યયુક્તાસંખ્યાત સમય છે, અસંખ્યાત આવલીનું એક મુહૂર્ત છે, ત્રીસ મુહૂર્તનો એક રાત્રિદિવસ છે, ત્રીસ રાત્રિદિવસનો એક માસ છે અને બાર માસનું એક વર્ષ છે. ઇત્યાદિ જાણવું. હવે આગળ પ્રથમ જ લોકાકાશનું સ્વરૂપ કહે છે :–

દ્રવ્યમાં તો સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુ, ક્ષેત્રમાં આકાશનો પ્રદેશ, કાળમાં સમય તથા ભાવમાં અવિભાગપ્રતિચ્છેદ એ ચારેનું પરસ્પર પ્રમાણ સંજ્ઞા છે, અલ્પમાં અલ્પ તો આ પ્રમાણે છે તથા વધારેમાં વધારે દ્રવ્યમાં તો મહાસ્કંધ, ક્ષેત્રમાં આકાશ, કાળમાં ત્રણે કાળ તથા ભાવમાં

કેવલજ્ઞાન જાણવું.

સૂક્ષ્મ પરમાણુને, સૂક્ષ્મ પ્રદેશને, સૂક્ષ્મ કાળને તથા એક અવિભાગી અંશને – એ બધાને પણ કેવળજ્ઞાન જાણી લ્યે છે ને જગત વ્યાપી મહાસ્કંધ મોટામાં મોટો છે તેને પણ ભગવાન આત્મા જાણી લ્યે છે. અલોકનું ક્ષેત્ર સૌથી મોટું છે તેને પણ જ્ઞાન જાણી લ્યે છે. કાળમાં ત્રણ કાળ મોટા છે ને ભાવમાં કેવળજ્ઞાન સૌથી મહાન છે.

કાળમાં એક આવલીના જઘન્યયુક્તાસંખ્યાત સમય છે. અસંખ્ય આવલીનું એક મુહૂર્ત છે, ત્રીસ મુહૂર્તનો એક રાત્રિદિવસ, ત્રીસ રાત્રિદિવસનો એક માસ છે અને બાર માસનું એક વર્ષ છે. ઇત્યાદિ જાણવું.

ગાથા–૧૧૫

**सर्वाकाशमनन्तं तस्य च बहुमध्यसंस्थितः लोकः।**
**सः केन अपि नैव कृतः न च धृतः हरिहरादिभिः।।११५।।**

**અર્થ :– આકાશદ્રવ્યનો ક્ષેત્ર–પ્રદેશ અનંત છે, તેના અતિ મધ્યદેશમાં અર્થાત્ વચ્ચોવચ્ચના ક્ષેત્રમાં રહે છે તે લોક છે, તે (લોક) કોઈએ કર્યો નથી તથા કોઈ હરિહરાદિએ ધારેલો વા રાખેલો નથી.**

**ભાવાર્થ :– કોઈ અન્યમતોમાં કહે છે કે – ‘લોકની રચના બ્રહ્મા કરે છે, નારાયણ રક્ષા કરે છે, શિવ સંહાર કરે છે, કાચબાએ વા શેષનાગે તેને ધારણ કર્યો છે, પ્રલય થાય છે ત્યારે સર્વ શૂન્ય થઈ જાય છે અને બ્રહ્મની સત્તા માત્ર રહી જાય છે તથા એ બ્રહ્મની સત્તામાંથી (ફરીથી) સૃષ્ટિની રચના થાય છે’ ઇત્યાદિ અનેક કલ્પિત વાતો કહે છે તે સર્વનો નિષેધ આ સૂત્રથી જાણવો. આ લોક કોઈએ કરેલો નથી, કોઈએ એ (પોતાના ઉપર) ધારણ કરેલો નથી તથા કોઈથી નાશ પામતો નથી, જેવો છે તેવો જ શ્રીસર્વજ્ઞે દીઠો છે અને તેજ વસ્તુસ્વરૂપ છે. આગળ આ લોકમાં શું છે ? તે કહે છે :–**

અર્થ :– આકાશદ્રવ્યનો ક્ષેત્ર–પ્રદેશ અનંત છે, તેના અતિ મધ્યદેશમાં અર્થાત્

વચ્ચોવચ્ચના ક્ષેત્રમાં રહે છે તે લોક છે, તે (લોક) કોઈએ કર્યો નથી તથા કોઈ હરિહરાદિએ ધારેલો વા રાખેલો નથી.

ચારે બાજુ તથા ઉપર અને નીચે અનંત અનંત અલોકાકાશ છે, તેની બરાબર વચમાં આ લોક નિરાલંબપણે રહેલો છે. અહો ! ચિદાનંદના જ્ઞાનમહિમાનો પાર નહિ, ને ક્ષેત્રમાં આકાશનો પાર નહિ. એવા અનંત અનંત અપાર અલોકને પણ ભગવાન આત્મા કેવળજ્ઞાન સ્વભાવથી જાણી લે છે. અહો ! આકાશનો ક્ષેત્ર સ્વભાવ ને આત્માનો જ્ઞાનસ્વભાવ !! લોકની બહાર એમ ને એમ આગળ આગળ વિચારો કે ત્યાં શું હશે ? બહારમાં ખાલી... ખાલી... ખાલી જગ્યા ત્યાં ક્યાંઈ તેનો છેડો આવતો નથી. લોકની બહાર બધે અનંત અલોકાકાશ છે. તેને કોઈએ બનાવેલ નથી. સ્વયંસિદ્ધ લોક–અલોક અનાદિ છે. અનંત અલોકની બરાબર મધ્યમાં લોક રહેલો છે.

અનંત અલોકમાં ક્યાંય છેડો ન હોય. મોટા ક્ષેત્રમાં એક રાઈનો દાણો પડ્યો હોય તેમ અનંત અલોકની મધ્યમાં લોક તો રાઈના દાણા જેવો છે. રાઈનો દાણો તો લોકના અસંખ્યાતમા ભાગનો છે ને આ લોક તો અલોકના અનંતમા ભાગનો છે. તે લોક અનાદિ સ્વયં સિદ્ધ છે, કોઈએ તેને બનાવ્યો નથી, કોઈએ તેને ટકાવ્યો નથી ને કોઈ તેનો નાશ કરતું નથી.

ભાવાર્થ :– કોઈ અન્યમતોમાં કહે છે કે – 'લોકની રચના બ્રહ્મા કરે છે, નારાયણ રક્ષા કરે છે, શિવ સંહાર કરે છે, કાચબાએ વા શેષનાગે તેને ધારણ કર્યો છે, પ્રલય થાય છે ત્યારે સર્વ શૂન્ય થઈ જાય છે અને બ્રહ્મની સત્તા માત્ર રહી જાય છે તથા એ બ્રહ્મની સત્તામાંથી (ફરીથી) સૃષ્ટિની રચના થાય છે' ઇત્યાદિ અનેક કલ્પિત વાતો કહે છે તે સર્વનો નિષેધ આ સૂત્રથી જાણવો. આ લોક કોઈએ કરેલો નથી, કોઈએ એ (પોતાના ઉપર) ધારણ કરેલો નથી તથા કોઈથી નાશ પામતો નથી, જેવો છે તેવો જ શ્રીસર્વજ્ઞે દીઠો છે અને તેજ વસ્તુસ્વરૂપ છે.

જુઓ, આવા વસ્તુસ્વરૂપના ચિંતવનથી જ્ઞાનીને વીતરાગતા વધીને સંવર નિર્જરા થાય છે. લોકની નીચે કોઈ ટેકો નથી, કોઈ શેષનાગ કે કાચબાએ તેને ધારી રાખ્યો નથી. પણ અલોકની વચમાં એમ ને એમ સ્વયંસિદ્ધ આખો લોક રહેલો છે. ઇશ્વર તો શુદ્ધ આત્મા છે, તે ઇશ્વર જગતના કોઈ પદાર્થને રચે નહિ. આ લોક કોઈથી કરાયેલો નથી. કોઈએ તેને ધારી રાખ્યો નથી, ને કોઈથી તેનો સંહાર થતો નથી. અનાદિથી સ્વયંસિદ્ધ છે, તેને

જેવો છે તેવો સર્વજ્ઞદેવે દેખ્યો છે. આવું જ વસ્તુસ્વરૂપ છે. લોકમાં શું છે ? તે કહે છે.

ગાથા–૧૧૬

**આગળ આ લોકમાં શું છે ? તે કહે છે :–**

**अन्योन्यप्रवेशेन च द्रव्याणां अस्तित्वं भवेत् लोकः।**
**द्रव्याणां नित्यत्वात् लोकस्य अपि जानीहि नित्यत्वम्।।११६।।**

**અર્થ :– જીવાદિ દ્રવ્યોના પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપ પ્રવેશ અર્થાત્ મેળાપરૂપ અવસ્થાન છે તે લોક છે, જે દ્રવ્ય છે તે નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે એમ જાણો.**

**ભાવાર્થ :– છ દ્રવ્યોનો સમુદાય છે તે લોક છે, તે (છએ) દ્રવ્યો નિત્ય છે તેથી લોક પણ નિત્ય જ છે. આગળ કોઈ તર્ક કરે કે – જો તે નિત્ય છે તો આ ઉપજે–વિણસે છે તે કોણ છે ? તેના સમાધાનરૂપ સૂત્ર કહે છે :–**

જીવ–પુદ્‌ગલ વગેરે છ દ્રવ્યો જેટલા ભાગમાં રહેલા છે તે જ લોક છે ને છ એ દ્રવ્યો વસ્તુપણે નિત્ય છે. તેથી લોક પણ નિત્ય છે કેમકે છ દ્રવ્યથી ભિન્ન કોઈ લોક નથી. એટલે સૃષ્ટિનો કોઈ કર્તા–હર્તા નથી. અહો ! જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ વસ્તુ છે. તેને જાણીને તેમાં ઠરતાં આ લોકાલોક સમયમાત્રમાં જણાઈ જાય છે. એવો જ્ઞાનસ્વભાવનો અચિંત્ય મહિમા છે. જ્ઞાનસ્વભાવની પ્રતીતિ વગર આવા લોકને યથાર્થ જાણી શકે નહિ. લોક સ્વતંત્ર છે ને લોકનાં છએ દ્રવ્યો સ્વતંત્ર છે. તેનો કર્તા–હર્તા કોઈ નથી લોકનાં છએ દ્રવ્યો નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે.

આગળ કોઈ તર્ક કરે કે જો લોક નિત્ય છે તો એ ઊપજે છે ને વિણસે છે તે કોણ છે ? તેના સમાધાનરૂપ ગાથા કહે છે.

ગાથા–૧૧૭

**परिणामस्वभावात् प्रतिसमयं परिणमन्ति द्रव्याणि।**
**तेषां परिणामात् लोकस्य अपि जानीहि परिणामम्।।११७।।**

**અર્થ :– આ લોકમાં છએ દ્રવ્યો છે તે પરિણામસ્વભાવિ છે તેથી તે સમયે સમયે પરિણમે છે તેના પરિણમવાથી લોકના પણ પરિણામ જાણો.**

**ભાવાર્થ :– દ્રવ્ય છે તે પરિણામી છે અને દ્રવ્યોનો સમુદાય છે તે લોક છે તેથી દ્રવ્યોના પરિણામ છે તે જ લોકના પણ પરિણામ થાય. અહીં કોઈ પૂછે કે – પરિણામ એટલે શું ? તેનો ઉત્તર–પરિણામ નામ પર્યાયનું છે, જે એક અવસ્થારૂપ દ્રવ્ય હતું તે પલટાઈ અન્ય અવસ્થારૂપ થયું (તે જ પરિણામ વા પર્યાય છે). જેમ માટી પિંડ અવસ્થારૂપ હતી તે જ પલટાઈને ઘટ બન્યો. એ પ્રમાણે પરિણામનું સ્વરૂપ જાણવું. અહીં લોકનો આકાર તો નિત્ય છે તથા દ્રવ્યોની પર્યાય પલટાય છે એ અપેક્ષાએ પરિણામ કહીએ છીએ. આગળ લોકનો આકાર તો નિત્ય છે એમ ધારી તેના વ્યાસાદિ (માપ) કહે છે :–**

અર્થ :– આ લોકમાં છએ દ્રવ્યો છે તે પરિણામસ્વભાવિ છે તેથી તે સમયે સમયે પરિણમે છે તેના પરિણમવાથી લોકના પણ પરિણામ જાણો.

જુઓ, પહેલાં નિત્ય દ્રવ્યની વાત કરીને પછી તેના પરિણામની વાત લીધી, એ પ્રમાણે ક્રમસર વાત કરી છે. છએ દ્રવ્યો છે તે પરિણામ સ્વભાવવાળો છે. દ્રવ્યોને કોઈ બીજો પરિણમાવનાર નથી. પણ બધાં દ્રવ્યો સ્વભાવથી જ પરિણામી છે. છ દ્રવ્યો ન માને તો તે સર્વજ્ઞને માનતો નથી. કાળ પણ મૂળ દ્રવ્ય છે. છએ દ્રવ્યો વસ્તુપણે નિત્ય ટકીને સમયે સમયે પરિણમે છે – એવો તેમનો સ્વભાવ છે. સિદ્ધ ભગવંતોને કાળને લીધે પરિણમવું પડે છે – એમ નથી. અનંત અલોક, તેની મધ્યમાં લોક, તે લોક છ દ્રવ્યસ્વરૂપ છે, તે છએ દ્રવ્યો નિત્ય હોવાથી લોક પણ નિત્ય છે, ને તે છએ દ્રવ્યો પરિણામસ્વભાવી છે. તેના પરિણમવાથી લોકના પણ પરિણામ જાણો. આ રીતે નિત્ય અને પરિણામી – એમ બે વાત કરીને વસ્તુનું સ્વરૂપ બતાવ્યું.

જગતના જીવો પરિણામ સ્વભાવી છે. એટલે કોઈ કોઈને મારી કે બચાવી શકતું નથી. શરીરના પરિણામ તેનાથી થાય છે. આત્મા તેનો કર્તા નથી. છએ દ્રવ્યોમાં દ્રવ્યત્વગુણ છે, તેથી તેઓ સમયે સમયે નવી નવી હાલતરૂપે પરિણમે છે. બીજો એમ માને કે હું તેને બદલાવું – તો તે મિથ્યાદૃષ્ટિ છે. જીવ શું કરે ? જાણવા–દેખવાના પરિણામ કરે, અને અજ્ઞાની તેમાં અભિમાન કરે કે 'મેં પરને બચાવી દીધા, મારાથી આ મર્યાં !' ધર્મી સમ્યગ્દૃષ્ટિ તો જાણે છે કે હું જ્ઞાન સ્વભાવી છું, ને આખો લોક મારું જ્ઞેય છે. તેમાં છએ દ્રવ્યો સમયે સમયે પરિણમે છે. કર્મને લીધે આત્માના પરિણામ થાય – એ વાત રહેતી નથી. દુશ્મનને લીધે ભયના પરિણામ થાય એમ નથી. લોકને કોઈનો ટેકો નથી કે તેનો કોઈ કર્તા નથી. તેમ લોકના કોઈ દ્રવ્યના પરિણામનો પણ કોઈ બીજો કર્તા નથી. લોકમાં છએ દ્રવ્યો ભલે એક ક્ષેત્રે રહ્યાં છે તોપણ કોઈ કોઈનું કર્તા નથી, દરેક દ્રવ્ય પોતે જ પરિણામ સ્વભાવી છે. આવા સ્વભાવને જાણે તો જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય ને પરનું અભિમાન ઊડી જાય.

દ્રવ્ય છે તે પરિણામ સ્વભાવી છે, અને દ્રવ્યોનો સમુદાય તે લોક છે. તેથી દ્રવ્યોના પરિણામ તે જ લોકના પણ પરિણામ છે. જેમ ત્રિકાળી દ્રવ્યોનો કોઈ કર્તા નથી તેમ તેની પર્યાયનો પણ કોઈ કર્તા નથી.

પ્રશ્ન :– પરિણામ એટલે શું ?

ઉત્તર :– પરિણામ એટલે પર્યાય, અવસ્થા. દ્રવ્ય પહેલાં એક અવસ્થારૂપ હતું, તે અવસ્થા પલટીને બીજી નવી અવસ્થારૂપે થયું તેનું નામ પરિણામ અથવા પર્યાય છે. લાકડું નીચે હોય ને ઊંચું થાય – તે તેના પરિણામ છે. વસ્તુની વર્તમાન અવસ્થા તે પરિણામ છે. એક પરિણામ બદલીને બીજા પરિણામરૂપે દ્રવ્ય પોતે થાય છે, કોઈ બીજો તેના પરિણામને કરતો નથી. દ્રવ્ય સદા એકરૂપ રહે છે, ને તેની પર્યાયો સમયે સમયે પલટાયા કરે છે. પરની પર્યાયને મેં ફેરવી કે મારી પર્યાયને બીજો ફેરવે એમ માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. પરજીવની દયાનો ભાવ થાય તે પુણ્ય છે, પણ તે વખતે એમ માને કે 'મારા ભાવને લીધે મેં પરજીવને બચાવી દીધો' તો તેને મિથ્યાત્વનું મહાપાપ સાથે બંધાય છે. જ્ઞાનીને પણ શુભભાવ તો આવે, પણ તેને વસ્તુસ્વરૂપનું ભાન છે કે મારે લીધે પરજીવ બચતો કે મરતો નથી. શુભભાવ આવે માટે ત્યાં મિથ્યાત્વ જ લાગી જાય – એવું નથી. દ્રવ્ય પોતે એક અવસ્થામાંથી પલટીને બીજી અવસ્થારૂપે થાય છે. જેમકે માટીની પિંડરૂપ અવસ્થા હતી, તે પલટીને ઘડારૂપ અવસ્થા થઈ. લોટ હતો તે પલટીને રોટલી થઈ, તે બન્ને પરમાણુઓના

પરિણામ છે. કોઈ કુંભાર ઘડાનો કર્તા નથી ને બાઈ રોટલીની કર્તા નથી. પરિણામને વસ્તુ પોતે જ કરે છે. આ પ્રમાણે દરેક વસ્તુના પરિણામ સમજવા.

લોકનો આકાર એવો ને એવો રહેલો હોવા છતાં તેના પરિણામ સમય સમયમાં પલટી રહ્યાં છે. લાકડું સ્થૂળપણે એવું ને એવું લાગે છે. પણ એક સેંકડમાં તેની અસંખ્ય અવસ્થાઓ પલટી જાય છે. છ દ્રવ્યોની પર્યાયો પલટવા છતાં લોકનો આકાર નિત્ય એકરૂપ છે, તે લોકનો આકાર તથા તેનું માપ હવે કહે છે.

ગાથા–૧૧૮

**सप्त एकः पन्च एकः मूले मध्ये तथैव ब्रह्मान्ते।**
**लोकान्ते रज्जवः पूर्वापरतः च विस्तारः।।११८।।**

**અર્થ :– લોકનો નીચે મૂળમાં પૂર્વ–પશ્ચિમ તો સાત રાજુ વિસ્તાર છે, મધ્યમાં એક રાજુ વિસ્તાર છે, ઉપર બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ વિસ્તાર છે તથા લોકના અંતમાં એક રાજુનો વિસ્તાર છે.**

**ભાવાર્થ :– આ લોક નીચલા ભાગમાં પૂર્વ–પશ્ચિમદિશામાં સાત રાજુ પોહોળો છે, ત્યાંથી અનુક્રમે ઘટતો ઘટતો મધ્યલોકમાં એક રાજુ રહે છે, પછી ઉપર અનુક્રમે વધતો વધતો બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ પહોળો થાય છે, પછી ઘટતો ઘટતો અંતમાં એક રાજુ રહે છે, એ પ્રમાણે થતાં દોઢ મૃદંગ ઉભાં મુકીએ તેવો આકાર થાય છે. આગળ દક્ષિણ–ઉત્તર વિસ્તાર વા ઉંચાઈને કહે છે :–**

અર્થ :– લોકનો નીચે મૂળમાં પૂર્વ–પશ્ચિમ તો સાત રાજુ વિસ્તાર છે, મધ્યમાં એક રાજુ વિસ્તાર છે, ઉપર બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ વિસ્તાર છે તથા લોકના અંતમાં એક રાજુનો વિસ્તાર છે.

ભાવાર્થ :– આ લોક નીચલા ભાગમાં પૂર્વ–પશ્ચિમદિશામાં સાત રાજુ પોહોળો છે, ત્યાંથી અનુક્રમે ઘટતો ઘટતો મધ્યલોકમાં એક રાજુ રહે છે, પછી ઉપર અનુક્રમે વધતો વધતો

બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ પહોળો થાય છે, પછી ઘટતો ઘટતો અંતમાં એક રાજુ રહે છે, એ પ્રમાણે થતાં દોઢ મૃદંગ ઊભાં મૂકીએ તેવો આકાર થાય છે.

આવો લોક કોઈનો કરેલો નથી. કોઈ તેનો હરનાર નથી તેને જેમ છે તેમ જાણવાનો મારો સ્વભાવ છે, એમ વિચારતાં ધર્મી જીવને જ્ઞાનસ્વભાવના અવલંબને શુદ્ધતા વર્તે છે, ને સંવરનિર્જરારૂપ ધર્મ થાય છે. તે માટે આ ભાવનાઓનું વર્ણન છે.

# પ્રસાદ નં. – ૨૨૧

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ સુદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૭-૬-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૭, શનિવાર, ૩૧-૫-૫૨ સવાર)**

આ લોક અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાનમાં સમસ્ત લોક અલોકને જાણવાની તાકાત છે. જેવું લોકનું સ્વરૂપ હોય તેવું જ જાણે ત્યાં યથાર્થ જ્ઞાન કહેવાય, સર્વજ્ઞે જેવો લોક જોયો છે તેનું આ વર્ણન છે. તેનાથી વિપરીત માને તે જીવને જ્ઞાનસ્વભાવનું ભાન નથી. સમ્યગ્દષ્ટિ જીવ સ્વભાવના ભાનપૂર્વક લોકના સ્વરૂપનો વિચાર કરે છે.

ગાથા–૧૧૯
લોકની દક્ષિણ–ઉત્તર વિસ્તાર વા ઉંચાઈ

**दक्षिणोत्तरतः पुनः सप्त अपि रज्जवः भवति सर्वत्र।**
**ऊर्ध्वः चतुर्दशरज्जुः सप्त अपि रज्जुघनः लोकः।।११९।।**

**અર્થ :– દક્ષિણ–ઉત્તર દિશામાં સર્વ ઉંચાઈ સુધી આ લોકનો સાત રાજુ વિસ્તાર છે, ઉંચાઈ ચૌદ રાજુ છે તથા સાત રાજુનું ઘનપ્રમાણ છે.**

**ભાવાર્થ :– દક્ષિણ–ઉત્તર સર્વત્ર સાત રાજુ પહોળો અને ચૌદ રાજુ ઉંચાઈમાં છે એવા લોકનું ઘનફળ કરવામાં આવે ત્યારે તે ૩૪૩ ઘનરાજુ થાય છે. એક રાજુ પહોળાઈ, એક રાજુ લંબાઈ તથા એક રાજુની ઉંચાઈવાળા સમાન ક્ષેત્રખંડને ઘનફળ કહેવામાં આવે છે.**

અનાદિ અકૃત્રિમ આવો લોક છે, જ્ઞાનનો આવો મહિમા છે કે લોકને જેમ છે તેમ જાણી લ્યે છે. બીજા મતમાં લોકનું જે માપ કહે છે તેના હિસાબે ૩૪૩ રાજુનો મેળ થતો નથી. લોકની ઉંચાઈના ભેદ કહે છે.

ગાથા–૧૨૦

ઉંચાઈના ભેદ

**मेरोः अधोभागे सप्त अपि रज्जू भवेत् अधोलोकः।**
**ऊर्ध्वे ऊर्ध्वलोकः मेरुसमः मध्यमः लोकः।।१२०।।**

**અર્થ :– મેરૂના નીચેના ભાગમાં સાત રાજુ અધોલોક છે, ઉપર સાત રાજુ ઊર્ધ્વલોક છે અને વચ્ચે મેરૂ પર્વત સમાન લાખ યોજનનો મધ્યલોક છે. એ પ્રમાણે ત્રણ લોકનો વિભાગ જાણવો.**

એક રાજુમાં અસંખ્યાત યોજન છે. નીચે અધોલોક સાત રાજુ છે. ઉપર સાત રાજુ છે, ને તેમાંથી વચમાં ૧ લાખ યોજનનો મધ્યલોક છે. ૧૮૦૦ યોજનનો જ મધ્યલોક નથી, પણ ૧ લાખ યોજનનો મધ્યલોક છે.

ગાથા–૧૨૧

**આગળ 'લોક' શબ્દનો અર્થ કહે છે :–**

**दृश्यन्ते यत्र अर्थाः जीवाद्याः स भण्यते लोकः।**
**तस्य शिखरे सिद्धाः अन्तविहीनाः विराजन्ति।।१२१।।**

**અર્થ :– જ્યાં જીવાદિ પદાર્થ જોવામાં આવે છે તેને લોક કહે છે, તેના શિખર ઉપર અનંત સિદ્ધો બિરાજે છે.**

**ભાવાર્થ :– તે દર્શનના અર્થમાં વપરાય છે. વ્યાકરણમાં 'લોક' ધાતુ છે તેના આશ્રયાર્થમાં અકાર પ્રત્યયથી 'લોક' શબ્દ ઉપજે છે. તેથી જેમાં જીવાદિક દ્રવ્યો જોવામાં આવે તેને લોક કહેવામાં આવે છે. તેના ઉપર અંત(ભાગ)માં કર્મરહિત અને અનંત ગુણસહિત અવિનાશી અનંત શુદ્ધજીવ બિરાજે છે.**

लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्थाः यत्र स लोकः - જ્યાં જીવાદિ છ પદાર્થો દેખવામાં આવે છે તેને લોક કહે છે. આ લોકના શિખર ઉપર લોકના મુગટ સમાન અનંતા સિદ્ધ ભગવંતો પરમાનંદદશામાં બિરાજે છે. લોકનું વર્ણન કરતાં સૌથી ઉત્કૃષ્ટ સિદ્ધભગવંતોને યાદ કર્યાં. સિદ્ધદશામાં આત્માના સ્વભાવમાંથી જ પરમાનંદમય સુખ પ્રગટે છે. ત્યાં લાડી-વાડી-ઘોડી વગેરે કાંઈ નથી, પણ સ્વભાવથી જ સુખ છે.

વ્યાકરણના હિસાબે લોકનો એવો અર્થ છે કે જ્યાં જીવાદિ પદાર્થો જોવામાં આવે તે લોક છે. તે લોકના ઉપરના છેડે અનંત સિદ્ધભગવંતો કર્મ રહિત અને અનંત ગુણસહિત બિરાજમાન છે. મુક્તિ શિલા કરતાં પણ સિદ્ધભગવંતો તો ઘણાં ઊંચે છે. અહો ! મારો સ્વભાવ કેવળ જ્ઞાનમય છે, મારા જ્ઞાનમાં આવો લોક–અલોક બધુંય પ્રમેય છે – આમ જ્ઞાનની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ છ દ્રવ્ય સ્વરૂપ લોકને જાણે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ બધાને જાણે, પણ કોઈને તોડે નહિ. ફોડે નહિ, ફેરફાર કરે નહિ.

હવે આ લોકમાં જીવાદિક છ દ્રવ્ય છે તેનું વર્ણન કરે છે. તેમાં પ્રથમ જ જીવદ્રવ્યનું વર્ણન કરે છે.

**ગાથા–૧૨૨**

**આગળ આ લોકમાં જીવાદિક છ દ્રવ્ય છે તેનું વર્ણન કરે છે ત્યાં પ્રથમ જ જીવદ્રવ્યને કહે છે :–**

एकेन्द्रियैः भृतः पन्चप्रकारैः सर्वतः लोकः।
त्रसनाड्यां अपि त्रसा न बाह्याः भवन्ति सर्वत्र।।१२२।।

**અર્થ :– આ લોક પૃથ્વી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિ એ પાંચ પ્રકારની કાયાના ધારક એવા જે એકેન્દ્રિય જીવો તેનાથી સર્વત્ર ભરેલો છે, વળી ત્રસ જીવો ત્રસનાડીમાં જ છે–બહાર નથી.**

**ભાવાર્થ :– સમાન પરિણામની અપેક્ષાએ ઉપયોગ લક્ષણવાન જીવદ્રવ્ય સામાન્યપણે એક છે તોપણ વસ્તુ, ભિન્નપ્રદેશપણાથી પોતપોતના સ્વરૂપ સહિત જુદા જુદા અનંત (જીવો) છે. તેમાં જે એકેન્દ્રિય છે તે તો સર્વલોકમાં છે તથા બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય અને પંચેન્દ્રિય ત્રસ જીવો છે તે ત્રસનાડીમાં જ છે.**

બધા જીવોમાં ઉપયોગલક્ષણ એક સરખું છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. અથવા ચૈતન્યનું અનુવર્તીને થનારા પરિણામ તે ઉપયોગ છે. તે ઉપયોગ અપેક્ષાએ બધા જીવો સમાન છે. આ સામાન્ય ઉપયોગ અપેક્ષાએ વાત છે. ત્રિકાળ શુદ્ધ એવા સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ અપેક્ષાએ બધા જીવોને 'નિયમસાર'માં સમાન કહ્યાં છે, ને અહીં ઉપયોગના પરિણામની અપેક્ષાએ બધા જીવોને સમાન કહ્યાં છે. ઉપયોગમાં હીનાધિકતા હોય તેને મુખ્ય ન કરતાં ઉપયોગ અપેક્ષાએ બધા જીવો સમાન છે. છતાં તેમાં દરેક જીવના પોતપોતાના પ્રદેશો ભિન્ન છે, એવા અનંત જીવો છે. તેમાં જે એકેન્દ્રિય છે તે જીવો તો આખા લોકમાં સર્વત્ર છે. તથા બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવો તો ત્રસનાડીમાં છે.

ગાથા–૧૨૩

**હવે આગળ બાદર–સૂક્ષ્માદિ ભેદ કહે છે :–**

**पूर्णाः अपि अपूर्णाः अपि च स्थूलाः जीवाः भवन्ति साधाराः।**
**षोढा सूक्ष्माः जीवाः लोकाकाशे अपि सर्वत्र।।१२३।।**

**અર્થ :– જે જીવ આધાર સહિત છે તે તો સ્થૂલ એટલે બાદર છે અને તે પર્યાપ્ત છે તથા અપર્યાપ્ત પણ છે, તથા જે લોકાકાશમાં સર્વત્ર અન્ય આધાર રહિત છે તે જીવ સૂક્ષ્મ છે તેના છ પ્રકાર છે.**

અપર્યાપ્ત કરતાં પર્યાપ્ત જીવો જગતમાં ઝાઝા છે. કોઈ જીવ પર્યાપ્ત પલટીને અપર્યાપ્ત થાય ને અપર્યાપ્ત પલટીને પર્યાપ્ત થાય. પણ જગતમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવો તો સદાય છે. તેનો કદી અભાવ થતો નથી.

ગાથા–૧૨૪

**આગળ બાદર તથા સૂક્ષ્મ કોણ કોણ છે તે કહે છે :–**

**पृथ्वीजलाग्निवायवः चत्वारः अपि भवन्ति बादराःसूक्ष्माः।**
**साधारणप्रत्येकाः वनस्पतिः पन्चमा द्विविधाः।।१२४।।**

**અર્થ :– પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર તો બાદર પણ છે તથા સૂક્ષ્મ પણ છે તથા પાંચમી વનસ્પતિ છે તે પ્રત્યેક અને સાધારણ ભેદથી બે પ્રકારની છે.**

આવા જીવો જગતમાં છે – એનું જ્ઞાન કરવાની વાત છે. જો આવું જ્ઞાન ન કરે તો કાં અજ્ઞાની હોય ને કાં અલ્પજ્ઞ હોય.

વનસ્પતિમાં એક શરીરમાં કાં એક જીવ રહે ને કાં અનંત જીવ રહે; વચલો ભેદ નથી. આ જીવોને કોઈ મારી કે બચાવી શકે છે એ વાત નથી. પણ આવું વસ્તુસ્વરૂપ જગતમાં છે, તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

**ગાથા–૧૨૫**

**આગળ સાધારણ અને પ્રત્યેકના સૂક્ષ્મપણાને કહે છે :–**

**साधारणाः अपि द्विविधाः अनादिकालाः च सादिकाला च।**
**ते अपि च बादरसूक्ष्माः शेषाः पुनः बादराः सर्वे।।१२५।।**

**અર્થ :– સાધારણ જીવો બે પ્રકારના છે, અનાદિકાલિન એટલે નિત્યનિગોદ તથા સાદિકાલિન એટલે ઇતરનિગોદ. એ બંને બાદર પણ છે તથા સૂક્ષ્મ પણ છે. બાકીના પ્રત્યેક વનસ્પતિના અને ત્રસના એ બધા બાદર જ છે.**

**ભાવાર્થ :– પૂર્વે કહેલા જે છ પ્રકારના સૂક્ષ્મ જીવો છે તે પૃથ્વી, જળ, તેજ અને વાયુ તો પહેલી ગાથામાં કહ્યા તથા નિત્યનિગોદ અને ઇતરનિગોદ એ બંને એ પ્રમાણે છ પ્રકારના તો સૂક્ષ્મ જાણવા. વળી છ પ્રકાર એ કહ્યા (તે સિવાય) બાકીના રહ્યા તે સર્વ બાદર જાણવા.**

અનાદિકાળથી નિગોદમાં પડેલા જીવો છે, કે જેઓએ કદી ત્રસનો ભવ કર્યો જ નથી અને જીવોને મનુષ્યપણું પામીને પણ આત્માની સમજણનો વખત નથી મળતો !

ભાવાર્થ :– પૂર્વે કહેલા જે છ પ્રકારના સૂક્ષ્મ જીવો છે તે પૃથ્વી, જળ, તેજ અને વાયુ તો પહેલી ગાથામાં કહ્યા તથા નિત્યનિગોદ અને ઇતરનિગોદ એ બંને એ પ્રમાણે છ પ્રકારના તો સૂક્ષ્મ જાણવા. વળી છ પ્રકાર એ કહ્યા (તે સિવાય) બાકીના રહ્યા તે સર્વ બાદર જાણવા.

હવે સાધારણ જીવોનું સ્વરૂપ કહે છે.

ગાથા–૧૨૬

**આગળ સાધારણનું સ્વરૂપ કહે છે :–**

**साधारणानि येषां आहारोच्छ्वासकायआयूंषि।**
**ते साधारणजीवाः अनन्तानन्तप्रमाणानाम्।।१२६।।**

**અર્થ :– જે અનંતાનંત પ્રમાણ જીવોને આહાર, ઉશ્વાસ, કાય અને આયુ સાધારણ એટલે સમાન છે તે બધા સાધારણ જીવ છે. યથા :–**

જગતમાં ત્રણ પ્રકારે સમાનતા છે :--

(૧) સિદ્ધોમાં સામ્યતા છે. બધા જીવોને જ્ઞાન-આનંદની પૂર્ણતા સરખી છે, ત્યાં હીનાધિકતા નથી.

(૨) સાધારણ-નિગોદના જીવોમાં એવી સામ્યતા છે કે અનંત જીવોને એક જ શરીર, એક જ આહાર, એક જ શ્વાસ ને એક જ આયુષ્ય !

તત્ત્વના આરાધક જીવો સિદ્ધ થઈને સમાનતા પામે છે, ને તત્ત્વના વિરાધક જીવો નિગોદ થઈને ત્યાં સમાનતા પામે છે.

(૩) આ સિવાય જુગલિયાંમાં પુણ્ય સંબંધી કાંઈક સામ્યતા છે, પણ તેની સંખ્યા તો થોડી છે. સિદ્ધ અને નિગોદમાં અનંત જીવો છે.

**ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૯૩માં કહ્યું છે કે :–**

**यत्र एकः म्रियते जीवः तत्र तु मरणं भवेत् अनन्तानाम्।**
**चक्रमति यत्र एकः चक्रमणं तत्र अनन्तानाम्।।**

ગોમટ્ટ.જીવ.ગા.૧૯૩

**અર્થ :– જ્યાં એક સાધારણ નિગોદજીવ ઉપજે ત્યાં તેની સાથે જ અનંતાનંત ઉપજે**

**તથા એક નિગોદજીવ મરે ત્યાં તેની સાથે જ અનંતાનંત સમાનઆયુવાળા મરે છે.**

**ભાવાર્થ :– એક જીવ જે આહાર કરે તે જ અનંતાનંત જીવોનો આહાર, એક જીવ શ્વાસોશ્વાસ લે તે જ અનંતાનંત જીવોનો શ્વાસોશ્વાસ, એક જીવનું શરીર તે જ અનંતાનંત જીવોનું શરીર તથા એક જીવનું આયુષ, તે જ અનંતાઅંત જીવોનું આયુષ, એ પ્રમાણે સર્વ સમાન છે તેથી તેમનું સાધારણ નામ જાણવું.**

આત્માના સ્વભાવની વિરાધના કરીને નિગોદમાં ગયા ત્યાં અનંત જીવ વચ્ચે એક જ શરીર છે, એક જીવનો જે આહાર છે તે જ અનંત જીવોનો આહાર છે. જીવને આહાર છે તે તો નિમિત્તનું કથન છે, ઉપાદાનમાં એક જ પ્રકાર છે કે જીવોના પરિણામની તેવી તેવી યોગ્યતા છે; સાધારણ નિગોદમાં આયુષ્ય ને શ્વાસોશ્વાસ પણ અનંત જીવોને સમાન છે. હવે સૂક્ષ્મ અને બાદરનું સ્વરૂપ કહે છે.

ગાથા–૧૨૭

**આગળ સૂક્ષ્મ અને બાદરનું સ્વરૂપ કહે છે :–**

**न च येषां प्रतिस्खलनं पृथ्वीतोयैः अग्निवायुभिः।**
**ते जानीहि सूक्ष्मकायाः इतरे पुनः स्थूलकायाः च।।१२७।।**

**અર્થ :– જે જીવો, પૃથ્વી, જળ, અગ્નિ અને પવનથી રોકાતા નથી તે જીવોને સૂક્ષ્મ જાણવા તથા જે તેનાથી રોકાય છે તેને બાદર જાણવા.**

અહીં આ પ્રમાણે વ્યાખ્યા કરીને સમજાવ્યું છે. પણ ખરી રીતે 'સૂક્ષ્મ નામકર્મનો જેને ઉદય છે તે સૂક્ષ્મજીવ છે ને બાદર નામકર્મનો જેને ઉદય છે તે બાદર જીવ છે.'

ગાથા-૧૨૮

**આગળ પ્રત્યેકને વા ત્રસને કહે છે :–**

**प्रत्येकाः अपि च द्विविधाः निगोदसहिताः तथैव रहिताः च।**
**द्विविधाः भवन्ति त्रसाः अपि च द्वित्रिचतुरक्षाः तथैव पन्चाक्षाः।।१२८।**

**અર્થ :– પ્રત્યેક વનસ્પતિ પણ બે પ્રકારની છે તે નિગોદ સહિત છે તથા નિગોદ રહિત પણ છે. વળી ત્રસ પણ બે પ્રકારના છે, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય તથા ચાર ઇન્દ્રિય એ ત્રણ તો વિકલત્રય (ત્રસ) તથા એજ પ્રમાણે પંચેન્દ્રિય (ત્રસ) છે.**

**ભાવાર્થ :– જે વનસ્પતિના આશ્રયે નિગોદ હોય તે તો સાધારણ છે તેને સપ્રતિષ્ઠિત પણ કહેવામાં આવે છે, તથા જેના આશ્રયે નિગોદ નથી તેને પ્રત્યેક જ કહેવામાં આવે છે અને એને જ અપ્રતિષ્ઠિત પણ કહેવામાં આવે છે. વળી બેઇન્દ્રિયાદિકને ત્રસ કહેવામાં આવે છે.**[1]

લીમડાનો કોર છે તે નિગોદ છે, ને પાંદડા છે તે પ્રત્યેક છે. કોરમાં અનંત જીવો છે, ને પાંદડાંમાં અસંખ્ય છે. જીવો પોતાની ચૈતન્યઋદ્ધિને હારી જઈને આવી હીનદશા

---

मूलाग्रपर्वबीजाः कन्दाः स्कन्धबीजाः बीजरुहाः।
सम्मूर्छना च भणिताः प्रत्येकाः अनन्तकायाः च।।१।।

ગો.જી.ગા.૧૮૫

અર્થ :– જે વનસ્પતિ, મૂળ અગ્ર પર્વ કંદ સ્કંધ તથા બીજથી ઉત્પન્ન થાય છે તથા જે સન્મુર્ચ્છન છે તે વનસ્પતિઓ સપ્રતિષ્ઠિત તથા અપ્રતિષ્ઠિત બંને પ્રકારની હોય છે.

ભાવાર્થ :– ઘણી ખરી વનસ્પતિઓ મૂળથી ઉત્પન્ન થાય છે જેમકે અદરક–હળદી વગેરે વગેરે, કોઈ વનસ્પતિ અગ્રભાગથી ઉત્પન્ન થાય છે, જેમ કે ગુલાબ, કોઈ વનસ્પતિની ઉત્પત્તિ પર્વથી થાય છે જેમ કે ઇક્ષુ–વેંત આદિ, કોઈ વનસ્પતિ કંદથી ઉત્પન્ન થાય છે જેમકે સૂરણ વગેરે, કોઈ વનસ્પતિ સ્કંધથી ઉત્પન્ન થાય છે જેમકે ઢાક વગેરે, ઘણીખરી વનસ્પતિ બીજથી ઉત્પન્ન થાય છે જેમકે ચણા–ઘહુવ વગેરે, કોઈ વનસ્પતિ પૃથ્વી–જળ આદિના સંબંધથી ઉત્પન્ન થઈ જાય છે અને તે સન્મુર્ચ્છન છે, જેમકે ઘાસ વગેરે. આ બધી વનસ્પતિ સપ્રતિષ્ઠિત તથા અપ્રતિષ્ઠિત બંને પ્રકારની હોય છે.

પામ્યા છે, તે સર્વજ્ઞે જોયું છે. બધાને જાણી–રાગદ્વેષ ટાળી – વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરવાનો આત્માનો સ્વભાવ છે.

## ગાથા–૧૨૯

## પંચેન્દ્રિયના ભેદો

**હવે આગળ પંચેન્દ્રિયોના ભેદ કહે છે :–**

**पन्चाक्षाः अपि च त्रिविधाः जलस्थलआकाशगामिनः तिर्यन्चः।**
**प्रत्येकं ते द्विविधा मनसा युक्ताः अयुक्ताः च।।१२९।।**

---

**गूढशिरः सन्धिपर्वं समभन्गं महीरुहं च छिन्नरुहं।**
**साधारणं शरीरं तद्विपरितं च प्रत्येकम्।।२।।**

ગો. જી. ગા. ૧૮૬

અર્થ :– જે વનસ્પતિઓના શીરા, સંધી, પર્વ પ્રગટ ન હોય તથા જેમાં તંતુ ઉત્પન્ન ન થયા હોય તથા જેને કાપતાં પાછી વધી જાય તે સપ્રતિષ્ઠિત વનસ્પતિ છે તેનાથી ઉલ્ટા પ્રકારની હોય તે બધી અપ્રતિષ્ઠિત સમજવી.

**मूले कन्दे त्वचि प्रवाले अन्कूरे दले कुसुमे फले बीजे।**
**समभन्गे सति अनन्ताः असमे सति भवन्ति प्रत्येकाः।।३।।**

ગો. જી. ગા. ૧૮૭

અર્થ :– જે વનસ્પતિઓનાં મૂળ (હલદી–અદરકાદિ) કંદ (સૂરણાદિ) છાલ, નવી કુંપલ, નસ, ફુલ, ફળ તથા બીજ તોડતાં બરાબર સમભંગે તૂટી જાય તે સપ્રતિષ્ઠિત પ્રત્યેક છે તથા જે બરાબર સમભંગે ન તૂટે તે અપ્રતિષ્ઠિત પ્રત્યેક છે.

**कन्दस्य वा मूलस्य वा शाखास्कन्धस्य वा अपि बहुलतरी।**
**त्वक् सा अनन्तजीवा प्रत्येकजीवा तु तनुकदरी।।४।।**

ગો. જી. ગા. ૧૮૮

અર્થ :– જે વનસ્પતિઓનાં મૂળ કંદ ટહની સ્કંધની છાલ મોટી હોય તેને સપ્રતિષ્ઠિતપ્રત્યેક (અનંત જીવોનું સ્થાન) સમજવી તથા જેની છાલ પાતળી હોય તેને અપ્રતિષ્ઠિતપ્રત્યેક જાણવી.

અર્થ :– જળચર, થલચર, અને નભચર એ પ્રમાણે પંચેન્દ્રિયતિર્યંચના ત્રણ પ્રકાર છે, વળી તેઓમાં કોઈ મનસહિત સંજ્ઞિ પણ છે તથા કોઈ મનરહિત અસંજ્ઞિ પણ છે. તેના ભેદ કહે છે :–

ગાથા–૧૩૦

ते अपि पुनः अपि च द्विविधाः गर्भजन्मानः तथैव सम्मूर्छनाः।
भोगभुवः गर्भभुवः स्थलचरनभोगामिनः संज्ञिनः।।१३०।।

અર્થ :– એ છ પ્રકારના તિર્યંચ તે ગર્ભજ પણ છે તથા સમ્મૂર્ચ્છન પણ છે તેમાં જે ભોગભૂમિના તિર્યંચ છે તે થલચર તથા નભચર જ છે પણ જળચર નથી અને તેઓ સંજ્ઞિ જ છે પણ અસંજ્ઞિ નથી.

ગાથા–૧૩૧

આગળ અઠ્ઠાણું (૯૮) જીવસમાસને તથા તિર્યંચોના પંચાશી (૮૫) ભેદોને કહે છે :–

अष्टौ अपि गर्भजाः द्विविधाः त्रिविधाः सम्मूर्च्छनाः अपि त्रयोविंशतिः।
इति पन्चाशीतिः भेदाः सर्वेषां भवन्ति तिरश्चां।।१३१।।

અર્થ :– સર્વ તિર્યંચોના પંચાશી(૮૫) ભેદ છે. ત્યાં ગર્ભજના આઠ છે, તે પર્યાપ્ત–અપર્યાપ્તથી સોળ (૧૬) ભેદ થયા, અને સમ્મૂર્ચ્છનના તેવીસ ભેદ છે તે પર્યાપ્ત, અપર્યાપ્ત અને લબ્ધ્યપર્યાપ્તથી (ગુણતાં) અગ્નોશિત્તેર (૬૯) ભેદ થયા એ પ્રમાણે સર્વ મળી પંચ્યાશી (૮૫) ભેદ છે.

ભાવાર્થ :– પૂર્વે કહેલા કર્મભૂમિના ગર્ભજોના જળચર, થલચર અને નભચર (જીવો) છે તેના સંજ્ઞિ, અસંજ્ઞિ ભેદથી છ ભેદ થયા. વળી ભોગભૂમિના થલચરસંજ્ઞિ તથા નભચર સંજ્ઞિ એ આઠે ભેદ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી સોળ ભેદ થયા, સમ્મૂર્ચ્છનના પૃથ્વી, અપ, તેજ અને વાયુ, નિત્યનિગોદના સૂક્ષ્મ અને બાદર મળી બાર (૧૨) ભેદ તથા વનસ્પતિના

**સપ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત એ બંને મળી ૧૪ ચૌદ તો એકેન્દ્રિયના ભેદ થયા, વિકલત્રયના ત્રણ અને કર્મભૂમિના પંચેન્દ્રિયના સંજ્ઞિજળચર, અસંજ્ઞિજળચર, સંજ્ઞિથલચર, અસંજ્ઞિથલચર, સંજ્ઞિનભચર તથા અસંજ્ઞિનભચર એ છ ભેદ, એ પ્રમાણે બધા મળી તેવીસ ભેદ થયા, તે બધા પર્યાપ્ત અપર્યાપ્ત અને લબ્ધપર્યાપ્ત ભેદે કરી ગણતાં (૬૯) અગ્ણોશિત્તેર ભેદ થયા. એ પ્રમાણે પ્રથમના સોળ અને આ અગ્ણોશિત્તેર મળી પંચાશી (૮૫) – ભેદ થયા.**

લોકમાં રહેલા જીવોના કેવા કેવા પ્રકારો છે તેનું આ વર્ણન છે. જીવ પોતે આવા આવા અનેક પ્રકારના અવતારોમાં ઊપજી આવ્યો છતાં તેને તેનું ભાન નથી. અહો ! અમે તો કેવળજ્ઞાનનાંકંદ છીએ, સિધ્ધની જાતના આત્મા છીએ – એવું ભાન કર્યું નહિ. બધાં પડખેથી તત્ત્વનું આરાધન કર્યું નહિ, ને વિરાધના કરી તે જીવો આવા સંસારમાં રખડે છે.

પર્યાપ્ત એટલે જેને પર્યાપ્તિ પૂરી થઈ ગઈ હોય.

નિવૃત્તિ અપર્યાપ્ત એટલે જેને પર્યાપ્તિ પૂરી થઈ નથી પણ પછી પૂરી થવાની છે,

લબ્ધિઅપર્યાપ્ત એટલે પર્યાપ્ત પૂરી થવા પહેલાં જ જેનું મરણ થઈ જાય છે તે.

ગાથા–૧૩૨

**હવે આગળ મનુષ્યના ભેદ કહે છે :–**

**आर्य्यम्लेच्छखण्डेषु भोगभूमिषु अपि कुभोगभुमिषु।**
**मनुष्याः भवन्ति द्विविधाः निवृत्यपर्याप्ताः पूर्णपर्याप्ताश्च।।१३२।।**

**અર્થ :– આર્યખંડમાં, મ્લેચ્છખંડમાં, ભોગભૂમિમાં તથા કુભોગભૂમિમાં મનુષ્ય છે તે ચારે (પ્રકારના) મનુષ્યોના પર્યાત્ય તથા નિવૃત્તિઅપર્યાપ્તથી આઠ પ્રકાર છે.**

ગાથા–૧૩૩

**सम्मूर्छनाः मनुष्याः आयर्यखण्डेषु भवन्ति नियमेन।**
**ते पुनः लब्धिअपूर्णाः नारकाः देवाः अपि ते द्विविधाः।।१३३।।**

અર્થ :– સમ્મુર્ચ્છનમનુષ્ય, આર્યખંડમાં જ નિયમથી હોય છે અને તે લબ્ધ્યપર્યાપ્ત જ હોય છે. વળી નારકી તથા દેવના પર્યાપ્ત અને નિર્વૃત્યપર્યાપ્તના ભેદથી ચાર પ્રકાર છે. એ પ્રમાણે તિર્યંચના પંચાશી ભેદ, મનુષ્યના નવ ભેદ, નારકી તથા દેવના ચાર ભેદ એમ બધાય મળી અઠ્ઠાણું ભેદ થયા, ઘણાને સમાનતાથી ભેગા કરીને – સંક્ષેપતાથી સંગ્રહ કરી કહેવામાં આવે તેને સમાસ કહે છે, અહીં ઘણા જીવોને સંક્ષેપતાથી કહેવું તેને જીવસમાસ જાણવો. એ પ્રમાણે જીવસમાસ કહ્યા.

ગાથા–૧૩૪

હવે આગળ પર્યાપ્તિનું વર્ણન કરે છે :–

आहार शरीरेन्द्रियनिःश्वासोश्वासभाषामनसां।
परिणतयः व्यापारेषु च याः षडेव शक्तयः।।१३४।।

અર્થ :– આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મનના પરિણમનની પ્રવૃત્તિમાં સામર્થ્ય છે તેના છ પ્રકાર છે.

ભાવાર્થ :– આત્માને યથાયોગ્ય કર્મનો ઉદય થતાં આહારાદિ ગ્રહણની શક્તિ હોવી તેને શક્તિરૂપ પર્યાપ્તિ કહીએ છીએ. અને તેના છ પ્રકાર છે.

ગાથા–૧૩૫

આગળ શક્તિનું કાર્ય કહે છે :–

तस्याः एव कारणानां पुद्गलस्कन्धानां या स्फुटं निष्पत्तिः।
सा पर्व्याप्तिः भण्यते षड्भेदाः जिनवरेन्द्रैः।।१३५।।

અર્થ :– એ શક્તિની પ્રવૃત્તિની પૂર્ણતાના કારણરૂપ જે પુદ્ગલસ્કંધ છે તેની પ્રગટપણે નિષ્પત્તિ અર્થાત્ પૂર્ણતા હોવી તેને પર્યાપ્તિ કહે છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

ગાથા–૧૩૬

આગળ પર્યાપ્ત અને નિવૃત્યપર્યાપ્તના કાળને કહે છે :–

पर्याप्तिं गृह्णन् मनःपर्य्याप्तिं न यावत् समाप्नोति।
तावत् निर्वृत्यपर्य्याप्तकः मनःपूर्णः भण्यते पूर्णः।।१३६।।[1]

અર્થ :– આ જીવ, પર્યાપ્તિને ગ્રહણ કરતો થકો જ્યાં સુધી મનપર્યાપ્તિને પૂર્ણ ન કરે ત્યાં સુધી તેને નિર્વૃત્યપર્યાપ્ત કહે છે, અને જ્યારે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે ત્યારે તેને પર્યાપ્ત કહે છે.

ભાવાર્થ :– અહીં સંજ્ઞિપંચેન્દ્રિય જીવની અપેક્ષા લક્ષમાં લઈ આ પ્રમાણે કથન કર્યું છે પરંતુ અન્ય ગ્રંથોમાં જ્યાં સુધી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે નિર્વૃત્યપર્યાપ્ત છે એ પ્રમાણે સર્વજીવ આશ્રી કથન છે.

ગાથા–૧૩૭

આગળ લબ્ધ્યપર્યાપ્તનું સ્વરૂપ કહે છે :–

उच्छ्वासाष्टदशैकभागे यः म्रियते न च समाप्नोति।
एकां अपि च पर्याप्तिं लब्ध्यपर्याप्तकः भवेत् स तु[1]।।१३७।।

---

[1] पर्य्याप्तस्स च उदये निजनिजपर्याप्तिनिष्ठितः भवति।
यावत् शरीरं अपूर्णं निर्वृत्यपूर्णकः तावत्।।१।।

ગો. જી. ગા. ૧૨૦

અર્થ :– પર્યાપ્તિ નામના નામકર્મના ઉદયથી પોતપોતાની પર્યાપ્તિ બનાવે છે. જ્યાં સુધી શરીરપર્યાપ્તિ પૂર્ણ થતી નથી ત્યાં સુધી તેને નિર્વૃત્યપર્યાપ્તક કહે છે.

ભાવાર્થ :– પર્યાપ્તિકર્મનો ઉદય હોવાથી શક્તિની અપેક્ષાએ તો પર્યાપ્ત છે પરંતુ નિવૃત્તિ (શરીર પર્યાપ્તિ બનવી)ની અપેક્ષાએ પૂર્ણ નથી તે નિર્વૃત્યપર્યાપ્ત કહેવાય છે.

[1] षट्त्रिंशत्रिशताधिकषट्सहस्रकानि मरणानि।
अन्तर्मुहूर्तकाले तावन्तः च एव क्षुद्रभवाः।।१।।

ગો. જી. ગા. ૧૨૨

**અર્થ :– જે જીવ શ્વાસના અઢારમા ભાગમાં મરણ પામે એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન કરે તે જીવને લબ્ધ્યપર્યાપ્તક કહે છે.**

લબ્ધિઅપર્યાપ્ત જીવો એક શ્વાસમાં ૧૮ વાર જન્મમરણ કરે છે એટલે એક શ્વાસના અઢારમા ભાગમાં મરે છે. આવા ભવો જીવે અનંતવાર કર્યા છે. જ્ઞાની આવા વિચારથી પોતાના જ્ઞાનની વિશાળતા કરે છે ને વીતરાગતા વધારે છે.

ગાથા–૧૩૮

**આગળ એકેન્દ્રિઆદિ જીવોની પર્યાપ્તિની સંખ્યા કહે છે :–**

**लब्धपर्याप्तके पूर्णं पर्याप्त्या एकाक्षविकलसंज्ञिनाम्।**
**चतस्र पञ्च षट् क्रमशः पर्याप्तयः विजानीहि।।१३८।।**

અર્થ :– લબ્ધ્યપર્યાપ્તક જીવને એક અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ક્ષુદ્રજન્મ થાય છે અને તેટલાં જ ક્ષુદ્રમરણ થાય છે તે કેવી રીતે તે કહે છે :–

**अशीतिः षष्टिः चत्वारिंशत् विकले चतुर्विंशतिः भवन्ति पन्चाक्षे।**
**षट्षष्टिः च सहस्राणि शतं च द्वात्रिंशत् एकाक्षे।।२।।**

ગો. જી. ગા. ૧૨૩

અર્થ :– એક અંતર્મુહૂર્તમાં બેઇન્દ્રિયલબ્ધિપર્યાપ્તકના ૮૦ ત્રણઇન્દ્રિયલબ્ધ્યપર્યાપ્તકના ૬૦ ચાર ઇન્દ્રિયલબ્ધ્યપર્યાપ્તકના ૪૦ તથા પંચેન્દ્રિયલબ્ધ્યપર્યાપ્તકના ૨૪ જન્મ-મરણ થાય છે અને એકેન્દ્રિયલબ્ધ્યપર્યાપ્તકજીવ એટલા જ સમયમાં ૬૬૧૩૨ જન્મ–મરણ કરે છે. એ પ્રમાણે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તથા પંચેન્દ્રિયના સમસ્ત ભવોનો સરવાળો કરતાં ૬૬૩૩૬ ક્ષુદ્રભવ થાય છે.

**पृथ्वीदकाग्निमारुतसाधारणस्थूलसूक्ष्मप्रत्येकाः।**
**एतेषु अपूर्णेषु च एकैकस्मिन् द्वादश षट्सहस्राणि।।३।।**

ગો. જી. ગા. ૧૨૪

અર્થ :– પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ એ ચારના બાદર અને સૂક્ષ્મ ભેદે ગણતાં આઠ ભેદ થયા તથા વનસ્પતિના બાદરસાધારણ, સૂક્ષ્મસાધારણ અને પ્રત્યેક એમ ત્રણ ભેદ છે. એમ એ અગ્યાર પ્રકારના એકેન્દ્રિયજીવોમાં દરેક જીવને એક અંતર્મુહૂર્તમાં ૬૦૧૨ જન્મ–મરણ થાય છે તેને ૧૧ ગુણતાં બધા એકેન્દ્રિય જીવોના ૬૬૧૩૨ ભવ થાય છે.

**અર્થ :– એકેન્દ્રિયની ચાર, વિકલત્રયની પાંચ અને સંજ્ઞિપંચેન્દ્રિયની છ એ પ્રમાણે ક્રમથી પર્યાપ્તિ હોય છે, વળી લબ્ધ્યપર્યાપ્તક છે તે અપર્યાપ્તક છે તેઓને પર્યાપ્તિ નથી.**

**ભાવાર્થ :– એકેન્દ્રિયાદિકની ઉપર પ્રમાણે ક્રમથી પર્યાપ્તિ કહી, અહીં અસંજ્ઞિનું નામ લીધું નથી ત્યાં સંજ્ઞિને છ તથા અસંજ્ઞિને પાંચ પર્યાપ્તિ જાણવી. વળી નિર્વૃત્યપર્યાપ્ત ગ્રહણ કરતાંની સાથે જ પૂર્ણ થશે તેથી (તેમની) જે સંખ્યા કહી છે તે જ છે. અને લબ્ધ્યપર્યાપ્ત જોકે ગ્રહણ કરી છે તોપણ પૂર્ણ થઈ શકી નહિ તેથી તેને અપૂર્ણ કહ્યા એમ સૂચવે છે. એ પ્રમાણે પર્યાપ્તિનું વર્ણન કર્યું.**

ગાથા–૧૩૯

**હવે આગળ પ્રાણનું વર્ણન કરે છે ત્યાં પ્રાણનું સ્વરૂપ અને સંખ્યા કહે છે :–**

**मनोवचनकायेन्द्रियनिःश्वासोच्छ्वासायुरुदयानां।**
**येषां योगे जायते म्रियते वियोगे ते अपि दश प्राणाः।।१३९।।**

**અર્થ :– મન, વચન, કાય, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ અને આયુ એના સંયોગથી તો ઉપજે– જીવે તથા એના વિયોગથી મરે તેને પ્રાણ કહે છે, અને તે દશ છે.**

**ભાવાર્થ :– ‘જીવ’ એવો પ્રાણધારણ અર્થ છે ત્યાં વ્યવહારનયથી દશ પ્રાણ છે. તેમાં યથાયોગ્ય પ્રાણસહિત જે જીવે તેને ‘જીવ’ સંજ્ઞા છે.**

પ્રાણ ધારણ કરે તે જીવ છે. નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપ પ્રાણથી બધા જીવો જીવે છે. ‘નિયમસાર’માં તેનું ઘણું વર્ણન આવી ગયું છે. ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ સ્વભાવથી જીવે છે તેથી બધા જીવો કારણ શુદ્ધ જીવ છે. તે જ કારણપરમાત્મા છે. જેમને કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય પ્રગટી ગયું છે તેવા જીવો કાર્યશુદ્ધ જીવ છે, તે કાર્યપરમાત્મા છે. જીવ દસ પ્રાણોથી જીવે છે એમ કહેવું તે વ્યવહાર છે. જીવો, તેની પર્યાપ્તિનાં ભેદો, તેના પ્રાણોના ભેદો એ બધું સર્વજ્ઞ સિવાય જાણી શકે નહિ. નિશ્ચયથી બધા જીવો ઉપયોગસ્વરૂપ છે. આવું જ્ઞાન કરીને પોતે પોતાના સ્વભાવ તરફ વળવા માટેની આ વાત છે. બધાનો જાણનારો પોતાનો

જ્ઞાનસ્વભાવ છે, તે સ્વભાવને જાણ્યા વિના એકલા ભેદનાં પલાખાં ગોખી જાય – તો તેથી કાંઈ કલ્યાણ થાય નહિ.

ગાથા–૧૪૦

**આગળ એકેન્દ્રિયાદિ જીવોના પ્રાણની સંખ્યા કહે છે :–**

**एकाक्षे चतुःप्राणाः द्वित्रिचतुरिन्द्रियासंज्ञिसंज्ञिनाम्।**
**षट् सप्त अष्ट नवकं दश पूर्णानां क्रमेण प्राणाः।।१४०।।**

**અર્થ :– એકકેન્દ્રિયને ચાર પ્રાણ છે, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય તથા સંજ્ઞિપંચેન્દ્રિય પર્યાપ્ત જીવોને અનુક્રમે છ–સાત–આઠ–નવ–દશ પ્રાણ છે. આ પ્રાણ પર્યાપ્તઅવસ્થાની અપેક્ષાએ કહ્યા છે.**

ગાથા–૧૪૧

**આગળ એજ જીવોની અપર્યાપ્તદશામાં કેટલા પ્રાણ છે તે કહે છે :–**

**द्विविधानां अपूर्णानां एकद्वित्रिचतुरक्षान्तिमद्विकानां।**
**त्रयः चत्वारः पञ्च षट् सप्त च क्रमेण प्राणाः ज्ञातव्याः।।१४१।।**

**અર્થ :– બંને પ્રકારના અપર્યાપ્ત (નિર્વૃત્યપર્યાપ્ત તથા લબ્ધ્યપર્યાપ્તક) જે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય, – અસંજ્ઞિ તથા સંજ્ઞિપંચેન્દ્રિયોને ત્રણ ચાર પાંચ છ સાત એ પ્રમાણે અનુક્રમે પ્રાણ હોય છે.**

ભાવાર્થ :– નિર્વૃત્યપર્યાપ્ત તથા લબ્ધ્યપર્યાપ્ત એકેન્દ્રિયોને ત્રણ, બેઇન્દ્રિયને ચાર, ત્રણઇન્દ્રિયને પાંચ, ચાર ઇન્દ્રિયને છ તથા અસંજ્ઞિ–સંજ્ઞિપંચેન્દ્રિયને સાત એ પ્રમાણે પ્રાણ હોય છે.

ગાથા–૧૪૨

**આગળ વિકલત્રયજીવોનું સ્થાન દર્શાવે છે :–**

**द्वित्रिचतुरक्षाः जीवाः भवन्ति नियमेन कर्मभूमिषु।**
**चरमे द्वीपे अर्द्धे चरमसमुद्रे अपि सर्वेषु।।१४२।।**

**અર્થ :– બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચૌરેન્દ્રિય એ ત્રણ વિકલત્રય કહેવાય છે. અને તે જીવો નિયમથી કર્મભૂમિમાં, અંતના અર્ધા દ્વિપમાં અને અંતના આખા સમુદ્રમાં હોય છે, ભોગભૂમિમાં હોતા નથી.**

**ભાવાર્થ :– પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ વિદેહ એ કર્મભૂમિનાં ક્ષેત્ર છે તથા અંતના સ્વયંપ્રભદ્વીપની વચ્ચે સ્વયંપ્રભ પર્વત છે તે પર્વતની પાછળના અર્ધા સ્વયંપ્રભદ્વીપમાં તથા અંતના સ્વયંભૂરમણ નામના આખા સમુદ્રમાં આ વિકલત્રય જીવો છે, તેથી અન્ય જગ્યાએ નથી.**

ભગવાને જ્યાં જે જીવો જોયા તે કહ્યા છે. આવો જ્ઞાનનો વિષય છે. જ્ઞાનસ્વભાવની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ આવું સ્વરૂપ વિચારે છે.

# પ્રસાદ નં. – ૨૨૩

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૧, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૯-૬-૫૨, સોમવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૯, સોમવાર, ૨-૬-૫૨ સવાર)**

આત્માનું ભાન કરીને ભગવાન કેવળજ્ઞાન પામ્યા. તેમના જ્ઞાનમાં લોક અલોક સમસ્ત પદાર્થો પ્રત્યક્ષ જણાયા અને દિવ્યધ્વનિમાં તેવું કહેવાયું. તે લોકના સ્વરૂપનું આ વર્ણન છે. આવા લોકના સ્વરૂપની વિચારણા ખરેખર તો તે જ કરી શકે કે જેને આત્માના જ્ઞાનનું સર્વજ્ઞપણું પ્રતીતિમાં બેઠું હોય. આત્મામાં પુણ્ય–પાપના ભાવ થાય તે વિકાર છે, તે જ્ઞાનસ્વભાવ નથી, દેહાદિ તો જડ છે તે પણ જ્ઞાનસ્વભાવથી જુદા છે, ને અધૂરું જ્ઞાન છે તેટલો પણ ખરેખર સ્વભાવ નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ બધાને પરિપૂર્ણ જાણે તેવો છે – આમ પોતાના પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કરે ને અલ્પજ્ઞતા વિકાર તથા જડને હેય જાણે – તેજ ખરેખર સર્વજ્ઞને જાણે, અને સર્વજ્ઞે કહેલા લોકના સ્વરૂપની યથાર્થ અનુપ્રેક્ષા પણ તેને જ હોય. 'નમો અરિહંતાણં' એમ બોલે પણ અરિહંતનું સ્વરૂપ જાણે નહિ. તો તેને કાંઈ લાભ થાય નહિ. જેમ રેકર્ડ બોલે છે તેમ તે જીવ સમજ્યા વિના બોલે છે. તેમાં કાંઈ ફેર નથી. જો સર્વજ્ઞને ઓળખે તો પોતાના આત્માની સર્વજ્ઞતાની પ્રતીત થાય, ને પુણ્ય–પાપ તથા અલ્પજ્ઞતાની રુચિ રહે નહિ. જેણે આત્મામાં કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત માની તે પુણ્ય–પાપથી લાભ માને નહિ. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં લાખો સર્વજ્ઞ ભગવંતો બિરાજે છે, અનંતા સિદ્ધ ભગવંતો

સર્વજ્ઞપણે બિરાજે છે, તેઓને સર્વજ્ઞપણું ક્યાંથી આવ્યું ? બહારથી નથી આવ્યું. પણ અંદરની શક્તિના અવલંબનથી તે કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રગટી છે, તેમની વર્તમાન પર્યાયે અંતર્મુખ સ્વભાવનું અવલંબન લીધું હતું. કોઈ નિમિત્ત – પુણ્ય–પાપ કે અલ્પજ્ઞતાના અવલંબને કેવળજ્ઞાન થતું નથી. આવી શક્તિ પોતાના આત્મામાં પણ ભરી છે, આ આત્મા પોતે શક્તિપણે કેવળજ્ઞાનની મૂર્તિ છે એની પ્રતીતિ વગર નવ લાખ કે તેથી પણ વધારે નવકાર જપે તો પણ કાંઈ ધર્મ થાય નહિ. જેણે આત્માના સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ કરી તેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા, ને તેવો સમકિતી જીવ જ આ સર્વજ્ઞદેવે કહેલા લોકની ભાવના ભાવે છે. અહો ! સર્વજ્ઞદેવે પોતાના જ્ઞાનમાં લોકાલોકને પ્રત્યક્ષ દેખ્યો છે, ને મારામાં તેવી તાકાત છે, તેના અવલંબને હું કેવળજ્ઞાન પ્રગટ કરીશ ત્યારે મારા જ્ઞાનમાં પણ લોકાલોકનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખીશ. સર્વજ્ઞ સિવાય લોકનું આવું સ્વરૂપ કોઈ પ્રત્યક્ષ જોઈ શકે નહિ. એટલે સર્વજ્ઞની પ્રતીતિ વગર આવી ભાવના થઈ શકે નહિ અને પોતાના જ્ઞાનસ્વભાવમાં અંતર્મુખ દૃષ્ટિ થયા વગર સર્વજ્ઞની યથાર્થ પ્રતીતિ થાય નહિ. આ રીતે જ્ઞાનસ્વભાવની અંતર્મુખ દૃષ્ટિપૂર્વકની આ બાર અનુપ્રેક્ષાઓ છે એમ સમજવું. આમાં કેવળજ્ઞાનનો મહિમા આવે છે, આની પ્રતીતિ કરતાં સ્વભાવની રુચિ થાય ને પુણ્ય–પાપ વિકારીભાવની રુચિ ઉડી જાય. આ રીતે લોકના વર્ણનમાં પણ જ્ઞાન સ્વભાવનો જ મહિમા ઘૂંટાય છે. જેણે પૈસા વગેરે જડમાં લાભ માન્યો તેણે પૈસા મેળવવાના પાપ ભાવને લાભદાયક માન્યો પણ પાપરહિત પવિત્ર સ્વભાવને લાભદાયક માન્યો નહિ. ધર્મી તો જાણે છે કે હું તો જ્ઞાયકમૂર્તિ છું, મને બહારથી તો લાભ નથી ને બહારના લક્ષે પુણ્ય–પાપ થાય તેનાથી પણ લાભ નથી. મારા ચિદાનંદ સ્વભાવમાં અંતર્મુખ વલણ થાય તેટલો મને લાભ છે, ને જેટલું બહિર્મુખ વલણ જાય તેટલું નુકસાન છે. આવી જેની દૃષ્ટિ હોય તે ધર્મી જીવ પુણ્ય–પાપથી લાભ માનતો નથી. જેણે પુણ્યથી ધર્મ માન્યો તેણે પુણ્યરહિત જ્ઞાનસ્વભાવને લાભદાયક ન માન્યો. તેના જ્ઞાનની ભૂલ છે. તે મિથ્યાજ્ઞાનથી સંસારમાં રખડી રહ્યો છે. જગતના જીવોને અનાદિથી જીવ–અજીવ વગેરે સાત તત્ત્વોની ભૂલ ચાલી આવે છે. તે સાતે તત્ત્વોની ભૂલ તો જીવ કરે છે. અજીવની ભૂલ કાંઈ અજીવમાં નથી રહેતી, પણ જીવ પોતે તે ભૂલ કરે છે. શરીરની ક્રિયા હું કરું, શરીરની ક્રિયાથી મને લાભ થાય. પુણ્ય–પાપના ભાવથી મને મજા પડે. સાચી સમજણમાં કંટાળો આવે, આવી બધી માન્યતા તે સાત તત્ત્વોની ભૂલ છે, ને તે ભૂલથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. ચિદાનંદ સ્વભાવમાં જ મજા છે – એ સિવાય પુણ્ય–પાપના વિકારી ભાવો

જીવને દુઃખદાયક છે. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા તે જ જીવને સુખદાયક છે – આવું જેને ભાન છે તે જીવને પૈસાની કે પુણ્ય-પાપના ભાવની રુચિ રહેતી નથી. એવાં જીવને આ લોકભાવના યથાર્થ હોય છે.

લોક છ દ્રવ્યસ્વરૂપ છે, લોકમાં રહેલા છ દ્રવ્યોમાંથી જીવના ભેદોનું વર્ણન ચાલે છે. તિર્યંચ જીવો ક્યાં ક્યાં રહે છે તે કહે છે.

ગાથા-૧૪૩

**આગળ અઢીદ્વીપની બહાર તિર્યંચો છે તેની વ્યવસ્થા હેમવત્ક્ષેત્ર માફક છે એમ કહે છે :–**

**मनुष्यक्षेत्रस्य बहिः चरमे द्वीपस्य अर्द्धकं यावत्।**
**सर्वत्र अपि तिर्यञ्चः हिमवततिर्यग्भिः सदृशाः।।१४३।।**

**અર્થ :– મનુષ્યક્ષેત્રની બહાર–માનુષોત્તર પર્વતની પેલી બાજુથી અંતના સ્વયંપ્રભદ્વીપના અર્ધા ભાગની આ બાજુ સુધીના વચ્ચેના સર્વ દ્વીપસમુદ્રનાં તિર્યંચો છે તે બધાં હેમવત્ક્ષેત્રના તિર્યંચો જેવાં છે.**

**ભાવાર્થ :– હેમવત્ક્ષેત્રમાં જઘન્યભોગભૂમિ છે, માનુષોત્તર પર્વતથી આગળના અસંખ્યાત દ્વીપ–સમુદ્ર તથા અર્ધા સ્વયંપ્રભ નામના છેલ્લા દ્વીપ સુધી સર્વ ઠેકાણે જઘન્યભોગભૂમિની રચના છે અને ત્યાંના તિર્યંચોનાં આયુષ્ય–કાય હેમવત્ક્ષેત્રનાં તિર્યંચો જેવાં છે.**

ગાથા-૧૪૪

**આગળ જલચરજીવોનાં સ્થાન કહે છે :–**

**लवणोदके कालोदके अन्तिमजलधौ जलचराः सन्ति।**
**शेषसमुद्रेषु पुनः न जलचराः सन्ति नियमेन।।१४४।।**

**અર્થ :– લવણોદધિ સમુદ્રમાં, કાલોદધિ સમુદ્રોમાં તથા અંતના સ્વયંભૂરમણ સમુદ્રમાં**

**જલચરજીવો છે, બાકીના વચ્ચેના સમુદ્રોમાં નિયમથી જલચરજીવો નથી.**

સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનની પ્રતીતિ સહિત, સર્વજ્ઞે જોયેલા લોકના સ્વરૂપનો ધર્મીજીવ વિચાર કરે છે. અહો ! આત્માના ભાન વગર અનાદિકાળમાં આવા આવા અનેક સ્થળે જીવ અવતરી ચૂક્યો છે. હવે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થતાં ધર્મીને ભાન થયું કે અવતાર અને અવતારનો ભાવ તે મારું સ્વરૂપ નથી. હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું – મારા સ્વરૂપમાં આવો સંસાર કે સંસારનો ભાવ નથી. – આવા ભાનપૂર્વક ધર્મી જીવ આ વિચાર કરે છે.

ગાથા–૧૪૫

**આગળ દેવનાં સ્થાન કહે છે ત્યાં પ્રથમ ભવનવાસી–વ્યંતરનાં સ્થાન કહે છે :–**

**खरभागपङ्कभागे भावनदेवानां भवन्ति भवनानि।**
**व्यन्तरदेवानां तथा द्वयमपि च तिर्यञ्चलोके अपि।।१४५।।**

**અર્થ :– ખરભાગ અને પંકભાગમાં ભવનવાસીઓનાં ભવન તથા વ્યંતરદેવોના નિવાસ છે વળી એ બંનેના તિર્યગ્લોકમાં પણ નિવાસ છે.**

**ભાવાર્થ :– એકલાખ એંશીહજાર યોજન મોટી પહેલી રત્નપ્રભા પૃથ્વી છે, તેના ત્રણ ભાગમાં (પ્રથમના) સોલહજાર યોજન પ્રમાણ ખરભાગમાં અસુરકુમાર સિવાય બાકીના નવ કુમારભવનવાસીઓનાં ભવન છે, તથા રાક્ષસકુલ વિના સાત કુલ વ્યંતરોના નિવાસ છે, તથા બીજા ચોરાશી હજાર યોજનપ્રમાણ પંકભાગમાં અસુરકુમાર ભવનવાસી તથા રાક્ષસકુલ વ્યંતરો વસે છે. વળી તિર્યંગ્લોક અર્થાત્ મધ્યલોક અસંખ્યાત દ્વીપ–સમુદ્ર પ્રમાણ છે તેમાં ભવનવાસીઓનાં ભવન અને વ્યતંરોના પણ નિવાસ છે.**

સમ્યગ્દર્શન વગર જીવ અનંત ભવોમાં રખડ્યો. સમ્યગ્દર્શન વગર આવા અવતારનો અંત આવે નહિ. આત્માના જ્ઞાનસ્વભાવનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તે જીવ સિદ્ધોની

વસ્તીમાં ભળી જાય છે, ને આત્માનું ભાન ન કરે તે જીવ સંસારમાં રખડતાં નરકાદિની વસ્તીમાં અવતરે છે. માટે આ જાણીને આત્માના જ્ઞાનસ્વભાવની ભાવના કરવાની છે.

ગાથા–૧૪૬

**આગળ જ્યોતિષી, કલ્પવાસી તથા નારકીઓની વસ્તી કહે છે :–**

**ज्योतिषां विमानाः रज्जूमात्रे अपि तिर्यंग्लोके अपि।**
**कल्पसुराः ऊर्ध्वे च अधोलोके भवन्ति नैरयिकाः।।१४६।।**

**અર્થ :– એક રાજુ પ્રમાણ નિર્યંગ્લોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્ર છે તેના ઉપર જ્યોતિષીદેવોનાં વિમાન બિરાજે છે, કલ્પવાસી ઉર્ધ્વલોકમાં છે તથા નારકી અધોલોકમાં છે.**

સાતે નરકમાંથી દરેક નરકમાં જીવ અનંતવાર ઊપજી આવ્યો છે. ત્યાં પીડાનો પાર નથી. ચૈતન્યસ્વભાવનું ભાન ન કરે ને વિષયોમાં લીન રહે તે જીવો નરકાદિમાં અવતરે છે. અહો ! હું તો ચૈતન્યસ્વભાવ છું, મારું સુખ વિષયોમાં કે રાગમાં નથી એમ ધર્મી જીવને આત્માનો પ્રેમ હોય છે. આત્માનો પ્રેમ છૂટીને તેને વિષયોનો પ્રેમ થતો નથી. અહો ! મનુષ્યપણું દુર્લભ છે, તે વારંવાર નથી મળતું, માટે મનુષ્યપણું પામીને ચૈતન્ય સ્વભાવને ઓળખ. આત્મા તો જ્ઞાનસ્વભાવ છે, તે લોકમાં બધાને જાણે, સ્વર્ગને જાણે, નરકને જાણે, પણ તેને પોતાનાં ન માને. આવા જ્ઞાનની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ લોકનું સ્વરૂપ વિચારે છે.

ગાથા–૧૪૭

**આગળ જીવોની સંખ્યા કહે છે ત્યાં પ્રથમ તેમ–વાતકાયના જીવોની સંખ્યા કહે છે :–**

**वादरपर्याप्तियुताः घनावलिः असंख्यभागमात्राः तु।**
**किञ्चिन्नयूनलोकमात्राः तेजसः वायवः यथाक्रमशः।।१४७।।**

**અર્થ :–** અગ્નિકાય અને વાતકાયના બાદરપર્યાપ્તિ સહિત જીવ છે તે ઘનઆવલીના અસંખ્યામા ભાગ તથા કંઈક ન્યુન લોકપ્રદેશપ્રમાણ યથાઅનુક્રમ જાણવા.

**ભાવાર્થ :–** અગ્નિકાયના ઘનઆવલીના અસંખ્યાતમા ભાગ તથા વાયુકાયના કંઈક એક કમ લોકપ્રદેશપ્રમાણ છે.

ગાથા–૧૪૮

**આગળ પૃથ્વી આદિની સંખ્યા કહે છે :–**

पृथ्वीतोयशरीराः प्रत्येकाः अपि च प्रतिष्ठिताः इतरे।
भवन्ति असंख्यातश्रेणयः पर्याप्ताः अपर्याप्ताः च तथा च त्रसाः।।१४८।

**અર્થ :–** પૃથ્વીકાયક, અપકાયક, પ્રત્યેકવનસ્પતિકાયક, સપ્રતિષ્ટિત વા અપ્રતિષ્ટિત અને ત્રસ એ બધા પર્યાપ્ત–અપર્યાપ્ત જીવો છે તે જુદા જુદા અસંખ્યાત જગતશ્રેણિપ્રમાણ છે.

ગાથા–૧૪૯

बादरलब्ध्यपर्याप्तकाः असंख्यातलोकाः भवन्ति प्रत्येकाः।
तथा च अपूर्णाः सूक्ष्माः पूर्णाः अपि च संख्यातगुणगुणिताः।।१४९।।

**અર્થ :–** પ્રત્યેક વનસ્પતિકાય તથા બાદર અલબ્ધ્યપર્યાપ્તક જીવ છે તે અસંખ્યાતલોકપ્રમાણ છે, એ જ પ્રમાણે સૂક્ષ્મઅપર્યાપ્તક પણ અસંખ્યાતલોકપ્રમાણ છે અને સૂક્ષ્મપર્યાપ્તકજીવ છે તે સંખ્યાતગુણા છે.

આ બધા જીવો આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. પણ જ્ઞાન કોઈને મારે કે બચાવે એ વાત નથી. તે બધા જીવો જગતનાં સ્વતંત્ર તત્ત્વો છે, તેની પર્યાય તેનાથી પલટે છે. આ જીવ તેને જાણે પણ તે કોઈની પર્યાયને ફેરવી શકે નહિ. પર જીવને મારવા કે બચાવવાનું માને તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, તેણે આ બધાને 'જ્ઞેય' ન બનાવ્યા, એટલે તેને પોતાના 'જ્ઞાનસ્વભાવ'ની પણ પ્રતીતિ નથી, એટલે તેને લોકઅનુપ્રેક્ષા સાચી હોતી નથી. ધર્મીને તો

પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ છે એટલે તે આ બધાને પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવે છે.

જગતમાં પૂર્ણતાને પામેલા સિદ્ધ ભગવંતો અનંતા છે, ને જગતના બધા જીવોમાં અપર્યાપ્ત કરતાં પર્યાપ્ત જીવો અસંખ્યાતગુણા છે. જુઓ, અપૂર્ણ પર્યાપ્તિવાળા જીવો કરતાં પૂર્ણ પર્યાપ્તિવાળા જીવો ઘણાં છે.

બાદર જીવો થોડા

સૂક્ષ્મ જીવો તેના કરતાં અનંતા છે.

બાદર જીવોમાં પર્યાપ્ત થોડા ને અપર્યાપ્ત ઝાઝા,

સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્ત થોડા ને પર્યાપ્ત ઝાઝા.

એટલે એકંદર અપર્યાપ્ત જીવો થોડા ને પર્યાપ્ત જીવો જગતમાં ઝાઝા છે. જુઓ ! જગતની સ્થિતિ !! આ પણ આત્માના જ્ઞાનનું જ્ઞેય છે.

ગાથા-૧૫૦

सिद्धाः सन्ति अनन्ताः सिद्धेभ्यः अनन्तगुणगुणिताः।
भवन्ति निगोदाः जीवाः अनन्तभागमात्राः अभव्याः च।।१५०।।

**અર્થ :– સિદ્ધજીવ અનંતા છે, સિદ્ધોથી અનંત ગુણા નિગોદ જીવ છે તથા સિદ્ધોથી અનંતમા ભાગે અભવ્યજીવો છે.**

અર્થ :– સિદ્ધજીવ અનંતા છે, સિદ્ધોથી અનંત ગુણા નિગોદ જીવ છે તથા સિદ્ધોથી અનંતમા ભાગે અભવ્યજીવો છે.

સિદ્ધભગવંતો લોકના છેડે બિરાજે છે. ત્યાં કાંઈ પથ્થરના મકાન વગેરે નથી. ત્યાં તો આત્માના પૂર્ણ જ્ઞાન અને આનંદમાં તેઓ લીન છે, તે જ સુખ છે – એ સિવાય બહારના મોટર–બંગલા વગેરેમાં કાંઈ સુખ નથી. આત્માના સુખ માટે જેણે પરની જરૂર માની છે, તેણે ભગવાનના અતીન્દ્રિય સુખની પ્રતીતિ કરી નથી. તે જીવોને મોક્ષતત્ત્વની ખબર નથી. 'કુંદકુંદ ભગવાન' તો કહે છે કે, જે જીવો આત્માના અતીન્દ્રિય સુખને માનતા નથી તે

જીવો અભવ્ય જેવા મિથ્યાદૃષ્ટિ છે, ને ઘોર સંસારમાં રખડે છે. જગતમાં સિદ્ધ કરતાં અભવ્ય જીવો અનંતમા ભાગે છે. સિદ્ધ કરતાં નિગોદ જીવો અનંતગુણા છે. પણ સિદ્ધ કરતાં અભવ્ય જીવો અનંતમા ભાગના છે.

જુઓ, સિદ્ધ, નિગોદ અને અભવ્ય – આ બધું આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. જગતમાં સિદ્ધ અનાદિથી છે, અભવ્ય જીવો અનાદિથી છે. અભવ્ય કેમ ? તેનું કાંઈ કારણ નથી. કોઈ કહે કે અરેરે ! અભવ્યને બિચારાને કદી મોક્ષ ન થાય !! એમ કેમ ? તો તે વસ્તુસ્વરૂપને જાણતો નથી. અભવ્ય ઉપર દયા આવે એવું જીવનું સ્વરૂપ જ નથી, પણ અભવ્ય જીવો છે તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. જેમ જગતમાં જડ છે, તે તેનો સ્વભાવ છે, તેમ અભવ્ય જીવો છે તે પણ તેનો સ્વભાવ છે. તારા જ્ઞાનમાં તેને જાણવાનો સ્વભાવ છે. જેમ જડ–ચૈતન્ય અનાદિથી છે તેમ ભવ્ય–અભવ્ય પણ જગતમાં અનાદિથી છે, તે તારા જ્ઞાનનું જ્ઞેય છે – એમ જાણીને તું તારા આત્માની પ્રતીતિ કરીને તારી મુક્તિ કરી લે.

## ગાથા–૧૫૧

**सम्मूर्छनाः स्फुटं मनुष्यः श्रेणिअसंख्यातभागमात्राः स्फुटं।**
**गर्भजमनुष्याः सर्वे संख्याताः भवन्ति नियमेन।।१५१।।**

**અર્થ :– સમ્મૂર્છનમનુષ્ય, જગતશ્રેણિના અસંખ્યાતમા ભાગમાત્ર છે અને ગર્ભજમનુષ્ય, નિયમથી સંખ્યાતા જ છે.**

અઢી દ્વીપમાં જ મનુષ્યો હોય છે, તેમાં ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ છે એટલે બીજા જીવોના હિસાબે તે બહુ જ થોડા છે. આવું દુર્લભ મનુષ્યપણું પામીને પણ જીવો આત્માની દરકાર કરતા નથી !!

ગાથા–૧૫૨

આગળ સાંતર અને નિરંતર (ના નિયમને) કહે છે :–

**देवाः अपि नारकाः अपि च लब्ध्यपर्याप्ताः स्फुटं सान्तराः भवन्ति।**
**सम्मूर्छनाः अपि मनुष्याः शेषाः सर्वे निरन्तराः।।१५२।।**

**અર્થ :– દેવ, નારકી, લબ્ધ્યપર્યાપ્તક તથા સમ્મુર્છનમનુષ્ય એટલા તો સાંતર એટલે અંતર સહિત છે, બાકીના સર્વ જીવો નિરંતર છે.**

**ભાવાર્થ :– એક પર્યાયથી અન્ય પર્યાય પામે વળી પાછા ફરીથી તે ને તે જ પર્યાય પામે એટલામાં વચ્ચે જે અંતર રહે તેને સાંતર (અંતર સહિત) કહેવામાં આવે છે. અહીં નાના જીવ અપેક્ષાએ અંતર કહ્યું છે, અર્થાત્ દેવ, નારકી, મનુષ્ય અને લબ્ધ્યપર્યાપ્તકજીવોની ઉત્પત્તિ કોઈ કાળમાં ન થાય તેને પણ અંતર કહે છે તથા અંતર ન પડે તેને નિરંતર કહે છે. ત્યાં વૈક્રિયકમિશ્રકાયયોગી દેવ–નારકીનું તો બાર મુહૂર્તનું અંતર કહ્યું છે, અર્થાત્ કોઈ ન જ ઊપજે તો બાર મુહૂર્ત સુધી જ ન ઊપજે. વળી સમ્મુર્છનમનુષ્ય કોઈ ન જ થાય તો પલ્યના અસંખ્યાતમા ભાગ કાળ સુધી જ ન થાય એ પ્રમાણે અન્ય ગ્રંથોમાં કહ્યું છે, બાકીના સર્વ જીવ નિરંતર ઉપજે છે.**

જુઓ, આ કેવળજ્ઞાનનો મહિમા ! સમય સમયમાં જગતમાં જે બની રહ્યું છે તે બધું ભગવાનના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. આવા પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા કરીને તેમાં અંતર્મુખ થવું તે ધર્મ છે. બધાને જાણનારા પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરીને તેમાં એકાગ્ર થવું તે ધર્મી જીવનું કાર્ય છે. અજ્ઞાની જીવ પરનું અભિમાન કરીને રાગદ્વેષમાં અટકે છે. એ સિવાય પરમાં તો કોઈ જીવ કાંઈ કરી શકતો નથી.

ગાથા–૧૫૩

**આગળ જીવોની સંખ્યાદ્વારા અલ્પ–બહુત્વ કહે છે :–**

**मनुष्यात् नैरयिकाः नैरयिकात् असंख्यातगुणगुणिताः।**
**सर्वे भवन्ति देवाः प्रत्येकवनस्पतयः ततः।।१५३।।**

**અર્થ :– મનુષ્યોથી નારકી અસંખ્યાતગુણા છે, નારકીઓથી બધા દેવ અસંખ્યાતગુણા છે અને દેવોથી પ્રત્યેકવનસ્પતિજીવ અસંખ્યાતગુણા છે.**

અર્થ :– સિદ્ધજીવ અનંતા છે, સિદ્ધોથી અનંત ગુણા નિગોદ જીવ છે તથા સિદ્ધોથી અનંતમા ભાગે અભવ્યજીવો છે.

જુઓ, નરક કરતાં સ્વર્ગના જીવો ઝાઝા છે. જીવે નરક કરતાં સ્વર્ગના અવતાર અસંખ્યાતગુણા કર્યા છે. આત્માના ભાન વિના પાપ અને પુણ્ય કરીને નરકમાં તેમ જ સ્વર્ગમાં અનંતવાર જીવ જઈ આવ્યો છે. પણ પાપ અને પુણ્ય બન્નેથી પાર પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન પૂર્વે કર્યું નથી. પુણ્ય કરીને સ્વર્ગમાં ગયો, પણ તેમાં આત્માનું હિત ન થયું. પુણ્ય–પાપ રહિત જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરે તો હિત થાય.

અહો ! કેવળી ભગવાને આ બધું પ્રત્યક્ષ જોયું છે ને હું પણ મારા જ્ઞાનસ્વભાવની ભાવના કરીને કેવળજ્ઞાન પ્રગટ કરીશ ત્યારે મારા જ્ઞાનમાં પણ આ બધું પ્રત્યક્ષ જણાશે. આમ જ્ઞાનસ્વભાવની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ આ લોકનું સ્વરૂપ વિચારે છે.

જેઠ સુદ ૧૦, મંગળવાર, ૩-૬-૫૨

ગાથા–૧૫૪

पञ्चाक्षाः चतुरक्षाः लब्ध्यपर्याप्ताः तथैव त्र्यक्षाः।
द्वयक्षाः अपि च क्रमशः विशेषसहिताः स्फुटं सर्वसंख्यया।।१५४।।

અર્થ :– પંચેન્દ્રિયથી ચૌરેન્દ્રિય, ચૌરિન્દ્રિયથી તૈરેન્દ્રિય અને તૈરેન્દ્રિયથી બેઇન્દ્રિય એ લબ્ધ્યપર્યાપ્તક જીવ સંખ્યાદ્વારા અનુક્રમે વિશેષ અધિક છે. કંઈક અધિકને વિશેષાધિક કહે છે.

ગાથા–૧૫૫

चतुरक्षाः पंञ्चाक्षाः द्व्यक्षाः तथा च जानीहि त्र्यक्षाः।
एते पर्याप्तियुताः अधिकाः अधिकाः क्रमेण एव।।१५५।।

અર્થ :– ચૌરેન્દ્રિયે, પંચેન્દ્રિય, બેઇન્દ્રિય તેવી જ રીતે ત્રણઇન્દ્રિય એ પર્યાપ્તિસહિત જીવો અનુક્રમથી અધિક અધિક છે એમ જાણો.

ગાથા–૧૫૬

परिवर्जयित्वा सूक्ष्मानां शेषतिरश्चां पूर्णदेहानाम्।
एकः भागः भवति स्फुटं संख्यातीताः अपूर्णानाम्।।१५६।।

અર્થ :– સૂક્ષ્મજીવોને છોડી બાકીના પર્યાપ્તતિર્યંચો છે તેનો એક ભાગ તો પર્યાપ્ત

છે તથા બહુભાગ અસંખ્યાતા અપર્યાપ્ત છે.

ભાવાર્થ :- બાદરજીવોમાં પર્યાપ્ત થોડા છે અને અપર્યાપ્ત ઘણા છે.

ગાથા-૧૫૭

सूक्ष्मलब्ध्यपर्याप्तानां एकः भागः भवति नियमेन।
संख्याताः खलु भागाः तेषां पर्याप्तदेहानाम्।।१५७।।

અર્થ :- સૂક્ષ્મપર્યાપ્તજીવો સંખ્યાતભાગ છે તેમાં અપર્યાપ્તકજીવો એક ભાગ પ્રમાણ છે.

ભાવાર્થ :- સૂક્ષ્મજીવોમાં પર્યાપ્ત ઘણા છે અને અપર્યાપ્ત થોડા છે.

ગાથા-૧૫૮

संख्यातगुणाः देवाः अन्तिमपटलात् तु आनतं यावत्।
ततः असंख्यातगुणाः सौधर्म्मं यावत् प्रतिपटलम्।।१५८।।

અર્થ :- અનુત્તરવિમાન નામના અંતિમપટલથી માંડીને નીચેના આનતસ્વર્ગના પટલ સુધીમાં દેવ છે તે સંખ્યાતગુણા છે અને તે પછીના નીચે સૌધર્મસ્વર્ગ સુધીમાં પટલ પટલ પ્રતિ અસંખ્યાતગુણા છે.

ગાથા-૧૫૯

सप्तमनारकेभ्यः असंख्यगुणिताः भवन्ति नैरयिकाः।
यावच्च प्रथमं नरकं बहुदुःखा भवन्ति अधोऽधः।।१५९।।

અર્થ :- સાતમા નરકથી ઉપર ઉપર પહેલા નરક સુધી જીવ અસંખ્યાત અસંખ્યાતગુણા છે અને પ્રથમ નરકથી માંડી નીચે નીચેના નરકમાં ઘણું દુ:ખ છે.

ગાથા–૧૬૦

कल्पसुराः भावनाः व्यन्तरदेवाः तथैव ज्योतिष्काः।
द्वौ भवतः असंख्यगुणौ संख्यातगुणाः भवन्ति ज्योतिष्काः।।१६०।।

અર્થ :– કલ્પવાસીદેવોથી ભવનવાસીદેવ અને વ્યંતરદેવ એ બંને રાશી તો અસંખ્યાતગુણા છે તથા જ્યોતિષીદેવ વ્યંતરદેવોથી સંખ્યાતગુણા છે.

ગાથા–૧૬૧

હવે આગળ એકેન્દ્રિયાદિ જીવોની આયુષ્ય કહે છે :–

प्रत्येकानां आयुः वर्षसहस्राणि दश भवेत् परमम्।
अन्तर्मुहूर्तं आयुः साधारणसर्वसूक्ष्मानाम्।।१६१।।

અર્થ :– પ્રત્યેક વનસ્પતિ ઉત્કૃષ્ટઆયુ દશહજાર વર્ષની છે તથા સાધારણ નિત્ય–ઇતરનિગોદ, સૂક્ષ્મ–બાદર અને બધાય સૂક્ષ્મ પૃથ્વી–અપ–તેજ–વાયુકાયિકજીવોની ઉત્કૃષ્ટ આયુ અંતર્મુહૂર્તની છે.

ગાથા–૧૬૨

આગળ બાદરજીવોની આયુ કહે છે :–

द्वाविंशतिसप्तसहस्राणि पृथ्वीतोयानां आयुष्कं भवति।
अग्नीनां त्रीणि दिनानि त्रीणि सहस्राणि वायूनाम्।।१६२।।

અર્થ :– પૃથ્વીકાયિકજીવોની ઉત્કૃષ્ટઆયુ બાવીસહજાર વર્ષની છે, અપકાયિકજીવોની ઉત્કૃષ્ટઆયુ સાતહજાર વર્ષની છે, અગ્નિકાયિકજીવોની ઉત્કૃષ્ટઆયુ ત્રણ દિવસની છે તથા વાયુકાયિકજીવોની ઉત્કૃષ્ટ આયુ ત્રણ હજાર વર્ષની છે.

ગાથા–૧૬૩

આગળ બેઇન્દ્રિય આદિની આયુ કહે છે :–

द्वादशवर्षाणि द्व्यक्षे एकोनपञ्चाशत् दिनानि त्र्यक्षे।
चतुरक्षे षण्मासाः पञ्चाक्षे त्रीणि पल्यानि।।१६३।।

અર્થ :– બેઇન્દ્રિયજીવોની ઉત્કૃષ્ટઆયુ બાર વર્ષની છે, ત્રણ ઇન્દ્રિયજીવોની ઉત્કૃષ્ટ આયુ ઓગણપચાસ (૪૯) દિવસની છે, ચાર ઇન્દ્રિયજીવોની ઉત્કૃષ્ટઆયુ છ મહિનાની છે તથા પંચેન્દ્રિયજીવોની ઉત્કૃષ્ટઆયુ ભોગભૂમિની અપેક્ષાએ ત્રણ પલ્યની છે.

ગાથા–૧૬૪

આગળ બધાય તિર્યંચ અને મનુષ્યોની જઘન્ય આયુ કહે છે :–

सर्वजघन्यं आयुः लब्ध्यपर्याप्तानां सर्वजीवानाम्।
मध्यमान्तर्मुहूर्तमात्रं पर्याप्तयुतानां निःकृष्टम्।।१६४।।

અર્થ :– લબ્ધ્યપર્યાપ્ત સર્વ જીવોની જઘન્યઆયુ મધ્યમહિનમુહૂર્ત છે, અને તે ક્ષુદ્રભવ માત્ર જાણવી, (અર્થાત્) એક ઉશ્વાસના અઢારમા ભાગમાત્ર છે, વળી જેમને લબ્ધ્યપર્યાપ્તિ હોય એવા કર્મભૂમિના તિર્યંચ–મનુષ્ય એ બધાય પર્યાપ્તજીવોની જઘન્યઆયુ પણ મધ્યમહિનમુહૂર્ત છે અને તે પહેલાનાથી મોટું મધ્યમઅંતર્મુહૂર્ત છે.

ગાથા–૧૬૫

હવે દેવ–નારકીઓની આયુ કહે છે :–

देवानां नारकाणां सागरसंख्या भवन्ति त्रयस्त्रिंशत्।
उत्कृष्टं च जघन्यं वर्षाणां दशसहस्राणि।।१६५।।

અર્થ :– દેવોની તથા નારકીજીવોની ઉત્કૃષ્ટઆયુ તેત્રીસસાગરની છે તથા તેમની જઘન્યઆયુ દશહજાર વર્ષની છે.

ભાવાર્થ :– આ (આયુ) સામાન્ય દેવોની અપેક્ષાએ કહી છે – વિશેષ ત્રિલોકસાર આદિ ગ્રંથોથી જાણવી.

ગાથા–૧૬૬

હવે આગળ એકેન્દ્રિય આદિ જીવોની શરીરની અવગાહના ઉત્કૃષ્ટ–જઘન્યપણે દશ ગાથામાં કહે છે :–

अङ्गलासंख्यातभागमात्रं एकाक्षचतुष्कदेहपरिमाणं।
योजनसहस्त्रं अधिकं पद्म उत्कृष्टं जानीहि।।१६६।।

અર્થ :– એકેન્દ્રિયચતુષ્ક અર્થાત્ પૃથ્વી–અપ–તેજ–વાયુકાયના જીવોની અવગાહના જઘન્ય તથા ઉત્કૃષ્ટ ઘનઅંગુલના અસંખ્યાતમા ભાગ છે, ત્યાં સૂક્ષ્મ અને બાદર પર્યાપ્ત–અપર્યાપ્તનું શરીર નાનું–મોટું છે તોપણ ઘનઅંગુલના અસંખ્યાતમા ભાગ જ સામાન્યપણે કહ્યું છે વિશેષ શ્રી'ગોમ્મટ્ટસાર'થી જાણવું. વલી અંગુલ (નું માપ) ઉત્સેધ અંગુલ–આઠ યવપ્રમાણ લેવું પણ પ્રમાણઅંગુલ ન લેવું. પ્રત્યેકવનસ્પતિકાયમાં ઉત્કૃષ્ટઅવગાહનાયુક્ત કમળ છે તેની અવગાહના કંઈક અધિક હજાર યોજન છે.

ગાથા–૧૬૭

द्वादशयोजनायामः संखः क्रोशत्रिकं ग्रैष्मिका समुद्दिष्टा।
भ्रमरः योजनं एकं सहस्त्रं सम्मूर्च्छितः मत्स्यः।।१६७।।

અર્થ :– બેઇન્દ્રિયમાં શંખ મોટો છે, તેની ઉત્કૃષ્ટ અવગાહના બાર યોજન લાંબી છે, ત્રણ ઇન્દ્રિયમાં ગોમિકા અર્થાત કાનખજુરો મોટો છે તેની ઉત્કૃષ્ટઅવગાહના ત્રણ કોશ લાંબી છે, ચાર ઇન્દ્રિયમાં ભ્રમર મોટો છે તેની ઉત્કૃષ્ટઅવગાહના એક યોજન લાંબી છે, તથા

પંચેન્દ્રિયમાં મચ્છ મોટો છે તેની ઉત્કષ્ટઅવગાહના હજાર યોજન લાંબી છે. આ જીવો છેલ્લા સ્વયંભૂરમણ દ્વીપ તથા સમુદ્રમાં જાણવા.

ગાથા–૧૬૮

હવે નારકીની ઉત્કૃષ્ટઅવગાહના કહે છે :–

पञ्चशतधनुरुत्सेधाः सप्तमनरके भवन्ति नारकाः।
ततः उत्सेधेन च अर्द्धार्द्धा भवन्ति उपर्युपरि।।१६८।।

અર્થ :– સાતમા નરકમાં નારકીજીવોનો દેહ પાંચસો ધનુષ ઉંચો છે, તેના ઉપર દેહની ઉંચાઈ અડધી અડધી છે અર્થાત્ છઠ્ઠામાં બસોપચાસ ધનુષ, પાંચમામાં એકસોપચ્ચીસ ધનુષ, ચોથામાં સાડાબાસઠ ધનુષ, ત્રીજામાં સવાએકત્રીસ ધનુષ, બીજામાં પંદર ધનુષ દશ આની, અને પહેલામાં સાત ધનુષ તેર આની એ પ્રમાણે જાણવું. તેમાં ઓગણપચાસ પટલ છે અને તે બધામાં જુદી જુદી વિશેષ અવગાહના શ્રીત્રિલોકસારથી જાણવી.

ગાથા–૧૬૯

હવે દેવોની અવગાહના કહે છે :–

असुराणां पञ्चविंशतिः शेषाः नवभावनाश्च दशदण्डाः।
व्यन्तरदेवानां तथा ज्योतिष्काः सप्तधनुर्देहाः।।१६९।।

અર્થ :– ભવનવાસીઓમાં અસુરકુમારોના દેહની ઉંચાઈ પચ્ચીસ ધનુષ, અને તેના બાકીના નવે કુમારદેવોની દશ ધનુષ, વ્યંતરોના દેહની ઉંચાઈ દશ ધનુષ તથા જ્યોતિષીદેવોના દેહની ઉંચાઈ સાત ધનુષ છે.

ગાથા-૧૭૦-૧૭૧

હવે સ્વર્ગના દેવોના દેહોની ઉંચાઈ કહે છે :-

द्विकद्विचकतुश्चतुर्द्विकत्रिकविकल्पसुराणां शरीरपरिमाणम्।
सप्तषट्पञ्चहस्ताः चत्वारः अर्द्धार्द्धहीनाः च।।१७०।।
अधस्तनमध्यमोपरिमग्रैवेयकेषु तथा विमानचतुर्दशसु।
अर्द्धयुक्तौ द्वौ हस्तौ हीनं अर्द्धार्द्धकं उपरि।।१७१।।

અર્થ :- સૌધર્મ-ઇશાનયુગલના દેવોનો દેહ સાત હાથ ઉંચો છે, સનત્કુમાર-માહેન્દ્રયુગલના દેવોનો દેહ છ હાથ ઊંચો છે, બ્રહ્મ-બ્રહ્મોત્તર-લાંતવ-કાપિષ્ટ એ ચાર સ્વર્ગના દેવોનો દેહ પાંચ હાથ ઉંચો છે, શુક્ર-મહાશુક્ર-સતાર-સહસ્રાર એ ચાર સ્વર્ગના દેવોનો દેહ ચાર હાથ ઉંચો છે, આણત-પ્રાણતયુગલના દેવોનો દેહ સાડાત્રણ હાથ ઉંચો છે, આરણ-અચ્યુતયુગલના દેવોનો દેહ ત્રણ હાથ ઉંચો છે, અધોગ્રૈવેયકના દેવોનો દેહ અઢી હાથ ઉંચો છે, મધ્યમગ્રૈવેયકના દેવોનો દેહ બે હાથ ઉંચો છે, ઉપરીમગ્રૈવેયકના દેવોનો દેહ દોઢ હાથ ઉંચો છે તથા નવઅનુદિશ અને પંચઅનુત્તરના દેવોનો દેહ એક હાથ ઉંચો છે.

ગાથા-૧૭૨

આગળ ભરત-ઐરાવતક્ષેત્રમાં કાળની અપેક્ષાએ મનુષ્યોના શરીરની ઉંચાઈ કહે છે :-

अवसर्प्पिण्याः प्रथमे काले मनुष्याः त्रिकोशोत्सेधाः।
षष्ठस्य अपि अवसाने हस्तप्रमाणाः विवस्त्राः च।।१७२।।

અર્થ :- અવત્સર્પિણીના પહેલાકાળમાં આદિમાં મનુષ્યોનો દેહ ત્રણ કોશ ઉંચો છે તથા છઠ્ઠાકાળના અંતમાં મનુષ્યોનો દેહ એક હાથ ઉંચો છે વળી છઠ્ઠા કાળના મનુષ્યો વસ્ત્રાદિથી રહિત હોય છે.

ગાથા–૧૭૩

આગળ એકેન્દ્રિયજીવોનો જઘન્યદેહ કહે છે :–

सर्वजघन्यः देहः लब्ध्यपर्याप्तानां सर्वजीवानाम्।
अङ्गुलाऽसंख्यातभागः अनेकभेदः भवेत् सः अपि।।१७३।।

અર્થ :– લબ્ધ્યપર્યાપ્ત સર્વ જીવોનો દેહ ઘનઅંગુલના અસંખ્યાતમા ભાગ છે અને તે સર્વ જઘન્ય છે તથા તેમાં પણ અનેક ભેદ છે.

ભાવાર્થ :– એકેન્દ્રિયજીવોનો જઘન્યદેહ પણ નાનો–મોટો હોય છે અને તે ઘનાંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ અનેક ભેદ છે. ગોમટ્ટસારમાં અવગાહનાના ચોસઠ ભેદોનું વર્ણન છે, ત્યાંથી તે જાણવું.

ગાથા–૧૭૪

આગળ બેઇન્દ્રિય આદિની જઘન્ય અવગાહના કહે છે :–

द्वित्रिचतुःपञ्चाक्षाणां जघन्यदेहः भवति पर्याप्तानाम्।
अंङ्गुलाऽसंख्यातभागः संख्यातागुणः सः अपि उपर्युपरि।।१७४।।

અર્થ :– બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય અને પંચેન્દ્રિય પર્યાપ્તજીવોનો જઘન્યદેહ ઘનાંગુલના અસંખ્યાતમા ભાગ છે અને તે પણ ઉપર ઉપર સંખ્યાત ગુણો છે.

ભાવાર્થ :– બેઇન્દ્રિયના દેહથી સંખ્યાતગુણો ત્રણઇન્દ્રિયનો દેહ છે, ત્રણઇન્દ્રિયના દેહથી સંખ્યાતગુણો ચારઇન્દ્રિયનો દેહ છે. અને તેનાથી સંખ્યાતગુણો પંચેન્દ્રિયનો દેહ છે.

ગાથા–૧૭૫

આગળ જઘન્યઅવગાહનાના ધારક બેઇન્દ્રિયાદિ જીવ કોણ કોણ છે તે કહે છે :–

अनुधरीयः कुन्थुः काणमाक्षिका च शालिसिच्छः च।
पर्याप्तानां त्रसानां जघन्यदेहः विनिर्दिष्टः।।१७५।।

**અર્થ :– બેઇન્દ્રિય તો અણુદ્ધરીજીવ, ત્રણઇન્દ્રિયમાં કુંથુજીવ, ચારઇન્દ્રિયમાં કાણ–મક્ષિકા અને પંચેન્દ્રિયમાં શાલીસિચ્છક નામનો મચ્છ એ ત્રસપર્યાપ્ત જીવોનો જઘન્ય દેહ કહ્યો છે.**

સર્વજ્ઞદેવે લોકનું અસ્તિત્વ અનાદિઅનંત જોયું છે, ધર્મી જીવ જ્ઞાનસ્વભાવની પ્રતીતિપૂર્વક એવા લોકનું સ્વરૂપ વિચારે છે. ક્યા જીવોની કેટલી સંખ્યા છે. કેટલું આયુષ્ય છે તથા કેટલી અવગાહના છે તે બધું સર્વજ્ઞદેવની આજ્ઞા પ્રમાણે સમજવું જોઈએ.

જીવ લોકપ્રમાણ પણ છે ને દેહપ્રમાણ પણ છે તે કઈ રીતે ? તે કહે છે.

ગાથા–૧૭૬

**આગળ જીવનું લોકપ્રમાણપણું અને દેહપ્રમાણપણું કહે છે :–**

**लोकप्रमाणः जीवः देहप्रमाणः अपि आस्ते क्षेत्रे।**
**अवगाहनशक्तितः संहरणविसर्प्पधर्मात्।।१७६।।**

**અર્થ :– જીવ, લોકપ્રમાણ છે તથા દેહપ્રમાણ પણ છે, કારણકે સંકોચ–વિસ્તારધર્મ તેમાં થાય એવી અવગાહનશક્તિ તેમાં છે.**

**ભાવાર્થ :– લોકાકાશના અસંખ્યાતપ્રદેશ છે તેથી જીવના પણ તેટલા જ પ્રદેશ છે, કેવલસમુદ્ઘાત કરે તે વેળા તે લોકપૂરણ થાય છે. વળી સંકોચ–વિસ્તારશક્તિ તેમાં છે તેથી જેવી દેહ પામે તેટલા જ પ્રમાણ તે રહે છે અને સમુદ્ઘાત કરે ત્યારે તેના પ્રદેશ દેહથી (બહાર) પણ નીકળે છે.**

અર્થ :– જીવ, લોકપ્રમાણ છે તથા દેહપ્રમાણ પણ છે, કારણકે સંકોચ–વિસ્તારધર્મ તેમાં થાય એવી અવગાહનશક્તિ તેમાં છે.

એક એક જીવમાં અસંખ્યપ્રદેશો છે, તેનો આકાર દેહના આકાર પ્રમાણે છે. ને કોઈ વખત પ્રદેશોનો વિસ્તાર થતાં લોકપ્રમાણ પણ થાય છે – આવી તેની સંકોચ–વિસ્તાર થવાની લાયકાત છે. આત્મા સર્વથા લોકવ્યાપક નથી આત્માનો વિચાર, આનંદ અને વેદન પોતાના

સ્વપ્રદેશમાં જ થાય છે. દેહ પ્રમાણે પોતાનું ક્ષેત્ર છે, એક જીવને વીંછી કરડે ને દુ:ખ વેદાય, ત્યાં બીજો જીવ તેના શરીરને અડે તો તેને કાંઈ તેવું દુ:ખ વેદાતું નથી, કેમકે બંને જીવ જુદા છે, આ જીવ પોતાના દેહપ્રમાણ છે. પોતાના જ્ઞાન આનંદસ્વરૂપના ભાનપૂર્વક ધર્મી જીવ આવી યથાર્થ વિચારણા કરે છે. આત્માના ભાન વિના આવા વિચાર કરે તો તે પણ ખરેખર ભાવના નથી, પણ શુભરાગ છે. તો પછી જેઓ એવા ઉંધા વિચાર કરે છે કે 'બધા થઈને એક આત્મા છે, આત્મા સર્વથા સર્વવ્યાપક છે' એવા જીવો તો તીવ્ર મિથ્યાત્વને સેવે છે.

જીવના સ્વભાવથી વિરુદ્ધ માને તેને ધર્મ કોઈ રીતે થાય નહિ. માટે જીવનું યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી જ તેની ભાવના યથાર્થ હોય. જાણ્યા વગર ભાવના કોની ?

લોકની બહાર ચારે બાજુ આકાશ છે. તેના તો અનંતઅનંત પ્રદેશો છે, પણ આ લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે. જેટલા લોકના પ્રદેશો છે તેટલા જ એકેક જીવના પ્રદેશો છે ને એવા અનંત જીવો જુદા જુદા છે. આત્માના પ્રદેશો સંખ્યાથી તો સદા લોકપ્રમાણ અસંખ્યાત જ છે. તેમાં વધારો કે ઘટાડો થતો નથી. પણ તેના આકારમાં સંકોચ-વિસ્તાર થવાની જીવની શક્તિ છે. દેહપ્રમાણ આકાર છે. અને કેવળજ્ઞાનીને સમુદ્ઘાત વખતે તેના પ્રદેશો બહાર ફેલાઈને લોકપ્રમાણ આકાર થાય છે. કેવળી ભગવાન સિવાય બીજા જીવોને પણ બીજા પ્રકારના સમુદ્ઘાત થાય છે ત્યારે તેના પ્રદેશો પણ વિસ્તાર પામીને દેહની બહાર ફેલાય છે. માટે આત્મા સર્વથા દેહપ્રમાણ નથી, તેમ જ સર્વથા લોકપ્રમાણ પણ નથી. કર્મના કારણે આત્માનો આકાર નથી, પણ પોતામાં જ સંકોચ-વિસ્તારની લાયકાત છે.

ગાથા-૧૭૭

**આગળ કોઈ અન્યમતી જીવને સર્વથા સર્વગત જ કહે છે તેનો નિષેધ કરે છે :-**

सर्वगतः यदि जीवः सर्वत्र अपि दुःखसुखसम्प्राप्तिः।
जायते न सा दृष्टिः निजतनुमानः ततः जीवः।।१७७।।

**અર્થ :- જો જીવ સર્વગત જ હોય તો સર્વ ક્ષેત્રસંબંધી સુખ-દુ:ખની પ્રાપ્તિ તેને હોય પણ એમ તો જોવામાં આવતું નથી. પોતાના શરીરમાં જ સુખ-દુ:ખની પ્રાપ્તિ જોઈએ છીએ**

**તેથી પોતાના શરીરપ્રમાણ જ જીવ છે.**

જો આત્મા સર્વથા સર્વગત જ હોય તો જગતનાં બધાં ક્ષેત્રનાં સુખ દુઃખનો તેને અનુભવ થવો જોઈએ. પણ એમ થતું નથી. બીજાના શરીરને વીંછી કરડે તો અહીં પોતાને દુઃખ થતું નથી, પણ આ શરીરને વીંછી કરડતાં શરીરમાં મારાપણાને લીધે દુઃખ લાગે છે. માટે આત્મા સ્વદેહપ્રમાણે જ છે, પરના દેહમાં આ આત્મા વ્યાપક નથી, દરેક જીવની પરથી પૃથક્તા છે. શરીરને વીંછી કરડ્યો તેના કારણે દુઃખ થયું – એમ ન સમજવું. દુઃખ તો પોતાના કારણે થાય છે અને તે દુઃખનું ક્ષેત્ર પોતાના શરીરપ્રમાણે છે. એટલે કે જીવનો આકાર દેહપ્રમાણ છે. દેહને વીંછી કરડતાં તે દેહમાં રહેલો જીવ મમતા કરે છે. તેથી તેને દુઃખ થાય છે. પણ બીજા જીવને તે દુઃખ થતું નથી. દરેક તત્ત્વ જુદું જુદું છે – એવું જેને ભાન નથી તેને તો સત્ય વસ્તુનું જ ભાન નથી. બધાયનું અંતિમ ધ્યેય તો એક જ છે – એમ મૂઢ જીવો કહે છે, પણ એ વાત જૂઠી છે. બધા થઈને એક જ આત્મા છે – એવી માન્યતા તો મહા દુઃખી થવાનો રસ્તો છે. પોતાના આત્માની સ્વતંત્રતાનું જેને ભાન નથી તે જીવને ધર્મ થતો નથી.

એ રીતે જીવને સ્વતંત્ર સિદ્ધ કરીને હવે 'જીવ જ્ઞાનસ્વભાવી છે' એ વાત કહે છે. પહેલાં જીવનું સ્વક્ષેત્ર  સિદ્ધ કર્યું, હવે જીવનો સ્વભાવ સિદ્ધ કરે છે.

ગાથા–૧૭૮

**जीवः ज्ञानस्वभावः यथा अग्निः उष्णः स्वभावेन।**
**अर्थान्तरभूतेन हि ज्ञानेन न सः भवेत् ज्ञानी।।१७८।।**

**અર્થ :– જેમ અગ્નિ, સ્વભાવથી જ ઉષ્ણ છે તેમ જીવ છે તે જ્ઞાનસ્વભાવ છે તેથી અર્થાંતરભૂત એટલે પોતાથી જુદા પ્રદેશરૂપ જ્ઞાનથી જ્ઞાની નથી.**

**ભાવાર્થ :– નૈયાયિક આદિ છે તેઓ જીવનો અને જ્ઞાનનો પ્રદેશભેદ માની કહે છે કે 'આત્માથી જ્ઞાન ભિન્ન છે અને તે સમવાય તથા સંસર્ગથી એક થયું છે તેથી તેને જ્ઞાની કહીએ છીએ, જેમ ધનથી ધનવાન કહીએ છીએ તેમ.' પણ આમ માનવું તે અસત્ય છે.**

**આત્મા અને જ્ઞાનને અગ્નિ અને ઉષ્ણતામાં જેવો અભેદભાવ છે તેવો તાદાત્મ્યભાવ છે.**

અર્થ :– જેમ અગ્નિ, સ્વભાવથી જ ઉષ્ણ છે તેમ જીવ છે તે જ્ઞાનસ્વભાવ છે તેથી અર્થાંતરભૂત એટલે પોતાથી જુદા પ્રદેશરૂપ જ્ઞાનથી જ્ઞાની નથી.

જીવ પોતે જ જ્ઞાન છે, જ્ઞાન તેનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. શરીરાદિ કે રાગાદિ તે જીવનો સ્વભાવ નથી. પણ જ્ઞાન જીવનો સહજ સ્વભાવ છે. એટલે કોઈ પણ બહારના કારણે જ્ઞાન થાય એ વાત રહેતી નથી. અસંખ્યપ્રદેશી જ્ઞાનમૂર્તિ આત્મા છે તે પોતે જ જ્ઞાનસ્વભાવી છે, તેના સ્વભાવથી જ જ્ઞાન થાય છે. જ્ઞાનના પ્રદેશો જીવથી જુદા નથી. ભિન્ન વસ્તુભૂત જ્ઞાન વડે આત્મા જ્ઞાની થાય છે – એમ નથી, એટલે કે આત્માને અને જ્ઞાનને ભેદ નથી, બંને અભિન્ન એકપ્રદેશી છે. જ્ઞાન કાંઈક જુદી વસ્તુ છે – એમ નૈયાયિક માને છે. એટલે કે જ્ઞાન બહારથી આવે છે એમ માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે, તે જ પ્રમાણે જૈનમાં રહેલા પણ કોઈ એમ માને કે અમારું જ્ઞાન પુસ્તક–ગુરુ વગેરે નિમિત્તમાંથી આવે છે – તો તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે, તેણે જ્ઞાનસ્વભાવી આત્માને જાણ્યો નથી.

આત્મા પોતે ત્રિકાળ જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે, તેના જ્ઞાનસ્વભાવના આશ્રયે જ જ્ઞાનની પર્યાય ખીલે છે. જ્ઞાનસ્વભાવના સમય સમયના પરિણમનથી જ જ્ઞાન થાય છે, બહારથી તે જ્ઞાન આવતું નથી. સમ્યગ્જ્ઞાનની પોતાની લાયકાત વખતે સામે જ્ઞાનીપુરુષ વગેરે નિમિત્ત હોય ભલે પણ તે નિમિત્તમાંથી પોતાનું જ્ઞાન આવ્યું નથી. પોતાનું જ્ઞાન તો પોતાના ત્રિકાળી સ્વભાવમાંથી જ આવ્યું છે. જ્ઞાનગુણનો જ ત્રિકાળ વિવિધ પર્યાયપણે થવાનો સ્વભાવ છે. પરને લીધે જ્ઞાન માને તે બધા જીવો નૈયાયિકમત જેવા મિથ્યાદૃષ્ટિ છે. ગુણ–ગુણીની એકતાની પ્રતીતિ કરે તો જ્ઞાન અંદર સ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ. વાણી વગેરેના અવલંબને જ્ઞાન થાય છે એમ જેણે માન્યું તેને તો ગુણ–ગુણીની એકતા માની નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન :– આ વાત માનતાં ભગવાનના દિવ્યધ્વનિનું બહુમાન ઊડી જાય છે ?

ઉત્તર :– આ સમજશે તેને ભગવાનના દિવ્યધ્વનિનું યથાર્થ બહુમાન આવશે. ભગવાને દિવ્યધ્વનિમાં જ્ઞાનની સમય સમયની સ્વતંત્રતા જાહેર કરી છે. તેને બદલે જે અજ્ઞાની જીવ એમ માને છે કે મારું જ્ઞાન ભગવાનની વાણી વગેરે પરમાંથી આવે છે. તે અજ્ઞાની જીવે

ભગવાનની વાણીનો વિરોધ કર્યો છે. જેણે પોતાના જ્ઞાનસ્વભાવની સ્વતંત્રતા માની છે તે જીવને ભગવાનની વાણીનું યથાર્થ બહુમાન આવશે કે અહો ! જેવો મારો સ્વાધીન જ્ઞાનસ્વભાવ છે તેવો જ ભગવાનનો દિવ્યધ્વનિ જાહેર કરે છે. આમ સ્વભાવના બહુમાનપૂર્વક નિમિત્તનો યથાર્થ વિવેક અને બહુમાન ધર્મીને આવ્યા વિના રહેશે નહિ.

ભાવાર્થ :– નૈયાયિક આદિ છે તેઓ જીવનો અને જ્ઞાનનો પ્રદેશભેદ માની કહે છે કે 'આત્માથી જ્ઞાન ભિન્ન છે અને તે સમવાય તથા સંસર્ગથી એક થયું છે તેથી તેને જ્ઞાની કહીએ છીએ, જેમ ધનથી ધનવાન કહીએ છીએ તેમ.' પણ આમ માનવું તે અસત્ય છે. આત્મા અને જ્ઞાનને અગ્નિ અને ઉષ્ણતામાં જેવો અભેદભાવ છે તેવો તાદાત્મ્યભાવ છે.

ધન અને ધનવાન તો સર્વથા જુદા છે. પણ જ્ઞાન અને જ્ઞાનવાનને જુદાઈ નથી. ધન તો પરચીજ છે. ખરેખર ધન જીવનું છે જ નહિ, ધન પ્રત્યે મમતા કરનારો જીવ તે મમતાભાવથી તે વખતે જેમ જુદો નથી, તેમ જ્ઞાન અને જ્ઞાનવાન કદી જુદા નથી, જ્ઞાન અને આત્મા પહેલાં જુદા જુદા હતા ને પછી ભેગાં થઈને આત્મા 'જ્ઞાની' થયો – એમ નથી. આત્માને અને જ્ઞાનને, ધન અને ધનવાન જેવો સંબંધ નથી, પણ અગ્નિ અને ઉષ્ણતા જેવું એકમેકપણું છે, જેમ અગ્નિ પોતે જ ઉષ્ણસ્વભાવ છે, અગ્નિની ઉષ્ણતા કોઈ લાકડાને લીધે કે ઘીને લીધે નથી. ઘીની અને લાકડાની પર્યાયનો અગ્નિમાં અભાવ છે. તેમ આત્માનો જ્ઞાન સ્વભાવ છે, તે પોતે જ જ્ઞાન છે, કોઈ ઇન્દ્રિયો કે પુસ્તક વગેરે નિમિત્તોને લીધે તેના જ્ઞાનનું અસ્તિત્વ નથી.

સમ્યગ્દષ્ટિ ધર્મી વિચારે છે કે અહો ! મારો જ્ઞાનસ્વભાવ મારામાં મારાથી જ છે. બહારના ક્ષેત્રમાંથી મારું જ્ઞાન આવતું નથી. તેમ જ બહારના વિવિધ પદાર્થોને કારણે મારા જ્ઞાનની વિવિધતા થતી નથી. જ્ઞાનનો સ્વતંત્ર સ્વભાવ જ તેવી વિવિધતારૂપે પરિણમવાનો છે.

આત્મા એક તત્ત્વ છે. તત્ત્વ પોતાના સ્વભાવ વગરનું હોય નહિ. આત્મા જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ છે, તેના જ્ઞાનની ઓછી દશામાંથી અધિકદશા થાય તે જ્ઞાનના પોતાના સ્વભાવથી જ છે. અગ્નિમાં ઉષ્ણતા ક્યાંથી આવી ? ક્યાંય બહારથી નથી આવી, પણ અગ્નિ પોતે જ ઉષ્ણતાનો પિંડ છે. તેમ આત્માનું જ્ઞાન ક્યાંથી આવ્યું ? બહારમાંથી નથી આવ્યું પણ આત્મા પોતે જ જ્ઞાન સ્વભાવનો પિંડ છે. અહો ! આવા સ્વભાવની પ્રતીતિ કરે તો નિમિત્તના આશ્રયની બુદ્ધિ ઊડી જાય, રાગ થાય તેમાં એકત્વબુદ્ધિ ઊડી જાય. પર્યાય જેટલો છું એવી

પર્યાયબુદ્ધિ પણ ઊડી જાય ને ત્રિકાળી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય ને તેની સન્મુખતાથી ધર્મ થાય.

પહેલાં આત્માના આકારની સ્વાધીનતા બતાવી, આત્માના પ્રદેશોમાં સંકોચ–વિસ્તારની તેવી તાકાત છે, તે કોઈ બીજાના કારણે નથી. સિદ્ધ ભગવંતોને જે આકાર છે તે પોતાના કારણે છે, તેમને હવે સંકોચ–વિસ્તારની લાયકાત રહી નથી – એમ ક્ષેત્રથી સ્વાધીનતા બતાવી. ને અહીં ભાવથી સ્વાધીનતા બતાવે છે. આત્માનો ત્રિકાળ જ્ઞાનસ્વભાવ પોતાથી જ છે, ને તેની સમય સમયની વર્તમાનદશા પણ પોતાથી જ છે.

ભલે તત્ત્વનો અભ્યાસ કરે, રાગ મંદ કરે, વ્રતાદિ કરે, પણ જો અંદરમાં સમય સમયની પર્યાયની સ્વાધીનતાનો વિશ્વાસ ન બેસે તો તે જીવને ત્રિકાળી સ્વાધીન તત્ત્વ પ્રતીતિમાં આવતું નથી, ને તેને કલ્યાણ થતું નથી. જેણે એક સમયની અવસ્થાને પરથી માની તેણે ત્રણેકાળની અવસ્થાને પરને લીધે માની, એટલે ત્રિકાળી તત્ત્વને જ પરાધીન માન્યું, તે મિથ્યાદૃષ્ટિ છે, તેને ધર્મ થતો નથી. માટે કહ્યું કે જ્ઞાન અને આત્માને પ્રદેશભેદ નથી, આત્મા અને જ્ઞાન અભેદ છે. આત્મા પોતે જ જ્ઞાન સ્વભાવી છે, તેનું જ્ઞાન પરથી નથી. આમ સમજે તો જ્ઞાનની વર્તમાનદશા સ્વભાવમાં અંતર્મુખ થઈને ભેદજ્ઞાન અને વીતરાગતારૂપ ધર્મ પ્રગટે.

ગાથા–૧૭૯

**આગળ (ગુણ–ગુણીને) ભિન્ન માનવામાં દૂષણ દર્શાવે છે :–**

**यदी जीवतः भिन्नं सर्वप्रकारेण भवति तत् ज्ञानं।**
**गुणगुणिभावः च तदा दूरेण प्रणश्यते तयोः।।१७९।।**

**અર્થ :– જો જીવથી જ્ઞાન સર્વથા ભિન્ન જ માનીએ તો તે બંનેમાં ગુણ–ગુણિભાવ દૂરથી જ નાશ પામે, અર્થાત્ આ જીવદ્રવ્ય (ગુણી) છે અને જ્ઞાન તેનો ગુણ છે એવો ભાવ ઠરશે નહિ.**

જેણે પરને લીધે જ્ઞાન માન્યું તેણે જ્ઞાનને આત્માથી સર્વથા જુદું માન્યું છે, જ્ઞાનને

પરથી માન્યું, તો તેની માન્યતામાં જ્ઞાનગુણ આત્માનો ન રહ્યો પણ પરનો થઈ ગયો, એટલે આત્મા તો જ્ઞાનગુણ વગરનો અચેતન જ થઈ ગયો !! આત્મા દ્રવ્ય છે, ને જ્ઞાન તેનો ગુણ છે – આમ ગુણગુણીભેદ છે એ અપેક્ષાએ ભેદ છે પણ પ્રદેશભેદ નથી. જ્ઞાનસ્વભાવી આત્મા પરને તેમ જ રાગને જાણનારો છે, પણ પરમાંથી કે રાગમાંથી તેનું જ્ઞાન આવતું નથી. ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ જ્ઞાન આવે છે.

જો જ્ઞાન અને આત્માને ક્ષેત્રથી ભેદ હોય તો 'જ્ઞાન તે આત્માનો ગુણ છે' એમ જ સિદ્ધ નહિ થાય ! એટલે આત્મા જ્ઞાન વગરનો અચેતન થઈ જશે. માટે અંતરમાં જ્ઞાન અને આત્માની અભેદતાની પ્રતીતિ કરવી તેનું નામ ધર્મ છે. જુઓ, આ ધર્મની રીત ! આ સિવાય બહારમાં દાનાદિ કરે પણ પોતે કોણ છે તે જાણે નહિ – તો તેને ધર્મ થાય નહિ. ભાઈ ! તારો જ્ઞાનસ્વભાવ તારામાં છે, તેને તું બહારમાં ન શોધ ! અંતર્મુખ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરીને તેની સન્મુખ થઈને તેના આશીર્વાદ લે. એ સિવાય બહારમાં બીજા કોઈના આશીર્વાદથી કાંઈ કલ્યાણ થતું નથી. અરે ભગવાન ! તારા સ્વભાવમાં તારું સુખ ને શાંતિ છે, તે સ્વભાવ સાથે એકતા કરીને તેમાં અંતર્મુખ થા તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટે ને કલ્યાણ થાય. આ રીતે જ્ઞાનને અને આત્માને અભેદ જાણીને તેમાં અંતર્મુખદૃષ્ટિ કરવી તેનું નામ ધર્મ છે.

## સમજવાની ગરજ

કેટલાક જીવો કહે છે કે અમને કાંઈ સમજાતું નથી. પણ અરે ભાઈ ! 'મારે આ વાત સમજવાની જરૂર છે, આ સમજ્યા વિના મારું હિત નથી' – એમ જો અંદરમાં દરકાર કરીને આમાં મન પરોવે – તો સમજાયા વગર રહે નહિ. અંદર ગરજ કરીને સમજવા માગે તેને બધુંય સમજાય તેવું છે. જેને સમજવાની જરૂર જ ન લાગતી હોય તેને ક્યાંથી સમજાય ? માટે અંદરથી દરકાર જાગવી જોઈએ. **(વ્યાખ્યાન પછી ચર્ચામાંથી)**

## પ્રસાદ નં. – ૨૨૫

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૪, વર્ષ ૨જાું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૧૧-૬-૫૨, બુધવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૧૧, બુધવાર, ૪-૬-૫૨ સવાર)**

આત્માના ભાનપૂર્વક ધર્મી જીવ બાર ભાવના ભાવે છે તેનું આ વર્ણન છે. છ પદાર્થસ્વરૂપ લોક છે, તે જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. લોકમાં રહેલા પદાર્થોનું આ વર્ણન છે. જીવ પણ લોકમાં રહેલો છે. જીવ જ્ઞાન સ્વભાવી વસ્તુ છે. તેનું ભાન કરીને તેમાં એકાગ્રતાની ભાવના ધર્મી જીવ ભાવે છે. આ વૈરાગ્યભાવનાઓ ભવ્ય જીવોને આનંદજનની છે. આત્મવસ્તુની દૃષ્ટિપૂર્વક આ ભાવના ભાવતાં રાગ ઘટતો જાય છે, ને અરાગીભાવ વધતો જાય છે, એનું નામ સંવર છે. વચ્ચે શુભરાગ હોય તે કાંઈ સંવર નથી. તીર્થંકરો પણ દીક્ષા પહેલાં આ બાર વૈરાગ્ય ભાવનાઓ ચિંતવે છે. જે જ્ઞાયક સ્વભાવને જાણ્યો છે તેમાં વિશેષ એકાગ્રતા કરવી તેનું નામ ભાવના છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવની દૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ ઉપર હોય છે. ને તેના ધ્યાનમાં એકાગ્રતા કરે છે તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે ધ્યાન જ છે. જ્ઞાનસ્વભાવનું ધ્યાન તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને તે જ સંવર-નિર્જરા તથા મોક્ષનો ઉપાય છે. બાર ભાવના પણ તેમાં સમાઈ જાય છે. આત્મા ચિદાનંદ સ્વભાવી છે, તેનું ધ્યાન તે ધર્મ છે, તેના ધ્યાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. ને બંધમાર્ગ તે પણ પરનું ધ્યાન છે. શુદ્ધ સ્વભાવની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું તે મોક્ષના કારણરૂપ ધ્યાન છે, ને રાગની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું તે

સંસારના કારણરૂપ ધ્યાન છે. આત્મા વર્તમાન પ્રગટ અવસ્થા જેટલો જ નથી, પણ ત્રિકાળ શક્તિનો અખંડ પિંડ છે. સંયોગ તો પર છે. પુણ્ય-પાપ તે ક્ષણિક વિકારી લાગણી છે. તેટલો જ આત્મા નથી. જ્ઞાનના ક્ષયોપશમભાવ જેટલો પણ આત્મા નથી. આત્મા અખંડ જ્ઞાનસ્વભાવી પરિપૂર્ણ સામર્થ્યનો પિંડ છે. એ જ્ઞાયકસ્વભાવ તરફ જ્ઞાનની એકાગ્રતા લંબાય તેનું નામ ભાવના છે.

સર્વજ્ઞે જોયેલી લોકસ્થિતિમાં એકેક જીવનો આવો સ્વભાવ છે. આવા પોતાના સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે ને સ્વભાવને ચૂકીને પરની રુચિ ને એકાગ્રતા તે સંસારમાર્ગ છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનથી લોકઅલોકને જોયા છે, તેની સમ્યગ્દષ્ટિને પ્રતીતિ વર્તે છે, ને તે ઉપરાંત લોકનું સ્વરૂપ ચિંતવતાં તેને જ્ઞાનની વિશેષ નિર્મળતા અને એકાગ્રતા થાય છે. લોકમાં રહેલા જીવતત્ત્વનું સ્વરૂપ શું છે ? ને તેને નહિ સમજનાર જીવો કેવું વિપરીત સ્વરૂપ માને છે. એનો ધર્મી જીવ વિચાર કરે છે.

આત્મ જ્ઞાનસ્વભાવી છે. તેને જ્ઞાન સાથે ભેદ નથી. જ્ઞાન જુદું ને આત્મા જુદો એવો પ્રદેશભેદ નથી. 'જો આત્માને અને જ્ઞાનને પ્રદેશભેદ ન હોય તો તેમનાં જુદાં જુદાં બે નામ કેમ કહેવાય ?' એમ કોઈ પૂછે તો તેનું સમાધાન કહે છે.

---

ગાથા-૧૮૦

**આગળ કોઈ પૂછે કે 'ગુણ અને ગુણીના ભેદ વિના બે નામ કેમ કહેવાય ?' તેનું સમાધાન કરવામાં આવે છે :-**

**जीवस्य अपि ज्ञानस्य अपि गुणगुणिभावेन क्रियते भेदः।**
**यत् जानाति तत् ज्ञानं एवं भेदः कथंचित् भवति।।१८०।।**

**અર્થ :- જીવ અને જ્ઞાનમાં ગુણ-ગુણીભાવથી કથંચિત ભેદ કરવામાં આવે છે પરંતુ જે 'જે જાણે તે જ આત્માનું જ્ઞાન છે' એવો ભેદ કેમ હોય ?**

**ભાવાર્થ :- જો સર્વથા ભેદ હોય તો 'જાણે તે જ્ઞાન છે' એવો અભેદ કેમ કહેવાય ? માટે કથંચિત્ ગુણ-ગુણીભાવથી ભેદ કહેવામાં આવે છે પરંતુ તેમાં પ્રદેશભેદ નથી. એ પ્રમાણે**

**કોઈ અન્યમતી ગુણ–ગુણીમાં સર્વથા ભેદ માની જીવ અને જ્ઞાનને સર્વથા અર્થાંતરભેદ (પદાર્થ ભિન્નતારૂપ ભેદ) માને છે તેના મતને નિષેધ્યો.**

આત્મા પોતે જાણનાર તત્ત્વ છે. તેને જ્ઞાનથી જુદાપણું નથી. આત્મા દ્રવ્ય છે, ને જ્ઞાન તેનો ગુણ છે – એ રીતે તેમને નામ ભેદ છે, પણ પ્રદેશભેદ નથી – વસ્તુભેદ નથી. આત્મા છે ત્યાં જ્ઞાન ન હોય અને જ્ઞાન છે ત્યાં આત્મા ન હોય એવું કદી પણ બનતું નથી. આત્મા ઇન્દ્રિયોથી કે રાગથી જાણતો નથી, પણ પોતે જ જ્ઞાનસ્વભાવી જાણનાર તત્ત્વ છે. જુદા જ્ઞાનવડે આત્મા જાણે છે એમ નથી પણ જ્ઞાન તો આત્માનો સ્વભાવ જ છે. આ રીતે આત્મા અને જ્ઞાન ને નામભેદ–લક્ષણભેદ હોવા છતાં વસ્તુભેદ નથી – પ્રદેશભેદ નથી. પાંચે ઇન્દ્રિયો બંધ હોય છતાં તે વખતે અંદર કોણ જાણે છે ? આત્મા જ જ્ઞાનથી જાણે છે. તે જાણનારો જ્ઞાનથી જુદો રહીને નથી જાણતો, પણ જ્ઞાન સાથે એકમેક છે.

આત્મા અને શરીર તો તદ્દન જુદા છે, બન્ને વસ્તુ જ ભિન્ન છે, બન્નેના પ્રદેશો જ ભિન્ન છે. પણ આત્મા અને જ્ઞાનને તેવો ભેદ નથી. આમ જ્ઞાનસ્વભાવને નક્કી કરવો તેનું નામ ધર્મ છે. બહારથી જ્ઞાન આવે છે એમ જે માને છે તે જૈન નથી પણ અન્યમતી છે. ગુણ ગુણીની એકતા છે – એમાં એકાગ્ર થાઉં તો ગુણ ખીલે એમ ન માનતાં નિમિત્તથી ને રાગથી જ્ઞાન ખીલે છે એમ જે માને છે તે જીવ મિથ્યાદષ્ટિ છે, તેનો મત લોકસ્થિતિથી વિપરીત છે, આત્મસ્વભાવથી વિપરીત છે, સર્વજ્ઞથી વિપરીત છે, જૈનદર્શનથી વિપરીત છે.

ગાથા–૧૮૧

**આગળ ચાર્વાકમતી જ્ઞાનને પૃથ્વીઆદિનો વિકાર માને છે તેને નિષેધે છે :–**

**ज्ञानं भूतविकारं यः मन्यते सः अपि भूतगृहीतव्यः।**
**जीवेन विना ज्ञानं किं केनापि दृश्यते कुत्र ?।।१८१।।**

**અર્થ :– જ્ઞાનને પૃથ્વીઆદિ પાંચ ભૂતોનો વિકાર માને છે તે ચાર્વાક ભૂત અર્થાત્ પિશાચથી ગ્રહાયો છે–ઘેલો છે. કારણકે જ્ઞાન વિનાનો જીવ ક્યાંય કોઈને કોઈ ઠેકાણે જોવામાં**

**આવે છે ? ક્યાંય પણ દેખવામાં આવતો નથી.**

જેમ ઘડિયાળમાં બધા સંચા ભેગા થાય ત્યારે તે ચાલે છે, તેમ જ્ઞાન પણ સંયોગોથી થાય છે. ઇન્દ્રિયો–પુસ્તકો વગેરે અનેક સાધન હોય તો જ્ઞાન થાય– એમ માનનાર પણ ચાર્વાકમતી જેવો છે. અંતરમાં સ્વભાવ પડ્યો છે, તેનું અવલંબન કરું તો ધર્મ થાય – એમ ન માનતાં બહારના સંયોગથી ધર્મ માને છે – તે પણ ચાર્વાક જેવો મિથ્યાદષ્ટિ જ છે.

ચાર્વાક મતવાળા જીવો એમ માને છે કે પૃથ્વી–અગ્નિ વગેરે પંચભૂત ભેગા થઈને જીવની ઉત્પત્તિ થઈ છે, અને પાછો તે પંચભૂતમાં ભળી જશે. આ સિવાય જ્ઞાનસ્વભાવી જીવને તેઓ માનતા નથી. સ્વર્ગ–નરક કે મોક્ષ એવું કાંઈ માનતા નથી. પણ ભાઈ ! આત્મા છે. તેનામાં પુણ્ય–પાપ થાય છે. પુણ્યનું ફળ સ્વર્ગ છે, પાપનું ફળ નરક છે. ને પુણ્ય–પાપરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ફળ મોક્ષ છે. આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ સત્ છે. જ્ઞાન વગરનો જીવ કદી ક્યાંય કોઈને કોઈ ઠેકાણે જોવામાં આવતો નથી. જીવ છે પણ જ્ઞાન નથી – એમ જગતમાં કદી કોઈએ ક્યાંય જોયું નથી. 'આવો જીવ નથી' એમ કહેતાં જ જીવની સિદ્ધિ થઈ જાય છે. કેમકે વસ્તુને જાણ્યા વિના તેનો અભાવ કહી શકાય નહિ.

જંગલમાં એક વાણિયા પાસેથી કાઠીએ માલ લીધો. વાણિયો સમજી ગયો કે આ પૈસા નહિ આપે એટલે તેણે યુક્તિ વાપરીને કહ્યું કે 'આ માલ લીધો છે તેનો સાક્ષી જોઈએ.' જંગલમાં બીજું તો કોઈ ન હતું એટલે એક કાળા બિલાડાને બતાવીને કહ્યું કે 'આ આપણો સાક્ષી !' પછી કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે ન્યાયાધીશ કહે કે તમારો કોઈ સાક્ષી છે ? વાણિયો બીજી બિલાડીને બતાવીને કહે કે 'આ બિલાડી સાક્ષી છે.' તરત જ કાઠીએ કહ્યું કે 'આ બિલાડો ન હતો.' બસ ! 'આ ન હતો' તો બીજો હતો – એમ સિદ્ધ થઈ ગયું. તેમ અજ્ઞાની કહે છે કે 'જીવ નથી – પણ જીવ નથી' એમ કહેતાં જ જીવનું અસ્તિત્વ નક્કી થઈ જાય છે. જીવ નથી એમ કહેનાર પોતે કોણ છે ? તે પણ જીવ છે. શ્રીમદે પણ કહ્યું છે કે :–

'શંકાનો કરનાર તે અચરજ એહ અમાપ'

'હું નથી' એમ શંકા કોણે કરી ? જીવ વિના એવી શંકા કોણે કરી ? શંકા કરનાર પોતે જ જીવ છે.

જીવને જાણ્યા વિના તેનો અભાવ કહી શકાય નહિ. માટે જીવનો અભાવ છે એમ

કહેનારના મતમાં દૂષણ બતાવે છે :–

ગાથા–૧૮૨

**આગળ એમાં દૂષણ દર્શાવે છે :–**

**सच्चेतनप्रत्यक्षं यः जीवं नैव मन्यते मूढः।**
**सः जीवं न जानन् जीवाभावं कथं करोति ?।।१८२।।**

**અર્થ :– આ જીવ, સત્‌રૂપ અને ચૈતન્યરૂપ સ્વસંવેદન પ્રત્યક્ષપ્રમાણથી પ્રસિદ્ધ છે તેને ચાર્વાક માનતો નથી, પણ તે મૂર્ખ છે. જો જીવને જાણતો–માનતો નથી તો તે જીવનો અભાવ કેવી રીતે કરે છે ?**

**ભાવાર્થ :– જે જીવને જાણતો જ નથી તે તેનો અભાવ પણ કહી શકે નહિ, અભાવને કહેવાવાળો પણ જીવ જ છે. કેમકે સદ્‌ભાવ વિના અભાવ પણ કહ્યો જાય નહિ.**

આત્માનો સદ્‌ભાવ જાણ્યા વિના 'આત્મા નથી' એવો અભાવ પણ કહી શકાય નહિ. અહો ! જ્ઞાનસ્વભાવી આત્મા ત્રિકાળ આનંદકંદ છે. આત્મા છે, એમ તેનો સદ્‌ભાવ જાણે તો જ 'દેહાદિ છે તે આત્મા નથી' એમ પરપણે તેનો અભાવ કહી શકાય. પણ આત્માને જ જાણ્યા વગર આત્માનો અભાવ કહી શકાય નહિ. દેહમાં રોગ થયો હોય તેને દેહ નથી જાણતો પણ આત્મા જ જાણે છે, માટે આત્મા દેહથી ભિન્ન જાણનાર તત્ત્વ છે. હવે યુક્તિપૂર્વક જીવનો સદ્‌ભાવ બતાવે છે.

ગાથા–૧૮૩

**આગળ તેને જ યુક્તિપૂર્વક જીવનો સદ્‌ભાવ દર્શાવે છે :–**

**यदि न च भवति जीवः तत् कः वेत्ति सुखदुःखानि।**
**इन्द्रियविषयान् सर्वान् कः वा जानाति विशेषेण।।१८३।।**

**અર્થ :– જો જીવ ન હોય તો પોતાને થતાં સુખ–દુઃખને કોણ જાણે ? તથા ઇન્દ્રિયોના સ્પર્શાદિક વિષયો છે તે બધાને વિશેષતાથી કોણ જાણે ?**

**ભાવાર્થ :– ચાર્વાક (માત્ર એક) પ્રત્યક્ષપ્રમાણને માને છે પરંતુ પોતાને થતાં સુખ–દુઃખને તથા ઇન્દ્રિયોના વિષયોને જાણે છે તે પ્રત્યક્ષ છે, હવે જીવ વિના પ્રત્યક્ષપ્રમાણ કોને હોય ? માટે જીવનો સદ્‌ભાવ (અસ્તિત્વ) અવશ્ય સિદ્ધ થાય છે.**

મને સુખ છે, મને દુઃખ છે – એમ સુખ-દુઃખને જીવ વગર કોણ વેદે ? ત્રિકાળી સત્ એવો આત્મા છે તેના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કરે તો સુખ છે, ને તે સત્ સ્વભાવની ઊંધી માન્યતા તે અસત્ છે, તે અસત્‌નું દુઃખ છે. એ સિવાય સંયોગમાં સુખ કે દુઃખ નથી. ઇન્દ્રિયોના સ્પર્શાદિ વિષયોમાં 'આ ટાઢું છે, આ ઊનું છે, આ મીઠું છે, આ ખોટું છે, આ સુંગધ છે, આ દુર્ગંધ છે.' એમ કોણ જાણે છે ? આત્મા જ તેને જાણે છે. ઇન્દ્રિયોમાં તેને જાણવાની તાકાત નથી. જ્ઞાનમાં જ જાણવાની તાકાત છે. ઇન્દ્રિયોના વિષયોમાં કાંઈ જ્ઞાન નથી, પણ આત્મા જ જ્ઞાનથી તેને જાણે છે. ગમે તેટલાં અંધારાં ભેગાં કરો પણ તેમાંથી કાંઈ પ્રકાશ ન થાય, તેમ અનંતા જડ પદાર્થો ભેગા થઈને તેમાંથી ચેતનની ઉત્પત્તિ થાય નહિ, ને ચેતનના કોઈ અંશમાંથી જડની ઉત્પત્તિ ન થાય. માટે જાણનાર તત્ત્વ દેહાદિના સંયોગથી ભિન્ન છે, તે જીવ તત્ત્વ છે.

જીવ હોય ત્યાં સુધી જે કહો તે સાંભળે, પણ જીવ ચાલ્યો ગયો પછી દેહ પડી રહ્યો, તે કાંઈ સાંભળતો નથી, કેમકે દેહમાં કાંઈ જ્ઞાન નથી. જાણનાર તત્ત્વ તો જીવ છે. તે જીવ વિના સુખ–દુઃખ વગેરેનું વેદન કોણ કરે ? હું સુખી, હું દુઃખી, આ સારું, આ ખરાબ – એમ જાણનારું તો આત્માનું જ્ઞાન છે. તું તારી આંખું ઊઘાડીને તત્ત્વોને જાણ કે જગતમાં કેટલાં તત્ત્વો છે. આંખનો મોતિયો ઊતરી ગયા પછી દાકતર પૂછે કે 'આ કેટલાં આંગળાં છે ?' મોતિયો ઊતરી ગયો હોય તો જેટલાં આંગળાં હોય તેટલાં દેખે છે. તેમ અહીં સર્વજ્ઞ ભગવાન કહે છે કે તું મિથ્યાત્વરૂપી મોતિયો ઊતારીને જ્ઞાનચક્ષુ ઉઘાડીને જગતના પદાર્થોને દેખ ! જગતમાં જીવ છે, અજીવ છે એમ બધાં તત્ત્વો છે તેને જે નથી માનતો તે જીવને મિથ્યાત્વરૂપી મોતિયો ઊતર્યો નથી. હવે આત્માનો સદ્‌ભાવ જેમ સિદ્ધ થાય તેમ કહે છે.

ગાથા–૧૮૪

**હવે આત્માનો સદ્‌ભાવ જેમ સિદ્ધ થાય તેમ કહે છે :–**

**संकल्पमयः जीवः सुखदु:खमयः भवति संकल्पः।**
**तदेव वेत्ति जीवः देहे मिलितः अपि सर्वत्र।।१८४।।**

**અર્થ :– જીવ છે તે સંકલ્પમય છે, અને સંકલ્પ છે તે સુખ–દુઃખમ છે, હવે તે સુખ–દુઃખમ સંકલ્પને જે જાણે છે તેજ જીવ છે, જે દેહ સાથે સર્વત્ર મળી રહ્યો છે તોપણ જાણવાવાળો છે તેજ જીવ છે.**

સંકલ્પ–વિકલ્પ તે જીવનું મૂળ સ્વરૂપ નથી, પણ તે સંકલ્પ–વિકલ્પ જીવના અસ્તિત્વમાં થાય છે. જીવના અસ્તિત્વ વગર સંકલ્પ–વિકલ્પ થતા નથી. આ પ્રમાણે જીવના અસ્તિત્વની સિદ્ધિ કરવા માટે આ કથન છે. જીવના ત્રિકાળી શુદ્ધસ્વરૂપની આ વાત નથી. વીંછી કરડતાં 'મને દુઃખ થાય છે' એવો સંકલ્પ કોને થાય છે ? જીવને કે શરીરને ? જીવને જ તેવો સંકલ્પ થાય છે. તથા 'હવે વીંછી ઊતરી ગયો' એમ પણ જીવ જાણે છે. આ સંકલ્પ–વિકલ્પ તે વિકાર છે, પણ તે જીવતત્ત્વની વિપરીતદશા છે, એટલે જીવના અસ્તિત્વ વગર તે વિકલ્પોની ઉત્પત્તિ થતી નથી.

જેણે જીવના અસ્તિત્વને કબૂલ્યું છે, પણ તેનો ત્રિકાળી સ્વભાવ નથી જાણ્યો તેને શુદ્ધ સ્વભાવ બતાવવા માટે 'સમયસાર'માં કહ્યું છે કે 'સંકલ્પ–વિકલ્પ જે વિકાર છે તે પુદ્‌ગલનું કાર્ય છે' અને અહીં તો જીવના અસ્તિત્વને જ જે નથી માનતો તેને જીવનું અસ્તિત્વ બતાવવા માટે કહ્યું છે કે સંકલ્પ–વિકલ્પ જીવને જ થાય છે. જીવ વગર કદી સંકલ્પ–વિકલ્પ થતા નથી. દેહ સાથે સંયોગપણે હોવા છતાં જીવ તેનાથી ભિન્ન છે. જાણનાર તત્ત્વ તે જીવ છે – જેમ તલ અને તેલ સંયોગથી મળેલા હોવા છતાં બન્ને જુદા છે. તેમ જીવ અને દેહ એક ક્ષેત્રે હોવા છતાં જીવ તો જાણનાર છે, ને દેહ અચેતન છે, તે દેહથી જીવ ભિન્ન છે. આ પ્રમાણે જીવતત્ત્વને ઓળખવું.

## જેઠ સુદ ૧૨, ગુરુવાર, ૫-૬-૫૨

અહીં લોકનું વર્ણન ચાલે છે. લોકમાં જીવનું અસ્તિત્વ છે તે કઈ રીતે છે તેનું આ કથન છે. અજ્ઞાનીઓ જીવને માનતા નથી તેથી અહીં જીવના અસ્તિત્વને નક્કી કરે છે.

જીવ જ્ઞાનસ્વરૂપી છે, તે સંકલ્પ-વિકલ્પનો પણ જાણનાર છે. સુખ-દુઃખનો જે સંકલ્પ થાય તે જીવની પર્યાયમાં થાય છે. પણ જીવનું જ્ઞાન તેનાથી પણ અધિક રહીને તેને જાણનારું છે. આવા જીવને સ્વસંવેદનથી જાણવો તેનું નામ ધર્મ છે.

હવે આગળ જીવ, દેહ સાથે મળ્યો છતો સર્વ કાર્યોને કરે છે તે કહે છે.

ગાથા-૧૮૫

**હવે આગળ જીવ, દેહ સાથે મળ્યો છતો સર્વ કાર્યોને કરે છે તે કહે છે :-**

**देहमिलितः अपि जीवः सर्वकर्माणि करोति यस्मात्।**
**तस्मात् प्रवर्तमानः एकत्वं बुध्यते द्वयोः।।१८५।।**

**અર્થ :- કારણકે જીવ છે તે દેહથી મળ્યો થકો જ સર્વ કર્મનોકર્મરૂપ બધાંય કાર્યોને કરે છે તેથી તે કાર્યોમાં પ્રવર્તતો થકો જે લોક તેને દેહ અને જીવનું એકપણું ભાસે છે.**

**ભાવાર્થ :- લોકોને દેહ અને જીવ જુદા તો દેખાતા નથી પણ બંને મળેલા જ દેખાય છે - સંયોગી કાર્યોની પ્રવૃતિ દેખાય છે તેથી તે બંનેને એક જ માને છે.**

જીવ અને શરીરનો સંયોગ છે તે અપેક્ષાએ આ કથન છે. ખરેખર જીવની ક્રિયા જીવ કરે છે ને દેહની ક્રિયા દેહથી જ થાય છે. પણ તે કાર્યની વ્યવસ્થાનું જ્ઞાન જીવને છે, જડને કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન વ્યવસ્થિત કાર્ય કરે છે. 'સાકર લાવો' એમ કોઈ કહે ત્યાં તેવું જ જ્ઞાન કરે છે - એવો જ્ઞાનનો સ્વભાવ છે. તે વખતે વિકલ્પ થયો તે જીવનો વિકાર

છે. તથા દેહની ક્રિયા થાય તે દેહના કારણે છે. પણ લગભગ મેળ એવો હોય છે કે જ્ઞાનમાં જેવો વિચાર હોય તેવી દેહની ક્રિયા થાય. આમ કહીને અહીં જીવને સિદ્ધ કરવો છે. જીવ દેહની ક્રિયા કરે છે એ વાત ઉપર વજન નથી દેવું. તે તો જીવને સાબિત કરવા માટે વ્યવહારનું કથન છે.

જે દિશા તરફ ચાલવાની ઇચ્છા થાય તે દિશા તરફ જ દેહનું ગમન થાય. થાળીમાંથી જે વસ્તુ લેવી હોય તે જ વસ્તુ હાથમાં આવે – આવું લગભગ વ્યવસ્થિત બને છે, તે જીવના અસ્તિત્વને સાબિત કરે છે. જીવના અસ્તિત્વ વગર આવી વ્યવસ્થા બને નહિ. દેહની ક્રિયા તો દેહના જ કારણે થાય છે. પણ દેહ અને જીવનો સંયોગ હોવાથી લોકોને જીવ અને દેહની એકતા જ ભાસે છે. જીવ અને દેહ જુદા છે – એમ તેને ભાસતું નથી. તેથી દેહની ક્રિયા જાણે કે જીવ જ કરતો હોય – એમ અજ્ઞાનથી ભાસે છે.

ભાવાર્થ :– લોકોને દેહ અને જીવ જુદા તો દેખાતા નથી પણ બન્ને મળેલા જ દેખાય છે. સંયોગી કાર્યોની પ્રવૃત્તિ દેખાય છે તેથી તે બન્નેને એક જ માને છે. પણ બન્ને ભિન્ન છે. જીવ તો જાણવા–દેખવાની ક્રિયાનો કર્તા છે, તે શરીરની ક્રિયાનો કર્તા જડ છે – આમ ભિન્નપણું અજ્ઞાનીને ભાસતું નથી.

જુઓ લોકમાં મુખ્ય દ્રવ્ય જીવ છે, તેથી સૌથી પહેલાં જીવની જ વાત લીધી છે.

ગાથા–૧૮૬

**આગળ જીવને દેહથી ભિન્ન જાણવાનું લક્ષણ દર્શાવે છે :–**

**देहमिलितः अपि पश्यति देहमिलितः अपि निश्रृणोति शब्दं।**
**देहमिलितः अपि भुज्जते देहमिलितः अपि गच्छति।।१८६।।**

**અર્થ :– જીવ, દેહથી મળ્યો થકો જ નેત્રોથી પદાર્થોને દેખે છે, દેહથી મળ્યો થકો જ કાનોથી શબ્દોને સાંભળે છે, દેહથી મળ્યો થકો જ મુખથી ખાય છે, જીભથી સ્વાદ લે છે તથા દેહથી મળ્યો થકો જ પગથી ગમન કરે છે.**

**ભાવાર્થ :– દેહમાં જીવ ન હોય તો જડરૂપ એવા માત્ર દેહને જ દેખવું, સ્વાદ લેવો, સાંભળવું અને ગમન કરવું ઇત્યાદિ ક્રિયા ન હોય, તેથી જાણવામાં આવે છે કે દેહમાં (દેહથી)**

**જુદો જીવ છે અને તે જ આ ક્રિયાઓ કરે છે.**

જુઓ, અહીં આંખથી દેખાય છે એમ સિદ્ધ નથી કરવું, પણ આંખ તો નિમિત્ત છે, તે આંખથી ભિન્ન અંદર દેખનારો જીવ જુદો છે એને સિદ્ધ કરવો છે. જાણવું–દેખવું તે જીવનું લક્ષણ છે એમ બતાવીને અહીં જીવને દેહથી ભિન્ન સાબિત કરવો છે. પાંચે ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન કરનારો જીવ છે.

જીવ મુખથી ખાય છે, ને જીભથી સ્વાદ લે છે તથા નાકથી સૂંઘે છે, કાનથી સાંભળે છે – એ બધાંય કથન નિમિત્તના ઉપચારથી છે. પણ તેની પાછળ જ્ઞાન વ્યવસ્થિત કાર્ય કરી રહ્યું છે – તે સિદ્ધ કરવું છે. જીવ પગથી ગમન કરે છે – એનો અર્થ એમ છે કે ચાલવાની ક્રિયા વખતે જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે પણ જ્ઞાનને કાંઈ પગ નથી કે તે ચાલે, પગ તો જડ છે. વચમાં ખાડો આવે ત્યાં તેમાં પડતો નથી. પણ બાજુમાં થઈને ચાલે છે. ત્યાં દેહની ચાલવાની ક્રિયા તો તેના કારણે થઈ છે પણ ત્યાં 'આ બાજુ ન ચાલવું ને આ બાજુ ચાલવું' એવો ખ્યાલ કોણે કર્યો ? તે ખ્યાલ કરનારો જીવ છે – એમ અહીં બતાવવું છે, દેહની ક્રિયા તો અજીવની છે.

તનતા મનતા વચનતા, જડતા જડ સમ્મેલ,
લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવ કે ખેલ. ॥૨૭॥ સમયસાર નાટક

ચાલવું–બોલવું–ખાવું વગેરે બધી ક્રિયાઓ અજીવની છે. જીવ તેનો જાણનાર છે, પણ તેનો કરનાર નથી. જીવ કેવો છે ? કે

સમતા–રમતા ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ;
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ. ॥૨૬॥ સમયસાર નાટક

આ રીતે જીવ અને દેહ બન્ને ભિન્ન ભિન્ન પદાર્થો જ છે.

ભાવાર્થ :– દેહમાં જીવ ન હોય તો જડરૂપ એવા માત્ર દેહને જ દેખવું, સ્વાદ લેવો, સાંભળવું અને ગમન કરવું ઇત્યાદિ ક્રિયા ન હોય, તેથી જાણવામાં આવે છે કે દેહમાં (દેહથી) જુદો જીવ છે અને તે જ આ ક્રિયાઓ કરે છે.

જુઓ, આ તો સંયોગનું કથન છે. જીવને સાબિત કરવા માટે નિમિત્તથી કથન છે. જો જીવ ન હોય તો દેહમાં કાંઈ જાણવાની ક્રિયા થતી નથી. જાણવાની ક્રિયા જીવમાં થાય

છે. જડની ક્રિયા જીવથી થતી નથી; જીવના અસ્તિત્વમાં જીવનું કાર્ય થાય, પણ કાંઈ જીવના અસ્તિત્વમાં જડનું કાર્ય થાય નહિ. જડનું કાર્ય જડના અસ્તિત્વમાં થાય છે.

અજ્ઞાનીઓ જીવ અને જડને ભિન્ન જાણતા નથી. પણ એક જ માને છે. એટલે જાણે કે જીવ અને જડ બન્ને ભેગા થઈને કામ કરતા હોય – એમ તે માને છે, તે અજ્ઞાની કહે છે કે

(૧) જીવ વગર કાંઈ બોલાય ? અને

(૨) આંખ વગર કાંઈ જણાય ?

પણ ભાઈ ! બોલવું તે જડની ક્રિયા છે કે જીવની ? બોલવું તે જડની ક્રિયા છે, તે જડના અસ્તિત્વમાં થાય છે, જીવ બોલતો નથી અને જાણવું તે જીવની ક્રિયા છે કે જડની ? આંખ તો જડ છે. તેનામાં જાણવાની ક્રિયા થતી નથી. જાણવાની ક્રિયા તો જીવના જ અસ્તિત્વમાં થાય છે. આમ જીવ અને જડ બન્નેની ક્રિયાઓ ભિન્ન ભિન્ન છે. જેને આવી ભિન્નતાનું ભાન નથી તેને ધર્મ થતો નથી.

જેને દેહ અને જીવની ભિન્નતાનું ભાન નથી, તે બન્નેને એક જ માને છે તેવા અજ્ઞાની જીવો શું માને છે તે વાત કહે છે :–

ગાથા–૧૮૭

**આગળ એ પ્રમાણે જીવને (દેહથી) મળેલો જ માનતા લોકો તેના ભેદને જાણતા નથી એમ કહે છે :–**

**राजा अहं भृत्यः अहं श्रेष्ठी अहं चैव दुर्बलः बलिष्ठः।**
**इति एकत्वाविष्टः द्वयोः भेदं न बुध्यति।।१८७।।**

**અર્થ :– દેહ અને જીવના એકપણાની માન્યતાસહિત લોક છે તે આ પ્રમાણે માને છે કે – હું રાજા છું, હું નોકર છું, હું શેઠ છું, હું દુર્બલ છું, હું દરિદ્ર છું, હું બળવાન છું. એ પ્રમાણે માનતા થકા દેહ અને જીવ બંનેના તફાવતને જાણતા નથી.**

'હું રાજા છું' – એમ અજ્ઞાની દેહ સાથે એકતાબુદ્ધિથી માને છે. પણ દેહ તો જડ છે – ને હું તો જાણનાર–દેખનાર આત્મા છું – એમ ભિન્નપણું તે જાણતો નથી. જગતના પદાર્થો સત્ છે, તેનામાં મારો અધિકાર નથી. અજ્ઞાની પોતાને રાજા માનીને અભિમાન કરે છે. અથવા નોકર હોય તો પોતાને દીન માને છે, પણ ધર્મી તો જાણે છે કે દેહાદિનો સંયોગ તે હું નથી, સધનતાથી મારી મહત્તા નથી ને નિર્ધનતાથી મારી દીનતા નથી, હું તો ચૈતન્ય બાદશાહ છું, બહારના સંયોગ વિયોગ હું નથી. આમ ધર્મી જીવ તો દેહ અને આત્માને ભિન્ન ભિન્ન જાણે છે. તેને અલ્પ રાગદ્વેષ થાય પણ તે પોતાની અસ્થિરતાથી થાય છે. દેહ ને જીવની એકતાબુદ્ધિથી તેને રાગદ્વેષ થતા નથી. આત્મા તો જ્ઞાન છે, તે દેહાદિનો તથા લક્ષ્મી વગેરેનો જાણનાર છે. શરીર પુષ્ટ હોય કે દુર્બળ હોય, લક્ષ્મીનો સંયોગ હો કે ન હો – તેનો જીવ જાણનાર છે, પણ ત્યાં તેને જાણતાં 'હું દુર્બળ ને હું પુષ્ટ, હું સધન ને હું નિર્ધન' – એમ અજ્ઞાની જીવ માને છે. ધર્મી જીવને આવી દેહબુદ્ધિ હોતી નથી, એવા ધર્મી જીવને આવું યથાર્થ ચિંતવન હોય છે. પોતાને તો દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન થયું છે, ને પરજીવોને કેવી મિથ્યાબુદ્ધિ છે તેનો વિચાર કરે છે. જેને ચૈતન્યનું ભાન નથી તેને દરિદ્રપણાથી દીનતા લાગે છે, શરીર કદ્રૂપ હોય, અવાજ સરખો ન હોય – ત્યાં દીનતા લાગે છે. પણ ભાઈ ! એ તો બધી જડની અવસ્થા છે, તું તો તેનાથી ભિન્ન ચૈતન્યમૂર્તિ બધાનો જાણનાર છો, એવું ભાન કર ને પરનું અભિમાન છોડ. તો રાગદ્વેષરહિત શાંતિ પ્રગટે ને ધર્મ થાય. આ સિવાય ગમે તેવા દયા-દાન-વ્રત-પૂજાના શુભભાવ કરે તોપણ તેને ધર્મ થતો નથી ને તેનું સંસાર પરિભ્રમણ ટળતું નથી.

આત્મામાં અનંત બળ છે. પણ એવું બળ નથી કે પરનું કાર્ય કરી શકે. અનંત બળ છે તે પોતામાં છે. પોતે પોતામાં પુરુષાર્થ વડે ઊંધું કે સવળું કરી શકે છે. સવળો પુરુષાર્થ કરીને ક્ષણમાં કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટ કરે એવી આત્માની તાકાત છે, પણ એક રજકણને ફેરવી શકે એવી તાકાત તો કોઈ આત્મામાં નથી.

હવે ચાર ગાથામાં જીવનું કર્તાપણું, ભોક્તાપણું વગેરે બતાવે છે.

ગાથા–૧૮૮

**આગળ જીવના કર્તાપણાદિ સંબંધી ચાર ગાથાઓ કહે છે :–**

जीवः भवति कर्त्ता सर्वाणि कर्माणि कुर्वते यस्मात्।
कालादिलब्धियुक्तः संसारं करोति मोक्षं चं।।१८८।।

**અર્થ :– આ જીવ, સર્વ કર્મ–નોકર્મને કરતો થકો તેને પોતાનું કર્તવ્ય માને છે માટે તે કર્તા પણ છે અને કાલાદિ લબ્ધિથી યુક્ત થતો થકો પોતાને સંસારરૂપ અને મોક્ષરૂપ કરે છે.**

**ભાવાર્થ :– કોઈ જાણે કે આ જીવનાં સુખ–દુઃખ આદિ કાર્યોને ઇશ્વરઆદિ અન્ય કરે છે પણ એમ નથી. પોતે જ કર્તા છે – સર્વ કાર્યો પોતે જ કરે છે, કાલલબ્ધિ આવતાં સંસાર પણ પોતે જ કરે છે, તથા મોક્ષ પણ પોતે જ કરે છે, અને એ બધાં કાર્યો પ્રત્યે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ સામગ્રી નિમિત્ત છે જ.**

જીવ અજ્ઞાનદશામાં પરને કરવાનું માને છે, તે માનનારો જડ નથી પણ ચેતન છે. અજ્ઞાની જીવ મોહભાવનો કર્તા થાય છે, ને ધર્મી જીવ જ્ઞાનનો જ કર્તા થાય છે. એક રજકણને પણ ફેરવવાની ક્રિયા ધર્મી જીવ પોતાની માનતા નથી. જીવ સ્વતંત્રપણે પોતાની સંસાર કે મોક્ષદશાને કરે છે. જીવ કાલાદિલબ્ધિથી યુક્ત થયો થકો પોતાથી જ પોતાની સંસાર કે મોક્ષદશાને કરે છે.

પુરુષાર્થ, નિયત, કાળ, સ્વભાવ અને કર્મ – એ પાંચેય લબ્ધિથી યુક્ત થયો થકો જીવ જ મિથ્યાત્વાદિ ભાવને કરે છે. તથા પોતે જ સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરીને સિદ્ધ થાય છે. નિગોદથી માંડીને મોક્ષ સુધીની બધી પર્યાયો જીવ પોતાની કાળાદિ લબ્ધિથી જ કરે છે. પણ અજ્ઞાનીને આવી સ્વતંત્રતાનો નિર્ણય નથી. જ્ઞાતાસ્વભાવનો નિર્ણય કરે તેને જ કાળાદિલબ્ધિનું યથાર્થ જ્ઞાન હોય છે.

ઊંધા પુરુષાર્થથી પાંચ લબ્ધિરૂપે પરિણમીને જીવ પોતે સંસારમાં રખડે છે, કર્મના કારણે નહિ, ક્ષેત્રના કારણે નહિ, પંચમ કાળના કારણે નહિ. આત્મા અનંત શક્તિનો પિંડ છે,

તે પોતાની કાળાદિલબ્ધિથી જ પોતાની પર્યાયને કરે છે. જે વખતે સંસાર પર્યાય કરે છે તે વખતે તે જ પર્યાયનો કાળ છે, તે પર્યાયનો તેવો જ સ્વભાવ છે, તે વખતે તેવો જ પુરુષાર્થ છે, તે જ પર્યાય થવાનું નિયત છે, અને તેમાં કર્મ નિમિત્ત છે. તથા મોક્ષ થવામાં પણ જીવ પોતાની પાંચ લબ્ધિથી સંયુક્ત થઈને પોતે પોતાની મોક્ષદશાને કરે છે. અહો ! સંસાર કે મોક્ષ બંનેમાં જીવ પોતે જ પોતાનો કર્તા છે, બીજું કોઈ કારણ નથી. કર્મ રખડાવે કે નિમિત્તોથી કાંઈ થાય – એ વાત સાચી નથી.

જેને સમ્યગ્જ્ઞાન થયું હોય તેને જ કાળાદિ લબ્ધિનું યથાર્થ જ્ઞાન થાય છે. અજ્ઞાનીને ભલે કાળાદિલબ્ધિનું ભાન નથી. પણ તે જીવ પણ તેની કાળાદિ લબ્ધિથી જ સંસારમાં રખડે છે. નિગોદનો જીવ કર્મના કારણે નિગોદમાં નથી રહ્યો. પણ તે તેની કાળાદિલબ્ધિથી યુક્ત થઈને નિગોદમાં રહ્યો છે. અભવ્ય જીવ તેની કાળાદિલબ્ધિથી સંસારમાં રખડે છે. કર્મના કારણે નહિ. છએ દ્રવ્યોમાં પોતપોતાની કાળલબ્ધિ છે. ઈશ્વરે તો જીવને સંસારમાં રખડાવ્યો નથી ને કર્મથી પણ જીવ રખડતો નથી. જીવ પોતાના સ્વભાવને ભૂલીને તે તે પર્યાયનો કાળદિલબ્ધિથી પોતાને સંસારરૂપે કરે છે. અને પોતે જ સ્વભાવના પુરુષાર્થથી સ્વકાળલબ્ધિ વગેરે પામીને પોતાને મોક્ષરૂપ કરે છે. જુઓ, આ સમજે તો પરાશ્રયબુદ્ધિ ટળી જાય ને સ્વભાવનો આશ્રય થઈ જાય.

**જુઓ ! આ ૧૮૮ થઈ ૧૯૧ સુધીની ચાર ગાથાઓમાં વસ્તુસ્થિતિ મૂકી દીધી છે.**

આમાં કાળાદિલબ્ધિ કહીને લોકનો નિયત સ્વભાવ બતાવી દીધો છે. જગતમાં બધા પદાર્થો પોત પોતાની કાળલબ્ધિથી પરિણમી રહ્યા છે, તેમાં નિમિત્ત શું કરે ?

ભાવાર્થ :– કોઈ જાણે કે આ જીવનાં સુખ–દુઃખ આદિ કાર્યોને ઇશ્વરઆદિ અન્ય કરે છે પણ એમ નથી. પોતે જ કર્તા છે – સર્વ કાર્યો પોતે જ કરે છે, કાલલબ્ધિ આવતાં સંસાર પણ પોતે જ કરે છે, તથા મોક્ષ પણ પોતે જ કરે છે, અને એ બધાં કાર્યો પ્રત્યે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ સામગ્રી નિમિત્ત છે જ.

ઇશ્વરઆદિ અન્ય કોઈ જીવના સંસાર – મોક્ષનો કર્તા નથી. એટલે કર્મ કે નિમિત્ત તે કાંઈ જીવને સંસાર કે મોક્ષ કરાવતાં નથી. જીવ પોતે જ કાળલબ્ધિ પામીને પોતાના સંસાર કે મોક્ષભાવને કરે છે. 'કાળે કાળે કાર્ય થાય છે' આમ કાળલબ્ધિનું સ્વરૂપ નક્કી કર્યું તેમાં વસ્તુ ઉપર દૃષ્ટિ જાય છે. જ્ઞાન સ્વભાવ તરફ વળ્યા વગર કાળલબ્ધિનો નિર્ણય

થતો નથી. અહો ! બધું વ્યવસ્થિત છે – એમ નક્કી કરતાં સમસ્ત પરથી ઉદાસીન થઈ ગયો ને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટીને જ્ઞાતાસ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ. ધ્રુવ સ્વભાવ સન્મુખ થયો તેને જ કાળલબ્ધિનો યથાર્થ નિર્ણય થયો. જે જીવ સવળો પુરુષાર્થ કરે તેને સાચા દેવ-ગુરુ વગેરે યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સામગ્રી જ નિમિત્ત હોય છે. કાર્ય તો પોતાની કાળલબ્ધિ વગેરેથી થાય છે પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાનું કાર્ય થતું નથી – આવા વસ્તુ સ્વભાવની પ્રતીતિ થવી તેનું નામ ધર્મ છે, ને આનાથી ઊંધી માન્યતા કરવી તે અધર્મ છે.

# પ્રસાદ નં. – ૨૨૭

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૬, વર્ષ ૨જું. પુસ્તક આઠમું, સોનગઢ, તા. ૧૩-૬-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ સુદ ૧૩, શુક્રવાર, ૬-૬-૫૨ સવાર)**

લોક અનુપ્રેક્ષામાં આ જીવ દ્રવ્યનું વર્ણન ચાલે છે, તેમાં ૧૮૯મી ગાથામાં જીવના ભોક્તાપણાની વાત કરે છે :–

ગાથા–૧૮૯

**जीवः अपि भवति भोक्ता कर्मफलं सः अपि भुङ्क्ते यस्मात्।**
**कर्म्मविपाकं विविधं सः च एव भुनक्ति संसारे।।१८९।।**

**અર્થ :– કારણ કે જીવ, કર્મનું ફળ આ સંસારમાં ભોગવે છે માટે ભોક્તા પણ તે જ છે, વળી સંસારમાં સુખદુઃખરૂપ અનેક પ્રકારના કર્મના વિપાકોને પણ ભોગવે છે.**

ભગવાન સર્વજ્ઞદેવે લોકનું જેવું સ્વરૂપ જોયું છે તેવું ધર્મી જીવ વિચારે છે, મારો આત્મા જ્ઞાન–આનંદ સ્વરૂપ છે, ને આ શરીરાદિ તો મારીથી પર છે – એવા ભાનપૂર્વક ધર્મી જીવને

લોક ભાવના હોય છે, જે સિદ્ધ ભગવંતો થયા છે તે બધાય અંદરની શક્તિમાંથી થયા છે, ને મારામાં પણ તેવી શક્તિ છે, તેમાંથી હું સિદ્ધ થવાનો છું, આમ જેને પોતાના સ્વભાવની પ્રતીતિ હોય તેને સાચી ભાવના હોય છે.

ધર્મીજીવ વિચારે છે કે સંસારમાં જીવને રાગાદિ ભાવો થાય તેનાથી કર્મનું બંધન થાય છે અને તે કર્મના ફળરૂપ હર્ષ–શોકને જીવ એકલો જ ભોગવે છે. પર ચીજને કાંઈ આત્મા ભોગવતો નથી, તે તો આત્માથી ભિન્ન છે, પૂર્વે જેવા જેવા વિકાર ભાવ કર્યા તેવું કર્મ બંધાયું, તેના ફળમાં જે બહારનો સંયોગ મળ્યો તેમાં હર્ષ-શોક કરીને જીવ એકલો જ તેને ભોગવે છે, કોઈ ઇશ્વર તેને કર્મનું ફળ આપતો નથી, સંયોગ–વિયોગ તો આત્માથી ભિન્ન છે, તેને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી, પણ તેને જાણતાં જ્ઞાતા સ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ તેમાં હર્ષ-શોક કરે છે ને તે હર્ષ-શોકને તે એકલો જ અનુભવે છે, કર્મ કાંઈ તેને હર્ષ-શોક કરાવતું નથી, અહો ! અનંત અરિહંતોને સિદ્ધો થઈ ગયા, તેવી જ મારી જાત છે, આવું ભાન અજ્ઞાની કરતો નથી ને તેથી તે હર્ષ-શોકને ભોગવે છે.

પ્રશ્ન :– જો આત્મા પોતાના હર્ષ-શોકના ભાવને જ ભોગવે છે, તો પછી બહારનાં સ્વર્ગ–નરકાદિ ભોગ્ય સ્થાનની શું જરૂર છે ?

ઉત્તર :– ઉપાદાન તરીકે તો પોતે પોતાના હર્ષ-શોકનો જ ભોક્તા છે, પણ તે વખતે નિમિત્ત તરીકે કેવો સંયોગ હોય છે તે બતાવ્યું છે, સ્વર્ગ-નરકાદિનો સંયોગ તે નિમત્ત છે. ને તે તે પ્રકારનાં હર્ષ-શોકને ભોગવવાની લાયકાતવાળા જીવોને તેવો સંયોગ હોય છે.

'તે તે ભોગ્ય વિશેષનાં સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.'

નરક કે સ્વર્ગ વગેરેનો સંયોગ નિમિત્ત તરીકે છે, તે વખતે પણ જીવ પોતાના ભાવને જ ભોગવે છે, કાંઈ સંયોગને ભોગવતો નથી, પણ જીવની જેવી લાયકાત હોય તે પ્રમાણે સ્વર્ગ કે નરક વગેરેનો સંયોગ નિમિત્ત તરીકે હોય છે, એવી વસ્તુ સ્થિતિ છે. સંસારમાં સુખદુઃખરૂપ અનેક પ્રકારના કર્મફળને જીવ એકલો ભોગવે છે.

જુઓ, સંસારના ભાવમાં તો દુઃખ જ છે, પણ અજ્ઞાની જીવોને સંયોગમાં સુખ ભાસે છે; સંસારમાં અનુકૂળ સંયોગોમાં લોકો સુખ માને છે તે અપેક્ષાએ અહીં કહ્યું છે પણ ખરેખર આત્માના સ્વભાવ સિવાય પરમાં ક્યાંય પણ સુખ નથી ધર્મી જીવ સંયોગમાં સુખ માનતા નથી અજ્ઞાની માને છે કે મારે પર વિના ચાલતું નથી પણ ભાઈ ! ત્રણે કાળે પરનો તો

તારામાં અભાવ જ છે એટલે તારે સદાય પર વગર જ ચાલે છે. પર ચીજ ભિન્ન છે, તે કદી આત્મા સાથે એક મેક થતી નથી, છતાં અજ્ઞાનીને ભ્રમ છે કે મારું સુખ પરમાં છે. જીવ–અજીવ વગેરે નવ તત્ત્વો જુદાં જુદાં છે. તેમાં આત્મ તત્ત્વને ઓળખીને તેમાં એકાગ્ર થાય તો ધર્મ થાય છે. પરમાં સુખદુઃખની કલ્પના કરવી તે અપરાધ છે. તે જીવનું મૂળ સ્વરૂપ નથી. જીવનું મૂળ સ્વરૂપ તો જ્ઞાનાનંદ છે એનું ભાન કરીને કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રગટ થાય છે.

ગાથા–૧૯૦

जीवः अपि भवति पापं अतितीव्रकषायपरिणतः नित्यम्।
जीवः भवति पुण्यं उपशमभावेन संयुक्तः।।१९०।।

**અર્થ :– આ જીવ, અતિ તીવ્રકષાયયુક્ત થાય ત્યારે તે પોતે જ પાપરૂપ થાય છે તથા ઉપશમભાવ–મંદકષાયયુક્ત થાય ત્યારે તે પોતે જ પુણ્યરૂપ થાય છે.**

**ભાવાર્થ :– ક્રોધ-માન-માયા-લોભના અતિ તીવ્રપણાથી તો પાપપરિણામ થાય છે તથા તેના મંદપણાથી પુણ્યપરિણામ થાય છે, તે પરિણામો સહિત (જીવને) પુણ્યજીવ તથા પાપજીવ કહીએ છીએ. વળી એક જ જીવ બંને પરિણામયુક્ત થતાં પુણ્યજીવ–પાપજીવ પણ કહીએ છીએ. સિદ્ધાંતની અપેક્ષાએ તો એમ જ છે, કારણકે – સમ્યક્ત્વસહિત જીવને તો તીવ્રકષાયની જડ (મિથ્યાશ્રદ્ધાન) કપાવાથી પુણ્યજીવ કહીએ છીએ તથા મિથ્યાદૃષ્ટિજીવને ભેદજ્ઞાન વિના કષાયોની જડ કપાતી નથી તેથી બહારથી કદાચિત્ ઉપશમપરિણામ દેખાય તોપણ તેને પાપજીવ જ કહીએ છીએ[1] એમ જાણવું.**

---

[1]આ સંબંધમાં શ્રી ગોમટ્ટસારજીમાં પણ કહ્યું છે કે :–

जीवदुगं उत्तट्ठंदुं जीवा पुण्णा हु सम्मगुणसहिदा।
वदसहिदावि य पावा तव्विवरिया हवंतित्ति।।६२२।।
मिच्छाइट्ठी पावा णंताणंता य सासणगुणावि।
पल्लासंखेज्जदिमा अणअण्णदरुदयमिच्छगुणा।।६२३।।

અર્થ :– જીવ અને અજીવ પદાર્થો તો પૂર્વે જીવસમાસ અધિકારમાં વા અહીં છ દ્રવ્ય

જીવને કર્મના ઉદયથી પુણ્ય-પાપ થાય છે – એમ નથી, પણ જીવ પોતે જ પુણ્ય કે પાપ ભાવરૂપે પરિણમે છે, આખું જીવ તત્ત્વ કાંઈ પાપરૂપ થઈ જતું નથી, પણ પર્યાયમાં જીવ પોતે પાપરૂપ થાય છે, મિથ્યા અભિપ્રાય અને તીવ્ર કષાયભાવથી જીવ પોતે પાપરૂપ થાય છે ને મંદ કષાયથી જીવ પોતે પુણ્યરૂપ થાય છે. જડ કર્મમાં પુણ્ય પાપ છે તેની આ વાત નથી, તે તો જીવથી ભિન્ન છે, અહીં જીવના ભાવની વાત છે, જીવના ભાવને જીવ પોતે કરે છે, તે પુણ્ય-પાપ ક્ષણિક છે, તેનાથી રહિત ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં તે પુણ્ય-પાપ ટળી જાય છે, ને પૂર્ણ પરમાત્મદશા પ્રગટે છે. જેમ લીંડી પીપરમાં ૬૪ પહોરી તીખાશ શક્તિપણે ભરી છે, તે જ તેમાંથી પ્રગટે છે, તેમ આત્માની શક્તિમાં કેવળજ્ઞાન ભર્યું છે. તેની પ્રતીતિ કરીને તેમાં લીન થાય તેને કેવળજ્ઞાન વ્યક્ત થાય છે. ક્ષણિક પાપ કે પુણ્ય ભાવ વખતે આખો આત્મા તેવો થઈ ગયો નથી. જો આખો આત્મા પુણ્ય-પાપરૂપ થઈ જાય તો તે પુણ્ય-પાપ ટળીને વીતરાગ દશા આવશે શેમાંથી ? અહીં પર્યાયની વાત છે. પર્યાયમાં આત્મા પોતે પુણ્ય-પાપ રૂપ થાય છે.

કર્મના ફળ વખતે પોતે જેવા હર્ષ-શોક કરે તેવા થાય છે, કાંઈ કર્મ કરાવતું નથી. દોષ કરે પોતે, ને બીજા ઉપર ઢોળે – એવી અનાદિની ટેવ પડી છે, તેથી અજ્ઞાની કહે છે કે કર્મ અમને વિકાર કરાવે છે, અરે ભાઈ ! બહારનો સંયોગ ભલે ઓછો વધતો હોય પણ તું તેમાં શા માટે હર્ષ શોક કરે છે ? જે જીવને તીવ્ર કષાય છે તેને પાપ જીવ કહે છે, જેને મંદ કષાય છે તેને પુણ્ય જીવ કહે છે, ને બંને પરિણામ સહિત હોય તેને પુણ્ય-પાપ જીવ કહે છે.

'સિદ્ધાંતની અપેક્ષાએ તો એમ જ છે, કારણ કે સમ્યક્ત્વ સહિત જીવને તો તીવ્રકષાયની જડ (મિથ્યાશ્રદ્ધાન) કપાવાથી પુણ્ય જીવ કહીએ છીએ તથા મિથ્યાદષ્ટિ જીવને ભેદજ્ઞાન વિના કષાયોની જડ કપાતી નથી તેથી બહારથી કદાચિત્ ઉપશમ પરિણામ દેખાય તો પણ

---

અધિકારમાં કહ્યા છે, વળી જે સમ્યક્ત્વ ગુણસહિત હોય તથા જે વ્રતયુક્ત હોય તેને પુણ્યજીવ કહીએ છીએ, તેથી વિપરીત એટલે સમ્યક્ત્વ અને વ્રતરહિત જીવ નિયમથી પાપજીવ જાણવા વળી મિથ્યાદષ્ટિ પાપજીવ છે તે અનંતાનંત છે, સર્વ સંસારરાશિમાંથી અન્ય ગુણસ્થાનવાળાનું પ્રમાણ બાદ કરતાં મિથ્યાદષ્ટિજીવોનું પ્રમાણ આવે છે. બીજું સાસાદનગુણસ્થાનવાળા જીવો પણ પાપજીવ છે કારણ કે તેઓ અનંતાનુંબંધી ચોકડીમાંથી કોઈ એક પ્રકૃતિનો ઉદય થતાં મિથ્યાત્વ સદશ ગુણને પ્રાપ્ત થાય છે, અને તેઓ પલ્યના અસંખ્યાતભાગ પ્રમાણ છે. (શ્રી ગોમટ્ટસાર-જીવકાંડ)

તેને પાપ જીવ જ કહીએ છીએ – એમ જાણવું.'

જેને અંદરમાં ચૈતન્ય સ્વભાવનું ભાન થયું તેને અનંતાનુંબંધી કષાય તો હોતો જ નથી, તેને તીવ્ર કષાયનાં મૂળિયાં કપાઈ ગયાંઈ ગયાં છે, અહો ! દેહ દેવળમાં અમે ચૈતન્ય ભગવાન છીએ, આ વિકાર તે અમારું સ્વરૂપ નથી, આવું આઠ વર્ષની બાલિકાને તથા દેડકાને પણ ભાન થાય છે, તેવા જીવોને તો 'પુણ્ય જીવ' કહેવાય છે. જુઓ, ભગવાનના સમવસરણમાં નાનકડું દેડકું પણ આત્માનું ભાન કરે છે ને તેને પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએ પુણ્યજીવ કહેવાય છે. તેને ઊંધી માન્યતાનું તીવ્ર પાપ ટળી ગયું ને અનંતાનુંબંધી કષાય ટળી ગયો છે. તેથી તે પુણ્ય–જીવ છે. મિથ્યાત્વ તે સૌથી મોટું પાપ છે, જેને સમ્યગ્દર્શન થયું ને પવિત્રતા થઈ તેને મિથ્યાત્વનું પાપ તો હોતું જ નથી. અનંતાનુંબંધીનો તીવ્ર કષાય થતો નથી, તેથી તે પુણ્યજીવ છે, બહારમાં પુણ્યનો સંયોગ ઘણો હોય પણ જો આત્માનું ભાન ન કરે તો તે 'પાપજીવ' છે. જે આત્મા સ્વભાવનો અનાદર કરીને પર ચીજથી પોતાને સુખ માને છે તે જીવ મોટો પાપી છે, અંદર મોટી ચૈતન્ય નિધિ પડી છે તેનો આદર કરતો નથી, ને જડમાં સુખ માને છે તે જીવને બહારમાં ભલે લક્ષ્મીના ગંજ હોય તોપણ તેને ભગવાન 'પાપી' કહે છે, ને દેહથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન કરનારું નાનું દેડકું હોય તો તે પણ 'પુણ્યજીવ' છે, તે જીવ અલ્પ કાળમાં મોક્ષ ચાલ્યો જશે, શુભભાવ અમને લાભ કરશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે, એમ માનનાર જીવ પણ પાપી છે, જેને અંદર પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી એને ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી, તેથી તે પાપ જીવ છે, ભલે મોટો રાજા હોય, પણ તેને ભિન્ન ચૈતન્યનું ભાન નથી, તેને પાપનું મૂળિયું ઊભું છે, તેથી તે પાપ જીવ છે, ભેદજ્ઞાન વગર મૂળ કપાતું નથી, ભલે તેને મંદકષાય અને શુભભાવ હોય તોપણ પરમાર્થે તેને 'પાપજીવ' કહ્યો છે. ક્રોધાદિ ભાવો ઓછા દેખાય, પણ અંદરમાં કષાય વગરના ચિદાનંદ સ્વભાવનું જેને ભાન નથી તે મિથ્યાદૃષ્ટિ પાપ જીવ છે, મારો આત્મા દેહથી ને રાગથી જુદો ચિદાનંદ મૂર્તિ છે, એવા ભાનમાં ધર્મી જીવને કષાયના મૂળિયાં કપાઈ ગયાં છે, તે પુણ્યજીવ છે. સાતમી નરકમાં પડેલો નારકી જીવ પણ જો આત્માનું ભાન કરે તો તે પુણ્ય-જીવ છે, ને સ્વર્ગમાં રહેલો મિથ્યાદૃષ્ટિ જીવ 'પાપી' છે, નિર્ધનતા તે કાંઈ અપરાધ નથી, ને સધનતા તે કાંઈ ગુણ નથી, નિર્ધન હોવા છતાં અંદર જેને ભાન છે કે 'હું તો ચૈતન્ય નિધિનો સ્વામી છું, કેવળજ્ઞાનની અનંતી નિધિ મારામાં પડી છે, જડ સંયોગમાં મારું સુખ નથી' – તેવા ધર્મીજીવને ભગવાને પુણ્યજીવ કહ્યો છે, બહારમાં લોકનો

નિર્ધનનો ભલે આદર ન કરે, ને ધનવાનનો આદર કરે પણ તેથી ધર્મી જીવને એમાં હીનતા કે અભિમાન હોતું નથી, ધર્મી તો જાણે છે કે બહારમાં સધનતા કે નિર્ધનતા તે અમારું સ્વરૂપ નથી, અમે તો આત્મા છીએ, આવા ભાનમાં ધર્મી જીવ નિર્ધન હોય તોપણ ભગવાન તેને પુણ્ય જીવ કહે છે. ને જે જીવ મિથ્યા શ્રદ્ધા સેવી રહ્યો છે તે જીવ ભલે બહારમાં ધનવાન હોય તોપણ તેને ભગવાન 'પાપ જીવ' કહે છે. જુઓ ! સંયોગ ઉપર માપ નથી, પણ અંદર સમ્યક્શ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધા છે, તેના ઉપર જ આખું જોર છે, ભેદજ્ઞાની ધર્માત્મા જીવોને પુણ્યવંત કહ્યા છે, ને મિથ્યાદૃષ્ટિ જીવોને પાપી કહ્યાં છે.

જેને પરથી ભેદજ્ઞાન નથી એવા પાપી જીવોનો ઢગલો જગતમાં બહુ મોટો છે, જગતમાં મિથ્યાદૃષ્ટિ જીવો અનંતા છે, નિગોદમાં અનંતા જીવો પડ્યા છે, અને મનુષ્ય થઈને પણ જેઓ આત્માની દરકાર નહિ કરે ને તત્ત્વનો વિરોધ કરશે તે મિથ્યાદૃષ્ટિ જીવો નિગોદમાં જશે, તેથી તે 'પાપી જીવ' છે.

ધર્મીની દૃષ્ટિમાં બહારના સંયોગનો મહિમા નથી, પણ જેને ચૈતન્યનું ભાન છે એવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ તે પુણ્યવંત માને છે, ને જેને ચૈતન્યનું ભાન નથી તેને પાપી માને છે, રૂપાળું શરીર હોય તે કાંઈ આત્માનો ગુણ નથી, ને કાળું શરીર હોય તે કાંઈ દોષ નથી, રૂપાળું શરીર હો કે કાળું હો, પણ જેને અંદરમાં દેહથી ભિન્ન સ્વભાવનું ભાન છે તે પુણ્ય જીવ છે, ને જેને તેવું ભાન નથી તે પાપજીવ છે એમ જાણવું.

હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રય તે જ સંસારથી પાર થવા માટેની દિવ્ય નૌકા છે એમ કહે છે.

ગાથા-૧૯૧

**रत्नत्रयसंयुक्तः जीवः अपि भवति उत्तमं तीर्थं।**
**संसारं तरति यतः रत्नत्रयदिव्यनावा।।१९१।।**

**અર્થ :- આ જીવ, રત્નત્રયરૂપ દિવ્ય નાવ વડે સંસારથી તરે છે - પાર પામે છે માટે આ જીવ જ રત્નત્રયથી યુક્ત થતો થકો ઉત્તમ તીર્થ છે.**

ભાવાર્થ :- જે તરે તે તીર્થ વા જેનાથી તરીએ તે તીર્થ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ

**રત્નત્રયનાવ (નૌકા) વડે આ જીવ તરે છે તથા અન્યને તરવા માટે નિમિત્ત થાય છે તેથી આ જીવ જ તીર્થ છે.**

જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષની નૌકા છે, એ સિવાય પુણ્ય પરિણામ તે કાંઈ મોક્ષનું કારણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મોક્ષ થાય છે. તેથી જે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત હોય તે જીવ જ તીર્થ છે. બહારમાં સમ્મેદશિખર વગેરેને તીર્થ કહેવું તે તો વ્યવહારથી છે. જેને અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ નિશ્ચય તીર્થ પ્રગટ્યું છે એવા જ્ઞાનીને અને મુનિયોને પણ બહારમાં તીર્થ યાત્રા વગેરેનો શુભ ભાવ આવે છે. અહો ! અનંતા તીર્થંકરો અહીંથી મોક્ષ ગયા. અનંતા સંતો અહીં કેવળજ્ઞાન પામ્યા ! એ સંતોના સ્મરણ પૂર્વક તીર્થયાત્રાનો ભાવ આવે છે તે શુભ રાગ છે, પુણ્ય છે, ને અંદર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર છે તે નિશ્ચય તીર્થ છે, તે મોક્ષનું કારણ છે, અહો ! રત્નત્રયરૂપ દિવ્ય નૌકા વડે જીવ સંસારને તરી જાય છે, તેથી જીવ પોતે જ ઉત્તમ તીર્થ છે, જુઓ, જે જીવ આવા રત્નત્રયથી નિરપેક્ષ થઈને એકલા ગુરુચરણની સેવા, વિનય વગેરેથી જ મોક્ષ માને છે તે જીવોને વિનય મિથ્યાદૃષ્ટિ કહ્યા છે, અંદર રત્નત્રયને ઓળખતો નથી ને એકલા શુભરાગથી જ મોક્ષ માનીને ભક્તિ વગેરે કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે, આત્માનો જેવો સ્વભાવ સર્વજ્ઞે કહ્યો છે તેવો પોતે શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તો પોતે તરે છે, અને ત્યારે પોતાને માટે ભગવાન તારનાર છે એમ કહેવાય.

ભાવાર્થ :– જે તરે તે તીર્થ વા જેનાથી તરીએ તે તીર્થ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયનાવ (નૌકા) વડે આ જીવ તરે છે તથા અન્યને તરવા માટે નિમિત્ત થાય છે તેથી આ જીવ જ તીર્થ છે.

જેણે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં નથી તે બીજાને તારવામાં નિમિત્ત પણ થતો નથી. જે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે તે જીવ સંસારથી તરે છે, તેથી તે જીવ ઉત્તમ તીર્થ છે.

## જેઠ સુદ ૧૪, શનિવાર, ૭-૬-૫૨

બાર ભાવનામાં આ લોક ભાવનાનું વર્ણન છે. ખરેખર આ લોક ભાવના કોણ ભાવી શકે ? કે લોકનો જેવો સ્વભાવ છે તેવો જાણવાનો મારા જ્ઞાનનો સ્વભાવ છે – એમ સ્વ-પર પ્રકાશક જ્ઞાન સ્વભાવની જેને પ્રતીતિ થઈ હોય તેને આવી યથાર્થ ભાવના હોય છે. આ ભાવના સંવર અને નિર્જરાનું કારણ છે, તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. સ્વ-પર પ્રકાશક સામર્થ્યની પ્રતીતિ પૂર્વક લોકનું સ્વરૂપ ચિંતવતાં જ્ઞાનની સ્થિરતા વધે, ને વીતરાગતાની વૃદ્ધિ થાય તેનું નામ ભાવના છે. જે રાગ છે તે ખરેખર ભાવના નથી. સર્વજ્ઞના જ્ઞાનમાં લોક પ્રત્યક્ષ છે, ને સમકિતી સાધકના જ્ઞાનમાં લોક પરોક્ષ છે. આ બાર ભાવનાઓ કેવી છે ? કે ભવ્ય જીવોને આનંદની જનની છે. અહો ! મારો જે જ્ઞાન સ્વભાવ તેની પ્રતીતિ પૂર્વક જિનવચનમાં કહેલા વસ્તુસ્વરૂપની ભાવના કરવી. તે ભવ્ય જીવોને આનંદની જનની છે.

જગતનાં છ દ્રવ્યો કેવા કેવા સ્વભાવે છે, તેનું જ્ઞાનીને ભાન તો થયું છે, પછી વિશેષ ભાવના કરે છે તેનું આ વર્ણન છે. આ સંસારમાં જીવ અનાદિથી મિથ્યાત્વાદિ દોષોથી રખડે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે રત્નત્રય છે તેના વડે જીવ ભવનો પાર પામે છે, તેથી રત્નત્રય સ્વરૂપ આત્મા જ ઉત્તમ તીર્થ છે. ધ્રુવ સ્વભાવના અવલંબને ધર્મીને રત્નત્રય પર્યાયમાં વૃદ્ધિ થતી જાય છે, ને રાગાદિ ટળતા જાય છે એ રીતે રત્નત્રયરૂપ દિવ્ય નૌકા વડે જીવ સંસારથી તરે છે, માટે તેજ ઉત્તમ તીર્થ છે.

આ સંસાર તે જીવની પર્યાયમાં થતો ઔદયિક ભાવ છે, ચિદાનંદ ધ્રુવ સ્વભાવના અવલંબનમાં એકાગ્ર થતાં રત્નત્રય પ્રગટીને ઔદયિક ભાવની ઉત્પત્તિ જ થતી નથી. આવા રત્નત્રય સંયુક્ત જીવ પોતે જ ઉત્તમ તીર્થ છે, આવા રત્નત્રયરૂપી તીર્થ વિના બીજા કોઈ તીર્થથી સંસારનો અંત આવતો નથી, દ્રવ્યને લક્ષમાં રાખીને આ ભાવનાઓનું વર્ણન છે.

'શ્રીમદ્દે' આ 'સ્વામી કાર્ત્તિકેયાનું પ્રેક્ષા' ને વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ કહ્યો છે, પણ વૈરાગ્ય કોને હોય ! કે જેને વસ્તુનું ભાન હોય તેને, સ્વભાવ સામર્થ્યની પ્રતીતિ કરીને તેમાં વળ્યા વિના પરથી યથાર્થ વૈરાગ્ય હોતો નથી, જીવનો સંસાર કાંઈ બહારમાં રહેતો નથી, પણ જીવની પર્યાયમાં વિકારભાવ તે જ સંસાર છે, તે સંસારને દુઃખદાયક ખરેખર કોણે માન્યો કહેવાય ? કે તે સંસારના અભાવ સ્વરૂપ એવા ત્રિકાળી સ્વભાવને પ્રતીતિમાં લ્યે તો સંસારને

દુઃખરૂપ માન્યો કહેવાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી તરાય છે તેથી તે રત્નત્રય તીર્થ છે. અને તે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આત્મા તરે છે તેથી આત્મા જ ઉત્તમ તીર્થ છે. વિકારવડે તરાતું નથી, તેમ જ શરીરાદિ પર દ્રવ્યો તો ભિન્ન છે. તેનાથી પણ તરાતું નથી વળી રત્નત્રયરૂપે પરિણમેલો જીવ બીજા પાત્ર જીવોને પણ તરવાનું નિમિત્ત થાય છે. તે જીવ ઉત્તમ તીર્થ છે, આવા તીર્થના ભાનપૂર્વક સમ્મેદ શિખર વગેરે તીર્થોની યાત્રાનો ભાવ આવે તે નિમિત્ત તરીકે તીર્થ છે.

જ્યાં છ દ્રવ્યો દેખાય છે તે લોક છે, તેમાં રહેલા જીવ તત્ત્વનું સ્વરૂપ કેવું છે ? તેની આ વાત ચાલે છે. જગતમાં જીવ જ ઉત્તમ તીર્થ છે, તેનો આશ્રય કરતાં પુણ્ય-પાપની ઉત્પત્તિ ન થાય માટે જીવને ઉત્તમ તીર્થ જાણીને તેનો આશ્રય કરવો તે ધર્મ છે.

હવે જીવના ત્રણ ભેદો કહે છે.

ગાથા–૧૯૨

**जीवाः भवन्ति त्रिविधाः बहिरात्मानः तथा च अन्तरात्मानः च।**
**परमात्मानः अपि च द्विविधाः अर्हतः तथा च सिद्धाः च।।१९२।।**

**અર્થ :– બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એવા ત્રણ પ્રકારના જીવો છે, વળી પરમાત્મા પણ અરંહત તથા સિદ્ધ એમ બે પ્રકારથી છે.**

સ્વભાવે બધા જીવો સરખા હોવા છતાં તેની પર્યાયમાં વિવિધતા અને ભેદ છે – એવો જ લોક સ્વભાવ છે. જગતમાં પરમાત્મા જ છે ને બીજું કાંઈ નથી એમ કોઈ માને તો તેમ નથી, લોકના જીવો સાધક જ રહેશે, કદી પૂર્ણ નહિ થાય એમ પણ નથી; અને જગતમાં એકલા બાધક જીવો જ રહેશે એમ પણ કદી નહિ બને.

પૂર્ણતાને પામેલા પરમાત્મા જગતમાં અનાદિ અનંત છે. અંતરાત્મા સાધક જીવો પણ અનાદિથી જ છે, ને બહિરાત્મા પણ અનાદિથી જ છે. જગતમાં કાંઈ પહેલાં પછી નથી. બધું સામાન્યપણે અનાદિ અનંત છે એક જીવની અપેક્ષાએ સંસારનો નાશ ને મોક્ષની શરૂઆત

એમ હોઈ શકે, પણ જગતમાં મોક્ષની શરૂઆત નવી નથી થઈ, અનાદિથી સંસારમાં રખડનારા જીવો છે, તેમજ સાધક જીવો અને પરમાત્મદશાને પામેલા જીવો પણ અનાદિથી જ છે ને નવા નવા પણ થતા જાય છે.

પરમાત્મા બે પ્રકારના છે. સિદ્ધ અને અરિહંત, લોકમાં અનંતા સિદ્ધો છે અને અરિહંતો પણ કાયમ લોકમાં બિરાજે છે, લોકમાં કદી પણ અરિહંતનો વિરહ હોતો નથી, ભરતક્ષેત્રમાં અત્યારે વિરહ છે. પણ આ તો લોકની ભાવના છે, લોકમાં તીર્થંકરો ન હોય એવું કદી પણ ન બને. જુઓ ! જગતમાં જે સત્ પદાર્થો છે, તેને ધર્મી જીવ જ્ઞાનનું જ્ઞેય બનાવે છે, જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, ને પદાર્થોનો જ્ઞેય થવાનો સ્વભાવ છે.

લોકમાં ત્રણ પ્રકારના આત્મા છે, તેમાં બહિરાત્માનું સ્વરૂપ કહે છે.

ગાથા–૧૯૩

**मिथ्यात्त्वपरिणतात्मा तीव्रकषायेन सुष्ठुआविष्टः।**
**जीवं देहं एकं मन्यमानः भवति बहिरात्मा।।१९३।।**

**અર્થ :– જે જીવ મિથ્યાત્વકર્મના ઉદયરૂપે પરિણમ્યો હોય, તીવ્રકષાય અનંતાનુબંધીથી સુષ્ટુ એટલે અતિશયવડે યુક્ત હોય અને એ નિમિત્તથી જીવને તથા દેહને એક માનતો હોયતે જીવને બહિરાત્મા કહીએ છીએ.**

**ભાવાર્થ :– બાહ્ય પરદ્રવ્યને જે આત્મા (સ્વરૂપ) માને તે બહિરાત્મા છે અને એમ માનવું મિથ્યાત્વ – અનંતાનુબંધીકષાયના ઉદયથી હોય છે માટે ભેદવિજ્ઞાન રહિત થતો થકો દેહાદિથી માંડી સમસ્ત પરદ્રવ્યમાં અહંકાર–મમકાર યુક્ત બનેલો (જીવ) બહિરાત્મા કહેવાય છે.**

ચૈતન્ય સ્વરૂપ ભગવાન તે અંતર સ્વરૂપ છે, તેને છોડીને મિથ્યાભાવથી દેહાદિ બાહ્ય વસ્તુને પોતાનું સ્વરૂપ માને છે તે જીવ બહિરાત્મા છે, મિથ્યાત્વકર્મનો ઉદય તો નિમિત્ત છે, ખરેખર જીવ પોતે પોતાના મિથ્યાભાવને લીધે બહિરાત્મા થાય છે. તે જીવ કેવો છે ?

મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાયને લીધે દેહ અને જીવને એક માને છે, દેહને અને જીવને એક માનવાનું કહ્યું. તેમાં 'દેહ' કહેતાં કાર્મણ શરીર પણ આવી ગયું ને તે કર્મના નિમિત્તે થયેલા શુભાશુભ ભાવો પણ ખરેખર તો કર્મ તરફના વલણવાળા ભાવો છે, તે પણ જીવનો સ્વભાવ નથી, આત્મા તો દેહથી ભિન્ન કેવળ ચૈતન્ય સ્વરૂપ છે. એવા ચૈતન્ય સ્વરૂપને જે જીવ નથી માનતો, ને પર્યાય પૂરતું અસ્તિત્વ માને છે, તથા તે પર્યાય પરને લીધે થાય એમ માને છે તે જીવ ને પરની સાથે એકતાની બુદ્ધિ છે, વર્તમાન પર્યાયને ત્રિકાળી સ્વદ્રવ્યમાં એક ન કરતાં, પર તરફ વાળીને તેનાથી લાભ માને છે તે જીવ બહિરાત્મા છે.

જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના રહે નહિ, દેહની ક્રિયાથી જેણે લાભ માન્યો તેણે દેહને જ આત્મા માન્યો છે, ચિદાનંદ સ્વભાવમાં સુખ છે, એમ ન માનતા બહારનાં વિષયોથી સુખ માન્યું તેણે સ્વભાવને પોતાનો નથી માન્યો પણ પરને પોતાનું માન્યું છે. 'પર તે જ હું છું' એમ માન્યા વિના પરથી સુખ માને નહિ, મારે લીધે પરની પર્યાયનું અસ્તિત્વ છે, ને પરને લીધે મારી પર્યાય થાય છે એમ જે માને છે તેને પર સાથે એકતા બુદ્ધિ છે, તે ઊંધી માન્યતા મિથ્યાત્વ અને અનંતાનું બંધી કષાયના ભાવ વગર હોય નહિ. જેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તે જીવ દેહાદિથી માંડીને સમસ્ત પર દ્રવ્યોમાં અહંકાર–મમકાર કરે છે, તે બહિરાત્મા છે. શીખંડ અને કેરીમાં સુખ છે – એમ જે માને છે તે બહિરાત્મા છે, કેરી મીઠી છે એમ જાણ્યું, પણ ત્યાં 'આમાં મારું સુખ છે' એ વાત ક્યાંથી લાવ્યો ? તે તો મિથ્યા દૃષ્ટિની કલ્પના છે.

મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાયનો ઉદય તે નિમિત્ત છે, ને જીવની પોતાની ઊંધી યોગ્યતાથી મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાયના ભાવ થાય છે. તે નૈમિત્તિક છે. નિમિત્ત અને નૈમિત્તિકનો કાળ ભેદ નથી, પણ ભાવ ભેદ છે. કોઈના કારણે કોઈની પર્યાય નથી, આવું ભિન્નપણું અજ્ઞાની જાણતો નથી.

કેરીના રસની મીઠી પર્યાય છે, તે તો સ્વભાવ છે ને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે પણ ત્યાં 'આ મને ઠીક' એમ માને છે તે અજ્ઞાનીની મિથ્યા કલ્પના છે, તે મિથ્યા કલ્પના કેરીએ કરાવી નથી. પોતે મિથ્યા કલ્પના કરી તેમાં કેરી નિમિત્ત છે પણ નિમિત્ત ક્યારે કહેવાય ? કે અહીં નૈમિત્તિક છે ત્યારે, નિમિત્ત-નૈમિત્તિકનો એક જ સમય હોવા છતાં બંને સ્વતંત્ર છે. કેરીના રસનો આત્મામાં અત્યંત અભાવ છે, તો તેના કારણે આત્મામાં કાંઈ થાય એમ બને નહિ, અભાવ કહેવો અને વળી તેનાથી કાંઈ થાય એમ કહેવું તે

વાત વિરુદ્ધ છે.

જડ વસ્તુ કદી પોતાની થાય નહિ, પણ સ્વભાવને સાધીને કેવળજ્ઞાન અલ્પકાળમાં થાય, એવો પોતાનો સ્વભાવ છે, અનંતકાળથી શરીરને પોતાનું માન્યું છતાં એક રજકણ પણ પોતાનો થયો નથી, અનંતકાળથી શરીરને પોતાનું માન્યું છતાં એક રજકણ પણ પોતાનો થયો નથી. તે તો અશક્ય છે, અને રાગને અનાદિથી પોતાનું સ્વરૂપ માનીને રાખવા માગે છે, પણ પહેલા સમયનો રાગ કદી બીજા સમયે રહેતો નથી, ધ્રુવ ચિદાનંદ સ્વભાવ તે પોતાનો છે, તેનો વિશ્વાસ કરે તો નિર્મળદશા પ્રગટીને સાદિ અનંત કાળ સુધી એમ ને એમ ટકી રહે, માટે ખરેખર તે જ સુલભ છે, પણ સ્વભાવની રુચિથી કદી અભ્યાસ કર્યો નથી તેથી કઠણ લાગે છે. અંદર વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

અજ્ઞાનીઓ કહે છે કે 'માટીમાંથી ઘડો એની મેળે થઈ જતો નથી કુંભાર કરે તો થાય છે.' પણ ભાઈ ! વિચાર તો કર કે કુંભારની હાજરી વખતે પણ ઘડાનો ઉત્પાદ થાય છે તે માટીમાંથી થાય છે કે કુંભારથી ? માટીના પરમાણુઓમાં સમયે સમયે ઉત્પાદ થઈ રહ્યો છે, કુંભાર નિમિત્ત છે, પણ કઈ પર્યાયનું નિમિત્ત ? જે પર્યાય થઈ છે તેનું નિમિત્ત ? કે જે પર્યાય થઈ નથી તેનું નિમિત્ત ? જે પર્યાય થઈ તેનું નિમિત્ત છે, તો તેમાં કુંભારે શું કર્યું ? માટીના પરમાણુઓ દ્રવ્ય છે કે અદ્રવ્ય ? દ્રવ્ય છે, તો તે દ્રવ્ય પોતાની પર્યાયમાં દ્રવ્યું છે ? કે કુંભાર દ્રવ્યો છે ? દ્રવ્ય હોય તે સમયે સમયે પોતાની પર્યાયને દ્રવે છે, ઘડાની પર્યાયપણે પરમાણુઓ દ્રવ્યા છે, કુંભાર તેમાં દ્રવ્યો નથી, કુંભાર નિમિત્ત ભલે હો, પણ તે કુંભારના હાથનો માટીની પર્યાયમાં અભાવ છે, તેણે માટીમાં કાંઈ પણ કર્યું નથી, ભિન્ન ભિન્ન વસ્તુ સ્વરૂપના ભાન વિના અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થયો, કેવલી પ્રભુની ધર્મ સભામાં ગયો, છતાં કલ્યાણ ન થયું, પોતાના ઉપાદાનની તૈયારી વિના નિમિત્ત શું કરે ? ને સત્ સમજવાની પોતાની પાત્રતા હોય ત્યાં સત્નું નિમિત્ત જ હોય, ભાઈ ! તું જ્ઞાતા છો ને પર દ્રવ્યો તો તારું જ્ઞેય છે. તેને બદલે જ્ઞેય પદાર્થો સાથે તું એકતા માને છે, તે મિથ્યાબુદ્ધિ છે. બે પદાર્થો છે તે બે-પણે ભિન્ન ભિન્ન વર્તે છે. કોઈની પર્યાયમાં બીજો વર્તતો નથી છતાં બહિરાત્મા જીવ પર પદાર્થો સાથે એકતા માનીને તેનાથી પોતાને લાભ-નુકસાન માને છે.

આ પ્રમાણે બહિરાત્માનું સ્વરૂપ જાણવું. હવે અંતરાત્માનું સ્વરૂપ કહે છે.

ગાથા–૧૯૪

ये जिनवचने कुशलाः भेदं जानन्ति जीवदेहयोः।
निर्जितदुष्टाष्टमदाः अन्तरात्मानः च ते त्रिविधाः।।१९४।।

**અર્થ :– જે જિનવચનમાં પ્રવીણ છે, જીવ અને દેહમાં ભેદ (ભિન્નતા) જાણે છે અને જેણે આઠ મદ જીત્યા છે તે અંતરાત્મા છે અને તે ઉત્કૃષ્ટ, મધ્યમ તથા જઘન્ય ભેદથી ત્રણ પ્રકારના છે.**

**ભાવાર્થ :– જે જીવ, જિનવાણીનો ભલા પ્રકારે અભ્યાસ કરી જીવ અને દેહના સ્વરૂપને ભિન્નભિન્ન જાણે છે તે અંતરાત્મા છે, તેને જાતિ, લાભ, કુલ, રૂપ, તપ, બળ, વિદ્યા અને ઐશ્વર્ય એ આઠ મદનાં કારણો છે તેમાં અહંકાર–મમકાર ઉપજતા નથી કારણકે એ બધા પરદ્રવ્યના સંયોગજનિત છે તેથી તેમાં ગર્વ કરતા નથી. એ પ્રમાણે અંતરાત્મા ત્રણ પ્રકારના છે.**

જેને અંતરાત્મપણું પ્રગટે તેને વીતરાગી જિનવચનો જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત ન હોય, માટે કહ્યું કે અંતરાત્મા જીવ જિનવચનમાં પ્રવીણ હોય છે. જિનવચનમાં જે ભાવ કહ્યો છે તેવા ભાવમાં તે પ્રવીણ છે બધા થઈને એક આત્મા છે એમ માનતો હોય – તેવી જીવને અંતરાત્મ દશા હોય શકે નહિ. જિન વચનમાં કહ્યા પ્રમાણે 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન' જેને વર્તે છે, તેવા જીવને અંતર આત્મદશા હોય છે. તેને દેહથી ભિન્ન ચૈતન્ય સ્વભાવની દઢતા હોય છે. તેણે આઠ મદ જીતી લીધા છે. સ્વભાવની દઢતા થતાં પરનો અહંકાર હોતો નથી, આવા અંતરાત્મા જીવ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા ત્રણ પ્રકારના છે.

જિનવચનનો ભલા પ્રકારે અભ્યાસ કર્યો ક્યારે કહેવાય ? કે દેહથી ભિન્ન ચૈતન્ય સ્વભાવને જાણીને તેની પ્રતીતિ કરે, ને દેહાદિનું અભિમાન છોડે. જીવ હોય તો દેહની ક્રિયા થાય – એમ માનનાર બહિરાત્મા છે. આપણે સાક્ષી રહીને પરનાં કામ કરવાં – એમ માનનાર પણ મૂઢ છે, પરનું કાંઈ કરી શકતો નથી છતાં કરવાનું માન્યું તે જ મૂઢતા છે, જેને ભિન્ન ચિદાનંદ આત્માની અસ્તિનું ભાન થયું તે જાતિ-કુળ વગેરેનો પોતામાં અભાવ માને છે. તેથી તેને જાતિમદ–કુળમદ વગેરે હોતા નથી, આવા જીવને અંતરાત્મા જાણવો. મારી તો જ્ઞાનની જાત છે, દેહની જાત તે મારી નથી, એમ જાણે તેને દેહનો અહંકાર રહેતો નથી.

❖❖❖

# પ્રસાદ નં. – ૨૨૯

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૮, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,
સોનગઢ, તા. ૧૫-૬-૫૨, રવિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૧, સોમવાર, ૯-૬-૫૨ સવાર)**

સમ્યગ્દષ્ટિ જીવ લોક અનુપ્રેક્ષા ચિંતવતાં લોકના સ્વરૂપનો વિચાર કરે છે. લોકમાં છ દ્રવ્યો રહેલાં છે, તેમાં જીવના ત્રણ પ્રકાર છે – બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા. સિદ્ધ અને અરિહંત તે પરમાત્મા છે. દેહને અને આત્માને એક માને છે, દેહની ક્રિયાથી લાભ–નુકસાન માને છે તે બહિરાત્મા છે. એનું વર્ણન કર્યું. હવે અંતરાત્માનું વર્ણન ચાલે છે. અંતરાત્મા દેહથી ભિન્ન ચિદાનંદ સ્વરૂપ જીવને જાણે છે.

જિનવાણી તો દેહ અને આત્માની ભિન્નતા કહી રહી છે. જે જીવ દેહ અને આત્માને ભિન્ન ભિન્ન જાણે તેણે જ જિનવાણીને ખરેખર જાણી કહેવાય અને જે જીવ પોતાના આત્માને દેહથી ભિન્ન જાણે તે જીવને દેહની જાતિરૂપ વગેરેનું અભિમાન હોય નહિ. દેહ તો અજીવ છે, તે દેહ જ હું નથી એમ જ્યાં માન્યું છે ત્યાં દેહની જાતિનું અભિમાન કેમ હોય ? માતા ખાનદાન હોય, પિતાનું કુળ મોટું હોય, દીકરા-લક્ષ્મી વગેરેનો લાભ હોય, તેમાં ક્યાંય ધર્મીને અહંકાર–મમકાર થતો નથી. રાજ તરફથી મોટા મોટા ઇલ્કાબ મળે, સોનાનાં કડાં આપીને રાજ તરફથી માન મળતું હોય – છતાં ધર્મી જાણે છે કે આ મારી ચીજ નથી, હું તો ચિદાનંદ આત્મા છું. ગર્ભશ્રીમંત કુળમાં જન્મ્યો તે તો દેહ છે. આત્મા તો ચૈતન્યલક્ષ્મીનો ધણી છે – એવું જેને ભાન છે તે અંતરાત્માને દેહનું અભિમાન હોતું નથી. વળી દેહનું

રૂપ ખૂબ સુંદર હોય, હાથ-પગ-મોઢું બધું સુંદર હોય, ઘંટડી જેવો અવાજ હોય – તે બધા પરદ્રવ્યજનિત સંયોગ છે, તેમાં ધર્મીને આત્મબુદ્ધિ થતી નથી. વળી ઉપવાસ, વિનય વગેરે તપ કરીને અજ્ઞાની તેનું અભિમાન કરે છે. પણ ધર્મીને તેમાં અભિમાન થતું નથી. ઘી–દૂધ છોડે, વધારે ઉપવાસ કરે, ત્યાં બીજા કરતાં પોતાને અધિક માને, ને બીજા ઉપવાસ ન કરે તેને હીન માને – તેવું અભિમાન ધર્મીને હોતું નથી. વળી શરીરમાં ઘણું બળ હોય તે જડ છે. તેનું અભિમાન ધર્મીને હોતું નથી. વળી વિદ્યાનું અભિમાન ધર્મીને હોતું નથી. જ્ઞાનનો થોડોક ઉઘાડ થાય ત્યાં અજ્ઞાનીને અભિમાન થઈ જાય છે. કાંઈક યાદશક્તિ હોય, ને અવધાન કરે ત્યાં અજ્ઞાનીને તેમાં ઘણું લાગી જાય છે. અજ્ઞાની હોય ને બે હજાર અવધાન કરે – પણ તેમાં શું ? અજ્ઞાનીને તેમાં મહત્તા લાગી જાય છે. પણ ભાઈ ! કેવળજ્ઞાન પાસે તેની શું કિંમત !! અખંડ ચૈતન્ય સ્વભાવને જેણે જાણ્યો છે તેને અલ્પ જ્ઞાનનું અભિમાન કેમ હોય ? પૂર્ણ સ્વભાવને જેણે જાણ્યો નથી તેને અલ્પજ્ઞતામાં અભિમાન થાય છે. ધર્મીને અધૂરા જ્ઞાનમાં અભિમાન થતું નથી. અહો ! કેવળજ્ઞાનની અનંતતા પાસે ચાર જ્ઞાન પણ ઘણાં અલ્પ છે, તેનું અભિમાન કરે તો પર્યાયબુદ્ધિ – મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. ધર્મી જીવ જાણે છે કે દ્રવ્યમાં મારી પ્રભુતા છે પણ પર્યાયમાં કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પામરતા છે. વળી ઐશ્વર્ય મળે – ચક્રવર્તી પદ મળે કે આચાર્ય પદવી મળે – એવા અધિકારમાં ધર્મી જીવને અભિમાન થતું નથી. સ્વભાવનું ભાન છે ને સંયોગથી ભિન્નતા જાણે છે. તેને પરદ્રવ્યના સંયોગમાં ગર્વ થતો નથી.

ગાથા–૧૯૫

पञ्चमहाव्रत्तयुक्ताः धर्म्मे शुक्ले अपि संस्थिताः नित्यं।
निर्जितसकलप्रमादाः उत्कृष्टाः अन्तरात्मानः भवन्ति।।१९५।।

**અર્થ :– જે જીવ પંચમહાવ્રતથી યુક્ત હોય, નિત્ય ધર્મ ધ્યાન – શુક્લધ્યાનમાં રમતો હોય અને જીત્યા છે નિદ્રા આદિ સર્વ પ્રમાદો જેણે તે ઉત્કૃષ્ટઅંતરાત્મા છે.**

અહીં સાતમાથી બારમા ગુણસ્થાન સુધી ઉત્કૃષ્ટ અંતરાત્મા ગણ્યા છે.

ગાથા–૧૯૬

**હવે મધ્યમ અંતરાત્માનું સ્વરૂપ કહે છે :–**

**श्रावकगुणैः युक्ताः प्रमत्तविरताः च मध्यमाः भवन्ति।**
**जिनवचने अनुरक्ताः उपशमशीलाः महासत्त्वाः।।१९६।।**

**અર્થ :– જે જીવ શ્રાવકના વ્રતોથી સંયુક્ત હોય વા પ્રમત્ત ગુણસ્થાન યુક્ત જે મુનિ હોય તે મધ્યમ અંતરાત્મા છે. કેવા છે તેઓ ? શ્રીજિનેન્દ્રવચનમાં અનુરક્ત–લીન છે, આજ્ઞા સિવાય પ્રવર્તન કરતા નથી, મંદકષાય–ઉપશમભાવરૂપ છે સ્વભાવ જેનો, મહાપરાક્રમી છે, પરિષહાદિ સહન કરવામાં દૃઢ છે અને ઉપસર્ગ આવતાં પ્રતિજ્ઞાથી જે ચલિત થતા નથી.**

જુઓ, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક તથા છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની આ વાત છે. તેઓ શ્રી જિનવચનમાં અનુરક્ત છે. વીતરાગનાં ચરણકમળના ભક્ત છે. મહા ઉપશાંત મંદકષાયી છે. તથા મહાપરાક્રમી છે. નાતની, કુટુંબની કે બીજા સંયોગની ગમે તેવી પ્રતિકૂળતા આવે તો પણ મહાપરાક્રમપૂર્વક સહન કરનાર છે. પુરુષાર્થમાં સિંહ જેવા છે, તે વીતરાગમાર્ગ સિવાય બીજા માર્ગને અનુસરે નહિ. શ્રાવક પણ મહા પરાક્રમી છે. ઉપશમભાવ તેમનો સ્વભાવ થઈ ગયો છે એટલે કે સહજ શાંતિ અને મંદકષાય વર્તે છે. શ્રાવકને કે મુનિને દુનિયાની દરકાર હોય નહિ. ધર્માત્માને સ્વભાવના અવલંબને એવું પરાક્રમ વર્તે છે કે ગમે તેવા ઉપસર્ગમાં પણ પ્રતિજ્ઞાથી ચલિત થતા નથી. અનુકૂળતાનો પરિષહ આવે કે પ્રતિકૂળતા આવે પણ તે ધર્માત્મા પોતાની પ્રતિજ્ઞાથી ચ્યુત થતા નથી. આવા મધ્યમ અંતરાત્મા છે.

ગાથા-૧૯૭

હવે જઘન્ય અંતરાત્માનું સ્વરૂપ કહે છે :–

अविरतसम्यग्दृष्टयः भवन्ति जघन्याः जिनेन्द्रपदभक्ताः।
आत्मानं निन्दन्तः गुणग्रहणे सुष्ठुअनुरक्ताः।।१९७।।

**અર્થ :– જે જીવ અવિરતસમ્યગ્દષ્ટિ છે અર્થાત્ સમ્યગ્દર્શન તો જેમને છે પણ ચારિત્રમોહના ઉદયથી વ્રત ધારણ કરી શકતા નથી તે જઘન્ય અંતરાત્મા છે. તે કેવા છે ? જિનેન્દ્રના ચરણોના ઉપાસક છે અર્થાત્ જિનેન્દ્ર, તેમની વાણી તથા તેમના અનુસાર નિર્ગ્રંથગુરુની ભક્તિમાં તત્પર છે, પોતાના આત્માને સદાય નિંદતા રહે છે, ચારિત્રમોહના ઉદયથી વૃત ધાર્યાં જતાં નથી અને તેની ભાવના નિરંતર રહે છે તેથી પોતાના વિભાવભાવોની નિંદા કરતા જ રહે છે, ગુણોના ગ્રહણમાં સમ્યક્પ્રકારથી અનુરાગી છે, જેનામાં સમ્યગ્દર્શનાદિ ગુણ દેખે તેનાથી અત્યંત અનુરાગરૂપ પ્રવર્તે છે, ગુણો વડે પોતાનું અને પરનું હિત જાણ્યું છે તેથી ગુણો પ્રત્યે અનુરાગ જ થાય છે. એ પ્રમાણે ત્રણ પ્રકારના અંતરાત્મા કહ્યા તે ગુણસ્થાન અપેક્ષાએ જાણવા.**

**ભાવાર્થ :– ચોથા ગુણસ્થાનવર્તી જઘન્ય અંતરાત્મા છે, પાંચમા અને છઠ્ઠાગુણસ્થાનવર્તી મધ્યમ અંતરાત્મા છે તથા સાતમાંથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના (સાધકો) ઉત્કૃષ્ટ અંતરાત્મા જાણવા.**

ચોથા ગુણસ્થાનવાળા અવિરતિ સમ્યગ્દષ્ટિ તે જઘન્ય અંતરાત્મા છે. તેઓ જિનેન્દ્રદેવના ચરણકમળના ઉપાસક છે. અંતરમાં ચિદાનંદ ભગવાનની ઉપાસના અને બહારમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની ઉપાસના પૂજા–ભક્તિ કરે છે, એ સિવાય બીજાને સમ્યગ્દષ્ટિ માને નહિ. શ્રી જિનેન્દ્રદેવની વાણી તેમ જ તેમની પરંપરામાં નિર્ગ્રંથ સંતોએ કહેલી વાણીની ભક્તિમાં તે તત્પર છે. 'શ્રી કુંદકુંદાચાર્ય, ધરસેનાચાર્ય, અકલંક આચાર્ય, સમંતભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય' વગેરે નિર્ગ્રંથ સંતગુરુઓની ભક્તિમાં સમ્યગ્દષ્ટિ તત્પર છે. એ સિવાય કુગુરુઓને ધર્મી જીવ માને નહિ. અહો ! ક્યાં વીતરાગી સંતમુનિઓ અને ક્યાં આ રાગ ! એમ અવિરતિ પરિણામનો ખેદ છે. તેથી તે પોતાના આત્માને નિંદે છે. સ્વભાવની પ્રભુતાનું ભાન છે, પણ

પર્યાય હજી હીણી છે. સમ્યગ્દર્શન હોવા છતાં ચારિત્રમોહના ઉદયથી વ્રતધારી શકતાનથી – એમ નિમિત્તથી કથન છે, પણ ચારિત્રમોહ કેમ રહ્યો ? અહીં પોતાની લાયકાત વગર સામે નિમિત્ત હોય નહિ. પોતાનો ઉગ્ર પુરુષાર્થ નથી તેથી વ્રત ધારી શકતા નથી. પણ તેની ભાવના તો નિરંતર રહ્યા જ કરે છે. અહો ! ક્યારે નિર્ગ્રંથ વીતરાગી મુનિદશા પ્રગટ કરીએ ! એવી ભાવના નિરંતર વર્તે છે, ને વિભાવની નિંદા કર્યાં જ કરે છે. તથા સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રત્યે અનુરાગી છે. જેને પોતાને સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન થયું હોય તેની ભભક છાની રહે નહિ. બીજા સમ્યગ્દર્શનાદિ ગુણોના ધારક જીવો પ્રત્યે તેને અત્યંત પ્રેમ થાય છે, ધર્માત્માને દેખીને અનુરાગ આવે છે. પોતને ગુણની પ્રીતિ અને બહુમાન છે, તેથી બીજા જીવોમાં પણ ગુણો દેખતાં તેનું બહુમાન અને આદર આવે છે. બીજા કરતાં સમ્યગ્દર્શનાદિના ધારક જીવોમાં તેને આંતરો પડી જાય છે. આવા અવિરત સમ્યગ્દષ્ટિ ધર્માત્મા તે જઘન્ય અંતરાત્મા છે.

આ પ્રમાણે ત્રણ જાતનાં અંતરાત્મા કહ્યા.

ભાવાર્થ :– ચોથા ગુણસ્થાનવર્તી જઘન્ય અંતરાત્મા છે, પાંચમા અને છઠ્ઠાગુણસ્થાનવર્તી મધ્યમ અંતરાત્મા છે તથા સાતમાંથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના (સાધકો) ઉત્કૃષ્ટ અંતરાત્મા જાણવા. હવે પરમાત્માનું સ્વરૂપ કહે છે.

ગાથા–૧૯૮

**હવે પરમાત્માનું સ્વરૂપ કહે છે :–**

**सशरीराः अर्हतः केवलज्ञानेन ज्ञातसकलार्थाः।**
**ज्ञानशरीराः सिद्धाः सर्वोत्तमसौख्यसंप्राप्ताः।।१९८।।**

**અર્થ :– શરીર સહિત અરહંત છે તે કેવા છે ? કેવલજ્ઞાન દ્વારા જેઓ સકલ પદાર્થોને જાણે છે તે પરમાત્મા છે તથા શરીર રહિત અર્થાત્ જ્ઞાન જ છે શરીર જેઓને તે સિદ્ધ છે. કેવા છે તે ? સર્વ ઉત્તમ સુખોને પ્રાપ્ત થયા છે તે શરીર રહિત પરમાત્મા છે.**

ભાવાર્થ :– **તેરમા ને ચૌદમા ગુણસ્થાનવર્તી અર્હંત શરીર સહિત પરમાત્મા છે તથા સિદ્ધ પરમેષ્ટિ શરીરરહિત પરમાત્મા છે.**

સિદ્ધ ભગવાન તો શરીર રહિત, ચૈતન્યબિંબ થઈ ગયા છે. ને અરિહંત ભગવાન શરીર સહિત સર્વજ્ઞ પરમાત્મા છે. તે પરમાત્મા આત્માની પૂર્ણ જ્ઞાન આનંદ લક્ષ્મીને પામ્યા છે. સિદ્ધ ભગવંતો ક્યાં છે ? લોકમાં જ છે. અરિહંતો પણ લોકમાં સદાય હોય જ છે. લોક કદી પણ અરિહંત વગરનો ન હોય. લોકમાં અરિહંત, સિદ્ધ પરમાત્મા, તથા ત્રણ પ્રકારના અંતરાત્મા અને બહિરાત્મા – એવા જીવોનો કદી વિરહ પડતો નથી. એવા જીવો જગતમાં સદા હોય છે.

ભાવાર્થ :– તેરમા ને ચૌદમા ગુણસ્થાનવર્તી અર્હંત શરીર સહિત પરમાત્મા છે તથા સિદ્ધ પરમેષ્ટિ શરીરરહિત પરમાત્મા છે. હવે 'પરા' શબ્દનો અર્થ કહે છે.

ગાથા–૧૯૯

**હવે 'પરા' શબ્દનો અર્થ કહે છે :–**

**निःशेषकर्म्मनाशे आत्मस्वभावेन या समुत्पत्तिः।**
**कर्म्मजभावक्षये अपि च सा अपि च प्राप्तिः परा भवति।।१९९।।**

**અર્થ :– જે સમસ્ત કર્મનો નાશ થતાં પોતાના સ્વભાવથી ઉપજે તેને 'પરા' કહીએ છીએ. વળી કર્મથી ઉપજ્યા જે ઔદયિકાદિ ભાવોનો નાશ થતાં ઉપજે તેને પણ 'પરા' કહીએ છીએ.**

**ભાવાર્થ :– પરમાત્મા શબ્દનો અર્થ આ પ્રમાણે છે કે જે 'પરા' એટલે ઉત્કૃષ્ટ તથા 'મા' એટલે લક્ષ્મી જેને હોય એવા આત્માને પરમાત્મા કહીએ છીએ. જે સમસ્ત કર્મોનો નાશ કરી સ્વભાવ લક્ષ્મીને પ્રાપ્ત થયા છે એવા સિદ્ધ, તે પરમાત્મા છે. વળી ઘાતિકર્મોના નાશથી અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મીને જેઓ પ્રાપ્ત થયા છે એવા અરહંત, તે પણ પરમાત્મા છે. વળી તેઓને જ 'ઔદયિકાદિ ભાવોનો નાશ કરી પરમાત્મા થયા' એમ પણ કહીએ છીએ.**

જડ કર્મનો અને વિભાવનો નાશ થતાં ભગવાન આત્મા પોતાના ઉત્કૃષ્ટ ચૈતન્ય સ્વભાવથી ઊપજે છે તેમને ઉત્કૃષ્ટ ચૈતન્યલક્ષ્મી છે તેથી તે પરમાત્મા છે.

ભાવાર્થ :– પરમાત્મા શબ્દનો અર્થ આ પ્રમાણે છે કે જે 'પરા' એટલે ઉત્કૃષ્ટ તથા 'મા' એટલે લક્ષ્મી જેને હોય એવા આત્માને પરમાત્મા કહીએ છીએ. જે સમસ્ત કર્મોનો નાશ કરી સ્વભાવ લક્ષ્મીને પ્રાપ્ત થયા છે એવા સિદ્ધ, તે પરમાત્મા છે. વળી ઘાતિકર્મોના નાશથી અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મીને જેઓ પ્રાપ્ત થયા છે એવા અરહંત, તે પણ પરમાત્મા છે. વળી તેઓને જ 'ઔદયિકાદિ ભાવોનો નાશ કરી પરમાત્મા થયા' એમ પણ કહીએ છીએ.

બહારની જડ લક્ષ્મી આત્માની નથી. આત્માની ચૈતન્યલક્ષ્મી જેને પરિપૂર્ણ પ્રગટી છે તે જ પરમાત્મા છે. ભાવકર્મ અને દ્રવ્યકર્મના નાશથી અનંત ચતુષ્ટયરૂપ સ્વભાવલક્ષ્મી પ્રગટ કરી છે તે અરિહંત અને સિદ્ધ ભગવાન પરમાત્મા છે. સિદ્ધ ભગવાનને તો ક્ષાયિક અને પારિણામિક ભાવ જ છે. અરિહંત ભગવાનને ક્ષાયિક અને પારિણામિકભાવ છે તેમ જ હજી યોગ વગેરેનો ઉદયભાવ પણ છે. કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવ પ્રગટી ગયો છે, તે તો આત્માનો સ્વભાવ છે, તેથી તે ધર્મ છે. શાસ્ત્રમાં કોઈવાર વિકારને પણ ધર્મ કહેવાય છે, કેમકે તે પર્યાયધર્મ છે, વિકારી પર્યાય પણ પોતાની છે, તે અપેક્ષાએ તેને 'ધર્મ' કહેવાય. તે કાંઈ મોક્ષના કારણરૂપ 'ધર્મ' નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને પણ ધર્મ કહેવાય અને કેવળજ્ઞાનને પણ ધર્મ કહેવાય. કેવળજ્ઞાન તે આત્માનો સ્વભાવભાવ છે, તેથી તે ધર્મ છે. કેવળી પરમાત્માને કેવળજ્ઞાન અને પૂર્ણાનંદદશા પ્રગટી ગઈ છે.

હવે કહે છે કે અનાદિથી બધા જીવો પર્યાયમાં શુદ્ધ નથી; સ્વભાવે શુદ્ધતા છે, પણ પર્યાયમાં અનાદિથી શુદ્ધતા નથી. બધા જીવો સર્વથા પર્યાયથી પણ – શુદ્ધ જ છે – એમ જે માને તેના મતનો નિષેધ કરે છે.

---

ગાથા–૨૦૦

**આગળ કોઈ 'જીવને સર્વથા શુદ્ધ જ કહે છે' તેના મતને નિષેધે છે :–**

**यदि पुनः शुद्धस्वभावाः सर्वे जीवाः अनादिकाले अपि।**
**तत् तपश्चरणविधानं सर्वेषां निष्फलं भवति।।२००।।**

**અર્થ :– જો બધાય જીવો અનાદિકાળથી પણ શુદ્ધસ્વભાવરૂપ છે તો બધાયને તપશ્ચરણાદિ**

**વિધાન છે તે નિષ્ફળ થાય છે.**

પર્યાયમાં અશુદ્દતાવાળા જીવો પણ લોકમાં છે. જીવને પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે. જો પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો તપ-વ્રત વગેરે શા માટે કરે છે ? અશુદ્ધતા ન હોય તો અશુદ્ધાતાના નાશનો ઉપાય કેમ કરે ? તથા -

ગાથા-૨૦૧

**तत् कथं गृह्णन्ति देहं नानाकर्माणि तर्हि कथं कुर्वन्ति।**
**सुखिताः अपि च दुःखिताः अपि च नानारूपाः कथं भवन्ति।।२०१।**

**અર્થ :- જો જીવ, સર્વથા શુદ્ધ જ છે તો દેહને કેમ ગ્રહણ કરે છે ? નાનાપ્રકારના કર્મોને કેમ કરે છે ? તથા 'કોઈ સુખી છે - કોઈ દુઃખી છે' એવા નાનાપ્રકારના તફાવતો કેમ હોય છે ? માટે તે સર્વથા શુદ્ધ નથી.**

તેરમા અને ચૌદમા ગુણસ્થાને પણ હજી ઔદયિકભાવ છે તેટલી અશુદ્ધતા છે, તેથી દેહનો સંયોગ છે. તો પછી બીજા સંસારી જીવોને તો અશુદ્ધતા હોય જ, જો અશુદ્ધતા ન હોય તો દેહનો સંયોગ કેમ હોય ? તથા શુભ-અશુભ ભાવો કેમ થાય ? ઘડીકમાં દયાના ભાવ, ઘડીકમાં હિંસાના ભાવ - એવા જુદા જુદા પ્રકારનાં કર્મોને કેમ કરે ? સિદ્ધ ભગવંતો કૃત-કૃત્ય છે. પણ સંસારી જીવોને પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે. સ્વભાવે શુદ્ધ ને પર્યાયમાં અશુદ્ધતા - એમ બંને પડખાંને જાણવાં જોઈએ. જીવ સર્વથા શુદ્ધ જ નથી. જો સર્વથા શુદ્ધ જ હોય તો મોક્ષનો ઉપાય કરવાનું રહેતું નથી. લોકની સ્થિતિ જ આવી છે કે જીવને કથંચિત્ શુદ્ધતા ને કથંચિત્ અશુદ્ધતા છે. આવા ભાન વિના લોક અનુપ્રેક્ષા સાચી હોય નહીં. વસ્તુ કાયમ રહીને તેની અવસ્થા ક્ષણે ક્ષણે પલટે છે, તે અવસ્થામાં સંસાર ને મોક્ષ થાય છે. સંસારમાં બધા જીવો સરખા નથી. કોઈ સુખી છે, કોઈ દુઃખી છે, - આવા વિવિધ પ્રકારના તફાવત અશુદ્ધતા વગર હોઈ શકે નહિ. માટે પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે ને સ્વભાવે ત્રિકાળ શુદ્ધ છે, તે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયની અશુદ્ધતા ટળીને શુદ્ધતા થયા વિના રહે નહિ.

✤✤✤

# પ્રસાદ નં. – ૨૩૧

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૧૭-૬-૫૨, મંગળવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૩, મંગળવાર, ૧૦-૬-૫૨ સવાર)**

આ લોક અનુપ્રેક્ષા છે. લોકમાં રહેલા જીવદ્રવ્યનું આ વર્ણન ચાલે છે. લોકમાં અનંતા જીવો છે. તેમાં પર્યાયથી શુદ્ધ જીવો પણ છે, ને અશુદ્ધ પણ છે. બધાય જીવો સર્વથા શુદ્ધ છે એમ નથી, ને બધાય જીવો અશુદ્ધ છે એમ પણ નથી. અહીં પર્યાયમાં જીવને શુદ્ધતા અને અશુદ્ધતા છે તેનું નિમિત્ત બતાવે છે –

ગાથા–૨૦૨

**આગળ અશુદ્ધતા અને શુદ્ધતાનું કારણ કહે છે :–**

**सर्वे कर्म्मनिबद्धाः संसरमाणाः अनादिकाले।**
**पश्चात् त्रोटयित्वा बन्धं शुद्धाः सिद्धाः ध्रुवाः भवन्ति।।२०२।।**

**અર્થ :– બધાય જીવો અનાદિકાળથી કર્મોથી બંધાયેલા છે તેથી તેઓ સંસારમાં પરિભ્રમણ કરે છે અને એ કર્મોના બંધનોને તોડી સિદ્ધ થાય છે ત્યારે તેઓ શુદ્ધ અને નિશ્ચલ થાય**

છે.

જીવે પોતે ભૂલ કરી ત્યારે 'કર્મથી બંધાયેલા છે' એમ ઉપચારથી કહ્યું. પોતે પોતાની અશુદ્ધતાથી રખડે છે, તેમાં કર્મ નિમિત્ત છે અને તે કર્મનો નાશ જીવ કરે છે એ પણ ઉપચારથી છે, તેમ જ જીવ અશુદ્ધતાનો નાશ કરે છે – એમ કહેવું તે પણ વ્યવહાર છે. જે સમયે અશુદ્ધતા છે તે સમયે તેનો નાશ કરે એમ બનતું નથી. પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધતાનો ઉત્પાદ થતાં અશુદ્ધતાનો ઉત્પાદ થતો નથી અને પૂર્વકર્મ તેના કારણે ટળી જાય છે; અને ત્યારે જીવ સર્વથા શુદ્ધ–મુક્ત–સિદ્ધ થાય છે.

ગાથા–૨૦૩

**આગળ જે બંધનથી જીવ બંધાયલો છે તે બંધનનું સ્વરૂપ કહે છે :–**

**यः अन्योन्यप्रवेशः जीवप्रदेशानां कर्म्मस्कन्धानाम्।**
**सर्वबन्धानां अपि लयः सः बन्धः भवति जीवस्य।।२०३।।**

**અર્થ :– જીવના પ્રદેશોનો અને કર્મોના બંધનો પરસ્પર પ્રવેશ થવો અર્થાત્ એકક્ષેત્રરૂપ સંબંધ થવો તે જીવને પ્રદેશબંધ છે અને તે જ પ્રકૃતિ, સ્થિતિ તથા અનુભાગરૂપ સર્વ બંધનું પણ લય અર્થાત્ એકરૂપ હોવું છે.**

આત્માના અસંખ્ય પ્રદેશો છે. તેની સાથે એકક્ષેત્રે કર્મપરમાણુઓ રહે છે – તે પ્રદેશબંધ છે. જીવને ખરેખર બંધન તો અશુદ્ધભાવનું છે. ત્યાં નિમિત્ત તરીકે દ્રવ્યકર્મનું બંધન છે. કર્મ પરદ્રવ્ય છે, ને જીવ પરદ્રવ્ય છે, તેમને સંબંધ કહેવો તે ફકત નિમિત્તનૈમિત્તિક સંબંધનું કથન છે; કોઈને કારણે કોઈ પરનું કાંઈ થાય – એમ બનતું નથી. જીવ અને કર્મ કાંઈ એકરૂપ થઈ જતા નથી, બંને જુદે જુદા છે – એમ પૃથક્તાના ભાનપૂર્વક નિમિત્તનૈમિત્તિક સંબંધનું જ્ઞાન થાય છે.

ગાથા–૨૦૪

**આગળ સર્વ દ્રવ્યોમાં જીવ દ્રવ્ય જ ઉત્તમ–પરમ તત્ત્વ છે એમ કહે છે :–**

**उत्तमगुणानां धाम सर्वद्रव्याणां उत्तमं द्रव्यं।**
**तत्त्वानां परमतत्त्वं जीवं जानीहि निश्चयतः।।२०४।।**

**અર્થ :– જીવદ્રવ્ય, ઉત્તમ ગુણોનું ધામ છે – જ્ઞાનાદિ ઉત્તમગુણો એમાં જ છે, સર્વ દ્રવ્યોમાં એક આજ દ્રવ્ય પ્રધાન છે કારણ કે સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશે છે, સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે અને અનંતજ્ઞાન–સુખાદિનો ભોક્તા પણ જીવ જ છે એમ હે ભવ્ય ! તું નિશ્ચયથી જાણ.**

અહો ! ભગાવન આત્મા સમસ્ત પદાર્થોમાં ઉત્તમ તત્ત્વ છે, તેને જ દૃષ્ટિમાં લેવા જેવો છે. જ્ઞાન આનંદ વગેરે ઉત્તમગુણો જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં નથી. જીવમાં જ જ્ઞાનાદિ અનંતગુણો છે. છએ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિપૂર્ણ છે, પણ તેને જાણનાર જીવ છે, તેથી જીવ જ ઉત્તમ દ્રવ્ય છે. જીવને પોતાનો આત્મા જ ઉત્તમ દ્રવ્ય છે. પોતાને માટે બીજો આત્મા પણ ઉત્તમ દ્રવ્ય નથી, સર્વજ્ઞદેવની પ્રતીતિ કોણે કરી ? જીવે જ કરી, માટે ખરેખર બધાય દ્રવ્યોમાં આત્મા જ મુખ્ય છે, સ્વદ્રવ્ય વિના પરને પ્રકાશે કોણ ? સાત તત્ત્વોમાં જીવ જ મહાતત્ત્વ છે. અજીવ તત્ત્વ ઉત્તમ નથી, તે તો જડ છે. જીવતત્ત્વથી ઉત્તમ બીજું કોઈ તત્ત્વ નથી. અનંત જ્ઞાન–દર્શન–આનંદનો અનુભવ કરનાર જીવ જ છે – એમ હે ભવ્ય ! તું જાણ ! પોતાનાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ વગેરેનો ભોગવટો કરે છે તેથી જીવ જ પરમ તત્ત્વ છે. આમ જાણીને ધર્મી જીવ પોતાના આત્માની જ ભાવના ભાવે છે. વીતરાગ સર્વજ્ઞદેવ ઉત્તમ છે. અરિહંત, સિદ્ધ, સાધુ ને કેવળી કથિત ધર્મ એ ચાર લોકમાં ઉત્તમ છે, પણ તેમ જાણ્યું કોણે ? જીવ વિના કોણ જાણે ? માટે પરમાર્થે પોતાનો આત્મા જ ઉત્તમ તત્ત્વ છે – એમ જાણીને તેની ભાવના કરવી.

ગાથા–૨૦૫

**આગળ જીવનું જ ઉત્તમ તત્ત્વપણું શાથી છે ? તે કહે છે :–**

**अन्तरतत्त्वं जीवः बाह्यतत्त्वं भवन्ति शेषाणि।**
**ज्ञानविहीनं द्रव्यं हेयाहेयं नैव जानाति।।२०५।।**

**અર્થ :– જીવ છે તે અંતરતત્ત્વ છે તથા બાકીનાં બધાંય દ્રવ્યો બાહ્યતત્ત્વ છે – જ્ઞાનાદિ રહિત છે અને જ્ઞાનરહિત જે દ્રવ્ય છે તે હેય–ઉપાદેય વસ્તુને કેમ જાણે ?**

**ભાવાર્થ :– જીવતત્ત્વ વિના બધું શૂન્ય છે માટે સર્વને જાણવાવાળો તથા હેય–ઉપાદેયને સમજવાવાળો એક જીવ જ પરમતત્ત્વ છે.**

પોતાનો આત્મા જ અંતરતત્ત્વ છે, બાકીનાં બધાં બાહ્યતત્ત્વ છે. જીવતત્ત્વ વિના સ્વ-પરના અસ્તિત્વને કોણ જાણે ? જ્ઞાન વગરનું બધું શૂન્યવત્ છે કેમકે જ્ઞાન જ બધાના અસ્તિત્વને જાણે છે. જગતમાં તો બધા પદાર્થો છે, પણ જ્ઞાન વગર તેનું હોવાપણું નક્કી કોણ કરે ? જ્ઞાનના અસ્તિત્વમાં પરનું અસ્તિત્વ જણાય છે. જીવ તત્ત્વ જ બધાનો પ્રકાશક છે, ને હેય–ઉપાદેયનો વિવેક કરનાર છે. તેથી તે જ પરમ તત્ત્વ છે. 'પર છે' એમ નક્કી કરનારું જ્ઞાન છે, માટે જ્ઞાનનું અસ્તિત્વ નક્કી કર્યા વગર પરના અસ્તિત્વને જાણશે કોણ ? સર્વને જાણનાર જીવતત્ત્વ છે, તેના વગર બધું શૂન્ય છે, માટે સર્વને જાણીને હેય–ઉપાદેયનો વિવેક કરનાર એવું જીવતત્ત્વ જ એક પરમતત્ત્વ છે, તે જ ઉપાદેય છે.

એ પ્રમાણે લોકના સમસ્ત પદાર્થોમાં ઉત્તમ એવા જીવ તત્ત્વનું વર્ણન કર્યું.

ગાથા–૨૦૬

**આગળ હવે પુદ્‌ગલદ્રવ્યનું સ્વરૂપ કહે છે :–**

**सर्वः लोकाकाशः पुद्‌गलद्रव्यैः सर्वतः भृतः।**
**सूक्ष्मैः बादरैः च नानाविधशक्तियुक्तैः।।२०६।।**

**અર્થ :– સર્વ લોકાકાશ, સૂક્ષ્મ–બાદર પુદ્‌ગલદ્રવ્યોથી સર્વ પ્રદેશોમાં ભરેલું છે, કેવાં છે તે પુદ્‌ગલદ્રવ્યો ? નાનાપ્રકારની શક્તિઓ સહિત છે.**

**ભાવાર્થ :– શરીરાદિ અનેક પ્રકારની પરિણમનશક્તિથી યુક્ત સૂક્ષ્મ–બાદર પુદ્‌ગલોથી સર્વ લોકાકાશ ભરેલો છે.**

પુદ્‌ગલદ્રવ્યમાં તેની પોતાની અનંત શક્તિ છે. તેનામાં કર્મરૂપ અવસ્થા થઈ તે જીવના વિકારને લીધે થઈ નથી, પણ તેની પોતાની પરિણમનશક્તિથી જ તે અવસ્થા થઈ છે. શરીર–મન–વાણી–કર્મ વગેરે અનેક પ્રકારની અવસ્થાપણે પરિણમવાની પુદ્‌ગલની જ શક્તિ છે. કોઈ બીજાના કારણે તેઓ પરિણમતાં નથી. જુઓ, પુદ્‌ગલમાં અનંતી શક્તિઓ છે, પણ તે પુદ્‌ગલને પોતાની શક્તિની ખબર નથી. તેની શક્તિને પણ જાણનારો તો જીવ છે. છતાં જીવને લીધે પુદ્‌ગલની શક્તિઓ નથી. તીર્થંકરપ્રકૃતિ બંધાય, ને પરમ ઔદારિક શરીર રચાય – તે બધી અવસ્થા પુદ્‌ગલની જ પરિણમનશક્તિથી થાય છે, જીવના શુભરાગને લીધે તે અવસ્થા થતી નથી.

જુઓ, આ લોકનાં દ્રવ્યોનું સ્વરૂપ ! આવા સ્વરૂપને ધર્મી જીવ વિચારે છે.

વિધવિધ શરીર, વિધવિધ ભાષા, વિધવિધ કર્મ – એવી અનેક પ્રકારની અવસ્થાઓ જગતમાં થાય છે, તે બધી અવસ્થાઓને કોણ કરે છે ? કે પુદ્‌ગલની પરિણમનશક્તિથી જ તેવી અવસ્થાઓ થાય છે, જીવ તેને કરતો નથી.

પુદ્‌ગલનું વર્ણન કરવામાં પહેલેથી જ એ વાત કરી કે પુદ્‌ગલદ્રવ્ય પોતે અનેક પ્રકારની પરિણમન શક્તિથી સહિત છે. **'नानाविधशक्तियुक्तैः' એટલે કે પુદ્‌ગલદ્રવ્ય પોતે વિધવિધ અવસ્થારૂપે પરિણમવાની શક્તિવાળું છે – આ સિદ્ધાંત દરેક ઠેકાણે લક્ષમાં રાખવો.**

ગાથા–૨૦૭

**यत् इन्द्रियैः ग्राह्यं रूपरसगन्धस्पर्शपरिणामम्।**
**तत् एव पुद्‌गलद्रव्यं अनन्तगुणं जीवराशितः।।२०७।।**

**અર્થ :– જે રૂપ–રસ-ગંધ–સ્પર્શાદિ પરિણામસ્વરૂપથી ઇન્દ્રિયોને ગ્રહણ કરવા યોગ્ય છે તે સર્વ પુદ્‌ગલ દ્રવ્ય છે અને તે સંખ્યા અપેક્ષાએ જીવરાશીથી અનંતગુણા દ્રવ્ય છે.**

જગતમાં જીવોની સંખ્યા અનંત છે, ને પુદ્‌ગલોની સંખ્યા તેના કરતાં પણ અનંતગુણી છે.

ગાથા–૨૦૮

**હવે પુદ્‌ગલદ્રવ્યને જીવનું ઉપકારીપણું કહે છે :–**

**जीवस्य बहुप्रकारं उपकारं करोति पुद्गलं द्रव्यं।**
**देहं च इन्द्रियाणि च वाणी उछ्वासनिःश्वासम्।।२०८।।**

**અર્થ :– પુદ્‌ગલદ્રવ્ય, જીવને ઘણા પ્રકારનો ઉપકાર કરે છે, દેહ કરે છે, ઇન્દ્રિયો કરે છે, વચન કરે છે તથા ઉશ્વાસ–નિશ્વાસ કરે છે.**

'ઉપકાર' એટલે નિમિત્ત એમ સમજવું. દેહ-મન-વાણી વગેરે પુદ્‌ગલની રચના છે, જીવને શરીરાદિનો સંયોગ થાય છે, તે અપેક્ષાએ પુદ્‌ગલનો ઉપકાર કહ્યો છે. ઉપકારનો અર્થ કલ્યાણ કરીદ્યે છે – એમ નથી. 'મરણ'માં પણ પુદ્‌ગલનો ઉપકાર કહેશે, તો શું મારી નાખવામાં પણ ઉપકાર હોય ? તેમાં પુદ્‌ગલનું નિમિત્ત છે તે અપેક્ષાએ ઉપકાર કહ્યો છે. જીવને સંસારમાં રખડવામાં પણ પુદ્‌ગલનો ઉપકાર છે. પુદ્‌ગલથી રચાયેલાં શરીર–વાણી વગેરેની મમતા કરીને જીવ રખડે છે, તે અપેક્ષાએ પુદ્‌ગલદ્રવ્યે જીવ ઉપર ઉપકાર કર્યો કહેવાય છે. જીવને ઇચ્છા થાય કે આમ બોલાય તો ઠીક ને પુદ્‌ગલો ભાષારૂપે પરિણમે – ત્યાં પુદ્‌ગલનો ઉપકાર કહ્યો. સંસારી જીવ દ્રવ્ય પ્રાણોથી વ્યવહારે જીવે છે, ને દ્રવ્યપ્રાણો તે પુદ્‌ગલમય છે, તેથી જીવને જીવવામાં પુદ્‌ગલનો ઉપકાર કહ્યો. દસપ્રાણ તથા રાગ–દ્વેષ–મોહ વગેરે ભાવોમાં જીવને પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્તપણું છે, તે બતાવવા તેનો 'ઉપકાર' કહ્યો છે.

ગાથા–૨૦૯

**अन्यमपि एवमादि उपकारं करोति यावत् संसारं।**
**मोहं अज्ञानमयं अपि च परिणामं करोति जीवस्य।।२०९।।**

**અર્થ :– ઉપર કહ્યા ઉપરાંત પુદ્‌ગલદ્રવ્ય જીવને અન્ય પણ ઉપકાર કરે છે, જ્યાં સુધી આ જીવને સંસાર છે ત્યાં સુધી ઘણા પરિણામ કરે છે જેમકે–મોહ પરિણામ, પરદ્રવ્યથી મમત્વપરિણામ, અજ્ઞાનમય પરિણામ, તથા એજ પ્રમાણે સુખ–દુઃખ–જીવન–મરણ આદિ અનેક પ્રકારના (પરિણામ) કરે છે અહીં 'ઉપકાર' શબ્દનો અર્થ કાંઈક વિશેષપરિણામ કરે તે બધાય લેવા.**

જુઓ, આ ઉપકાર !! મોહભાવ થાય તેમાં પણ પુદ્‌ગલનો ઉપકાર !! પુદ્‌ગલકર્મ મોહમાં નિમિત્ત છે. મોહભાવ કરીને જીવને સંસારમાં રખડવામાં કર્મનો આશ્રય છે, તેથી કર્મે તેના ઉપર ઉપકાર કર્યો ! જે જીવને સંસારમાં રખડવું છે, તેને રખડવામાં પુદ્‌ગલકર્મ નિમિત્ત થાય છે, માટે પુદ્‌ગલે તેના ઉપર ઉપકાર કર્યો ! આ તો બધા વ્યવહારના કથન છે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર ઉપકાર કરે એવાં જેટલાં કથન છે તે બધાં વ્યવહારનાં કથન છે. વ્યવહારનય એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે મેળવીને કથન કરે છે. પણ તેવા જ શ્રદ્ધાનથી તો મિથ્યાત્વ થાય છે. કર્મ જીવને રખડાવે, એવું કથન તે પણ વ્યવહારથી છે. અહીં તો પુદ્‌ગલની ઓળખાણ આપવા માટેનું આ કથન છે. જીવના એકરૂપ સ્વભાવપરિણામ ન રહે ને રાગ-દ્વેષ-મોહ વગેરે વિશેષ પરિણામો થાય તેમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે, તેથી તે નિમિત્તપણું ઓળખાવવા અહીં એમ કહ્યું કે જીવના રાગ-દ્વેષ-મોહ વગેરે અનેક પ્રકારના પરિણામોને પુદ્‌ગલ કરે છે – એવો તેનો ઉપકાર છે. ઉપકાર એટલે જીવને વિકાર થવામાં નિમિત્ત.

જીવને સુખ–દુઃખની કલ્પના થાય તેમાં પુદ્‌ગલનો ઉપકાર છે. જીવન–મરણ, હર્ષ–શોક એ બધા ભાવોમાં પુદ્‌ગલ નિમિત્ત છે. આયુષ્ય હોય ત્યાં સુધી જીવન રહે, ને આયુષ્ય ખૂટતાં મરણ થાય, એ રીતે જીવન–મરણ વગેરેમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. જીવનો આખો સંસાર પુદ્‌ગલના નિમિત્તથી છે, સંસારી જીવને ઘણા પ્રકારના પરિણામ છે તેમાં પુદ્‌ગલદ્રવ્ય

નિમિત્ત છે. એ પ્રમાણે બધાય વિકારી પરિણામોમાં પુદ્ગલદ્રવ્ય નિમિત્ત થાય છે – એવી તેની શક્તિ છે.

વળી એક જીવ પણ બીજા જીવને ઉપકાર કરે છે – એટલે કે નિમિત્ત થાય છે – એ વાત બતાવે છે.

ગાથા–૨૧૦

**આગળ 'જીવ પણ જીવને ઉપકાર કરે છે' એમ કહે છે :–**

**जीवाः अपि तु जीवानां उपकारं कुर्वन्ति सर्वप्रत्यक्षं।**
**तत्र अपि प्रधानहेतुः पुण्यं पापं च नियमेन।।२१०।।**

**અર્થ :– જીવ પણ (અન્ય) જીવોને પરસ્પર ઉપકાર કરે છે અને તે સર્વને પ્રત્યક્ષ જ છે. સરદાર ચાકરને–ચાકર સરદારને, આચાર્ય શિષ્યને–શિષ્ય આચાર્યને, માતપિતા પુત્રને–પુત્ર માતપિતાને મિત્ર મિત્રને–સ્ત્રી ભરથારને ઇત્યાદિ પ્રત્યક્ષ જોવામાં આવે છે, ત્યાં એ પરસ્પર ઉપકારમાં પુણ્ય–પાપકર્મ નિયમથી પ્રધાનકારણ છે.**

ગુરુ શિષ્ય ઉપર ઉપકાર કરે, એટલે કે શિષ્યને સમજવામાં ગુરુ નિમિત્ત છે – એમ જગતમાં પ્રત્યક્ષ જણાય છે. એક જીવે બીજા જીવને બચાવ્યો, એક જીવે બીજા ને માર્યો – એ બધાં કથન છે તે નિમિત્તપણું બતાવવા માટે છે. નિમિત્ત છે એટલું સિદ્ધ કરવું છે. નિમિત્તે ઉપકાર કર્યો એમ ક્યારે કહેવાયું ? કે નૈમિત્તિક પર્યાય થઈ ત્યારે. એટલે નૈમિત્તિક કાર્ય વખતે બીજું નિમિત્ત હોય છે – એમ સમજવું. પણ એક તત્ત્વનો બીજા તત્ત્વમાં અભાવ છે, તે કાંઈ કરે નહિ. શિષ્યને સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા થઈ, તે તેના સ્વકાળની પર્યાયથી થઈ છે, ત્યારે આચાર્યને નિમિત્ત કહેવાય છે. એ જ પ્રમાણે વૈયાવૃત્ત્ય વગેરેમાં શિષ્ય આચાર્યને નિમિત્ત છે. માતાપિતાએ પુત્ર ઉપર ઉપકાર કર્યો, મિત્રે મિત્ર ઉપર ઉપકાર કર્યો – આ બધું નિમિત્તનું કથન છે. જગતમાં નિમિત્ત છે, પણ નિમિત્તને લીધે કાર્ય થાય છે – એમ નથી. જગતમાં એક જીવ બીજા જીવને સુખ–દુઃખ વગેરેમાં નિમિત્ત થાય છે, પણ ક્યારે ?

કે સામા જીવને તેનો પુણ્ય–પાપની યોગ્યતાથી તેવો સંયોગ થાય છે ત્યારે બીજા જીવને તેમાં નિમિત્ત કહ્યું. સુખ-દુઃખ વગેરેમાં પુણ્ય-પાપ કર્મ તે પ્રધાન નિમિત્ત કારણ છે, અને ત્યાં જ માતાપિતા–શત્રુ–મિત્ર વગેરે જીવોને ઉપકારનું નિમિત્ત થાય છે. સામા જીવના પુણ્ય–પાપના ઉદય વિના કોઈ જીવ બીજાને નિમિત્ત થઈ શકે નહિ. સામા જીવને આહારાદિ મળવાના પુણ્યનો યોગ ન હોય તો કોઈ બીજો જીવ તેને આહારાદિ દેવામાં નિમિત્ત પણ થઈ શકે નહિ. માટે પુદ્ગલકર્મ તે પ્રધાનકારણ છે. અહીં નિમિત્ત તરીકે પ્રધાનકારણ કોણ છે તે ઓળખાવ્યું છે. પણ નિમિત્તની પ્રધાનતાથી જીવનું કાર્ય થયું એમ નથી. કાર્ય તો સર્વત્ર ઉપાદાનની પ્રધાનતાથી જ થાય છે. પણ તેનાં અનેક નિમિત્તોમાં પ્રધાન નિમિત્ત કોણ છે તે અહીં ઓળખાવ્યું છે. જીવને આહાર મળ્યો તેમાં પ્રધાન નિમિત્ત તેનાં પૂર્વનાં પુણ્યનો ઉદય છે. આમ કહીને પુદ્ગલમાં નિમિત્ત થવાની શક્તિ છે તે બતાવ્યું છે, પણ નિમિત્ત કોને થાય ? કે જેના ઉપાદાનમાં તેવી યોગ્યતા હોય તેને. ઉપાદાન વગર નિમિત્ત કોનું થાય ?

ગાથા–૨૧૧

**આગળ 'પુદ્ગલની પણ મોટી શક્તિ છે' એમ કહે છે :–**

**का अपि अपूर्वा दृश्यते पुद्गलद्रव्यस्य ईदृशी शक्तिः।**
**केवलज्ञानस्वभावः विनाशितः याति जीवस्य।।२११।।**

**અર્થ :– પુદ્ગલદ્રવ્યની પણ કોઈ એવી અપૂર્વ શક્તિ જોવામાં આવે છે કે જીવનો કેવલજ્ઞાન સ્વભાવ છે તે પણ જે શક્તિથી વિણશી જાય છે.**

**ભાવાર્થ :– જીવની અનંત શક્તિ છે તેમાં કેવલજ્ઞાન શક્તિ એવી છે કે જેની વ્યક્તિ (પ્રકાશ–પ્રગટતા) થતાં સર્વ પદાર્થોને તે એક કાળમાં જાણે છે. એવી વ્યક્તિ (પ્રગટતા)ને પુદ્ગલ નષ્ટ કરે છે – પ્રગટ થવા દેતું નથી. એ અપૂર્વ શક્તિ છે. એ પ્રમાણે પુદ્ગલદ્રવ્યનું નિરૂપણ કર્યું.**

અહીં જીવનો ઉત્કૃષ્ટ સ્વભાવ કેવળજ્ઞાન છે. તે જ્યારે પોતાની લાયકાતથી અવરાય છે. ત્યારે તે કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત થાય એવી ઉત્કૃષ્ટશક્તિ પુદ્ગલદ્રવ્યમાં છે. પુદ્ગલદ્રવ્યે જીવની કેવળજ્ઞાશક્તિનો ઘાત કર્યો – એમ વ્યવહારનું કથન છે. પણ ખરેખર તેમ નથી, જીવના પોતાના અપરાધથી પોતાનું કેવળજ્ઞાન અટક્યું છે, ને પુદ્ગલમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી શક્તિ છે કે જીવના કેવળજ્ઞાનને આવરવામાં તે નિમિત્ત થાય. આ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં એવી શક્તિ નથી કે કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત થાય. જીવે પોતે પોતાના છ કારકોથી જ્ઞાનની પર્યાયને હીણી કરી છે, તેથી કેવળજ્ઞાન અવરાયું છે. આ યથાર્થ વસ્તુસ્થિતિ છે. અને તે વખતે સામે પુદ્ગલમાં કેવળજ્ઞાનને આવરવામાં નિમિત્ત થાય એવું ઉત્કૃષ્ટ પરિણમન છે. તે તેનું સ્વતંત્ર પરિણમન છે, ત્યાં તે કેવળજ્ઞાનાવરણીય કર્મે જીવના કેવળજ્ઞાનનો ઘાત કર્યો – એમ કહેવું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારકથન છે. જીવનું ઉત્કૃષ્ટ પરિણમન થતાં કેવળજ્ઞાન થાય – એવી જીવની ઉત્તમ શક્તિ છે, ને કેવળજ્ઞાન ન થવામાં નિમિત્ત થાય એવી ઉત્કૃષ્ટશક્તિ પુદ્ગલની છે. આમ કહીને જીવ અને પુદ્ગલ બંનેના સ્વભાવનું જ્ઞાન કરાવ્યું છે.

## જેઠ વદ ૪, બુધવાર, ૧૧-૬-૫૨

લોકમાં રહેલાં છ દ્રવ્યોનું વર્ણન કરે છે. તેમાં જીવનું વર્ણન કર્યું. હવે પુદ્ગલનું વર્ણન કરતાં તેની શક્તિ બતાવે છે. જીવના કેવળજ્ઞાનને ઘાતવામાં નિમિત્ત થાય એવી તેની શક્તિ છે, પણ કર્મ જીવના ગુણને ઘાતે છે – એવો તેનો અર્થ નથી. જીવના પોતાના અપરાધથી જ્ઞાનનો ઘાત થાય છે ત્યારે તેમાં નિમિત્ત થવાની તાકાત પુદ્ગલમાં છે.

એક જીવ બીજા જીવને ઉપકાર કરે છે, તેમાં પૂર્વનાં પુણ્ય નિમિત્ત છે. બહારનાં અનુકૂળ

સાધન પુણ્ય વિના મળે નહિ, પુત્રની સેવા માતાપિતા કરે છે તો તેમાં માતાપિતાએ ઉપકાર કર્યો એમ કહેવાય. પણ ત્યાં પ્રધાન નિમિત્ત તો પુત્રનાં પુણ્ય છે. એ જ પ્રમાણે ગુરુ–શિષ્યમાં, સરદાર–ચાકરમાં પણ પૂર્વનાં પુણ્ય તે મુખ્ય નિમિત્ત છે. અહીં પુણ્યને મુખ્ય નિમિત્ત કહ્યું તે બહારના બીજા જીવોની અપેક્ષાએ તેની પ્રધાનતા બતાવવા કહ્યું છે, પણ ઉપાદાન કરતાં તેની પ્રધાનતા છે – એમ નથી કહેવું. કાર્ય તો ઉપાદાનથી જ થાય છે, એટલે ઉપાદાન તે જ પ્રધાનહેતુ છે પણ તે વખતે નિમિત્તમાં પ્રધાન નિમિત્ત શું છે તે બતાવવા માટે પૂર્વકર્મને પ્રધાન નિમિત્ત કહ્યું છે – એમ સમજવું. એ તો જીવની વાત કરી.

હવે પુદ્‌ગલદ્રવ્યમાં પણ એવી શક્તિ છે કે જીવ પોતાનું કેવળજ્ઞાન પ્રગટ નથી કરતો ત્યારે તેને કેવળજ્ઞાન ન થવામાં તે નિમિત્ત થાય છે. નિમિત્ત તરીકે પુદ્‌ગલનું ઉત્કૃષ્ટ પરિણમન કેવું છે તે અહીં બતાવવું છે, પણ કાંઈ કર્મના કારણે જીવની દશા હીણી થાય છે. એમ નથી. દરેક વસ્તુ પોતાની કાળાદિલબ્ધિ સહિત જ છે – પદાર્થ પોતાની કાળાદિલબ્ધિથી પરિણમન કરે છે, તેને રોકવા કોઈ સમર્થ નથી. ને કોઈ બીજો તેના પરિણમનને કરતો નથી.

ગાથા–૨૧૨

**હવે ધર્મ અને અધર્મદ્રવ્યનું સ્વરૂપ કહે છે :–**

**धर्म्मं अधर्म्मं द्रव्य गमनस्थानयोः कारणं क्रमशः।**
**जीवानां पुद्गलानां द्वे अपि लोकप्रमाणे।।२१२।।**

**અર્થ :– જીવ અને પુદ્‌ગલ એ બંને દ્રવ્યોને જે અનુક્રમથી ગમન અને સ્થિતિનાં સહકારીકારણ છે તે ધર્મ અને અધર્મદ્રવ્ય છે. અને તે બંને જ લોકાકાશપ્રમાણ પ્રદેશને ધારણ કરે છે.**

**ભાવાર્થ :– જીવ–પુદ્‌ગલોને ગમનમાં સહકારીકારણ તો ધર્મદ્રવ્ય છે તથા સ્થિતિમાં સહકારીકારણ અધર્મદ્રવ્ય છે. અને તે બંને લોકાકાશપ્રમાણ છે.**

ગાથા–૨૧૩

આગળ આકાશદ્રવ્યનું સ્વરૂપ કહે છે :–

सकलानां द्रव्याणं यत् दातुं शक्नोति हि अवकाशं।
तत् आकाशं द्विविधं लोकालोकयोः भेदेन।।२१३।।

અર્થ :– જે સમસ્ત દ્રવ્યોને અવકાશ આપવામાં સમર્થ છે તે આકાશદ્રવ્ય છે અને તે લોક તથા અલોકના ભેદથી બે પ્રકારનું છે.

ભાવાર્થ :– જેમાં સર્વ દ્રવ્યો રહે એવા અવગાહનગુણને જે ધારે છે તે આકાશદ્રવ્ય છે, જેમાં પાંચ દ્રવ્યો રહે છે તે તો લોકાકાશ છે તથા જેમાં (આકાશ સિવાય બીજાં) અન્ય દ્રવ્યો નથી તે અલોકાકાશ છે, એ પ્રમાણે આકાશદ્રવ્યના બે ભેદ છે.

ગાથા–૨૧૪

આગળ 'આકાશમાં જેમ સર્વ દ્રવ્યોને અવગાહ આપવાની શક્તિ છે તેવી અવગાહ આપવાની શક્તિ બધાંય દ્રવ્યોમાં છે' એમ કહે છે :–

सर्वेषां द्रव्याणां अवगाहनशक्तिः अस्ति परमार्थतः।
यथा भस्मपानीययोः जीवप्रदेशानां जानीहि बहुकानां।।२१४।।

અર્થ :– બધાંય દ્રવ્યોમાં પરસ્પર અવગાહ આપવાની શક્તિ છે એમ નિશ્ચયથી તમે જાણો. જેમ ભસ્મ અને જલમાં (પરસ્પર) અવગાહનશક્તિ છે તેમ જીવના અસંખ્યાતપ્રદેશોને પણ જાણો.

ભાવાર્થ :– જેમ પાત્રમાં જલ ભરી તેમાં ભસ્મ નાખીએ તો તે તેમાં સમાય છે, વળી તેમાં સાકર નાખીએ તો તે પણ તેમાં સમાય છે, અને તેમાં સોય ચોંપીએ તો તે પણ તેમાં સમાય છે એમ અવગાહનશક્તિ સમજવી. અહીં કોઈ પ્રશ્ન કરે કે – બધાય દ્રવ્યોમાં અવગાહનશક્તિ છે તો એ (અવગાહશક્તિ) આકાશનો અસાધારણ ધર્મ કેવી રીતે ઠર્યો ? તેનું સમાધાન – જોકે પરસ્પર અવગાહ તો બધાંય દ્રવ્યો આપે છે તથાપિ આકાશદ્રવ્ય

**સર્વથી મોટું છે તેથી તેમાં બધાંય દ્રવ્યો સમાય છે એજ તેની અસાધારણતા છે.**

એકબીજાને પરસ્પર અવગાહન આપે એવી સામાન્ય અવગાહન શક્તિ બધાંય દ્રવ્યોમાં છે. જો બધાં દ્રવ્યોમાં પરસ્પર અવગાહન આપવાની શક્તિ ન હોય તો એક ક્ષેત્રે છએ દ્રવ્યો કેમ રહી શકે ? પણ આકાશમાં એવી વિશેષ અવગાહનશક્તિ છે કે એક સાથે બધાંય દ્રવ્યોને અવગાહન આપે છે. બધાં દ્રવ્યોને એક સાથે અવગાહન આપે એવો સ્વભાવ તો આકાશનો જ છે. ધર્માસ્તિકાય તો ગતિનું કારણ છે. પણ તે બધાં દ્રવ્યોને અવગાહન આપે એવો તેનો સ્વભાવ નથી. જેમ જ્યાં ભસ્મ અને પાણી એકબીજાને જગ્યા આપે છે, ભસ્મ ભરી હોય તેમાં પાણી નાખો તો સમાય; તેમ જીવના અસંખ્યપ્રદેશો છે ત્યાં બીજો જીવ રહી શકે છે, બીજા પરમાણુ, કાળ વગેરે પણ રહી શકે છે. એ રીતે બધાં દ્રવ્યોમાં એવો અવગાહન સ્વભાવ છે કે એક ક્ષેત્રે રહેવામાં કોઈ કોઈને નડતર કરતું નથી. આકાશ તો બધાં દ્રવ્યોને જગ્યા આપે જ છે. પણ તે ઉપરાંત બીજાં દ્રવ્યો પણ પરસ્પર અવગાહ આપે છે.

ભાવાર્થ :– જેમ પાત્રમાં જલ ભરી તેમાં ભસ્મ નાખીએ તો તે તેમાં સમાય છે, વળી તેમાં સાકર નાખીએ તો તે પણ તેમાં સમાય છે, અને તેમાં સોય ચોંપીએ તો તે પણ તેમાં સમાય છે એમ અવગાહનશક્તિ સમજવી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે – બધાંય દ્રવ્યોમાં અવગાહનશક્તિ છે તો એ (અવગાહનશક્તિ) આકાશનો અસાધારણ ધર્મ કેવી રીતે ઠર્યો ? તેનું સમાધાન :– જો કે પરસ્પર અવગાહ તો બધાંય દ્રવ્યો આપે છે તથાપિ આકાશદ્રવ્ય સર્વથા મોટું છે તેથી તેમાં બધાંય દ્રવ્યો સમાય છે એ જ તેની અસાધરણતા છે.

ગાથા–૨૧૫

**यदि न भवति सा शक्तिः स्वभावभूता हि सर्वद्रव्याणां।**
**एकैकाशप्रदेशे कथं तानि सर्वाणि वर्तन्ते।।२१५।।**

**અર્થ :– જો સર્વ દ્રવ્યોને સ્વભાવભૂત અવગાહનશક્તિ ન હોય તો એક એક આકાશના પ્રદેશમાં સર્વ દ્રવ્ય કેવી રીતે વર્તે ?**

**ભાવાર્થ :– એક આકાશપ્રદેશમાં પુદ્‌ગલનાં અનંત પરમાણુ દ્રવ્યો, એક જીવના પ્રદેશ, એક ધર્મદ્રવ્યનો પ્રદેશ, એક અધર્મદ્રવ્યનો પ્રદેશ અને એક કાલાણુદ્રવ્ય એ પ્રમાણે સર્વ રહે છે. હવે એ આકાશનો પ્રદેશ એક પુદ્‌ગલપરમાણુ બરાબર છે. જો અવગાહનશક્તિ ન હોય તો (એ પ્રમાણે) શી રીતે રહે ?**

જુઓ, સર્વજ્ઞ સિવાય બીજે આવી વાત હોઈ શકે નહિ.

આકાશનો એવો વિશેષ અવગાહન સ્વભાવ છે કે જગતના બધા પદાર્થોને એક સાથે જ અવગાહન આપે છે અને બીજા દ્રવ્યો પણ પરસ્પર અવગાહન આપે છે. આકાશના એક જ પ્રદેશે અનંતા જીવોના અનંત–અસંખ્યપ્રદેશો રહેલા છે એટલે એક આકાશ પ્રદેશમાં અનંતા પ્રદેશો જુદા જુદા જીવના રહેલા છે. જગતનો કોઈ પ્રદેશ એવો નથી કે જ્યાં બધા જીવના થઈને અનંતા પ્રદેશો ન હોય. એક જીવના તો અસંખ્યપ્રદેશો જ છે અને આકાશના એક પ્રદેશે તેનો અસંખ્યાતમો ભાગ રહેલો છે. એક આકાશ પ્રદેશે એક જીવના અસંખ્યપ્રદેશો રહે, તો અનંત જીવના કેટલા રહે ? કે અસંખ્યાતથી પણ અનંતગુણા પ્રદેશો રહેલા છે.

જુઓ, એક જીવના પ્રદેશ લોકપ્રમાણ અસંખ્યાત છે. કેવળીભગવાન જ્યારે લોકપૂરણ સમુદ્‌ઘાત કરે ત્યારે આકાશના એકપ્રદેશે તે જીવનો એક પ્રદેશ રહે છે, હવે કોઈ જીવ જો અડધો લોક રોકે તો આકાશના એક પ્રદેશે તેના બે પ્રદેશો રહે. એ પ્રમાણે ગણતરી કરતાં લોકના અસંખ્યાતમા ભાગમાં જીવ રહે ત્યારે એક પ્રદેશે જીવના અસંખ્ય પ્રદેશો રહે છે, તે એક જીવના અસંખ્ય, એવા અનંતા જીવોના દરેકના અસંખ્યપ્રદેશો એક જ આકાશપ્રદેશે રહેલા છે, એટલે એક આકાશ પ્રદેશમાં બધા જીવના થઈને અનંત પ્રદેશો રહેલા છે.

એક જીવના બધા પ્રદેશો આકાશના એક પ્રદેશમાં ન રહી શકે. ઓછામાં ઓછા અસંખ્યપ્રદેશ તો જીવ રોકે જ. પણ જુદા જુદા જીવના મળીને અનંત પ્રદેશો એક આકાશપ્રદેશમાં રહે છે.

એક આકાશપ્રદેશમાં જીવોના અનંત પ્રદેશો, પરમાણુઓ અનંત, એક કાળાણુ, એક ધર્માસ્તિકાયનો પ્રદેશ ને એક અધર્માસ્તિકાયનો પ્રદેશ, – એ પ્રમાણે લોકમાં એકેક પ્રદેશે

છયે દ્રવ્યો રહેલાં છે એવી દરેક દ્રવ્યની પણ પરસ્પર અવગાહન શક્તિ છે. આવો લોકનો સ્વભાવ છે ને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે.

ગાથા–૨૧૬

**આગળ કાલદ્રવ્યનું સ્વરૂપ કહે છે :–**

**सर्वेषां द्रव्याणां परिणामं यः करोति सः कालः।**
**एकैकाकाशप्रदेशे वर्तते एकैकः च एव।।२१६।।**

**અર્થ :– જે સર્વ દ્રવ્યોને પરિણામ કરે છે તે કાલદ્રવ્ય છે અને તે એક એક આકાશના પ્રદેશમાં એક એક કાલાણુદ્રવ્ય વર્તે છે.**

**ભાવાર્થ :– સર્વ દ્રવ્યોને સમય સમય પર્યાય ઊપજે છે અને વિણશે છે, એવા પરિણમનને નિમિત્તમાત્ર કાલદ્રવ્ય છે. લોકાકાશના એક એક પ્રદેશમાં એક એક કાલાણુ રહે છે અને તે નિશ્ચયકાલ છે.**

સ્વદ્રવ્યના પરિણામને પરદ્રવ્ય કરે એમ કહેવું તે વ્યવહારનું કથન છે. કાળને સિદ્ધ કરવા માટે અહીં એમ કહ્યું છે કે કાળદ્રવ્ય સર્વ દ્રવ્યોને પરિણામ કરે છે, કેમકે બધાં દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત થવાની તાકાત કાળદ્રવ્યમાં જ છે. પણ પરિણમવાનો સ્વભાવ કોનો ? પરિણમવાનો સ્વભાવ તો સર્વ દ્રવ્યોનો પોતાનો જ છે. સિદ્ધ ભગવંતો પણ પોતપોતાના પરિણમન સ્વભાવથી જ પરિણમે છે, કાંઈ કાળને આધીન થઈને તેમને પરાણે પરિણમવું પડતું નથી.

ભાવાર્થ :– સર્વ દ્રવ્યોને સમય સમય પર્યાય ઊપજે છે અને વિણશે છે, એવા પરિણમનને નિમિત્તમાત્ર કાલદ્રવ્ય છે. લોકાકાશના એક એક પ્રદેશમાં એક એક કાલાણુ રહે છે અને તે નિશ્ચયકાલ છે

આગળ કહે છે કે – પરિણમવાની શક્તિ તો સ્વભાવભૂત સર્વ દ્રવ્યોમાં છે અને ત્યાં અન્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે

ગાથા–૨૧૭

**આગળ કહે છે કે – પરિણમવાની શક્તિ તો સ્વભાવભૂત સર્વ દ્રવ્યોમાં છે અને ત્યાં અન્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે :–**

**निजनिजपरिणामान् निजनिजद्रव्यं अपि कारणं भवति।**
**अन्यत् बाह्यद्रव्यं निमित्तमात्रं विजानीत।।२१७।।**

**અર્થ :– સર્વ દ્રવ્યો, પોતપોતાના પરિણામોનાં ઉપાદાનકારણ છે અને અન્ય બાહ્યદ્રવ્ય છે તે અન્યને નિમિત્તમાત્ર જાણો.**

**ભાવાર્થ :– જેમ ઘટ આદિને માટી ઉપાદાનકારણ છે અને ચાક–દંડાદિ નિમિત્તકારણ છે તેમ સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણામનાં ઉપાદાનકારણ છે અને કાલદ્રવ્ય નિમિત્તકારણ છે.**

અહો ! સ્વભાવભૂત પરિણમન શક્તિ છે. તેને બદલે અજ્ઞાની જીવો પરાધીનપણું શોધે છે. સિદ્ધથી માંડીને નિગોદના બધા જીવો, તેમ જ પરમાણુ વગેરે બધાં દ્રવ્યો પોતપોતાની સ્વભાવશક્તિથી જ પરિણમે છે. પોતાના પરિણામોનું ઉપાદાનકારણ પોતે જ છે. કાળને લીધે કોઈને પરિણમવું પડતું નથી. અન્ય બાહ્યદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે તેમાં બધાં દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત થવાનો સ્વભાવ કાળદ્રવ્યમાં છે.

ભાવાર્થ :– જેમ ઘટ આદિને માટી ઉપાદાનકારણ છે અને ચાક–દંડાદિ નિમિત્તકારણ છે તેમ સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણામનાં ઉપાદાનકારણ છે અને કાલદ્રવ્ય નિમિત્તકારણ છે

ઘડો માટીના પરિણામથી જ થાય છે. બાહ્ય દ્રવ્યો તો નિમિત્તમાત્ર છે, તેમ બધાં દ્રવ્યોનાં પરિણામ પોતાના સ્વભાવથી જ થાય છે. બીજું દ્રવ્ય તેનું કર્તા નથી, બાહ્ય દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે.

આગળ કહે છે કે – બધાં દ્રવ્યોને પરસ્પર ઉપકાર છે તે સહકારીકારણભાવથી છે

ગાથા–૨૧૮

**આગળ કહે છે કે – બધાં દ્રવ્યોને પરસ્પર ઉપકાર છે તે સહકારીકારણભાવથી છે :–**

**सर्वेषां द्रव्याणं यः उपकारः भवति अन्योन्यं।**
**सः च एव कारणभावः भवति स्फुटं सहकारिभावेन।।२१८।।**

**અર્થ :– બધાંય દ્રવ્યોને જે પરસ્પર ઉપકાર છે તે સહકારીભાવથી કારણભાવ થાય છે અને તે પ્રગટ છે.**

બીજું દ્રવ્ય નિમિત્ત તરીકે ઉપસ્થિત હોય છે પણ ઉપાદાનની શક્તિથી કાર્ય થાય છે. બનારસીદાસજીએ પણ કહ્યું છે કે :–

'उपादान निजगुण जहाँ, तहाँ निमित्त पर होय'

જ્યાં ઉપાદાન હોય ત્યાં નિમિત્ત તરીકે પરવસ્તુ હોય છે. છતાં પરિણામ તો દ્રવ્યની પોતપોતાની પરિણમનશક્તિથી જ થાય છે. એ વાત કહે છે.

ગાથા–૨૧૯

**આગળ દ્રવ્યોમાં સ્વભાવભૂત નાના (પ્રકારની) શક્તિ છે તેને કોણ નિષેધી શકે છે ? તે કહે છે :–**

**कालादिलब्धियुक्ताः नानाशक्तिभिः संयुताः अर्थाः।**
**परिणममानाः हि स्वयं न शक्यते कः अपि वारयितुं।।२१९।।**

**અર્થ :– બધાય પદાર્થો કાલાદિ લબ્ધિ સહિત થતાં નાના શક્તિયુક્ત છે તેમ જ સ્વયં પરિણમે છે તેને તેમ પરિણમતાં કોઈ અટકાવવા સમર્થ નથી.**

**ભાવાર્થ :– સર્વ દ્રવ્યો, પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાલસામગ્રીને પામી પોતે જ ભાવરૂપ પરિણમે છે તેને કોઈ અટકાવી શકતું નથી.**

જીવ જીવના સ્વભાવપણે રહીને પોતાની શક્તિથી જ સ્વકાળલબ્ધિથી પરિણમે છે. જીવ કાંઈ પુદ્‌ગલરૂપે પરિણમી જતો નથી, પુદ્‌ગલ કાંઈ જીવપણે થઈ જતો નથી. બધાં દ્રવ્યો પોતપોતાના સ્વભાવે જ પરિણમે છે. જીવ જીવપણે પરિણમે છે, પુદ્‌ગલ પુદ્‌ગલપણે પરિણમે છે. છએ દ્રવ્યો પોતપોતાની સ્વકાળલબ્ધિથી જ પરિણમે છે. કેવળજ્ઞાન રોકાયું તે જીવની પોતાની કાળલબ્ધિથી રોકાયું છે, કેવળજ્ઞાનાવરણ કર્મે રોકયું તે તો કથનમાત્ર છે. સ્વકાળલબ્ધિથી સ્વયં પરિણમતાં છએ દ્રવ્યોને અટકાવવા કોઈ સમર્થ નથી. કોઈ દ્રવ્ય પરને લીધે પરિણમતું નથી, પણ પોતાનો સ્વભાવ અને પોતાના સ્વકાળની લબ્ધિ પામીને જ સ્વયં પરિણમે છે. કેવળીની સભામાં ગયો ત્યાં પણ જીવ પોતાની કાળાદિલબ્ધિથી યુક્ત થઈને જ પરિણમે છે, કેવળી તેને પરિણમાવતા નથી. નિગોદનો જીવ પોતાની કાળાદિલબ્ધિથી જ નિગોદમાં રહ્યો છે, કર્મે તેને ત્યાં રોક્યો નથી. તેમ જ નિગોદમાંથી નીકળીને સ્વકાળાદિલબ્ધિથી મનુષ્ય થાય – તો કાંઈ કર્મ તેને પરિણમતાં અટકાવતું નથી, દરેક દ્રવ્યની સમય સમયની પર્યાય સ્વતંત્ર છે, તો હું શું કરું પરને ? ને પર શું કરે મને ? એટલે જ્ઞાતાદષ્ટા સ્વભાવની શ્રદ્ધા કરીને વીતરાગભાવે રહેવું તેનું નામ ધર્મ છે. જગતના પદાર્થો જેમ પરિણમે તેમ તેને જાણવાનો જીવનો સ્વભાવ છે, પણ તેને પરિણમતાં અટકાવવા કોઈ સમર્થ નથી. કેવળી ભગવંતો પોતાની પૂર્ણતા કરીને ચાલ્યા ગયા પણ બીજા જીવોનું તો કેવળી પણ કરી શક્યા નથી. સ્વયં જીવો પરિણમે તેમાં બીજો શું કરે ? 'अर्थाः परिणममानाः हि स्वयं, न शक्यते कः अपि वारयितुं' – પોતાની શક્તિથી સ્વયં પરિણમતાં દ્રવ્યોને રોકવા કોઈ સમર્થ નથી. જુઓ, પહેલાં કહ્યું હતું કે પુદ્‌ગલદ્રવ્ય જીવના કેવળજ્ઞાનનો ઘાત કરે છે, ને અહીં કહ્યું કે બધાંય દ્રવ્યો પોતાની સ્વકાળલબ્ધિથી જ પરિણમે છે – તો શું તે બે કથનમાં વિરોધ છે ? ના, વિરોધ નથી, પણ પહેલું કથન તો પુદ્‌ગલનું સ્વરૂપ બતાવવા માટે નિમિત્તના ઉપચારથી કહ્યું હતું, ને આ કથન યથાર્થ છે. જીવ પોતાની શક્તિથી જ જ્ઞાનની હીનતાપણે પરિણમે છે. કાળાણુ, ધર્માસ્તિકાય વગેરે બધાંય દ્રવ્યોમાં પોતપોતાની કાળાદિલબ્ધિઓ છે. એકલા જીવમાં જ કાળાદિલબ્ધિ છે – એમ નથી. છએ દ્રવ્યો પોતપોતાની કાળાદિલબ્ધિથી જ પરિણમી રહ્યાં છે. બીજું દ્રવ્ય નિમિત્ત હો ભલે, પણ પદાર્થો તો પોતપોતાના પરિણામરૂપ સ્વદ્રવ્ય-ક્ષેત્રે–કાળની સામગ્રી અનુસાર જ પરિણમે છે, તેને કોઈ અટકાવતું નથી. હું તો જ્ઞાતા ચિદાનંદ છું, જગતના પદાર્થો તેની પર્યાયની કાળાદિલબ્ધિથી પરિણમી રહ્યા છે, તેનો હું જ્ઞાતા છું – આવી પ્રતીતિ કરવી તે ધર્મ છે. આ મિથ્યા નિયતવાદ નથી, પણ વસ્તુસ્વરૂપનો યથાર્થ

નિર્ણય છે. ગોમ્મટસારમાં મિથ્યાદષ્ટિના નિયતવાદનું વર્ણન કર્યું છે, તે જુદી વાત છે. ત્યાં તો તે જીવ સર્વજ્ઞની પ્રતીતિ કર્યા વગર નિયતને માને છે, તેથી તેનું નિયત મિથ્યા છે. ને આ 'સ્વામી કાત્તિકેયાનુપ્રેક્ષા'માં આગળ ૩૨૧--૩૨૨મી ગાથામાં કહેશે કે :–

'જે જીવને, જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જન્મ–મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર – તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી. – એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે.'

જુઓ, આ સમ્યગ્દષ્ટિની વાત છે, સર્વજ્ઞના નિર્ણય સહિત, ને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ સહિત સમ્યગ્દષ્ટિ જીવ આવું વસ્તુસ્વરૂપ વિચારે છે, તે મિથ્યાનિયતવાદ નથી, પણ યથાર્થ વસ્તુસ્થિતિ છે.

ભાવાર્થ :– સર્વ દ્રવ્યો, પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાલસામગ્રીને પામી પોતે જ ભાવરૂપ પરિણમે છે તેને કોઈ અટકાવી શકતું નથી.

# પ્રસાદ નં. – ૨૩૩

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૧૨, વર્ષ ૨જાું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૧૯-૬-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૫, ગુરુવાર, ૧૨-૬-૫૨ સવાર)**

લોકમાં બધાં દ્રવ્યો પોતાના સ્વકાળથી પરિણમી રહ્યાં છે, જગતમાં દરેક આત્માને દરેક પરમાણુ વગેરે પદાર્થો પોતાની કાળાદિલબ્ધિને પામીને સ્વયં પરિણમી રહ્યા છે, ને ત્યાં નિમિત્ત તરીકે યોગ્ય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ હોય છે, પણ પદાર્થ પોતાની શક્તિથી જ પરિણમે છે. જે કાળે જે દ્રવ્યની જે પર્યાય થાય છે તેને અટકાવવા કે ફેરવવા કોઈ સમર્થ નથી, વીતરાગભાવે જાણનાર રહેવાનું આત્માનું સ્વરૂપ છે. તીર્થંકર–ઇન્દ્ર–નરેન્દ્ર કોઈ બીજાની પર્યાયને ફેરવવા સમર્થ નથી.

ગાથા–૨૨૦

**આગળ વ્યવહારકાલનું નિરૂપણ કરે છે :–**

**जीवानां पुद्‌गलानां ये सूक्ष्माः बादराः च पर्यायाः।**
**अतीतानागतभूताः सः व्यवहारः भवेत् कालः।।२२०।।**

**અર્થ :– જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના સૂક્ષ્મ તથા બાદર પર્યાય છે તે અતીત (ભૂતકાળના) થયા, અનાગત અર્થાત્ આગામી થશે તથા જે વર્તમાન છે, એ પ્રમાણે વ્યવહારકાલ હોય છે.**

**ભાવાર્થ :– જે જીવ–પુદ્‌ગલના સ્થૂલ–સૂક્ષ્મ પર્યાય છે તે ભૂતકાલના થઈ ગયા તેને અતીત નામથી કહ્યા, ભવિષ્યકાલના થશે તેને અનાગત નામથી કહ્યા તથા જે વર્તે છે તેને વર્તમાન નામથી કહ્યા. તેને જેટલી વાર લાગે છે તેને જ વ્યવહારકાલ નામથી કહીએ છીએ. હવે જઘન્યપણે તો પર્યાયની સ્થિતિ એક સમય માત્ર છે અને મધ્યમ–ઉત્કૃષ્ટના અનેક પ્રકાર છે. ત્યાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી પુદ્‌ગલનો પરમાણુ મંદગતિએ જાય તેટલા કાલને એક સમય કહે છે. એ પ્રમાણે જઘન્યયુક્તાસંખ્યાતસમયને એક આવલી કહે છે, સંખ્યાત આવલીના સમુહને એક ઉશ્વાસ કહે છે, સાત ઉશ્વાસનો એક સ્તોક કહે છે, સાત સ્તોકનો એક લવ કહે છે, સાડા અડત્રીસ લવની એક ઘડી કહે છે, બે ઘડીનું એક મુહૂર્ત કહે છે, ત્રીસ મુહૂર્તનો એક રાત્રીદિવસ કહે છે, પંદર રાત્રીદિવસનું એક પક્ષ કહે છે, બે પક્ષનો એક માસ કહે છે, બે માસની એક ઋતુ કહે છે, ત્રણ ઋતુનું એક અયન કહે છે અને બે અયનનું એક વર્ષ કહે છે, ઇત્યાદિ પલ્ય–સાગર–કલ્પ આદિ વ્યવહારકાળના અનેક પ્રકાર છે.**

જીવ–પુદ્‌ગલ સિવાયનાં ચાર દ્રવ્યોની પર્યાય તો ત્રિકાળ એકસરખી થયા કરે છે, જીવ–પુદ્‌ગલની સૂક્ષ્મ તથા બાદર પર્યાય છે. વ્યંજનપર્યાય સ્થૂળપણે ઘણા કાળ સુધી એવી ને એવી દેખાય છે તેનું નામ સ્થૂળપર્યાય છે, ને સમયે સમયે પર્યાયનું પરિણમન થાય છે તે સૂક્ષ્મપર્યાય છે. પદાર્થોમાં ભૂતકાળની પર્યાયો થઈ, વર્તમાનમાં છે ને ભવિષ્યમાં થશે – આમ કાળના ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર છે.

જે જીવ–પુદ્‌ગલના સ્થૂળ–સૂક્ષ્મ પર્યાય છે તે ભૂતકાળના થઈ ગયા તેને અતિત નામથી કહ્યા, ભવિષ્યકાળના થશે તેને અનાગત નામથી કહ્યા તથા જે વર્તે છે તેને વર્તમાન નામથી કહ્યાં. તેને જેટલી વાર લાગે છે તેને જ વ્યવહારકાળ નામથી કહીએ છીએ.

પર્યાયનો કાળ જઘન્યપણે તો એક સમયનો જ છે. એકને એક પર્યાય બે સમય ટકતી નથી. આખી દુનિયા એકેક સમયમાં પલટી રહી છે. વસ્તુપણે ધ્રુવ રહીને સમયે સમયે તેનામાં

ઉત્પાદ–વ્યય થયા જ કરે છે. તથા સામાન્યપણે સ્થૂળ પર્યાયની સ્થિતિના અનેક પ્રકાર છે. ચિત્ર છે તેની પર્યાય સમયે સમયે પલટે છે, પણ સ્થૂળપણે પાંચ વર્ષ–દસ વર્ષ વગેરે કાળ સુધી એવી ને એવી પર્યાય દેખાય છે તે અપેક્ષાએ પર્યાયની મધ્યમ તથા ઉત્કૃષ્ટ સ્થિતિ અનેક પ્રકારની કહેવામાં આવે છે. શાશ્વત જિનબિંબ વગેરે છે, તેમાં પણ સમયે સમયે પરિણમન તો થયા જ કરે છે. સૂર્ય-ચંદ્રના બિંબ શાશ્વત છે, પણ તેની પર્યાય સમયે સમયે પલટ્યા કરે છે. તથા તેમાં રહેલા પૃથ્વીના જીવો પણ ૨૨૦૦૦ વર્ષ કરતાં વધારે કાળ રહેતા નથી, તે જીવ પણ પલટી જાય છે.

આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશે પરમાણુ મંદગતિથી જાય તેને એક સમય કહેવાય છે.

| | | | |
|---|---|---|---|
| જઘન્યયુક્ત અસંખ્યાતસમયની | એક આવલી, | ત્રીસ મુહૂર્તનો | એક રાત્રિદિવસ, |
| સંખ્યાત આવલીનો | એક ઉશ્વાસ, | પંદર રાત્રિદિવસનું | એક પક્ષ |
| સાત ઉશ્વાસનો | એક સ્તોક, | બે પક્ષનો | એક માસ, |
| સાત સ્તોકનો | એક લવ, | બે માસની | એક ૠતુ, |
| સાડી આડત્રીસ લવની | એક ઘડી, | ત્રણ ૠતુનું | એક અયન |
| બે ઘડીનું | એક મુહૂર્ત, | બે અયનનું | એક વર્ષ |

ઇત્યાદિ પલ્ય–સાગર–કલ્પ વગેરે વ્યવહારકાળના અનેક ભેદો છે.

ગાથા–૨૨૧

**આગળ અતીત, અનાગત, વર્તમાન પર્યાયોની સંખ્યા કહે છે :–**

**तेषु अतीताः अनन्ताः अनन्तगुणिताः च भाविपर्यायाः।**
**एकः अपि वर्तमानः एतावन्मात्रः अपि सः कालः।।२२१।।**

**અર્થ :– તે દ્રવ્યોના પર્યાયોમાં અતીતપર્યાય અનંત છે, અનાગતપર્યાય તેનાથી અનંતગુણી**

૧ જુઓ આગળ ગાથા ૩૦૨ની ટીકા –

**છે તથા વર્તમાન પર્યાય એક જ છે.[1] એ જેટલા પર્યાય છે તેટલો જ તે વ્યવહારકાળ છે, એ પ્રમાણે દ્રવ્યોનું નિરુપણ કર્યું.**

દરેક દ્રવ્ય ત્રિકાળ છે. તેમાં ભૂતકાળમાં અનંતી પર્યાયો થઈ ગઈ. વર્તમાનમાં એક પર્યાય પ્રગટ વર્તે છે, તથા ભવિષ્યકાળની પર્યાયો ભૂતકાળ કરતાં અનંતગુણી છે. ભૂતકાળ પણ અનંતો છે ને ભવિષ્યકાળ પણ અનંતો છે. પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો છે. સંસાર અનાદિસાંત છે, તેનો જેટલો કાળ છે તેના કરતાં મોક્ષ પામનાર જીવને મોક્ષદશાનો કાળ અનંતગુણો અધિક છે. ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ એક સમય જ અધિક નથી પણ અનંતગુણો અધિક છે. અહીં તો બધાં દ્રવ્યોની વાત છે, પણ જીવમાં ઉતારીએ તો જીવની સંસારની પર્યાયમાં જેટલો કાળ વીત્યો તેના કરતાં મોક્ષર્યાયોનો કાળ અનંતગુણો છે. 'ગયા કાળની શરૂઆત નથી ને અંત છે, તેમ ભવિષ્યકાળની શરૂઆત છે પણ અંત નથી – માટે તે બંને સરખાં છે' – એમ કોઈ કહે તો તેની વાત ખોટી છે. અનંત અનંત પર્યાયો ભવિષ્યમાંથી ભૂતકાળમાં જશે છતાં પણ જ્યારે જુઓ ત્યારે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો જ રહેશે.

પર્યાય કરતાં દ્રવ્યનું સામર્થ્ય અનંતું છે, તેથી દ્રવ્યને આશ્રયે જે સિદ્ધદશા પ્રગટી તેનો કાળ સંસાર કરતાં અનંતગુણો છે. વર્તમાનપણે જોતાં સિદ્ધમાં અનંતુ સુખ છે, ને કાળ અપેક્ષાએ પણ સિદ્ધદશાનો કાળ સંસાર કરતાં અનંતગુણો છે. વિકારના અનુભવમાં જેટલો કાળ વીત્યો, તેના કરતાં સ્વભાવના અનુભવનો કાળ અનંત અનંત ગુણો અધિક છે. એટલે કે આત્મામાં વિકાર તો ક્ષણિક છે, અલ્પ છે, વિકાર કરતાં સ્વભાવ અનંત અનંત ગુણો છે. ભૂતકાળ કરતાં અનંતગુણી ભવિષ્યની પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં ભર્યું છે, તે ભવિષ્યનો કદી અંત આવશે નહિ, ને જ્યારે જુઓ ત્યારે ભૂત કરતાં તે અનંતગુણો જ રહેશે. 'ભૂતકાળ અને ભવિષ્યકાળ સરખા છે. પણ વર્તમાન એક સમયને ભવિષ્યમાં ભેળવીને કહેતાં ભવિષ્યકાળ એક સમય અધિક છે' – એમ કોઈ મત કહે છે, પણ તે વસ્તુસ્વરૂપને સમજ્યા નથી. જો ભવિષ્યકાળ એક સમય જ અધિક હોય, તો અનંત સમય વીતી જાય ત્યારે તો ભવિષ્યકાળ ઓછો થઈ જાય, ને ભૂતકાળ તેના કરતાં વધી જાય ! પણ એમ કદી બનતું નથી. જ્યારે જુઓ ત્યારે ભૂત કરતાં ભવિષ્યની પર્યાયો અનંતગુણી છે.

પર્યાય કરતાં દ્રવ્યનું સામર્થ્ય અનંતગુણું છે, અને સંસારના કાળ કરતાં મોક્ષપર્યાયોનો કાળ પણ અનંતગુણો છે. સંસાર કરતાં સિદ્ધદશા સામર્થ્યથી તો અનંતગુણી છે, પણ કાળથી ને સંખ્યાથી પણ અનંતગુણી છે. ભવિષ્યની અનંતી પર્યાય ભૂતકાળમાં ભળી જશે છતાં તે ભૂતકાળ કદી પણ ભવિષ્યકાળ કરતાં વધી નહિ જાય. પર્યાયબુદ્ધિવાળા જીવને આ વાત સમજાય તેવી નથી. અહો ! ભૂતકાળમાં જે અનંત પર્યાય વીતી, તેના કરતાં અનંત અનંતગુણી પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં પડ્યું છે – આમ સમજે તો દ્રવ્યસ્વભાવ તરફ વલણ થઈ જાય.

અજ્ઞાની જીવો જગતના જીવોમાં સમાનતા કરવા માગે છે. પણ ભાઈ ! જગતમાં પુણ્ય–પાપની વિચિત્રતા છે, ને તેનાં ફળમાં પણ વિચિત્રતા છે – તેમાં સમાનતા થાય નહિ.

(૧) સિદ્ધદશામાં બધા જીવો સરખા, ત્યાં પવિત્રતાથી સરખાપણું છે.

(૨) જુગલિયાંના જીવોમાં આયુષ્ય વગેરેમાં લગભગ સમાનતા છે, ત્યાં પુણ્ય સામગ્રીની લગભગ સમાનતા છે, પણ અંદરના પરિણામમાં તો તેમને પણ ફેર હોય છે. કોઈ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય, કોઈ મિથ્યાદૃષ્ટિ હોય.

(૩) નિગોદના જીવોમાં અનંતા જીવોને શરીરાદિની સમાનતા છે.

આ સિવાય જગતના મનુષ્યો વગેરેમાં સમાનતા થઈ શકે નહિ. કેમકે સંસારમાં બધા જીવોના પરિણામ એક સરખા હોતા નથી, દરેક જીવના પરિણામ ભિન્ન ભિન્ન છે, ને તેનો સંયોગ પણ ભિન્ન ભિન્ન છે.

અહીં તો વસ્તુસ્વરૂપની સૂક્ષ્મ વાત છે. ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની પર્યાયો અનંતગુણી છે. અનંતકાળ પછી જે જીવ સિદ્ધ થશે તે જીવને પણ સંસાર કરતાં સિદ્ધ દશા અનંતગુણી છે. અભવ્યજીવને પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની સંસાર પર્યાયો અનંતગુણી છે. દરેક પદાર્થને ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની પર્યાયોની સંખ્યા અનંતગુણી અધિક છે.

ગાથા–૨૨૨

**હવે દ્રવ્યોના કારણ–કાર્યભાવનું નિરૂપણ કરે છે :–**

**पूर्वपरिणामयुक्तं कारणभावेन वर्तते द्रव्यं।**
**उत्तरपरिणामयुक्तं तत् च एव कार्यं भवेत् नियमात्।।२२२।।**

**અર્થ :– નિયમથી પૂર્વપરિણામસહિત દ્રવ્ય છે તે કારણરૂપ છે તથા ઉત્તરપરિણામસહિત દ્રવ્ય છે તે કાર્યરૂપ છે.**

પરિણામ અને દ્રવ્ય સર્વથા એક નથી; પરિણામની સ્થિતિ એક સમયની છે, ને દ્રવ્યની સ્થિતિ ત્રિકાળ છે. જો તે સર્વથા અભેદ હોય તો પરિણામનો નાશ થતાં દ્રવ્યનો જ નાશ થઈ જશે. પૂર્ણ પરિણામસહિત દ્રવ્ય તે કારણ છે, ને તે બીજા પરિણામ થયા – તે કાર્ય છે. અજ્ઞાનપરિણામનો નાશ થઈને જ્ઞાન પરિણામ થયા – તો તેનું કારણ કોણ ? ગુરુ વગેરે તો નિમિત્ત છે. પૂર્વે અજ્ઞાનપર્યાયપણે પરિણમેલો આત્મા તે જ જ્ઞાનપરિણામનું કારણ છે. હજી તો આ પણ વ્યવહાર છે. પૂર્વ પરિણામને ઉત્તરપરિણામનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે.

ગાથા–૨૨૩

**આગળ વસ્તુના ત્રણ કાળમાં જ કાર્ય–કારણભાવનો નિશ્ચય કરે છે :–**

**कारणकार्य्यविशेषाः त्रिषु अपि कालेषु भवन्ति वस्तूनां।**
**एकैकस्मिन् च समये पूर्वोत्तरभावं आसाद्य।।२२३।।**

**અર્થ :– પૂર્વ તથા ઉત્તર પરિણામને પ્રાપ્ત થઈને ત્રણે કાળમાં એક એક સમયમાં વસ્તુના કારણ–કાર્યના વિશેષ (ભેદ) હોય છે.**

**ભાવાર્થ :– વર્તમાનસમયમાં જે પર્યાય છે તે પૂર્વસમયસહિત વસ્તુનું કાર્ય છે, એજ પ્રમાણે સર્વ પર્યાય જાણવી. એ રીતે સમય સમય કાર્ય–કારણભાવરૂપ છે.**

જુઓ, એકેક સમયમાં કારણ અને કાર્યપણું અનાદિઅનંત વર્તી રહ્યું છે. પૂર્વ પર્યાયની અપેક્ષાએ વર્તમાન પર્યાયરૂપ દ્રવ્ય તે કાર્ય છે, ને પછીની પર્યાય અપેક્ષાએ તે જ કારણ છે. એક જ સમયમાં પૂર્વની અપેક્ષાએ 'કાર્ય' છે, અને પછીની અપેક્ષાએ 'કારણ' છે. લાકડી

સીધીમાંથી આડી થઈ, ત્યાં પહેલાંની સીધી પર્યાયપણે પરિણમેલા પરમાણુઓ તે તેનું કાર્ય છે. તથા પછી જે પર્યાય થશે તેનું વર્તમાન પર્યાયયુક્ત પરમાણુઓ કારણ છે. એ રીતે એક જ સમયમાં કારણ–કાર્ય વર્તી રહ્યાં છે, ને એવી કારણ–કાર્યની ધારા અનાદિઅનંત ચાલી જાય છે. મિથ્યાદર્શનરૂપે પરિણમેલો જીવ બીજા સમયે સમ્યગ્દર્શનપણે પરિણમ્યો, ત્યાં પૂર્વ પર્યાયપણે પરિણમેલો જીવ તે બીજી પર્યાયનું કારણ છે. પણ તેમાં મિથ્યાત્વપરિણામનો અભાવ થઈને સમ્યક્ત્વ પરિણામ થયા છે. તેથી તેને કારણ કહેવું તે વ્યવહાર છે. નિશ્ચયથી તો વર્તમાન સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી તે પર્યાય ધ્રુવદ્રવ્યના અવલંબને પ્રગટી છે. તેથી નિશ્ચયથી તો ધ્રુવ કારણપરમાત્મા –પરમપારિણામિક દ્રવ્ય તે જ સમ્યગ્દર્શનનું કારણ છે, ને નિશ્ચયથી તો ધ્રુવ દ્રવ્ય જ મોક્ષનું કારણ છે. અહીં તો ધ્રુવ અને વર્તમાન બંનેને સાથે ને સાથે રાખીને કારણ–કાર્યની વાત કરી છે કે પૂર્વની પર્યાયમાં વર્તતું દ્રવ્ય તે કારણ છે, ને તે પછીની પર્યાયપણે થયેલું દ્રવ્ય તે તેનું કાર્ય છે. તથા તે જ તેના પછીની પર્યાયનું કારણ છે. એ પ્રમાણે કારણ ને કાર્યની સંધિ અનાદિથી ચાલ્યા જ કરે છે. પૂર્વપર્યાયનો વ્યય થયો ને નવી પર્યાયનો ઉત્પાદ થયો, તેમાં દ્રવ્ય ધ્રુવ રહ્યું. ત્યાં પૂર્વની પર્યાયમાં વર્તતું દ્રવ્ય કારણરૂપ છે. પછીની પર્યાયમાં વર્તતું દ્રવ્ય કાર્યરૂપ છે. એમ બધાં દ્રવ્યોમાં કારણ–કાર્ય સમયે સમયે થઈ જ રહ્યો છે. તેમાં બીજો શું કરે ? જુઓ ! આ સંતોની રચના ! જંગલમાં અંતરસ્વભાવની શાંતિમાં ઝૂલતાં ઝૂલતાં વિકલ્પ ઊઠ્યો ને શાસ્ત્રો રચાઈ ગયાં ત્યાં તેમાં પણ એકેક અક્ષર પડે છે તે તેના પૂર્વ પર્યાયમાં રહેલા પરમાણુઓનું કાર્ય છે – ને તે પરમાણુઓ તેનું કારણ છે. મારા કારણે અક્ષરની પર્યાય થતી નથી, ને તે અક્ષરો મારું કાર્ય નથી. જુઓ ! આ વીતરાગભાવ !! જગતના દરેક પદાર્થમાં એકેક સમયે તેના સ્વભાવથી જ કારણ–કાર્યરૂપ પરિણમન થઈ જ રહ્યું છે, તેમાં બીજો શું કરે ? નિમિત્તરૂપ વસ્તુનાં કારણકાર્ય નિમિત્તમાં છે ને ઉપાદાનનાં કારણકાર્ય ઉપાદાનમાં છે. આમાં મહાસિદ્ધાંત છે. હું પરજીવની દયા પાળીને તેને બચાવી દઉં – એમ જે માને છે તેણે વસ્તુનાં કારણકાર્યને જાણ્યાં નથી. ભાઈ ! પરજીવની પર્યાય તેનાં કારણકાર્યથી થાય છે. તેનો પૂર્વ સમયનો ભાવ તે કારણરૂપ છે, ને તેનો પછીનો ભાવ તે કાર્યરૂપ છે, તેમાં તારું કારણકાર્યપણું નથી. તારાં કારણકાર્ય તારામાં ને પરનાં કારણકાર્ય પરમાં, પદાર્થોમાં પૂર્વ સમયવર્તી તે કારણ ને ઉત્તરસમયવર્તી તે કાર્ય – આવી કારણકાર્યની અત્રૂટ શૃંખલા ચાલ્યા કરે છે. પદાર્થ સામાન્ય–વિશેષસ્વરૂપ જ છે. તેમાં કોઈ કોઈના કારણે નહિ. સામાન્યને લીધે તેનું વિશેષ છે – એમ કહો તો વિશેષધર્મની હાનિ

થાય છે. બંને ધર્મો નિરપેક્ષ છે. નિરપેક્ષતાના સ્વીકારપૂર્વક એકબીજાની અપેક્ષા લગાડાય કે આ વિશેષ કોનું ? કે આ સામાન્યનું આ વિશેષ છે, એક જ વસ્તુમાં સામાન્યપણું ને વિશેષપણું એક સાથે રહેલું છે. વસ્તુની પર્યાય પોતાથી થાય છે, પરથી તે નિરપેક્ષ છે – એમ સ્વતઃસિદ્ધ માન્યા વગર વસ્તુસ્વરૂપ સાબિત થાય નહિ. સ્વતઃસિદ્ધ વસ્તુસ્વરૂપના સ્વીકારપૂર્વક નિમિત્તનું જ્ઞાન કરે તો તે બરાબર છે. વસ્તુની પોતાની પૂર્વ અને ઉત્તર પર્યાયના આશ્રયે જ તેનાં કારણકાર્ય અનાદિઅનંત વર્તી જ રહ્યાં છે.

## જેઠ વદ ૬, શુક્રવાર, ૧૩-૬-૫૨

આ લોકભાવના ચાલે છે. લોકમાં છ દ્રવ્યો છે, તે બધાંય સમયે સમયે નવી નવી પર્યાયરૂપે પરિણમી રહ્યાં છે. પૂર્વ અવસ્થાસહિત દ્રવ્ય તે નવી અવસ્થાનું કારણ છે. એ પ્રમાણે ત્રણે કાળમાં સમયે સમયે વસ્તુમાં કારણકાર્યપણું છે. ખરેખર પૂર્વ પરિણામનો વ્યય થઈને નવા પરિણામ થાય છે. પહેલા સમયમાં અસ્તિરૂપ પરિણામ છે તેનો બીજા સમયે તો નાશ થાય છે. દ્રવ્યની સળંગતાની અપેક્ષાએ પૂર્વપર્યાયને ઉત્તરપર્યાયનું કારણ કહ્યું છે. પૂર્વ પર્યાયમાં વસ્તુ હતી, તે વસ્તુની સાથે પરિણામની સંધિ છે, એટલે પૂર્વપરિણામયુક્ત વર્તતું દ્રવ્ય તે કારણ ને ઉત્તરપરિણામયુક્ત દ્રવ્ય તે કાર્ય છે, દ્રવ્યના પરિણામની ધારા તૂટતી નથી. દ્રવ્યનું અભેદપણું રાખીને પરિણામના કારણકાર્યની વાત કરી છે. પરિણામનો વ્યય થઈ જાય છે, પણ દ્રવ્ય ધ્રુવ રહે છે. ધ્રુવ દ્રવ્ય સાથે પરિણામની સંધિ તૂટતી નથી. દ્રવ્ય કથંચિત્ પરિણામી છે. દ્રવ્ય ને પરિણામ સર્વથા ભિન્ન નથી. દરેક દ્રવ્ય પોતે જ પોતાના કારણ-કાર્યપણે વર્તે છે, તેમાં બીજો શું કરે ? અનાદિથી દ્રવ્યના પરિણામમાં કારણ–કાર્યનો પ્રવાહ ચાલી જ રહ્યો છે. એક પરમાણુને લીધે બીજો પરમાણુ કાર્યરૂપે પરિણમતો નથી. જીવને કારણે શરીરનાં રજકણો કાર્યરૂપે પરિણમે છે – એમ નથી, તેમ જ શરીરાદિના કારણે

જીવમાં સમ્યગ્દર્શન વગેરે કાર્ય થાય છે – એમ પણ નથી. પૂર્વ પરિણામે પરિણમેલો આત્મા જ પછીના પરિણામરૂપે પરિણમે છે. તેથી આત્માનાં કારણ–કાર્ય આત્મામાં જ છે, આત્માનાં કારણ–કાર્ય બહારમાં નથી. સ્વતંત્ર વસ્તુસ્વભાવ છે, તે વસ્તુ પોતે જ પોતાના પરિણામથી સહિત કાર્ય–કારણપણે વર્તે છે, કર્મના પરમાણુઓ પહેલાં બીજી અવસ્થારૂપે હતા ને પછી કર્મરૂપે પરિણમ્યા, ત્યાં તે પરમાણુઓ જ તેનું કારણ છે. જીવના વિકારને લીધે તે કર્મની અવસ્થા થઈ નથી. વળી, કર્મને લીધે જીવની વિકારી અવસ્થા થઈ નથી, પણ પૂર્વ અવસ્થામાં વર્તતો જીવ જ કારણ થઈને પછીની પર્યાયરૂપે પરિણમે છે. જગતની વસ્તુ પોતે જ પોતાનું કાર્ય કરતી પરિણમે છે. બીજો એમ કહે કે હું પરનું કાર્ય કરી દઉં – તો તે જીવ મૂઢ છે, તેણે વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી, આ તો વસ્તુના સ્વરૂપનું વર્ણન છે. લોકમાં જેટલાં દ્રવ્યો છે તે બધાંય દ્રવ્યોમાં સમયે સમયે પૂર્વપર્યાય સહિત દ્રવ્ય તે કારણરૂપ છે ને ઉત્તરપરિણામરૂપ દ્રવ્ય તે કાર્ય છે. પાટા ઉપર રેલગાડી દોડતી હોય, ત્યાં પાટાને કારણે રેલ દોડતી નથી, ને એન્જીનના કારણે પણ ડબા દોડતા નથી. ડબાના એકેક રજકણો સ્વતંત્રપણે પોતાના કારણથી જ પૂર્વપર્યાયને છોડીને નવી પર્યાયરૂપે પરિણમે છે. એ જ પ્રમાણે શિષ્યના આત્માને જ્ઞાન થયું, તેમાં ગુરુ નિમિત્ત છે, ગુરુની વાણી તે બાહ્ય નિમિત્ત, અને ગુરુનો આત્મા તે ઉપચારથી અંતરંગ નિમિત્ત છે, એમ 'નિયમસાર'માં કહ્યું છે, તે તો સામા નિમિત્તમાં જ્ઞાનીની મુખ્યતા બતાવવા માટે કહ્યું છે. પણ શિષ્યનો આત્મા કાંઈ ગુરુના કારણે પરિણમતો નથી, શિષ્યનો આત્મા પોતાની પૂર્વઅવસ્થા છોડીને નવી અવસ્થારૂપે પોતે જ પરિણમે છે. આમ જાણે તેને નિમિત્ત, વિકાર કે પર્યાય ઉપર દૃષ્ટિ ન રહેતાં પર્યાયવાન એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. પરિણામ સહિત દ્રવ્ય જ કારણ–કાર્યરૂપ પરિણમે છે – આમ જેણે નક્કી કર્યું તેને જ્ઞાયકદ્રવ્યની પ્રતીતિ થઈ ગઈ. પહેલાં વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સાંભળીને તેની હા તો પાડે. હા પાડીને અભ્યાસ કરતાં કરતાં સત્ય સમજાય છે. સામાન્ય–વિશેષસ્વરૂપ દ્રવ્ય છે, તે પ્રમાણજ્ઞાનનો વિષય છે, ને દ્રવ્યાર્થિકનયના વિષયમાં સામાન્યદ્રવ્ય છે, તેમાં પર્યાયની ગૌણતા છે. સામાન્ય દ્રવ્યને લક્ષમાં લીધું ત્યાં વર્તમાનપર્યાય દ્રવ્ય તરફ વળી ગયેલી છે. પૂર્વ–ઉત્તર પરિણામ તે પર્યાયાર્થિકનયનો વિષય છે, સામાન્ય દ્રવ્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. તથા પરિણામસહિત દ્રવ્ય તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. આવા દ્રવ્યને જાણે તો અંતરસ્વભાવની દૃષ્ટિ થયા વિના રહે નહિ. તારામાં તું સમાઈ જા, ત્યાં નિમિત્ત નિમિત્તના કારણે પરિણમતું આવીને ઊભું રહેશે. નિમિત્ત હોવા છતાં પોતાના પૂર્વપરિણામ સહિત દ્રવ્ય

જ કારણરૂપ છે, ને ઉત્તરપરિણામયુક્ત દ્રવ્ય તે કાર્યરૂપ છે. વસ્તુની આવી સ્વતંત્રતા છે.

ગાથા–૨૨૪

**હવે, આગળ વસ્તુ, અનંતધર્મ સ્વરૂપ છે એવો નિર્ણય કરે છે :–**

**सन्ति अनन्तानन्ताः त्रिषु अपि कालेषु सर्वद्रव्याणि।**
**सर्वं अपि अनेकान्तं ततः भणितं जिनेन्द्रैः।।२२४।।**

**અર્થ :– સર્વ દ્રવ્ય છે તે ત્રણે કાળમાં અનંતાનંત છે – અનંત પર્યાયો સહિત છે તેથી શ્રી જિનેન્દ્રિદેવે સંપૂર્ણ વસ્તુને અનેકાંત અર્થાત્ અનંતધર્મસ્વરૂપ કહી છે.**

જગતમાં ત્રણે કાળે અનંત દ્રવ્યો છે. જીવો અનંતા છે, ને પુદ્‌ગલો તેના કરતાં પણ અનંતા છે. એકેક આકાશપ્રદેશમાં અનંતાનંત પરમાણુઓ છે, તે જો સ્થૂળરૂપ ધારણ કરે તો અનંતા મેરુ થાય ! એક આકાશપ્રદેશમાં એક જીવના 'અસંખ્યાતમા ભાગના અસંખ્ય' પ્રદેશો રહેલા છે, ને એવા એવા અનંતા જીવોના મળીને અનંતા પ્રદેશો એક આકાશપ્રદેશમાં રહેલા છે, આકાશનો કોઈ પણ પ્રદેશ અનંતા પુદ્‌ગલો ને અનંતા જીવોના પ્રદેશો વગરનો ખાલી નથી. આવાં અનંતાં દ્રવ્યો જગતમાં ત્રિકાળ છે. જેટલા ત્રણકાળના સમયો છે એટલી એક એક દ્રવ્યની પર્યાય છે. જગતમાં અનંત દ્રવ્યો છે, એકેક દ્રવ્યમાં અનંત ગુણો છે. ને ત્રણકાળના જેટલા સમયો છે. તેટલી એક એક ગુણની પર્યાયો છે. જીવ અને પુદ્‌ગલદ્રવ્યો અનંત છે, કાળદ્રવ્ય અસંખ્ય છે ધર્મ–અધર્મ ને આકાશ એકેક દ્રવ્ય જ છે. કાળના સમયો અનંતા છે. પણ તે દ્રવ્યો અસંખ્યાત છે, જગતના બધા પદાર્થો અનેકાંતસ્વરૂપ છે. વસ્તુપણે એક છે, ને ગુણ પર્યાયપણે અનેક છે – આવું વસ્તુસ્વરૂપ છે. દરેક વસ્તુ અનંતગુણ–પર્યાયો સહિત હોવાથી અનેકાંતસ્વરૂપ છે.

અનેકાંતસ્વરૂપ વસ્તુ જ પોતાની અર્થક્રિયાને કરે છે તેમ હવે કહે છે.

ગાથા–૨૨૫

**આગળ કહે છે કે જે અનેકાન્તાત્મક વસ્તુ છે તે અર્થક્રિયાકારિણી છે :–**

**यत् वस्तु अनेकान्तं तत् एव कार्यं करोति नियमेन।**
**बहुधर्मयुतः अर्थः कार्यकरः दृश्यते लोके।।२२५।।**

**અર્થ :– જે વસ્તુ અનેકાન્ત છે – અનેકધર્મસ્વરૂપ છે તેજ નિયમથી કાર્ય કરે છે. લોકમાં પણ બહુધર્મયુક્ત પદાર્થ છે તેજ કાર્ય કરવાવાળો દેખાય છે.**

**ભાવાર્થ :– લોકમાં નિત્ય–અનિત્ય, એક–અનેક ઇત્યાદિ અનેકધર્મયુક્ત વસ્તુ છે તેજ કાર્યકારી દેખાય છે. જેમ માટીનાં ઘટ આદિ અનેક કાર્ય બને છે તે જો માટી સર્વથા એકરૂપ–નિત્યરૂપ વા અનેકરૂપ–અનિત્યરૂપ જ હોય તો તેમાં ઘટ આદિ કાર્ય બને નહિ, એજ પ્રમાણે સર્વ વસ્તુ જાણવી.**

એકાંત નિત્ય વસ્તુ હોય તો તેમાં નવું કાર્ય થાય નહિ. ને જો એકાંત ક્ષણિક હોય તો તે પણ કાર્ય કરી શકે નહિ. કથંચિત્ નિત્ય–અનિત્ય ઇત્યાદિ અનેકાંતસ્વરૂપ વસ્તુ જ પોતાનું કાર્ય કરે છે.

પરમાણુ સદા એક સરખા રહેતા નથી, તેના દ્રવ્ય-ગુણપણે ત્રિકાળ ટકીને તેનામાં ક્ષણેક્ષણે નવી નવી અવસ્થા થાય છે. વસ્તુ પોતે પોતાના અનેકાંત સ્વભાવથી જ પોતાના કાર્યને કરે છે. અનેકાંતસ્વરૂપ પદાર્થ પોતે જ પોતાનું કાર્ય કરનારો છે. બીજો કોઈ તેનું કાર્ય કરનારો નથી. શરીર ચાલે તે કાર્ય કરનારા તેના પરમાણુઓ જ છે. જીવનો તો તેમાં અભાવ છે. દરેક વસ્તુમાં પોતાના અનંત ધર્મો છે, ને પોતાના સ્વભાવથી જ દરેક પદાર્થ કાર્ય કરતો જગતમાં દેખાય છે.

દરેક દ્રવ્યનું સ્વમાં અનંત ધર્મપણું સ્વયંસિદ્ધ છે, તેના કાર્યમાં બીજાનો હાથ નથી. અંદર સ્વસંવેદન પ્રત્યક્ષથી નિઃસંદેહપણે જેણે જાણ્યું છે તે કહે છે કે આવું જ અનેકાંતસ્વરૂપ ત્રણે કાળે છે ને તેથી એક તે જ અનેક, નિત્ય તે જ અનિત્ય પોતપોતાના કારણે છે અને તેથી દરેક દ્રવ્ય પોતે પોતાનાં કારણ–કાર્યરૂપે પરિણમે છે. સંયોગબુદ્ધિથી છૂટી, અંશે

રાગથી છૂટી, અંશે પ્રત્યક્ષ સ્વપ્રકાશક જ્ઞાનવાન થયો તે પરજ્ઞેય કેવાં છે તે નક્કી કરી શકે.

બધાં દ્રવ્યો નિરંતર પોતાના કારણે પરિણમનરૂપ કાર્ય કરી રહ્યાં છે, ત્રિકાળ સ્વતંત્ર છે. આવી સત્યાર્થ ભાવના ભવ્યજનને આનંદજનની છે.

એક વસ્તુમાં સામાન્ય–વિશેષ, એક–અનેક, નિત્ય–અનિત્ય, સ્વપણે અસ્તિ – પરપણે નાસ્તિ – આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિનું એક સાથે પ્રકાશવું તે અનેકાંત છે. તેથી દરેક વસ્તુ કાર્ય કરનાર દેખાય છે.

આવું વસ્તુસ્વરૂપ જેણે જાણ્યું તેણે સ્વ–પરવસ્તુનું સ્વતંત્રપણું જાણ્યું છે ને તેને સાચી ભાવના હોય છે.

# પ્રસાદ નં. – ૨૩૫

**વી. નિ સં. ૨૪૭૮, જેઠ વદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક આઠમું,**
**સોનગઢ, તા. ૨૧-૬-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૭, શનિવાર, ૧૪-૬-૫૨ સવાર)**

ભગવાન સર્વજ્ઞદેવે લોકનું સ્વરૂપ કેવું જોયું છે ? તેનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ વિચારે છે. આ લોક કોઈએ કરેલો નથી. પણ સ્વયંસિદ્ધ છે. તેમ લોકમાં બધાં દ્રવ્યો સ્વયંસિદ્ધ અનાદિઅનંત છે. તેમાં કોઈ કોઈનો કર્તા કે સહાયક નથી. દરેક વસ્તુ પોતે પોતાના અનંત ધર્મસ્વરૂપ છે. એવી અનેકાંત વસ્તુ જ અર્થક્રિયાકારી છે.

સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય એવી એકાંત વસ્તુમાં કાર્યકારીપણું નથી એમ હવે કહે છે.

ગાથા–૨૨૬

**આગળ સર્વથા અનેકાન્તવસ્તુમાં કાર્યકારીપણું નથી એમ કહે છે :–**

**एकान्तं पुनः द्रव्यं कार्यं न करोति लेशमात्रं अपि।**
**तत् पुनः न करोति कार्यं तत् उच्यते कीदृशं द्रव्यं।।२२६।।**

**અર્થ :– વળી એકાંતસ્વરૂપ દ્રવ્ય છે તે લેશમાત્ર પણ કાર્ય કરતું નથી તથા જે કાર્ય**

**જ ન કરે તે દ્રવ્ય જ કેવું ? તે તો શૂન્યરૂપ જેવું છે.**

**ભાવાર્થ :– જે અર્થક્રિયારૂપ હોય તેને જ પરમાર્થરૂપ વસ્તુ કહી છે પણ જે અર્થક્રિયારૂપ નથી તે તો આકાશના ફૂલની માફક શૂન્યરૂપ છે.**

પોતાપણે છે ને પરપણે નથી – એવું અસ્તિ–નાસ્તિપણું જો વસ્તુમાં ન હોય તો તે વસ્તુ જ ટકી શકે નહિ. આત્મા આત્માપણે છે, ને શરીરપણે નથી – આવો તેનો અનેકાંત સ્વભાવ છે. આત્મા નિત્ય જ છે એમ એકાંત કહો તો તેમાં પલટન વગર કાર્યની ઉત્પત્તિ થાય નહિ તેમ જ એકાંત અનિત્ય જ હોય તોપણ કાર્ય બની શકે નહિ. પરિણામ વગર વસ્તુ ન હોય, ને વસ્તુ વિના પરિણામ શેમાં થાય ? માટે વસ્તુ દ્રવ્યપણે નિત્ય છે ને પર્યાયપણે અનિત્ય છે. એવા બંને ધર્મો તેનામાં એક સાથે રહેલા છે. પદાર્થોનો આવો સ્વભાવ જાણે તો સમ્યગ્જ્ઞાન થાય, તે ધર્મ છે. આત્મામાં ધર્મ ક્યારે થાય ? કે જો આત્મા કાયમ ટકીને તેની હાલત બદલતી હોય, જગતની કોઈ પણ ચીજ લ્યો તેમાં ક્ષણે ક્ષણે નવું નવું કાર્ય થાય છે, વસ્તુપણે 'એક' હોવા છતાં પર્યાયમાં 'અનેકતા' છે. અનેકતા વગર નવું નવું કાર્ય થાય નહિ. આવું અનેકાંત વસ્તુસ્વરૂપ છે. લોટના પરમાણુઓ જો બદલતા ન હોય તો લોટ પલટીને રોટલી થાય નહિ અને જો પરમાણુઓ કાયમ ન રહેતા હોય તો પરમાણુ વગર રોટલી ક્યાંથી થાય ? માટે નિત્ય–અનિત્યપણું તે વસ્તુનો સ્વભાવ છે. એ જ પ્રમાણે નિત્ય–અનિત્ય ધર્મની માફક એકપણું–અનેકપણું, અસ્તિ–નાસ્તિપણું એવો પણ વસ્તુનો સ્વભાવ છે. અનેકાંત સ્વરૂપ વગર વસ્તુ કાર્ય કરી શકે નહિ, અને કાર્ય જ ન કરે તો તેને વસ્તુ જ ન કહેવાય, તે વસ્તુ તો શૂન્યરૂપ થઈ ગઈ.

ભાઈ, તું સમજ ! એમ કહેતાં જ અનેકાંત સિદ્ધ થઈ જાય છે. જો સામો જીવ નિત્ય ન ટકતો હોય તો 'તું સમજ' એમ કોને કહ્યું ? અને જો સામો જીવ અણસમજમાંથી પલટીને સમજણ ન કરી શકતો હોય એટલે કે તેનામાં અનિત્યપણું ન હોય – તો તેને સમજવાનું કેમ કહેવાય ? 'તું સમજ' એમ કહેતાં જ તેનું નિત્ય–અનિત્યપણું સાબિત થઈ જાય છે. વળી 'તું સમજ' એમ કહેનાર સામો જીવ જુદો છે, ને તેનાપણે આ જીવ નથી, આ સમજનાર જીવ પોતાપણે અસ્તિરૂપ છે ને સામા જીવપણે તેની નાસ્તિ છે, એવા અસ્તિ–નાસ્તિધર્મ પણ તેનામાં છે. વળી તે જીવ એક ને એક રહેતો હોવા છતાં પલટવાની અપેક્ષાએ અનેકતા

પણ તેનામાં છે. નિત્યપણાની અપેક્ષાએ એકતા છે ને અનિત્યપણાની અપેક્ષાએ અનેકતા છે. આમ દરેક વસ્તુનો સ્વભાવ છે. દરેક વસ્તુ પોતપોતાનું કાર્ય કરી રહી છે. આમ સમજતાં જગતના પદાર્થોથી ભિન્નતા જાણીને પોતાનો જ આશ્રય કરવાનું રહ્યું ! આ વાત સમજનારને પોતામાં અજ્ઞાન રહે નહિ.

ભાવાર્થ :– જે અર્થક્રિયારૂપ હોય તેને જ પરમાર્થરૂપ વસ્તુ કહી છે પણ જે અર્થક્રિયારૂપ નથી તે તો આકાશના ફૂલની માફક શૂન્યરૂપ છે.

'આકાશનું ફૂલ' તે વસ્તુ જ નથી કેમકે તેનું કાંઈ સુગંધ વગેરે કાર્ય જોવામાં આવતું નથી. તેમ જગતમાં સર્વથા અનિત્ય કે સર્વથા કૂટસ્થ – એવી કોઈ વસ્તુ જ નથી.

ગાથા–૨૨૭

**આગળ સર્વથા નિત્ય એકાંતમાં અર્થક્રિયાકારીપણાનો અભાવ દર્શાવે છે :–**

**परिणामेन विहीनं नित्यं द्रव्यं विनश्यते नैव।**
**नो उत्पद्यते च सदा एवं कार्य्यं कथं करोति।।२२७।।**

**અર્થ :– પરિણામથી હીણ જે નિત્ય દ્રવ્ય છે તે વિણશે નહિ તો કાર્ય શી રીતે કરે ? તથા જો તે ઉપજે–વિણશે તો (સર્વથા) નિત્યપણું ઠરતું નથી. એ પ્રમાણે જે કાર્ય ન કરે તે વસ્તુ જ નથી.**

સર્વથા નિત્ય વસ્તુ હોય ને તેના પરિણામ ન થતા હોય તો કાર્ય શી રીતે થાય ? વસ્તુની પૂર્વપર્યાય જો નાશ ન પામે તો નવી પર્યાય કઈ રીતે થાય ? લોટ પર્યાય નાશ ન પામે તો રોટલી કેમ થાય ? આત્માની પર્યાય જો ક્ષણે ક્ષણે નાશ ન પામતી હોય તો અજ્ઞાનમાંથી જ્ઞાન ન થાય, દુઃખ ટળીને સુખ ન થાય, દુઃખનો નાશ ને સુખની ઉત્પત્તિ – એમ ઉત્પત્તિ-વિનાશ થાય છે. માટે વસ્તુ સર્વથા નિત્ય જ નથી. પણ ક્ષણે ક્ષણે પલટે છે. ક્ષણે ક્ષણે વસ્તુમાં ઉત્પાદ–વિનાશ થાય છે. એવો તેનો અનિત્યસ્વભાવ છે. જગતમાં પ્રત્યક્ષ દેખાય છે કે વસ્તુમાં ક્ષણેક્ષણે નવા નવા કાર્યની ઉત્પત્તિ થાય છે, ને જૂની પર્યાયનો વિનાશ

થાય છે.

ગાથા–૨૨૮

**આગળ ક્ષણસ્થાયી (સર્વથા અનિત્ય–બૌદ્ધ)ને કાર્યનો અભાવ દર્શાવે છે :–**

पर्य्यायमात्रं तत्त्वं विनश्वरं क्षणे क्षणे अपि अन्योऽन्यं।
अन्वयिद्रव्यविहीनं न च कार्य्यं किमपि साधयति।।२२८।।

**અર્થ :– જો ક્ષણસ્થાયી–પર્યાયમાત્ર તત્ત્વ ક્ષણ–ક્ષણમાં અન્ય અન્ય થાય એવું વિનશ્વર માનીએ તો તે અન્વયીદ્રવ્યથી રહિત થતું થકું કાંઈ પણ કાર્ય સાધતું નથી. ક્ષણસ્થાયી–વિનશ્વરને વળી કાર્ય શાનું ? (ન જ હોય).**

જો વસ્તુ નિત્ય ન રહેતી હોય તો પહેલાં–પછીના પરિણામની સંધિ કોણે કરી ? એક તરંગ ગયું ને બીજું તરંગ આવ્યું – પણ કોનું ? કે પાણીનું, પાણી તો બધાં તરંગમાં સળંગ રહેનારું છે. નિત્ય વસ્તુ વગર કાંઈ નક્કી થાય નહિ. કાલ જેને રૂપિયા આપ્યા હતા, તે જ માણસ આ છે – આમ નિત્યતા વગર નક્કી થઈ શકે નહિ. માણસની અવસ્થા પલટી ગઈ, પણ માણસ તો તે જ છે. માણસ નવો નથી થયો, તેમ આત્મા વસ્તુ નિત્ય ટકીને ક્ષણે ક્ષણે પલટે છે. દુઃખ ભોગવનાર આત્મા બીજો, ને દુઃખ ટળીને સુખ થયું તેને ભોગવનાર આત્મા બીજો – એમ નથી. દુઃખમાં અને સુખમાં એક જ આત્મા છે, તે આત્મા નિત્ય ટકીને અવસ્થા પલટે છે.

ગાથા–૨૨૯

**આગળ અનેકાન્તવસ્તુમાં જ કાર્ય–કારણભાવ બને છે એમ દર્શાવે છે :–**

नवनवकार्य्यविशेषाः त्रिषु अपि कालेषु भवन्ति वस्तूनां।
एकैकस्मिन् च समये पूर्वोत्तरभावं आसाद्य।।२२९।।

**અર્થ :– ત્રણે કાળમાં એક એક સમયમાં પૂર્વ–ઉત્તર પરિણામનો આશ્રય કરી જીવાદિક વસ્તુઓમાં નવા નવા કાર્યવિશેષ થાય છે અર્થાત્ નવા નવા પર્યાય ઉપજે છે.**

૨૨૩મી ગાથામાં કારણ–કાર્યના વર્ણનમાં આ વાત આવી ગઈ છે. જીવાદિ છએ દ્રવ્યો જગતમાં ત્રિકાળ છે. તેનામાં ત્રણે કાળે પોતપોતાના પૂર્વ–ઉત્તર પરિણામને પામીને નવાં નવાં કાર્ય થાય છે. નિમિત્તનો કે સંયોગનો આશ્રય કરીને કાર્ય થાય છે એમ નથી. પણ વસ્તુના પોતાના પૂર્વ પરિણામ પલટીને નવા પરિણામ ઊપજે છે. એ રીતે ક્ષણે ક્ષણે નવું કાર્ય વસ્તુમાં થયા જ કરે છે. બીજું નિમિત્ત ભલે હો પણ વસ્તુનું કાર્ય પોતાના જ પરિણામથી થાય છે. વસ્તુ પોતે જો નિત્ય ટકીને પરિણમતી ન હોય તો તેનામાં નવું કાર્ય થાય નહિ. અજ્ઞાની કહે છે કે આપણા વગર બીજાનું કાર્ય નહિ થાય, પણ ભાઈ ! સામી ચીજ પણ વસ્તુ છે, ને તેનું કાર્ય તેના પોતાથી જ થયા કરે છે. એ જ પ્રમાણે કોઈ કહે કે પર વિના મારું કામ ન ચાલે તો તે પણ મૂઢ છે. તારું કાર્ય તારા પૂર્વ–ઉત્તર પરિણામથી થાય છે, દરેક વસ્તુમાં નવું નવું કાર્ય તેના પોતાના પરિણામથી થાય છે. શરીર હાલે તો તેના કારણે છે. મડદું ન ચાલે તો તે પણ તેનું કાર્ય છે, જીવને લીધે શરીર ચાલે છે એમ નથી. તેમ જ જીવ નીકળી ગયો માટે મડદું નથી ચાલતું એમ પણ નથી. પણ નવાં નવાં કાર્યો થવાનો તે તે વસ્તુનો સ્વભાવ જ છે. તેથી નક્કી થાય છે કે શબ્દ વગેરેને લઈને સમજણ થતી નથી, પરથી સુખ–દુઃખાદિ થતાં નથી પણ પૂર્વ અને ઉત્તર પરિણામનો આશ્રય કરીને નવાં નવાં કાર્ય વિશેષ અવસ્થા થાય છે. પોતપોતાની યોગ્યતાથી તે તે દ્રવ્યમાં તેના કારણે નવા નવા પર્યાય ઊપજે છે. ત્રણે કાળે એ એક પ્રકારે નિયમ છે. કોઈ કાળે પરથી થાય એવું નથી, એવો જ લોકનો સર્વવસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે.

જીવ છે તો ભાષા બોલાય છે, શરીરની ક્રિયા જીવની ઇચ્છા પ્રમાણે થાય છે એમ સંયોગમાં એકતાબુદ્ધિવાનને (અજ્ઞાનીને) ભ્રમ હોય છે. ભાષાના કારણે ક્રોધ થતો નથી, તેમ જ જ્ઞાન પણ તેને કારણે થતું નથી, દરેકનું સ્વસત્તામાં સ્વકાળે પોતાથી પરિણમન થાય છે. ભાષાવર્ગણા પલટીને ભાષા થાય છે. જીવની ઇચ્છાથી નથી થઈ. સંયોગથી જોનાર સ્વભાવને ચૂકે છે. તે પરચીજને પણ સંયોગથી પરાધીનરૂપે જ દેખે છે. નવું નવું કાર્ય થાય છે તે દરેક દ્રવ્યનો પર્યાયધર્મ છે. સંયોગને લઈને કહેવું તે ઉપચારનું કથન છે પણ સંયોગથી

કોઈ કાળે પરનું કાર્ય થતું નથી.

ગાથા-૨૩૦

**આગળ પૂર્વ-ઉત્તરભાવમાં કારણ-કાર્યભાવ દૃઢ કરે છે :-**

**पूर्वपरिणामयुक्तं कारणभावेन वर्त्तते द्रव्यं।**
**उत्तरपरिणामयुतं तत् एव कार्य्यं भवेत् नियमात्।।२३०।।**

**અર્થ :- પૂર્વ પરિણામયુક્ત દ્રવ્ય છે તે તો કારણભાવથી વર્તે છે તથા તેજ દ્રવ્ય ઉત્તરપરિણામથી યુક્ત થાય ત્યારે કાર્ય થાય છે એમ તમે નિયમથી જાણો.**

**ભાવાર્થ :- જેમ માટીનો પિંડ તો કારણ છે અને તેનો ઘટ બન્યો તે કાર્ય છે. તેમ પૂર્વ પર્યાય (પ્રથમના પર્યાય)નું સ્વરૂપ કહી હવે જીવ ઉત્તરપર્યાયયુક્ત થયો ત્યારે તે જ કાર્યરૂપ થયો એવો નિયમ છે. એ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ કહીએ છીએ.**

૨૨૨મી ગાથા અને ૨૩૦મી ગાથા બંને અક્ષરે અક્ષર મળતી છે. ચૌદ બ્રહ્માંડનાં તત્ત્વોનું આમાં વર્ણન છે. તીવ્રરાગ પલટીને મંદ રાગ થયો, તેમાં કારણ કોણ ? કે પૂર્વ પર્યાય પલટીને ઉત્તર પર્યાયરૂપે વસ્તુ પોતે વર્તે છે, પહેલી પર્યાયમાં વર્તતું દ્રવ્ય કારણરૂપે વર્તે છે, ને પછીની પર્યાયમાં તે કાર્યરૂપે વર્તે છે, પણ જુદું કોઈ તેનું કારણ નથી.

જેમ માટીનો પિંડ તે કારણ, ને તેનો ઘડો થયો તે કાર્ય છે, પણ કુંભાર કારણ અને ઘડો તેનું કાર્ય – એમ નથી. પૂર્વ પર્યાયમાં વર્તતું દ્રવ્ય જ કારણરૂપ થઈને પછીની પર્યાયમાં કાર્યરૂપે વર્તે છે, પણ બીજાની તેમાં કાંઈ ઘાલમેલ નથી. જુઓ, આ જગતની વસ્તુનો નિયમ ! કુંભાર ઘડાનો કર્તા નથી, પણ માટી પોતે જ પલટીને ઘડાની પર્યાયરૂપે વર્તે છે; કુંભાર આવે તો ઘડો થાય – ને ન આવે તો ન થાય – એમ સંયોગદૃષ્ટિવાળો અજ્ઞાની માને છે, પણ તે વસ્તુના સ્વભાવને જોતો નથી. પૂર્વ પરિણામમાં પિંડરૂપે માટી વર્તતી હતી, તે જ પલટીને ઘડારૂપે થઈ છે, ત્યાં પૂર્વ પરિણામમાં વર્તતું દ્રવ્ય તે કારણ છે, ને પછીના પરિણામ થયા તે કાર્ય છે. ઉપાદાન તો કારણ છે, ને કાર્ય થયું તે નૈમિત્તિક અથવા ઉપાદેય

છે. નવું કાર્ય થયું તેનું કારણ કોણ ? કે પૂર્વપર્યાયમાં વર્તતી વસ્તુ જ તેનું ઉપાદાન કારણ છે. નવાં નવાં કાર્ય દ્રવ્યના પોતાના કારણથી થાય છે. નિમિત્ત ભલે હો, પણ નિમિત્તથી કાર્ય થતું નથી. કાર્ય ને 'નૈમિત્તિક' કહ્યું માટે નિમિત્તે તેમાં કાંઈ કર્યું છે એમ નથી. નિમિત્તની અપેક્ષાથી કહેતાં નૈમિત્તિક કહેવાય. ને ઉપાદાનની અપેક્ષાએ તે કાર્યને ઉપાદેય કહેવાય છે. પણ કાર્ય તો વસ્તુના પોતાના જ કારણથી થાય છે – આવું વસ્તુસ્વરૂપ છે.

# પ્રસાદ નં. – ૨૩૭

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૧, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૩-૬-૫૨, સોમવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૯, સોમવાર, ૧૬-૬-૫૨ સવાર)**

આ લોક ભાવનાનું વર્ણન ચાલે છે. સર્વજ્ઞદેવે પોતાના જ્ઞાનમાં લોકનું જેવું સ્વરૂપ જોયું છે તેવું જ્ઞાની પોતાના જ્ઞાનમાં ચિંતવે છે. લોકનાં બધાં દ્રવ્યો પોતાની પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પરિણામરૂપે પરિણમે છે, એ પ્રમાણે દરેક વસ્તુ અનાદિ અનંત કારણકાર્યપણે પરિણમી રહી છે. જીવ પણ અનાદિથી પોતાના કારણ–કાર્ય ભાવે પરિણમે છે – એમ હવે કહે છે.

ગાથા–૨૩૧

**હવે જીવદ્રવ્યને પણ એજ પ્રમાણે અનાદિનિધન કાર્ય–કારણભાવ સાધે છે :–**

**जीवः अनादिनिधनः परिणयमानः स्फुटं नवं नवं भावं।**
**सामग्रीषु प्रवर्त्तते कार्याणि समाश्रयते पश्चात्।।२३१।।**

**અર્થ :– જીવદ્રવ્ય છે તે અનાદિનિધન છે અને તે નવા નવા પર્યાયોરૂપે પ્રગટ પરિણમે છે, તે પ્રથમ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની સામગ્રીમાં વર્તે છે પછી કાર્યને–પર્યાયને પ્રાપ્ત થાય**

છે.

**ભાવાર્થ :– જેમ કોઈ જીવ પહેલાં શુભપરિણામરૂપે પ્રવર્તે છે પછી સ્વર્ગને પ્રાપ્ત થાય છે તથા (કોઈ જીવ) પહેલાં અશુભપરિણામરૂપે પ્રવર્તે છે પછી નર્કાદિ પર્યાયને પ્રાપ્ત થાય છે, એમ સમજવું.**

સિદ્ધથી માંડીને નિગોદ સુધીના દરેક જીવ અનાદિનિધન છે, ને તે જીવ પ્રગટપણે પોતની પર્યાયરૂપે ક્ષણે ક્ષણે પરિણમે છે. બાહ્ય વસ્તુ તો નિમિત્તમાત્ર છે, તે કાંઈ કરાવતી નથી. રાગ કરે કે વીતરાગતા કરે, ધર્મ કરે કે અધર્મ કરે – તે બધા પર્યાયોપણે જીવ પોતે પ્રગટ પરિણમે છે, પૂર્વપરિણામે વર્તે છે તે કારણરૂપ છે, પોતાનાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તે સામગ્રીરૂપ પરિણમે છે તે કારણરૂપ છે, ને પછીની પર્યાય તે કાર્યરૂપ છે. જુઓ, આ ઉપાદાનકારણની ને કાર્યની સ્વતંત્રતા ! પર ચીજ નિમિત્ત છે, તે કાંઈ જીવના પરિણામને કરતું નથી. નિગોદનો જીવ પણ પોતાના જ કારણ–કાર્યથી પરિણમી રહ્યો છે. દ્રવ્ય ત્રિકાળ પર્યાયોના પિંડસ્વરૂપ છે. તેમાં પૂર્વપર્યાયનો વ્યય તે ઉત્તર પર્યાયની ઉત્પત્તિનું કારણ છે. પૂર્વપરિણામની અસ્તિને ઉત્તરપર્યાયનું કારણ કહેવું તે વ્યવહારથી છે. ખરેખર કારણ–કાર્યને સમયભેદ નથી. દ્રવ્ય ત્રણકાળના પરિણામમાં સળંગ રહે છે.

ભાવાર્થ :– જેમ કોઈ જીવ પહેલાં શુભપરિણામરૂપે પ્રવર્તે છે પછી સ્વર્ગને પ્રાપ્ત થાય છે તથા (કોઈ જીવ) પહેલાં અશુભપરિણામરૂપે પ્રવર્તે છે પછી નર્કાદિ પર્યાયને પ્રાપ્ત થાય છે, એમ સમજવું.

આ તો સ્થૂળ દૃષ્ટાંત છે, ખરેખર એકેક સમયમાં દ્રવ્ય કારણકાર્યરૂપે પરિણમી રહ્યું છે.

ગાથા–૨૩૨

**આગળ 'જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને જ નવીન પર્યાયરૂપ કાર્યને કરે છે' એમ કહે છે :–**

**स्वस्वरूपस्थः जीवः कार्य्यं साधयति वर्त्तमानं अपि।**
**क्षेत्रे एकस्मिन् स्थितः निजद्रव्यं संस्थितः चैव।।२३२।।**

**અર્થ :– જીવદ્રવ્ય છે તે પોતાના ચેતનાસ્વરૂપમાં, પોતાના જ ક્ષેત્રમાં, પોતાના જ દ્રવ્યમાં તથા પોતાના પરિણમનરૂપ સમયમાં રહીને જ પોતાના પર્યાયસ્વરૂપ કાર્યને સાધે છે.**

**ભાવાર્થ :– પરમાર્થથી વિચારીએ તો પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપ થતો થકો જીવ, પર્યાયસ્વરૂપ કાર્યરૂપે પરિણમે છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે તે તો નિમિત્તમાત્ર છે.**

જીવ વગેરે દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને જ પોતાનું કાર્ય કરે છે, પોતાનું દ્રવ્ય પોતાનું ક્ષેત્ર અને પોતાની પર્યાયરૂપ કાળ – તેમાં રહીને જ દ્રવ્ય પોતાના નવા નવા ભાવને કરે છે.

ભાવાર્થ :– પરમાર્થથી વિચારીએ તો પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપ થતો થકો જીવ, પર્યાયસ્વરૂપ કાર્યરૂપે પરિણમે છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે તે તો નિમિત્તમાત્ર છે.

ઉપાદાનનું કાર્ય કહો કે નૈમિત્તિક કહો – એ એક જ છે. ને તે સ્વતંત્ર છે. નૈમિત્તિક કહ્યું તેમાં નિમિત્તની અપેક્ષા આવે છે, પણ કાંઈ તે નિમિત્તને લીધે થયું છે એમ નથી. માટીમાંથી ઘડો થતો હોય ત્યારે કુંભાર ભલે નિમિત્ત હો, પણ તે કુંભાર ઘડાનો કર્તા નથી, ઘડો તો પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપ થઈને જ થયો છે, તેમાં પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો નિમિત્તમાત્ર છે. કાર્ય તો એક જ થયું છે, તેમાં નિમિત્તથી પણ થયું ને ઉપાદાનથી પણ થયું – એમ બે પ્રકાર નથી. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની નાસ્તિ છે, કેવળજ્ઞાન તે જીવનાં પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ થાય છે. વજ્રર્ષભનારાચ સંહનનને કારણે કેવળજ્ઞાન થતું નથી. બહારમાં પંચમકાળ છે, તથા વજ્રર્ષભનારાચ સંહનનનો અભાવ છે. તથા ભરતક્ષેત્રમાં અવતાર છે માટે કેવળજ્ઞાન અટક્યું છે એમ નથી, પણ જીવની પોતાની પર્યાયના કારણે જ કેવળજ્ઞાન અટક્યું છે. બહારની સામગ્રીની કચાશથી કાર્ય અટક્યું છે – એમ નથી, પણ અંતરની કચાશે કેવળજ્ઞાન અટક્યું છે.

જુઓ, પર્યાય અપેક્ષાએ તો પહેલા સમયનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ ચારેય બીજા સમયે પલટી જાય છે, સદૃશતાની અપેક્ષાએ દ્રવ્યને ધ્રુવ કહેવાય છે, પણ પહેલા સમયનું દ્રવ્ય બીજા સમયે પર્યાય અપેક્ષાએ પલટી ગયું છે, ઘંટીનાં બે પડમાંથી ઉપરનું પડ ફરે છે ને

નીચેનું સ્થિર રહે છે. તેમ કાંઈ વસ્તુમાં જુદા જુદાં બે પડખાં નથી કે એક પડખું ધ્રુવ રહે ને બીજું પડખું પલટે. ઘંટીનાં બે પડ તો ભિન્ન ભિન્ન ચીજ છે. તેમ કાંઈ વસ્તુમાં ધ્રુવતા ને ઉત્પાદ-વ્યય સર્વથા ભિન્ન ભિન્ન નથી. ધ્રુવ વસ્તુ પલટીને પર્યાય થાય છે, ધ્રુવ જુદું નથી રહેતું. પર્યાયના ઉત્પાદ–વ્યયમાં વિસદશતા છે ને ધ્રુવમાં સદશતા છે. પર્યાયમાં એકનો ઉત્પાદ અને બીજાનો વ્યય – એમ દ્વિરૂપતા છે તેથી વિસદશપણું છે ને ધ્રુવસ્વભાવ સામાન્ય સદશરૂપ છે. વિરુદ્ધ સ્વભાવ એટલે ઉત્પાદ–વ્યય, અને અવિરુદ્ધ સ્વભાવ એટલે ધ્રુવ, પણ તેમાં પહેલા સમયનું દ્રવ્ય તે બીજા સમયે પલટી ગયું છે. દ્રવ્ય પોતાના સ્વભાવથી જ પૂર્વપર્યાયમાંથી ઉત્તરપર્યાયરૂપે પરિણમે છે – એમ અનાદિઅનંત પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વર્તતો થકો નવા નવા કાર્યને કરે છે. આમાં વસ્તુની સ્વતંત્રતાનો ઢંઢેરો છે. આખા લોકના બધા પદાર્થોનું આવું સ્વરૂપ છે.

ઉપાદાન પણ છે ને નિમિત્ત પણ છે. એમ બંનેની ભિન્ન-ભિન્ન અસ્તિ છે. નિમિત્તને લીધે ઉપાદાનનું કાર્ય થયું – એમ હોય તો બે વસ્તુનું અસ્તિત્વ જ ભિન્ન ભિન્ન ન રહ્યું. વિકાર પણ પોતનાં જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના કારણે છે. ને વિકારરહિત સિદ્ધદશા થાય તે પણ પોતાનાં જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિણમે છે. સંસારદશામાં કે સિદ્ધદશામાં જીવ પોતાનાં જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે વર્તે છે. પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વર્તતો નથી. ઔદયિકાદિ પાંચે ભાવો છે તે જીવતત્ત્વના ભાવો છે. તે પોતાના જ કારણે છે. બીજી ચીજ ભલે હો – પણ તેના કારણે કાર્ય થતું નથી.

અહો ! દિગંબર સંતોનું કોઈ પણ વચન લ્યો તો તેમાં સ્વતંત્રતાનો જ ઢંઢેરો છે. તેઓ જૈનદર્શનના થાંભલા છે. સંતોએ આખા જૈનદર્શનને ટકાવી રાખ્યું છે.

ગાથા–૨૩૩

**આગળ અન્યરૂપ થઈને કાર્ય કરે તો તેમાં દૂષણ દર્શાવે છે :–**

**स्वस्वरूपस्थः जीवः अन्यस्वरूपे गच्छेत् यदि हि।**
**अन्योन्यसंश्लेषात् एकस्वरूपं भवेत् सर्वं।।२३३।।**

**અર્થ :– જો જીવ, પોતાના સ્વરૂપમાં રહીને પણ પરસ્વરૂપમાં જાય તો પરસ્પર મળવાથી**

**બધાંય દ્રવ્યો એકરૂપ બની જાય એ મહાન દોષ આવે પરંતુ એમ એકરૂપ કદી પણ થતો નથી એ પ્રગટ છે.**

જીવ પોતાના સ્વરૂપમાં રહીને પણ જો પરના સ્વરૂપે થઈ જાય તો બે દ્રવ્યો એક થઈ જાય ! જીવ અને શરીર ભિન્ન ભિન્ન વસ્તુ છે, તેનો એક બીજામાં અભાવ છે, તેથી ખરેખર જીવ અને શરીર એકબીજાને અડતા જ નથી, દરેક દ્રવ્ય પોતપોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વર્તી રહ્યાં છે; કદી કોઈ પદાર્થ બીજા પદાર્થ સાથે એકમેક થતો નથી.

કોઈ કહે કે 'આત્મા પરનો કર્તા નથી, ને ઉપવાસના શુભરાગથી ધર્મ થતો નથી, માટે ભૂખ લાગે તો ખાઈ લેવું' – તો તેને વસ્તુનું કાંઈ ભાન નથી. અરે ભાઈ ! આત્મા પરનાં ગ્રહણ–ત્યાગ કરી શકતો નથી. તો પછી 'ભૂખ લાગે તો ખાઈ લેવું' એ વાત ક્યાંથી લાવ્યો ? ભૂખ લાગે તો ખાઈ લેવું એમ જ્ઞાની કહેતા નથી. જ્ઞાની તો કહે છે કે ભાઈ ! આત્મા જ્ઞાનસ્વભાવી છે, તે જડ શરીરથી ને આહારથી જુદો છે, તેથી તે પરને ગ્રહતો નથી કે છોડતો નથી. તો પછી 'ખાઈ લેવું' એ વાત ક્યાંથી લાવ્યો ? જીવ પરનાં કાર્ય કરે તો તો જીવ પરવસ્તુ સાથે એકમેક થઈ જાય – એ મોટો દોષ આવી પડે. આત્મા અને જડ વસ્તુ ભિન્ન ભિન્ન છે, ને બંને પોતપોતનાં જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વર્તે છે, તેમાં કોણ કોનું કરે ? જીવ બહુ તો રાગ કરે પણ તે રાગથી કાંઈ જડ પદાર્થોનાં કામ તે કરી શકતો નથી.

જુઓ, આ વસ્તુની સ્વતંત્ર મર્યાદા છે. કોઈ દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાને ઓળંગીને પરનાં કામ કરતું નથી. આત્મા શરીરનું કામ કરે તો આત્મા અને શરીર એક થઈ જાય, માણસ ઘોડાને ચલાવે તો માણસ અને ઘોડો એક થઈ જાય ! આત્મા રોટલા ખાય તો રોટલા અને આત્મા એક થઈ જાય ! – પણ એમ કદી બનતું નથી. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં રહીને પોતાનું કાર્ય જ કરે છે. આત્મા વિકાર કરે તેથી કાંઈ તે જડકર્મમાં ભળી જતો નથી. બે દ્રવ્યો કદી એકરૂપ થઈને પરિણમતાં નથી, કદી કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થતું નથી. લોકનાં છ દ્રવ્યોનું વર્ણન કરીને જીવની વાત વિશેષ લીધી છે, કેમકે છ દ્રવ્યોમાં જીવને સમજાવવો છે, સમજનાર જીવ છે. વસ્તુ પોતાના પરિણામમાં વર્તે છે પણ પરના પરિણામમાં વર્તતી નથી. જીવ પોતાના જ્ઞાન પરિણામમાં કે રાગપરિણામમાં વર્તે, પણ પરવસ્તુમાં

તે વર્તી શકે નહિ. સમવસરણમાં બેઠો હોય ને ભગવાનની વાણી સાંભળતો હોય, તે શ્રવણ વખતે પોતાના કારણે જ્ઞાન થાય છે, વાણીના પરમાણુ ભિન્ન પરિણમે છે, ને આત્માનું જ્ઞાન ભિન્ન પરિણમે છે, કોઈ કોઈના કર્તા નથી. જુઓ, આ વાત સમજે તો અનંત પરદ્રવ્યોથી ઉદાસીન થઈ જાય ને જ્ઞાનસ્વભાવ તરફ વલણ થઈ જાય – એનું નામ ધર્મ છે.

## જેઠ વદ ૧૦, મંગળવાર, ૧૭-૬-૫૨

જગતમાં બધા પદાર્થો ભિન્ન ભિન્ન છે, તેને સર્વથા એકરૂપ માનવામાં દૂષણ બતાવે છે.

ગાથા–૨૩૪

**આગળ સર્વથા એકરૂપ માનવામાં દૂષણ દર્શાવે છે :–**

**अथवा ब्रह्मस्वरूपं एक सर्वं अपि मन्यते यदि हि।**
**चाण्डालब्राह्मणानां तत् न विशेषः भवेत् कश्चित्।।२३४।।**

**અર્થ :– જો સર્વથા એક જ વસ્તુ માની બધુંય બ્રહ્મનું સ્વરૂપ માનીએ તો બ્રાહ્મણ અને ચાંડાલનો કાંઈ પણ ભેદ રહેતો નથી.**

**ભાવાર્થ :– સર્વ જગતને એક બ્રહ્મસ્વરૂપ માનીએ તો નાનાંરૂપ (ભિન્નભિન્નરૂપ) ઠરતાં નથી, વળી 'અવિદ્યાથી નાનારૂપ દેખાય છે' એમ માનીએ તો એ અવિદ્યા કોનાથી ઉત્પન્ન થઈ તે કહો ? જો 'બ્રહ્મથી થઈ' એમ કહો તો તે બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે ? અથવા સત્‌રૂપ છે કે અસત્‌રૂપ છે ? અથવા તે એકરૂપ છે કે અનેકરૂપ છે ? એ પ્રમાણે વિચાર કરતાં એમાંનું કાંઈ ઠરતું નથી. માટે વસ્તુનું સ્વરૂપ અનેકાન્ત જ સિદ્ધ થાય છે**

**અને એ જ સત્યાર્થ છે.**

જગતમાં અનંતા પદાર્થો છે. તે બધાય સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. કોઈને કોઈનો આધાર પરમાર્થે નથી. આત્મા જ્ઞાન અને રાગ કરે, પણ શરીર વગેરે પરનું કામ કરે નહિ. જો આત્મા પરનું કામ કરે તો તે પરથી ભિન્ન રહેતો નથી. પણ પર સાથે એકમેક થઈ જાય છે. એટલે કે વેદાંતની જેમ સર્વથા અદ્વૈત થઈ જશે. અને મોટો દોષ આવશે. આત્મા બોલે, આત્મા ખાય, આત્મા શરીરને ચલાવે એમ જે માને છે તેઓ વેદાંતની જેમ મિથ્યાદષ્ટિ છે. વેદાંત બધું થઈને એક અદ્વૈતબ્રહ્મ માને છે. ને તેણે પણ આત્માને અને પરને એકમેક માન્યા, તેથી તે પણ વેદાંતી જેવો જ થયો. જીવ રાગ કરે પણ પરનાં કામ ન કરે. દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે, પદાર્થ સ્વથી છે ને પરપણે નથી – એવું અનેકાંતસ્વરૂપ છે. જો બધું થઈને એક જ અદ્વૈત હોય તો બ્રાહ્મણ અને ચાંડાળ વચ્ચે કાંઈ ભેદ રહેતો નથી. આ બ્રાહ્મણ છે, આ ચાંડાળ છે, આ પુરુષ છે, આ સ્ત્રી છે – એવો ભેદ અદ્વૈતબ્રહ્મમાં કઈ રીતે હોય ? અને એ ભેદો તો પ્રત્યક્ષ દેખાય છે, માટે દરેકનો આત્મા ભિન્ન ભિન્ન છે, ને શરીરો પણ ભિન્ન ભિન્ન છે.

ભાવાર્થ :– સર્વ જગતને એક બ્રહ્મસ્વરૂપ માનીએ તો નાનાંરૂપ (ભિન્નભિન્નરૂપ) ઠરતાં નથી, વળી 'અવિદ્યાથી નાનારૂપ દેખાય છે' એમ માનીએ તો એ અવિદ્યા કોનાથી ઉત્પન્ન થઈ તે કહો ? જો 'બ્રહ્મથી થઈ' એમ કહો તો તે બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે ? અથવા સત્‌રૂપ છે કે અસત્‌રૂપ છે ? અથવા તે એકરૂપ છે કે અનેકરૂપ છે ? એ પ્રમાણે વિચાર કરતાં એમાંનું કાંઈ ઠરતું નથી. માટે વસ્તુનું સ્વરૂપ અનેકાન્ત જ સિદ્ધ થાય છે અને એ જ સત્યાર્થ છે.

બધા તત્ત્વો ભિન્ન ભિન્ન છે એમ કહે અને વળી એક તત્ત્વ બીજા તત્ત્વને કરે – એમ માને, તો તેણે ખરેખર તત્ત્વોને ભિન્ન ભિન્ન નથી માન્યાં પણ વેદાંતની જેમ બધાને એકમેક માન્યાં છે. 'મારું શરીર, મારાં કપડાં' એમ ભાષા બોલાય પણ ખરેખર તેમ નથી. આત્માએ શરીરમાં કે કપડાંમાં પ્રવેશ કર્યો નથી, આત્મા આત્મામાં ને શરીર શરીરમાં, રાજાનો આત્મા જુદો, ને પ્રજાનો આત્મા જુદો, ભગવાન થયા તેમનો આત્મા જુદો, ને આ આત્મા જુદો, એમ દરેક તત્ત્વ જુદે જુદું છે. બે તત્ત્વો કદી એકમેક થતાં નથી. જો અદ્વૈત બ્રહ્મ

હોય તો ભૂલ કેમ થાય ? પરલક્ષ વગર એકલામાં ભૂલ ન હોય, જુઓ, ભિન્ન ભિન્ન તત્ત્વોને માન્યા વગર સ્વભાવ તરફ વળે નહિ ને સ્વભાવ તરફ વળ્યા વગર વીતરાગતા થાય નહિ. કોઈ કહે કે 'ભલે બધા થઈને એક માને પણ પ્રયોજન તો વીતરાગભાવ કરવાનું છે ને ?' પણ ભાઈ ! પર સાથે એકતા માની તેને પરનું અભિમાન ટળશે નહિ, ને તે સ્વભાવ તરફ વળશે નહિ. પરથી જુદાપણું જાણ્યા વગર પરલક્ષ છોડીને સ્વભાવ તરફ કેમ વળે ? અને સ્વભાવ તરફ વળ્યાં વગર વીતરાગતા થાય નહિ. પરનું આત્મા કરે એમ માનતાં વેદાંત જેવું મિથ્યાત્વ થઈ જાય છે. આત્મા ભાષા બોલે તો આત્મા ભાષાથી જુદો ન રહી શકે, એટલે આત્મા જડ થઈ જાય. જુદા તત્ત્વો હોય તો પરનું શું કરે ? 'બધું થઈને એક જ તત્ત્વ છે પણ અજ્ઞાનથી જુદાં ભાસે છે' એમ કોઈ કહે તો તેને પૂછીએ છીએ કે તે અજ્ઞાન ક્યાંથી આવ્યું ? એકલા બ્રહ્મમાં અજ્ઞાન હોય નહિ. અને અજ્ઞાન છે એમ કહે, તો બે વસ્તુ સિદ્ધ થઈ ગઈ. તે જ પ્રમાણે જૈન મતમાં પણ કોઈ કહે કે 'આત્મા અને પરવસ્તુ જુદી છે, પણ વ્યવહારે આત્મા પરનું કરે છે' – તો તેને પૂછીએ છીએ કે 'તે વ્યવહાર ક્યાંથી આવ્યો ?' વ્યવહાર તે વિકલ્પ છે, તે વિકલ્પ તો આત્માનો છે. કાંઈ જડમાં તે વિકલ્પ થયો નથી માટે આત્મા પોતામાં વ્યવહારનો વિકલ્પ કરે, પણ આત્મા પરનું વ્યવહારે કરે – એમ નથી. એ રીતે ભિન્ન ભિન્ન તત્ત્વો છે, તેઓ કોઈ કોઈનું કાંઈ કરતાં નથી. વસ્તુ પોતાપણે છે, ને પરપણે નથી, અથવા દરેક પદાર્થ વસ્તુપણે એક છે ને ગુણપર્યાયોથી અનેક છે. એવું અનેકાંતસ્વરૂપ છે – એમ સમજવું.

હવે કોઈ કહે કે આત્મા અણુમાત્ર જ છે – તો તેમાં દૂષણ બતાવે છે.

ગાથા–૨૩૫

**આગળ તત્ત્વને અણુમાત્ર માનવામાં દૂષણ દર્શાવે છે :–**

**अणुपरिमाणं तत्त्वं अंशविहीनं च मन्यते यदि हि।**
**तत् सम्बन्धाभावः ततः अपि न कार्य्यसंसिद्धिः।।२३५।।**

**અર્થ :– જો એક વસ્તુ સર્વગત – પોતાના સર્વપર્યાયોમાં વ્યાપક ન માનવામાં આવે પણ અંશરહિત, અણુપરિણામ તત્ત્વ માનવામાં આવે તો બે અંશના તથા પૂર્વ–ઉત્તર અંશના**

**સંબંધના અભાવથી એવી અણુમાત્ર વસ્તુથી કાર્યની સિદ્ધિ થતી નથી.**

**ભાવાર્થ :– નિરંશ, ક્ષણિક અને નિરન્વયી વસ્તુમાં અર્થક્રિયા થાય નહિ માટે વસ્તુને કથંચિત્ અંશસહિત, નિત્ય તથા અન્વયી માનવા યોગ્ય છે.**

આત્મા સર્વ પદાર્થોમાં વ્યાપક છે. એ વાતનો તો પહેલાં નિષેધ કર્યો, હવે આત્મા સર્વથા અણુમાત્ર જ નથી – એમ કહે છે. જો આત્મા પોતાની બધી પર્યાયોમાં સર્વગત ન હોય એટલે કે સળંગપણે વ્યાપતો ન હોય તો પહેલા – પછીના અંશો વગર વસ્તુ સિદ્ધ થાય નહિ, એક ક્ષણિક વિચાર આવ્યો તે અંશ છે, તે અંશ જેટલો જ આત્મા હોય તો તે વિચારનો નાશ થઈને બીજો વિચાર પ્રગટી શકે નહિ. એક સમયની પર્યાયના અંશ જેટલો જ આત્મા નથી, પણ આત્મા તો ત્રણ કાળની પર્યાયોમાં સર્વવ્યાપક છે. ક્ષેત્રથી સર્વવ્યાપક નથી, પણ પોતાના ભાવોમાં સર્વવ્યાપક છે. પરમાં વ્યાપક નથી ને પોતામાં વ્યાપક છે એવો અનેકાંત છે. આત્મા પરથી ભિન્ન રહીને પોતાની બધી પર્યાયોમાં વ્યાપે છે. જો સર્વ અવસ્થાઓમાં આત્માને વ્યાપક ન માનો તો પહેલાંની ને પછીની અવસ્થાઓને કાંઈ મેળ જ ન રહે. પણ પહેલી પર્યાયમાં જે આત્મા વ્યાપક છે, તે જ બીજી પર્યાયમાં વ્યાપક છે, પર્યાયો ભિન્ન ભિન્ન થાય છે, પણ તેમાં વ્યાપક દ્રવ્ય એક જ છે. રાગ-પર્યાયમાં કે વીતરાગપર્યાયમાં – બધામાં આત્મા સળંગ રહેનારો છે. જો આત્મા સળંગપણે પોતાની બધી પર્યાયોમાં વ્યાપક ન હોય પણ એક પર્યાય જેટલો જ અંશમાત્ર હોય તો તે નિરંશ ક્ષણિક અને નિરન્વય થઈ જાય, – એવી વસ્તુમાં કાંઈ કાર્ય થઈ શકે નહિ. માટી સર્વથા પિંડ અવસ્થા જેટલી જ હોય તો ઘડો થાય નહિ. ઘડો અંશ ને પિંડ અંશ – તે બંને અંશોમાં માટી વ્યાપક છે. તેમ રાગ અવસ્થા કે વીતરાગ અવસ્થા – અલ્પજ્ઞદશા કે સર્વજ્ઞદશા – તે બધા અંશોમાં સળંગપણે આત્મા વ્યાપક છે, જો તેમ ન હોય ને રાગઅવસ્થા જેટલો જ હોય તો તે અંશમાત્ર ઠરે, ને રાગઅંશ પલટીને વીતરાગ અંશ થઈ શકે નહિ, અલ્પજ્ઞતા પ્રગટીને સર્વજ્ઞતા થઈ શકે નહિ. માટે વસ્તુ સર્વથા અંશમાત્ર નથી. પણ પહેલા – પછીના બધા અંશોમાં તે વ્યાપક છે. એટલે કે અંશોસહિત છે. નિત્ય છે ને સર્વ પર્યાયમાં સળંગ રહેનાર છે. પહેલી પર્યાયમાં એક આત્મા ને બીજી પર્યાયમાં બીજા આત્મા – એમ નથી. પણ બધી પર્યાયોમાં એક જ આત્મા સળંગ છે. દૂધ પલટીને દહીં થયું ત્યાં બંને પર્યાયોમાં પરમાણુઓ

સળંગ રહ્યા છે, દૂધના પરમાણુનો નાશ થઈને દહીંના પરમાણુઓ નવા આવ્યા – એમ નથી. તેમ રાગપર્યાય પલટીને વીતરાગ પર્યાય થઈ – તે બધી પર્યાયોમાં આત્મા સળંગ વ્યાપક છે. જો સર્વથા અંશમાત્ર વસ્તુ હોય તો પર્યાયનો નાશ થતાં વસ્તુનો જ સર્વથા નાશ થઈ જાય ! પણ એમ નથી. ત્રણ કાળની પર્યાયમાં દ્રવ્ય સળંગ રહેનારું છે.

જુઓ, પોતાની બધી પર્યાયોમાં આત્મા પોતે વ્યાપક છે. વિકારી પર્યાયમાં પણ આત્મા છે, ને નિર્વિકારી પર્યાયમાં પણ આત્મા છે. એટલે કે વિકારી પર્યાય કર્મે કરાવી – એમ નથી.

દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એમ કહેવાય કે આત્મામાં વિકાર છે જ નહિ, વિકાર તે પુદ્‌ગલનું કાર્ય છે , પણ એવી દ્રવ્યદૃષ્ટિ કોને થાય ? કે જેને પર્યાયની સ્વતંત્રતાનું ભાન હોય તેને હજી પર્યાયને પણ જે સ્વાધીન ન જાણે, તેને ત્રણકાળની પર્યાયના પિંડરૂપ દ્રવ્યની દૃષ્ટિ થાય નહિ. પર્યાયમાં વિકાર છે તે કર્મે કરાવ્યો નથી, પણ મારા અપરાધથી છે, એમ અંશને સ્વતંત્ર જાણે, ને તે અંશ જેટલો ત્રિકાળ સ્વભાવ નથી, એમ જાણે – તો દ્રવ્યદૃષ્ટિ થાય. પણ કર્મ જ વિકાર કરાવે છે – એમ માને તો તેને પર્યાયનું પણ ભાન નથી, ને તેને દ્રવ્યદૃષ્ટિ થતી નથી.

જો પદાર્થો નિરંશ હોય એટલે એક પર્યાયમાત્ર જ હોય, ક્ષણિક હોય ને નિરન્વય એટલે કે સળંગતા વગરના હોય તો વસ્તુમાં પ્રયોજનભૂત પ્રવૃત્તિ બની શકે નહિ, એટલે કે વસ્તુ જ સિદ્ધ ન થાય. માટે પૂર્વ–ઉત્તર અનેક પર્યાયોમાં વ્યાપક નિત્ય સળંગ વસ્તુ છે – એમ જાણવું.

ગાથા–૨૩૬

**આગળ દ્રવ્યમાં એકત્વપણું નિશ્ચય કરે છે :–**

**सर्वेषां द्रव्याणां द्रव्यस्वरूपेण भवति एकत्वं।**
**निजनिजगुणभेदेन हि सर्वाणि अपि भवन्ति भिन्नानि।।२३६।।**

**અર્થ :– બધાંય દ્રવ્યોને દ્રવ્યસ્વરૂપથી તો એકત્વપણું છે તથા પોતપોતાના ગુણોના ભેદથી સર્વ દ્રવ્યો ભિન્ન ભિન્ન છે.**

**ભાવાર્થ :– દ્રવ્યનું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ સત્ છે, હવે એ સ્વરૂપથી તો સર્વને એકપણું છે તથા ચેતનતા–અચેતનતા આદિ પોતપોતાના ગુણથી ભેદરૂપ છે માટે ગુણના ભેદથી બધાં દ્રવ્યો ન્યારાં ન્યારાં છે. વળી એક દ્રવ્યને ત્રિકાળવર્તી અનંત પર્યાય છે તે બધા પર્યાયોમાં દ્રવ્યસ્વરૂપથી તો એકતા જ છે, જેમ ચેતનના પર્યાય બધા ચેતનસ્વરૂપ જ છે તથા પ્રત્યેક પર્યાય પોતપોતાના સ્વરૂપથી ભિન્ન ભિન્ન પણ છે, ભિન્ન ભિન્ન કાળવર્તી છે તેથી ભિન્ન ભિન્ન પણ કહીએ છીએ, પરંતુ તેને પ્રદેશભેદ નથી તેથી એક જ દ્રવ્યના અનેક પર્યાય હોય છે તેમાં વિરોધ નથી.**

અમૃતના અનુભવની ખુમારી સહિત જંગલમાં વિચરતા 'શ્રી કાર્ત્તિકેયમુનિ'ની આ વાણી છે. જંગલમાં શુભવિકલ્પ ઊઠ્યો અને આ રચના થઈ ગઈ. ભિન્ન ભિન્ન શૈલીના ન્યાયોથી વસ્તુસ્વરૂપનું અદ્‌ભુત વર્ણન કર્યું છે !

બધા પદાર્થો વસ્તુસ્વરૂપથી તો એક છે. જીવાદિ પદાર્થોને વસ્તુ કહેવાય. આ રીતે તેમનામાં એકપણું છે, તથા પોતપોતાના ગુણો અને પર્યાયોથી ભિન્ન ભિન્નપણું છે. આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણ–પર્યાય વડે જડ પદાર્થના ગુણ–પર્યાયથી જુદો છે.

ભાવાર્થ :– દ્રવ્યનું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ સત્ છે, હવે એ સ્વરૂપથી તો સર્વને એકપણું છે તથા ચેતનતા–અચેતનતા આદિ પોતપોતાના ગુણથી ભેદરૂપ છે માટે ગુણના ભેદથી બધાં દ્રવ્યો ન્યારાં ન્યારાં છે. વળી એક દ્રવ્યને ત્રિકાળવર્તી અનંત પર્યાય છે તે બધા પર્યાયોમાં દ્રવ્યસ્વરૂપથી તો એકતા જ છે, જેમ ચેતનના પર્યાય બધા ચેતનસ્વરૂપ જ છે તથા પ્રત્યેક પર્યાય પોતપોતાના સ્વરૂપથી ભિન્ન ભિન્ન પણ છે, ભિન્ન ભિન્ન કાળવર્તી છે તેથી ભિન્ન ભિન્ન પણ કહીએ છીએ, પરંતુ તેને પ્રદેશભેદ નથી તેથી એક જ દ્રવ્યના અનેક પર્યાય હોય છે તેમાં વિરોધ નથી.

દ્રવ્યનું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે. નવી પર્યાયથી ઉત્પન્ન થાય, જૂની પર્યાયથી વ્યય થાય અને સદૃશપણે ધ્રુવ રહે એવું દ્રવ્ય તે સત્ છે. શરીર કર્માદિનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય શરીરાદિમાં છે. જીવનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય શરીરાદિથી જુદાં છે. સત્‌ની અપેક્ષાએ તો બધાં દ્રવ્યો છે. સત્ છે તે અપેક્ષાએ તેમનામાં એકત્વ છે. કોઈ સત્ ને કોઈ અસત્ હોય એમ નથી. તોપણ દરેક દ્રવ્ય પોતપોતાના ગુણોથી ભિન્નભિન્ન છે. આત્મા ચેતન છે, શરીર-કર્મ-

મકાન જડ છે, આમ ગુણભેદે બધા પદાર્થો જુદેજુદા છે.

વળી દરેક દ્રવ્યને ત્રિકાળવર્તી અનંત પર્યાયો છે. તેમાં તે દ્રવ્ય સળંગ રહે છે તે અપેક્ષાએ પણ દ્રવ્યને એકપણું છે. ત્રણકાળના જેટલા સમયો છે તેટલા જ દરેક દ્રવ્યના પર્યાયો છે. તે બધા પર્યાયોમાં દ્રવ્યને સ્વરૂપથી તો એકતા જ છે.

# પ્રસાદ નં. – ૨૩૯

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૩, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૫-૬-૫૨, બુધવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૧૧, બુધવાર, ૧૮-૬-૫૨ સવાર)**

આ લોક અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. લોકમાં અનંત દ્રવ્યો ભિન્ન ભિન્ન છે, તે દ્રવ્યો ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ સત્ છે. દરેક દ્રવ્યમાં ક્ષણે ક્ષણે નવી પર્યાય ઊપજે છે, જૂની પર્યાય ટળે છે ને વસ્તુપણે તે ધ્રુવ રહે છે. બધાં દ્રવ્યો ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સત્ છે. એ અપેક્ષાએ તેમનામાં સમાનપણું છે. પણ તેમના વિશેષ ગુણ–પર્યાયોથી ભિન્ન સ્વરૂપ છે. જીવમાં ચેતનગુણ છે, પુદ્‌ગલમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે – એમ ગુણોથી તેમને ભિન્નતા છે. સત્‌પણું તો બંનેમાં છે, પણ તેમાં એક ચેતન ને બીજું જડ – એવા ભેદો છે.

વળી એક દ્રવ્યમાં ત્રણ કાળના અનંત પર્યાયો છે, પણ તેમાં દ્રવ્યપણે તો એકતા છે. પર્યાયથી જુઓ તો ભિન્નભિન્ન અનેકતા ભાસે છે. પણ દ્રવ્યપણે તો એકતા જ છે. પહેલાં બધાં દ્રવ્યોના સત્‌પણાની અપેક્ષાએ એકતા કહી ને પછી એક જ દ્રવ્યમાં પોતાના અનંત પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકતા કહી. સિદ્ધ પણ સત્ ને નિગોદ પણ સત્. જીવ પણ સત્ ને અજીવ પણ સત્ – એમ બધું સત્ છે – તેને જાણવામાં વીતરાગતા જ આવે છે. બધું સત્ છે ને હું તેનો જાણનાર છું, ક્યાંય ફેરવનાર નથી – એવા નિર્ણયમાં વીતરાગતા છે.

એક દ્રવ્યમાં તેના ત્રણકાળના જે પર્યાયો છે તે બધા તે દ્રવ્યસ્વરૂપ છે. ચેતનદ્રવ્યના ત્રણકાળના પર્યાયો ચેતનરૂપ છે, ને જડના જડરૂપ છે. ચેતનની પર્યાય કદી જડરૂપ ન થાય, ને જડની પર્યાય કદી ચેતનરૂપ ન થાય. રાગ પર્યાય કે વીતરાગપર્યાય તે ચેતનદ્રવ્યની જ પર્યાયો છે. આમ સમજે તો જડથી ભિન્નતા જાણે ને ત્રિકાળી દ્રવ્યની પ્રતીતિ થાય. મારા ત્રણકાળના પર્યાયોમાં હું એકરૂપ રહેનારો છું, પર્યાયો ભિન્નભિન્ન હોવા છતાં દ્રવ્યપણે એકતા છે, એમ જાણતાં પર્યાયબુદ્ધિ છૂટીને દ્રવ્યબુદ્ધિ થાય તે ધર્મ છે.

ઉત્પાદ–વ્યય અપેક્ષાએ પર્યાયમાં અનેકતા છે. ને ધ્રુવ અપેક્ષાએ એકતા છે. આ ઉત્પાદ–વ્યય–ધ્રુવ તે સત્‌ના અંશ છે, કોઈના ઉત્પાદ–વ્યય કોઈ બીજાને કારણે નથી. એક અચેતન પરમાણુના ત્રણકાળના જેટલા પર્યાયો છે તે બધાય અચેતનપણે વર્તે છે. તેની વિધવિધ પર્યાયો તેના કારણે થાય છે. ધ્રુવપણે તેનો એકરૂપ સ્વભાવ છે, ને ઉત્પાદ–વ્યયપણે તેનો જ અનેકરૂપ થવાનો સ્વભાવ છે. કર્મ તે અચેતનની પર્યાય છે. તે કદી જીવરૂપ થાય નહિ. કાને બહેરો હોય ત્યાં સાંભળી ન શકાય. પણ ત્યાં જીવના જ્ઞાનની જ તેવી યોગ્યતા છે, કાન તો અચેતનની પર્યાય છે, ને જ્ઞાન તો જીવની પર્યાય છે. ત્રણકાળની પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકતા છે. અને દરેક સમયના પર્યાયો ભિન્ન ભિન્ન પણ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન છે, તેના ગુણો ભિન્ન છે, ને તેની પર્યાયો પણ ભિન્ન ભિન્ન છે. અને એક દ્રવ્યના ત્રણકાળના પર્યાયોમાં પણ દરેક સમયની પર્યાય પોતપોતાના કાળે સત્ છે, પહેલી પર્યાય કરતાં બીજી પર્યાય ભિન્ન છે. પહેલી પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી. પર્યાય તે કાળે સત્ છે, તે ક્યાંથી આવી ? એમ કહેવું હોય તો તે ધ્રુવ દ્રવ્યમાંથી આવી છે, એમ કહેવાય. પૂર્વ પર્યાયનો તો વ્યય થઈ જાય છે. ત્રણકાળની પર્યાયો ધારાવાહીપણે સત્ છે. પહેલા સમયની પર્યાય પહેલા સમયે સત્ ને બીજા સમયની પર્યાય બીજા સમયે સત્ છે. પહેલી પર્યાયમાં અજ્ઞાન હોય ને બીજી પર્યાયમાં સમ્યગ્જ્ઞાન થઈ જાય છે, જુઓ, દરેક પર્યાય પોતપોતાના સ્વરૂપથી સત્ છે, ને પૂર્વ – પછીની પર્યાયોથી તે અસત્ છે. અહો ! જ્ઞાન શું કરે ? કે સત્‌ને જેમ હોય તેમ જાણે. પણ તેમાં કાંઈ ફેરવે નહિ. પર્યાય સત્ છે, તે સત્‌ને કોણ ફેરવે ? અનંત પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકતા હોવા છતાં ત્રણકાળના પર્યાયો ભિન્નભિન્ન છે. આવો જ લોકના પદાર્થોનો સ્વભાવ છે. ત્યાં 'આમ કેમ' એવો પ્રશ્ન રહેતો નથી. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. ને પદાર્થો પ્રમેય સ્વભાવવાળા છે, તેઓ પ્રમેય તરીકે રહે છે, ને જ્ઞાન તેને જાણે છે, પણ જ્ઞાન પદાર્થોને ફેરવે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. આંખ અગ્નિને

અને બરફને દેખે, પણ પોતે તેરૂપ થઈ જાય નહિ કે તેને ફેરવે નહિ, તેમ જ્ઞાનનો સ્વભાવ બધાને જાણવાનો છે. કોઈ દ્રવ્યને, ગુણને કે પર્યાયને ફેરવવાનો તેનો સ્વભાવ નથી.

લોકો કહે છે કે આવું માને તો તો જંગલમાં જઈને બેસવું જોઈએ. પણ અરે ભાઈ ! દરેક તત્ત્વ પોતપોતાના સ્વરૂપમાં જ છે ને પરનો તો તેનામાં અભાવ જ છે, તેથી દરેક તત્ત્વ એકાંત જંગલમાં જ બેઠું છે. દ્રવ્યમાં પરનો પ્રવેશ છે જ નહિ. અસંગ ચૈતન્યતત્ત્વને પરમાર્થે પરનો સંગ નથી, એવા અસંગ તત્ત્વને શ્રદ્ધા–જ્ઞાનમાં લઈને તેનો નિર્વિકલ્પ અનુભવ કરવાની આ વાત છે.

એક દ્રવ્યના ત્રણ કાળના પર્યાયો છે. તે પર્યાયોમાં કાળભેદ છે. તેથી તે ભિન્નભિન્ન છે. એક સમયમાં બે પર્યાયો થાય નહિ. દરેક પર્યાયનો કાળ ભિન્નભિન્ન છે, એટલે પૂર્વપર્યાયના કારણે વર્તમાન પર્યાય થતી નથી પણ ધ્રુવદ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે. માટે પર્યાયના આશ્રયથી બુદ્ધિ ન રહી પણ ધ્રુવ દ્રવ્યનો જ આશ્રય રહ્યો. પર્યાયનો કાળ એક સમયનો છે. ને વસ્તુ તો ત્રિકાળ છે. એમ સમજતાં ક્ષણિક પર્યાય તરફનું વલણ છૂટીને ધ્રુવ વસ્તુ તરફ વલણ થઈ જાય છે. ને ધ્રુવ સ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાય થાય છે. આનું નામ ધર્મ છે.

ભૂતકાળની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે. તે ભૂતકાળની પર્યાય વર્તમાનમાં આવતી નથી તો તે શું લાભ–નુકસાન કરે ? ભવિષ્યકાળની પર્યાય વર્તમાનમાં આવતી નથી. તો તેમાં તું શું કરીશ ? પર પદાર્થો તારામાં આવતા નથી તો તે તને શું લાભ–નુકસાન કરશે ?

બધા વર્તમાન પર્યાયને ધ્રુવ તરફ વાળીને તેમાં જ એકાગ્ર થવાનું રહ્યું. પરનો પોતામાં અભાવ છે માટે પરના આશ્રયની બુદ્ધિ ન રહી, એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ છે. માટે પર્યાય જેટલી બુદ્ધિ ન રહી, ધ્રુવ દ્રવ્યનો જ આશ્રય કરવાનું રહ્યું. લોકના પદાર્થો અને તેના ત્રણકાળના પર્યાયો જેમ છે તેમ સત્ છે, અહો ! એકલો જાણનાર રહી ગયો, તેમાં વીતરાગભાવ જ છે ! સંતોએ વસ્તુસ્વભાવનું આવું સત્ વર્ણન કર્યું છે. બે પદાર્થો કદી એક થતા જ નથી, ને એક દ્રવ્યની બે પર્યાયો પણ એક થતી નથી તો એક બીજાને શું આપે ? દરેક પદાર્થ સ્વતંત્ર, ને તેનું સમય સમયનું પરિણમન પણ સ્વતંત્ર ! પર્યાયોને કાળભેદ છે પણ પ્રદેશભેદ નથી, આત્માના અસંખ્યપ્રદેશમાં જ તેની બધી પર્યાયો થાય છે. પહેલી પર્યાયમાં જે અસંખ્યપ્રદેશો છે તે જ પ્રદેશો ત્રણેકાળની પર્યાયમાં છે. પ્રદેશો ભિન્નભિન્ન નથી, પહેલી પર્યાય અમુક પ્રદેશોમાં થઈ ને બીજી પર્યાય બીજા પ્રદેશોમાં થઈ – એવો

પ્રદેશભેદ નથી. એક જ દ્રવ્યના બધા પર્યાયો છે. આ રીતે વસ્તુમાં કથંચિત્ એકપણું ને કથંચિત્ અનેકપણું – એવો સ્વભાવ છે. તેમાં વિરોધ નથી. આવા વસ્તુસ્વભાવનું જ્ઞાન કરવું જોઈએ.

ગાથા–૨૩૭

**આગળ દ્રવ્યને ગુણ–પર્યાયસ્વભાવપણું દર્શાવે છે :–**

**यः अर्थः प्रतिसमयं उत्पादव्ययध्रुवत्वसद्भावः।**
**गुणपर्य्यायपरिणामः सत् सः भण्यते समये।।२३७।।**

**અર્થ :– અર્થ એટલે વસ્તુ છે તે સમયે સમયે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણાના સ્વભાવરૂપ છે અને તે ગુણ–પર્યાય પરિણામસ્વરૂપ સત્ત્વ સિદ્ધાંતમાં કહ્યું છે.**

**ભાવાર્થ :– જીવાદિ વસ્તુ છે તે ઉપજવું, વિણસવું અને સ્થિર રહેવું એ ત્રણે ભાવમય છે, અને જે વસ્તુ ગુણ–પર્યાય પરિણામસ્વરૂપ છે તે જ સત્ છે. જેમ જીવદ્રવ્યનો ચેતના ગુણ છે, તેનું સ્વભાવ–વિભાવરૂપ પરિણમન છે તથા સમયે સમયે પરિણમે છે તે પર્યાય છે. એજ પ્રમાણે પુદ્ગલદ્રવ્યનાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણ છે, તે સમયે સમયે સ્વભાવ કે વિભાવરૂપે પરિણમે છે તે પર્યાય છે. એ પ્રમાણે બધાં દ્રવ્યો ગુણ–પર્યાય પરિણામસ્વરૂપ પ્રગટ છે.**

દરેક દ્રવ્યનો સ્વભાવ સમયે સમયે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ રહેવાનો છે. હાથનું હલનચલન આત્માની ઇચ્છાથી નથી. ઢેડ ગરોળીની પૂંછડી કપાઈ જતાં તે કંપે છે તે તે પરમાણુને કારણે છે. આત્માના પ્રદેશો તેમાં છે તેથી તે ચાલે છે – એમ નથી, તેમ જ આત્મ પ્રદેશો જે ત્યાં કંપે છે તે આત્માના કારણે કંપે છે પરંતુ તે પૂંછડીના પરમાણુને કારણે નહિ. બંનેના ઉત્પાદ–વ્યય સ્વતંત્ર છે, કોઈ અન્યને કારણે તે નથી. આત્માના પર્યાયમાં જે દુઃખભાવ થાય છે તે તેના પોતાના કારણે છે, સંધિવા કે બીજા રોગને કારણે નથી. સંધિવા તો શરીરમાં છે. આત્મામાં નથી. આત્મા તેને પોતાનામાં માની લ્યે છે તે જ દુઃખ છે.

ચિંતાદિ કલ્પના જીવ પોતાના કારણે જ કરે છે, પરંતુ કોઈ આસપાસના સંયોગને કારણે કરતો નથી. આમ પર્યાય પોતાના કારણે જ થાય છે – એમ જાણે તો પર સામું જોવાનું રહે નહિ. પોતાના દ્રવ્ય સન્મુખ જ જોવાનું રહે. પોતાના હાથ નીચેનો માણસ લક્ષ્મી–સન્માન આદિમાં આગળ વધતાં પોતાને જે ઈર્ષા–મનમાં ખળભળાટ થાય તે પોતાના કારણે છે, તે માણસ આગળ વધ્યો તે કારણે નથી. મફતનો પોતે કલ્પના કરે છે. કહેવત છે ને કે 'ઊઠ પાણા પગ ઉપર' – તેમ જગતનો ઉત્પાદ–વ્યય થાય છે તેમાં આ મૂઢ ઘાલમેલ કરવા જતાં પોતાના ઉપર આકુળતા વહોરી લે છે. દરેક દ્રવ્યના ઉત્પાદ–વ્યય સ્વતંત્ર તેના કારણે થાય છે, કોઈ તેમાં ફેરફાર કરી શકે નહિ. આમ જાણે તો પોતાના જ્ઞાતાદષ્ટા સ્વભાવ તરફ વળવાનું રહે અને શાંતિ પામે, બીજું કાંઈ આત્માનું કાર્ય છે નહિ.

**જેઠ વદ ૧૨, ગુરુવાર, ૧૯-૬-૫૨**

આ લોક ભાવનાનો અધિકાર છે. સમ્યગ્દષ્ટિને આ બાર ભાવના હોય છે, તે ભાવના ભવ્યજન આનંદજનની છે. સ્વભાવ ધ્રુવ નિત્યાનંદ છે તેની સન્મુખ દષ્ટિ કરતાં શુદ્ધિ પ્રગટે છે. તેવા જીવને નિમિત્તબુદ્ધિ હઠી ગઈ છે, વર્તમાન પુણ્ય–પાપ ઉપરથી બુદ્ધિ છૂટી ગઈ છે, પર્યાયના આશ્રયથી ધર્મ માનવાની બુદ્ધિ પણ છૂટી ગઈ છે, પણ ત્રિકાળ શુદ્ધ કારણપરમાત્મા – શુદ્ધ કારણજીવ જે એકરૂપ નિત્યાનંદસ્વરૂપ છે તેનું આલંબન વર્તે છે. સમ્યગ્દર્શન પછી નબળાઈથી રાગ થાય પણ જ્ઞાનીને તેની રુચિ નથી. તે પરની અવસ્થા પોતાને આધીન માનતો નથી, ક્રમબદ્ધ જે પર્યાય થવાયોગ્ય છે તે જ થાય છે એમ તે માને છે. રાગને ટાળું એવી પણ રુચિ નથી કેમકે રાગ તો એક સમયમાત્રનો છે તેનું ટાળું એવી ઇચ્છા થાય છે ને તેનાથી લાભ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

ઇચ્છાથી હાથ ચલાવી શકું છું એમ માનનાર મિથ્યાદષ્ટિ છે, કેમકે ઇચ્છા છે તે

ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. તેનું કાર્યક્ષેત્ર જીવતત્ત્વમાં છે. પુદ્‌ગલની પર્યાયનો સ્વામી જીવ નથી. સમ્યગ્દષ્ટિની ભાવના જ્ઞાયક સ્વભાવ તરફ જામી ગયેલ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનની પર્યાય ખીલી છે તે સ્વ-પરને સ્વતંત્ર જાણે છે. એવા જ્ઞાનીને બાર ભાવના હોય છે, વચ્ચે રાગ આવે છે તે ભાવના નથી કેમકે ભાવના તો સંવરનો ભેદ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે તેની જેને દૃષ્ટિ થઈ હોય એવા સમ્યગ્દષ્ટિ ને જ આ ભાવનાઓ હોય છે.

નિમિત્તની દૃષ્ટિ છૂટી ગઈ છે, શુભરાગરૂપ જે વ્યવહાર તેની પણ દૃષ્ટિ છૂટી ગઈ છે, ને પર્યાયની પણ દૃષ્ટિ છૂટી ગઈ છે – ને ત્રિકાળ ચિદાનંદ સ્વભાવની સન્મુખ જેની દૃષ્ટિ થઈ છે – એવા ધર્મીને સ્વભાવની એકાગ્રતા તરફ જ્ઞાન લંબાય છે તેનું નામ ભાવના છે. ને તે ભાવના ભવ્યજીવોને આનંદની જનની છે.

નિમિત્તમાંથી ધર્મ આવતો નથી,
રાગમાંથી ધર્મ આવતો નથી,
પર્યાયમાંથી બીજી પર્યાય થતી નથી,

માટે એ ત્રણેની દૃષ્ટિ છૂટીને જેને ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ થઈ છે, તેને તે સ્વભાવની સન્મુખતાથી બાર વૈરાગ્યભાવનાઓ યથાર્થ હોય છે, ને તેને ક્ષણે ક્ષણે શુદ્ધતા તથા આનંદની વૃદ્ધિ થતી જાય છે. એ રીતે આ ભાવનાઓ ભવ્ય જીવોને આનંદની જનની છે.

આ લોકભાવના ચાલે છે, લોકમાં રહેલા અનંતા પદાર્થો સ્વતંત્ર છે. ને તેમાં ક્ષણે ક્ષણે પર્યાય થાય છે, તે પણ પરથી નિરપેક્ષ છે. સમય–સમયની પર્યાય પણ અહેતુક સત્ છે, દરેક પદાર્થ એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. જીવાદિ વસ્તુઓ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ એવા ત્રણે ભાવમય છે, ગુણ–પર્યાયસ્વરૂપ વસ્તુ સત્ છે, તેમાં સમયે સમયે ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે ભાવો છે. વ્યય પણ સર્વથા અભાવરૂપ નથી, વ્યય પણ 'સત્' છે. જીવનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ જીવમાં, ને શરીરમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ શરીરમાં આહારના રજકણના ઉત્પાદ–વ્યય–ધ્રુવ આહારમાં, – તો પછી આહારને કારણે જીવના પરિણામ સુધરે કે બગડે – એ વાત ક્યાં રહી ? શું આહારના કારણે જીવના ઉત્પાદ–વ્યય થાય છે ? સહજ સ્વભાવનું ભાન કરીને જેટલો રાગ તૂટ્યો ત્યાં બહારમાં પણ સદોષ આહાર વગેરે હોય નહિ, પણ આત્મા તેનો કર્તા કે છોડનાર નથી. અજ્ઞાની તો આહારાદિની કર્તાબુદ્ધિમાં અટકી જાય છે. મારાં ઉત્પાદ–વ્યય–ધ્રુવભાવમાં હું વર્તું છું, ને પરનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં પર વર્તે છે,

મારાં ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં પર વર્તતા નથી, ને પરનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં હું વર્તતો નથી – આમ ભિન્ન ભિન્ન વસ્તુઓ છે, તેમાં કોઈના કારણે કોઈનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ નથી. આવા ભાનપૂર્વક સ્વભાવના અવલંબને ધર્મીને રાગ ઘટી જાય છે. તેનું નામ ભાવના અને સંવર છે.

આત્માનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં કર્મ છે જ નહિ, તો કર્મ આત્માને શું કરે ? આત્માના વિકારમાં કર્મ નિમિત્ત છે, પણ કર્મ કાંઈ આત્મામાં ઘૂસી જઈને તેને વિકારપણે પરિણમાવતું નથી. કર્મે વિકાર કરાવ્યો એ તો ફકત નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કથનની શૈલી છે. પર નિમિત્તનો આત્મામાં અત્યંત અભાવ છે, ને ક્ષણિક વિકારનો પણ શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. આવા સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

જીવ દ્રવ્યનો ચેતના ગુણ છે, ને તેનું સ્વભાવ તથા વિભાવરૂપ પરિણમન છે તે પર્યાય છે. તે સ્વભાવ કે વિભાવ પરિણામ કોઈ નિમિત્તના કારણે થતા નથી. કર્મના ઉદય ઉપશમ વગેરેને કારણે જીવના પરિણામ થયા – એમ નથી. જીવના પરિણામ જીવના કારણે જ થાય છે – આવા ભાનમાં ધર્મીને શુભ–અશુભ પરિણામ વખતે પણ સ્વભાવની દૃષ્ટિ કદી ખસતી નથી, ને રાગની – વ્યવહારની કદી મુખ્યતા થતી નથી.

જીવનો ચેતનાગુણ છે, તે ચેતના ગુણમાં ખરેખર વિભાવ થતો નથી, તેમાં હીનતા–અધિકતા થાય છે પણ વિભાવ થતો નથી, પણ ચેતના સાથે બીજા આનંદ, શ્રદ્ધા વગેરે અનંત ગુણો છે, તેમાં વિભાવરૂપ પરિણમન થાય છે. તે અપેક્ષાએ અહીં ચેતનામાં સ્વભાવરૂપ ને વિભાવરૂપ પરિણમન કહ્યું છે. ચેતના તો ઉપયોગરૂપ છે, પણ તેની સાથે જે શ્રદ્ધા–આનંદ વગેરે ગુણો છે તે ગુણોમાં સ્વભાવ ને વિભાવરૂપ પરિણમન થાય છે, તે પોતાના જ કારણે થાય છે. આત્મામાં પોતાના કર્તા–કર્મ–કરણ–સંપ્રદાન–અપાદાન–અધિકરણ – એવા છ કારકરૂપ થઈને પરિણમવાનો સ્વભાવ છે. પરને કારણે જીવમાં કાંઈ થાય એમ નથી. અજ્ઞાની રાડ પાડે છે કે નિદ્ધત અને નિકાચિત કર્મ બંધાયાં હોય તો શું થાય !! પણ અરે ભાઈ ! તારા સ્વભાવની સન્મુખ થઈને પુરુષાર્થ કરતાં કર્મ કાંઈ તને રોકતું નથી, તું સ્વભાવનો પુરુષાર્થ કરે તો કર્મ તેના કારણે નાશ થઈ જાય છે.

'ધવલ'માં કહે છે કે :–

`दर्शनेन जिनेन्द्राणां पापसंघातकुंजरम्।
शतधा भेदमायाति गिरिर्वज्रहतो यथा।।'

('શ્રી ધવલ' ભાગ-૬ પૃ.૪૨૮)

નિશ્ચયથી પોતાનો સ્વભાવ ચૈતન્યબિંબ છે તેના ભાનપૂર્વક વીતરાગી જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મના સો ટુકડા થઈ જાય છે.

એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને કદી સ્પર્શતી નથી, કર્મનો ઉદય આત્માને સ્પર્શતો જ નથી, તો કર્મ આત્માને શું કરે ? દરેક પદાર્થનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ પોતપોતાના કારણે જ થાય છે. સમકિતીને રાગ થાય છે તે કાંઈ ચારિત્રમોહકર્મના ઉદયને લીધે નથી, પણ પોતાની જ પર્યાયના કારણે છે, ચારિત્રમોહનો ઉદય તો નિમિત્ત છે, તેનો આત્મામાં અભાવ છે.

ઉપાદાનનું કથન એક જ પ્રકારે છે કે જેવી યોગ્યતા હોય તે પ્રમાણે કાર્ય થાય છે. નિમિત્તના કથનમાં અનેક પ્રકાર છે. તેથી કહ્યું છે કે :–

'ઉપાદાન વિધિ નિર્વચન,
હૈ નિમિત્ત ઉપદેશ'

નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ. સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર નિમિત્તનું જ્ઞાન થાય નહિ. નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે તેમ તેની સમય સમયની પર્યાય પણ નિરપેક્ષ સ્વતંત્ર છે. સમય સમયની પર્યાય પોતાના કારણે જ થાય છે. તો કોણ કોને સમજાવે ? ને કોણ કોને રોકે ? ભાષા પણ ભાષાના કારણે પરિણમે છે, સામો જીવ તેની યોગ્યતાના કારણે સમજે છે, જેને પોતાનું કલ્યાણ કરવું હોય તે જીવ સ્વભાવની આવી ભાવના કરે છે. અરે જીવ ! જૈનદર્શનમાં તારે આત્માનું કલ્યાણ કરવું છે કે વાડો બાંધવો છે ? શાસ્ત્રની પંડિતાઈથી કે વાડાબંધીથી કલ્યાણ થવાનું નથી. આ તો વસ્તુના સ્વભાવની વાત છે. વસ્તુનો સ્વભાવ સમજીને સ્વસન્મુખ થાય તો કલ્યાણ થાય. વસ્તુસ્વભાવ સમજ્યા વગર અજ્ઞાની લોકો બહારથી ધર્મ માને છે. અહીં તો કહે છે કે વસ્તુમાં સ્વભાવરૂપ કે વિભાવરૂપ પરિણમન પોતપોતાના કારણે જ થાય છે.

એવી જ રીતે પુદ્ગલ પણ પોતાના સ્વભાવ–વિભાવ પરિણામરૂપે પરિણમે છે. આંગળીનું હાલવું – ચાલવું તે પુદ્ગલના કારણે છે, જીવના કારણે નહિ. પ્રત્યેક પરમાણુ સ્વતંત્ર પોતાથી જ પરિણમે છે, મોટરનું ચાલવું – સ્થિર થવું તે મોટરના કારણે થાય છે, પેટ્રોલનું હોવું કે ન હોવું તેને આધીન મોટરનું ગમન કે સ્થિતિ નથી. પ્રત્યેક પુદ્ગલ પોતાના વર્તમાનથી

વર્તે છે.

'કુંદકુંદાચાર્ય' કે 'પૂજ્યપાદ સ્વામી' વગેરે બધા આચાર્યોનો એક જ અભિપ્રાય છે, પણ લોકોને મેળવણી કરતાં આવડતી નથી, તેથી વિરોધ ભાસે છે. તે અપેક્ષાજ્ઞાનનો અભાવ બતાવે છે.

બધી વસ્તુ ગુણ–પર્યાયસ્વરૂપ છે તે પોતાના સ્વભાવથી જ સમયે સમયે પર્યાયરૂપે પરિણમે છે.

# પ્રસાદ નં. – ૨૪૧

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૫, વર્ષ ૨જાું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૭-૬-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(જેઠ વદ ૧૩, શુક્રવાર, ૨૦-૯-૫૨ સવાર)**

લોકમાં જીવ અને પુદ્ગલ વગેરે બધા પદાર્થો સમયે સમયે પરિણમે છે, તેના દ્રવ્ય ગુણ પર્યાયની સ્વતંત્રતાનો સમ્યગ્દૃષ્ટિ જીવ વિચાર કરે છે. સ્કંધમાં વિભાવરૂપ પરિણામ થાય છે. તે પોતાની પરિણમન યોગ્યતાથી થાય છે. ત્યાં પણ એકેક પરમાણુને પરસ્પર પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. વળી બે ગુણ અધિક બંધનું કારણ થાય છે ત્યાં પણ પ્રત્યેક પરમાણુની યોગ્યતાથી સ્વતંત્ર બંધપર્યાય થાય છે, એક પરમાણુ બીજાને સ્પર્શતો નથી. કેમકે સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયનો અભાવ છે.

પરમાણુ સજાતિય બંધરૂપ પરિણમો, વિજાતિય બંધરૂપ પરિણમો કે છૂટાપણે પરિણમો – તે પોતાના કારણે છે. એક સમયની પર્યાય પરતંત્ર માનો તો તેનું ત્રિકાળી સામાન્ય સ્વતંત્ર નહિ, સામાન્ય ગુણ સ્વતંત્ર નહિ તો અનંતગુણોનો આધાર દ્રવ્ય પણ સ્વતંત્ર નહિ રહે.

પ્રબળ નિમિત્ત આવી જાય તો આત્માને વિભાવરૂપ પરિણમવું પડે એ વાત મિથ્યા છે. જીવ પોતાની કમજોરીથી પરાશ્રયપણે પરિણમે છે, બીજો કોઈ તેને પરિણમાવનાર નથી. પરિણમનારને કોણ પરિણમાવે ને પરિણમનને અયોગ્ય છે તેને કોણ પરિણમાવે ?

નિમિત્ત નૈમિત્તિકમાં પણ પરસ્પર પૃથક્તા છે. સ્વતંત્રતા છે અને એવી દૃષ્ટિ થઈ તે સ્વ-પરને સ્વતંત્ર દેખે છે. મિથ્યાદૃષ્ટિ પોતાની પરાધીન દૃષ્ટિ રાખીને બધાને સંયોગથી દેખે

છે.

લાકડીના ઉપરના પરમાણુ નીચેના પરમાણુને આધારે રહ્યા નથી છતાં અન્યોન્ય આધાર કહેવો એ તો ઉપચાર કથન છે. ખરેખર પ્રત્યેક દ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર એ છયે કારકો સ્વતંત્ર છે.

નિમિત્તના આધારે બીજી વસ્તુ છે એમ જોનાર પરાધીન દૃષ્ટિથી જુએ છે અને એ રીતે સર્વત્ર પરતંત્રતા દેખનાર વ્રતાદિ પાળે તે સમયે પણ અધર્મ કરે છે. ભાવલિંગી મુનિને કોઈ ઉપસર્ગ આવી પડે તે સમયે પણ તેઓ સ્વરૂપમાં લીન થઈ, શુક્લ ધ્યાન શ્રેણીથી પરમ સુખને ભોગવતા મોક્ષ જાય છે. ક્યારેય સંયોગનું બળ નથી. કથન ભલે ઉપચારથી હો, પણ કાર્ય તો એક પ્રકારે પોતપોતાથી થાય છે. જે કાળે, જે ક્ષેત્રે, જે રીતે કાર્ય થવા યોગ્ય છે તે તેમ જ થાય છે. તેને કોઈ નિમિત્ત અન્ય પ્રકારે પરિણમાવે એમ ત્રણ કાળમાં બનતું નથી. નિમિત્તથી બને તો નૈમિત્તિક જુદું નહિ રહે. ઉપાદાન ઉપાદેય પર્યાયરૂપ થાય તો સામેની ચીજને નિમિત્તરૂપ ઉપચારકારણ કહેવાય. નિમિત્તથી કથન કરવું તે વ્યવહાર છે.

ચોપડી ચોપડીના કારણે રહી છે તે નિશ્ચય પ્રથમ સ્વીકારો, પછી સંયોગ કોણ છે તેનું જ્ઞાન કરવા કહેવું કે ઘોડી ઉપર ચોપડી છે, તે વ્યવહારકથન છે. મુખ્ય અનુપચાર નિશ્ચય સ્વીકાર્યા વિના ઉપચારનું કથન મિથ્યા છે. સંયોગથી જોનાર અસલી સ્વભાવને ભૂલે છે.

સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે, તે સહિતનું ચારિત્ર તે ધર્મ છે.

શુદ્ધ સ્વભાવનો નિર્ણય તે કારણ છે, સમ્યક્ અનુભૂતિ તે કાર્ય છે.

ગાથા–૨૩૮

**આગળ દ્રવ્યોના ઉત્પાદ–વ્યય તે શું છે ? તે કહે છે :–**

**प्रतिसमयं परिणामः पूर्वः नश्यति जायते अन्यः।**
**वस्तुविनाशः प्रथमः उपपादः भण्यते द्वितीयः।।२३८।।**

**અર્થ :– વસ્તુનો પરિણામ સમયે સમયે પ્રથમનો તો વિણશે છે અને અન્ય ઊપજે**

**છે, ત્યાં પહેલા પરિણામરૂપ વસ્તુનો તો નાશ–વ્યય છે તથા અન્ય બીજો પરિણામ ઊપજ્યો તેને ઉત્પાદ કહીએ છીએ, એ પ્રમાણે ઉત્પાદ વ્યય થાય છે.**

વસ્તુનો પરિણામ સમયે સમયે પ્રથમ તો પોતાના કારણે જ વિણસે–ઊપજે છે. જડ–ચેતન બધાં દ્રવ્યો પોતાની અનંત શક્તિથી ભરેલા ઈશ્વર છે. જડ દ્રવ્ય પણ જડેશ્વર છે.

પ્રત્યેક ઉત્પાદ પર્યાયનો કાળ એક સમયનો છે. વ્યંજન પર્યાય પણ એક એક સમયની છે, સમયે સમયે નવી નવી છે. ઘણો કાળ સદશ દેખાય છે એ અપેક્ષાએ 'ધવળ' પૃ. ૫૦૪માં મિથ્યાત્વને વ્યંજનપર્યાય કહેલ છે. તે સ્થૂળ ઋજાુસૂત્રનયથી કહેલ છે. ખરેખર તો મિથ્યાત્વ એ અર્થપર્યાય છે. સમ્યગ્દર્શન પણ અર્થપર્યાય છે.

પ્રત્યેક સમયે નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂનીનો વ્યય થાય છે. એમ સ્વતંત્ર પરિણમનશક્તિથી દરેક દ્રવ્ય પરિણમે છે. સ્વયંભૂસ્તોત્રમાં મુનિસુવ્રતજિનની સ્તુતિમાં કહ્યું છે કે ભગવાન ! ઉત્પાદ–વ્યય–ધ્રુવ એક સમયમાં સત્‌ના ત્રણ અંશ તમે જ દરેક પર્યાયની સ્વતંત્રતા આપે જે બતાવી છે તે જ આપની સર્વજ્ઞતા બતાવે છે. તેથી હે નાથ ! આપ વદતાંબર છો અર્થાત્ વક્તાઓમાં શ્રેષ્ઠ છો.

સર્વજ્ઞતા વિના પ્રતિસમયની સ્વતંત્રતાનું કથન બનતું નથી.

સર્વજ્ઞનો નિર્ણય કરે તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય થઈ જાય; સર્વજ્ઞતા ક્યાંથી પ્રગટી ? રાગ, નિમિત્ત કે અલ્પજ્ઞતા તે મારું મૂળ સ્વરૂપ નથી, ધ્રુવ જ્ઞાનાનંદ સ્વભાવમાંથી સર્વજ્ઞતા પ્રગટે છે. – એમ જ્ઞાનસ્વભાવની સન્મુખ પ્રતીતિ થઈ તેણે સર્વજ્ઞને ખરેખર માન્યા કહેવાય. બધા પદાર્થો એકેક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે – એવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ સિવાય કોઈ જાણી શકે નહિ. જગતમાં મહાવિદેહ, અસંખ્યાત દ્વીપસમુદ્ર, નરક, સ્વર્ગ વગેરે બધુંય છે, તેને ન માને તે મિથ્યાદષ્ટિ છે. તેણે સર્વજ્ઞને પણ માન્યા નથી. પોતાની અલ્પજ્ઞતામાં ન દેખાય તેથી કાંઈ તેનો નિષેધ થઈ શકે નહીં. સર્વજ્ઞદેવે જે જોયું છે અને કહ્યું છે તે જ સંતોએ કહ્યું છે, ને સમ્યગ્દષ્ટિ પણ તેવું જ કહે છે. કોઈ કહે કે મહાવિદેહક્ષેત્ર ને સીમંધરભગવાન વગેરે અમને દેખાતાં નથી – માટે તે નથી. તો એવી નાસ્તિકતાની વાત ધર્મી સાંભળે નહિ. પદાર્થો સત્ છે, મહાવિદેહ છે, સીમંધરભગવાન છે, પોતાના જ્ઞાનની અલ્પજ્ઞતાને લીધે તે ન દેખાય તેથી કાંઈ સત્ પદાર્થોનો નિષેધ ન થઈ શકે.

અહીં તો જગતના બધા પદાર્થોના સ્વરૂપનું વર્ણન ચાલે છે. જગતના બધા પદાર્થો પ્રત્યેક સમયમાં પરિણમે છે. પર્યાય અપેક્ષાએ આખી વસ્તુ જ પરિણમે છે; ઘંટીનાં બે પડની જેમ એક ભાગ સર્વથા કૂટસ્થ ને બીજો ભાગ બદલે – એમ બે ભાગ ભિન્ન ભિન્ન નથી, પણ વસ્તુ પોતે પર્યાયપણે પલટે છે, પદાર્થ અને પર્યાય સર્વથા જુદા જુદા નથી. વસ્તુ પોતે પર્યાય અપેક્ષાએ નવી ઊપજે છે ને વિણસે છે, તથા ધ્રુવ પણ રહે છે. એકેક સમયને ભિન્ન પાડીને છદ્મસ્થ ભલે પકડી ન શકે, પણ સર્વજ્ઞે કહ્યા પ્રમાણે પદાર્થનો નિર્ણય કરે છે. સ્વભાવના ભાનપૂર્વક પદાર્થના આવા સ્વરૂપને જ્ઞાની જાણે છે. આવા નિશ્ચયસ્વરૂપના ભાન વિના વ્યવહાર કોને કહેવો ? તેની પણ અજ્ઞાનીને ખબર પડે નહિ.

જો અસંખ્યાત દ્વીપસમુદ્ર ન માને તો અઢી દ્વીપ બહાર અસંખ્યાત તિર્યંચ પાંચમા ગુણસ્થાનવર્તી છે તે પણ ખોટું મનાશે. આગમ તથા સર્વજ્ઞતા મિથ્યા ઠરશે.

ગાથા–૨૩૯

**આગળ દ્રવ્યના ધ્રુવપણાનો નિશ્ચય કહે છે :–**

**नो उत्पद्यते जीवः द्रव्यस्वरूपेण नैव नश्यति।**
**तत् च एव द्रव्यमात्रं नित्यत्वं जानीहि जीवस्य।।२३९।।**

**અર્થ :– જીવદ્રવ્ય, દ્રવ્યસ્વરૂપથી તો નાશને પ્રાપ્ત થતું નથી કે ઊપજતું નથી તેથી દ્રવ્યમાત્રથી જીવને નિત્યપણું સમજવું.**

**ભાવાર્થ :– એજ ધ્રુવપણું છે કે જીવ, સત્તા અને ચેતનતાથી તો ઊપજતો–વિણસતો નથી અર્થાત્ જીવ, કોઈ નવો ઊપજતો કે વિણસતો નથી.**

પર્યાય અપેક્ષાએ દરેક વસ્તુનું પ્રથમ સમયનું દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવપણું છે તે બીજા સમયે નથી. પણ દ્રવ્ય અપેક્ષાએ જીવાદિ કોઈ દ્રવ્ય નાશ પામતું નથી. એવું ને એવું સદશપણું છે તેથી દ્રવ્યમાત્રથી જીવને પણ નિત્યપણું છે.

ભાવાર્થ : એજ ધ્રુવપણું છે કે જીવ, સત્તા અને ચેતનતાથી તો ઊપજતો – બદલતો

નથી, અર્થાત્ કોઈ નવો જીવ ઊપજતો કે બદલતો નથી. સત્‌નો કોઈ કર્તા નથી – વ્યવસ્થાપક નથી. કોઈ કોઈનું કરનાર–કરાવનાર નથી માટે પરાશ્રિત પર્યાયબુદ્ધિ છોડ અને નિત્ય દ્રવ્યબુદ્ધિ કર. તે જ સાર વાત છે.

ગાથા–૨૪૦

**આગળ દ્રવ્યપર્યાયનું સ્વરૂપ કહે છે :–**

**अन्वयिरूपं द्रव्यं विशेषरूपः भवेत् पर्य्यायः।**
**द्रव्यं अपि विशेषेण हि उत्पद्यते नश्यति सततं।।२४०।।**

**અર્થ :– જીવાદિ વસ્તુ અન્વયરૂપ (સામાન્યરૂપ)થી દ્રવ્ય છે અને તેજ વિશેષરૂપથી પર્યાય છે. વળી વિશેષરૂપથી દ્રવ્ય પણ નિરંતર ઊપજે–વિણસે છે.**

**ભાવાર્થ :– અન્વયરૂપ પર્યાયોમાં સામાન્યભાવને દ્રવ્ય કહે છે તથા વિશેષભાવ છે તે પર્યાય છે. તેથી વિશેષરૂપથી દ્રવ્યને પણ ઉત્પાદ–વ્યયસ્વરૂપ કહે છે. પરંતુ એમ નથી કે પર્યાય, દ્રવ્યથી જુદો જ ઊપજે–વિણસે છે ! અભેદવિવક્ષાથી દ્રવ્ય જ ઊપજે–વિણસે છે તથા ભેદવિવક્ષાથી (દ્રવ્ય અને પર્યાયને) જુદા પણ કહીએ છીએ.**

**જેઠ વદ ૧૨, ગુરુવાર, ૧૯-૬-૫૨**

લોકભાવનાનું વર્ણન છે. ધર્મી વિચારે છે કે હું તો જ્ઞાતા છું ને લોકના પદાર્થો મારું જ્ઞેય છે. લોકના બધા પદાર્થો સમયે સમયે પોતપોતાના કારણે પરિણમી રહ્યા છે. રાગરહિત સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને ધર્મી જીવ આવી ભાવના ભાવે છે. દરેક પદાર્થ સામાન્ય–

વિશેષ સ્વભાવરૂપ છે, તેમાં સામાન્યરૂપ ભાવ તે દ્રવ્ય છે, ને વિશેષરૂપ ભાવ તે પર્યાય છે. વિશેષરૂપ પર્યાય થવાનો પદાર્થોનો જ સ્વભાવ છે. કોઈ બીજાને કારણે તેની પર્યાય થતી નથી. કપડું સળગ્યું તે કપડાના પરમાણુઓની વિશેષ પર્યાય છે. અગ્નિને લીધે તે પર્યાય થઈ નથી. અગ્નિના સંયોગનો કપડામાં અભાવ છે. તેમ જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા છે. તેમાં રાગાદિ વિકાર થાય તે સંયોગીભાવ છે, તે સંયોગીભાવમાં જ જેને પોતાપણું ભાસ્યું તે જીવ બહારમાં પર પદાર્થોમાં સંયોગથી કાર્ય થયું એમ માને છે. સંયોગ અને સંયોગ તરફના ભાવથી મારું ચિદાનંદ સ્વરૂપ ભિન્ન છે, એવું ભાન કરે તો 'અગ્નિના કારણે કપડું સળગ્યું' એવી સંયોગબુદ્ધિ રહે નહિ. એકેક પરમાણુ પોતપોતાના સામાન્ય–વિશેષ સ્વભાવવાળો છે, તે પોતાથી જ પરિણમી રહ્યો છે. સ્વતંત્રતાની દૃષ્ટિ વગર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય નહીં.

કોઈ કહે કે :– અમને પ્રત્યક્ષ દેખાય છે ને હાથને લીધે લાકડી ઊંચી થઈ, સુતારે ટેબલ બનાવ્યું ?

તેનો ઉત્તર :– પહેલાં નક્કી કરો કે પ્રત્યક્ષ તો જ્ઞાન છે, તે જ્ઞાનનો નિર્ણય કર્યા વગર સંયોગનું યથાર્થ જ્ઞાન થાય નહિ. પ્રત્યક્ષપણું પરને લીધે નથી, પણ જ્ઞાન પોતે પ્રત્યક્ષસ્વરૂપે પરિણમ્યું છે. તથા ટેબલ થયું તે વખતે સુતારની હાજરી હતી, પણ પછી ટેબલ પાંચ–દસ વર્ષ સુધી સુતારની હાજરી વગર જ ટકી રહ્યું છે ને ? તેની સમયે સમયે તેવી પર્યાય થયા કરે છે, તેમાં ક્યાં સુતાર છે ? માટે સુતાર વગર જ ટેબલનું કાર્ય થયું છે, જો સુતારને લીધે ટેબલ થયું હોય તો સુતારની ગેરહાજરીમાં ટેબલ રહી શકે નહિ.

અજ્ઞાની સંયોગદૃષ્ટિથી જુએ છે, પણ પદાર્થના સ્વભાવને તે જાણતો નથી. પદાર્થ સામાન્ય–વિશેષ સ્વભાવવાળો છે, તેની વિશેષપર્યાય નિમિત્તને કારણે થતી નથી, પણ સામાન્યના આશ્રયે વિશેષ થાય છે. જો પરને કારણે પર્યાય થાય તો તે વખતે પદાર્થનું વિશેષ શું રહ્યું ? અગ્નિએ પાણીને ઊનું કર્યું એમ જેણે માન્યું તેણે આત્માને પરનો કર્તા માન્યો છે. એક રજકણ બીજા રજકણને કરે એવી જેની મિથ્યામાન્યતા છે. તેની માન્યતામાં આત્મા પરનું કરે – એવી મિથ્યામાન્યતા પડી જ છે. વ્યવહારનયના કથનમાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને કારણ–કાર્યપણું કહેવામાં આવે છે, પણ ખરેખર એમ નથી. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ભિન્નભિન્ન છે, તેમને કારણકાર્યપણું નથી. ન્યાયના શાસ્ત્રોમાં અન્યમતની સામે નિમિત્તને સિદ્ધ કરવા માટે અન્વયવ્યતિરેકથી નિમિત્તનું કથન કર્યું હોય છે. જેઓ જગતમાં પરવસ્તુને

માનતા જ નથી. નિમિત્તને માનતા જ નથી – એવા જીવોની સામે નિમિત્તનું અસ્તિત્વ સાબિત કરવા માટે ત્યાં એમ કહ્યું છે કે 'નિમિત્ત હોય તો કાર્ય થાય, નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય !' પણ ત્યાં નિમિત્તને લીધે કાર્ય થાય છે એમ નથી બતાવવું.

રાગનો નિરોધ કરવો – તે પણ વ્યવહારનું કથન છે. ક્યા રાગનો નિરોધ કરે ? જે રાગ વર્તમાન છે તે તો ઉત્પાદરૂપ છે, ઉત્પાદનો તે જ સમયે વ્યય થાય નહિ, અને બીજા સમયે તો તે રાગ ટળી જ જાય છે. તે વખતે રાગ છે જ નહિ – તો તેને ટાળવાનું ક્યાં રહ્યું ? વસ્તુ સ્વભાવના આશ્રયે વીતરાગભાવ પ્રગટ્યો – ત્યાં રાગની ઉત્પત્તિ જ ન થઈ – તેથી ઉપચારથી કહેવાય કે રાગનો નિરોધ કર્યો ! ખરેખર તે સમયે રાગની ઉત્પત્તિ જ થઈ નથી. રાગ થવાનો હતો ને રોક્યો – એમ નથી. એ જ પ્રમાણે અશુભથી બચવા માટે શુભભાવ આવ્યો – એમ કહેવું તે પણ ઉપચારનું કથન છે.

જેને ગણધરદેવ નમસ્કાર કરે છે એવા ભાવલિંગી સંતો 'કુંદકુંદાચાર્ય' 'શ્રી કાર્તિક સ્વામી' વગેરેની ગંભીરવાણી છે, તે પરમેષ્ઠી હતા, તેમના કહેવાનો આશય નહિ સમજનારા નિશ્ચય–વ્યવહારનો ઊંધો અર્થ કરે છે. વિશેષમાં ઉત્પાદ–વ્યય થાય છે ત્યાં પર્યાય અપેક્ષાથી અભેદપણું જોતાં દ્રવ્ય પણ ઉત્પાદ–વ્યયરૂપ થાય છે. સામાન્યપણું પર્યાયથી સર્વથા ભિન્ન નથી. સામાન્ય ગુણમાંથી પર્યાય સમયે સમયે નવી થાય છે. શુભ વિકલ્પથી કે નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. પણ અનંત ગુણમૂર્તિ એવા દ્રવ્યની અભેદદૃષ્ટિથી સમ્યગ્દર્શનાદિ ધર્મ શરૂ થાય છે.

---

ગાથા–૨૪૧

**આગળ ગુણનું સ્વરૂપ કહે છે :–**

**सदृशः यः परिणामः अनादिनिधनः भवेत् गुणः सः हि।**
**सः सामान्यस्वरूपः उत्पद्यते नश्यति नैव।।२४१।।**

**અર્થ :– દ્રવ્યનો જે પરિણામ (ભાવ) સદૃશ અર્થાત્ પૂર્વ–ઉત્તર બધીય પર્યાયોમાં સમાન હોય – અનાદિનિધન હોય તે જ ગુણ છે. અને તે સામાન્યસ્વરૂપથી ઊપજતો–વિણસતો નથી.**

**ભાવાર્થ :– જેમ જીવદ્રવ્યનો ચેતનગુણ તેની સર્વ પર્યાયોમાં મોજુદ છે – અનાદિનિધન છે, તે સામાન્યસ્વરૂપથી ઊપજતો–વિણસતો નથી પણ વિશેષરૂપથી પર્યાયમાં વ્યક્તરૂપ (પ્રગટરૂપ) થાય જ છે, એવો ગુણ છે. તેવી રીતે બધાંય દ્રવ્યોમાં પોતપોતાનો સાધારણ (સામાન્ય) તથા અસાધારણ (વિશેષ) ગુણ સમજવો.**

ઉત્પાદ–વ્યય અનિત્ય અને વિસદૃશ છે અને ગુણ ત્રિકાળ સામાન્ય એકરૂપ રહે છે. વ્યય તે અભાવરૂપ ભાવ છે તેથી અનિત્ય છે, ઉત્પાદ તે એક સમયનો ભાવ છે તે પણ અનિત્ય છે, ધ્રુવ છે તે નિત્યભાવ છે. કેવળજ્ઞાન પણ ગુણ નથી. તે ક્ષણિકપર્યાય છે. જ્ઞાનગુણ છે તે ધ્રુવ સદૃશ છે. તે એકેન્દ્રિય અવસ્થાથી સિદ્ધદશા સુધીમાં ત્રિકાળ એકરૂપ રહે છે. દ્રવ્યનયનો વિષય ત્રિકાળી દ્રવ્ય સામાન્ય છે, પર્યાયાર્થિકનયનો વિષય વર્તમાન વિશેષ છે. બંને મળીને પ્રમાણજ્ઞાનનો વિષય છે.

ભાવાર્થ : જેમ જીવદ્રવ્યનો ચેતનગુણ તેની સર્વ અવસ્થામાં રહે છે. અનાદિઅનંત પરમ પારિણામિકભાવ છે, તે ધ્રુવ સામાન્ય સ્વભાવ નિત્ય છે, તેને ઉત્પાદ–વ્યયની પણ અપેક્ષા નથી. બધા ગુણ ગુણપણે સામાન્ય પારિણામિકભાવ છે. ગુણનું વિશેષપણું થવું તે પર્યાય છે. 'પંચાસ્તિકાય' ગાથા ૬૧માં કહે છે કે :–

**`कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स। स्वस्य भवनं स्वभावः'**

વિભાવ પણ પોતાનો પર્યાય સ્વભાવ છે, તે પોતાવડે કરાયેલ છે. ગુણ છે તે ત્રિકાળ છે. તે સર્વ અવસ્થામાં વ્યાપે છે. ગુણમાં ફેરફાર થતો નથી, સામાન્ય એકરૂપ રહે છે પણ પર્યાય–વિશેષથી સમયે સમયે પરિવર્તન થાય છે. થાય તેને બીજો કોણ કરે ! ને ન થાય તેને કોણ કરે !

નયદૃષ્ટિના યથાર્થ જ્ઞાન વિના અને આવી સ્વતંત્રતાના જ્ઞાન વિના ત્યાગી થઈ જાય તે સાચી પરંપરા નથી. પરંપરા તો એવી છે કે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શુદ્ધ ઉપદેશ દ્વારા સમ્યગ્દૃષ્ટિ થવું જોઈએ.

પાત્રતા વિના ગુરુગમ મળે નહિ ને ગુરુગમ વિના સત્ય સમજાતું નથી. કહ્યું છે કે – 'અનંતકાળમાં સત્પુરુષની સેવા નથી કરી.' તેનો અર્થએ છે કે પોતાની પાત્રતા નહોતી તેથી નિમિત્તનો આરોપ પણ ન આવ્યો. રુચિપૂર્વક સત્ સાંભળ્યું નથી, પરિચય તથા સેવા

કરેલ નથી. પોતાની પાત્રતા વિના સત્ નિમિત્ત મળ્યું હોવા છતાં તે નિમિત્તકારણ પણ ન કહેવાયું. સ્વતંત્રતા સમજે તો સાચું જ્ઞાન થાય.

જીવ, પરમાણુ વગેરે દ્રવ્યમાં ગુણ છે તે અપ્રગટ શક્તિ સામાન્યરૂપ કાયમ રહે છે તે પર્યાયમાં વિશેષરૂપે વ્યક્ત (પ્રગટરૂપ) થાય જ છે, એવો ગુણ છે. છયે દ્રવ્યમાં પોતપોતાનો સાધારણ (સામાન્ય) તથા અસાધારણ (વિશેષ) ગુણ સમજવો. જ્ઞાનગુણ ત્રિકાલ એવો ને એવો છે. નિગોદ અવસ્થામાં જ્ઞાન ઓછું વ્યક્ત છે તેથી ત્યાં જ્ઞાનગુણ ઘણો પુષ્ટ છે ને કેવળજ્ઞાનપર્યાય પૂર્ણરૂપ પ્રગટ થઈ ત્યાં અંદર ગુણની શક્તિ ઓછી થઈ ગઈ, કેમકે ગુણ પર્યાયમાં આવી ગયો – તો એમ નથી.

ચેતનના બધા ગુણ ચેતન છે. અચેતન દ્રવ્યના બધા ગુણ અચેતન છે. બીજી અપેક્ષાએ એમ વાત છે કે જીવ દ્રવ્યમાં જ જ્ઞાનદર્શનગુણ તે ચેતન અને તે સિવાયના બીજા બધા ગુણ અચેતન છે. કેમકે તે સ્વ-પરને જાણતા નથી.

# પ્રસાદ નં. – ૨૪૩

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૭, વર્ષ ૨જાં. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૯-૬-૫૨, રવિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૧, સોમવાર, ૨૩-૬-૫૨ સવાર)**

આ લોકભાવનાનો અધિકાર છે. લોકમાં રહેલાં બધાં દ્રવ્યોમાં સમયે સમયે સ્વતંત્ર પરિણમન થાય છે. આવા વસ્તુ સ્વરૂપના ચિંતનથી ક્ષણે ક્ષણે શુદ્ધતા વધે છે ને સંવર થાય છે.

જગતમાં જીવાદિ પદાર્થો છે, તે બધાય દ્રવ્યપણે તો નિત્ય છે. ને પર્યાય અપેક્ષાએ ક્ષણિક છે. દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય થતાં ગુણમાં પણ ઉત્પાદ–વ્યય થાય છે. સ્વભાવપર્યાય હો કે વિભાવપર્યાય હો – તેનો કાળ એક સમયનો જ છે, કોઈ પર્યાય બે સમય રહેતી નથી. પર્યાય અને દ્રવ્ય કથંચિત્ અભેદ છે, તેથી પર્યાયના ઉત્પાદ–વ્યય થતાં દ્રવ્ય–ગુણના પણ ઉત્પાદ–વ્યય કહેવાય છે. કેમકે દ્રવ્ય–ગુણ પણ કથંચિત્ પલટે છે. પર્યાય અપેક્ષાએ દ્રવ્ય–ગુણ પણ ઊપજે–વિણસે છે. એ વાત હવે કહે છે.

**ગાથા–૨૪૨**

**આગળ કહે છે કે – ગુણાભાસ વિશેષસ્વરૂપથી ઊપજે–વિણસે છે તથા ગુણ પર્યાયોનું**

**એકપણું છે તેજ દ્રવ્ય છે :–**

**सः अपि विनश्यति जायते विशेषरूपेण सर्वद्रव्येषु।**
**द्रव्यगुणपर्य्यायाणां एकत्वं वस्तु परमार्थं।।२४२।।**

**અર્થ :– જે ગુણ છે તે પણ દ્રવ્યોમાં વિશેષરૂપથી ઊપજે–વિણશે છે, એ પ્રમાણે દ્રવ્ય–ગુણ–પર્યાયોનું એકપણું છે અને તેજ પરમાર્થભૂત વસ્તુ છે.**

**ભાવાર્થ :– ગુણનું સ્વરૂપ એવું નથી કે જે વસ્તુથી ભિન્ન જ હોય – નિત્યરૂપ સદા રહે છે. ગુણ–ગુણીને કથંચિત્ અભેદપણું છે તેથી જે પર્યાય ઊપજે–વિણસે છે તે ગુણ–ગુણીનો વિકાર છે (વિશેષ આકાર છે). એટલા માટે ગુણને પણ ઊપજતા–વિણસતા કહીએ છીએ. એવું જ નિત્યાનિત્યાત્મક વસ્તુનું સ્વરૂપ છે. એ પ્રમાણે દ્રવ્ય–ગુણ–પર્યાયોની એકતા એજ પરમાર્થભૂત વસ્તુ છે.**

ગુણ ને પર્યાય સર્વથા જુદા નથી, પર્યાય ઊપજી ને ગુણ સર્વથા કૂટસ્થ રહ્યા – એમ નથી. ગુણ પણ કથંચિત્ પરિણમે છે. પર્યાય વ્યક્ત થાય છે તે વખતે પણ ગુણ શક્તિરૂપે તો પૂર્ણ જ રહે છે. ગુણ પોતે વિશેષરૂપથી પર્યાયમાં વ્યક્તરૂપ થાય છે. રાગ થાય તે ચારિત્રગુણની વ્યક્તપર્યાય છે, તે કોઈ પરના કારણે થતી નથી. પર્યાયનો એક જ સમય છે. ક્રમબદ્ધ પર્યાય થાય તેને ન માને તો સર્વજ્ઞને જ નથી માન્યા. એક સમયની પર્યાયને પણ જેણે પરાધીન માની તેણે વસ્તુને જ પરાધીન માની છે. વસ્તુ જ સમયે સમયે પોતાની પર્યાયપણે પરિણમે છે. સમ્યગ્દર્શનપર્યાયરૂપે કે મિથ્યાદર્શનપર્યાયરૂપે શ્રદ્ધાગુણ ઊપજે છે. નિગોદનો જીવ તીવ્ર મોહ પરિણામને લીધે ત્યાં રહ્યો છે, તે તેની પર્યાયનો ઉત્પાદ છે, કર્મને લીધે તે જીવ નિગોદદશામાં રહ્યો છે – એમ નથી. કર્મની પર્યાયમાં પુદ્ગલના કારણે દ્રવ્યગુણ ઊપજે છે, ને જીવની પર્યાયમાં જીવના દ્રવ્ય ગુણ ઊપજે છે.

'ગોમ્મટસાર'માં કહે છે કે 'भावकलंकसुपउरा' એટલે કે નિગોદના જીવો ભાવકલંકની સુપ્રચુરતાને લીધે નિગોદમાં રહેલા છે. ને તે પોતે ભાવકલંકની મંદતારૂપે પરિણમતાં ત્યાંથી નીકળીને મનુષ્ય વગેરે થાય છે. પણ જડ કર્મને લીધે તે જીવ નિગોદમાં રહ્યો છે – એમ

નથી. બીજી ચીજ નિમિત્ત છે. પણ તે નિમિત્તનો ઉત્પાદ નિમિત્તમાં છે, ને જીવનો ઉત્પાદ જીવમાં છે. પર્યાયની સ્વતંત્રતા છે, તેને ન માને ને પર્યાયને જ પરાધીન માને તો સ્વભાવનો પુરુષાર્થ શેમાં કરશે ? કાર્ય તો પર્યાયમાં થાય છે. તે પર્યાય જ જેણે પરને લીધે માની તેને પર્યાયને સ્વભાવ તરફ વાળીને સ્વભાવની પ્રતીતિ કરવાનો અવસર ક્યાં રહ્યો ?

સર્વે દ્રવ્યો પોતપોતાના પરિણામનું ઉપાદાનકારણ છે ને અન્ય બાહ્યદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે – એમ ૨૧૭મી ગાથામાં કહ્યું, અને ૨૧૧મી ગાથામાં કહ્યું કે પુદ્‌ગલકર્મની એવી અચિંત્યશક્તિ છે કે તે જીવના કેવળજ્ઞાનને પણ વ્યક્ત થવા દેતી નથી – તો શું બે કથનમાં પરસ્પર વિરોધ છે ? – વિરોધ નથી. પણ ૨૧૧મી ગાથામાં તો ફક્ત પુદ્‌ગલના ઉત્કૃષ્ટ નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા માટે નિમિત્તથી કથન છે. પોતાના કારણે જીવનું કેવળજ્ઞાન અટક્યું ત્યારે તેમાં નિમિત્ત તરીકે પુદ્‌ગલકર્મ હોય છે – એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, પણ કોઈના કારણે કોઈની પર્યાય નથી. સુખ-દુઃખ થાય તે જીવના પોતાના ત્રિકાળી આનંદગુણનું પરિણમન છે. દુઃખ તે પોતાના પરિણામ છે, કોઈ સંયોગના કારણે દુઃખ થતું નથી, રોગ થાય, સિંહ ફાડી ખાય – તે કોઈ સંયોગનું દુઃખ આત્માને નથી. પણ આત્માનો આનંદગુણ વિપરીત અવસ્થાપણે પરિણમ્યો તે જ દુઃખ છે. એ જ પ્રમાણે અનુકૂળ વિષયોમાં સુખ નથી, સુખ તો આત્માના આનંદગુણના આશ્રયે પ્રગટે છે. પોતાની સુખ-દુઃખ પર્યાયનો ઉત્પાદ કોઈ પરના કારણે થતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને કથંચિત્ અભેદપણું છે, ને તે ત્રણે થઈને વસ્તુ છે.

ભાવાર્થ :– ગુણનું સ્વરૂપ એવું નથી કે જે વસ્તુથી ભિન્ન જ હોય – નિત્યરૂપ સદા રહે છે. ગુણ–ગુણીને કથંચિત્ અભેદપણું છે તેથી જે પર્યાય ઊપજે–વિણસે છે તે ગુણ–ગુણીનો વિકાર છે (વિશેષ આકાર છે). એટલા માટે ગુણને પણ ઊપજતા–વિણસતા કહીએ છીએ. એવું જ નિત્યાનિત્યાત્મક વસ્તુનું સ્વરૂપ છે. એ પ્રમાણે દ્રવ્ય–ગુણ–પર્યાયોની એકતા એજ પરમાર્થભૂત વસ્તુ છે.

ક્ષણે ક્ષણે જે પર્યાય ઊપજે છે તે ગુણગુણીનું પરિણન છે. ગુણ અને ગુણી બંને અભેદપણે પર્યાયમાં પરિણમે છે. દ્રવ્યનું પરિણમન જુદું ને ગુણનું પરિણમન જુદું – એમ નથી. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણો એક સાથે પરિણમે છે. પર્યાય થઈ તે ગુણગુણીનું વિશેષ પરિણમન છે, પણ કોઈ પરના કારણે તે પર્યાય થઈ નથી. રાગપર્યાય થાય કે વીતરાગ પર્યાય થાય તેમાં ચારિત્રગુણ અને આત્મા પરિણમે છે. સમ્યક્‌શ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધામાં આત્માનો શ્રદ્ધાગુણ

પોતે કર્તા થઈને પરિણમે છે. સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાનપર્યાયમાં જ્ઞાનગુણ અને આત્મા સ્વતંત્રપણે પરિણમે છે. જો એક સમયની પર્યાયને પણ પરતંત્ર માનો તો ત્રણકાળની પર્યાયો પરતંત્ર થઈ ગઈ, એટલે ગુણ અને દ્રવ્ય જ પરાધીન થઈ ગયા. પણ વસ્તુ અને તેના ગુણ–પર્યાય સ્વતંત્ર છે. એક સમય પણ પર્યાય પરને કારણે થતી નથી. પરદ્રવ્ય પરદ્રવ્યનું કિંચિત્ પણ કર્તા નથી. આત્મા પોતાની જ્ઞાનપર્યાયને કરે, પણ પરને શું કરે ? 'શ્રી સમયસાર'માં કહ્યું છે કે –

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।**

અર્થ :– આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; તે જ્ઞાન સિવાય બીજું શું કરે ? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

આત્મા પોતાની પર્યાયને કરે, પણ પરમાં શું કરે ? મતિજ્ઞાન કે કેવળજ્ઞાન, રાગ કે વીતરાગતા – તે બધી અનિત્ય પર્યાયો છે, તે પર્યાય દ્રવ્ય–ગુણના પરિણમનથી થાય છે – એ પ્રમાણે બધાય પદાર્થોની પર્યાય પોતપોતાના દ્રવ્યગુણથી જ થાય છે. પરમાણુમાં રંગગુણ કાયમ રહીને તેની પર્યાય લાલમાંથી લીલી થઈ જાય, એક અંશમાંથી અનંત અંશ ચીકાસ કે લૂખાસ થઈ જાય – તે તેના પોતાના સ્વભાવથી પરિણમે છે. ઉપાદાન વખતે નિમિત્ત હોય, પણ તે નિમિત્ત પોતે નિમિત્તમાં પરિણમે છે, ને ઉપાદાન ઉપાદાનમાં પરિણમે છે. નિમિત્ત પદાર્થ પોતે પોતાનું તો ઉપાદાન છે. પદાર્થ પોતાના સ્વભાવથી પોતાની સમય સમયની પર્યાયપણે ઊપજે છે. તેને ફેરવવા જગતમાં બીજો કોઈ સમર્થ નથી.

ગાથા–૨૪૩

**આગળ આશંકા થાય છે કે – દ્રવ્યોમાં પર્યાય વિદ્યમાન ઊપજે છે કે અવિદ્યમાન ઊપજે છે ? એવી આશંકાનું સમાધાન કરે છે :–**

**यदि द्रव्ये पर्य्यार्याः अपि विद्यमानाः तिरोहिताः सन्ति।**
**तत् उत्पत्तिः विफला पटपिहिते देवदत्ते इव।।२४३।।**

**અર્થ :– જો 'દ્રવ્યમાં પર્યાયો છે તે પણ વિદ્યમાન છે અને તિરોહિત એટલે ઢંકાયલા છે' એમ માનીએ તો ઉત્પત્તિ કહેવી જ વિફલ (વ્યર્થ) છે, જેમ દેવદત્ત કપડાથી ઢંકાયેલો હતો તેને તે ઉઘડ્યો એટલે કહે કે 'આ ઊપજ્યો' પણ એમ ઊપજવું કહેવું તે વાસ્તવિક નથી–વ્યર્થ છે. તેમ દ્રવ્યપર્યાય ઢાંકી–ઊઘડીને ઊપજતી કહેવી તે પરમાર્થ નથી. માટે દ્રવ્યમાં અવિદ્યમાન પર્યાયની જ ઉત્પત્તિ કહીએ છીએ.**

વસ્તુમાં વર્તમાન પર્યાય સિવાયની બીજી પર્યાયો વ્યક્તપણે વિદ્યમાન નથી, પર્યાય તો અવિદ્યમાન એટલે કે શક્તિરૂપ છે. પર્યાય પ્રગટ છે ને તે ઢાંકેલી છે – એમ નથી. કેવળજ્ઞાન પર્યાય પ્રગટવાની શક્તિ છે તે તો ગુણરૂપ છે, કેવળજ્ઞાનપર્યાય વિદ્યમાન પડી છે ને તે ઢંકાયેલી છે, તે ઢાંકણું ખૂલતાં તે કેવળજ્ઞાનપર્યાય પ્રગટે છે – એમ નથી. ભવિષ્યની પર્યાય કેવી પ્રગટશે – તે વર્તમાનમાં નિશ્ચિત તો છે, પણ તે પર્યાય વ્યક્ત નથી. તે પર્યાય તેના કાળે વ્યક્ત થશે. દ્રવ્યમાં પર્યાયો વ્યક્ત પડી નથી પણ શક્તિરૂપ છે, તેનું પરિણમન તો ભવિષ્યમાં તેના કાળે થશે. ભવિષ્યની પર્યાયનો કાળ નિશ્ચિત છે, પણ તે પર્યાય વ્યક્ત નથી. વ્યક્ત તો એક વર્તમાન પર્યાય જ છે. બીજી પર્યાયને વ્યક્ત કહેવી ને ઢાંકેલી કહેવી તથા પછી તે આવરણ ખસતાં પ્રગટી – એમ કહેવું તે વિરોધ છે.

જેમ વસ્તુ પડી હોય ને કપડાથી ઢાંકેલી હોય, પછી કપડું ખસતાં એમ કહેવું કે 'આ વસ્તુ પ્રગટી' તેમ વસ્તુમાં કાંઈ પર્યાયો વ્યક્ત પડી છે ને ઢંકાયેલી છે – પછી તે ઢાંકણું ખસતાં પ્રગટે છે – એમ નથી. ચાર જ્ઞાન વખતે કેવળજ્ઞાનપર્યાય નથી, ચાર જ્ઞાનની પર્યાયનો વ્યય થઈને કેવળજ્ઞાનપર્યાય નવી પ્રગટે છે. ત્રણકાળની પર્યાયો દ્રવ્યમાં નિશ્ચિત થઈ ગયેલી છે, પણ પ્રગટરૂપ તો એક જ પર્યાય છે. જુઓ, કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય પ્રગટ્યું ત્યાં સામે જ્ઞેયપણે પણ પરિપૂર્ણ નિમિત્ત છે, એટલે ત્રણકાળની પર્યાયો તેના જ્ઞાનમાં જણાય છે, તો તેમાં સામે ત્રણકાળની પર્યાયો દ્રવ્યમાં નિશ્ચિત પડી છે, એક સમયમાં આખું દ્રવ્ય ત્રણકાળની પર્યાયો સહિત જ્ઞેય થાય છે. અહીં નૈમિત્તિક કેવળજ્ઞાન આખું છે, ને સામે નિમિત્ત પણ એક સમયમાં પૂરું છે. ભલે બધી પર્યાયો પ્રગટ એક સાથે નથી, પણ દ્રવ્યમાં બધી પર્યાયો નિશ્ચિત છે. અહીં તો પરિણમનની વાત છે, પરિણમનમાં બધી પર્યાયો એક સાથે ન હોય, પરિણમનમાં તો વર્તમાન પર્યાય જ પ્રગટ છે. ભૂત–ભવિષ્યની પર્યાયો પ્રગટ નથી. માટે પર્યાયો

અસત્ ઊપજે છે. એટલે કે પહેલા સમયે ન હતી તે પર્યાય પ્રગટી, પહેલાં હતું તે ઊપજ્યું – એમ કહો તો તો ગુણ થઈ ગયો, પર્યાયમાં સમય સમયનો નિરપેક્ષ ઉત્પાદ છે. પહેલા સમયે ન હતી તે પર્યાય બીજા સમયે પ્રગટી – એમ અનાદિ અનંતકાળમાં સમયે સમયે અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થાય છે. જુઓ ! આ વસ્તુનો સ્વભાવ !! શરીરની પર્યાય પહેલાં સ્થિર હોય તે વખતે ચાલવાની પર્યાય અવિદ્યમાન છે, પછી ચાલવાની પર્યાય પ્રગટી તે ક્યાંથી પ્રગટી ? જીવના કારણે તે પર્યાય થઈ નથી, પણ તેના સ્વભાવથી જ તેની અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થઈ છે. 'પર્યાય હતી તે ઉત્પન્ન થઈ' એમ પર્યાય અપેક્ષાએ ન કહેવાય. બધા પદાર્થોમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પહેલાં અવિદ્યમાન હતી, અવિદ્યમાનપર્યાયની ઉત્પત્તિ થાય છે. ગુણ ત્રિકાળ વિદ્યમાન હોય છે, પણ પર્યાય એક સમયે એક જ વિદ્યમાન હોય છે. તેથી અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ કહેવામાં આવે છે.

# પ્રસાદ નં. – ૨૪૫

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ સુદ ૯, વર્ષ ૨જાું. પુસ્તક નવમું, સોનગઢ, તા. ૧-૭-૫૨, મંગળવાર.**

# શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ સુદ ૨, મંગળવાર, ૨૪-૬-૫૨ સવાર)**

આ લોકભાવના છે, લોકમાં સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જોયાં છે, તેની પર્યાય સમયે સમયે સ્વતંત્રપણે પરિણમીને થઈ રહી છે. આવા વસ્તુસ્વરૂપનું સમ્યગ્દષ્ટિને ભાન હોય છે. પહેલાં ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ શુદ્ધઉપયોગ થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે, ને ત્યાર પછી સ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતા વધતી જાય છે ત્યાં વસ્તુસ્વરૂપની ભાવના ભાવે છે, ઉપશમ સમ્યગ્દર્શન થાય ત્યારે પણ વસ્તુસ્વરૂપના ભાનપૂર્વક નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થઈ જાય છે, પણ તેનો કાળ લાંબો નથી. અનાદિથી પર્યાયને પરના આશ્રયે માનીને ગુણ–ગુણીમાં એકાંત ભેદ પાડતો, તેને બદલે પર્યાયને અંતર્મુખ કરીને અભેદ થતાં અંશે શુદ્ધોપયોગ પ્રગટે છે, અને ત્યાં અનંતાનુબંધી કષાયનો અભાવ થયો તેટલી શાંતિ પ્રગટી, અજ્ઞાનીને તો વસ્તુસ્વરૂપનું ભાન નથી તેને સાચી શાંતિ હોય નહીં, ને તેને બાર ભાવના યથાર્થ હોય નહીં.

આ બાર ભાવનાઓ સમ્યગ્દષ્ટિ જીવોને આનંદની જનની છે. ધર્મીને ચિદાનંદ સ્વભાવનું ભાન છે, તેને અનિત્ય વગેરે બાર ભાવનાનું ચિંતવન કરતાં જ્ઞાનની એકાગ્રતા થતી જાય છે ને વીતરાગભાવ વધતો જાય છે, – એનું નામ ભાવના છે, ને એવી ભાવના ભવ્યજીવોને આનંદની જનની છે. આ ભાવના તે આસ્રવ નથી પણ સંવરનો પ્રકાર છે. વચ્ચે શુભરાગ હોય તે આસ્રવ છે, તેની આ ભાવનામાં મુખ્યતા નથી. સ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતા વધે

તેનું નામ ભાવના છે. સ્વભાવના ભાન વગર શુભરાગથી બારભાવના ભાવે – તેની આ વાત નથી. જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિપૂર્વક આ ભાવના ભાવતાં ભાવતાં જ્ઞાનની એકાગ્રતા થતી જાય ને શુદ્ધતા વધતી જાય – એનું નામ ભાવના છે. જ્ઞાનસ્વભાવની રુચિ થવી જોઈએ. સત્ય વસ્તુ સ્વરૂપ શું છે ને કોના આશ્રયથી કલ્યાણ છે – તેનો નિર્ણય થવો જોઈએ, પછી ભલે અમુક પ્રમાદ હોય, રાગ હોય – પણ રુચિમાં સ્વભાવ તરફનું જોર હોવું જોઈએ, તો તે જીવ સત્ય માર્ગે છે. અજ્ઞાની જીવ પોતાને પરાધીનદૃષ્ટિ હોવાથી શાસ્ત્રોમાંથી પણ તેવો આશય કાઢીને શાસ્ત્રોને પોતાને અનુકૂળ બનાવવા માગે છે, પણ શાસ્ત્રોમાં તેવો આશય છે જ નહિ. ગુરુગમ વગર સ્વચ્છંદે તે જીવ શાસ્ત્રોના ઊંધા અર્થ કરે છે. અહીં તો કહે છે કે દ્રવ્યની સમય સમયની પર્યાય સ્વતંત્ર છે. ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિમાં ધર્મી જીવને રાગની પણ ભાવના નથી, એવા જીવને વસ્તુસ્વરૂપની આવી ભાવના હોય છે. તેનું આ વર્ણન છે.

ગાથા–૨૪૪

**सर्वेषां पर्यायाणां अविद्यमानानां भवति उत्पत्तिः।**
**कालादिलब्ध्या अनादिनिधने द्रव्ये।।२४४।।**

**અર્થ :– અનાદિનિધન દ્રવ્યમાં કાળાદિલબ્ધિથી સર્વ પર્યાયોની અવિદ્યમાન જ ઉત્પત્તિ છે.**

**ભાવાર્થ :– અનાદિનિધન દ્રવ્યમાં કાળાદિલબ્ધિથી અવિદ્યમાન અર્થાત્ અણછતી પર્યાય જ ઉપજે છે. પણ એમ નથી કે 'બધી પર્યાયો એક જ સમયમાં વિદ્યમાન છે તે ઢંકાતી જાય છે.' પરંતુ સમયે સમયે ક્રમપૂર્વક નવીન નવીન જ પર્યાયો ઉપજે છે. દ્રવ્ય તો ત્રિકાળવર્તી સર્વ પર્યાયોનો સમુદાય છે અને કાળભેદથી ક્રમથી પર્યાયો થાય છે.**

નિયત કહો, યોગ્યતા કહો, સ્વકાળ કહો, કાળલબ્ધિ કહો – તે વસ્તુમાં સમયે સમયે પોતાના સ્વરૂપથી જ ઊપજે છે. બધી વસ્તુમાં ત્રણકાળના પર્યાયો નિશ્ચિત છે, પણ તે પ્રગટરૂપ

નથી. એક સમયે એક પર્યાય જ વિદ્યમાન હોય છે, ને બીજા પર્યાયો અવિદ્યમાન હોય છે. તેથી અવિદ્યમાન પર્યાયોની ઉત્પત્તિ કહેવામાં આવે છે. દ્રવ્ય અપેક્ષાએ એમ કહેવાય કે 'જે હતું તે ઊપજ્યું માટે સત્ ઉત્પાદ છે' પણ અહીં પર્યાય અપેક્ષાએ વાત છે. પર્યાય અપેક્ષાએ જે પર્યાય પહેલાં ન હતી તે ઊપજી – એમ અસત્‌નો ઉત્પાદ છે, પર્યાય પહેલાં ન હતી ને ક્યાંથી થઈ ? કે વસ્તુનું સ્વરૂપ એવું છે કે તેમાં અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થાય છે. નિમિત્ત કાંઈ તેની ઉત્પત્તિ કરતું નથી. ઉદાસીન નિમિત્ત હો કે પ્રેરક નિમિત્ત હો – તે બંને ભેદો પર છે, તે ઉપાદાનને કોઈ કરતા નથી. નિમિત્તના પ્રકારો ઓળખાવવા તેના પ્રેરક અને ઉદાસીન એવા બે ભેદ કહ્યાં છે, પણ તેનો અર્થ એમ નથી કે પ્રેરક નિમિત્તે ઉપાદાનમાં કાંઈ કર્યું ! નિમિત્ત અનુકૂળ હોય છે. પરિણમનમાં કાળને જ નિમિત્ત કહેવાય, ને ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે; – એ રીતે નિમિત્ત અનુકૂળ હોય છે, પ્રેરક નિમિત્ત છે તે પણ ઉદાસીન જેવું જ છે, બધાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. ધજા ફરકતી હોય તેમાં ધર્માસ્તિકાયને ઉદાસીન નિમિત્ત કહેવાય ને પવનને પ્રેરક નિમિત્ત કહેવાય, ત્યાં પવન પોતે ગતિ કરે છે તેથી તેને પ્રેરક નિમિત્ત કહ્યું, પણ તે કાંઈ ધજાને ગતિ કરાવતું નથી. બધાંય દ્રવ્યો પોતપોતાની સ્વકાળલબ્ધિથી જ ઊપજે છે. જે કાળે જે પર્યાય થઈ તે જ કાળલબ્ધિ છે. પર્યાયથી જુદી કોઈ કાળલબ્ધિ નથી.

'શ્રી મોક્ષમાર્ગ પ્રકાશ'માં આ સંબંધી કહે છે કે :–

પ્રશ્ન :– મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે, કે મોહાદિકનો ઉપશમાદિ થતાં બને છે, કે પોતાના પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરતાં બને છે ? તે કહો, જો પહેલાં બે કારણો મળતાં બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો ? તથા જો પુરુષાર્થથી બને છે તો સર્વ ઉપદેશ સાંભળે છે છતાં તેમાં કોઈ પુરુષાર્થ કરી શકે છે તથા કોઈ નથી કરી શકતા તેનું શું કારણ ?

ઉત્તર :– એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણે કારણો મળે છે તથા નથી બનતો ત્યાં એ ત્રણે કારણો નથી મળતાં, પૂર્વોક્ત ત્રણ કારણો કહ્યાં તેમાં કાળલબ્ધિ વા ભવિતવ્ય તો કોઈ વસ્તુ જ નથી, જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ ભવિતવ્ય. વળી કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે. તેનો કર્તા–હર્તા આત્મા નથી, તથા પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ

છીએ. જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે તેનાથી તો મોક્ષ અવશ્ય થાય જ માટે જે જીવ જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો કાળલબ્ધિ વા ભવિતવ્ય પણ થઈ ચૂક્યાં.

દ્રવ્ય ત્રિકાળ છે, તેનું ક્ષેત્ર ત્રિકાળ છે, તેનો ભાવ એટલે કે ગુણો પણ ત્રિકાળ છે, ને કાળ તે એક સમયની પર્યાય છે. આવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દરેક દ્રવ્યનાં સ્વતંત્ર છે. કૂવામાંથી પાણી ઊંચું આવે ત્યાં માણસના કારણે તે પાણી ઊંચું ચડ્યું નથી, પણ પાણીના દરેક પરમાણુ પોતપોતાની કાળલબ્ધિથી એટલે કે પર્યાયની યોગ્યતાથી જ ઊંચે આવ્યા છે. દોરી અને ડોલ તેમના કારણે ચાલે છે. યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવું હોય તો પૂર્વનો આગ્રહ છોડી દેવો જોઈએ. અત્યાર સુધી બીજું સમજ્યા માટે તે પકડી રાખવું – એવો આગ્રહ ન હોય – ભૂલ તો અનાદિથી છે, પણ સાચું સમજીને તે ભૂલ ટાળે તેની બલિહારી છે.

પરિષહજય એટલે ? બહારમાં પ્રતિકૂળ સંયોગ આવ્યા તે તો ભિન્ન છે, તે વખતે વિકલ્પ ઊઠ્યો ને બીજે સમયે તે વિકલ્પને ટાળવો – એનું નામ કાંઈ પરિષહજય નથી, વિકલ્પ ઊઠ્યો તેટલો પરિષહજયનો અભાવ છે, પણ સ્વભાવના આશ્રયે વીતરાગભાવ રહેતાં રાગની ઉત્પત્તિ જ ન થાય તેનું નામ પરિષહજય છે. વિકલ્પ ઊઠ્યો ને બીજે સમયે તેને જીત્યો – એમ નથી, બીજે સમયે તો વિકલ્પ ટળી જ જાય છે – તો જીતવો કોને ? વસ્તુના આશ્રયે વિકલ્પ થયો જ નહિ – તેનું નામ પરિષહજય છે, ને તે સંવર છે.

ત્રિકાળી વસ્તુમાં સમયે સમયે નવી નવી પર્યાય પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ ઊપજે છે, ત્રણ કાળની પર્યાય વસ્તુમાં પ્રગટ છે, ને નિમિત્ત અનુસાર તે પર્યાય પ્રગટે છે – એમ નથી, પણ તે તે સમયની પર્યાયના કાળે તે અવિદ્યમાન પર્યાય નવી પ્રગટે છે. શબ્દ સાંભળ્યા માટે જ્ઞાનની પર્યાય પ્રગટી એમ નથી, પણ જ્ઞાનગુણની તે અવિદ્યમાન પર્યાય કાળાદિલબ્ધિ પામીને પ્રગટી છે. કાળાદિલબ્ધિ તે પર નથી, પણ પોતાનાં જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. દ્રવ્યમાં સમયે સમયે ક્રમે ક્રમે પર્યાય ઉત્પન્ન થાય છે. વિભાવપર્યાય પણ કર્મના કારણે ઊપજતી નથી, પણ પોતાના જ કારણે ઊપજે છે. કર્મની પર્યાય ક્રમે ક્રમે કર્મમાં ઊપજે છે, ને આત્માની પર્યાય આત્મામાં ઊપજે છે. બંનેની પર્યાયનો ઉત્પાદ ભિન્ન ભિન્ન છે, કોઈના કારણે કોઈની પર્યાય નથી.

જુઓ, સમયસમયની પર્યાય સ્વતંત્ર છે, એક સમયે એક પર્યાય વ્યક્ત છે, ને બીજી અનંત પર્યાયોનું સામર્થ્ય તો દ્રવ્યરૂપે પડ્યું છે. જો આવું સમજે તો દ્રવ્ય સન્મુખ દૃષ્ટિ થયા

વગર રહેજ નહીં, ત્રણકાળની પર્યાયનો પિંડ તે દ્રવ્ય – એમ કહ્યું ત્યાં પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં છે – એમ સમજવું. પણ તે પર્યાયો પ્રગટરૂપ નથી. શક્તિ છે તેમાંથી વ્યક્તિ થાય છે. ભવિષ્યની પર્યાયો અત્યારે કાંઈ પર્યાયરૂપે નથી, પણ દ્રવ્યની શક્તિરૂપે છે.

અહો ! આવું વસ્તુસ્વરૂપ સમજ્યા વગર શાંતિ આવે ક્યાંથી ? સ્વતંત્ર વસ્તુસ્વભાવ સમજીને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરે તો વીતરાગી શાંતિ પ્રગટે. લોકો ઘણાં વર્ષો મંદકષાય કરીને વ્રતાદિ માને છે, પણ એટલુંય વિચારતા નથી કે આટલા આટલા કાળથી મંદકષાય ને વ્રતાદિનો શુભરાગ કરવા છતાં અંતરમાં સમ્યક્દૃષ્ટિ તો પ્રગટી નહિ, ને સ્વભાવની શાંતિ તો આવી નહિ, તો તારા મંદકષાય ને વ્રતે શું કર્યું ? ભાઈ ! વસ્તુસ્વરૂપના ભાન વિના તારા વ્રતાદિ તે તો બાળવ્રત ને બાળતપ છે. બાળવ્રત એટલે કે મૂર્ખાઈ ભરેલાં વ્રત; વસ્તુસ્વરૂપના ભાન વિના અજ્ઞાનીઓ વ્રત–તપ વગેરેમાં ધર્મ માનીને કલેશ કરો તો કરો, પણ તેથી કાંઈ ભવનો અંત આવવાનો નથી. વસ્તુસ્વભાવ શું છે ? તે જાણીને તેનો આશ્રય કરે તો વીતરાગભાવ પ્રગટે ને ભવનો અંત આવે તે માટે પહેલાં સ્વતંત્ર વસ્તુ સ્વરૂપ શું છે તેનો નિર્ણય કરવો જોઈએ.

ગાથા–૨૪૫

**આગળ દ્રવ્ય અને પર્યાયોને કથંચિત્ ભેદ–અભેદપણું દર્શાવે છે :–**

**द्रव्याणां पर्यायाणां धर्म्मविवक्षा क्रियते भेदः।**
**वस्तुस्वरूपेण पुनः न हि भेदः शक्यते कर्त्तुं।।२४५।।**

**અર્થ :– દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ–ધર્મીની વિવક્ષાથી ભેદ કરવામાં આવે છે પરંતુ વસ્તુસ્વરૂપથી ભેદ થઈ શકતો નથી.**

**ભાવાર્થ :– દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ–ધર્મીની વિવક્ષાથી ભેદ કરવામાં આવે છે અર્થાત્ દ્રવ્ય, ધર્મી છે અને પર્યાય, ધર્મ છે. વસ્તુપણે એ બંને અભેદ જ છે, કોઈ નૈયાયિકાદિક ધર્મ–ધર્મીમાં સર્વથા ભેદ માને છે તેમનો મત પ્રમાણબાધિત છે.**

અહીં પર્યાયને પણ વસ્તુનો ધર્મ કહ્યો છે. અહીં 'ધર્મ'નો અર્થ 'મોક્ષમાર્ગ' નથી, પણ વસ્તુનો અંશ હોવાથી તેને ધર્મ કહ્યો છે. પર્યાય તે પણ અંશીનો અંશ છે, માટે તે ધર્મ છે. રાગપર્યાય થઈ તે પણ આત્માની પર્યાય છે તેથી તે પણ આત્માનો ધર્મ છે. દ્રવ્ય તે ધર્મી અને પર્યાય તે ધર્મ; ગુણ–પર્યાયોને ધારણ કરે તે ધર્મી છે, અને તેના ગુણ–પર્યાયો તે ધર્મ છે. એકેક સમયની પર્યાય તે વસ્તુનો પોતાનો ધર્મ છે. ભલે પર્યાય ત્રિકાળ નથી, પણ વર્તમાન પૂરતો તે વસ્તુનો ધર્મ છે. વસ્તુનો ધર્મ કોઈ પરને લીધે થયો નથી. રાગ તે આત્માનો ધર્મ છે, તો કર્મે રાગ કરાવ્યો એ વાત રહેતી નથી. છએ દ્રવ્યોની પર્યાય તે તેનો ધર્મ છે, પર્યાય તે પદાર્થનો જ એક ભાગ છે, પદાર્થથી તેની પર્યાય સર્વથા જુદી નથી. સ્ફટિકમાં રતાશ થઈ – તે સ્ફટિકનો ધર્મ છે. સામા ફૂલના કારણે તે પર્યાય થઈ નથી. સામા ફૂલનો ધર્મ તેની પર્યાયમાં છે, ને સ્ફટિકની પર્યાય તે સ્ફટિકનો અંશ છે. તે સ્ફટિકની પર્યાયમાં ફૂલનો અભાવ છે. તેમ જ કેવળજ્ઞાનમાં લોકાલોકના પદાર્થો નિમિત્ત છે. પણ કાંઈ તે લોકાલોકની ઝલક કેવળજ્ઞાનમાં પડતી નથી. જ્ઞાન પોતે પોતાની તેવી સ્વ–પરપ્રકાશક પર્યાયપણે પરિણમ્યું છે, નિમિત્તો તો ભિન્ન છે. તેઓ કાંઈ જ્ઞાનમાં આવી જતાં નથી, પણ જ્ઞાનસામર્થ્ય બતાવવા માટે ઉપચારથી એમ કહેવાય કે 'જ્ઞાનમાં જાણે કે બધા પદાર્થો ઊંડા ઊતરી ગયા હોય, જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય' – પણ કાંઈ પરપદાર્થો જ્ઞાનમાં આવી જતા નથી, જ્ઞાન પોતાના પરિપૂર્ણ સ્વભાવ સામર્થ્યરૂપે પરિણમી રહ્યું છે, તે બતાવવા માટે નિમિત્તનું કથન છે. ખરેખર જ્ઞાનપર્યાય થઈ તે આત્માનો ધર્મ છે, ને આત્મા ધર્મી છે.

દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ–ધર્મીની વિવક્ષાથી ભેદ કહેવામાં આવે છે, એટલે કે દ્રવ્ય તે ધર્મી છે, ને પર્યાય તે તેનો ધર્મ છે. પણ દ્રવ્ય અને પર્યાય બંને કાંઈ સર્વથા જુદા જુદા નથી, વસ્તુપણે બંને અભેદ છે. જુઓ તો ખરા ! આ ભાવના ! સ્વભાવની દૃષ્ટિ રાખીને વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા બતાવી છે. દ્રવ્યદૃષ્ટિ ક્યાંય છોડી નથી, ને પર્યાયની પરાધીનતા ક્યાંય કહી નથી. મારી પર્યાય પરના કારણે થાય એમ માનનારે પર્યાયને વસ્તુનો ધર્મ માન્યો નથી, પણ દ્રવ્ય–પર્યાયને સર્વથા જુદા માન્યા છે. તેને વસ્તુનું ભાન નથી. વિકારીભાવ થયો તે પણ તે આત્માનો ધર્મ છે. ઝેર પર્યાય થઈ તે પણ પરમાણુ દ્રવ્યનો ધર્મ છે, અહીં સુખના કારણરૂપ આ ધર્મ નથી પણ વસ્તુનો અંશ હોવાથી પર્યાય તે વસ્તુનો ધર્મ છે – પછી જડની પર્યાય તે જડનો ધર્મ, ને આત્માની પર્યાય તે આત્માનો ધર્મ, વિકારીપર્યાય

હો કે નિર્મળ પર્યાય હો – તે બંને તેનો ધર્મ છે.

પર્યાયજ્ઞાન, પર્યાયસમાસજ્ઞાન વગેરે વીસ ભેદો શ્રુતજ્ઞાનના છે, તેમાં પર્યાયજ્ઞાન તે સૌથી જઘન્યજ્ઞાન હોય છે. તે પણ જીવનો તે સમયનો ધર્મ છે. સૂક્ષ્મ નિગોદિયા લબ્ધિ–અપર્યાપ્તક જીવને પોતાને યોગ્ય જેટલા ભવ સંભવે છે તેટલા (૬૦૧૨) ભવોમાં ભ્રમણ કરીને છેલ્લા અપર્યાપ્ત શરીરને ત્રણ મોડાપૂર્વક ધારણ કરે તેમાં પહેલા સમયે જે સૌથી જઘન્ય શ્રુતજ્ઞાનનો ઉઘાડ હોય છે તેનું નામ 'પર્યાયજ્ઞાન' છે. આટલું જ્ઞાન તો સદા રહે જ છે. તેમાં કદી આવરણ થતું નથી તેથી તેને 'નિત્યોદ્ઘાટ' કહ્યું છે. જો આટલા જ્ઞાનનો પણ અભાવ થઈ જાય તો જીવ અચેતન થઈ જાય. આ જે સૌથી અલ્પજ્ઞાન છે. તે પણ જીવની પોતાની પર્યાયનો સ્વભાવ છે. એટલે તે પણ જીવનો ધર્મ છે. આ પર્યાયજ્ઞાન એક સમય જ રહે છે, બીજા સમયે તે રહેતું નથી. આ જ્ઞાન કાંઈ ત્રિકાળરૂપ નથી. 'નિયમસાર'માં કાંઈ આ પર્યાયજ્ઞાનને કારણસ્વભાવજ્ઞાન નથી કહ્યું, કારણસ્વભાવજ્ઞાન કહેવાય છે તે તો ત્રિકાળ પારિણામિકભાવે છે, ને આ પર્યાયજ્ઞાન તે તો એક સમય પૂરતું છે. ને ક્ષયોપશમભાવે છે. તેનાથી જુદી વાત છે, સમય સમયની જ્ઞાનની પર્યાય ઊપજે છે તે જ્ઞાનનો પોતાનો ધર્મ છે, ઈચ્છા થાય ને શરીર ચાલે, ત્યાં શરીર ચાલ્યું તે કાંઈ આત્માનો ધર્મ નથી. શરીર ચાલ્યું કે ભાષા બોલાણી – તે પરમાણુની પર્યાય છે તે પરમાણુનો ધર્મ છે. આત્માને કારણે તે પર્યાય થઈ નથી, ને ઇચ્છા થઈ તે આત્માની પર્યાય છે. તેથી તે આત્માનો ધર્મ છે તેમ જ્ઞાનાવરણકર્મ અને જ્ઞાનની હીનતા – તે પણ ભિન્ન ભિન્ન છે. જ્ઞાનાવરણીયકર્મ તે તો અચેતનપુદ્ગલનો ધર્મ છે. જીવના જ્ઞાનને રોકે એવો તેનો ધર્મ નથી જ્ઞાનથી તો તે ભિન્ન છે ને જ્ઞાન રોકાયું તે જ્ઞાનનો પોતાનો ધર્મ છે. તે પર્યાય આત્મા સાથે અભેદ છે ને કર્મની પર્યાય પુદ્ગલ સાથે અભેદ છે. એમ દરેક વસ્તુને પોતપોતાની પર્યાય સાથે એકતા છે, ને પરથી ભિન્નતા છે. જે જીવ આવા વસ્તુસ્વરૂપને જાણતો નથી, ને પર્યાય પરથી થાય છે એવો જેનો અભિપ્રાય છે તે જીવ નૈયાયિક વગેરેના મત જેવો છે. ધર્મ અને ધર્મી અભેદ છે એમ જે સમજે તેને અભેદ વસ્તુની દૃષ્ટિ થઈને રાગ ઘટ્યા વિના રહેતો નથી. આવી વસ્તુદૃષ્ટિ પ્રગટ કરવી તેને ભગવાન પ્રથમ ધર્મ કહે છે.

# પ્રસાદ નં. – ૨૬૦

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૧૬-૭-૫૨, બુધવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૩, ગુરુવાર, ૧૦-૭-૫૨ સવાર)**

સર્વજ્ઞદેવે લોકમાં છ પદાર્થો જોયા છે. તે છએ દ્રવ્યો સ્વતંત્ર છે. દરેક વસ્તુ અનેકાંતસ્વરૂપ છે, એટલે દ્રવ્ય–પર્યાયસ્વરૂપ છે. તે દ્રવ્ય અને પર્યાયમાં જો સર્વથા ભેદ માને તો તેમાં દૂષણ આવે છે તે અહીં બતાવે છે.

ગાથા–૨૪૬

**આગળ દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા ભેદ માને છે તેમના મતમાં દૂષણ દર્શાવે છે :–**

**यदि वस्तुतः विभेदः पर्यायद्रव्ययोः मन्यसे मूढ।**
**ततः निरपेक्षा सिद्धिः द्वयोः अपि च प्राप्नोति नियमात्।।२४६।।**

**અર્થ :– દ્રવ્ય અને પર્યાયમાં (સર્વથા) ભેદ માને છે તેને કહે છે કે – હે મૂઢ ! જો તું દ્રવ્ય અને પર્યાયમાં વસ્તુપણાથી પણ ભેદ માને છે તો દ્રવ્ય અને પર્યાય બંનેની નિરપેક્ષ અસિદ્ધિ નિયમથી પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :– (એમ માનતાં) દ્રવ્ય અને પર્યાય જુદી જુદી વસ્તુ ઠરે છે પણ તેમાં ધર્મ–**

**ધર્મીપણું ઠરતું નથી.**

દ્રવ્ય જુદી વસ્તુ ને પર્યાય જુદી વસ્તુ એમ બે ભિન્ન ભિન્ન વસ્તુઓ નથી. દ્રવ્ય અને પર્યાયનું ક્ષેત્ર જુદું નથી, પણ એક છે. દ્રવ્યથી જુદી પર્યાય થતી નથી. રાગ પર્યાય થાય તે પણ આત્મદ્રવ્યથી જુદી નથી, પણ કથંચિત્ અભેદ છે. જેમ સોનું અને તેની કુંડળ વગેરે અવસ્થા જુદા નથી, સોનાની અવસ્થા સોના સાથે એકમેક છે, તેમ દરેક દ્રવ્યની અવસ્થા તે દ્રવ્યમાં જ થાય છે. દ્રવ્યની અવસ્થા તેનાથી જુદી હોતી નથી. દ્રવ્ય વગરની પર્યાય ન હોય, ને પર્યાય વગરનું દ્રવ્ય ન હોય. જ્ઞાનની અવસ્થા જાણે છે, તે અવસ્થા આત્માથી જુદી નથી, રાગ તે આત્માથી જુદો છે કે ભેગો ? કથંચિત્ જુદો છે ને કથંચિત્ ભેગો છે. કઈ રીતે ? કે ત્રિકાળી દ્રવ્યમાં રાગ નથી, તે અપેક્ષાએ રાગ આત્માથી જુદો છે, પણ એક સમય પૂરતી પોતાની પર્યાયમાં રાગ થાય છે, તેથી તે આત્માથી ભેગો છે. રાગ આત્માથી સર્વથા જુદો નથી, તેમ જ સર્વથા અભિન્ન પણ નથી. દ્રવ્યદૃષ્ટિથી રાગ આત્માથી જુદો છે, ને પર્યાયદૃષ્ટિથી રાગ આત્માથી અભિન્ન છે. એ જ પ્રમાણે જ્ઞાનપર્યાય થાય છે તે આત્માથી જુદી નથી. દ્રવ્ય અને પર્યાયને વસ્તુપણે ભેદ નથી. જ્ઞાનપર્યાય વિના આત્મા ન હોય ને આત્મા વિના જ્ઞાનપર્યાય ન હોય. જેમ રાગ સાથે આત્માને કથંચિત્ ભેદ–અભેદપણું કહ્યું તેમ જ્ઞાનપર્યાય સાથે પણ કથંચિત્ ભેદ–અભેદપણું છે.

કેવળજ્ઞાન પર્યાયનો કાળ એક સમય પૂરતો છે ને દ્રવ્ય ત્રિકાળી છે, જો દ્રવ્ય અને પર્યાય સર્વથા એકમેક હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય, માટે દ્રવ્ય–પર્યાયને કથંચિત્ ભેદ છે, પણ દ્રવ્ય અને પર્યાયને સર્વથા ભેદ નથી. જો સર્વથા ભેદ હોય તો દ્રવ્ય ક્યાંક, ને પર્યાય ક્યાંક – એમ જુદા ઠરે. પણ એમ પ્રદેશભેદ નથી, દ્રવ્ય–પર્યાયને અભેદપણું છે. એ જ પ્રમાણે ધર્મપર્યાય પણ આત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન છે. દ્રવ્ય શું ? પર્યાય શું ? તે વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ. પર્યાય પરને લીધે થાય એમ જે માને તેણે દ્રવ્ય અને પર્યાયને સર્વથા જુદા માન્યા છે. રાગ થાય તે કર્મે કરાવ્યો એમ માને, અથવા રાગ પર્યાય સર્વથા પરની છે એમ માને તો તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. રાગ પર્યાય પણ આત્માની છે, તે પર્યાય પોતાથી થઈ છે.

દ્રવ્ય કોને કહે છે ? અનંત ગુણોના પિંડરૂપ વસ્તુ તે દ્રવ્ય છે.

પર્યાય કોને કહે છે ? વસ્તુની સમયે સમયે બદલતી દશાને પર્યાય કહેવાય છે.

દ્રવ્ય ત્રિકાળી છે, ને પર્યાય એક સમય પૂરતી છે. પણ તે એક સમય પૂરતી પર્યાય પણ વસ્તુની છે. ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિ અપેક્ષાએ પર્યાયને અભૂતાર્થ કહેવાય છે, પણ તે પર્યાય કાંઈ પરની નથી. દ્રવ્ય અને પર્યાય બંને એક જ વસ્તુ છે, જુદી જુદી વસ્તુ નથી.

માટી અને ઘડો એકમેક છે. ઘડો થાય તે કુંભારથી જુદો છે, પણ માટીથી જુદો નથી, તેમ વિકાર પર્યાય થાય તો જડકર્મથી જુદી છે, પણ આત્માથી તે પર્યાય જુદી નથી. વિકાર પણ આત્માની પર્યાય છે. જો તે પર્યાયને ન માને તો તે મૂઢ છે. અહો ! 'સમયસાર' તો કહે છે કે આત્માના સ્વભાવમાં વિકારનો અત્યંત અભાવ છે, વિકાર તો જડનો છે, પણ ત્યાં તો દ્રવ્યદૃષ્ટિનું કથન છે. પોતાની પર્યાયને ઓળખી છે, પછી દ્રવ્યદૃષ્ટિમાં તેનો નિષેધ કરે છે. પણ જે જીવ રાગપર્યાયને પોતાની ઓળખે નહિ ને કર્મ જ રાગ કરાવે છે એમ માને તો તે જીવ મૂઢ છે. વિકાર પણ આત્માની પર્યાયમાં થાય છે. તેથી પર્યાય અપેક્ષાએ તે પણ જીવનો ધર્મ છે. જુઓ, વસ્તુને પોતાના દ્રવ્ય–પર્યાય સાથે એકપણું છે, પણ પરથી તો તદ્દન ભિન્નપણું છે. જડની પર્યાય તે જડનો ધર્મ છે. જીવ તેનો કર્તા નથી ને આત્માની પર્યાય થાય તે આત્માનો પર્યાયધર્મ છે. શરીર તે જડનો ધર્મ છે, શરીરને ટકાવી રાખવું એવો કાંઈ આત્માનો ધર્મ નથી, અને જો આમ નક્કી કરે તો પરથી ભિન્નપણું સમજીને પોતામાં વળે, ને પોતામાં પણ પર્યાય એક સમય પૂરતી છે તે ત્રિકાળ નથી – એમ જાણીને પર્યાયબુદ્ધિ ટળીને ત્રિકાળી દ્રવ્યબુદ્ધિ થાય, એટલે સમ્યગ્દર્શન થાય.

કથંચિત્ ભેદ–અભેદરૂપ વસ્તુનો સ્વભાવ છે તે વાત સર્વજ્ઞના શાસન સિવાય બીજે હોય નહિ.

જ્ઞાન પોતાના આત્માથી જુદું નથી પણ પરથી ભિન્ન છે. જે જીવ જ્ઞાનને પરથી જુદું નથી માનતા ને સર્વથા અદ્વૈતરૂપ માને છે, જ્ઞાન સિવાય બાહ્ય પદાર્થો છે તેને માનતા જ નથી – તે જીવોની માન્યતામાં દોષ બતાવે છે.

ગાથા–૨૪૭

**આગળ જેઓ વિજ્ઞાનને જ અદ્વૈત કહે છે અને બાહ્યપદાર્થ માનતા નથી તેમના મતમાં દૂષણ દર્શાવે છે :–**

**यदि सर्वे एव ज्ञानं नानारूपैः स्थितं एकं।**

**तत् न अपि किञ्चिदपि ज्ञेयं ज्ञेयेन विना कथं ज्ञानं ?।।२४७।।**

**અર્થ :– જો બધીય વસ્તુ એક જ્ઞાન જ છે અને તેજ નાનારૂપથી સ્થિત છે–રહે છે તો એમ માનતાં જ્ઞેય કાંઈ પણ ન ઠર્યું, અને જ્ઞેય વિના જ્ઞાન જ કેવી રીતે ઠરશે ?**

**ભાવાર્થ :– વિજ્ઞાનાદ્વૈતવાદી–બૌદ્ધમતી કહે છે કે 'જ્ઞાનમાત્ર જ તત્ત્વ છે અને તેજ નાનારૂપથી બિરાજે છે' તેને કહે છે કે – જો જ્ઞાનમાત્ર જ છે તો જ્ઞેય કાંઈ પણ ન રહ્યું અને જ્ઞેય નથી તો જ્ઞાન કેવી રીતે કહો છો ? કારણકે જ્ઞેયને જાણે તેજ જ્ઞાન કહેવાય છે પણ જ્ઞેય વિના જ્ઞાન નથી.**

બાહ્ય પદાર્થો દેખાય છે તે ભ્રમ નથી, પણ સત્ છે. જ્ઞાન સત્ છે, ને તેના જ્ઞેયરૂપ પર પદાર્થો પણ સત્ છે. જ્ઞાન છે તો તેનું જ્ઞેય પણ છે. જ્ઞાનને લીધે જ્ઞેય નથી ને જ્ઞેયને લીધે જ્ઞાન નથી, પણ જ્ઞાનમાં જણાવાયોગ્ય જ્ઞેય પદાર્થો તો જગતમાં સત્ છે. જ્ઞાન અને જ્ઞેય બંને પોતપોતાના કારણે સત્ છે. જ્ઞાનમાં પરજ્ઞેયો નથી, ને પરજ્ઞેયોમાં જ્ઞાન નથી. બંને ભિન્ન ભિન્ન પદાર્થો છે. જુઓ, જ્ઞાનપર્યાયને પોતાના આત્માથી તો કથંચિત્ ભિન્ન–અભિન્નપણું છે, પણ પરથી તો તેને સર્વથા ભિન્નપણું છે. બધુંય અદ્વૈત જ્ઞાન જ છે – એમ નથી. જો બધું અદ્વૈત જ્ઞાન જ હોય, તો જ્ઞાનથી ભિન્ન જ્ઞેય તો કાંઈ ન રહ્યું ! જ્ઞેય વિના જ્ઞાન કેવી રીતે ઠરશે ? માટે જ્ઞેયો જ્ઞાનથી ભિન્ન છે.

કોઈ કહે કે – જ્ઞેયોનું જ્ઞાન થાય છે, માટે તેનામાં પણ જ્ઞાન છે. કપડું જ્ઞાનમાં જણાયું માટે કપડામાં પણ જ્ઞાન છે – તો તેની વાત જૂઠી છે. જડ વસ્તુમાં જ્ઞાન નથી, પણ તેનામાં જ્ઞાનનું જ્ઞેય થવાનો સ્વભાવ છે. તેનામાં જ્ઞાન હોય તો જ તે જ્ઞાનનું જ્ઞેય થાય – એમ નથી. જ્ઞાન તો જીવનો જ સ્વભાવ છે, ને જ્ઞેય તો બધા પદાર્થો છે.

ભાવાર્થ :– વિજ્ઞાનાદ્વૈતવાદી–બૌદ્ધમતી કહે છે કે 'જ્ઞાનમાત્ર જ તત્ત્વ છે અને તેજ નાનારૂપથી બિરાજે છે' તેને કહે છે કે – જો જ્ઞાનમાત્ર જ છે તો જ્ઞેય કાંઈ પણ ન રહ્યું અને જ્ઞેય નથી તો જ્ઞાન કેવી રીતે કહો છો ? કારણકે જ્ઞેયને જાણે તેજ જ્ઞાન કહેવાય છે પણ જ્ઞેય વિના જ્ઞાન નથી.

જુઓ, આ સર્વજ્ઞ ભગવાને જોયેલા લોકના પદાર્થોનું સ્વરૂપ કહેવાય છે. આવું વસ્તુસ્વરૂપ જાણ્યા વિના સાચી ભાવના હોય નહીં.

હવે જ્ઞાન અને જ્ઞેયનું જુદાપણું સિદ્ધ કરે છે.

ગાથા–૨૪૮

**घटपटजडद्रव्याणि हि ज्ञेयस्वरूपाणि सुप्रसिद्धानि।**
**ज्ञानं जानाति यतः आत्मतः भिन्नरूपाणि।।२४८।।**

**અર્થ :– ઘટ, પટ આદિ સમસ્ત જડ દ્રવ્યો જ્ઞેયસ્વરૂપથી ભલાપ્રકારે પ્રસિદ્ધ છે અને તેને જ્ઞાન જાણે છે તેથી તે આત્માથી – જ્ઞાનથી ભિન્નરૂપ જુદાં ઠરે છે.**

**ભાવાર્થ :– જડદ્રવ્ય એવા જ્ઞેયપદાર્થો આત્માથી ભિન્નરૂપ જુદા જુદા પ્રસિદ્ધ છે તેનો લોપ શી રીતે કરી શકાય ? જો તેને ન માનવામાં આવે તો જ્ઞાન પણ ન ઠરે, કારણકે જાણ્યા વિના જ્ઞાન શાનું ?**

શરીર જડ છે, પણ જ્ઞાનમાં તે જણાય છે, તેથી તે જ્ઞાનનું જ્ઞેય છે, પણ તે જ્ઞાનથી ભિન્ન છે. જ્ઞાનમાં શરીર જણાયું તેથી કાંઈ જ્ઞાન અને શરીર એકમેક થઈ જતાં નથી. જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતા ન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, ને ઘડો–વસ્ત્ર–શરીર વગેરે સમસ્ત જડ પદાર્થો જ્ઞાનમાં જણાય છે, તે જ્ઞેય છે, જ્ઞાનસ્વરૂપ આત્માથી તે જડપદાર્થો જુદા છે એમ ભલા પ્રકારે પ્રસિદ્ધ છે. ગળપણનો સ્વાદ છે તે જડ છે, ને તેનું જ્ઞાન છે તે ચેતન છે – તે બંને જુદા છે. હીરાનો ચમકારો જુદો છે, ને તે ચમકારાને જાણનારું જ્ઞાન તેનાથી જુદું છે. હીરાનો ચમકારો તો જડ છે ને તેને જાણનારું જ્ઞાન આત્માનું છે. આમ ભિન્નતા જાણે તો પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા આવે ને પરનો મહિમા ટળે.

ભાવાર્થ :– જડદ્રવ્ય એવા જ્ઞેયપદાર્થો આત્માથી ભિન્નરૂપ જુદા જુદા પ્રસિદ્ધ છે તેનો લોપ શી રીતે કરી શકાય ? જો તેને ન માનવામાં આવે તો જ્ઞાન પણ ન ઠરે, કારણકે જાણ્યા વિના જ્ઞાન શાનું ?

સ્વ–પર જુદા પદાર્થો છે તેને જુદા જાણીને, જુદા માનીને, પરથી ભિન્ન પોતાના આત્મામાં આચરણ કરવું તે ધર્મ છે.

ગાથા–૨૪૯

यत् सर्वलोकसिद्धं देहं गेहादिबाह्यं अर्थं।
यः तदपि ज्ञानं मन्यते न जानाति सः ज्ञाननाम अपि।।२४९।।

**અર્થ :– દેહ–મકાન આદિ બાહ્યપદાર્થો બધાય લોકપ્રસિદ્ધ છે તેને પણ જો જ્ઞાન જ માનશો તો તે વાદી, જ્ઞાનનું નામ પણ જાણતો નથી.**

**ભાવાર્થ :– બાહ્યપદાર્થને પણ જ્ઞાન જ માનવાવાળાએ જ્ઞાનનું સ્વરૂપ જ જાણ્યું નથી એ તો દૂર રહો પણ જ્ઞાનનું નામ પણ જાણતો નથી.**

કોઈ જૈનમતમાં રહેલ જીવ પણ પરને લીધે જ્ઞાન થાય કે જ્ઞાન પરને કરે – એમ માને તો તે પણ પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવને જાણતો નથી, એટલે તે પણ વેદાંત અને બૌદ્ધ જેવો મિથ્યાદૃષ્ટિ છે.

હું જ્ઞાન ને પર મારું જ્ઞેય, તે પરજ્ઞેયથી મારું જ્ઞાન ભિન્ન છે. મારા જ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણ લોકને જાણવાનું સામર્થ્ય છે. એવા જ્ઞાનસ્વભાવને જાણતો નથી, તે તો અજ્ઞાની છે, પણ સમસ્ત દેહાદિ પર પદાર્થો પણ જ્ઞાન છે – એમ જે માને છે તે તો જ્ઞાનનું નામ પણ જાણતો નથી. જ્ઞાન પરથી ભિન્ન છે, ને તે જ્ઞાનસ્વભાવનું અચિંત્ય સામર્થ્ય છે, તેને ઓળખે તો ધર્મ થાય. હજી પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવને ઓળખે પણ નહિ તો તેને ધર્મ ક્યાંથી થાય ? અહો ! મારો જ્ઞાનસ્વભાવ ને પદાર્થોનો જ્ઞેય સ્વભાવ બંનેનો સ્વભાવ ત્રિકાળ ભિન્ન છે. આવી ભિન્નતાને ન જાણે તો તેને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ નથી.

હવે નાસ્તિકવાદી તો જૂઠામાં પણ મહા જૂઠો છે – એમ કહે છે.

ગાથા–૨૫૦

**આગળ નાસ્તિકવાદી પ્રત્યે કહે છે :–**

**अक्षिभ्यां प्रेक्षमाणः जीवाजीवादि बहुविधं अर्थम्।**
**यः भणति नास्ति किञ्चिदपि सः जुष्टानां महाजुष्टः।।२५०।।**

**અર્થ :– જે નાસ્તિકવાદી, જીવ–અજીવાદિ ઘણા પ્રકારના પદાર્થોને આંખો વડે પ્રત્યક્ષ દેખતો હોવા છતાં પણ કહે છે કે – 'કાંઈ પણ નથી' તે અસત્યવાદીઓમાં પણ મહા અસત્યવાદી છે.**

**ભાવાર્થ :– પ્રત્યક્ષ દેખાતી વસ્તુને પણ 'નથી' એમ કહેનારો મહાજુઠો છે.**

જગતમાં પદાર્થો છે – એમ પ્રત્યક્ષ દેખાતું હોવા છતાં જે અજ્ઞાની માનતો નથી તે નાસ્તિકજીવ મહા અસત્યવાદી છે. પર ચીજનાં કામ તેનાથી થાય છે, છતાં એમ માને કે તે મારાથી થાય છે, મારા વગર પરનાં કામ થાય નહીં, તો તે જીવ પરનાં કાર્યને થતાં દેખતો હોવા છતાં તેને સ્વતંત્ર માનતો નથી – તો તે જૂઠો છે. પરચીજ છે એમ માને છે પણ તે ચીજને સ્વતંત્ર નથી માનતો, મારે લીધે પરચીજનાં કામ થાય છે એમ માને છે તે જૂઠો છે, અને પરચીજો છે તેને બિલકુલ માનતો જ નથી. વસ્તુ જ નથી – એમ સર્વથા અભાવ કહે છે. તે તો મોટો જૂઠો છે. માટે સ્વ–પર ચીજો જગતમાં જેમ છે તેમ જાણ, અને પરથી ભિન્ન તારા જ્ઞાનસ્વભાવની ઓળખાણ કર – એનું નામ ધર્મ છે.

**અષાડ વદ ૪, શુક્રવાર, ૧૧-૭-૫૨**

**ગાથા–૨૫૧**

**यत् सर्वं अपि च सतः तस्य अपि असत्त्वं कथं भवति ?।**
**नास्ति इति किञ्चित् ततः अथवा शून्यं कथं जानाति ?।।२५१।।**

**અર્થ :– સર્વ વસ્તુ સત્‌રૂપ છે – વિદ્યમમાન છે, તે વસ્તુ અસત્‌રૂપ – અવિદ્યમાન કેમ થાય ? અથવા 'કાંઈ પણ નથી' એવું તો શુન્ય છે, એમ પણ કેવી રીતે જાણે ?**

**ભાવાર્થ :– છતી (વિદ્યમાન – પ્રગટમ – મોજુદ) વસ્તુ અછતી (અવિદ્યમાન) કેમ થાય ? તથા 'કાંઈ પણ નથી' તો એવું કહેવાવાળો–જાણવાવાળો પણ ન રહ્યો, પછી 'શુન્ય છે' એમ કોણે જાણ્યું ?**

લોકભાવના સંવરમાં ગણી છે. જ્ઞાનસ્વરૂપમાં જે એકાગ્રતા થાય તે સંવર છે. આત્મા સદાય અરૂપી–જ્ઞાનસ્વભાવી છે. તે પરચીજને જાણે પણ પરનું કાંઈ કરી શકે નહીં. ઇચ્છાથી કે જ્ઞાનથી પરમાં કાંઈ કરી શકે નહિ. જ્ઞાની માને છે કે હું પરનો જાણનારો છું એ કથન પણ વ્યવહારથી છે. કેમકે ખરેખર તો તે સ્વને જાણે છે, ને સ્વને જાણતાં પર જણાઈ જાય છે.

બધું વિદ્યમાન છે. વિકાર, અવિકાર, ચાર ગતિ, સિદ્ધ, લોકસ્વરૂપ છે. શરીર છે, તેની અવસ્થા વર્તમાન તેના સ્વકાળે સત્ છે. છે તે નથી કેમ થાય ? અર્થાત્ ન હોય ને છે તે કોઈને કારણે ઉત્પન્ન થાય એ કેમ બને ? છે તે કોઈને કારણે હોય અથવા કોઈ વડે પલટે એમ કેમ બને ? ન બને.

દરેક દ્રવ્યના પરિણમનની વિચિત્રતા તે તેનો સ્વભાવ છે. આમ કેમ ? એવું વિસ્મય જ્ઞાનમાં નથી, પદાર્થમાં નથી, વાણી પણ તે આમ છે એમ બતાવે છે. કોઈથી કોઈ છે એમ નથી.

જાણનારો છતો છે, જ્ઞેય છતા છે, 'છે' તેની ના કેમ પાડી શકાય ?! આ નથી તો હું નથી – એમ અજ્ઞાન થાય છે. હું નથી એમ જાણ્યું કોણે ? ધર્માત્મા જ્ઞાની જગતના છતા પદાર્થોને જેમ છે તેમ જાણે છે. કોઈ કોઈનું કરે, સુધારે કે બગાડે એમ તે માનતો નથી. નબળાઈથી અસ્થિરતાનો રાગ થાય તે મુખ્ય નથી. જાણવું જ તે પ્રમાણજ્ઞાનની અહીં મુખ્યતા છે. આ આમ ન હોવું જોઈએ એટલે કે આવો જ્ઞાનનો વિકાસ છે તે ન હો – એમ તેનો તિરસ્કાર કરે છે. આવો સંયોગ ન જોઈએ એમ છતી વસ્તુનો અને તેના જ્ઞાનનો નિષેધ કરનાર નાસ્તિક થઈ જાય છે. નિંદા, વિષ્ટા, અગ્નિ બધું છે. 'છે' તેની ના પાડે તો જ્ઞાનનો નિષેધ થઈ, નિગોદમાં મહા મૂઢ થવાનો કાળ આવે છે. જ્ઞાન છે, જ્ઞેય પણ છે, કોઈથી કોઈ નથી. વર્તમાન જ્ઞાન સામાન્ય જ્ઞાનસ્વભાવ તરફ વળીને જાણે છે. તેમાં આ નહિ એવું જ્ઞાનીને નથી. ઠીક–અઠીક કરી અટકવું તે જ્ઞાનનું કાર્ય નથી.

પ્રશ્ન :– રાગ ન જોઈએ એવો જ્ઞાનીને વિચાર હોય કે નહિ ?

ઉત્તર :– જ્ઞાનમાં તે જ્ઞેય છે, તેને ટાળું એમ શ્રદ્ધા નથી. અસ્થિરતાથી વિકલ્પ ઊઠે કરો. પણ 'છે' તે 'છે' એમ નક્કી રાખીને વાત છે.

જ્ઞાનસ્વભાવ તરફ જેટલો જાણવામાં જાગ્રત છે તેટલો સંવર છે. જ્ઞાન વિકલ્પને પણ જ્ઞેયપણે જાણે છે. આ ન હો, આ ન જોઈએ એમ જ્ઞાનને ચૂકીને માને તો મિથ્યાત્વ થાય છે.

આ રાગ દુઃખદાયક છે પણ સુખદાયક કાયમી સ્વરૂપ બીજું છે એમ જાણે તો તેના લક્ષે વિભાવ દુઃખરૂપ છે એમ જાણ્યું તે વ્યવહારે સાચું કહેવાય. જ્ઞાની નિશ્ચયથી અંદરમાં જ્ઞાનભાવનારૂપે વર્તતો પોતાને દેખે છે.

પ્રશ્ન :– આ પ્રયોગ ૨૪ કલાકમાં કેટલી વાર થઈ શકે ?

ઉત્તર :– જ્ઞાન નિત્ય છે, અનાદિથી જ્ઞાયક જ રહ્યો છે. છતાં અજ્ઞાનથી મિથ્યારૂપે ભાસે છે મિથ્યાદૃષ્ટિ માને છે કે હું દેહ, રાગરૂપે છું, ઇચ્છાથી પરનું કરી શકાય છે, પરથી કાંઈ મારામાં ફેરફાર થાય છે એમ અજ્ઞાનથી મિથ્યારૂપે પ્રતિભાસે છે. તે ભૂલને જાણીને જ્ઞાનમાત્ર છું – એમ સ્વમાં ઢળીને જ્ઞાનમાં એકતાની દૃષ્ટિ કરી તે ચોવીસે કલાકનો પ્રયોગ છે. સ્વતંત્ર સ્વભાવ છે એવો માન્યો, સર્વજ્ઞ જેમ જણનાર સ્વરૂપે છે તેમ હું પણ જાણનારરૂપે છું, રાગ છે માટે જ્ઞાનનું કાર્ય નથી, રાગ ક્ષણિક છે, હું નિત્ય છું એમ જાણવાવાળો રહે તેનું નામ જ્ઞાનભાવના છે. જ્ઞાતાદૃષ્ટિનો પ્રયોગ ચોવીસે કલાક જ્ઞાનમાત્ર ભાવની અસ્તિવાળો

જોઈ શકે છે.

આ છે, હું છું, પરરૂપે નથી, પરથી નથી, પર મારાથી નથી, એવું જાણે તે જ્ઞાન જ્ઞાનનું કામ નિરંતર કરે છે. 'છે' 'છે' 'છે' એમ મહાસત્તામાં આખું વિશ્વ છે. અવાંતરસત્તામાં દરેકની સ્વરૂપસત્તા, વિશેષસત્તા જુદી જુદી છે, કોઈથી કોઈ નથી માટે બધી વસ્તુ સત્ છે.

**આગળ આ જ ગાથા પાઠાન્તરરૂપે આ પ્રમાણે છે :–**

**जदि सव्वं पि असंतं तासो वि य संतउं कहं भणदि ?।**
**णत्थित्ति किं पि तच्चं अहवा सुण्णं कहं मुणदि ?।।**

**અર્થ :– જો બધીય વસ્તુ અસત્ છે તો (અસત્) છે એમ કહેવાવાળો નાસ્તિકવાદી પણ અસત્‌રૂપ ઠર્યો, તો પછી 'કોઈ પણ તત્ત્વ નથી' એમ તે કેવી રીતે કહે છે ? અથવા 'કહેવાવાળો પણ નથી,' તો શૂન્ય છે એમ શી રીતે જાણે છે ?**

**ભાવાર્થ :– પોતે પ્રગટ વિદ્યમાન છે અને કહે છે કે 'કાંઈ પણ નથી' પણ એમ કહેવું એ મોટું અજ્ઞાન છે તથા શૂન્યતત્ત્વ કહેવું એ તો માત્ર પ્રલાપ (ફોગટ બકવાદ) જ છે, કારણકે કહેવાવાળો જ નથી તો આ કહે છે કોણ ? તેથી નાસ્તિત્વવાદી માત્ર પ્રલાપી (મિથ્યા બકવાદી) છે.**

જો બધીય વસ્તુ અસત્ છે તો (અસત્ છે) એમ કહેવાવાળો નાસ્તિકવાદી પણ અસત્‌રૂપ ઠર્યો, તો પછી 'કોઈ પણ તત્ત્વ નથી' એમ તે કેવી રીતે કહે છે ? અથવા 'કહેવાવાળો પણ નથી', તો શૂન્ય છે એમ શી રીતે જાણે છે ?

ગાથા–૨૫૨

किं बहुना उक्तेन च यावन्मात्राणि सन्ति नामानि।
तावन्मात्राः अर्थाः सन्ति हि नियमेन परमार्थाः।।२५२।।

**અર્થ :– ઘણું કહેવાથી શું ? જેટલાં નામ છે તેટલા જ નિયમથી પદાર્થો પરમાર્થરૂપે છે.**

**ભાવાર્થ :– જેટલાં નામ છે તેટલા સત્યાર્થરૂપ પદાર્થો છે. ઘણું કહેવાથી બસ થાઓ ! એ પ્રમાણે પદાર્થોનું સ્વરૂપ કહ્યું.**

ઘણું શું કહેવું ? જેટલાં નામ છે તેટલા જ નિયમથી પદાર્થો ખરેખર છે. જ્ઞાન, અજ્ઞાન, મૂઢપણું, અમૂઢપણું, સાચી દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ – બધું છે. જે વસ્તુસ્થિતિ જે કાળે જે રૂપે છે તે સ્વથી સત્ છે, પરથી અસત્ એટલે શૂન્ય છે. ગધેડાનાં શીંગ સમાન અસત્ નથી.

આચાર્યદેવે અસ્તિત્વમાં બધું કહી દીધું. 'ધવલ'માં કહ્યું છે કે સત્ પદપ્રરૂપણા વિશ્વમાં જેટલું છે તેનું કથન છે.

મિથ્યાપણે પોતાને માનવો. જગતને મિથ્યારૂપે માનવું તે પણ છે, મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, નાસ્તિકતા, આસ્તિકતા, તે પણ સત્ પારમાર્થિકપણે છે. જો સર્વથા ન હોય તો તેને જ્ઞાન જાણી શકે નહિ. વ્યવહારનો વિષય પણ ખરેખર પરમાર્થ છે. પર્યાય ક્ષણિક છે તેનો આશ્રય છોડાવવા માટે વ્યવહારને અભૂતાર્થ – અપરમાર્થ કહેલ છે પણ તેથી તેનો સર્વથા અભાવ નથી. સત્યાર્થ ધ્રુવ વસ્તુની અપેક્ષાએ તે અસત્યાર્થ છે. પણ અહીં પ્રમાણજ્ઞાનનો વિષય કરવા માટે બધું છે, વિકાર સમય સમયનો પર્યાય પણ ભૂતાર્થ છે એમ કહ્યું છે. એક અંશ – એક પર્યાય નથી એમ કહે તો લોકાલોક શૂન્ય–અભાવરૂપ થઈ જાય છે કેમકે અંશ પણ કોઈ અંશી પદાર્થ છે તેની સત્તાનો ભાગ છે. અંશનો નિષેધ માનતાં કોઈ સત્ માની શકાશે નહિ. નાસ્તિકતા થશે.

છે તેને જાણવું પણ તેને ઇષ્ટ–અનિષ્ટ ન માનવું તે જ્ઞાનનો ધર્મ છે. જ્ઞાની કહે કે પરનું કાંઈ કરી શકાય નહિ અને અજ્ઞાની તેને પાગલ કહે પણ તેથી શું ? જ્ઞાન તો જાણનાર

જ રહે છે.

'સમયસાર'માં કહે છે કે રાગ, વ્યવહાર, પર્યાય, ગુણ–ગુણી ભેદ અસત્યાર્થ છે. એ અખંડ દ્રવ્યની દૃષ્ટિથી કથન છે. અહીં જેટલા પ્રકાર છે તેને જ્ઞાન તે જ રૂપે જાણે તે પ્રમાણજ્ઞાનની વાત છે.

ભાવાર્થ :– જેટલાં નામ તેટલા લોકસ્વભાવથી સત્યાર્થ છે, કોઈ પ્રકાર નથી એમ જ્ઞાનમાં નથી. હવે પદાર્થોને જાણવાવાળું જ્ઞાન તે કહે છે.

ગાથા–૨૫૩

**હવે એ પદાર્થોને જાણવાવાળું જ્ઞાન છે તેનું સ્વરૂપ કહે છે :–**

**नानाधर्म्मैः युतं आत्मानं तथा परं अपि निश्चयतः।**
**यत् जानाति स्वयोग्यं तत् ज्ञानं भण्यते समये।।२५३।।**

**અર્થ :– જે નાનાધર્મો સહિત આત્માને તથા પરદ્રવ્યોને પોતાની યોગ્યતાનુસાર જાણે છે તેને સિદ્ધાંતમાં નિશ્ચયથી જ્ઞાન કહે છે.**

**ભાવાર્થ :– પોતાના આવરણના ક્ષયોપશમ કે ક્ષય અનુસાર જાણવાયોગ્ય પદાર્થ જે પોતે તથા પર, તેને જે જેણે છે તે જ્ઞાન છે. એ સામાન્યજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.**

જે અનેક ધર્મો સહિત આત્માને તથા પરને પોતાની યોગ્યતાનુસાર નિર્મળ જ્ઞાનથી જાણે છે, સ્વસન્મુખ ઊઘડેલા જ્ઞાન અનુસાર જાણે છે. તેને સિદ્ધાંતમાં નિશ્ચયથી જ્ઞાન કહે છે ને તે મોક્ષમાર્ગ છે.

અહીં જાણવારૂપ પોતાની યોગ્યતા ઉપર વજન છે, જ્ઞાન બધાને જાણે એ સ્વભાવ છે. વચ્ચે પુણ્ય–પાપ વિકલ્પ આવે તે ઉપાદેય નથી પણ છે એમ જાણે તે જ્ઞાનનું કાર્ય છે. જાણવું તે ઉપાધિ નથી. આ સામાન્યજ્ઞાનનું સ્વરૂપ છે.

ગાથા–૨૫૪

**હવે સર્વપ્રત્યક્ષ એવા કેવળજ્ઞાનનું સ્વરૂપ કહે છે :–**

**यत् सर्वं अपि प्रकाशयति द्रव्यपर्यायसंयुतं लोकं।**
**तथा च अलोकं सर्वं तत् ज्ञानं सर्वप्रत्यक्षं।।२५४।।**

**અર્થ :– જે જ્ઞાન, દ્રવ્ય–પર્યાયસહિત સર્વ લોક તથા અલોકને પ્રકાશે છે–જાણે છે તે સર્વપ્રત્યક્ષ કેવળજ્ઞાન છે.**

સામાન્ય જ્ઞાનમાંથી પૂર્ણજ્ઞાન–કેવળજ્ઞાન થાય છે એવો તેનો સ્વભાવ છે. એક સમયમાં જે દ્રવ્યપર્યાય સહિત સર્વ લોકાલોકને જાણે તે સર્વ પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. અત્યારે મહાવિદેહમાં લાખો કેવળજ્ઞાની ભગવાન દેહસહિત બિરાજે છે. અનંતા સિદ્ધ પણ ત્રણેકાળ લોકમાં જ છે. આવા લોકસ્વરૂપને જ્ઞાની જાણે છે, તેને ન માને તે નાસ્તિક છે. સમજ્યા વિના સ્વતંત્ર વસ્તુસ્થિતિની પ્રતીતિ થઈ શકે નહિ.

ગાથા–૨૫૫

**આગળ જ્ઞાનને સર્વગત કહે છે :–**

**सर्वं जानाति यस्मात् सर्वगतं तदपि उच्यते तस्मात्।**
**न च पुनः विसरति ज्ञानं जीवं त्यक्त्वा अन्यत्र।।२५५।।**

**અર્થ :– જ્ઞાન, સર્વ લોક–અલોકને જાણે છે તેથી જ્ઞાનને સર્વગત પણ કહીએ છીએ, વળી જ્ઞાન છે તે જીવને છોડી અન્ય જ્ઞેયપદાર્થોમાં જતું નથી.**

**ભાવાર્થ :– જ્ઞાન, સર્વ લોકાલોકને જાણે છે તેથી તેને સર્વગત વા સર્વવ્યાપક કહીએ છીએ પરંતુ તે જીવદ્રવ્યનો ગુણ છે માટે જીવને છોડી અન્ય પદાર્થોમાં જતું નથી.**

અર્થ : જ્ઞાન સર્વલોકાલોકને જાણે છે તેથી તેને સર્વગત પણ કહેવાય છે, પણ તે જ્ઞાન તે જીવને છોડી કર્મ, શરીર, આકાશ વગેરે અન્ય પદાર્થમાં જતું નથી. કોઈ સર્વમાં અખંડ વ્યાપક વિભુ માને છે તે મિથ્યા છે.

એક કેવળીની એક જ્ઞાનપર્યાયમાં અનંતા કેવળી જણાય માટે કોઈનું કેવળજ્ઞાન મોટું છે – એમ નથી કેવળજ્ઞાન પૂર્ણ વિકાસરૂપ થયું તે પોતાના અસંખ્ય પ્રદેશમાં જ વ્યાપે છે. અનંતા કેવળી સિદ્ધ થયા, કોઈની સત્તા કોઈ પ્રકારે બીજામાં ભળી જાય નહિ એવો લોકસ્વભાવ છે. એમ જાણી સ્વસન્મુખ જાણનારો રહે તે જ સાચી ભાવના કરી શકે છે.

# પ્રસાદ નં. – ૨૬૨

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૧૮-૭-૫૨, શુક્રવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૬, શનિવાર, ૧૨-૭-૫૨ સવાર)**

## અહો, જ્ઞાનસ્વભાવનું અચિંત્ય માહાત્મ્ય !

આ લોક અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. લોકાલોકનાં સમસ્ત તત્ત્વોને જાણનાર આત્મા છે. તેને જાણે તો જ યથાર્થ લોકભાવના હોય. લોકનો જાણનાર પોતે કેવો છે તે જાણ્યા વિના લોકનું સ્વરૂપ જાણી શકાય નહીં. આત્માના જ્ઞાનસ્વભાવનો એવો મહિમા છે કે પોતે પોતાના અસંખ્ય આત્મપ્રદેશમાં રહીને લોકાલોકને વિકલ્પ વગર જાણી લ્યે છે. જેમ જીવને કોઈએ બનાવ્યો નથી તેમ લોકાલોકને પણ કોઈએ બનાવ્યા નથી, બધું સ્વતઃ સત્ છે, ત્યાં 'આમ કેમ' એવો પ્રશ્ન જ્ઞાનમાં નથી. પદાર્થો સત્ છે, તે જ્ઞેય છે, ને જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે.

જ્ઞાન જીવના પ્રદેશોમાં રહીને જ સર્વને જાણે છે એમ હવે કહે છે.

ગાથા–૨૫૬

**આગળ 'જ્ઞાન, જીવના પ્રદેશોમાં રહીને જ સર્વને જાણે છે' એમ કહે છે :–**

**ज्ञानं न याति ज्ञेयं ज्ञेयं अपि न याति ज्ञानदेशे।**
**निजनिजदेशस्थितानां व्यवहारः ज्ञानज्ञेयानां।।२५६।।**

**અર્થ :– જ્ઞાન છે તે જ્ઞેયમાં જતું નથી તથા જ્ઞેય પણ જ્ઞાનના પ્રદેશોમાં આવતાં નથી, પોતપોતાના પ્રદેશોમાં રહે છે તોપણ જ્ઞાન તથા જ્ઞેયમાં જ્ઞેય–જ્ઞાયક વ્યવહાર છે.**

**ભાવાર્થ :– જેમ દર્પણ પોતાના ઠેકાણે છે અને ઘટાદિક વસ્તુ પોતાના ઠેકાણે છે, છતાં દર્પણની સ્વચ્છતા એવી છે કે જાણે ઘટ દર્પણમાં આવીને જ બેઠો હોય ! એજ પ્રમાણે જ્ઞાન–જ્ઞેયનો વ્યવહાર જાણવો.**

---

જુઓ, આમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવ ચારે બોલ સમાવી દીધા.

૧. જીવ તે દ્રવ્ય,

૨. જ્ઞાન તે તેનો સ્વભાવ,

૩. તેના અસંખ્ય પ્રદેશો તે તેનું ક્ષેત્ર,

ને ૪. સર્વ પદાર્થોને જાણવાનું કાર્ય પર્યાયમાં થાય છે તે તેનો કાળ છે.

એટલે જીવ પોતાનાં જ સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં રહીને જાણવાનું કાર્ય કરે છે. જ્ઞાન બધાં જ્ઞેયને જાણે છે. પણ પોતે જ્ઞેયોમાં જતું નથી, પોતે પોતામાં રહીને બધાં જ્ઞેયોને જાણે છે. આવા આત્મામાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન તે પોતાનો સ્વભાવ છે. તે કેવળજ્ઞાન માટે ક્યાંય બહારમાં એકાગ્ર થવું પડતું નથી, પણ પોતાના અસંખ્યપ્રદેશી સ્વભાવમાં એકાગ્રતાથી જ કેવળજ્ઞાન થાય છે. અનંતા જીવો આત્મામાં એકાગ્ર થઈને કેવળજ્ઞાની થઈ ગયા છે. કેવળજ્ઞાની સમસ્ત સ્વ-પરને જાણે છે. પરને પણ જાણનારું જ્ઞાન તે જ્ઞાન તો નિશ્ચયથી પોતાનું છે પણ પરને જાણે છે – એમ કહેવું તે વ્યવહાર છે. એનો અર્થ એમ ન સમજવો કે જ્ઞાન પરને જાણતું નથી. જ્ઞાનનો સ્વભાવ નિશ્ચયથી સ્વ–પરપ્રકાશક છે. સ્વ–પરપ્રકાશકપણું કાંઈ વ્યવહારથી નથી.

કેવળજ્ઞાન કેવડું છે ? – કે સ્વક્ષેત્રની પહોળાઈ પ્રમાણે કેવળજ્ઞાન છે, કેવળજ્ઞાન કાંઈ સ્વક્ષેત્રથી બહાર નીકળીને જાણતું નથી, કેવળજ્ઞાનનું સામર્થ્ય કેટલું ? કે લોકાલોકને જાણે તેટલું, પણ તેનું ક્ષેત્ર તો સ્વદ્રવ્ય પ્રમાણે જ છે. કાળ એક સમયનો જ છે. દ્રવ્યનો કાળ

ત્રિકાળ–અનાદિઅનંત છે, ને કેવળજ્ઞાન–પર્યાયનો કાળ એક સમય પૂરતો છે. અહો ! કેવળજ્ઞાન અનંત અનંત અલોક ક્ષેત્રને પણ જાણ્યા વિના રહેતું નથી છતાં સ્વક્ષેત્રને છોડતું નથી. કેવળજ્ઞાનનો અચિંત્ય મહિમા છે, વાણી અને વિકલ્પથી તેના મહિમાનો પાર પડે તેમ નથી તેથી તે અલખ છે, પણ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાથી તેનો પાર પમાય છે.

જુઓ, આ જ્ઞાનસ્વભાવ ! જેને આવા જ્ઞાનનો મહિમા આવે તે રાગ અને પરપદાર્થોની એકાગ્રતાથી છૂટે ને સ્વભાવમાં એકાગ્ર થાય. તેનું નામ ધર્મ છે. જુઓ, કોઈ એમ કહે કે આત્માનો વધારે મહિમા કરવા માટે તેને અસંખ્યપ્રદેશને બદલે અનંતપ્રદેશી કહો તો શું વાંધો ? – તો તે વાત જૂઠી છે. ક્ષેત્રની મોટાઈથી મહિમા માને તે સ્થૂળ દૃષ્ટિ છે. તેને સ્વભાવના મહિમાની ખબર નથી. અસંખ્યપ્રદેશી ક્ષેત્ર હોવા છતાં અનંત સ્વભાવસામર્થ્યથી ભરપૂર છે, અસંખ્યપ્રદેશી હોવા છતાં અનંત અલોકનો પાર પામી જાય છે એવો તેનો બેહદસ્વભાવ છે. તે સ્વભાવના માહાત્મ્યથી આત્માની મોટાઈ છે. સેકેરીનનું ક્ષેત્ર અલ્પ હોવા છતાં સાકર કરતાં તેનામાં ઘણી મીઠાસ છે, ત્યાં પણ લોકો ક્ષેત્રને નથી જોતા, પણ સ્વભાવને જુએ છે. તેમ આત્મામાં ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં તેનો જ્ઞાનસ્વભાવ અચિંત્ય અમર્યાદિત સામર્થ્યવાળો છે. તેનાથી તેનો મહિમા છે. ક્ષેત્ર સ્વભાવ આકાશનો છે. આકાશ અનંત અનંતપ્રદેશી છે, ને પરમાણુ એક પ્રદેશી છે, ક્ષેત્રમાં અનંતગણો ફેર છે. છતાં બંને પોતપોતાના અસ્તિત્વથી પરિપૂર્ણ છે. જેવું અસ્તિત્વ આકાશમાં છે, તેવું જ પરિપૂર્ણ અસ્તિત્વ પરમાણુમાં છે, એવો તેનો સ્વભાવ છે. જેટલા આકાશમાં ગુણો છે તેટલા જ ગુણો પરમાણુમાં છે. અનંત સ્વભાવને માટે અનંતક્ષેત્રની જરૂર પડતી નથી. પરમાણુનો અચિંત્ય સ્વભાવ છે. જુઓ, આત્માને અનંત અનંતકાળનું જાણવામાં અલ્પકાળ લાગે છે, ને અલ્પક્ષેત્રમાં રહીને અનંત ક્ષેત્રને જાણી લ્યે છે. ક્ષેત્રની મોટાઈથી કાંઈ જ્ઞાનસ્વભાવનો મહિમા નથી. મોટો હાથી હોવા છતાં જ્ઞાન અલ્પ હોય ને ૩ા હાથનો માણસ હોવા છતાં ઘણું જ્ઞાન હોય, ને અસંખ્ય ભવોને જાણે માટે ક્ષેત્રની મોટાઈથી જ્ઞાનની મોટાઈ નથી. અહો ! આવા અચિંત્ય જ્ઞાનસ્વભાવને ઓળખે, તો સ્વભાવસન્મુખ એકાગ્રતાથી કેવળજ્ઞાન થયા વિના રહે નહીં.

ભાવાર્થ :– જેમ દર્પણ પોતાના ઠેકાણે છે અને ઘટાદિક વસ્તુ પોતાના ઠેકાણે છે, છતાં દર્પણની સ્વચ્છતા એવી છે કે જાણે ઘટ દર્પણમાં આવીને જ બેઠો હોય ! એજ પ્રમાણે જ્ઞાન–જ્ઞેયનો વ્યવહાર જાણવો.

જુઓ, જ્ઞાન કર્તા થઈને પરને કરે – એવો વ્યવહાર નથી. પણ જ્ઞાન પરને જાણે –

એવો વ્યવહાર છે. પરજ્ઞેયની હાજરી હોવા છતાં જ્ઞાન તેમાં પ્રવેશીને જાણતું નથી, ને જ્ઞાનમાં તે પદાર્થો પ્રવેશી જતા નથી, ભિન્ન રહીને જ્ઞાન તેને જાણે છે. જ્ઞાન અગ્નિને જાણે છે. પણ જ્ઞાનમાં ઉષ્ણતા થઈ જતી નથી. આત્મા લાડવાને જાણે, પણ લાડવાનો રસ આત્મામાં આવી જતો નથી. જ્ઞાન કાંઈ લાડવાના કારણે થતું નથી, જ્ઞાનનો પોતાનો સ્વભાવ જાણવાનો છે. આવા જ્ઞાનની પ્રતીતિ કરે, તો પરજ્ઞેયના આશ્રયની બુદ્ધિ છૂટી જાય ને જ્ઞાન સ્વભાવની દૃષ્ટિ થઈને તેમાં એકાગ્રતા થાય, તેનું નામ ધર્મ છે. જ્ઞાનસ્વભાવને જાણીને તેમાં એકાગ્રતા થતી જાય તેનું નામ ભાવના છે. જ્ઞાનને જ્ઞેયો સાથે જાણવાનો સંબંધ છે, પણ તેને લેવા–મૂકવાનો સંબંધ નથી. જેમ કોઈ અનાર્યને ત્યાં માંસ કર્યું હોય તો આર્ય માણસ તેને જાણે એટલે સંબંધ છે, પણ તેને ગ્રહણ કરે એવો સંબંધ તેની સાથે નથી. તેમ જ્ઞેય પદાર્થો જગતમાં જેમ છે તેમ તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે આવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પણ પરને ગ્રહવા–છોડવાનો સંબંધ નથી. આવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થાય તો પરનું અભિમાન છૂટીને જ્ઞાનમાં એકાગ્રતા થાય ને વીતરાગભાવ પ્રગટે, તે ધર્મ છે.

કેવળજ્ઞાન પરિપૂર્ણ જાણવાના સ્વભાવવાળું છે, તેનું અચિંત્ય સામર્થ્ય છે. તે બતાવ્યું.

ગાથા–૨૫૭

**આગળ મનઃપર્યય–અવધિજ્ઞાન તથા મતિ–શ્રુતજ્ઞાનનું સામર્થ્ય કહે છે :–**

**मनःपर्य्ययविज्ञानं अवधिज्ञानं च देशप्रत्यक्षं।**
**मतिश्रुतज्ञानं क्रमशः विशदपरोक्षं च।।२५७।।**

**અર્થ :– મનઃપર્યય તથા અવધિજ્ઞાન એ બંને તો દેશપ્રત્યક્ષ છે, મતિજ્ઞાન છે તે વિશદ એટલે પ્રત્યક્ષ પણ છે તથા પરોક્ષ પણ છે, તથા શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે.**

**ભાવાર્થ :– મનઃપર્યય–અવધિજ્ઞાન છે તે એકદેશપ્રત્યક્ષ છે કારણકે જેટલો પોતાના વિષય છે તેટલાને તો વિશદ–સ્પષ્ટ જાણે છે, સર્વને જાણતું નથી માટે તેને એકદેશ કહીએ છીએ. મતિજ્ઞાન છે તે ઇન્દ્રિય–મનથી ઉપજે છે માટે વ્યવહારથી ઇન્દ્રિયના સંબંધથી તેને વિશદ પણ કહીએ છીએ, એ પ્રમાણે તે પ્રત્યક્ષ પણ છે પરંતુ પરમાર્થથી તો તે પરોક્ષ જ છે તથા શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે કારણ કે તે વિશદ–સ્પષ્ટ જાણતું નથી.**

બળદ હોય ને મનની વાત જાણે ત્યાં અજ્ઞાનીને તેનો મહિમા આવી જાય છે. એક બળદ સામાની કલ્પનાથી મનની વાત જાણતો હતો, ત્યાં કોઈ કહે કે 'આને મનઃપર્યયજ્ઞાન લાગે છે' પણ અરે ભાઈ ! મનઃપર્યયજ્ઞાન શું છે તેની તને ખબર નથી. મનઃપર્યયજ્ઞાન તો વીતરાગી ચારિત્રદશામાં ઝૂલતા છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતા કોઈક ભાવલિંગી સંતને જ હોય છે. તિર્યંચમાં કદી મનઃપર્યયજ્ઞાન હોય જ નહીં. મનઃપર્યયજ્ઞાન અને અવધિજ્ઞાન ઇન્દ્રિયના અવલંબન રહિત છે. સીધું આત્માથી જાણે છે તેથી તે અંશે પ્રત્યક્ષ છે. મતિશ્રુતજ્ઞાનમાં ઇન્દ્રિયો તથા મનનું અવલંબન છે તેથી તે પરોક્ષ છે, વ્યવહારથી પ્રત્યક્ષ છે, આ પરને જાણવાની અપેક્ષાએ વાત છે. આત્માના સ્વસંવેદન અપેક્ષાએ તો મતિશ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ છે.

ભાવાર્થ :– મનઃપર્યય–અવધિજ્ઞાન છે તે એકદેશપ્રત્યક્ષ છે કારણકે જેટલો પોતાના વિષય છે તેટલાને તો વિશદ–સ્પષ્ટ જાણે છે, સર્વને જાણતું નથી માટે તેને એકદેશ કહીએ છીએ. મતિજ્ઞાન છે તે ઇન્દ્રિય–મનથી ઉપજે છે માટે વ્યવહારથી ઇન્દ્રિયના સંબંધથી તેને વિશદ પણ કહીએ છીએ, એ પ્રમાણે તે પ્રત્યક્ષ પણ છે પરંતુ પરમાર્થથી તો તે પરોક્ષ જ છે તથા શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે કારણ કે તે વિશદ–સ્પષ્ટ જાણતું નથી.

આત્માનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, તેની આ પાંચ પર્યાયો છે. પાંચે જ્ઞાન આત્માના સામાન્ય જ્ઞાનસ્વભાવની વિશેષ પર્યાય છે, મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનનો ઉઘાડ એક સાથે એક જીવને હોય છે, પણ એક જીવને પાંચે જ્ઞાન એક સાથે ન હોય. કેવળજ્ઞાન થતાં ચાર અલ્પજ્ઞાનનો અભાવ થઈ જાય છે. જુઓ, જીવનો જ્ઞાનસ્વભાવ અને તેની સમય સમયની પર્યાયનો જેવો સ્વભાવ છે, તેને જાણે તો સમ્યગ્જ્ઞાન થાય છે.

ગાથા–૨૫૮

**આગળ ઇન્દ્રિયજ્ઞાન, યોગ્ય વિષયને જાણે છે એમ કહે છે :–**

**इन्द्रियजं मतिज्ञानं योग्यं जानाति पुद्गलं द्रव्यं।**
**मानसज्ञानं च पुनः श्रुतविषयं अक्षविषयं च।।२५८।।**

**અર્થ :– ઇન્દ્રિયોથી ઉત્પન્ન જે મતિજ્ઞાન છે તે પોતાને યોગ્ય વિષય જે પુદ્‌ગલદ્રવ્ય**

**તેને જાણે છે. – જે ઇન્દ્રિયનો જેવો વિષય છે તેવો જ જાણે છે, મનસંબંધી જ્ઞાન છે તે શ્રુતવિષય અર્થાત્ શાસ્ત્ર–વચનને સાંભળે છે, તેના અર્થને જાણે છે તથા ઇન્દ્રિયથી જાણવામાં આવે તેને પણ જાણે છે.**

ઇન્દ્રિયજ્ઞાન છે તે જ્ઞાન પણ પોતાથી થયેલું છે. કોઈ ઇન્દ્રિયોથી તે થયું નથી, પણ તે જ્ઞાન સ્થૂળ ઇન્દ્રિયોના અવલંબનવાળું છે. તે સ્થૂળ પરદ્રવ્યોને જ જાણે છે, અતીન્દ્રિય આત્મસ્વભાવને તેમ જ સૂક્ષ્મ પરમાણુ વગેરેને તે જ્ઞાન જાણી શકતું નથી. ઇન્દ્રિયજ્ઞાન પોતાને યોગ્ય એવા મૂર્ત પદાર્થને જ ક્રમે ક્રમે જાણે છે. આંખ વડે રૂપ જણાય. પણ આંખ વડે કાંઈ ગંધ વગેરે ન જણાય. જાણે છે તો જ્ઞાન, કાંઈ ઇન્દ્રિયો નથી જાણતી. પણ જ્ઞાનની પર્યાય અધૂરી છે તેથી ઇન્દ્રિયોનું નિમિત્ત છે. ઉઘાડ એક સાથે પાંચ ઇન્દ્રિયોનો હોય, પણ પરિણમનરૂપ ઉપયોગ એક વખતે એક ઇન્દ્રિયના વિષયને જ જાણે છે. ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા તો જણાતો નથી, આત્મા તો અતીન્દ્રિય જ્ઞાનનો જ વિષય છે. તેથી ખરેખર ઇન્દ્રિયજ્ઞાન તે આત્માનો સ્વભાવ નથી. પરના અવલંબન વગર જાણવાનો આત્માનો સ્વભાવ છે.

આત્માનો જ્ઞાનગુણ ત્રિકાળ, તેની સમય–સમયની ભિન્ન–ભિન્ન લાયકાત સ્વતંત્ર, તેને યોગ્ય નિમિત્ત અને તેના વિષયભૂત પદાર્થો – આ બધાનું યથાર્થ વર્ણન સર્વજ્ઞ સિવાય બીજાના માર્ગમાં હોય નહીં. ઇન્દ્રિયજ્ઞાનના ઉપયોગની પ્રવૃત્તિ અનુક્રમથી થાય છે એમ હવે કહે છે.

ગાથા–૨૫૯

**આગળ ઇન્દ્રિયજ્ઞાનના ઉપયોગની પ્રવૃત્તિ અનુક્રમથી છે એમ કહે છે :–**

**पञ्चेन्द्रियज्ञानानां मध्ये एकं च भवति उपयुक्तं।**
**मनोज्ञाने उपयुक्ते इन्द्रियज्ञानं न जायते।।२५९।।**

**અર્થ :– પાંચે ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે પણ તેમાંથી કોઈ એક ઇન્દ્રિયદ્વારથી જ્ઞાન ઉપયુક્ત (જોડાવું) થાય છે પરંતુ પાંચે એકસાથે–એકકાળમાં ઉપયુક્ત થતાં નથી. વળી મન, જ્ઞાનથી ઉપયુક્ત થાય ત્યારે ઇન્દ્રિયજ્ઞાન ઉપજતું નથી.**

**ભાવાર્થ :– ઇન્દ્રિય–મન સંબંધી જ્ઞાનની પ્રવૃત્તિ યુગપત્ (એકસાથે) થતી નથી પણ એક કાળમાં એક જ જ્ઞાનથી ઉપયુક્ત થાય છે. જ્યારે આ જીવ ઘટને જાણતો હોય ત્યારે તે કાળમાં પટને જાણતો નથી. એ પ્રમાણે એ જ્ઞાન ક્રમરૂપ છે.**

ઇન્દ્રિયને દ્વાર કહ્યું તે તો નિમિત્તનું કથન છે. કાંઈ ઇન્દ્રિયોમાં દરવાજાની જેમ કાણાં નથી કે તે કાણાંમાંથી જ્ઞાન દેખે ! પાંચ ઇન્દ્રિયોના જ્ઞાનનો ઉઘાડ એક સાથે હોય, પણ તેનો ઉપયોગ એક સાથે ન હોય, ઉપયોગ તો એક વખતે એક ઇન્દ્રિયના વિષય તરફ જ હોય.

ભાવાર્થ :– ઇન્દ્રિય–મન સંબંધી જ્ઞાનની પ્રવૃત્તિ યુગપત્ (એકસાથે) થતી નથી પણ એક કાળમાં એક જ જ્ઞાનથી ઉપયુક્ત થાય છે. જ્યારે આ જીવ ઘટને જાણતો હોય ત્યારે તે કાળમાં પટને જાણતો નથી. એ પ્રમાણે એ જ્ઞાન ક્રમરૂપ છે.

ઉઘાડ હોવા છતાં બધો ઉઘાડ એક સાથે કાર્ય કરે જ નહિ – એવો ઇન્દ્રિયજ્ઞાનનો સ્વભાવ છે, છતાં તે જ્ઞાન પણ સ્વતંત્ર છે, કોઈ પરને કારણે તે રોકાયું નથી. શતાવધાની હોય કે સહસ્રાવધાની હોય તે પણ એક સમયે તો એક જ વિષયને જાણે છે, કાંઈ બધા વિષયોને એક સાથે નથી જાણતું, ક્રમે ક્રમે જાણીને ધારણા કરે છે. તે શતાવધાનનો કે સહસ્રવધાનનો મહિમા નથી. આત્માના સ્વભાવને પકડીને તેમાં જે એકાગ્ર થયું તે જ્ઞાનનો જ મહિમા છે. અધૂરા જ્ઞાનનો એવો જ ખંડખંડરૂપ સ્વભાવ છે કે જેટલો ઉઘાડ હોય તેટલો પૂરેપૂરો ઉપયોગ કદી થાય નહિ. કેવળજ્ઞાન પરિપૂર્ણ છે. તેમાં લબ્ધ ને ઉપયોગ એવા ભેદ નથી. જ્ઞાનના જેટલા ભેદ છે તે બધાય પોતાની પર્યાયનો સ્વભાવ છે, પરને લીધે જ્ઞાન માને તો તેણે જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી.

આગળ ઇન્દ્રિય–મન સંબંધી જ્ઞાનની ક્રમથી પ્રવૃત્તિ કહી તો ત્યાં આશંકા થાય છે કે – ઇન્દ્રિયોનું જ્ઞાન એક કાળમાં છે કે નહિ ? એ આશંકાને દૂર કરવા કહે છ

ગાથા–૨૬૦

**આગળ ઇન્દ્રિય–મન સંબંધી જ્ઞાનની ક્રમથી પ્રવૃત્તિ કહી તો ત્યાં આશંકા થાય છે કે – ઇન્દ્રિયોનું જ્ઞાન એક કાળમાં છે કે નહિ ? એ આશંકાને દૂર કરવા કહે છે :–**

**एकस्मिन् काले एकं ज्ञानं जीवस्य भवति उपयुक्तं।
नानाज्ञानानि पुनः लब्धिस्वभावेन उच्यन्ते।।२६०।।**

**અર્થ :– જીવને એક કાળમાં એક જ જ્ઞાનમાં ઉપયુક્ત અર્થાત્ ઉપયોગની પ્રવૃત્તિ થાય છે અને લબ્ધિસ્વભાવથી એક કાળમાં નાના જ્ઞાન કહ્યાં છે.**

**ભાવાર્થ :– ભાવઇન્દ્રિય બે પ્રકારની કહી છે, એક લબ્ધિરૂપ તથા બીજી ઉપયોગરૂપ. ત્યાં જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી આત્મામાં જાણવાની શક્તિ થાય તેને લબ્ધિ કહે છે અને તે તો પાંચ ઇન્દ્રિય તથા મન દ્વારા જાણવાની શક્તિ એક કાળમાં જ રહે છે, પરંતુ તેમાં ઉપયોગની વ્યક્તરૂપ પ્રવૃત્તિ છે તે જ્ઞેય પ્રત્યે ઉપયુક્ત થાય છે ત્યારે એક કાળમાં એકથી જ થાય છે એવી જ ક્ષયોપશમજ્ઞાનની યોગ્યતા છે.**

દ્રવ્ય ત્રિકાળ છે, જ્ઞાનગુણ ત્રિકાળ છે, ને તેની પર્યાયમાં છદ્મસ્થદશામાં લબ્ધ ને ઉપયોગ એવા પ્રકાર હોય છે. ત્યાં લબ્ધમાં તો એક સાથે પાંચ ઇન્દ્રિયો તથા મનસંબંધી જ્ઞાન હોય છે, પણ તે જ્ઞાનનો ઉપયોગ એક કાળમાં એક જ ઇન્દ્રિય કે મન સંબંધી હોય છે. આવો જ ક્ષાયોપશમિક જ્ઞાનનો સ્વભાવ છે. ક્ષયોપશમિક જ્ઞાનની યોગ્યતા જ આવી છે કે લબ્ધ ઘણું હોવા છતાં ઉપયોગ એક કાળમાં એક જ વિષયનો થાય છે. કાંઈ આવરણને લીધે કે ઇન્દ્રિયને લીધે તેવી પર્યાય થઈ – એમ નથી. જીવ પોતે બેઠો છે તેની પર્યાયની જ તેવી યોગ્યતા છે. સમય સમયની જ્ઞાનની યોગ્યતા અનુસાર જાણવાનું કાર્ય કરે છે. આંધળાને આંખ નથી માટે તેને તે સંબંધી જ્ઞાન થતું નથી – એમ નથી, પણ જીવના જ્ઞાનની તે સમયની લાયકાત જ તેવી છે. જીવની લાયકાત છે તે પ્રમાણે જ્ઞાન થાય છે. આવી સ્વતંત્રતા જાણે તો જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થઈ જાય. તત્ત્વોમાં જીવતત્ત્વ શું, તેનો જ્ઞાન સ્વભાવ શું ? તેની સમયસમયની સ્વાધીન પર્યાય કેવી હોય ? તેનું જેને ભાન નથી તેને ધર્મ થતો નથી. વિકાસ ઘણો હોવા છતાં વેપાર થોડો – એવો જ ક્ષાયોપશમિકજ્ઞાનનો સ્વભાવ છે. ક્ષાયોપશમિકજ્ઞાનમાં જેટલો ઉઘાડ હોય તેટલો બધોય ઉપયોગ કદી હોય જ નહીં. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોના જ્ઞાનમાં જેટલી જેટલી લાયકાત છે તેટલો જ ઉપયોગ થાય છે. તેમાં તેની પર્યાયની સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતા સમજીને, પરાલંબન છોડીને જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવું તેનું નામ ધર્મ છે.

✤✤✤

## અષાડ વદ ૭, રવિવાર, ૧૩-૭-૫૨

આ લોકભાવનાનો અધિકાર છે. યથાર્થ ભાવના સમ્યગ્દષ્ટિને જ હોય છે. હું ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવી છું, વર્તમાન પર્યાયમાં મલિનતાનો અંશ છે તેટલો હું નથી – એમ ધ્રુવસ્વભાવની દષ્ટિપૂર્વકની આ વૈરાગ્યભાવના ભાવતાં સંવર–નિર્જરારૂપ ધર્મ થાય છે, ધર્મી જીવ લોકના સ્વરૂપનું ચિંતવન કરતાં કેવો વિચાર કરે છે તે કહે છે.

ગાથા–૨૬૧

**આગળ વસ્તુને અનેકાંતપણું છે તોપણ અપેક્ષાથી એકાત્મપણું પણ છે એમ કહે છે :–**

**यत् वस्तु अनेकान्तं एकान्तं तदपि भवति सविपेक्षं।**
**श्रुतज्ञानेन नयैः च निरपेक्षं दृश्यते नैव।।२६१।।**

**અર્થ :– જે વસ્તુ અનેકાંત છે તે અપેક્ષાસહિત એકાંત પણ છે, ત્યાં શ્રુતજ્ઞાનપ્રમાણથી સાધવામાં આવે તો વસ્તુ અનેકાંત જ છે તથા શ્રુતજ્ઞાનપ્રમાણના અંશરૂપ નયથી સાધવામાં આવે તો વસ્તુ એકાંત પણ છે અને તે અપેક્ષારહિત નથી કારણ કે નિરપેક્ષ નય મિથ્યા છે અર્થાત્ નિરપેક્ષતાથી વસ્તુનું સ્વરૂપ જોવામાં આવતું નથી.**

**ભાવાર્થ :– વસ્તુના સર્વ ધર્મોને એક કાળમાં સાધે તે પ્રમાણ છે તથા તેના એક એક ધર્મોને જ ગ્રહણ કરે તે નય છે. તેથી એક નયને બીજા નયની સાપેક્ષતા હોય તો વસ્તુ સાધી શકાય પણ અપેક્ષારહિત નય વસ્તુને સાધતો નથી એટલા માટે અપેક્ષાથી વસ્તુ અનેકાંત પણ છે એમ જાણવું એજ સમ્યક્જ્ઞાન છે.**

જેણે પ્રમાણજ્ઞાનથી અનેકાંતસ્વરૂપ આત્માને જાણ્યો છે તેની આ વાત છે. ત્રિકાળ શુદ્ધ ને વર્તમાન અશુદ્ધતા – એમ બંને પડખાંને જાણવાં તે અનેકાંત છે. જગતના બધા

પદાર્થો પ્રમાણથી જોતાં અનેકાંતરૂપ છે એટલે નિત્ય પણ છે ને અનિત્ય પણ છે, અને તે જ પદાર્થો કોઈ એક નયથી જોતાં સમ્યક્ એકાંતપણે પણ દેખાય છે. જેમકે ધ્રુવ અપેક્ષાએ તો નિત્યતા જ છે, ને પર્યાય અપેક્ષાએ અનિત્યતા જ છે. વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય બંને એક સાથે જ છે, નિત્યતા ને અનિત્યતા એક સાથે જ છે. તેમાં નિત્યતા કે અનિત્યતા વગેરે કોઈ એક નયથી જોતાં વસ્તુ તે એક ધર્મસ્વરૂપે લક્ષમાં આવે છે, તે અપેક્ષાએ વસ્તુ એકાંતસ્વરૂપ પણ છે. પ્રમાણનો વિષય તો અનંત ધર્મસ્વરૂપ વસ્તુ છે, ને નયનો વિષય એકેક ધર્મ છે. વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ જાણવું તે સાચું જ્ઞાન છે, એટલે તે સત્ય છે, ને સત્ય તે સુખદાયક છે, વસ્તુના સ્વરૂપને વિપરીત માનવું તે અસત્ય છે, ને અસત્ય તે દુઃખદાયક છે.

નિત્યપણું ને અનિત્યપણું, એકપણું ને અનેકપણું – એવા ધર્મો વસ્તુમાં એક સાથે છે. અનિત્ય પર્યાયો થાય છે તે કોઈ પરના કારણે થતી નથી, પણ વસ્તુમાં જ અનિત્યધર્મ છે. શરીરમાં રોગ થયો તે પરમાણુની પર્યાયનો ધર્મ છે, બીજો કોઈ તેનો કર્તા નથી. નિત્યતા ધર્મની અપેક્ષાએ જોતાં વસ્તુ નિત્ય ભાસે છે, ને અનિત્યતા ધર્મથી જોતાં વસ્તુ અનિત્ય ભાસે છે. પણ નયથી એક ધર્મને જોતી વખતે પણ બીજા અનંતધર્મોની પ્રતીતિ ભેગી છે. કેમકે પ્રમાણ પૂર્વક નય હોય છે. પ્રમાણથી આખી વસ્તુને જાણ્યા વગર તેના એક ધર્મનું જ્ઞાન યથાર્થ ન હોય. જો બીજા ધર્મોની અપેક્ષા વગર એકાંત એક જ ધર્મને માને તો તે મિથ્યા એકાંત છે. આત્મા પર્યાય અપેક્ષાએ અનિત્ય છે, પણ સર્વથા આત્મા નિત્ય જ છે – એમ નથી. અપેક્ષારહિત નય સાચા નથી, જેમકે આત્મા નિત્ય છે, – તો કઈ અપેક્ષાએ ? પોતાની ધ્રુવતા અપેક્ષાએ નિત્યપણું છે. પોતાના કોઈ ધર્મની અપેક્ષાએ નિત્યપણું છે, ને કોઈ ધર્મની અપેક્ષાએ અનિત્યપણું છે. પણ સર્વથા અપેક્ષા વગર જ નિત્ય કહી દે તો તે મિથ્યાનય છે. અનેકાંત છે તે પણ કથંચિત્ અનેકાંત છે, ને કથંચિત્ એકાંત પણ છે. પ્રમાણ અપેક્ષાએ તો તે અનેકાંત છે ને નય અપેક્ષાએ તે જ એકાંત પણ છે. સમ્યક્ એકાંતની અપેક્ષા વગર અનેકાંત હોય નહીં. એટલે અનેકાંત પણ અનેકાંતરૂપ છે, અનેકાંત તે અનેકાંત પણ છે ને એકાંત પણ છે.

આત્માની નિર્મળ પર્યાય પ્રગટી તે કોઈ પરની અપેક્ષા રાખતી નથી, પણ પોતાના ધ્રુવદ્રવ્યની અપેક્ષા રાખે છે. ધ્રુવદ્રવ્યની અપેક્ષા વગર નિર્મળ પર્યાય પ્રગટે ક્યાંથી ? ધ્રુવને ન માને તો ધર્મ કોના આશ્રયે કરશે ? જ્ઞાન જ્યાં રાગની રુચિ છોડીને સ્વભાવ તરફ

વળ્યું ત્યાં ધર્મ થયો. ધ્રુવદ્રવ્યના આશ્રયે નિર્મળપર્યાય પ્રગટી, એટલે નિત્યપણું અને અનિત્યપણું બંને ધર્મો વસ્તુમાં આવી ગયા. પ્રમાણજ્ઞાનથી સિદ્ધ થયેલી વસ્તુમાં નયોની અપેક્ષા લાગુ પડે છે, પણ કાંઈ અસત્ વસ્તુમાં નયોની અપેક્ષા લાગુ પડતી નથી. 'સસલાનાં શીંગડાં'ની જેમ સર્વથા અભાવરૂપ વસ્તુમાં નય વિવક્ષા લાગુ પડે નહીં.

**પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. કઈ રીતે ? – કે દ્રવ્ય અને પર્યાય બંનેને અનેકાંતથી જાણીને અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઢળીને સમ્યક્ એકાંત કરે – તો જ પ્રમાણજ્ઞાન થાય છે. એટલે અનેકાંત પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાંત એટલે શું ? કે અભેદ તરફ વળ્યો – ત્યારે જ સમ્યક્ એકાંત થયું. દ્રવ્ય–પર્યાય બંનેને જાણીને સામાન્ય તરફ વળીને વિશેષને અભેદ કરે – તો પ્રમાણજ્ઞાન થાય. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં વળેલી પર્યાય પણ છે તો ખરી, એટલે અભેદની મુખ્યતા અપેક્ષાએ તો સમ્યક્ એકાંત છે, ને દ્રવ્ય તરફ ઢળેલી પર્યાય પણ છે – તે દ્રવ્ય–પર્યાય બંને અપેક્ષાએ અનેકાંત પણ છે.**

જુઓ, આ સાધકજીવને સ્વભાવ તરફ ઢળવા માટેની વાત છે. અનેકાંત એટલે સ્વથી છે ને પરથી નથી. એમ પરથી ભિન્નતા તો જાણી, ને પોતામાં પણ ભેદ ને અભેદ – એવો અનેકાંત છે. તેમાં અભેદ તરફ ઢળે તો જ ભેદ–અભેદનું યથાર્થ જ્ઞાન થાય છે, માટે અનેકાંત પણ સમ્યક્ એકાંત વગર હોતો નથી, એટલે કે અભેદની દૃષ્ટિ વગર પ્રમાણજ્ઞાન થતું નથી. વળી અભેદતા છે તે ભેદની પણ અપેક્ષા રાખે છે, એટલે કે અભેદ દ્રવ્ય તરફ વળ્યો હોવા છતાં પર્યાયની શુદ્ધતા વધતી જાય છે, એટલે પર્યાયમાં અનેક ભેદ પડે છે. તે ભેદને ન સ્વીકારે તો પણ મિથ્યા એકાંત છે. સાધકજીવ દ્રવ્ય–પર્યાય બંનેને જાણીને અભેદ દ્રવ્ય તરફ વળે છે ત્યાં તેને દ્રવ્ય–પર્યાયની એકતા વધતી જાય છે, એવા સાધકજીવને માટે આ વાત છે. જેને પૂર્ણતા થઈ ગઈ છે. તેમને તો હવે કાંઈ નયો હોતા નથી. શક્તિપણે પૂર્ણતા છે, પર્યાયમાં અલ્પતા છે, ધ્રુવ અપેક્ષાએ વસ્તુ નિત્ય છે, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. સાધકભાવ હોય ત્યાં બાધકભાવનો અંશ પણ સાથે હોય છે – ઇત્યાદિ અનેક ધર્મો વસ્તુમાં છે. તેને જેમ છે તેમ ન જાણે તો સમ્યગ્જ્ઞાન થાય નહીં. 'નિરપેક્ષનયો મિથ્યા છે' – તેમાં પરની અપેક્ષાની વાત નથી, પણ પોતાના ધર્મની અપેક્ષાની વાત છે. વસ્તુના પોતાના એક

ધર્મને માને ને બીજા ધર્મોને સર્વથા ન માને તો તેનું નામ નિરપેક્ષનય છે, ને તે મિથ્યાનય છે. જુઓ, જેને ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન હોય એવા ધર્મીને જ ચક્રવર્તીપદ વગેરેનાં ઊંચાં પુણ્ય બંધાય છે. પણ તે ધર્મીને ચૈતન્યમૂર્તિ આત્માની જ અપેક્ષા છે. તેને પુણ્યની અપેક્ષા નથી – પુણ્યનો આદર નથી. વસ્તુના અનેક ધર્મોના જ્ઞાન વગર વસ્તુસ્વરૂપ જણાતું નથી.

ભાવાર્થ :– વસ્તુના સર્વ ધર્મોને એક કાળમાં સાધે તે પ્રમાણ છે તથા તેના એક એક ધર્મોને જ ગ્રહણ કરે તે નય છે. તેથી એક નયને બીજા નયની સાપેક્ષતા હોય તો વસ્તુ સાધી શકાય પણ અપેક્ષારહિત નય વસ્તુને સાધતો નથી એટલા માટે અપેક્ષાથી વસ્તુ અનેકાંત પણ છે એમ જાણવું એજ સમ્યક્જ્ઞાન છે.

હવે શ્રુતજ્ઞાનની તાકાત બતાવે છે. જેમ કેવળજ્ઞાન બધા પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે તેમ શ્રુતજ્ઞાન પણ પરોક્ષપણે સર્વવસ્તુઓને પ્રકાશે છે. એમ હવે કહે છે.

ગાથા–૨૬૨

**આગળ 'શ્રુતજ્ઞાન પરોક્ષપણે સર્વ વસ્તુને પ્રકાશે છે' એમ કહે છે :–**

सर्वं अपि अनेकान्तं परोक्षरूपेण यत् प्रकाशयति।
तत् श्रुतज्ञानं भण्यते संशयप्रभृतिभिः परित्यक्तं।।२६२।।

**અર્થ :– જે જ્ઞાન, સર્વ વસ્તુને અનેકાંત પરોક્ષરૂપથી પ્રકાશે–જાણે કહે તે શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન, સંશય–વિપરીતતા અને અનધ્યવસાયથી રહિત છે એમ સિદ્ધાંતમાં કહ્યું છે.**

**ભાવાર્થ :– જે સર્વ વસ્તુને પરોક્ષરૂપથી અનેકાંતરૂપ પ્રકાશે તે શ્રુતજ્ઞાન છે, શાસ્ત્રનાં વચન સાંભળવાથી અર્થને જાણે તે પરોક્ષ જ જાણે છે તથા શાસ્ત્રમાં બધીય વસ્તુનું સ્વરૂપ અનેકાંતાત્મક કહ્યું છે એમ સર્વ વસ્તુને જાણે વા ગુરુજનોના ઉપદેશપૂર્વક જાણે તો સંશયાદિક પણ રહે નહિ.**

દરેક વસ્તુ વસ્તુપણે એક, ગુણપર્યાયપણે અનેક, સામાન્ય વિશેષરૂપ છે. તે સર્વ વસ્તુને પરોક્ષરૂપથી અનેકાંતરૂપ જાણે છે તે સમ્યક્ શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન સંશય-વિપરીતતા અને અચોક્કસતા રહિત છે – એમ શાસ્ત્રમાં કહ્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે તે સમજવાની પોતે દરકાર કરે તો નય-પ્રમાણરૂપ યુક્તિ અને સ્વાનુભવથી બધું નક્કી થઈ શકે તેમ છે.

શાસ્ત્રમાં ઘણી અપેક્ષાથી કથન છે, શું સાચું હશે ? વ્યવહારથી – શુભથી પણ ધર્મ થતો હશે ? દેવાદિ તથા છ દ્રવ્યનું સ્વરૂપ આમ હશે કે બીજા કહે છે તે પણ સાચું હશે – એ વગેરે પ્રકારે શંકાદિ દોષ સમ્યગ્જ્ઞાનમાં હોય નહિ.

ભાવાર્થ : શ્રુતજ્ઞાનમાં સ્વસન્મુખ થઈ અભેદ સ્વરૂપનો નિર્ણય કર્યો તે સ્વ-પરપ્રકાશક જ્ઞાન સ્વાનુભવપ્રત્યક્ષ છે. સર્વજ્ઞકથિત શાસ્ત્રમાં બધી વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય છે તેમ જ્ઞાનવડે યથાર્થ જણાય છે એમ સર્વ વસ્તુને યુક્તિ-આગમના બળથી જાણે તથા ગુરુજનોના ઉપદેશપૂર્વક જાણે તો સંશય આદિ રહે નહિ.

હવે શ્રુતજ્ઞાનનો ભેદ – અંશ તે નય છે તેનું સ્વરૂપ કહે છે.

ગાથા-૨૬૩

**આગળ શ્રુતજ્ઞાનના વિકલ્પ જે ભેદ છે તે નય છે, તેનું સ્વરૂપ કહે છે :-**

**लोकानां व्यवहारं धर्मविवक्षया यः प्रसादयति।**
**श्रुतज्ञानस्य विकल्पः सः अपि नयः लिङ्गसम्भूतः।।२६३।।**

**અર્થ :- વસ્તુના એક ધર્મની વિવક્ષાથી જે લોકોના વ્યવહારને સાધે તે નય છે અને તે શ્રુતજ્ઞાનનો વિકલ્પ એટલે ભેદ છે. વળી તે લિંગ (ચિન્હ)થી ઉપજ્યો છે.**

**ભાવાર્થ :- વસ્તુના એક ધર્મની વિવક્ષા લઈ જે લોકવ્યવહારને સાધે તે શ્રુતજ્ઞાનનો અંશ નય છે, અને તે સાધ્ય ધર્મને હેતુપૂર્વક સાધે છે, જેમ વસ્તુના 'સત્' ધર્મને ગ્રહણ કરી તેને હેતુથી સાધવામાં આવે કે 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ સત્‌રૂપ છે' એ પ્રમાણે નય, હેતુથી ઉપજે છે.**

અર્થ :– વસ્તુના એક ધર્મની મુખ્યતાથી જે લોકોના વ્યવહારને સાધે તે નય છે. જેમ જ્ઞાની કહે કે છોકરો સારો છે, વારસો રાખશે. પણ અભિપ્રાયમાં છે કે તેનું આયુષ્ય ને પુણ્ય હશે તો વારસો રહેશે. લૌકિક અપેક્ષાથી વાત કરી છે. અનંત ધર્મસ્વરૂપ વસ્તુ છે તે પ્રમાણનો વિષય છે, તેને જાણનાર શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તે શ્રુતજ્ઞાનનો વિકલ્પ – ભેદ તે નય છે. સમ્યગ્દષ્ટિ નોકર શેઠને કહે કે આપની કૃપાથી પૈસા મળ્યા, પણ અભિપ્રાયમાં છે કે પુણ્યની યોગ્યતાથી પૈસા એના કાળે આવે છે. પણ એક હેતુને સિદ્ધ કરવા માટે એક પડખાની વાતને ગૌણ કરીને બીજીને મુખ્ય કરે. તે પ્રમાણે લોવ્યવહારમાં પણ પ્રયોજન સધાય છે.

# પ્રસાદ નં. – ૨૬૪

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૦-૭-૫૨, રવિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૯, મંગળવાર, ૧૫-૭-૫૨ સવાર)**

લોકભાવના ચાલે છે, તેમાં જીવના જ્ઞાનગુણની પાંચ પર્યાયો છે, તેમાંથી શ્રુતજ્ઞાનમાં નયો હોય છે. 'નય'નું યથાર્થસ્વરૂપ જૈનદર્શન સિવાય બીજે ક્યાંય હોય નહિ. વસ્તુ અનેકાંતસ્વરૂપ છે, તેનું યથાર્થજ્ઞાન કરવું તે ભાવશ્રુતપ્રમાણ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. શ્રુતજ્ઞાન તેની એક સમયની પર્યાય છે, તે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. નય એટલે વસ્તુના એક અંશને જાણનારું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનનો અંશ તે નય છે. આત્મા સિવાય શરીરાદિ તો પર છે, તે પરથી ભિન્ન અનંતધર્મ સ્વરૂપ આત્મા વસ્તુ છે, તે અનંત ધર્મવાળી વસ્તુના પ્રમાણજ્ઞાનપૂર્વક તેના એકેક ધર્મને જાણે તેનું નામ નય છે. નય છે તે જ્ઞાનનો ઉપયોગ છે. તે એક ધર્મને મુખ્ય કરીને વસ્તુને જાણતી વખતે બીજા ધર્મોને ગૌણ રાખે છે, બીજા ધર્મોનો સર્વથા નિષેધ નથી કરતો.

વસ્તુ ત્રિકાળ શુદ્ધ હોવા છતાં પર્યાયમાં અશુદ્ધતા પણ છે, તેને જાણવી જોઈએ. પર્યાયમાં કેટલી શુદ્ધતા છે, ને કેટલો રાગ છે, તથા નિમિત્ત કેવાં છે. તેનું જ્ઞાન કરવું જોઈએ. આત્માની કેવી દશા વખતે કેવાં નિમિત્ત હોય ને કેવાં નિમિત્તોનો સંગ છૂટી જાય – તે જાણ્યાં વગર પ્રમાણજ્ઞાન થાય નહીં. રાગ પણ પોતાની પર્યાયમાં થાય છે, તે પણ વસ્તુનો એક અંશ

છે, તે અંશને પણ પોતાના અસ્તિત્વમાં જાણે છે. જો તે અંશ પરને લીધે માને તો પ્રમાણજ્ઞાન થતું નથી.

હું સ્વપણે છું ને પરપણે નથી, મારાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે હું સત્ છું ને પરનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે હું અસત્ છું – એમ જાણવું તે પ્રમાણજ્ઞાન છે અને ત્યાં અસ્તિને મુખ્ય કરીને જાણે ત્યારે 'નાસ્તિત્વ' ગૌણ રહે છે. 'આત્મા છે' એમ કહ્યું ત્યારે 'પરપણે નથી' એવી નાસ્તિની વાત ગૌણ રહી જાય છે, એટલે તે નયનો વિષય છે. અહીં આગમની શૈલીથી સાત નયો વર્ણવશે, અધ્યાત્મદૃષ્ટિએ તો આ સાતે નયો વ્યવહાર છે. અધ્યાત્મદૃષ્ટિમાં તો શુદ્ધ અભેદ ત્રિકાળી દ્રવ્ય તે જ નિશ્ચયનયનો વિષય છે. સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે. આગમમાં છ દ્રવ્યનું વર્ણન છે, ત્યાં પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય તે નિશ્ચયનો વિષય છે. 'આત્મા છે' તો તેમાં સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે એવો હેતુ છે. પોતાની અપેક્ષાએ આત્મા સત્ છે, પણ પરની અપેક્ષાએ આત્મા અસત્ છે.

કોઈ પૂછે કે – આત્મા છે ? તો કહે કે : હા, આત્મા સત્ છે.

ક્યો હેતુ ? – કે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવની અપેક્ષાથી આત્મા સત્ છે.

કોઈ પૂછે કે – આત્મા નથી ? તો કહે કે : હા, આત્મા અસત્ છે.

ક્યો હેતુ ? કે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવની અપેક્ષાએ આત્મા અસત્ છે. આ રીતે નયજ્ઞાન વડે વસ્તુના ધર્મો સિદ્ધ થાય છે.

જુઓ, આ ભાવનામાં કંટાળો નથી, પણ આનંદ છે. આ બારે ભાવનાઓ 'भविकजन आनंदजननी' છે. કેમકે અંતરમાં અખંડ ચિદાનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે, તેના જોરે ક્ષણે ક્ષણે ધર્મીને વીતરાગતા અને આનંદ વધતાં જાય છે. વસ્તુસ્વરૂપ અનુસાર આ ભાવનાઓ ભાવતાં જ્ઞાનની એકાગ્રતા થતી જાય છે, ખેદ મટતો જાય છે, આનંદ વધતો જાય છે. સાચા દેવ–ગુરુ–શાસ્ત્રનું ભાન છે, આત્માનું ભાન છે, ને પછી જ્ઞાનની વિશાળતામાં બાર ભાવનાને ચિંતવે છે, ત્યાં શુદ્ધતા વધે છે. પણ બારે ભાવનામાં એકરૂપ ચિદાનંદ સ્વભાવનું અવલંબન છે. અનેકતાનું જ્ઞાન છે પણ એકતાનું જ અવલંબન છે. અભેદ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ રાખીને બાર ભાવના ભાવે છે. જો અભેદ આત્માની દૃષ્ટિ છોડીને એકલા ભેદની ભાવના ભાવે તો તે અજ્ઞાની છે, તેને યથાર્થ ભાવના હોતી નથી. અનેકપણાનું જ્ઞાન કરવું તે કાંઈ દોષ નથી, પણ સ્વભાવની એકતા ચૂકીને એકાંત ભેદનો આશ્રય કરવો તે મિથ્યાત્વ છે. વ્યવહારનય જ્ઞાન કરવા માટે છે, પણ આશ્રય કરવા માટે નથી. જો વ્યવહારના આશ્રયે

લાભ માને તો શુદ્ધ આત્માની દૃષ્ટિ રહેતી નથી. એટલે જૈનદર્શન જ રહેતું નથી. ને જો વ્યવહાર છે તેને જાણે જ નહિ તો એકાંત મિથ્યાજ્ઞાન થઈ જાય છે. વસ્તુસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાનમાં આવી અનુપ્રેક્ષા કરવાથી વીતરાગતા વધતી જાય છે. યથાર્થ જ્ઞાનસહિતનો વૈરાગ્ય કેવો હોય ? તે જાણવું જોઈએ. એકલું 'જ્ઞાન, જ્ઞાન' કરેને વૈરાગ્યનું ઠેકાણું ન હોય તો તે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જેમ એકલો ક્રિયાકાંડી મિથ્યાદૃષ્ટિ છે, તેમ એકલા નિશ્ચયના જ્ઞાનની વાત કરે, પણ પર્યાયમાં ક્ષણેક્ષણે સ્વભાવની દૃષ્ટિથી રાગ ઘટવો જોઈએ તેને ન માને, તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુના સ્વભાવને જેમ છે તેમ જાણે તો પર્યાયમાં ઘણો રાગ ઘટી જાય. નિશ્ચય અને વ્યવહાર બંનેને યથાર્થ જેમ છે તેમ જાણવા જોઈએ. સાધકદશામાં વ્યવહાર છે તેની ના પડાય નહિ, ને નિશ્ચયનો આશ્રય છોડાય નહિ. તેથી અહીં નયોનું વર્ણન કરશે.

ગાથા-૨૬૪

**આગળ એક ધર્મને નય કેવી રીતે ગ્રહણ કરે છે ? તે કહે છે :–**

**नानाधर्मयुतं अपि च एकं धर्म्मं अपि उच्यते अर्थः।**
**तस्यैकविवक्षातः नास्ति विवक्षा स्फुटं शेषाणां।।२६४।।**

**અર્થ :– પદાર્થ, નાના ધર્મથી યુક્ત છે તોપણ તેને કોઈ એક ધર્મરૂપ કહેવામાં આવે છે, કારણકે એક ધર્મની જ્યાં વિવક્ષા કરવામાં આવે ત્યાં તેજ ધર્મને કહેવામાં આવે છે પણ બાકીના સર્વ ધર્મની વિવક્ષા કરવામાં આવતી નથી.**

**ભાવાર્થ :– જેમ જીવવસ્તુમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ, ચેતનત્વ, અમૂર્તત્વ આદિ અનેક ધર્મ છે, તે બધામાંથી કોઈ એક ધર્મની વિવક્ષાથી કહેવામાં આવે કે 'જીવ, ચેતનત્વરૂપ જ છે' ઇત્યાદિ ત્યાં અન્ય ધર્મની વિવક્ષા નથી કરી પણ તેથી એમ ન જાણવું કે અન્ય ધર્મોનો અભાવ છે. પરંતુ અહીં તો પ્રયોજનના આશ્રયથી તેના કોઈ એક ધર્મને મુખ્ય કરી કહે છે – અન્યની અહીં વિવક્ષા નથી (એમ સમજવું).**

વસ્તુ સત્ છે એમ કહ્યું ત્યારે પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની વિવક્ષા કરવામાં આવે છે, ને તે વખતે પરનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસત્પણું છે તે ધર્મની ગૌણતા છે. વસ્તુમાં તો સત્પણું ને અસત્પણું બંને ધર્મો એક સાથે છે, પણ નય તેમાં એક ધર્મની મુખ્યતા કરીને વસ્તુને જાણે છે.

ભાવાર્થ :– જેમ જીવવસ્તુમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ, ચેતનત્વ, અમૂર્તત્વ આદિ અનેક ધર્મ છે, તે બધામાંથી કોઈ એક ધર્મની વિવક્ષાથી કહેવામાં આવે કે 'જીવ, ચેતનત્વરૂપ જ છે' ઇત્યાદિ ત્યાં અન્ય ધર્મની વિવક્ષા નથી કરી પણ તેથી એમ ન જાણવું કે અન્ય ધર્મોનો અભાવ છે. પરંતુ અહીં તો પ્રયોજનના આશ્રયથી તેના કોઈ એક ધર્મને મુખ્ય કરી કહે છે – અન્યની અહીં વિવક્ષા નથી એમ સમજવું.

વસ્તુસ્વરૂપના ભાનપૂર્વકની આ બાર ભાવનાઓ છે તે સંવરના પ્રકારમાં આવે છે. આ ભાવના ભાવતાં સ્વભાવમાં એકાગ્રતા વધતી જાય છે ને રાગ અટકે છે. તથા શુદ્ધતા વધતી જાય છે – એનું નામ સંવર–નિર્જરા છે.

જીવ વસ્તુમાં તેમ જ દરેક વસ્તુમાં પોતાથી અસ્તિત્વધર્મ છે, પરથી નાસ્તિત્વ છે, દ્રવ્ય અપેક્ષાએ એકપણું છે ને ગુણ–પર્યાય વગેરે ભેદની અપેક્ષાએ અનેકપણું છે. જીવમાં ચેતનપણું છે, ને અન્ય પાંચ દ્રવ્યોમાં અચેતનપણું છે. જીવમાં અમૂર્તપણું છે – ઇત્યાદિ અનેકધર્મો દરેક વસ્તુમાં છે. જીવમાં ચેતનપણું વગેરે અનેક ધર્મો એક સાથે હોવા છતાં પ્રયોજનવશ એક ચેતનત્વધર્મને મુખ્ય કરીને એમ કહેવું કે 'જીવ ચેતનરૂપ જ છે' – આ નયનું કથન છે, તેમાં ચેતનધર્મની મુખ્યતા કરી, ને બીજા ધર્મોની વિવક્ષા ન કરી, તેથી બીજા ધર્મનો સર્વથા અભાવ ન સમજવો. પણ પ્રયોજનવશ કોઈ એક ધર્મને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે એટલે નયોમાં પણ પ્રયોજન છે.

ગાથા–૨૬૫

**આગળ વસ્તુના ધર્મને, તેના વાચક શબ્દને તથા તેના જ્ઞાનને નય કહે છે :–**

**सः एव एकः धर्म्मः वाचकशब्दः अपि तस्य धर्मस्य।**
**तत् जानाति तत् ज्ञानं ते त्रीणि अपि नयविशेषाः च।।२६५।।**

**અર્થ :– વસ્તુનો (કોઈ) એક ધર્મ, તે ધર્મનો વાચક શબ્દ તથા તે ધર્મને જાણવાવાળું જ્ઞાન એ ત્રણે જ નયના વિશેષ (ભેદ) છે.**

ભાવાર્થ :– વસ્તુનું ગ્રહણ કરવાવાળું જ્ઞાન, તેનો વાચક શબ્દ તથા વસ્તુ, એને (એ ત્રણેને) જેમ પ્રમાણસ્વરૂપ કહેવામાં આવે છે તેમજ નય કહેવામાં આવે છે.

**અહો ! આ આધ્યાત્મિક સંતોની વાણી છે. નય અને નયના વિષયની અભેદતાનો અનુભવ કરીને વસ્તુના ધર્મને પણ નય કહી દીધો છે. ચૌદ વર્ષ પહેલાં જ્યારે આ ગાથા વાંચી ત્યારે એમ થયું કે અહો ! આ અંદરની અધ્યાત્મની અલૌકિક વાત સંતોએ કરી છે !! નય અને નયના વિષયને અભેદપણે વર્ણવવો તે અધ્યાત્મની અપૂર્વ વાત છે. 'સમયસાર'માં પણ અભેદના અનુભવ અપેક્ષાએ નય અને નયના વિષયને અભેદ કરીને કહે છે કે :–**

**'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'**

જુઓ, ત્યાં નિશ્ચયનય તે તો જ્ઞાનનો એક અંશ છે, તે તો પર્યાય છે, તે પર્યાયના આશ્રયે કાંઈ મુક્તિ નથી, પણ નિશ્ચયનય અને તેના વિષયરૂપ જે ત્રિકાળ અભેદસ્વભાવ છે, તે અભેદ સ્વભાવના અનુભવમાં નય અને નયના વિષયનો ભેદ નથી રહેતો માટે અભેદ અપેક્ષાએ કહી દીધું કે 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' અહો ! સંતોની વાણી અંદરના ઊંડા અનુભવમાંથી નીકળેલી છે. જ્ઞાનના અંશને તો નય કહેવાય, પણ તે નયના વિષયરૂપ ધર્મને પણ 'નય' કહેવો તેમાં રહસ્ય છે.

ભાવાર્થ :– વસ્તુનું ગ્રહણ કરવાવાળું જ્ઞાન, તેનો વાચક શબ્દ તથા વસ્તુ, એને (એ ત્રણેને) જેમ પ્રમાણસ્વરૂપ કહેવામાં આવે છે તેમજ નય કહેવામાં આવે છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણે પ્રકારને નય કહ્યાં છે. જેમ પ્રમાણ ત્રણ પ્રકારે છે તેમ નય પણ ત્રણ પ્રકારે છે. જે વાક્ય કહેતાં પ્રમાણવસ્તુ ખ્યાલમાં આવી જાય તે વાક્યને પણ 'પ્રમાણવાક્ય' કહેવાય છે, ને જે વાક્યમાં એક ધર્મને કહેવાનું પ્રયોજન હોય તેને 'નયવાક્ય' કહેવાય છે.

જેવી વસ્તુ, તેવું જ જ્ઞાન અને તેવી જ વાણી – એમ ત્રણેનો મેળ છે. વસ્તુસ્વરૂપને સમજવા માટે આ બધું જાણવું જોઈએ. ત્રિકાળી વસ્તુ શું છે ? પર્યાય શું છે ? પર્યાયમાં શુદ્ધતા ને અશુદ્ધતાના કેવા કેવા પ્રકારો છે તથા તેનાં કેવાં કેવાં નિમિત્તો છે – તે બધુંય જાણવું જોઈએ, તો જ પ્રમાણજ્ઞાન થાય અને પ્રમાણવાળાને જ નય હોય છે. દ્રવ્યદૃષ્ટિ હોય ત્યાં પણ આવું પ્રમાણજ્ઞાન ભેગું જ હોય છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી ને અરાગી મુનિદશા પ્રગટી તેને તે મુનિદશામાં વસ્ત્રાદિ તો હોય જ નહીં, પણ અધઃકર્મી કે ઉદ્દેશિક આહારનો વિકલ્પ પણ હોતો નથી, ને નિમિત્ત તરીકે તેવો આહાર પણ છૂટી ગયો હોય છે. એ જ પ્રમાણે જે સમ્યગ્દૃષ્ટિ છે તેને મિથ્યાત્વના નિમિત્તરૂપ કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રોનો ત્યાગ થઈ ગયો છે. જેને જે જાતનો રાગ છૂટ્યો તેને તે જાતનાં નિમિત્તો પણ છૂટી જાય છે. આ પ્રમાણે પર્યાયના નિમિત્તનૈમિત્તિકસંબંધને પણ બરાબર જાણવો જોઈએ.

જો વસ્તુના બધા પડખાંને ન જાણે ને એકાંત એક જ પડખું પકડીને બેસે – તો તે મિથ્યાદૃષ્ટિ છે એમ હવે કહે છે.

ગાથા–૨૬૬

**આગળ વસ્તુના એક જ ધર્મને ગ્રહણ કરે એવા એક નય (જ્ઞાન) ને મિથ્યાત્વ શા માટે કહેવામાં આવે છે ? તેનો ઉત્તર કહે છે :–**

**ते सापेक्षाः सुनयाः निरपेक्षाः ते अपि दुर्नयाः भवन्ति।**
**सकलव्यवहारसिद्धिः सुनयात् भवति नियमेन।।२६६।।**

**અર્થ :– પ્રથમ કહેલા ત્રણ પ્રકારના નય તે જો પરસ્પર અપેક્ષાસહિત હોય તો તે સુનય છે પરંતુ એ જ જ્યારે અપેક્ષા રહિત સર્વથા એક એક ગ્રહણ કરવામાં આવે ત્યારે તે દુર્નય (મિથ્યાનય) છે. સુનયોથી સર્વ વ્યવહારવસ્તુના સ્વરૂપની સિદ્ધિ થાય છે.**

**ભાવાર્થ :– નય છે તે બધાય સાપેક્ષ હોય તો સુનય છે અને નિરપેક્ષ હોય તો કુનય છે. સાપેક્ષતાથી સર્વ વસ્તુવ્યવહારની સિદ્ધિ છે – સમ્યક્‌જ્ઞાન સ્વરૂપ છે તથા કુનયોથી સર્વ લોકવ્યવહરાનો લોપ થાય છે – મિથ્યાજ્ઞાનરૂપ છે.**

સામાન્યને જાણે પણ વિશેષ પર્યાયને જેમ છે તેમ ન જાણે તો તે મિથ્યાનય છે. જુઓ, સમ્યગ્દર્શન થાય ત્યાં કુદેવાદિનો આદર હોય જ નહીં – એમ તે પર્યાયને પણ જાણવી જોઈએ. સમ્યગ્દર્શન થયું હોય ત્યાં કુદેવાદિનું સેવન કે માંસાદિનો ખોરાક હોય – એમ બને નહિ. આમ ન જાણે તો તેને વ્યવહારનું ભાન નથી, તેને એકાંત નિશ્ચયાભાસ થઈ જાય છે. નયનું જ્ઞાન બીજા પડખાની અપેક્ષા સહિત હોય છે. વાણીમાં એક ધર્મ કહ્યો, તે વખતે બીજો ધર્મની અપેક્ષા સહિતનું તે કથન છે. આત્મા શુદ્ધ ભગવાન જેવો છે એમ કહ્યું તે દ્રવ્યદૃષ્ટિ કરવાના પ્રયોજનથી કહ્યું છે પણ તે જ વખતે પર્યાયમાં અશુદ્ધતા છે તેની અપેક્ષા સહિતનું તે કથન છે. જો પર્યાયની અપેક્ષા છોડીને સર્વથા એકાંત કથનને પકડી લ્યે તો તેને નિશ્ચય–વ્યવહારનું જ્ઞાન નથી, એટલે તેને નિશ્ચય પણ ખોટો છે, ને વ્યવહાર પણ ખોટો છે. વ્યવહારની અપેક્ષા વગરનો નિશ્ચય હોય નહીં. ને નિશ્ચય વિનાનો વ્યવહાર હોય નહીં. વીતરાગમાર્ગમાં બંનેને જેમ છે તેમ જાણવા જોઈએ, તો જ જ્ઞાન પ્રમાણ થાય છે. એ સિવાય ધર્મ થતો નથી.

# પ્રસાદ નં. – ૨૬૬

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૨-૭-૫૨, મંગળવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૧૦, બુધવાર, ૧૬-૭-૫૨ સવાર)**

અહીં નયોનું સ્વરૂપ વર્ણવે છે. જ્ઞાનથી આત્માને જાણીને શાંતિ અને સુખદશા પ્રગટે તે ધર્મ છે. તે જ્ઞાનની પાંચ પર્યાયો છે – મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યય અને કેવળ. તેમાંથી શ્રુતજ્ઞાનમાં નયો હોય છે. નય તે જૈનદર્શનની ખાસ વસ્તુ છે. લક્ષણ, પ્રમાણ, નય અને નિક્ષેપ તે પદાર્થોને જાણવાના ઉપાય છે. વસ્તુનું લક્ષણ શું છે ? તેને જાણનારું જ્ઞાન શું છે ? તે જ્ઞાનનાં પડખાં કેવા હોય છે ? અને વસ્તુમાં જે ભાવ કહેવામાં આવે છે તે તેનો ત્રિકાળી ભાવ છે કે પર્યાય છે કે ભૂત–ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ કથન છે – તે બધું સમજવું જોઈએ. છએ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન લક્ષણ પહેલાં કહેવાઈ ગયું છે. તેના દ્રવ્ય–ગુણ–પર્યાયને યથાર્થ જાણવા તે પ્રમાણ છે. વસ્તુના એક ધર્મને મુખ્યપણે ગ્રહણ કરે એવા શ્રુતજ્ઞાનના અંશને નય કહે છે. તે નય બીજા નયોની અપેક્ષાસહિત હોય તો જ સુનય છે, જો બીજા નયોથી સર્વથા નિરપેક્ષ હોય તો તે કુનય છે. નિશ્ચયને માને પણ પર્યાયમાં વ્યવહાર છે તેને ન માને, તો તે કુનય છે, તથા એકલા વ્યવહારના આશ્રયથી જ ધર્મ માને ને નિશ્ચય સ્વભાવને જાણે નહી – તો તે પણ કુનય એટલે કે મિથ્યાનય છે. જુઓ, એકવાર એમ કહેવાય કે 'કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકતું નથી,' વળી નૈગમનયથી એમ પણ

કહે કે શરીર જીવની ઇચ્છાથી ચાલ્યું, અથવા ક્રોધના નિમિત્તરૂપ જડવસ્તુને પણ નૈગમનનયથી ક્રોધ કહે છે. એ પ્રમાણે નયના કથનને જેમ છે તેમ સમજવું જોઈએ. શરીર ચાલે છે ત્યારે ઇચ્છા નિમિત્ત છે, – તેથી સંકલ્પ કરીને નૈગમનયથી એમ કહ્યું કે ઇચ્છાથી શરીર ચાલ્યું, પણ તે જ વખતે નિશ્ચયની અપેક્ષાનું ભાન સાથે જ છે કે ખરેખર જીવની ઇચ્છાથી શરીર ચાલ્યું નથી. આવા નિશ્ચયની અપેક્ષા વગરનો એકલો નૈગમનય હોય તો તે મિથ્યા છે. અને નિશ્ચયની સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધનું જ્ઞાન પણ ન હોય તો તે પણ એકાંત હોવાથી મિથ્યા છે.

માટે બધા નયો છે તે પરસ્પર સાપેક્ષ છે. કોઈ વાર વ્યવહારથી કથન હોય ને કોઈવાર નિશ્ચયથી કથન હોય. પણ ત્યાં વસ્તુસ્થિતિનું લક્ષ રાખીને જે અપેક્ષા હોય તે જાણવી જોઈએ. નયજ્ઞાન તો યથાર્થ વસ્તુસ્વરૂપના નિર્ણયનું કારણ છે. નયોનું જ્ઞાન ન કરે ને સર્વથા એક જ પડખું પકડી બેસે તો તે મિથ્યાજ્ઞાન છે.

એકવાર કહે કે પરથી કાંઈ લાભ થાય નહીં. વળી ભગવાનની પ્રતિમાના દર્શન–પૂજનનો ઉપદેશ આવે – એ બંનેમાં જ્યાં જે નયની અપેક્ષા છે તે સમજવી જોઈએ. શરીરની ક્રિયા આત્મા કરી શકે નહિ – એમ નિશ્ચયનય કહે, ને વળી એમ કથન આવે કે 'જોઈને ચાલવું' ત્યાં શરીરની ક્રિયા આત્મા કરે એમ બતાવવું નથી, પણ ત્યાં પ્રમાદભાવ ન થવા દેવો તે માટેનું કથન છે – એમ નયોથી બરાબર સમજવું જોઈએ.

'જયધવલા'માં કહે છે કે 'ક્રોધાદિ કષાયો કર્મથી જ થાય છે.' ત્યાં નૈગમનયના આરોપથી કથન છે. વળી ત્યાં ઋજુસૂત્રનયથી કહે કે 'કષાય પારિણામિકભાવે છે' – એક નયનું કથન પકડી બેસે, ને બીજો નયોની અપેક્ષા સર્વથા છોડી દે તો તે અજ્ઞાન છે.

જુઓ, કોઈ શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિને દયાના શુભપરિણામથી પરિતસંસાર થવાનું મનાવે – તો તે નય જ નથી પણ મિથ્યાત્વ છે. ચિદાનંદ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જ સંસારનો નાશ થાય છે, તેને બદલે સ્વભાવના ભાન વગર એકલા શુભરાગથી કે દાનાદિના ભાવથી પરિતસંસાર થવાનું કહેતા હોય તો તે મિથ્યાદૃષ્ટિનું કથન છે, તેના કથનમાં નય લાગુ પડે નહિ.

**અહો ! આત્માના અભેદ સ્વભાવની દૃષ્ટિથી જ સંસારનો નાશ થાય છે, તેને બદલે અજ્ઞાનીના શુભરાગથી સંસારનો નાશ થવાનું મનાવે તે તો મહા વિપરીત કથન છે.** શુભરાગ તો ઉદયભાવ છે, શું ઉદયભાવથી સંસારનો નાશ થાય ? ના ન થાય. જુઓ, નિમિત્તથી જ્ઞાની એમ કહે કે હે નાથ ! હે જિનેન્દ્ર ! તારી ભક્તિથી

અમે સંસારનો પાર પામ્યા ! હે ગુરુદેવ ! તારા ચરણકમળના પ્રસાદથી અમે ભવસમુદ્રને તરી ગયા ! – ત્યાં તો અંદરમાં ભાન છે કે અમે અમારા સ્વભાવના આશ્રયથી સંસારને તર્યા છીએ, ત્યાં દેવ–ગુરુ નિમિત્ત છે, તેથી વિનયથી નિમિત્તમાં આરોપ કર્યો છે. અંદર અનારોપ દૃષ્ટિ પ્રગટી છે તે આરોપ કરીને કહે છે. પણ જેને હજી અનારોપ દૃષ્ટિ પ્રગટી નથી, સ્વભાવનું ભાન થયું નથી, સમ્યગ્દર્શન થયું નથી, ને એકલા રાગથી જ સંસારનો અંત થવાનું મનાવે છે – તેને તો આરોપ પણ ન કહેવાય, તે તો મિથ્યાદૃષ્ટિનું કથન છે. અનારોપ વગર આરોપ શેનો ? જ્ઞાનીને તો પોતાના સ્વભાવની દૃષ્ટિથી સંસારનો નાશ થયો છે એટલે અનારોપ ભાવ પ્રગટ્યો છે ત્યાં આરોપથી એમ કહે છે કે હે નાથ ! તારી ભક્તિથી અમે તર્યા ! ત્યાં નિમિત્તથી કથન છે. અને તેમાં નય લાગુ પડે છે, અજ્ઞાનીને નય હોતા નથી.

ગાથા–૨૬૭

**આગળ પરોક્ષજ્ઞાનમાં અનુમાનપ્રમાણ પણ છે તેનું દૃષ્ટાંતપૂર્વક સ્વરૂપ કહે છે :–**

यत् जानाति जीवः इन्द्रियव्यापारकायचेष्टाभिः।
तत् अनुमानं भणति तमपि नयं बहुविधं जानीहि।।२६७।।

**અર્થ :– જે ઇન્દ્રિયોનો વ્યાપર અને કાયની ચેષ્ટાઓથી શરીરમાં જીવને જાણવામાં આવે તેને અનુમાનપ્રમાણ કહે છે. તે અનુમાનજ્ઞાન પણ નય છે અને તે અનેક પ્રકારના છે.**

**ભાવાર્થ :– પહેલાં શ્રુતજ્ઞાનના વિકલ્પોને નય કહ્યા હતા, અહીં અનુમાનનું સ્વરૂપ કહ્યું છે. શરીરમાં રહેલો જીવ પ્રત્યક્ષ ગ્રહણમાં આવતો નથી તેથી સ્પર્શન, સ્વાદન, વાણી, સુંઘવું, સાંભળવું, દેખવું વગેરે (ઇન્દ્રિયોના વ્યાપાર) તથા ગમન આગમનાદિ કાયાની ચેષ્ટાઓથી જાણવામાં આવે છે કે 'શરીરમાં જીવ છે' આ અનુમાનજ્ઞાન છે. કારણકે સાધનથી સાધ્યનું જ્ઞાન થાય તેને અનુમાન કહે છે અને તે પણ નય જ છે. તેને પરોક્ષપ્રમાણના ભેદોમાં કહ્યો છે પણ તે પરમાર્થથી નય જ છે. તે નય, સ્વાર્થ–પરાર્થના ભેદથી તથા હેતુ–ચિન્હોના ભેદથી અનેક પ્રકારનો કહ્યો છે.**

ઇન્દ્રિય અને વાણી તો જડ છે. પણ અંદર જ્ઞાનના ખ્યાલ પૂર્વક ભાષા નીકળી તે ઉપરથી જીવનું અનુમાન થાય છે. ખાતો હોય ત્યાં કોળિયો બરાબર મોઢામાં જાય છે, માથા ઉપર નથી મૂકતો, એ ઉપરથી અનુમાન થાય છે કે અંદર જાણનાર તત્ત્વ છે. એમ દેહની ક્રિયા ઉપરથી જીવનું અનુમાન થાય છે. જુઓ, **આ અનુમાન યથાર્થ ક્યારે કહેવાય ? કે પ્રમાણજ્ઞાન થયું હોય ત્યારે ! પહેલાં અતિન્દ્રિય સમ્યગ્જ્ઞાનથી જેણે આત્માને જાણ્યો છે તેને પછી આવું અનુમાન હોય છે.** પદાર્થને જાણ્યા વિના અનુમાન કોનું ? અનુમાન તે પરોક્ષજ્ઞાન છે, તે પણ યથાર્થ છે. જેમ કોઈ ઘરમાં સતાર વાગતી હોય; ત્યાં સતારના અવાજ ઉપરથી તેના વગાડનારની હોંશિયારી વગેરેનું અનુમાન જાણકારને થઈ જાય છે. તે જ પ્રમાણે દિવ્યધ્વનિ ઉપરથી સર્વજ્ઞનું અનુમાન થાય છે, ને દેહવાણીની ક્રિયા ઉપરથી **જ્ઞાનીને** જીવનું અનુમાન થઈ જાય છે. રસોઈ ઉપરથી રસોઈ કરનાર બાઈનું અનુમાન થઈ જાય છે. એ પ્રમાણે નિમિત્તનૈમિત્તિક સંબંધ ઉપરથી અનુમાન કરી લેવાનું જ્ઞાનનું સામર્થ્ય છે.

નયોના વિસ્તારનું જ્ઞાન તે વેદિયાપણું નથી પણ વીતરાગતા છે. અહો ! સંતોએ નયોનો અગાધ વિસ્તાર કર્યો છે. જાણે કે જ્ઞાનના દરિયા ફાટ્યા છે ! ભાઈ ! તારી બુદ્ધિ ન પહોંચે તો તું મહિમા લાવીને તેનો વિશ્વાસ કર. તને ન સમજાય તો કંટાળો ન લાવ. અહો ! જૈનદર્શનને બીજા કોઈ અન્ય મતો સાથે અંશમાત્ર પણ મેળ નથી. ઊગમણો–આથમણો તફાવત છે. ઉપર ટપકે અજ્ઞાનીને બધું સરખું લાગે, પણ અંદરના ઊંડાણમાં ઘણો ફેર છે. માટે યથાર્થ વસ્તુસ્વરૂપનો બધાં પડખાંથી નિર્ણય કરવો જોઈએ.

જુઓ, અહીં કહે છે કે આત્મા દેહાદિની ક્રિયા ઉપરથી અનુમાનથી જણાય છે અને 'પ્રવચનસાર'માં ૧૭૨મી ગાથામાં કહે છે કે આત્મા અલિંગગ્રહણ છે, તે અનુમાનનો વિષય નથી. પોતે અનુમાનથી જાણતો નથી, ને પોતે અનુમાનદ્વારા જણાતો નથી. ત્યાં એકલા અનુમાનથી જણાતો નથી પણ પ્રત્યક્ષ થયા પછી અનુમાન હોય છે. પ્રત્યક્ષ સ્વસંવેદન વગર એકલા પરોક્ષ અનુમાનથી આત્મા જણાતો નથી, માટે 'પ્રવચનસાર'માં એમ કહ્યું કે આત્મા અનુમાનનો વિષય નથી અને પ્રત્યક્ષ સહિતના પરોક્ષજ્ઞાન વડે આત્માનું અનુમાન થઈ શકે છે માટે અહીં કહ્યું છે કે દેહાદિની ક્રિયા ઉપરથી આત્માનું અનુમાન થાય છે. આ રીતે પરોક્ષજ્ઞાન તે પ્રત્યક્ષની અપેક્ષા સહિતનું છે, પ્રત્યક્ષ વગરના એકાંત પરોક્ષજ્ઞાનથી યથાર્થ અનુમાન થતું નથી.

નિમિત્તથી કાર્ય થાય એમ અજ્ઞાનીને દેખાય છે અને તે એમ કહે છે કે અમને પ્રત્યક્ષ દેખાય છે, પણ તે ખરેખર પ્રત્યક્ષ જ્ઞાન નથી, ને તેનું પરોક્ષજ્ઞાન પણ સાચું નથી. પ્રત્યક્ષજ્ઞાન તો આત્માનું છે, તે આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ કર્યા વગર પરનું જ્ઞાન પ્રત્યક્ષ કે પરોક્ષ સાચું હોય નહિ. જો નિમિત્તથી કાર્ય થતું હોય તો નિમિત્તના અભાવમાં તે કાર્ય રહી શકે નહિ. કડિયાથી મકાન થતું હોય તો કડિયાના અભાવમાં મકાન રહેવું ન જોઈએ. પરંતુ કડિયાના અભાવમાં પણ મકાન તો ટકી રહે છે, માટે મકાન કડિયાના કારણે થતું નથી પણ આવું યથાર્થ જ્ઞાન ક્યારે થાય ? કે પ્રત્યક્ષજ્ઞાન જેનું છે એવા આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ કર્યો હોય, પછી જ પરોક્ષ અનુમાન યથાર્થ હોય.

કથનપદ્ધતિ ઉપરથી તે કથન કરનારના જ્ઞાનનું માપ સમ્યગ્જ્ઞાની કરી લ્યે છે. તે પરોક્ષ અનુમાનજ્ઞાન છે, તે પણ એક પ્રકારનો નય છે.

પહેલાં શ્રુતજ્ઞાનના વિકલ્પને નય કહ્યા હતા. અહીં અનુમાનનું સ્વરૂપ કહ્યું છે. સામાના શરીરમાં રહેલો જીવ છદ્મસ્થને પ્રત્યક્ષ ગ્રહણમાં આવતો નથી, પણ જેને આત્માનું સ્વસંવેદન જ્ઞાન થયું હોય તે જીવ સ્પર્શ–રસ–વાણી–શ્રવણ–ગમનાગમન વગેરે ઉપરથી આત્માને જાણી લ્યે છે, તેનું નામ અનુમાન છે. નયો તો બધા પરોક્ષ જ છે ને અનુમાન પણ પરોક્ષ છે, તે બધા શ્રુતજ્ઞાનના પ્રકારો છે. પરોક્ષ હોવા છતાં તે યથાર્થ છે. સાધન ઉપરથી સાધ્યનું જ્ઞાન કરવું તેનું નામ અનુમાન છે. અને તે પણ નય છે. તે પણ પરોક્ષપ્રમાણનો ભેદ છે. નયો સ્વાર્થ અને પરાર્થના ભેદથી તથા હેતુ, ચિહ્ન વગેરે ભેદોથી અનેક પ્રકારના છે.

વિશેષ વિશેષ પ્રકારથી વસ્તુનું જ્ઞાન કરવામાં નિર્મળતા અને સ્વાશ્રયભાવ વધતો જાય છે, માટે સામાન્ય જ્ઞાનથી વિશેષજ્ઞાન બળવાન છે, સામાન્યનો આશ્રય તે જુદી વાત છે, સામાન્યનો અર્થ સંક્ષિપ્ત જ્ઞાન છે, તે સંક્ષિપ્તજ્ઞાન કરતાં વિશેષ વિશેષ પ્રકારે જ્ઞાન કરવું તેમાં વધારે દઢતા છે, પણ સામાન્ય એટલે ત્રિકાળી સ્વભાવ ને વિશેષ એટલે પર્યાય – તેમાં તો સામાન્યનો જ આશ્રય કરવાનો છે, સામાન્યદ્રવ્યના આશ્રય કરતાં પર્યાયનો આશ્રય બળવાન છે – એમ કાંઈ નથી કહ્યું, પણ જે જીવને જ્ઞાન કંટાળો લાગતો હોય ને એકલા સામાન્યજ્ઞાનમાં જ સંતુષ્ટ થઈ ગયો હોય – તો તેને કહે છે કે 'સામાન્યજ્ઞાન કરતાં વિશેષ વિશેષ પ્રકારથી જ્ઞાન કરવું તે બળવાન છે'. માટે અહીં નયોના ભેદોનું વર્ણન છે.

ગાથા–૨૬૮

**આગળ નયોના ભેદોને કહે છે :–**

**सः संग्रहेण एकः द्विविधः अपि च द्रव्यपर्यायाभ्यां।**
**तयोः विशेषात् नैगमप्रभृतिः भवेत् ज्ञानं।।२६८।।**

**અર્થ :– એ નય, સંગ્રહપણાથી અર્થાત્ સામાન્યપણે તો એક છે, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદથી બે પ્રકારના છે તથા વિશેષતાથી એ બંનેના ભેદોથી નૈગમનય આદિથી લઈને છે તે નય છે, અને તે જ્ઞાન જ છે.**

---

જુઓ, જ્ઞાનની અનંતઅનંત વિશાળતા છે. અનંત પડખાં જ્ઞાનમાં પડે છે, એટલે અનંત પ્રકારના નયો છે. પણ તેમાં સંગ્રહપણે નયો એક છે, ને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા ભેદથી બે પ્રકારના નયો છે, તથા વિશેષપણે તેમના નૈગમનય વગેરે અનેક પ્રકારો છે. આ બધા નયો તે જ્ઞાન જ છે. જુઓ, અહીં દ્રવ્યાર્થિકનય કહ્યો છે તે 'સમયસાર' કરતાં જુદી શૈલીનો છે. આ આગમના નયો છે, અહીં કહેલો દ્રવ્યાર્થિકનય તે પણ દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ તો વ્યવહારનય જ છે, 'સમયસાર'માં તો જે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે તે જ દ્રવ્યાર્થિકનયનો વિષય છે, પણ અહીં તેમ નથી.

---

ગાથા–૨૬૯

**આગળ દ્રવ્યાર્થિકનયનું સ્વરૂપ કહે છે :–**

**यः साधयति सामान्य अविनाभूतं विशेषरूपैः।**
**नानायुक्तिबलात् द्रव्यार्थः सः नयः भवति।।२६९।।**

**અર્થ :– જે નય, વસ્તુને તેના વિશેષરૂપથી અવિનાભૂત સામાન્યસ્વરૂપને નાનાપ્રકાર યુક્તિબળથી સાધે તે દ્રવ્યાર્થિકનય છે.**

**ભાવાર્થ :– વસ્તુનું સ્વરૂપ સામાન્ય–વિશેષાત્મક છે, વિશેષ વિના સામાન્ય હોતું નથી એ પ્રમાણે યુક્તિના બળથી સામાન્યને સાધે તે દ્રવ્યાર્થિકનય છે.**

નૈગમનયમાં ઘણી સૂક્ષ્મતા છે, કોઈવાર બે પર્યાયોને ભેગી કરીને તેને 'દ્રવ્ય' કહી દે – એ પણ નૈગમનયનો વિષય છે. સામાન્ય–વિશેષરૂપ વસ્તુના ભાનપૂર્વક યુક્તિના બળથી સામાન્યવસ્તુસ્વરૂપને જાણે તે દ્રવ્યાર્થિકનય છે, તેના પણ અનેક પ્રકારો છે તે આગળ કહેશે. નૈગમ–સંગ્રહ ને વ્યવહાર એવા ત્રણ ભેદ દ્રવ્યાર્થિકના છે.

ગાથા–૨૭૦

**આગળ પર્યાયાર્થિકનયને કહે છે :–**

यः साधयति विशेषान् बहुविधसामान्यसंयुतान् सर्वान्।
साधनलिङ्गवशात् पर्यायविषयः नयः भवति।।२७०।।

**અર્થ :– જે નય, સામાન્યસહિત અનેક પ્રકારના સર્વ વિશેષને તેના સાધનનું જે લિંગ (ચિન્હ) તેના વશથી સાધે તે પર્યાયાર્થિકનય છે.**

**ભાવાર્થ :– સામાન્ય સહિત તેના વિશેષોને હેતુપૂર્વક સાધે તે પર્યાયાર્થિકનય છે. જેમ સત્ સામાન્યપણા સહિત ચેતન–અચેતનપણું તેનું વિશેષ છે, ચિત્ સામાન્યપણા સહિત સંસારી–સિદ્ધ જીવપણું તેનું વિશેષ છે, સંસારીપણા સામાન્યસહિત ત્રસ–સ્થાવર જીવપણું તેનું વિશેષ છે, ઇત્યાદિ. વળી અચેતન સામાન્યપણાસહિત પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્ય તેનાં વિશેષ છે તથા પુદ્‌ગલ સામાન્યપણાસહિત અણુ–સ્કંધ–ઘટ–પટ આદિ તેનાં વિશેષ છે, ઇત્યાદિ પર્યાયાર્થિકનય હેતુપૂર્વક સાધવામાં આવે છે.**

દેવ કેવા હોય, ગુરુ કેવા હોય, શાસ્ત્ર કેવા હોય – એવો નિર્ણય કરવાનું આવે ત્યાં તેને 'વ્યવહાર' કહીને કાઢી નાખે, ને દેવ–ગુરુ–શાસ્ત્રનો પણ યથાર્થ નિર્ણય કર્યા વગર

એકલા નિશ્ચયથી વાત કરે, તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. તેને નિશ્ચય કે વ્યવહાર એકેયનું ભાન નથી. પર્યાયાર્થિકનયના ચાર ભેદ છે તે આગળ કહેશે. વિશેષ ભાવાર્થમાં કહેવાશે.

## અષાડ વદ ૧૧, ગુરુવાર, ૧૭-૭-૫૨

અહીં નયોનું વર્ણન ચાલે છે. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલાં આગમ દરેક પદાર્થના સામાન્ય–વિશેષસ્વરૂપનું જ્ઞાન કરાવે છે. તેને જાણીને પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ ધ્રુવ સ્વભાવનું અવલંબન લેવું તે ધર્મ છે. સામાન્યપણે છ દ્રવ્યો તથા તેના ગુણ–પર્યાયોને જાણીને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરતાં તે જ્ઞાન સમ્યક્રૂપે પરિણમી જાય છે. જુઓ, આમાં સૂક્ષ્મબુદ્ધિની જરૂર છે. આ સમજવામાં કંટાળો ન આવવો જોઈએ, પણ આ સમજવામાં તો જ્ઞાનની વિશાળતા છે. જાણવાનું પ્રયોજન તો ચિદાનંદ સ્વભાવ તરફ વળવું તે જ છે.

અહીં પર્યાયાર્થિકનું સ્વરૂપ કહે છે. અહીં સામાન્યમાં ભેદ પાડવા તેને પર્યાયાર્થિકનય કહ્યો છે, ને આગળ સાત નયોમાં ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ ને એવંભૂત – એ ચાર નયોને પર્યાયાર્થિકનય તરીકે વર્ણવશે. ને સત્ વગેરેને દ્રવ્યાર્થિકનયમાં લેશે. જેમાં કાળભેદ ન પડે તે બધોય દ્રવ્યાર્થિકનયનો વિષય લેશે, ને જેમાં એક સમયના કાળનો ભેદ પડે તેને પર્યાયાર્થિકનય કહે છે.

સત્ અપેક્ષાએ બધાં દ્રવ્યો સત્ છે તેથી તે સામાન્ય છે, ને તેમાં ચેતન–અચેતન એવા બે ભેદ પાડવા તે પર્યાયાર્થિકનયનો વિષય છે. સામાન્યમાં ભેદ પાડ્યા માટે પર્યાયાર્થિકનય થયો. આગળ તેને દ્રવ્યાર્થિકનયના વિષયમાં ગણીને સંગ્રહનયમાં ગણશે.

વળી સામાન્ય ચૈતન્ય સ્વભાવ અપેક્ષાએ બધા જીવો ચેતન છે, તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. ને તેમાં કોઈ સિદ્ધ ને કોઈ સંસારી – એવા બે ભેદ છે તે પર્યાયાર્થિકનયનો

વિષય છે.

જુઓ, આ શાસ્ત્ર ઘણું જૂનું છે, ઇતિહાસકારો તો કહે છે કે આ શાસ્ત્ર 'સમયસાર' કરતાં પણ લગભગ ૨૦૦ વર્ષ જૂનું છે. એટલે લગભગ ૨૨૦૦ વર્ષ પહેલાંનું આ શાસ્ત્ર છે, તેમાં સર્વજ્ઞભગવાને કહેલું રહસ્ય સંતોએ મૂકી દીધું છે.

સાત નયોના વર્ણનમાં તો સામાન્ય સંગ્રહ કરીને સત્‌ને સંગ્રહનયનો વિષય કહેશે, ને તેમાં જીવ-અજીવ એવા ભેદ પાડવા તેને વ્યવહારનયનો વિષય કહેશે. એટલે તે બંને દ્રવ્યાર્થિકનયમાં સમાય છે.

પણ અહીં બીજી વિવક્ષાથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનું વર્ણન કર્યું છે. સામાન્ય વર્ણન તે દ્રવ્યાર્થિકનય અને તે સામાન્યના વિશેષ ભેદો પાડવા તે પર્યાયાર્થિકનય છે. સંસારી જીવો અપેક્ષાએ ત્રસ-સ્થાવર બધા જીવો તેમાં સમાઈ જાય છે, તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે, ને તે સામાન્યને લક્ષમાં રાખીને તેના ત્રસ, સ્થાવર વગેરે ભેદ પાડવા તે વિશેષ છે, ને તે પર્યાયાર્થિકનયનો વિષય છે. સામાન્ય સત્‌ને માને, પણ તેમાં છ દ્રવ્યોમાં વિશેષ પડખાં છે, તેને ન માને, એક પણ દ્રવ્યને ઓછું માને તો તે સર્વજ્ઞનો માર્ગ નથી.

અચેતનસામાન્યપણાની અપેક્ષાએ પાંચ દ્રવ્યો આવી જાય છે, ને તેમાં પુદ્‌ગલ વગેરે વિશેષ ભેદ છે. વળી પુદ્‌ગલ સામાન્ય છે, તેમાં પરમાણુ અને સ્કંધના ભેદ પાડવા તે વિશેષ છે. એ પ્રમાણે વિશેષભેદો તે પર્યાયાર્થિકનયનો વિષય છે.

હવે દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદો નૈગમ-સંગ્રહ ને વ્યવહારનું વર્ણન કરે છે, તેમાં પ્રથમ નૈગમનયનું વર્ણન કરે છે.

ગાથા-૨૭૧

**આગળ દ્રવ્યાર્થિકનયના ભેદોને કહે છે ત્યાં પહેલાં નૈગમનયને કહે છે :-**

**यः साधयति अतीतं विकल्परूपं भविष्यं अर्थं च।**
**सम्प्रतिकालाविष्टं सः स्फूटं नयः नैगमः ज्ञेयः।।२७१।।**

**અર્થ :- જે નય, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનરૂપ વિકલ્પથી સંકલ્પમાત્ર (પદાર્થને) સાધે તે નૈગમનય છે.**

**ભાવાર્થ :– ત્રણ કાળના પર્યાયોથી અન્વયરૂપ છે તે દ્રવ્ય છે તેને પોતાના વિષયથી ભૂતકાળની પર્યાયને પણ વર્તમાનવત્ સંકલ્પમાં લે, ભાવિકાળની પર્યાયને પણ વર્તમાનવત્ સંકલ્પમાં લે તથા વર્તમાનકાળની પર્યાયને તે નિષ્પન્ન[1] હોય વા અનિષ્પન્ન[2] હોય તોપણ નિષ્પન્નરૂપ સંકલ્પમાં લે એવા જ્ઞાન તથા વચનને નૈગમનય કહે છે. અને તેના અનેક ભેદ છે. સર્વ નયના વિષયને મુખ્યતા–ગૌણતાથી પોતાના સંકલ્પરૂપે વિષય કરે છે. જેમકે – મનુષ્ય નામના જીવદ્રવ્યને સંસારપર્યાય છે, સિદ્ધપર્યાય છે તથા આ મનુષ્યપર્યાય છે એમ કહે તો ત્યાં સંસારપર્યાય તો અતીત–અનાગત વર્તમાન ત્રણ કાળ સંબંધી પણ છે, સિદ્ધપણું અનાગત જ છે તથા મનુષ્યપણું વર્તમાન જ છે છતાં આ નયના વચનથી અભિપ્રાયમાં વર્તમાન–વિદ્યમાનવત્ સંકલ્પથી પરોક્ષરૂપ અનુભવમાં લઈને કહે કે 'આ દ્રવ્યમાં મારા જ્ઞાનમાં હાલ આ પર્યાય ભાસે છે' એવા સંકલ્પને નૈગમનયનો વિષય કહે છે, એમાંથી કોઈને મુખ્ય તથા કોઈને ગૌણરૂપ કહે છે.**

અહો ! જાણે અત્યારે જ સાક્ષાત્ ભગવાન પાસે બેઠા હોઈએ ને દિવ્યધ્વનિ સાંભળતા હોઈએ – એમ પૂર્વ કાળને વર્તમાનપણે જ લક્ષમાં લેવો તે નૈગમનય છે.




ભૂતકાળમાં ભગવાનનો સાક્ષાત્ ઉપદેશ સાંભળ્યો હોય તેને જ્ઞાનના બળે વર્તમાનમાં જોડી દેવો કે અહો ! અત્યારે જ અમે ભગવાનની સન્મુખ બેઠા છીએ ને ભગવાનની વાણી સાંભળી રહ્યાં છીએ – આ પ્રમાણે કાળનો ભેદો તોડીને ભૂતકાળની પર્યાયને વર્મતાનપણે સાધવી તે નૈગમનય છે. ભૂતકાળમાં ભગવા પાસે સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી હોય, ત્યાં તેને મુખ્ય કરીને વર્તમાનમાં એમ કહેવું કે અહો ! અમે ભગવાન પાસે બેઠા

૧ નિષ્પન્ન = પ્રાપ્ત વા પ્રગટ. ૨ અનિષ્પન્ન = અપ્રાપ્ત વા અપ્રગટ.

છીએ ને ભગવાનની વાણી ઝીલી રહ્યા છીએ, ગણધરો, સંતો બેઠા છે – એમ ભૂતને વર્તમાનપણે જાણવું – તે નૈગમનય છે. આમાં જ્ઞાનનો પુરુષાર્થ છે. જ્ઞાનીને જ આવો નય હોય છે.

એ જ પ્રમાણે ભૂતકાળમાં ગીરનાર પર્વત ઉપરથી નેમનાથ ભગવાન મોક્ષ પધાર્યા, તેને વર્તમાનમાં યાદ કરીને કહેવું કે અહો ! ભગવાન અત્રેથી જ મોક્ષ પધાર્યા ! જ્ઞાનબળે ભૂતકાળને વર્તમાનપણે જાણે છે. અહો ! જાણે કે મારી સન્મુખ જ નેમનાથ ભગવાન ગીરનાર ઉપરથી ઊર્ધ્વગમન કરી રહ્યા હોય – એમ પોતાના જ્ઞાનમાં કાળભેદ કાઢી નાખીને જાણવું તે નૈગમનય છે. પર્યાય છે, સિદ્ધ પર્યાય છે તથા આ મનુષ્યપર્યાય છે એમ કહે તો ત્યાં સંસાર પર્યાય તો અતીત–અનાગત–વર્તમાન ત્રણકાળ સંબંધી પણ છે, સિદ્ધપણું અનાગત જ છે તથા મનુષ્યપણું વર્તમાન જ છે છતાં આ નયના વચનથી અભિપ્રાયમાં વર્તમાન–




વિદ્યમાનવત્ સંકલ્પથી પરોક્ષરૂપ અનુભવમાં લઈને કહે કે ‘આ દ્રવ્યમાં મારા જ્ઞાનમાં હાલ આ પર્યાય ભાસે છે’ એવા સંકલ્પને નૈગમનયનો વિષય કહે છે, એમાંથી કોઈને મુખ્ય તથા કોઈને ગૌણરૂપ કહે છે.

તીર્થંકરની પ્રતિમા સામે સ્તુતિ કરતાં પૂર્વે જોયેલા સાક્ષાત્ તીર્થંકરનો વર્તમાનમાં આરોપ કરીને તેની સાક્ષાત્ તીર્થંકરપણે વર્તમાનમાં સ્તુતિ કરે કે હે નાથ ! આપની પાસે અનંત કેવળજ્ઞાન ખજાનો છે, તેમાંથી મને આપો. ‘હે નાથ કૃપા કરો, હે નાથ ! દિવ્યધ્વનિ એકવાર સંભળાવો’ – આમ ભગવાન પાસે વિનંતિ કરે. સ્વભાવનું ભાન થયું ત્યાં ભગવાન પ્રત્યે ઉલ્લાસ આવી જાય છે. અને ભગવાન પ્રત્યે કહે છે કે હે નાથ ! આપણે બંને સાથે રખડતા, અને તમે મોક્ષમાં ચાલ્યા ગયા ને હું સંસારમાં રહ્યો – તે નહિ પાલવે, મને પણ મોક્ષદશા

આપો ! જ્ઞાની જિનપ્રતિમાને જિનેન્દ્ર સમાન જ ભાળે છે, તેમાં સંદેહ કરે તે મૂર્ખ છે. પોતાના જ્ઞાનમાં ભગવાનને વર્તમાનપણે લક્ષમાં લઈને પોતે પુરુષાર્થ ઉપાડે છે.

અલ્પ ભવ જેની સ્થિતિ રહી હોય તે જ જીવ જિનપ્રતિમાને જિનસમાન જાણે છે. પોતાને પોતાના સ્વભાવની ઉગ્રતા થઈ છે, ત્યાં સામે ભગવાનને પણ સાક્ષાત્ જ જાણે છે. પૂર્વે ભગવાન જોયા હોય ને વર્તમાનમાં વિરહ હોય, પણ નૈગમનયના બળે – જાણે વર્તમાનમાં જ ભગવાન સાક્ષાત્ હોય – એમ સંકલ્પ કરીને જ્ઞાની તે વિરહને તોડી નાખે છે.

ભવિષ્યમાં સિદ્ધ થનાર જીવને દેખે ત્યાં જ્ઞાની સમ્યગ્જ્ઞાની કહે છે કે : અહો ! મારાં જ્ઞાનમાં આ દ્રવ્યની સિદ્ધપર્યાય વર્તમાન ભાસે છે. તીર્થંકરનો આત્મા જન્મે ત્યાં 'આ તીર્થંકર છે' એમ ભાવિનૈગમનયથી જાણીને ઇન્દ્ર–ઇન્દ્રાણી તેમની ભક્તિ કરે છે, ને હજાર આંખો કરીને ઇન્દ્ર તેમના દિવ્યરૂપને નિહાળે છે. અહો ! અંદરમાં ચૈતન્યમૂર્તિ ભગવાનને નિહાળનારા ઇન્દ્રને પણ ભગવાન પ્રત્યે ભક્તિ ઊછળતાં હજાર આંખ કરીને ભગવાનના દેહનું રૂપ નિહાળે છે. ને કહે છે કે હે નાથ ! જગતમાં જેટલાં શાંત–શાંત – શીતળ સુંદર પરમાણુઓ હતા તે બધાય આપના દેહરૂપે પરિણમી ગયા છે. જન્મ્યા ત્યારે કાંઈ તીર્થંકર નથી, તીર્થંકરપ્રકૃતિનો ઉદય તો તેરમા ગુણસ્થાને છે. છતાં વર્તમાનમાં તેમને તીર્થંકરપણે નિહાળીને ભક્તિ કરે છે, તેમાં પણ નૈગમનય છે. જ્ઞાયક સ્વભાવની પ્રતીત થઈ છે, ત્યાં યથાર્થ વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે પ્રેમ અને ભક્તિ ઉલ્લસે છે, ત્યાં ભક્તિથી કહે છે કે હે નાથ ! તારાં ચરણકમળના પ્રસાદથી હું સંસારને તરી ગયો ! આમ પોતાના ભાવનો સામામાં આરોપ કરીને કહે છે. નૈગમનયના ઘણા ઘણાં પ્રકારો પડે છે.





જુઓ, તીર્થંકર જન્મે ત્યાં ઇન્દ્ર–ઇન્દ્રાણી આવીને તાંડવનૃત્ય કરે, શરીર વાંકુંચૂંકું કરીને ભક્તિથી નાચે. ઇન્દ્ર ક્ષાયિક સમકિતી છે, ઇન્દ્ર–ઇન્દ્રાણી બંને એકાવતારી છે, પણ તીર્થંકર ભગવાન પ્રત્યે આવો ભક્તિભાવ ઊછળે છે. બાળક જન્મ્યા ત્યારથી જ તેને તીર્થંકરપણે ભાળે છે ! સમ્યગ્દર્શન સહિતના સમ્યગ્જ્ઞાનમાં આવો નૈગમનય હોય છે. ભક્તિનો ઉત્સાહ આવતાં ભાવિ તીર્થંકરને વર્તમાનપણે દેખે, અહો નાથ ! આપ તીર્થંકર છો. એમ નૈગમનયથી જ્ઞાનને લંબાવીને કાળભેદને તોડી નાખે છે. ઇત્યાદિ અનેક પ્રકારના નૈગમનય જાણવા. નૈગમનય તે દ્રવ્યાર્થિકનયનો એક પ્રકાર છે.

ગાથા–૨૭૨

**આગળ સંગ્રહનય કહે છે :–**

**यः संगृह्णाति सर्वं देश वा विविधद्रव्यपर्यायं।**
**अनुगमलिङ्गविशिष्टं सः अपि नयः संग्रहः भवति।।२७२।।**

**અર્થ :– જે નય, સર્વ વસ્તુને વા દેશ અર્થાત્ એક વસ્તુના સર્વ ભેદોને – અનેક પ્રકાર દ્રવ્ય–પર્યાયસહિત અન્વયલિંગવિશિષ્ટ સંગ્રહ કરે – એકરૂપ કહે તે સંગ્રહનય છે.**

**ભાવાર્થ :– સર્વ વસ્તુ, ઉત્પાદ–વ્યય ધ્રૌવ્યલક્ષણ સત્‌થી દ્રવ્ય–પર્યાયોથી અન્વયરૂપ 'એક સત્‌માત્ર છે' એમ કહે, વા સામાન્ય સત્‌સ્વરૂપ દ્રવ્યમાત્ર છે વા વિશેષ સત્‌રૂપ પર્યાયમાત્ર છે, વા જીવવસ્તુ ચિત્‌સામાન્યથી એક છે વા સિદ્ધત્વસામાન્યથી સર્વ સિદ્ધો એક છે, વા સંસારીત્વસામાન્યથી સર્વ સંસારીજીવ એક છે, ઇત્યાદિ. તથા અજીવસામાન્યથી પુદ્‌ગલાદિ પાંચે દ્રવ્ય એક અજીવદ્રવ્ય છે વા પુદ્‌ગલત્વસામાન્યથી અણુ–સ્કંધ–ઘટ–પટાદિ એક પુદ્‌ગલદ્રવ્ય**

**છે, ઇત્યાદિ સંગ્રહરૂપ કહે તે સંગ્રહનય છે.**

સામાન્ય–વિશેષ અનેક પ્રકારો હોય, તેમાં ભેદ પાડ્યા વગર સામાન્ય સંગ્રહથી બધાનું એકપણે કથન કરવું તે સંગ્રહનય છે.

ભાવાર્થ :– સર્વ વસ્તુ, ઉત્પાદ–વ્યય ધ્રૌવ્યલક્ષણ સત્‌થી દ્રવ્ય–પર્યાયોથી અન્વયરૂપ 'એક સત્‌માત્ર છે' એમ કહે, વા સામાન્ય સત્‌સ્વરૂપ દ્રવ્યમાત્ર છે વા વિશેષ સત્‌રૂપ પર્યાયમાત્ર છે, વા જીવવસ્તુ ચિત્‌સામાન્યથી એક છે વા સિદ્ધત્વસામાન્યથી સર્વ સિદ્ધો એક છે, વા સંસારીત્વસામાન્યથી સર્વ સંસારીજીવ એક છે, ઇત્યાદિ. તથા અજીવસામાન્યથી પુદ્‌ગલાદિ પાંચે દ્રવ્ય એક અજીવદ્રવ્ય છે વા પુદ્‌ગલત્વસામાન્યથી અણુ–સ્કંધ–ઘટ–પટાદિ એક પુદ્‌ગલદ્રવ્ય છે, ઇત્યાદિ સંગ્રહરૂપ કહે તે સંગ્રહનય છે.

સિદ્ધ અને સંસારી વગેરે ભેદોનો સંગ્રહ કરીને કહેવું કે 'જીવો છે' – તે સંગ્રહનયનો વિષય છે. આ પણ દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

જુઓ, આ નયોનાં ઘણાં ઘણાં પડખાં છે તે ન સમજાય તો એમ બહુમાન આવવું જોઈએ કે અહો ! સંતો તો જ્ઞાનના દરિયા છે ! તેમણે આવી અલૌકિક વાત કરી છે, પણ હું મારી મંદબુદ્ધિને લીધે સમજી શકતો નથી !

સંગ્રહનયમાં સામાન્ય ગ્રહણ કર્યું તેમાં વ્યવહારનય ભેદ પાડે છે તે કહે છે.

ગાથા–૨૭૩

**આગળ વ્યવહારનય કહે છે :–**

**यत् संग्रहेण गृहीतं विशेषरहितं अपि भेदयति सततं।**
**परमाणुपर्य्यन्तं व्यवहारनयः भवेत् सः अपि।।२७३।।**

**અર્થ :– સંગ્રહનયદ્વારા વસ્તુને વિશેષરહિત ગ્રહણ કરી હતી તેને પરમાણુ પર્યંત નિરંતર જે નય ભેદે તે વ્યવહારનય છે.**

**ભાવાર્થ :– સંગ્રહનયે સર્વને સત્ કહ્યું, ત્યાં વ્યવહારનય ભેદ કરે છે કે – દ્રવ્યસત્ છે, પર્યાયસત્ છે. સંગ્રહનય, દ્રવ્યસામાન્યને ગ્રહે છે ત્યાં વ્યવહારનય ભેદ કરે છે કે દ્રવ્ય,**

**જીવ–અજીવ બે ભેદરૂપ છે, સંગ્રહનય, જીવસામાન્યને ગ્રહે છે ત્યાં વ્યવહારનય ભેદ કરે છે કે – જીવ સંસારી ને સિદ્ધ બે ભેદરૂપ છે, ઇત્યાદિ. વળી સંગ્રહનય પર્યાય–સામાન્યને સંગ્રહણ કરે છે, ત્યાં વ્યવહારનય ભેદ કરે છે કે પર્યાય, અર્થપર્યાય તથા વ્યંજનપર્યાયરૂપ બે ભેદથી છે. એજ પ્રમાણે સંગ્રહનય, અજીવસામાન્યને ગ્રહણ કરે છે, ત્યાં વ્યવહારનય ભેદ કરી અજીવ એવાં પુદ્ગલાદિ પાંચે દ્રવ્યો ભેદરૂપ છે. સંગ્રહનય, પુદ્ગલસામાન્યને ગ્રહણ કરે છે, ત્યાં વ્યવહારનય અણુ–સ્કંધ–ઘટ–પટાદિ ભેદરૂપ કહે છે. એ પ્રમાણે જેને સંગ્રહનય ગ્રહણ કરે તેમાં વ્યવહારનય ભેદ કરતો જાય છે અને તે ત્યાં સુધી કે ફરી બીજો ભેદ થઈ શકે નહિ, ત્યાં સુધી સંગ્રહ–વ્યવહારનયનો વિષય છે. એ પ્રમાણે દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદ કહ્યા.**

બધા જીવો છે – એમ કહ્યું, તે સંગ્રહનયનો વિષય થયો, તેમાં સિદ્ધ ને સંસારી વગેરે ભેદ પાડ્યા તે વ્યવહારનયનો વિષય છે. 'બધું સત્ છે' એમ સંગ્રહનયે જાણ્યું ત્યાં તેમાં સત્‌ના – દ્રવ્યસત્, ગુણસત્ ને પર્યાયસત્ – એવા ભેદ પાડીને વ્યવહારનય જાણે છે. સામાન્ય સત્ કહ્યું તે સંગ્રહનયનો વિષય, ને તેમાં દ્રવ્ય સત્, પર્યાય સત્ – એવા ભેદ પાડવા તે વ્યવહારનયનો વિષય છે. આ નય પણ દ્રવ્યાર્થિકનયમાં સમાય છે.

# અધ્યાત્મરહસ્ય ચક્રવર્તી
# શ્રી સદ્ગુરુદેવનો
# જય હો !

# પ્રસાદ નં. – ૨૬૮

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૩, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૪-૭-૫૨, ગુરુવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૧૨, શુક્રવાર, ૧૮-૭-૫૨ સવાર)**

અહીં લોકભાવનામાં સાત નયોનું વર્ણન ચાલે છે. જ્યાં સમ્યગ્જ્ઞાન થયું હોય ત્યાં આવા નયોથી વસ્તુસ્વરૂપનું ચિંતવન હોય છે, ને તે શુદ્ધતાની વૃદ્ધિનું કારણ છે.

દ્રવ્યાર્થિકનયના નૈગમ, સંગ્રહ ને વ્યવહાર એવા ત્રણ પ્રકાર છે. તેમાંથી વ્યવહારનયનું વર્ણન ચાલે છે.

સંગ્રહનયે સામાન્યપણે બધા પદાર્થોનું ગ્રહણ કર્યું તેમાં વિશેષ ભેદ પાડીને ગ્રહણ કરે તે વ્યવહારનય છે. સામાન્યપણે બધું સત્ હોવા છતાં તેમાં સામાન્ય–વિશેષ, દ્રવ્ય–ગુણ–પર્યાય, જીવ–અજીવ એવા ભેદ પણ છે. સર્વથા સામાન્યને જ માને પણ વિશેષને ન માને તો તેને નય સાચા હોય નહીં. સમ્યગ્જ્ઞાનથી યથાર્થ વસ્તુને જાણ્યા પછી, જ્ઞાની જીવ આવા નયોથી વસ્તુને ચિંતવે છે. પૂર્વે રાજા હોય ને અત્યારે રાજગાદીથી ઊઠી ગયો હોય છતાં તેને વર્તમાનમાં રાજા કહેવાય, એવો નૈગમનયનો વિષય છે. ભવિષ્યની સિદ્ધ પર્યાયને વર્તમાનમાં લક્ષમાં લઈને એમ જાણવું કે 'હું સિદ્ધ છું' એવો પણ નૈગમનય છે.

સંગ્રહનય બધા પદાર્થોને સામાન્યપણે ગ્રહે છે, ને વ્યવહારનય તેમાં ભેદ પાડે છે. જીવ-અજીવ વગેરે બધાંય દ્રવ્યો છે. એમ સામાન્ય દ્રવ્યપણે બધાંને ગ્રહણ કર્યાં તે સંગ્રહનય

છે, ને તેમાં આ જીવ, આ અજીવ એવા ભેદ કરે તે વ્યવહારનય છે. 'જીવો છે' એમ સંગ્રહનયે ગ્રહણ કર્યું અને તેમાં સંસારી ને સિદ્ધ એવા ભેદ પાડ્યા તે વ્યવહારનય છે.

વળી 'પર્યાયો છે' એમ ગ્રહણ કર્યું તે સામાન્ય સંગ્રહનયનો વિષય થયો. જુઓ, આમાં અનંત પર્યાયોને ભેગી ગ્રહણ કરી હોવાથી તે દ્રવ્યાર્થિકનયનો વિષય થઈ જાય છે. અને તેમાં અર્થપર્યાયો ને વ્યંજનપર્યાયો એવા ભેદ પાડ્યા તે વ્યવહારનય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર ભેદ પાડવા તે વ્યવહારનો વિષય છે. સંગ્રહનયે ગ્રહણ કરેલા વિષયમાં ભેદ પાડવો તે વ્યવહાર છે.

આ નયો આગમના છે, અહીં છએ દ્રવ્યો તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. કેમકે આ તો લોકના પદાર્થોની ભાવના ચાલે છે, ને 'સમયસાર'માં તો શુદ્ધ અભેદ આત્મા ને જ દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો છે. ત્યાં અધ્યાત્મનયો છે. અહીં કહેલા સાતેય નયો તે અધ્યાત્મદૃષ્ટિમાં તો વ્યવહાર છે.

સંગ્રહનયે અજીવ પદાર્થો છે એમ ગ્રહણ કર્યું, તેમાં પુદ્‌ગલ વગેરે પાંચ દ્રવ્યોનો ભેદ પાડીને વ્યવહારનય જાણે છે. વળી પુદ્‌ગલદ્રવ્યને સામાન્યપણે સંગ્રહનય ગ્રહણ કરે છે. ત્યારે વ્યવહારનય તેમાં સ્કંધ અને અણુ, ઘટ–પટ વગેરે ભેદો પાડીને જાણે છે. એ પ્રમાણે ભેદ પાડતાં પાડતાં ઠેઠ એક પરમાણુ સુધી ભેદ પાડીને વ્યવહારનય ગ્રહણ કરે છે. જ્યાં સુધી સૂક્ષ્મ ભેદ પડે ત્યાં સુધી વ્યવહારનય છે. જુઓ, એક તરફ આખું જગત સત્ છે એમ સંગ્રહનયે ગ્રહણ કર્યું, ને તેમાં પરમાણુએ પરમાણુ ભિન્ન ભિન્ન છે – એમ વ્યવહારનયે ભેદ પાડીને જાણ્યું, એટલે આખા જગતથી માંડીને એક પરમાણુ સુધીના પદાર્થો નયના વિષયમાં આવી ગયા. જુઓ, આ સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય !! સર્વજ્ઞના માર્ગ સિવાય આ વાત બીજે ક્યાંય હોય નહિ. સર્વજ્ઞદેવે કહેલા યથાર્થ વસ્તુસ્વરૂપના જ્ઞાનસહિત જ્ઞાની જીવ તેનું વિશેષ સ્પષ્ટ ચિંતવન કરે છે. આવું વસ્તુસ્વરૂપ જે જીવ ન જાણે તે જીવ ચોરાશીના જન્મ-મરણમાં રખડે છે.

**અહો ! ભાગ્યશાળી હોય તેને આવી વાત કાને પડે. અને પુરુષાર્થશાળીને અંદર પરિણમી જાય.**

આ વાત સમજીને અંદરમાં પરિણમાવી દ્યે તેનું સાચું કલ્યાણ થાય છે.

જુઓ, અર્થપર્યાય અને વ્યંજનપર્યાય – એવી બંને પર્યાય છએ દ્રવ્યોમાં છે. તે સર્વજ્ઞદેવે પ્રત્યક્ષ જોઈ છે. આકાશની વ્યંજનપર્યાય મોટી, ને કાળાણુની વ્યંજનપર્યાય નાની, છતાં બંનેમાં પોતપોતાના અનંતગુણો સરખા છે. બે જીવને કેવળજ્ઞાન હોય, ત્યાં બંનેની અર્થપર્યાય સરખી છે, છતાં એકની વ્યંજનપર્યાય સાત હાથની હોય, ને બીજાની વ્યંજનપર્યાય લોક જેવડી (સમુદ્ઘાત વખતે) હોય, વ્યંજનપર્યાયમાં આટલો બધો તફાવત છતાં બંનેની અર્થપર્યાયનું સામર્થ્ય સરખું છે, કેવળજ્ઞાન બંનેનું સરખું છે.

કેવળજ્ઞાન થયું ત્યારે સાત હાથની વ્યંજનપર્યાય હોય, પછી સમુદ્ઘાત કરે ત્યાં વ્યંજનપર્યાય પલટીને દંડ–કપાટ પ્રતર ને લોક પૂરણરૂપે થાય, ને વળી પાછી સાત હાથની વ્યંજનપર્યાય થઈ જાય – એ પ્રમાણે વ્યંજનપર્યાયમાં ફેરફાર થવા છતાં કેવળજ્ઞાનાદિ અર્થપર્યાય તો એવડી ને એવડી રહે છે. અર્થપર્યાય અને વ્યંજનપર્યાય એમ બંને પ્રકારની પર્યાયો વસ્તુમાં છે. કેવળજ્ઞાન તે અર્થપર્યાય છે. ક્યા સમયે કેવી વ્યંજનપર્યાય થશે તે કેવળજ્ઞાનમાં જણાઈ ગયું છે. આકાશમાં જેટલા ગુણો છે, તેટલા જ ગુણો એક પરમાણુમાં છે, અને વ્યંજનપર્યાય અપેક્ષાએ પરમાણુ કરતાં આકાશની પર્યાય અનંતગુણી પહોળી છે. 'પર્યાય છે' એમ સામાન્યપણે ગ્રહણ કરવું તે સંગ્રહનય છે, ને તેમાં અર્થપર્યાય–વ્યંજનપર્યાય એવા ભેદ પાડવા તે વ્યવહારનય છે.

અજીવ દ્રવ્યો છે એમ સામાન્ય ગ્રહણ કર્યું તે સંગ્રહનય છે, ને તેમાં પાંચ પડખાં પાડીને પાંચે અજીવદ્રવ્યને ભિન્ન ભિન્ન જાણવા તે વ્યવહારનય છે. જુઓ, અજીવના પાંચ ભેદ છે, તેને પૂરા ન માને, એક પણ ઓછું માને તો વ્યવહારનયનો વિષય પૂરો થતો નથી.

ગાથા–૨૭૪

**હવે પર્યાયાર્થિકનયના ભેદ કહે છે ત્યાં પ્રથમ ઋજુસૂત્રનય કહે છે :–**

**यः वर्तमानकाले अर्थपर्य्यायपरिणतं अर्थं।**
**सन्तं साधयति सर्वं तद्योः नय ऋजुनयः जानीहि।।२७४।।**

**અર્થ :– વર્તમાનકાળમાં અર્થપર્યાયરૂપ પરિણમેલા અર્થને સર્વને સત્‌રૂપ સાધે (ગ્રહણ કરે) તે ઋજુસૂત્રનય છે.**

**ભાવાર્થ :– વસ્તુ સમયે સમયે પરિણમે છે, વર્તમાન એક સમયની પર્યાયને અર્થપર્યાય કહે છે અને તે ઋજુસૂત્રનયનો વિષય છે, તે પર્યાયમાત્ર જ વસ્તુને કહે છે. વળી ઘડી, મુહૂર્ત આદિ કાળને પણ વ્યવહારમાં વર્તમાન કહીએ છીએ તે વર્તમાનકાળસ્થાયી પર્યાયને પણ ઋજુસૂત્રનય સાધે છે તેથી તેની સ્થૂલઋજુસૂત્ર સંજ્ઞા છે. એ પ્રમાણે પ્રથમ કહેલા દ્રવ્યાર્થિક ત્રણ નય અને એક આ ઋજુસૂત્રનય મળી ચારે નયોને અર્થનય કહેવામાં આવે છે.**

વર્તમાન પર્યાયથી જ વર્તમાન પર્યાય સત્ છે. ભૂત–ભવિષ્યપર્યાયને નહિ ગ્રહણ કરીને, વર્તમાનમાત્ર અર્થપર્યાયોને જે જાણે છે. તે ઋજુસૂત્રનય છે. કાગડો કાળો ? ઋજુસૂત્રનય કહે કે નહિ. કેમકે કાગડામાં હાડકાં, લોહી વગેરેના અનેક રંગ હોય છે. ઋજુસૂત્રનય તો કહે કે કાળો તે કાળો, ધોળું તે ધોળું, વર્તમાન એક સમયની પર્યાય જે રૂપે હોય તે રૂપે જ તે કહે છે. એક સમયમાત્રની પર્યાયને જાણે તે સૂક્ષ્મઋજુસૂત્રને એવી ને એવી સમાન ઘણા કાળ સ્થાયી પર્યાયને જાણે તે સ્થૂળઋજુસૂત્રનય છે, જેમકે મનુષ્યપર્યાય. સિદ્ધમાં પણ સમય સમયનું પરિણમન છે. તેને જે જાણે તે સૂક્ષ્મ ઋજુસૂત્ર અને સાદિ અનંત સિદ્ધદશા રહે છે તેને જે જાણે છે તે સ્થૂળઋજુસૂત્રનય છે. દ્રવ્યાર્થિક ત્રણ નય અને એક આ ઋજુસૂત્રનય મળી ચારે નયોને અર્થનય કહેવાય છે.

ગાથા–૨૭૫

**આગળ ત્રણ પ્રકારના શબ્દનયોને કહે છે ત્યાં પહેલાં શબ્દનયને કહે છે :–**

**सर्वेषां वस्तूनां संख्यालिङ्गादिबहुप्रकारैः।**
**यः साधयति ज्ञानत्वं शब्दनयं तं विजानीहि।।२७५।।**

**અર્થ :– જે નય, સર્વ વસ્તુઓની સંખ્યા, લિંગ આદિ ઘણા પ્રકારથી નાનાપણાને સાધે તેને શબ્દનય જાણો.**

**ભાવાર્થ :– સંખ્યા, એકવચન–દ્વિવચન–બહુવચન, લિંગ–સ્ત્રી–પુરુષ–નપુંસકદર્શક વચન, આદિ શબ્દથી કાળ, કારક, પુરુષ, ઉપસર્ગ લેવો. એ વડે વ્યાકરણના પ્રયોગીત પદાર્થને ભેદરૂપથી કહે તે શબ્દનય છે. જેમકે – પુષ્પ–તારકા નક્ષત્રરૂપ એક જ્યોતિષીના વિમાનને ત્રણે લિંગ કહે ત્યાં વ્યવહારમાં તો વિરોધ જણાય છે, કારણ કે એજ પુરુષ એજ સ્ત્રી–નપુંસક શી રીતે હોય ? તોપણ શબ્દનયનો આજ વિષય છે કે જેવો શબ્દ કહે તેવો જ અર્થને ભેદરૂપ માનવો.**

જે નય વ્યાકરણ પ્રયોગમાં એક વચનાદિ સંખ્યા, સ્ત્રી–પુરુષ–નપુંસકલિંગ આદિ ઘણાં પ્રકારથી સાધે, વ્યાકરણ દોશ દૂર કરી જેવો શબ્દ છે તેવા જ અર્થને જાણે છે તે શબ્દનય છે. શબ્દે કહેલા ભિન્ન ભિન્ન વાચ્યને જાણવા તે શબ્દનયનું કાર્ય છે. કર્તા બીજો ને તેનું કાર્ય બીજામાં થાય, ઇચ્છા કર્તા ને શરીરાદિની પર્યાય કાર્ય – એમ નથી. પરમાર્થે કર્તાકર્મ જુદા નથી. શબ્દનય કર્તા અર્થને કર્તારૂપે જ ભેદરૂપ માને છે.

અધ્યાત્મદષ્ટિમાં શબ્દનય એમ છે કે જ્ઞાનીની નિર્મળતા સમયે સમયે વધતી જાય છે, વાણી–વિકલ્પ ઊઠે છે પણ સૂક્ષ્મતાથી વિકલ્પને તોડી અંદર જ્ઞાનમાં એકાગ્રતા વધતી જાય છે.

ગાથા–૨૭૬

**આગળ સમભિરૂઢનયને કહે છે :–**

**यः एकैकं अर्थे परिणतिभेदेन साधयति ज्ञानं।**
**मुख्यार्थं वा भाषयति अभिरूढं तत् नयं जानीहि।।२७६।।**

**અર્થ :– જે નય, વસ્તુને પરિણામના ભેદથી એક એક જુદા જુદા ભેદરૂપ સાધે અથવા તેમાંના મુખ્ય અર્થને ગ્રહણ કરી સાધે તેને સમભિરૂઢનય જાણવો.**

**ભાવાર્થ :– શબ્દનય, વસ્તુના પર્યાય નામથી ભેદ કરતો નથી ત્યારે આ સમભિરૂઢનય છે તે એક વસ્તુનાં પર્યાયનામ છે તેને ભેદરૂપ જુદા જુદા પદાર્થપણે ગ્રહણ કરે છે, ત્યાં**

**જેને મુખ્ય કરી પકડે તેને સદા તેવો જ કહે છે. જેમ – 'ગૌ' શબ્દના ઘણા અર્થ છે તથા 'ગૌ' પદાર્થના ઘણાં નામ છે તેને આ નય જુદા જુદા પદાર્થ માને છે. તેમાંથી મુખ્યપણે 'ગૌ' પકડ્યો તેને ચાલતાં–બેસતાં–સુતાં ગૌ જ કહ્યા કરે છે તે સમભિરૂઢનય છે.**

જે નય વસ્તુના રૂઢ–પ્રસિદ્ધ અર્થને ગ્રહણ કરે તે સમભિરૂઢનય છે. આ નય – બેઠી હોય તો પણ ગાયને ગાય કહે, એવંભૂતનય તો ચાલે ત્યાં જ ગાયને ગાય કહે છે. શબ્દનય તો ગો શબ્દના ઘણા અર્થને માને છે, તેમાંથી સમભિરૂઢનય ખાસ રૂઢી અર્થને માને છે.

ગાથા–૨૭૭

**આગળ એવંભૂતનય કહે છે :–**

**येन स्वभावेन यदा परिणतरूपे तन्मयत्वात्।**
**तत्परिणामं साधयति यः अपि नयः सः अपि परमार्थः।।२७७।।**

**અર્થ :– વસ્તુ, જે કાળમાં જે સ્વભાવથી પરિણનરૂપ હોય છે તે કાળમાં તે પરિણામથી તન્મય હોય છે તેથી તે જ પરિણામરૂપ (વસ્તુને) સાધે – કહે તે એવંભૂતનય છે. આ નય પરમાર્થરૂપ છે.**

**ભાવાર્થ :– જે ધર્મની મુખ્યતાથી વસ્તુનું જે નામ હોય તેજ અર્થના પરિણમનરૂપ જે કાળમાં (વસ્તુ) પરિણમે તેને તે જ નામથી કહે તે એવંભૂતનય છે, તેને નિશ્ચય (નય) પણ કહેવામાં આવે છે. જેમ ગૌને ચાલે ત્યારે ગાય કહે પણ અન્ય કાળમાં કાંઈ ન કહે.**

જે કાળે ધર્મધ્યાનમાં વર્તે તે જ કાળે તેને ધ્યાની કહે અથવા જે કાળે ભક્તિ–પૂજા કરતો હોય ત્યારે જ તેને ભક્ત–પૂજક કહે. જે શબ્દ કહ્યો તે જ પર્યાયની યથાર્થ ક્રિયાને પકડે, બધી અર્થપર્યાયને નહિ, એ પરમાર્થ છે.

ઋજુસૂત્રનયથી શબ્દનયાદિમાં ઉત્તરોત્તર ભાવમાં સૂક્ષ્મતા આવે છે. શબ્દોમાં વિવાદ

મટાડવા માટે આ નયો છે – એમ નથી, પણ પરમાર્થ – ખરો અર્થ બતાવવા માટે આ નયો છે, તે વાચ્યાર્થને નક્કી કરે છે. દ્રવ્યનયોથી આ શબ્દનયો સૂક્ષ્મ છે.

પર્યાય પણ સત્ છે, તે દ્રવ્યનું સ્વરૂપ છે. સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધ દ્રવ્યના અવલંબનની અપેક્ષાએ પર્યાય – ભેદ અભૂતાર્થ કહેવાય છે.

ગાથા–૨૭૮

**આગળ નયોના કથનને સંકોચે છે :–**

**एवं विविधनयैः यः वस्तु व्यवहरति लोके।**
**दर्शनज्ञानचारित्रं सः साधयति स्वर्गमोक्षौ च।।२७८।।**

**અર્થ :– જે પુરુષ આ પ્રમાણે નયોથી વસ્તુને વ્યવહારરૂપ કહે છે—સાધે છે – પ્રવર્તાવે છે તે પુરુષ દર્શન–જ્ઞાન–ચારિત્રને સાધે છે તથા સ્વર્ગ–મોક્ષને સાધે છે.**

**ભાવાર્થ :– પ્રમાણ–નયથી વસ્તુનું સ્વરૂપ યથાર્થ સધાય છે. જે પુરુષ પ્રમાણ–નયોનું સ્વરૂપ જાણી વસ્તુને યથાર્થ વ્યવહારરૂપ પ્રવર્તાવે છે તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની તથા તેના ફળરૂપ સ્વર્ગ–મોક્ષની સિદ્ધિ થાય છે.**

ખરેખર તો શુદ્ધ દૃષ્ટિ દ્વારા સ્વદ્રવ્યના અવલંબનથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે – પણ જ્ઞાન છે તે નિશ્ચય–વ્યવહારના જેટલા પ્રકાર છે તેને જાણે છે. અહીં જ્ઞાનની સ્પષ્ટતા તે મોક્ષનું કારણ એમ કહી દીધું. કોઈ કહે કે એકલું જ્ઞાન મોક્ષનું કારણ કેમ ? તો તેને કહે છે કે મોક્ષમાર્ગમાં સમ્યગ્જ્ઞાન આવે છે, ને તે જ્ઞાનમાં સાત નય આવે છે. સંયોગ, વિકાર, અવિકાર, દ્રવ્ય–ગુણ–પર્યાયને તે જ્ઞાન યથાર્થપણે જાણે છે ને આવું જાણે તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે છે ને તે જ્ઞાનમાં આત્માને પકડી સ્થિર થવાની તાકાત છે તેથી અહીં જ્ઞાનની મુખ્યતા કહી છે.

**અષાડ વદ ૧૩, શનિવાર, ૧૯-૭-૫૨**

આ સમ્યગ્દષ્ટિ જીવની બાર ભાવનાઓનું વર્ણન છે. હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવો યથાર્થ નિર્ણય થયા વિના આ લોકભાવના વગેરે હોય નહીં. લોકમાં છએ દ્રવ્યો સ્વતંત્ર ભિન્નભિન્ન છે, કોઈ કોઈને આધીન નથી. વીતરાગે કહેલા આવા યથાર્થ તત્ત્વનું શ્રવણ કરનારા પણ લોકમાં વિરલા છે – એમ કહે છે.

ગાથા–૨૭૯

**આગળ કહે છે કે તત્ત્વાર્થનું શ્રવણ, જ્ઞાન, ધારણ અને ચિંત્વન કરવાવાળા વિરલા છે :–**

**विरलाः निश्रृण्वन्ति तत्त्वं विरलाः जानन्ति तत्त्वतः तत्त्वं।**
**विरलाः भावयन्ति तत्त्वं विरलानां धारणा भवति।।२७९।।**

**અર્થ :– જગતમાં તત્ત્વને કોઈ વિરલા પુરુષ સાંભળે છે, સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપ વિરલા જ જાણે છે, જાણીને પણ તત્ત્વની ભાવના અર્થાત્ પુનઃ પુનઃ અભ્યાસ વિરલા જ કરે છે તથા અભ્યાસ કરીને પણ તત્ત્વની ધારણા તો વિરલાઓને જ હોય છે.**

**ભાવાર્થ :– તત્ત્વાર્થનું યથાર્થ સ્વરૂપ સાંભળવું, જાણવું, ચિંતવવું અને ધારવું ઉત્તરોત્તર દુર્લભ છે. આ પંચમકાળમાં તત્ત્વના યથાર્થ વક્તા દુર્લભ છે તથા તેને ધારણ કરવાવાળા પણ દુર્લભ છે.**

જગતમાં યથાર્થ વીતરાગી તત્ત્વનું શ્રવણ કરનારા જીવો બહુ થોડા હોય છે. તીર્થંકરોના વખતમાં લાખો–કરોડો જીવો શ્રવણ કરનારા હોય, છતાં તે વખતે પણ અજ્ઞાની જીવો ઘણા હોય છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે દિવ્યધ્વનિદ્વારા જે છ દ્રવ્યો કહ્યાં, દેવ–ગુરુ–શાસ્ત્ર કહ્યા, કારણ–

કાર્યની સ્વતંત્રતા કહી, નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કહ્યો એવા વીતરાગી તત્ત્વને સાંભળનારા જીવો જગતમાં હંમેશા થોડા જ હોય છે. આવો જ જગતનો સ્વભાવ છે. પૂર્વાપર વિરોધ રહિત યથાર્થ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિની વાત સાંભળનારા જીવો પણ જગતમાં થોડા છે. જગતના બધાય જીવો સત્ય સમજી જાય એમ બનતું નથી. અહો ! સંસારમાં જીવને સત્યના શ્રવણની પણ દુર્લભતા છે. સત્યનું શ્રવણ મળે એવા પ્રકારનાં પૂર્વનાં પુણ્યની પણ દુર્લભતા છે, ને વર્તમાનમાં તે પ્રકારની યોગ્યતાવાળા જીવોની પણ દુર્લભતા છે. સર્વજ્ઞદેવે જોયેલાં લોકનાં છએ દ્રવ્યો, કારણકાર્યભાવ વગેરે બધું વર્ણન કર્યાં પછી શાસ્ત્રકાર કહે છે કે આવા સત્ય તત્ત્વને સાંભળનાર જીવો જગતમાં બહુ થોડા છે.

વળી શ્રવણ કરનારા જીવોમાંથી પણ તત્ત્વને યથાર્થરૂપે જાણનારા વિરલા જ છે. બકરાં ને ઘેટાંનાં ટોળાં વનમાં ઘણાં હોય છે, પણ તેવા કાંઈ સિંહ–વાઘનાં ટોળાં નથી હોતાં, ક્યાંક ક્યાંક સિંહનાં ટોળાં પણ હોય, પણ તે ઘેટાં–બકરાં જેટલાં ન હોય. તેમ પ્રથમ તો સત્યની વાત કાને પડે તેવા જીવો જગતમાં બહુ થોડા છે, ને તેમાં પણ યથાર્થ તત્ત્વને જાણનાર જીવો વિરલા જ છે. લાખો કરોડો જીવો એક સાથે સમજી જાય એવો આ કાળ નથી. અત્યારે તો હળાહળ કાળ આવી ગયો છે, તત્ત્વની ઘણી જ વિરલતા થઈ ગઈ છે, જુઓ, આ તત્ત્વના શ્રવણની અને જ્ઞાનની દુર્લભતા છે, તે સાંભળનારા ને જાણનારા વિરલા છે એમ કહ્યું છે, પણ કાંઈ તેનો તદ્દન અભાવ નથી. અત્યારે અધ્યાત્મનાં નામે કેટલાક લોકો વાતો કરે છે, પણ હજી સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર શું છે તેનું પણ તેમને ભાન નથી. તત્ત્વની યથાર્થ વાત સંભળાવનારાની પણ દુર્લભતા છે, ને સાંભળનારાની પણ દુર્લભતા છે, તથા સાંભળીને પણ યથાર્થ તત્ત્વને જાણનારા જીવો વિરલા છે.

તત્ત્વને સાંભળીને તથા જાણીને પણ અંતરમાં વારંવાર તેનો અભ્યાસ વિરલા જ કરે છે. તથા તેનો અભ્યાસ કરીને પણ તત્ત્વની અત્રૂટ ધારણા તો વિરલા જ જીવોને હોય છે.

'યોગસાર'માં પણ કહે છે કે

'विरलाः जानन्ति तत्त्वं बुधाः विरलाः निशृण्वन्ति तत्त्वम्।
विरलाः ध्यायन्ति तत्त्वं जीव विरलाः धारयन्ति तत्त्वम्।।६६।।'

'વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ,
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.' ૬૬.

દિગંબર જૈનશાસનની સનાતન સત્ય વાત સાંભળવી પણ જીવોને દુર્લભ છે. સાંભળ્યા

પછી યથાર્થ તત્ત્વને સમજીને સમ્યગ્દર્શન પામનારા જીવો બહુ વિરલા છે. અહો ! બધી રીતે ભૂલ વિનાનો, પરમ સત્ય એવો વસ્તુસ્વભાવ સાંભળનારા અને સમજનારા જીવો જગતમાં વિરલા છે. વસ્તુસ્વભાવને લક્ષમાં લીધા પછી વારંવાર અંતરમાં તેના અનુભવનો અભ્યાસ કરનારા જીવો પણ દુર્લભ છે. તત્ત્વને જાણ્યા પછી પણ અંદરમાં નિર્વિકલ્પ થવાની દુર્લભતા છે. ને અખંડ ધારાએ આરાધનાને ટકાવી રાખે તે તો વિરલાને જ હોય છે.

જુઓ, બે હજાર વર્ષ પહેલાં આ દુર્લભતા વર્ણવી છે, તો અત્યારે તો તે વખતના કરતાં પણ વિશેષ દુર્લભતા છે.

ભાવાર્થ :– તત્ત્વાર્થનું યથાર્થ સ્વરૂપ સાંભળવું, જાણવું, ચિંતવવું અને ધારવું ઉત્તરોત્તર દુર્લભ છે. આ પંચમકાળમાં તત્ત્વના યથાર્થ વક્તા દુર્લભ છે તથા તેને ધારણ કરવાવાળા પણ દુર્લભ છે.

ચૈતન્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક યથાર્થ તત્ત્વના વક્તા મળવા આ કાળમાં બહુ જ દુર્લભ છે. ત્રણે કાળે તેની દુર્લભતા છે પણ આ કાળે તો વધારે દુર્લભતા છે, તેમ જ શ્રવણ કરનારા જીવો પણ વિરલા હોય છે. જગતમાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને ઓળખનારા જીવો પણ વિરલા છે, સાચા જ્ઞાની વક્તા સત્ય સંભળાવનારા મળે ત્યારે તેને ઓળખનારા જીવો બહુ વિરલા છે. જીવો પોત–પોતાના કુળ–સંપ્રદાયના ગુરુને માની રહ્યા છે, ને કુદેવ–કુગુરુને પોષી રહ્યા છે. કુદેવ–કુલિંગને વંદન કરવું તે વિનય મિથ્યાત્વનું પોષણ છે, જે જીવોએ સર્વજ્ઞ વીતરાગની પરંપરા તોડીને વિપરીત માર્ગ ચલાવ્યો તે જીવો જૈનશાસનના વેરી છે, ને તેને માનનારા જીવો પણ અનંત સંસારમાં રખડનારા છે, જુઓ, સત્ય તત્ત્વની જગતમાં દુર્લભતા છે એમ જાણીને પોતે તેનો મહિમા લાવીને પ્રયત્ન કરીને સમજવા માટેની આ વાત છે.

ગાથા–૨૮૦

**આગળ કહે છે કે ઉપર કહેલાં તત્ત્વને સાંભળીને તેને નિશ્ચલભાવથી જે ચિંતવે છે તે તત્ત્વને જાણે છે :–**

**तत्त्वं कथ्यमानं निश्चलभावेन गृह्णाति यः हि।**
**तत् एव भावयति सदा सः अपि च तत्त्वं विजानाति।।२८०।।**

**અર્થ :– જે પુરુષ ગુરુજનો દ્વારા કહેલું જે તત્ત્વનું સ્વરૂપ તેને નિશ્ચલભાવથી ગ્રહણ કરે છે – તેને અન્ય ભાવના છોડી નિરંતર ભાવે છે તે પુરુષ તત્ત્વને જાણે છે.**

જૈનદર્શન એવું અપૂર્વ અને દુર્ગમ્ય છે કે યથાર્થ ગુરુગમે **સાંભળ્યા** વગર તેનું રહસ્ય સમજાય તેવું નથી. 'નિજકલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો' – ગુરુગમ વગર એકલા શાસ્ત્રોથી સત્ય સમજાય નહીં. જ્યાં પાત્રતા હોય ત્યાં નિમિત્ત તરીકે ગુરુગમ હોય જ, એકલા શાસ્ત્રમાંથી પોતાના સ્વચ્છંદે સમજાય તેવું જૈનદર્શન નથી. શાસ્ત્રો કાંઈ પોતાના ભાવ કહેતા નથી. શાસ્ત્રોનો ભાવ તો જ્ઞાનીના હૃદયમાં છે. સંતોની પરંપરામાં શાસ્ત્રોનો અર્થ ચાલ્યો આવે છે, શાસ્ત્રનો અર્થ કરનારા સંતોની પરંપરા જૈનશાસનમાં અત્રૂટ છે. જો અર્થ કરનારો પુરુષ ન હોય તો એકલી વાણી તે અપ્રમાણ છે. પુરુષ વગર વાણીનો અર્થ કોણ કરશે ? માટે એકલી વાણી અમારે માન્ય નથી, પણ વાણીનો અર્થ કરનારા જ્ઞાની પુરુષ પરંપરાએ થતા આવે છે. સર્વથા અપૌરુષેયવાણી પ્રમાણરૂપ નથી. તે તે કાળના શાસ્ત્રોના જ્ઞાનથી સંપન્ન એવા જ્ઞાની પુરુષો શાસ્ત્રોનો અર્થ કરે તે જ માન્ય છે. માટે અહીં પણ એમ કહ્યું કે ગુરુજનો દ્વારા કહેલું તત્ત્વનું સ્વરૂપ સાંભળીને જે જીવ નિશ્ચલભાવથી તેને ગ્રહણ કરે છે ને અન્ય ભાવના છોડીને અંતરમાં વારંવાર તેની ભાવના કરે છે તે પુરુષ તત્ત્વને જાણે છે. જેને ગુરુગમે યથાર્થ શ્રવણ પણ ન હોય તેને તો સમજવાની પાત્રતા પણ નથી. માટે ગુરુગમે સાંભળીને અંતરમાં તેનો નિર્ણય કરીને વારંવાર તેની ભાવના કરવી જોઈએ.

ગાથા–૨૮૧

**આગળ કહે છે કે તત્ત્વની ભાવના નથી કરતો તેવો ક્યો પુરુષ, સ્ત્રી આદિને વશ નથી ? સર્વ લોક છે :–**

कः न वशः स्त्रीजने कस्य न मदनेन खण्डितं मानं।
कः इन्द्रियैः न जितः कः न कषायैः संतप्तः।।२८१।।

**અર્થ :– આ લોકમાં સ્ત્રીજનને વશ કોણ નથી ? કામથી જેનું અંતઃકરણ ખંડિત નથી**

**થયું એવો કોણ છે ? ઇન્દ્રિયોથી જે નથી જીતાઈ ગયો એવો કોણ છે ? તથા કષાયોથી જે નથી તપ્તાયમાન થયો એવો કોણ છે ?**

**ભાવાર્થ :– વિષય–કષાયને વશ સર્વ લોક છે પણ તત્ત્વની ભાવના કરવાવાળા કોઈ વિરલા છે.**

જુઓ, જેની ભાવના અંતરમાં ચૈતન્યતત્ત્વ તરફ નથી વળતી તે બહારમાં સ્ત્રીઆદિને વશ થઈ જાય છે. જેને જ્ઞાયક ચૈતન્યની ભાવના નથી, તેને વિષયોની ભાવના છે. અસંયોગી ચૈતન્યતત્ત્વની જેને દૃષ્ટિ અને ભાવના નથી તે જીવ સંયોગને તાબે થયા વિના રહેતો નથી. જે ધર્મી જીવને અંતરમાં ચૈતન્યનું ભાન છે તેને ખરેખર પરની ભાવના હોતી નથી. ચૈતન્યની દૃષ્ટિ કરીને તેની ભાવના કરવી તે જ વિષયોને જીતવાનો ઉપાય છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા ચક્રવર્તી હોય ને છન્નુ હજાર સ્ત્રીઓ હોય, છતાં તેની દૃષ્ટિ ચૈતન્યને વશ છે, તે ખરેખર વિષયોને વશ થતો નથી. જેને સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપરનો ઉલ્લાસ હોય તેને કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રનો પ્રેમ હોય નહીં. તેમ જ દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપરના ઉલ્લાસ અને પ્રેમ કરતાં જો સ્ત્રી આદિ પ્રત્યેનો પ્રેમ અને ઉલ્લાસ વધી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. અને ચૈતન્યસ્વભાવના ઉલ્લાસ કરતાં ખંડખંડ રાગભાવનો ઉલ્લાસ વધી જાય તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જેની પરિણતિ અંતરમાં સ્વ તરફ વળી નથી તેની પરિણતિ પર વિષયો તરફ વળ્યા વગર રહેતી નથી એટલે તે વિષય કષાયોથી જીતાઈ જાય છે.

ધર્મીને અસ્થિરતાનો રાગ હોય, પણ ધર્મ પ્રત્યેના પ્રેમ કરતાં સંસાર પ્રત્યેનો પ્રેમ ઉલ્લાસ વધી જાય – એમ બને નહિ.

ચારિત્રમાં નબળાઈને લીધે રાગ છે તેની જરાય રુચિ – ભાવના નથી. ગૃહસ્થદશામાં પણ જ્ઞાની કામને વશ નથી.

જે જ્ઞાયક અતીન્દ્રિય, અસંયોગી સ્વભાવને વશ નથી તે પાંચ ઇન્દ્રિયોના ખંડમાં વશ થાય જ છે. વિષયો સમીપ હોય છતાં જ્ઞાની તેને ઝેર માને છે, અખંડ જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ મુખ્ય છે તેથી તે જિતેન્દ્રિય છે.

એકલા વિષયને છોડવાની વાત નથી પણ જેને અખંડ સ્વવિષય સ્વચૈતન્યનું ધ્યેય નથી તેને ખંડખંડ ઇન્દ્રિય વિષયની રુચિ–ધ્યેય–ભાવના થયા વિના રહે નહિ. કેમકે

પર્યાયબુદ્ધિનો પ્રવાહ તૂટ્યો નથી. સ્ત્રીના મામણાં વચનો મીઠાં લાગે, તેને વશ થઈ જાય તે મૂઢ અજ્ઞાની છે. જ્ઞાની સ્વને ચૂકીને રાગમાં જોડાતો નથી અને કોઈ નિમિત્તથી, સુંદર રૂપથી કે શબ્દોથી રાગ થવાનું તે માનતો નથી. અસ્થિરતાનો રાગ ગૌણ છે, ધ્રુવ ચિદાનંદ જ મુખ્ય છે, તેથી તે કદી વિષયવશ થતો નથી.

નિત્ય અકષાય શાંત જ્ઞાયક સ્વભાવની અતીન્દ્રિય રુચિ થઈ નથી તે કષાયોથી તપ્તાયમાન છે. જુઓ, આચાર્યદેવે અતીન્દ્રિય જ્ઞાયક સ્વભાવનો કેવો મહિમા કર્યો છે !

ગાથા-૨૮૨

**આગળ કહે છે કે – જે તત્ત્વજ્ઞાની સર્વ પરિગ્રહનો ત્યાગી થાય છે તે સ્ત્રીઆદિને વશ થતો નથી :–**

**सः न वशः स्त्रीजने सः न जितः इन्द्रियैः मोहेन।**
**यः न च गृह्णाति ग्रन्थं अभ्यन्तरबाह्यं सर्वम्।।२८२।।**

**અર્થ :– જે પુરુષ તત્ત્વનું સ્વરૂપ જાણી બાહ્ય-અભ્યંતર સર્વ પરિગ્રહને ગ્રહણ કરતો નથી તે પુરુષ સ્ત્રીજનને વશ થતો નથી, તે જ પુરુષ ઇન્દ્રિયોથી જીતાઈ જતો નથી તથા તે જ પુરુષ મોહકર્મ જે મિથ્યાત્વકર્મ તેનાથી જીતાતો નથી.**

**ભાવાર્થ :– સંસારનું બંધન પરિગ્રહ છે. જે સર્વ પરિગ્રહને છોડે તે જ સ્ત્રી-ઇન્દ્રિય-કષાયાદિને વશીભૂત થતો નથી. સર્વત્યાગી થઈ શરીરનું પણ મમત્વ ન રાખે તો તે નિજસ્વરૂપમાં જ લીન થાય છે.**

ત્રણે કાળે સનાતન નિર્ગ્રંથ મુનિમાર્ગ એક જ પ્રકારે છે. ત્રણ કષાયનો અભાવ થવાથી નગ્ન દિગંબર વીતરાગી સંત છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હજારોવાર વર્તે છે. મહાવિદેહક્ષેત્રમાં આ એક જ પ્રકાર છે. એવા પરમ જિતેન્દ્રિય મુનિ મુખ્ય છે. સ્વરૂપમાં સ્થિરતા કરતાં રાગ છૂટી જાય છે. ચોથા ગુણસ્થાનવાળો જીવ મિથ્યાત્વને જીતનાર છે. અહીં આચાર્યદેવ પોતે ભાવલિંગી મુનિ છે, તે સદા જિતેન્દ્રિય વર્તતા વીતરાગતાની ભાવના ભાવે છે, ને જે આવી સમજણપૂર્વક ભાવનામાં વર્તે છે તે ઇન્દ્રિયવશ થઈ મિથ્યાત્વથી જીતાતો નથી.

❖❖❖

# પ્રસાદ નં. – ૨૭૦

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૪, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૨૬-૭-૫૨, શનિવાર.**

## શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા

**(અષાડ વદ ૧૪, રવિવાર, ૨૦-૭-૫૨ સવાર)**

બાર અનુપ્રેક્ષમાં આ લોક અનુપ્રેક્ષા છે. પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવું જાણીને, તેનું ચિંતવન કરતાં જ્ઞાનની એકાગ્રતા વધતી જાય તેનું નામ ખરી ભાવના છે. આત્મા જ્ઞાન–આનંદસ્વરૂપ છે, રાગ કે જડની ક્રિયાનો અંશ પણ મારો નથી – આવું જ્ઞાયક આત્માનું ભાન થાય તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. પછી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિપૂર્વક બાર ભાવના ભાવતાં રાગ ટળતો જાય ને વીતરાગતા વધતી જાય તેનું નામ સંવર–નિર્જરા છે.

અહીં એમ કહે છે કે સર્વજ્ઞદેવે જે પ્રમાણે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ કહ્યું છે તે પ્રમાણે તેને જે નથી જાણતો તે જીવ વિષયકષાયને વશ થાય છે. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના જે ભાવે છે તે જીવ વિષયકષાયને વશ થતો નથી.

ભાવાર્થ :– સંસારનું બંધન પરિગ્રહ છે. જે સર્વ પરિગ્રહને છોડે તે જ સ્ત્રી–ઇન્દ્રિય–કષાયાદિને વશીભૂત થતો નથી. સર્વત્યાગી થઈ શરીરનું પણ મમત્વ ન રાખે તો તે નિજસ્વરૂપમાં જ લીન થાય છે.

સૌથી મોટો પરિગ્રહ તે મિથ્યાત્વ છે, તે મિથ્યાત્વ જ સૌથી મોટું બંધન છે. જે જીવ 'સિદ્ધ સમાન પોતાના આત્માનું' ભાન કરીને સમ્યગ્દર્શન કરે તેને મિથ્યાત્વનો પરિગ્રહ

છૂટે છે. ભલે બહારમાં સ્ત્રી આદિનો ત્યાગી થઈને બેઠો હોય, પણ અંતરમાં નિષ્પરિગ્રહી ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ નથી તે મૂઢ જીવ વિષયોને જ વશ પડ્યો છે. અંતરમાં ચૈતન્યસ્વભાવને વશ નથી તે જીવ ઇન્દ્રિયોને વશ થયા વિના રહેતો નથી. ભગવાન આત્માના ચિદાનંદ અકષાય શાંત સ્વભાવની જેને ખબર નથી તે જીવ કષાયોને વશ છે. ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ પછી તેની વિશેષ ભાવનાથી તેમાં લીનતા વડે જેણે રાગાદિ પરિગ્રહને પણ છોડ્યો છે – એવા મુનિવરોને સંસારનું બંધન થતું નથી, સંત મુનિને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહ હોતો નથી ને અંદરમાં મિથ્યાત્વ–રાગાદિનો પરિગ્રહ નથી, આવા સંતો નિજસ્વરૂપમાં લીન થાય છે, તેમને મુક્તિ થાય છે.

બાર ભાવનામાં આ દસમી ભાવના છે. આ લોકભાવનાની ૧૬૯ ગાથાઓ છે. તેમાં હવે છેલ્લી ગાથામાં લોક અનુપ્રેક્ષાનો મહિમા અને તેના ચિંતવનનું ફળ કહે છે.

ગાથા–૨૮૩

**આગળ લોકાનુપ્રેક્ષાના ચિંત્વનનું મહાત્મ્ય પ્રગટ કરે છે :–**

**एवं लोकस्वभाव यः ध्यायति उपशमैकसद्भावः।**
**सः क्षपयित्वा कर्मपुञ्जं तस्य एव शिखामणिः भवति।।२८३।।**

**અર્થ :– જે પુરુષ ઉપશમ કરી એક સ્વભાવરૂપ થયો થકો આ પ્રમાણે લોકસ્વરૂપને ધ્યાવે છે–ચિંત્વન કરે છે તે પુરુષ ક્ષેપ્યો છે–નાશ કર્યો છે કર્મપુંજ જેણે એવા એ લોકનો જ શિખામણી (ચુડામણી) થાય છે.**

**ભાવાર્થ :– એ પ્રમાણે (જે પુરુષ) સામ્યભાવ કરી લોકાનુપ્રેક્ષાનું ચિંત્વન કરે છે તે પુરુષ કર્મનો નાશ કરી લોકના શિખરે જઈ વિરાજમાન થાય છે. અને ત્યાં અનંત, અનુપમ, બાધારહિત, સ્વાધીન, જ્ઞાનાનંદસ્વરૂપ સુખને અનુભવે છે. અહીં લોકભાવનાનું કથન વિસ્તારપૂર્વક કરવાનો આશય એવો છે કે અન્યમતી લોકનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ તથા હિતાહિતનું સ્વરૂપ અનેક પ્રકારથી અન્યથા, અસત્યાર્થ અને પ્રમાણવિરુદ્ધ કહે છે તેને સાંભળી કોઈ જીવ તો વિપરીત શ્રદ્ધાન કરે છે, કોઈ સંશયરૂપ થાય છે તથા કોઈ અનધ્યવસાયરૂપ થાય છે. અને એવા વિપરીતાદિ શ્રદ્ધાનથી ચિત્ત સ્થિરતા પામતું નથી, ચિત્ત સ્થિર – નિશ્ચિંત્**

**થયા વિના યથાર્થ ધ્યાનની સિદ્ધિ થતી નથી અને ધ્યાન વિના કર્મોનો નાશ થતો નથી, તેથી એ વિપરીતાદિ શ્રદ્ધાન દૂર થવા માટે લોકનું અને જીવાદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણવા અર્થે અહીં વિસ્તારપૂર્વક કથન કર્યું છે તેને જાણી જીવાદિનું સ્વરૂપ ઓળખી પોતાના સ્વરૂપમાં ચિત્તને નિશ્ચલ સ્થિર કરી કર્મકલંક નાશ કરી ભવ્યજીવ મોક્ષને પ્રાપ્ત થાઓ ! એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**

**લોકાકાર વિચારીને, સિદ્ધસ્વરૂપ ચિતાર;**
**રાગવિરોધ વિડારીને, આતમરૂપ સંભાળ.**
**આતમરૂપ સંભાળ, મોક્ષપુર વસો સદાહી;**
**આધીવ્યાધિજરમરણ, આદિ દુઃખ છે ન કદા હી.**
**શ્રીગુરુ શિક્ષા ધારી ટાળી, અભિમાન કુશોક;**
**મનસ્થિર કારણ આ વિચાર, 'નિજરૂપ સુલોક'.**

**ઇતિ શ્રીલોકાનુપ્રેક્ષા સમાપ્ત.**

હું સચ્ચિદાનંદ સિદ્ધસમાન છું – એમ સ્વભાવનું ભાન કરીને જે જીવ ઉપશમ પામ્યો છે, શાંત... શાંત... શાંતસ્વરૂપમાં ઠર્યો છે, સ્વભાવની એકતારૂપ થયો છે – એવા જીવને લોકભાવના હોય છે. આ ભાવનાઓમાં ખંડખંડ ઉપર દૃષ્ટિ નથી પણ એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. એટલે સ્વભાવની એકતા વધતી જાય છે. જેને એકરૂપ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થઈ છે ને અંતરમાં શાંત શાંત ઉપશમરસમાં ઠર્યો છે – એવા જીવને લોકભાવના હોય છે. આવા આત્માનું ભાન પણ ન હોય ને સ્વર્ગ–નરક વગેરેના વિચાર કરે તો તેને કાંઈ લોકભાવના કહેતા નથી. લોકભાવના તે તો સંવરનો પ્રકાર છે. લોકના બધા પદાર્થોમાં ચિદાનંદ સ્વભાવી આત્મા જ ઉત્કૃષ્ટ છે. જે જીવ એવા ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને લોકના સ્વરૂપને યથાર્થ ચિંતવે છે. તે જીવ લોકનો શિખામણિ થાય છે એટલે કે સિદ્ધ થઈને લોકાગ્રે બિરાજે છે. જુઓ, ચૈતન્ય સ્વભાવમાં એકતા કરીને જે લોકભાવના ભાવે છે તે જીવ લોકનો શિખામણિ થાય. સિદ્ધ ભગવંતો લોકના મુગટમણિ છે.

ભાવાર્થ :– એ પ્રમાણે (જે પુરુષ) સામ્યભાવ કરી લોકાનુપ્રેક્ષાનું ચિંત્વન કરે છે તે પુરુષ કર્મનો નાશ કરી લોકના શિખરે જઈ વિરાજમાન થાય છે. અને ત્યાં અનંત, અનુપમ, બાધારહિત, સ્વાધીન, જ્ઞાનાનંદસ્વરૂપ સુખને અનુભવે છે.

જુઓ, એકલા ત્રણ લોકના આકાર તથા સ્વર્ગ–નરકાદિનો વિચાર કરે તે તો શુભરાગ છે, અહીં તો કહે છે કે એક સ્વભાવરૂપ થઈને ઉપશમભાવમાં જે ઠર્યો છે એવો જીવ લોકભાવના ભાવે છે, ને તે જીવ આત્માના આનંદમાં સ્થિર થતાં થતાં પૂર્ણાનંદમય સિદ્ધદશા પામે છે, ને લોકના શિખરે જઈને અનંત સિદ્ધોની સાથે બિરાજે છે. અહો ! સિદ્ધ ભગવંતોના સુખ સમાન જગતમાં કોઈ સુખ નથી. સિદ્ધોનું સુખ અનુપમ છે, તેને કોઈની ઉપમા આપી શકાય તેમ નથી. ચક્રવર્તીના વૈભવ સુખથી અનંતગણું સુખ સિદ્ધને છે. એમ કહેવાથી પણ સિદ્ધના સુખનું વર્ણન થઈ શકતું નથી, માટે સિદ્ધ ભગવાનનું સુખ અનુપમ છે, અનંત છે, સદાય એવું ને એવું રહેનાર છે, બાધારહિત અને સ્વાધીન છે, પોતાના આત્મસ્વભાવથી જ ઉત્પન્ન થયેલું છે. આવી જ્ઞાનાનંદમય અપૂર્વ સિદ્ધદશા પ્રાપ્ત થાય તે આ લોકભાવનાનું ફળ છે.

અહીં લોકભાવનાનું કથન વિસ્તારપૂર્વક કરવાનો આશય એવો છે કે અન્યમતી લોકનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ તથા હિતાહિતનું સ્વરૂપ અનેક પ્રકારથી અન્યથા, અસત્યાર્થ અને પ્રમાણ વિરુદ્ધ કહે છે તેને સાંભળી કોઈ જીવ તો વિપરીત શ્રદ્ધાન કરે છે, કોઈ સંશયરૂપ થાય છે તથા કોઈ અનધ્યવસાયરૂપ થાય છે અને એવા વિપરીતાદિ શ્રદ્ધાનથી ચિત્ત સ્થિરતા પામતું નથી. ચિત્ત સ્થિર–નિશ્ચિંત થયા વિના યથાર્થ ધ્યાનની સિદ્ધિ થતી નથી અને ધ્યાન વિના કર્મોનો નાશ થતો નથી. તેથી એ વિપરીતાદિ શ્રદ્ધાન દૂર થવા માટે લોકનું અને જીવાદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણવા અર્થે અહીં વિસ્તારપૂર્વક કથન કર્યું છે તેને જાણી જીવાદિનું સ્વરૂપ ઓળખી પોતાના સ્વરૂપમાં ચિત્તને નિશ્ચળ સ્થિર કરી કર્મકલંક નાશ કરી ભવ્યજીવ મોક્ષને પ્રાપ્ત થાઓ ! એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે.

સમકિતી શુભ–અશુભ બંને ભાવને ઝેર માને છે. માછલું અગ્નિમાં અથવા રેતીમાં પડે ને દુઃખી થાય તેમ જ્ઞાની શુભાશુભ ભાવને દુઃખરૂપ માને છે. ઇન્દ્ર, ચક્રવર્તીના સંયોગી સુખ નાશ પામે છે, સ્વભાવથી ઉત્પન્ન સિદ્ધ ભગવાનનું સુખ અવિનાશી છે. સર્વજ્ઞ વીતરાગે કહેલ ધર્મ, મોક્ષમાર્ગ, મોક્ષ, સ્વર્ગાદિ, નવ તત્ત્વાદિ જ પૂર્વાપર વિરોધ રહિત છે. તેને જેઓ શંકા, વિપરીતતા અને અચોક્કસતાથી વિપરીતતાથી માન્યા કરે છે તેવોનું ચિત્ત સ્થિર થતું નથી. તેથી નિઃશંક જ્ઞાતામાત્ર સ્વરૂપમાં ઢળી એકાગ્ર થવાનું સામર્થ્ય તેઓ પ્રગટ કરી શકતા નથી. ને તે વિના મલિનતાનો નાશ થઈ સત્ય સુખ પ્રગટ થાય નહિ. પ્રથમ નિશ્ચય સમ્યગ્દર્શન તે જ આત્મધ્યાન છે. સર્વજ્ઞે જેવું જીવાદિનું સ્વરૂપ કહ્યું છે તેવું જ ઓળખી, ચિત્તને અંતર્મુખ

નિશ્ચલ કરી, કર્મમળ નાશ કરી ભવ્ય જીવ મોક્ષદશા પ્રગટ કરો એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

જેઓ લોકાકારનો વિચાર કરી, સિદ્ધ સમાન સદા પદ મેરો, અશરીરી નિર્વિકાર અખંડ જ્ઞાનાનંદથી પૂર્ણ એવો આત્મસ્વરૂપની શ્રદ્ધા કરે છે – સંભાળ કરે છે તેના રાગ–દ્વેષનો નાશ થાય છે ને તે સાદિ અનંત પૂર્ણ સુખરૂપ મોક્ષસ્વરૂપમાં વસે છે. આધિ (સંકલ્પ–વિકલ્પરૂપ મનની ચિંતા), વ્યાધિ (શરીરની ચિંતા), ઉપાધિ (બહારની ચિંતા) તથા જન્માદિ દુઃખ સિદ્ધ ભગવાનને નથી. શ્રી ગુરુની શિક્ષા ધારી, પર્યાયબુદ્ધિનું અભિમાન ટાળ ને મનની સ્થિરતા માટે નિજ જ્ઞાયકસ્વરૂપ લોકને અવલોક.